ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSO-08
# ક્રિયાનું સમાજશાસ્ત્ર

વિભાગ

# 1

## ક્રિયાનું સમાજશાસ્ત્ર-01


એકમ-1

સામાજિક ક્રિયા 05

એકમ-2

ક્રિયાના સમાજશાસ્ત્રની પદ્ધતિઓ 44

એકમ-3

સામાજિક આંદોલનો 68

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| **ડૉ. આમ્રપાલી મર્ચંટ** | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. વિદ્યુત જોષી** | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| **ડૉ. હેમીક્ષા રાવ** | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| **ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય** | નિયામકશ્રી,આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| **ડૉ. આમ્રપાલી મર્ચંટ** | વાઈસ ચાન્સેલર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **ડૉ વિદ્યુત જોષી** | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર,<br>ભાવનગર યુનિવર્સિટી,<br>ભાવનગર. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| **ડૉ.પ્રદીપ જોષી** | આચાર્યશ્રી,<br>આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ,<br>વસો, જિ.ખેડા. |

## સંયોજન સહાય

| | |
|---|---|
| **શ્રી.એસ.એચ.બારોટ** | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>ડફનાળા, શાહીબાગ,<br>અમદાવાદ - 380 003. |


**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર-૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**



© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# એકમ : 1 સામાજિક ક્રિયા

**એકમની રૂપરેખા**

1.0 હેતુઓ
1.1 સામાજિક ક્રિયા
1.2 સામાજિક ક્રિયા અને ખ્યાલો
1.3 ક્રિયાનું સમાજશાસ્ત્ર
1.4 ક્રિયાના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર
1.5 સમાજશાસ્ત્રીઓ કર્મશીલ તરીકે
1.6 ક્રિયાના સમાજશાસ્ત્રના મુદ્દાઓ
1.7 સમાજશાસ્ત્રની ભૂમિકા
1.8 ક્રિયાના સમાજશાસ્ત્રીની ભૂમિકા
1.9 સંદર્ભસૂચિ
1.10 તમારી પ્રગતિ ચકાસો

## 1.0 હેતુઓ

આ એકમના અભ્યાસ દ્વારા તમે સામાજિક ક્રિયા શું છે ? સામાજિક ક્રિયા કોને કહેવાય તે અંગે જ્ઞાન પ્રાપ્ત કરશો. આ એકમ તમને વ્યક્તિગત ક્રિયા તથા સામાજિક ક્રિયા અંગે ભેદ સમજાવશે. સામાજિક ક્રિયા અંગે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો સમજી શકવા સમર્થ બનશો. આ એકમ તમને સામાજિક ક્રિયા સાથે સંકળાયેલા અનેકવિધ ખ્યાલો સમજાવશે. આ એકમના અભ્યાસ દ્વારા તમે ક્રિયાના સમાજશાસ્ત્રનું સ્વરૂપ તથા કાર્યક્ષેત્ર સમજી શકશો. ક્રિયાના સમાજશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રીની ભૂમિકા સમજી શકશો.

## 1.1 સામાજિક ક્રિયા

માનવ વિશ્વ ભૌતિક વિશ્વ ઉપર આધારિત છે. માનવવિશ્વે પોતાની શક્તિ, બુદ્ધિ તથા વિશિષ્ટ રચના દ્વારા ભૌતિક વિશ્વને નાથીને પોતાની અલગ સૃષ્ટિ સર્જી છે. આ સૃષ્ટિએ સમગ્ર વિશ્વને બદલ્યું છે. માનવે શક્તિઓ વિકસાવી તથા સમાજ વસાવ્યો. માનવસમાજ અને સંસ્કૃતિ બન્ને વિશિષ્ટ છે. માનવસમાજ માનવ માટે અત્યંત મહત્ત્વનો છે. માનવને માત્ર શરીર જન્મથી પ્રાપ્ત થાય છે પરંતુ ત્યારબાદ કુટુંબમાં સામાજિકરણની પ્રક્રિયાથી તેને સમાજના સભ્ય તરીકે તાલીમ અપાય છે આ પ્રક્રિયામાં માનવની આંતરક્રિયાઓ મહત્ત્વની હોય છે.માનવ આંતરક્રિયાઓ દ્વારા આંતરસંબંધો અને આંતરસંબધોના પાયા ઉપર સમાજ રચાય છે. વ્યક્તિની અર્થપૂર્ણ ક્રિયા એટલે સામાજિક ક્રિયા. માનવની સામાજિક ક્રિયાઓ દ્વારા જ સમાજ કાર્યાન્વિત રહે છે. ક્રિયા અને સામાજિક ક્રિયામાં ભિન્નતા છે. ક્રિયાનો અર્થ વ્યક્તિનું હલનચલન. વ્યક્તિ શ્વાસ લે છે, નિદ્રા લે છે, ખાય છે, પીએ છે, ચાલે છે – આ બધી ક્રિયાઓ છે. **દા.ત.** વ્યક્તિ એમ ને એમ જ હાથ હલાવે, તો તે સામાજિક ક્રિયા નથી, તે માત્ર ક્રિયા છે. પણ વ્યક્તિ કોઈના તરફ જોઈ હાથ હલાવે છે ત્યારે તેને 'આવજો'નો અર્થ આપે છે. તેના આ કાર્યને સામાજિક ક્રિયા કહી શકાય. ક્રિયાને જ્યારે અર્થ પ્રાપ્ત થાય ત્યારે તે સામાજિક ક્રિયા બને છે. વ્યક્તિ જ્યારે કોઈ ચોક્કસ હેતુને ધ્યાનમાં રાખી કોઈ સંદર્ભમાં ક્રિયા કરે ત્યારે તે સામાજિક ક્રિયા બને છે. સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સામાજિક ક્રિયા કેન્દ્રસ્થાને છે. ક્રિયાના અભ્યાસમાં અર્થ મહત્ત્વના છે.બધી જ ક્રિયાઓ એક ચોક્કસ અર્થ દ્વારા સામાજિક જગતની રચના કરે છે. સમાજશાસ્ત્રના વિષયક્ષેત્રમાં ક્રિયાએ મહત્ત્વની બાબત છે. મેક્સવેબર (વેબર 1947 : 88)ના મતે સમાજશાસ્ત્રે સામાજિક ક્રિયાનો અભ્યાસ કરવો જોઈએ. મેક્સવેબરના મતે સમાજશાસ્ત્ર સામાજિક ક્રિયાના અર્થને મહત્ત્વપૂર્ણ ગણે છે. સામાજિક ક્રિયાના અભ્યાસ માટે વૈજ્ઞાનિક પદ્ધતિ આવશ્યક છે એમ માને છે. વેબરના મતે, સમાજશાસ્ત્ર, સામાજિક ક્રિયાની વ્યાખ્યાત્મક સમજ દ્વારા તેના કારણ અને પરિણામની વિશ્લેષણાત્મક સમજ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે (ડોન માર્ટિનડેલ : 1960 : 385). મેક્સવેબર પહેલા, ડિલ્થે અને રિકર્ટે સામાજિક ક્રિયા અંગે સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્ર અંગે ચર્ચા કરી છે. ડિલ્થેના મતે કુદરતી વિજ્ઞાનો હકીકતોનો અભ્યાસ કરે છે. કુદરતી વિજ્ઞાન પ્રયોગ પર આધારિત છે અને પ્રયોગ દ્વારા તે કાર્યકારણના સિદ્ધાંત શોધે છે અને સિદ્ધાંતની રચના કરે છે. કુદરતી વિજ્ઞાનમાં પરીક્ષણ અને ચકાસણી સંપૂર્ણપણે શક્ય છે. સાંસ્કૃતિક, સામાજિક

વિજ્ઞાનો આંતર્મુખી કાર્યો અને અર્થ સમજવાનું કાર્ય કરે છે. રિકર્ટના મતે વિજ્ઞાન, વ્યક્તિઓ અને કુદરતી વસ્તુઓ સંબંધિત છે. ડિલ્થે અને રિકર્ટના મતે ક્રિયા અને જ્ઞાન મહત્ત્વના છે. તેઓના મતે માનવવર્તન અને મૂલ્ય બન્ને પરિવર્તનશીલ છે. આ કારણોસર જ સામાજિક વિજ્ઞાનોમાં ચોક્કસ નિયમો અંગે પૂર્વાનુમાન કરી શકાતું નથી (ડૉન માર્ટિનડેલ : 1960 : 376) : ડિલ્થે અને રિકર્ટ કુદરતી વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વચ્ચેનો ભેદ બહુ સ્પષ્ટ દર્શાવે છે.

**વેબરના મતે સામાજિક ક્રિયા માટે બે મહત્ત્વના મુદ્દા ગણી શકાય :**

1. સામાજિક ક્રિયાની વ્યાખ્યાત્મક સમજ મેળવવાનો.
2. સામાજિક ક્રિયાના કાર્યકારણનો સંબંધ શોધવાનો.

વ્યક્તિની તમામ ક્રિયાઓ સામાજિક હોતી નથી. દા.ત. વ્યક્તિ રસ્તા ઉપર કસરત કરવા માટે દોડતી હોય તો એ એની વ્યક્તિગત ક્રિયા છે, તે સામાજિક ક્રિયા નથી. પણ વ્યક્તિ પોતાના સમૂહમાં એકત્ર થઈ બીજાના સંદર્ભ સાથે કસરત કરે ત્યારે તે સામાજિક ક્રિયા છે. વ્યક્તિ પોતાની ક્રિયાને અર્થ આપે છે. ક્રિયા જ્યારે બીજી વ્યક્તિ કે વ્યક્તિઓની ક્રિયા દ્વારા પ્રભાવિત હોય અને તેના સંદર્ભમાં ક્રિયા થાય ત્યારે તે સામાજિક ક્રિયા બને છે. દા.ત. વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે ચર્ચા થયા મુજબ કાર્ય કરે ત્યારે તેને સામાજિક ક્રિયા કહી શકાય. કરાર મુજબ બે વ્યક્તિઓ કાર્ય કરે ત્યારે તે સામાજિક કાર્ય છે.

સામાજિક ક્રિયા એટલે –

(1) સામાજિક ક્રિયા પરિચિત કે અપરિચિત વ્યક્તિના ભૂતકાળ, વર્તમાન અથવા ભવિષ્યના વ્યવહાર દ્વારા પ્રભાવિત હોય. દા.ત. એક વ્યક્તિ ભૂતકાળમાં કોઈની મહેમાન બની હોય અને એને ઘેર એ વ્યક્તિ મહેમાન બનીને આવે ત્યારે વ્યક્તિ એની સરસ પરોણાગત કરે. ક્યારેક વ્યક્તિને કોઈ અપરિચિત વ્યક્તિ બસમાં બેસવાની જગ્યા આપે તો તે તેની સામે આભારની લાગણી વ્યક્ત કરે છે. માનવીના વ્યવહાર આ રીતે એકબીજાથી પ્રભાવિત થતા હોય છે.

(2) પ્રાધ્યાપક વર્ગમાં વ્યાખ્યાન આપતાં હોય અને વિદ્યાર્થી એ પ્રવચનની નોંધ લે તો તે સામાજિક ક્રિયા છે કારણ કે તે પ્રતિભાવ છે. કોઈ વક્તા સરસ વક્તવ્ય આપે અને ત્યારે શ્રોતાઓ તાળીઓ પાડી તેમનું અભિવાદન કરે તે પણ સામાજિક ક્રિયા છે.

(3) કોઈ વિદ્યાર્થીએ કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હોય અને તે પોતે ઘરે રિહર્સલ કરતો હોય તો તે સામાજિક ક્રિયા છે.


(4) માત્ર વ્યક્તિઓના ભૌતિક સંપર્કને સામાજિક ક્રિયા ગણી શકાય નહીં. દા.ત. ટ્રેનમાં સાથે મુસાફરી કરતાં લોકો વચ્ચે જો કોઈ આંતરક્રિયા ન થાય તો તે સામાજિક ક્રિયા નથી, પણ ટ્રેનને બ્રેક લાગે અને વ્યક્તિઓ અથડાય પછી જે વાતચીત થાય તેને સામાજિક ક્રિયા કહી શકાય. દા.ત. રસ્તામાં બે સાયકલ સવારો અથડાઈ પડે તો તેને સામાજિક ક્રિયા ન કહી શકાય પણ અથડાયા પછી જે બોલાચાલી થાય તેને સામાજિક ક્રિયા કહી શકાય.

(5) વ્યક્તિઓની બધી જ સમાન ક્રિયાઓને સામાજિક ક્રિયા ન કહી શકાય. દા.ત. લોકો રસ્તામાં ચાલતાં હોય અને અચાનક વરસાદ આવે ત્યારે રસ્તે ચાલનારા બધા લોકો સાથે છત્રી ખોલે તો તેને સામાજિક ક્રિયા ગણી શકાય નહિ.

ટૂંકમાં, સામાજિક ક્રિયા એટલે બીજાથી પ્રભાવિત હોય, પ્રતિભાવરૂપે હોય, ક્રિયાના સંદર્ભમાં હોય, અર્થપૂર્ણ હોય, અને બીજી વ્યક્તિ કે વ્યક્તિઓના સંદર્ભમાં હોય તથા ક્રિયા કરનાર વ્યક્તિ તેને અર્થ આપતી હોય.

સામાજિક ક્રિયાના મુખ્ય ચાર તત્ત્વો હોય છે.

1. સ્વ અથવા કર્તા (Agent of Action)
2. ધ્યેય (Goal)
3. શરત (Condition)
4. સાધન (Means)



સામાજિક ક્રિયાનાં આ ચારેય તત્ત્વો પરસ્પર સંકળાયેલાં છે. આ ચાર તત્ત્વો વિના સામાજિક ક્રિયા શક્ય નથી. આ ચારે તત્ત્વથી જ સામાજિક ક્રિયા ઘડાય છે. માનવના વર્તનના વિશ્લેષણ માટે સામાજિક ક્રિયાના ખ્યાલનો ઉપયોગ કરવામાં આવે છે. માનવના વર્તનને સમજવા માટે જો આ તત્ત્વોને સમજવામાં આવે તો તે વર્તન સમજવામાં ઉપયોગી બને છે. સામાજિક ક્રિયાનાં આ ચારેય તત્ત્વો પરસ્પર સંબંધિત અવિભાજન અને એકમેકથી છૂટા ન પાડી શકાય તેવાં આવશ્યક તત્ત્વો છે : સ્વ એટલે માત્ર દેહ નહીં અને સ્વ એટલે સમગ્ર વ્યક્તિત્વ. સ્વ અને ધ્યેય સંકળાયેલા છે જ્યારે ધ્યેય પરિપૂર્ણ કરવા માટે શરત અને સાધન મહત્ત્વના છે. સ્વ જ્ઞાનાત્મક, દૈહિક અને લાગણી એમ સમગ્રનો બનેલો છે.

**(1) સ્વ – કર્તા (Agent of Action) :** આપણે સૌ જાણીએ છીએ કે ક્રિયા કરનાર માત્ર માનવદેહ નથી, પણ તે સામાજિક વ્યક્તિ છે. આ વ્યક્તિ પોતે માત્ર શરીર નથી. દરેક વ્યક્તિ પોતે પોતાની એક ચોક્કસ ઓળખ ધરાવે છે. દરેક વ્યક્તિ પોતે એક અલગ એકમ છે. વ્યક્તિ સામાજિક સભાનતા ધરાવે છે. સાથે સાથે વ્યક્તિ આત્મચેતના ધરાવે છે.

વ્યક્તિ જન્મસમયે માત્ર માનવદેહ હોય છે. તે વારસા દ્વારા કેટલાંક શારીરિક અને માનસિક લક્ષણો ધરાવે છે. પણ જન્મ સમયે તે સામાજિક હોતી નથી. દરેક વ્યક્તિ શારીરિક એકમ સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા સામાજિક બને છે. સામાજિકીકરણની પ્રક્રિયા સ્વ તૈયાર કરે છે, સામાજિક ઓળખ પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયા દ્વારા જ વ્યક્તિ સમાજ, સામાજીક સંબંધો, સામાજિક પ્રક્રિયાઓ, સમાજના વલણ, જ્ઞાન, પૂર્વગ્રહો, માન્યતા, વિશ્વાસ, ભાષા, ભાવ વગેરે સમજે છે, શીખે છે અને આત્મસાત કરે છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે વિવિધ બાબતો અંગે જાણકારી પ્રાપ્ત કરે છે. વ્યક્તિ સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન સ્વઓળખ, પોતાના વિશે, અન્ય વ્યક્તિઓ અંગે અને બીજાના સંદર્ભમાં પોતાના વિશે ખ્યાલ પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયા દરમ્યાન વ્યક્તિનો સ્વ ઘડાય છે. ધીમે ધીમે આ સ્વ વિસ્તરણ પામે છે. વૃદ્ધિ પામે છે. સ્વ એટલે સભાનતા અને અનુભવ ધરાવતી માનસિક ઘટના. સ્વ કે અહમ્ વ્યક્તિનો મહત્ત્વનો ગુણ છે. વ્યક્તિ સતત પોતાને બીજાના સંદર્ભમાં તપાસે છે, બીજાના સંદર્ભમાં સ્વની સરખામણી કરે છે અને વ્યક્તિમા સ્વ મૂલ્યાંકનની શક્તિ છે. વ્યક્તિ સતત બીજાના સંદર્ભમાં પોતાને અંગે વિચારે છે. પોતાની સરખામણી અન્ય સાથે કરે છે. વ્યક્તિ સમાજ દ્વારા જ, સમાજીકરણની પ્રક્રિયા દરમ્યાન જ સામાજિક બને છે. વ્યક્તિ પોતાના વર્તનને બીજાના સંદર્ભમાં સતત તપાસે છે. વ્યક્તિ પોતાના વિશે બીજા શું વિચારે છે ? બીજા પોતાના માટે કેવા ખ્યાલ ધરાવે છે ? પોતે અન્ય માટે શું વિચારે છે ? આ બધી બાબતો સ્વનો નિર્દેશ કરે છે. સ્વને આપણે વ્યક્તિત્વ કહી શકીએ. વ્યક્તિનું વ્યક્તિત્વ જ એ જ પ્રવૃત્તિ અને પ્રત્યાઘાતોનું કેન્દ્ર છે. આ વ્યક્તિત્વને ચારિત્ર્ય પણ કહી શકાય. એમ કહી શકાય કે વ્યક્તિ પોતાના વિશે જે ખ્યાલ ધરાવે છે તેવો જ બીજા વિશે પણ ધરાવે છે, તેને જ સ્વ કહી શકાય. ચાર્લ્સ કૂલેએ દર્પણ સ્વત્વનો સિદ્ધાંત આપ્યો (જહોનસન 1960 : 116). આ સિદ્ધાંતમાં તેણે દર્શાવ્યું કે વ્યક્તિ પોતે પોતાને સમાજના સંદર્ભમાં જુએ છે. સમાજ એ દર્પણ છે અને વ્યક્તિ પોતે પોતાને એ રીતે તપાસે છે. એમાં જે પ્રતિભાવ પ્રાપ્ત થાય તે રીતે વર્તે છે. દા.ત. વ્યક્તિ નવો ડ્રેસ પહેરે તો તે સૌપ્રથમ સમાજનો પ્રતિભાવ કેવો હશે તે વિચારે અને ત્યાર બાદ વર્તન કરે. સમાજને વ્યક્તિ દર્પણ સમજે છે અને એને લક્ષ્યમાં રાખી જ તે વર્તન કરે છે. સ્વ એ બીજાનાં મૂલ્યાંકનો અને વલણોને તપાસે છે. માનવદેહ એકલો જ ક્રિયા કરતો નથી પણ સામાજિક રીતે ઘડાયેલો સ્વ માનવદેહ સાથે ભળી ક્રિયા કરાવે છે. વ્યક્તિના કાર્ય કરવા માટે તે શરીરને સાધન તરીકે વાપરે છે. ક્રિયા કરાવનાર સ્વ છે. સ્વના અસ્તિત્વ માટે શરીર આવશ્યક છે. દેહ વિના સ્વનું અસ્તિત્વ નથી. વ્યક્તિનો સ્વ એ સામાજિક આંતરક્રિયાઓમાંથી જ ઉદ્ભવે છે. સ્વ એ ક્રિયા માટેનું ચાલકબળ છે, મહત્ત્વનું પરિબળ છે. સ્વ અને દેહ ભેગાં જ અસ્તિત્વ ધરાવે છે અને બન્ને એકત્ર થઈ ક્રિયા કરે છે. ક્રિયાનું મુખ્ય ચાલકબળ સ્વ છે.

**(2) ધ્યેય (Goal) :** માનવજીવન ચોક્કસ ધ્યેય ધરાવે છે તથા ધ્યેય પરિપૂર્તિ એ જ તેમના જીવનનું લક્ષ બને છે. ધ્યેય માનવવિચાર, વ્યવહાર અને વર્તનને સતત અસર કરે છે. ધ્યેય પામવા વ્યક્તિ સતત પ્રયત્નશીલ રહે છે. માનવવર્તન માટે ચાલકબળ ધ્યેય બને છે. સામાજિક ક્રિયા એ કોઈક ચોક્કસ અને માની લીધેલાં ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ કરે છે. ધ્યેય એ વર્તમાન નથી. ધ્યેય એ ભવિષ્ય સાથે સંકળાયેલી બાબત છે. ધ્યેયની પરિપૂર્તિ માટે વ્યક્તિ સતત કાર્યરત રહે છે. ધ્યેય એ વ્યક્તિ માટે પ્રેરક છે, પ્રેરણ છે. સામાજિક ક્રિયાના પ્રેરક તરીકે ધ્યેય કાર્ય કરે છે. એટલે કે વ્યક્તિનો

ધ્યેય વ્યક્તિ પાસે કાર્ય કરાવે છે. **દા.ત.** વ્યક્તિને ડિગ્રી લેવાનો ધ્યેય હોય તો વ્યક્તિ કોલેજમાં પ્રવેશ મેળવે છે, અભ્યાસ કરે છે અને પરીક્ષા આપે છે. વ્યક્તિ પોતાના ધ્યેયને પરિપૂર્ણ કરવા સતત પ્રયત્નશીલ રહે છે. ધ્યેય નક્કી કરનાર સ્વ પોતે જ છે. સ્વ પોતે પોતાનું ધ્યેય નક્કી કરે છે. સ્વ વ્યક્તિના ધ્યેય સાથે વણાઈ જાય છે. **દા.ત.** વ્યક્તિનો ધ્યેય કોઈ મહત્ત્વની પરીક્ષામાં પ્રથમ આવવાનો હોય તો ત્યારે વ્યક્તિ તેની તૈયારી વખતે બીજું બધું ભૂલી જાય છે, તે માત્ર પરીક્ષાની તૈયારી કરે છે તેને માત્ર પોતાના ધ્યેય સિવાય બીજું કંઈ જ યાદ રહેતું નથી. વ્યક્તિ માત્ર પોતાના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. અલબત્ત વ્યક્તિ પોતાના બધા જ ધ્યેય સભાનપણે નક્કી કરતી નથી. **દા.ત.** વ્યક્તિને કોઈ વ્યક્તિ ગમતી હોય પણ તે સભાન રીતે તેની સાથે સારો વ્યવહાર કરવાનું નક્કી કરતો નથી. પણ તેના મગજમાં અભાનપણે તે બાબત મહત્ત્વની બને છે અને તે વ્યક્તિ સાથે તે ખૂબ સરસ વ્યવહાર કરે છે. માનસશાસ્ત્રીઓ અસભાન ધ્યેયને ક્રિયા માટે ખૂબ મહત્ત્વનું પરિબળ માને છે. સભાન ધ્યેય કરતાં અસભાન ધ્યેય વ્યક્તિને વધુ પ્રેરણા પૂરી પાડે છે. વ્યક્તિ પોતાના ધ્યેય માટે ક્યારેક અસ્પષ્ટ હોય છે. વ્યક્તિ પહેલેથી જ પોતાના ધ્યેય માટે સ્પષ્ટ હોય એવું બનતું નથી. વ્યક્તિ પોતાના ધ્યેય માટે બિલકુલ સ્પષ્ટ ન પણ હોય એવું પણ બને છે. ધીમે ધીમે વ્યક્તિના ધ્યેય સ્પષ્ટ બને છે. ક્યારેક ધ્યેય સ્પષ્ટ ના પણ બને એવું પણ થઈ શકે. સ્વ, વ્યક્તિ પોતે જ પોતાનું ધ્યેય સ્પષ્ટ કરે છે. વ્યક્તિના ધ્યેય વ્યક્તિના સમાજીકરણને આધારે સામાજિક વાતાવરણમાં નક્કી થાય છે. વ્યક્તિ જે વાતાવરણમાં તૈયાર થઈ હોય તે વાતાવરણમાંથી જ તે ધ્યેયપ્રાપ્તિ કરે છે. જો વ્યક્તિ સૈનિકનું સંતાન હોય અને સૈનિકોના વાતાવરણમાં જ રહેતો હોય તો દેશભક્તિ એનો ધ્યેય બને છે. ધ્યેયમાં તે દૃઢ બને છે. વ્યક્તિના ધ્યેયમાં ક્યારેક ફેરફાર આવી શકે છે. વ્યક્તિના બધા જ ધ્યેયો મજબૂત હોતા નથી, વ્યક્તિ માત્ર એક ધ્યેય ધરાવતાં નથી. વ્યક્તિ વિવિધ ધ્યેય ધરાવે છે. **દા.ત.** વ્યક્તિ દેશભક્તિ, કીર્તિ, પૈસાદાર થવું, સારા માણસ થવું એવા અનેક ધ્યેય ધરાવે છે. વ્યક્તિની ઉંમર, સમજ અને શિક્ષણને અનુરૂપ ક્યારેક ધ્યેયમાં પરિવર્તન આવી શકે છે. વ્યક્તિની સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન વ્યક્તિના ધ્યેયમાં પરિવર્તન થઈ શકે. **દા.ત.** નાના બાળકને ચોકલેટ પામવાનો ધ્યેય હોય. રમકડું પ્રાપ્ત કરવાનો ધ્યેય હોય છે. કિશોરાવસ્થામાં સારાં કપડાં, સારી વસ્તુઓ પ્રાપ્ત કરવાનો ધ્યેય હોય છે. પુખ્તવયની વ્યક્તિ સારી આવક પ્રાપ્ત કરવાનો ધ્યેય, કીર્તિ પામવાનો ધ્યેય હોય છે. પ્રૌઢવયની વ્યક્તિના ધ્યેય પ્રભુપ્રાર્થના, પ્રભુભક્તિ, સંતાનોને સારી જગ્યાએ સ્થાયી કરવા વગેરે હોઈ શકે. વ્યક્તિના ધ્યેય બદલાઈ પણ શકે. અલબત્ત, માત્ર ઉંમરને કારણે જ ધ્યેય બદલાય તે જરૂરી નથી. ધ્યેય વિવિધ પરિબળોને કારણે બદલાઈ શકે. ક્યારેક ધ્યેય સ્વનો કબજો પણ લઈ શકે. વ્યક્તિએ પોતે નક્કી કરેલ ધ્યેય એટલું મજબૂત બની જાય કે તે વ્યક્તિના મન ઉપર કબજો જમાવી દે છે. શહીદીને ધ્યેય માનનાર મૃત્યુની પીડાની પણ પરવા કરતો નથી. ક્યારેક બદલો લેવાની તમન્ના માણસના સ્વનો કબજો લઈ લે છે. કોઈપણ પ્રકારના નફાનુકસાનના સહેજ પણ ખ્યાલ વિના વ્યક્તિ એ જ કાર્યમાં રત રહે છે. વ્યક્તિ અનેકવિધ ધ્યેય ધરાવે છે. એક ધ્યેય પરિપૂર્ણ થતાં ક્રિયાનો અંત આવતો નથી. એક ધ્યેયની પ્રાપ્તિ પછી વ્યક્તિ બીજા ધ્યેયની પ્રાપ્તિ માટે સતત કાર્યરત રહે છે. કટિબદ્ધ બને છે. વ્યક્તિને અનેક ધ્યેય હોય છે અને તેમાંના કેટલાક અંતિમ ધ્યેય જેવાં હોય છે. ધ્યેયોનો ચોક્કસ કોટિક્રમ હોય છે. **દા.ત.** વિદ્યાર્થિની કે વિદ્યાર્થીને પરીક્ષા પાસ કરવી તે અંતિમ ધ્યેય હોય. તેની સાથે સાથે રમતગમતમાં ભાગ લેવો, વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવો, દોસ્તો સાથે મઝા કરવી એવા બીજા અનેક ધ્યેય હોઈ શકે. અલબત્ત વ્યક્તિ માટે બધા ધ્યેય સમાન હોતા નથી. કેટલાક ધ્યેયો વ્યક્તિ માટે અમૂલ્ય અને મહત્ત્વના હોય છે. વ્યક્તિ પોતાના વિવિધ ધ્યેયોમાંથી અમુક ધ્યેયોની પસંદગી કરે છે અને આ ધ્યેયોનો એક ચોક્કસ ક્રમ હોય છે. વ્યક્તિના ધ્યેય નક્કી કરવામાં અંગત મૂલ્ય, જરૂરિયાતો, ધોરણો તેમજ સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો વગેરે મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બધી જ બાબતો સ્વ સાથે સુગ્રથિત થયેલી હોય છે. વ્યક્તિના ધ્યેય પરસ્પર સંબંધિત હોય છે. મોટે ભાગે ધ્યેયપ્રાપ્તિ પરસ્પરાવલંબિત હોય છે. એક ધ્યેય બીજા ધ્યેય ઉપર સતત અસર કરે છે. **દા.ત.** વ્યક્તિને ખૂબ મોટી વ્યક્તિ થવાની તમન્ના હોય, તો તે ખૂબ જ્ઞાન પ્રાપ્ત કરવાનો, પૈસા કમાવવાનો ધ્યેય રાખે છે. કીર્તિ પ્રાપ્ત કરવાનો ધ્યેય રાખે છે. ખરેખર તો ધ્યેય એ જ ક્રિયાની પ્રેરણા છે. સ્વને સતત પ્રવૃત્તિશીલ રાખનાર ધ્યેય છે. દરેક વ્યક્તિ ક્રિયા કરે છે તેને ચોક્કસ ધ્યેય હોય છે. સમાજમાં વ્યક્તિઓ પોતાના ધ્યેય હાંસલ કરવા વિવિધ કાર્યો કરતી જોવા મળે છે.

**(3) શરત (Condition) :** સ્વ એ સામાજિક છે. સામાજિક વાતાવરણમાંથી જ વ્યક્તિઓ પોતાના

ધ્યેય નક્કી કરે છે. વ્યક્તિ પોતાના ધ્યેય નક્કી કર્યા બાદ જ ધ્યેયપ્રાપ્તિ માટે પ્રવૃત્તિશીલ બને છે. આ ધ્યેય પરિપૂર્ણ કરવા તે સામાજિક કાર્ય કરે છે. દરેક સમાજમાં સંસ્થાઓ કાર્યરત હોય છે. દરેક સમાજનાં પોતાનાં મૂલ્યો, ધોરણો, લોકરીતિઓ, પરંપરાઓ, આદર્શો, સિદ્ધાંતો હોય છે. સામાજિક વાસ્તવિકતા ઉપર, સામાજિક પરિસ્થિતિઓ ઉપર કોઈનું નિયંત્રણ હોતું નથી. સામાજિક વાતાવરણમાં અનેક પરિબળો ભાગ ભજવે છે. વ્યક્તિ સમાજમાં જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે. વ્યક્તિ સમાજમાં જ તૈયાર થાય છે, અને ભૂમિકા ભજવે છે. વ્યકિત અને સમાજ ઉપર સમય, પ્રદેશ અને સમાજનું કદ અસર કરે છે. વ્યક્તિ પોતે પોતાના સામાજિકીકરણ પ્રમાણે ધોરણો, મૂલ્યો અને સામાજિક ધ્યેયોના સંદર્ભે ધ્યેય નક્કી કરે છે. વ્યક્તિના ધ્યેય નક્કી કરવામાં તેના સામાજિક વાતાવરણની ખૂબ મોટી અસર જોવા મળે છે. દરેક વ્યક્તિ પોતાના બધા જ ધ્યેયો પરિપૂર્ણ કરી જ શકે એવું નથી. વ્યક્તિને ધ્યેયપ્રાપ્તિ સહજમાં થતી નથી. તેની ધ્યેયપ્રાપ્તિમાં અનેક અવરોધો આવે છે. જે અવરોધો વ્યક્તિ દૂર ન કરી શકે તેને શરતો કહી શકાય. આ શરતો વ્યક્તિની પ્રવૃત્તિ માટે હદમર્યાદા બાંધી આપે છે. ભૌતિક રીતે જોઈએ તો એક વ્યક્તિને એક સ્થળથી બીજા સ્થળ સુધી પહોંચવું હોય તો તેણે ભૌતિક અંતર કાપવું પડે છે. આ અંતર કાપતાં જે સમય લાગે તેમાં ઘટાડો થઈ શકતો નથી એટલે વ્યક્તિની ધ્યેયપ્રાપ્તિમાં સમય અને અંતર બન્ને શરત બને છે. આ રીતે વ્યક્તિએ અંતર કાપવું હોય તો વાહનમાં જવું પડે છે અને એને માટે નાણાં જોઈએ અને એ નાણાં લાવાં એ પણ એક શરત છે.

અલબત્ત ધ્યેયપ્રાપ્તિની તમામ શરતો માત્ર બાહ્ય છે એવું નથી. ક્યારેક આ શરત વ્યક્તિના વ્યક્તિત્વમાં પણ હોઈ શકે. **દા.ત.** વ્યક્તિ જ્યારે યોગ્ય રીતે બોલી ન શકે તો તે પોતાની મર્યાદાને કારણે વ્યાખ્યાતા બની શકતો નથી. દરેક વ્યક્તિ માટે કેટલીક શરતો સામાજિક વાતાવરણમાંથી જ ઉદ્ભવે છે. **દા.ત.** દરેક સમાજમાં સામાજિક ધોરણો, મૂલ્યો, રિવાજ, ફેશન, કાયદો હોય છે જે વ્યક્તિની ધ્યેયપ્રાપ્તિ માટે શરત બની શકે છે. **દા.ત.** વ્યક્તિને દારૂ પીવો ગમતો હોય અને સામાજિક ધોરણમાં એ અયોગ્ય હોય તો તે શરત બને. આ સિવાય ભૌગોલિક, શારીરિક, માનસિક અને અંગત તથા સામાજિક તત્ત્વો એ શરતો છે. આ બધી બાબતો ઉપર કોઈનું નિયંત્રણ હોતું નથી. આ બધી જ બાબતો ધ્યેયપ્રાપ્તિની મર્યાદાઓ છે, શરતો છે. શરતો વ્યક્તિની અંદર કે બહાર હોઈ શકે.

**(4) સાધન (Means) :** વ્યક્તિને ધ્યેયપ્રાપ્તિ માટે સ્વ, ધ્યેય, શરત અને સાધનની જરૂર પડે છે. વ્યક્તિનો સ્વ હાજર હોય, સ્વ એ નક્કી કરેલ ધ્યેય હોય અને શરતો પરિપૂર્ણ થતી હોય ત્યારે સાધન વિના ધ્યેયપ્રાપ્તિ થઈ શકતી નથી. સાધન ધ્યેયપ્રાપ્તિ માટે આવશ્યક છે. સાધનનું સ્વરૂપ સરળથી જટિલ ગમે તે હોઈ શકે છે. **દા.ત.** લખવા માટે કાગળ, પેન, બોલવા માટે જીભ, સંદેશો આપવા માટે ફોન વગેરે. કોઈપણ ધ્યેય પ્રાપ્ત કરવા માટે ધ્યેયને અનુરૂપ સાધન આવશ્યક બને છે. ધ્યેયપ્રાપ્તિ માટે એકથી વધુ સાધનો પણ જરૂરી હોય છે. ક્યારેક વ્યક્તિએ વિવિધ સાધનોમાંથી એક સાધન પસંદ કરવું પડે છે. વ્યક્તિ ધ્યેયપ્રાપ્તિ માટે અનેક સાધનોમાંથી યોગ્ય સાધન પસંદ કરે તે જરૂરી છે. ક્યારેક વ્યક્તિ આ સાધનપસંદગીની ક્રિયામાં ભૂલ કરે તે બની શકે. સાધનની અયોગ્ય પસંદગીને કારણે ધ્યેયપ્રાપ્તિની શક્યતા ઘટી જાય છે, ધ્યેયપ્રાપ્તિ અચોક્કસ બને છે. સાધન અને ધ્યેયપ્રાપ્તિ બન્ને સંકળાયેલા છે. સાધન જો અયોગ્ય પસંદ થાય તો ધ્યેયપ્રાપ્તિ શક્ય બનતી નથી. **દા.ત.** વિદ્યાર્થીને પરીક્ષા આપવા જવું હોય અને પરીક્ષાસ્થળ 10 કિ.મી. દૂર હોય અને માત્ર 15 મિનિટ બાકી હોય ત્યારે જો વિદ્યાર્થી ચાલતો પરીક્ષાસ્થળે પહોંચવા નીકળે તો તેને ધ્યેય પ્રાપ્ત થાય નહીં. વ્યક્તિએ વિચાર કરીને સાધનપસંદગી કરવી જોઈએ. વ્યક્તિ સાધનની પસંદગી યોગ્ય રીતે કરે તો વ્યક્તિ ધ્યેયપ્રાપ્તિ કરી શકે. ક્યારેક એક વ્યક્તિ માટે સાધન હોય તે બીજા માટે શરત કે ધ્યેય પણ હોઈ શકે. દા.ત. વ્યક્તિને ગાડી ખરીદવાનો ધ્યેય હોય તો તેને માટે તેણે સાધનનો ઉપયોગ કરવો પડે તો તેનું સાધન આર્થિક સધ્ધરતા છે અને તેણે નાણાં એકત્ર કરવા પડે. નાણાં બચાવવા પડે. અને તે સમયે નાણાં એકત્ર કરવા, નાણાં બચાવવા પડે તે વ્યક્તિનું ધ્યેય બની જાય છે. કોઈ વ્યક્તિને સ્નાતકની પદવી પ્રાપ્ત કરવી હોય તો આ ધ્યેય પ્રાપ્ત કરવા તેને આર્થિક સધ્ધરતા જોઈએ અને તે સાધન છે પણ તેને માટે શરત બને છે.

વ્યક્તિની સામાજિક ક્રિયા પરસ્પર સંબંધિત ધ્યેયો અને સાધનોની જટિલ ઘટમાળ છે, અને તેની સાથે ... આ પ્રવૃત્તિઓની ઘટમાળ છે, પ્રક્રિયા છે.

... માટે આ ચારે તત્ત્વો આવશ્યક છે. આ ચારેય તત્ત્વો વિના સામાજિક ક્રિયા અશક્ય

છે. કોઈ એકની ગેરહાજરી સામાજિક ક્રિયા થવા દેતી નથી. સામાજિક ક્રિયા સમાજશાસ્ત્રના વિષયવસ્તુ તરીકે સદાય કેન્દ્રસ્થાને છે. સમાજશાસ્ત્રી મેકસવેબર તથા પાર્સન્સે સામાજિક ક્રિયા અંગે વિશદ છણાવટ કરી છે. મેકસવેબર અને ટાલકોટ પાર્સન્સના સામાજિક ક્રિયા અંગેના વિચારો અને સિદ્ધાંતો ખૂબ મહત્ત્વના છે. હવે એ મુદ્દાઓ તપાસીએ.

સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર એટલે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના,વ્યક્તિ તથા જૂથના અને જૂથો વચ્ચેના આંતરસંબંધો તથા આંતરક્રિયાઓ સમજવી. આ બધીજ ક્રિયાઓ સામાજિક ક્રિયાઓ હોય છે. સમાજશાસ્ત્રના ઉદ્‌ભવથી બધાજ સમાજશાસ્ત્રીઓએ સામાજિક ક્રિયા અંગે ચર્ચા કરી છે પણ બધાજ સમાજશાસ્ત્રીઓમાં પાર્સન્સ અને વેબરના વિચારો વધુ મહત્ત્વના જણાય છે.

મેક્સવેબરે સમાજશાસ્ત્રને સામાજિક ક્રિયાનો અભ્યાસ કરતું વિજ્ઞાન કહ્યું છે. મેક્સવેબરના મતે, ''સમાજશાસ્ત્ર એ સામાજિક વર્તનની અર્થઘટનાત્મક સમજણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતું શાસ્ત્ર છે અને તે દ્વારા તે સામાજિક વર્તન (ક્રિયા)નાં કારણો અને પરિણામોની કાર્યકારણાત્મક સમજૂતી પ્રાપ્ત કરવાનો હેતુ ધરાવે છે.'' (કોસર : 1969 : 54) વેબરના મતે સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સામાજિક ક્રિયા કેન્દ્રસ્થાને છે. અલબત્ત આ સિવાય બીજી અનેક બાબતો સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં જોવા મળે છે. મેક્સવેબર સામાજિક ક્રિયાના અભ્યાસને સમાજશાસ્ત્રમાં મહત્ત્વની, પાયાની બાબત ગણાવે છે.

**વેબર સામાજિક ક્રિયાના ચાર મહત્ત્વના ઘટક ગણાવે છે :**

(1) સામાજિક ક્રિયામાં માનવના સર્વ પ્રકારના વર્તનનો સમાવેશ કરવામાં આવે છે.

(2) વ્યક્તિ આ ક્રિયામાં આત્મલક્ષી અર્થનું આરોપણ કરે છે.

(3) દરેક વ્યક્તિ વર્તન કરતી વખતે અન્ય વ્યક્તિના વર્તનને લક્ષમાં લે છે.

(4) વ્યક્તિ ક્રિયા તરફ અભિમુખતા દર્શાવે છે. વેબરના મતે ક્રિયા આત્મલક્ષીપણે ઓળખી શકાય તેવી વર્તનની અભિમુખતા છે, જે ધ્યેયો, સાધનો અને પ્રેરકો સાથે સંબંધિત હોય છે. વેબર સામાજિક ક્રિયાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે,

"Action is social in so far as, by virtue of the subjective meaning attached to it by the acting individual (individuals), it takes account of the behaviour of others and is thereby oriented in its course."

(વેબર : 1947 : 88)

વેબર માને છે કે સામાજિક ક્રિયા વિવિધ પ્રકારની હોય છે. વ્યક્તિના વલણ જેમ હમેશાં વિધેયાત્મક નથી હોતા તેમ સામાજિક ક્રિયા પણ હંમેશાં હકારાત્મક જ હોય એવું બનતું નથી. **દા.ત.** સામાજિક ક્રિયા એ સંઘર્ષમય પણ હોઈ શકે. બદલો લેવાની ભાવનાથી કરાયેલ કૃત્ય ભયંકર પણ હોઈ શકે. કોઈ વ્યક્તિએ જો કોઈ વ્યક્તિની પ્રેમિકાને લૂંટી લીધી હોય તો લૂંટનાર વ્યક્તિને જે તે વ્યક્તિ મારી પણ શકે છે. કોઈ વ્યક્તિ દેશપ્રેમી હોય તો દેશ માટે તે શહાદત પણ વ્હોરી લે છે. કોઈ વ્યક્તિએ ખૂબ મોટા માણસ થવાનું નક્કી કર્યું હોય તો તે ખૂબ સખત મહેનત કરે છે. મેક્સવેબર જણાવે છે કે સમાજશાસ્ત્ર એવું સામાજિક વિજ્ઞાન છે જે સામાજિક ક્રિયાની અર્થપૂર્ણ સમજૂતી interpretative understanding મેળવવા પ્રયાસ કરે છે. આ વિશ્લેષણ દ્વારા સામાજિક ક્રિયાના કારણાત્મક પ્રવાહો, પરિણામો અને અસરોનો અર્થ આપે છે. (માર્ટિનડેલ : 1970 : 389)

મેક્સવેબરના મતે ક્રિયા એટલે વ્યક્તિનું સામાજિક વર્તન. વ્યક્તિનું સામાજિક વર્તન હેતુપૂર્ણ હોય છે. **દા.ત.** રસ્તા ઉપર ચાલતી કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ સામે જોઈને સ્મિત કરે તો તે એની સામે જોઈને પોતાની ઓળખ વ્યક્ત કરે છે, આનંદ વ્યક્ત કરે છે. વ્યક્તિની સામાજિક ક્રિયા એક કે વધુ વ્યક્તિઓ ઉપર અસર કરે છે. **દા.ત.** હોટલમાં અચાનક એક વ્યક્તિ અન્ય વ્યક્તિને મળે અને હાથ હલાવે તો તેની અસર સામી વ્યક્તિ ઉપર થાય છે. સામાજિક ક્રિયા અચૂક બીજી વ્યક્તિ ઉપર અસર કરે છે. દરેક સામાજિક ક્રિયા કોઈક ને કોઈક વ્યક્તિ ઉપર અસર કરે છે. મેક્સવેબરના મતે સામાજિક ક્રિયા પરિચિત કે અપરિચિત એવી અન્ય વ્યક્તિઓના વર્તમાન, ભૂતકાલીન કે ભવિષ્યના અપેક્ષિત વર્તન તરફ અભિમુખ થયેલી છે. **દા.ત.** એક વ્યક્તિનું કોઈએ અપમાન કર્યું હોય તો, તેના જવાબમાં તે વિચાર કરે છે, તે તેના અનુસંધાનમાં, તે રીતે વર્તે છે. જ્યારે કેટલીક વાર કોઈક વ્યક્તિ, ભવિષ્યમાં ખૂબ મદદરૂપ થવાની હોય ત્યારે વ્યક્તિ, વર્તમાનકાળમાં તેને મદદ કરે છે. તે વ્યક્તિ સાથે ખૂબ સારું વર્તન કરે છે. સામાજિક ક્રિયા અન્યના સંદર્ભમાં જ થાય છે. **દા.ત.** કોઈ વ્યક્તિના હાથમાંથી કાચનો ગ્લાસ પડી જાય અને ફૂટી જાય તો, ત્યારે તે સામાજિક ક્રિયા કહેવાતી નથી. પણ આ અંગે બે કે

તેથી વધુ વ્યક્તિઓ વાત કરે, ચર્ચા કરે, ટીકા કરે, ત્યારે તે સામાજિક ક્રિયા થઈ છે એમ કહી શકાય. બીજાના વર્તનના અનુસંધાનમાં થયેલા કર્તાના અર્થપૂર્ણ વર્તનને સામાજિક ક્રિયા કહી શકાય. બધી સમાન ક્રિયાઓને સામાજિક ક્રિયા કરી શકાય નહીં. દા.ત. ઉનાળાની બપોરે ખૂબ તાપ લાગતો હોય ત્યારે, એક કે તેથી વધુ વ્યક્તિઓ છત્રી ખોલે તો આ ક્રિયાને સામાજિક ક્રિયા કહી શકાય નહીં. સામાજિક ક્રિયા કોઈ વ્યક્તિ, સમૂહ કે જૂથના સંદર્ભમાં થાય છે. મેક્સવેબરે સામાજિક ક્રિયાના ચાર પ્રકારો દર્શાવ્યા છે :

1. પ્રભાવાત્મક સામાજિક ક્રિયા
2. પરંપરાગત સામાજિક ક્રિયા
3. પૂર્વનિર્ધારીત ધ્યેયની પ્રાપ્તિ માટે સાધનોની બુદ્ધિપૂર્ણ પસંદગી કરીને કરવામાં આવેલી સામાજિક ક્રિયા.
4. સંપૂર્ણપણે બુદ્ધિપૂર્ણ સામાજિક ક્રિયા.

આ ચારેયને તેમની અભિમુખતાઓને આધારે વર્ગીકૃત કર્યા છે. સમાજમાં પ્રવર્તમાન ધ્યેયોના સંદર્ભમાં વ્યક્તિ ધ્યેય પસંદ કરે છે. વ્યક્તિ બુદ્ધિથી વિશ્લેષણ કરી, ધ્યેયની પસંદગી કરે છે.. વ્યક્તિ અન્યના સંદર્ભમાં પોતાની શક્તિ, વલણ તપાસી પોતાના ધ્યેયની પસંદગી કરે છે. વ્યક્તિ પોતાની ધ્યેયપસંદગી સમયે મૂલ્યોના સંદર્ભમાં માનસન્માન અને કર્તવ્ય વગેરેને લક્ષમાં રાખી ધ્યેય નક્કી કરે છે. પરંપરાગતતાવાળું વર્તન એટલે રૂઢિ, રીતરિવાજ, લોકાચાર, પરંપરા પર આધારિત વર્તન વ્યક્તિ કરે છે. વ્યક્તિ લાગણી કે ભાવાત્મક વર્તનને આધારે વર્તન કરે છે. આ ક્રિયાઓને વેબર ચાર પ્રકારમાં વહેંચે છે (વેબર : 1947 : 90) :

**(1) પ્રભાવાત્મક સામાજિક ક્રિયા (Affermative Social Action) :** સામાજિક ક્રિયાઓ માટે અંદરની કે બહારની પ્રેરણા આવશ્યક છે. પ્રેરણા વિના સામાજિક ક્રિયા અસ્તિત્વ ધરાવતી નથી. કેટલીક સામાજિક ક્રિયાઓ પ્રત્યક્ષ રીતે કર્તાની લાગણીઓ, આવેગો અને ભાવનાઓને આધારે કરવામાં આવે છે. પ્રભાવાત્મક સામાજિક ક્રિયાઓ આવી વ્યક્તિગત લાગણીઓના સંદર્ભમાં બીજા પરત્વે થયેલી હોય છે. વ્યક્તિગત લાગણીઓ અભિવ્યકત કરવા વ્યક્તિ પોતે જ સાધન નક્કી કરે છે. દા.ત. યુવાન છોકરો છોકરીને પોતાની લાગણી દર્શાવવા પ્રતીકાત્મકરૂપે અનેકવિધ પ્રયત્નો કરે છે. ગુલાબનું ફૂલ, ચોકલેટ, સુંદર કાર્ડ વગેરે ..... સાધનપસંદગીમાં વ્યક્તિનું જ્ઞાનાત્મક જગત અને સામાજિક જગત મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પ્રકારની અભિવ્યક્તિમાં વ્યક્તિ પોતે સ્વતંત્ર રીતે અભિવ્યક્તિનું સાધન નક્કી કરે છે. આવી સામાજિક ક્રિયાના વિશ્લેષણ માટે, સમજવા માટે વ્યક્તિઓની લાગણીઓના વિશ્વ સમજવા આવશ્યક અને મહત્ત્વના છે. (માર્ટિનડેલ : 1970 : 388) ડૉન માર્ટિનડેલ લખે છે કે, " Action is affective when emotional factors determine the means and ends of action." (માર્ટિનડેલ : 1970 : 388). વેબરના મતે વ્યક્તિની લાગણીઓ જ આ પ્રકારની સામાજિક ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(2) પરંપરાગત સામાજિક ક્રિયા (Traditional Social Action) :** પરંપરાગત સામાજિક ક્રિયા મહદ્ અંશે રૂઢિ કે પરંપરાથી નિયંત્રિત થાય છે. વ્યક્તિ સમાજમાં જન્મે છે અને સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા સમાજ જે રીતે તૈયાર કરે છે તે રીતે તૈયાર થાય છે. સમાજ તેને બધું જ્ઞાન પણ આપે છે અને વ્યક્તિ સમાજનાં મૂલ્યો, ધોરણો, પરંપરા, રૂઢિ, રિવાજ, લોકાચાર આત્મસાત કરે છે. વ્યક્તિના જીવનમાં આ બધી બાબતો તેવા વ્યક્તિત્વનો ભાગ બની જાય છે. દા.ત. જૈનધર્મના કુટુંબમાં જન્મેલી વ્યક્તિ અહિંસાનું મૂલ્ય આત્મસાત્ કરે છે તેથી હિંસા થાય તેવી કોઈ બાબત સ્વીકારવા તૈયાર થતી નથી. ડૉન માર્ટિનડેલ લખે છે, "Action is traditional when both means and ends are fixed by customs." (માર્ટિનડેલ : 1970 : 388) જે સમાજમાં પરંપરા, રૂઢિ બળવત્તર છે ત્યાં આ પ્રકારની ક્રિયાઓ જોવા મળે છે. આ પ્રકારની ક્રિયા અંગે ફ્લેચર લખે છે કે, "A second type of action was that which also stemmed from feelings, but in this case, from selected feeling which had been moulded by long habit and was regulated by the deep rooted acceptance of tradition." (માર્ટિનડેલ : 1970 : 491)

આ પ્રકારની ક્રિયા વ્યક્તિગત લાગણીથી પ્રેરાયેલી હોય છે. પણ આવી લાગણી લાંબા સમયની ટેવથી ઘડાયેલી હોય છે. આવી ક્રિયા પરંપરાના ગંભીર અનુમોદનથી નિયંત્રિત થયેલી હોય છે.

વ્યક્તિની સામાજિક ક્રિયામાં જ્યારે પરંપરા, રિવાજ, રૂઢિ તથા પ્રથાનું અનુસરણ થયું હોય ત્યારે તેવી ક્રિયા વેબરના મતે પરંપરાત્મક સામાજિક ક્રિયા ગણવામાં આવે.

**(3) બુદ્ધિયુક્ત (રેશનલ) સામાજિક ક્રિયા :** વ્યક્તિ જે સામાજિક ક્રિયાઓ કરે છે તે બધી જ તર્કસંગત હોતી નથી. વ્યક્તિ જ્યારે તર્કસંગત ક્રિયા કરે ત્યારે બુદ્ધિપૂર્વક પોતાનો ધ્યેય પસંદ કરે છે. દરેક વ્યક્તિ પોતે પોતાની શક્તિ, મર્યાદા, બળ વગેરેને અનુરૂપ પોતાનો ધ્યેય નક્કી કરે છે. વ્યક્તિની ધ્યેયપસંદગીમાં વ્યક્તિનું જ્ઞાનાત્મક જગત સંપૂર્ણપણે કાર્યરત રહે છે. તર્કસંગત સામાજિક ક્રિયા એટલે એવી ક્રિયા જેમાં બુદ્ધિપૂર્વક વ્યક્તિ સાધનની પસંદગી કરે છે. સાધનોનો ઉપયોગ બુદ્ધિપૂર્વક કરે છે. આવી ક્રિયા કરતી વ્યક્તિ (કર્તા) પોતાના ધ્યેયને સંપૂર્ણ રીતે વરેલી હોય છે. આ પ્રકારની ક્રિયામાં વ્યક્તિ પોતે સ્વીકારેલા ધ્યેય, લક્ષ્ય તથા મૂલ્યને ધ્યાનમાં રાખી તેને પ્રાપ્ત કરવા સાધનોની પસંદગી કરે છે. વ્યક્તિ પોતાના જીવનમાં કોઈક ઉચ્ચ આદર્શ નક્કી કરે છે ત્યારે તે તેને પ્રાપ્ત કરવા પોતાના વ્યક્તિગત જીવનની ફિકર કરતો નથી. **દા.ત.** યુવાન વ્યક્તિ સારા એડવોકેટ થવાની તમન્ના રાખી પોતાનો ધ્યેય નક્કી કરે તો તેને પામવા માટે યોગ્ય સાધન નક્કી કરે અને સમય, શક્તિનો ભોગ આપે. ડૉન માર્ટિનડેલ લખે છે કે ''Action is rational in terms of values when the means are chosen for their efficiency but the ends are fixed in advance. (માર્ટિનડેલ : 1970 : 388) તર્કસંગત ક્રિયામાં ધ્યેય નક્કી હોય છે અને તે પામવા મૂલ્ય અનુરૂપ સાધન વ્યક્તિ પસંદ કરે છે. **દા.ત.** સારું જીવન પસાર કરવા વ્યક્તિ શિક્ષણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને તે માટે સારો કોર્સ, સારી નિશાળ કે સારી કૉલેજ પસંદ કરે છે. આ અભ્યાસ માટે યોગ્ય પુસ્તકો પસંદ કરે છે અને અભ્યાસ દ્વારા તેને પરિપૂર્ણ કરવા પ્રયત્ન કરે છે.

**(4) હેતુયુક્ત સામાજિક ક્રિયા :** આ પ્રકારની સામાજિક ક્રિયામાં કર્તા પોતે પોતાની પસંદગીથી બુદ્ધિપૂર્વક ધ્યેય અને સાધન પસંદ કરે છે. **દા.ત.** કોઈ વ્યક્તિને મેળો જોવા જવું હોય તો તે સમય નક્કી કરી, મુસાફરીનું સાધન નક્કી કરી જ્યાં મેળો હોય ત્યાં પહોંચે છે. કોઈ વ્યક્તિને ભૂખ લાગી હોય અને જો પોતાનું ઘર નજીક ન હોય તો ત્યારે તે પોતાના ખિસ્સામાં રહેલ નાણાંને અનુરૂપ હોટલમાં જઈને નાસ્તો કરે છે અથવા જમણ જમે છે. ડૉન માર્ટિનડેલ લખે છે કે, '' Action is '' rationally purposeful'' when it is addressed to a situation with a plurality of means and ends in which the actor is free to choose his means purely in terms off efficiency.'' (માર્ટિનડેલ : 1970 : 388)

જ્યારે હેતુયુક્ત સામાજિક ક્રિયા હોય ત્યારે વિવિધ સાધનો અને ધ્યેયોમાંથી વ્યક્તિ પોતે ધ્યેય અને સાધનની પસંદગી સ્વતંત્રતાથી કરે છે. વ્યક્તિ મહદ્ અંશે સાધનની શક્તિ સમજીને તેની પસંદગી કરે છે.

વેબરે આ રીતે સામાજિક ક્રિયાને સમજાવી છે. હવે સામાજિક ક્રિયાના સંદર્ભમાં ટાલ્કોટ પાર્સન્સના વિચારો સમજીએ.

**ટાલ્કોટ પાર્સન્સના સામાજિક ક્રિયા અંગેના વિચારો :**

સામાજિક ક્રિયા એ સમાજશાસ્ત્રમાં સતત મહત્ત્વનો વિષય રહ્યો છે. સમાજશાસ્ત્રના ઉદ્ભવથી જ સામાજિક ક્રિયા અંગે ચર્ચા થતી રહી છે. ટાલ્કોટ પાર્સન્સ Theory of Social Action માં ક્રિયા અંગેના વિચારો રજૂ કરે છે. આ વિચારો સુગ્રથિત છે. ઉપયોગિતાવાદીઓની જેમ જ સામાજિક વ્યવસ્થાતંત્રમાં તેઓ ચાલકબળના મહત્ત્વને સ્વીકારે છે. પાર્સન્સના મતે કોઈપણ વ્યક્તિ સંદર્ભહીન ક્રિયા કરતી નથી. વ્યક્તિની દરેક ક્રિયા સમાજના સંદર્ભમાં થતી હોય છે. વ્યક્તિ સતત વિવિધ અનેકવિધ વ્યક્તિઓ સાથે આંતરક્રિયાઓ કરે છે. આ આંતરક્રિયાઓ એ સામાજિક ક્રિયા છે. પાર્સન્સ વ્યક્તિની સામાજિક ક્રિયા અંગે ચાર શરતો જણાવે છે :

(1) વ્યક્તિનું વર્તન હેતુ અને ધ્યેય જેવી બાબતોના સંદર્ભમાં અભિમુખ થયેલું હોય છે.

(2) તે ચોક્કસ સંદર્ભમાં અને ચોક્કસ પરિસ્થિતિમાં ઉદ્ભવે છે.

(3) આ વર્તન સમાજનાં ધોરણો અને મૂલ્ય અનુરૂપ થાય છે.

(4) સામાજિક ક્રિયામાં ચાલકબળનો સમાવેશ થાય છે.

**દા.ત.** વ્યક્તિ મીટિંગમાં જવા માટે પોતાની મોટરમાં બેસી વાહન હંકારી મીટિંગના સ્થળે જઈ રહી

છે. આ કાર્યમાં તેનું ધ્યેય અને હેતુ નક્કી છે જે સામાજિક ધોરણો અને મૂલ્યને અનુરૂપ હોય છે. આ ક્રિયા સામાજિક ક્રિયા છે. ક્રિયાની અભિમુખતાને પાર્સન્સ બે એકમોમાં વર્ગીકૃત કરે છે : (1) પ્રેરકબળની અભિમુખતા (2) મૂલ્ય અભિમુખતા. સામાજિક ક્રિયા જ્યારે જરૂરિયાતો, બાહ્ય દેખાવ અને યોજનાને લઈ વ્યક્તિ કે સમૂહ જે ક્રિયા કરે તે ક્રિયામાં પ્રેરકબળની અભિમુખતા છે એમ દર્શાવી શકાય. જે સામાજિક ક્રિયા નીતિમત્તા અને મૂલ્યને આધારે થતી હોય એને મૂલ્ય અભિમુખ ક્રિયા કહી શકાય. અલબત્ત, પ્રેરણા અને મૂલ્ય વચ્ચે સંઘર્ષ પણ હોઈ શકે. દરેક સમયે પ્રેરણા કે પ્રેરકબળ મૂલ્ય અનુરૂપ જ હોય એવું જરૂરી નથી. દા.ત. વ્યક્તિને અતિશય પૈસાદાર થવું હોય અને તે પ્રેરણા કે ધ્યેય અનુરૂપ યોગ્ય રસ્તો વ્યક્તિને પ્રાપ્ત ન થાય ત્યારે તે અયોગ્ય રસ્તા દ્વારા ધન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને પ્રેરણા અને મૂલ્ય વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થાય છે એવા અનેક ઉદાહરણ સમાજમાં જોવા મળે છે. દા.ત. વિદ્યાર્થીને પ્રથમ વર્ગમાં પાસ થવું હોય ત્યારે તેણે સખત મહેનત કરવી જોઈએ પણ તેને બદલે જો તે ચોરી કરવાનો વિચાર કરે તો અહીં પ્રેરણા અને મૂલ્ય વચ્ચે સંઘર્ષ થતો જોવા મળે છે.

પાર્સન્સ The Social Action Theory માં દર્શાવે છે કે વ્યક્તિની ક્રિયાને ત્રણ અભિગમથી તપાસી શકાય. પાર્સન્સ માને છે કે વ્યક્તિની ક્રિયા વૈયક્તિક છે અને તેને વૈયક્તિક રીતે જ તપાસવી જોઈએ. તેઓના મતે ક્રિયાને ઉપયોગિતાવાદી, વૈજ્ઞાનિક અને આદર્શવાદી અભિગમથી તપાસવી જોઈએ. આ ત્રણેય અભિગમથી જો ક્રિયાને તપાસવામાં આવે તો ક્રિયા યોગ્ય રીતે સમજાઈ શકે. ઉપયોગિતાવાદીઓ ક્રિયામાં તર્કસંગત ગણતરી ઉપર ભાર મૂકે છે. આ પ્રકારના વિશ્લેષણમાં વ્યક્તિ પોતાની ગણતરી મુજબ સામાજિક ક્રિયા કરે છે. વ્યક્તિ ક્રિયા કરતાં પહેલાં વિચાર કરીને સાધન નક્કી કરે છે. આ પ્રકારની ક્રિયા વ્યક્તિ પોતાની ગણતરી દ્વારા નક્કી કરે છે.

વૈજ્ઞાનિક અભિગમમાં માનવામાં આવે છે કે સમાજની વ્યક્તિ સામાજિક સંજોગોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે. વ્યક્તિ આ બધાને લક્ષમાં લઈ ક્રિયા કરે છે અને તેથી તેમાં ભૂલ થવાનો સંભવ રહેતો નથી.

આદર્શવાદી દૃષ્ટિકોણથી તપાસીએ તો આ વિચાર જ ક્રિયાનો હાર્દ છે.

ટૂંકમાં વ્યક્તિ પોતે પોતાની ગણતરી મુજબ, ઉપયોગિતા મુજબ, માહિતી અને શાણપણના ઉપયોગ પછી સામાજિક ક્રિયા કરે છે. ક્રિયા કરતી વખતે આદર્શનો પણ ખ્યાલ રાખે છે. વ્યક્તિની ક્રિયા વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વને છતું કરે છે. વ્યક્તિની ક્રિયા વ્યક્તિના વિચાર, વલણ, કૌશલ્ય, સામાજિકીકરણ, મૂલ્ય, સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિકા સ્પષ્ટ કરે છે.

**સામાજિક ક્રિયાના અન્ય સમર્થકો :**

**(1) વિલ્ફ્રેડ પરેટો (Vilfred Pareto) (1848 to 1923) :** વિલ્ફ્રેડ પરેટોએ સમાજશાસ્ત્રમાં તાર્કિક અને બિનતાર્કિકનો ખ્યાલ આપ્યો. તાર્કિક ક્રિયામાં સાધન અને ધ્યેયને મહત્ત્વના ગણવામાં આવે છે. તાર્કિક ક્રિયામાં બુદ્ધિને મહત્ત્વની ગણવામાં આવે છે. બિનતાર્કિક ક્રિયામાં વ્યક્તિની ભાવનિષ્ઠ લાગણીને ધ્યાનમાં રાખી કાર્ય થાય છે. પરેટોની દૃષ્ટિએ માનવની ક્રિયા ધોરણીય હોય છે. તેઓ માને છે કે વ્યક્તિની ક્રિયામાં પરિસ્થિતિજન્ય પરિબળો પણ અસર કરે છે.

**(2) થર્સ્ટન વેબ્લેન (Thorstein Veblen) (1857 to 1929) :** વેબ્લેનના મતે સામાજિક ક્રિયા માણસના હેતુ, ઈરાદા અને ધ્યેય ઉપર આધારિત હોય છે. વ્યક્તિ પોતાનું દરેક કાર્ય પોતાની પસંદગીથી કરે છે. દરેક વ્યક્તિ પોતાનું કાર્ય ચોક્કસ હેતુ પરિપૂર્ણ કરવા કરે છે. દરેક વ્યક્તિને પોતાની ક્રિયા અસરકારક બને તેવું ગમે છે. દરેક કાર્ય કોઈ ચોક્કસ લક્ષ્ય માટે, અસરકારક રીતે કરવાનો પ્રયત્ન વ્યક્તિ કરે છે. કોઈ વ્યક્તિને નિષ્ફળતા પસંદ નથી. દરેક વ્યક્તિ સફળ થવા પ્રયત્ન કરે છે. મૂળભૂત રીતે કાર્યદક્ષતા (Workmanship) દરેકને પસંદ હોય છે. દરેક વ્યક્તિ તર્કસંગત, હેતુયુક્ત ક્રિયા કરે છે. વ્યક્તિ સામાજિક ક્રિયા અસરકારક રીતે કરી ગૌરવ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. વેબ્લેનના મતે સામાજિક ક્રિયા વ્યક્તિના હેતુ, ઈરાદા અને ધ્યેય ઉપર આધારિત છે. (માર્ટિનડેલ : 1970 : 397)

**(3) કાર્લ મેનહાઈમ (Karl Mannheim) (1883 – 1947) :** કાર્લ મેનહાઈમ વેબરના બૌદ્ધિક વારસદાર ગણાતા હતા. તેઓ વેબરની જેમ જ માનતા હતા કે સમાજ એ વ્યક્તિની સામાજિક ક્રિયામાંથી નીપજતું નેટવર્ક (network) છે. વ્યક્તિઓ વચ્ચેની અર્થપૂર્ણ ક્રિયા અને તેમાંથી નીપજતો સાર મહત્ત્વનો છે. તેમણે પરંપરાગત અને બૌદ્ધિક ક્રિયાના ખ્યાલ રજૂ કર્યા.

**(4) ફ્લોરિયન ઝેનિકી (Florian Znaniecki) (1882 – 1958)** તેમણે 1936માં Social

Actions પુસ્તક લખ્યું. તેમના મતે સામાજિક ક્રિયામાં મૂલ્ય ખૂબ મહત્ત્વનું છે. મૂલ્ય વ્યક્તિના વર્તનને આકાર આપે છે, આધાર આપે છે. તેઓ માને છે કે સામાજિક ક્રિયામાં સામાજિક અને સાંસ્કૃતિક બાબતો મહત્ત્વની બને છે. તેમના મતે સાંસ્કૃતિક બાબતો, માહિતી એ કોઈનો સક્રિય અનુભવ છે. સાંસ્કૃતિક માહિતી વ્યક્તિને સમાજના, વ્યક્તિના અનુભવથી માહિતગાર કરે છે. સામાજિક ક્રિયા એ સમાજના સામાજિક અને સાંસ્કૃતિક જીવનના વિશ્લેષણ માટે ખૂબ મહત્ત્વની છે. તેમના મતે સામાજિક ક્રિયા માટે મૂલ્ય ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમના મતે સામાજિક ક્રિયામાં વિચાર, સાધન અને પરિણામ મહત્ત્વના છે. તેઓ સામાજિક ક્રિયાને પાંચ વિભાગમાં વર્ગીકૃત કરે છે : (1) ક્રિયાનો અર્થ (2) સામાજિક મૂલ્ય (લોકો) (3) ગૌણ સામાજિક મૂલ્ય (વસ્તુ) (4) પદ્ધતિ (5) પ્રતિભાવ – પરિણામ. તેઓ ઉદાહરણ આપે છે કે **દા.ત.** જો પુત્ર બીડી પીએ તો પિતા એ કૃત્ય ખરાબ છે તેથી સામાજિક પ્રતિનિધિ (agent) બની પુત્રના એ અયોગ્ય વર્તનને ઠીક કરવા કાં તો ઠપકો આપે છે, મારે છે અથવા પૈસા વાપરવા આપતા નથી તેથી પુત્રના વર્તનમાં પરિવર્તન આવે છે.

એટલે કે સામાજિક ક્રિયાના આ ઉદાહરણ દ્વારા પિતાની ભૂમિકા સમજી શકાય છે. તેમના મતે દરેક વ્યક્તિને ચોક્કસ સામાજિક કાર્ય કરવા માટે ભૂમિકાને આધારે હક્કો મળે છે અને તે પ્રમાણેની ફરજો પ્રાપ્ત થાય છે.

તે કર્તાની ભાવનિષ્ઠ ઇચ્છા ઉપર ભાર મૂકે છે.

સામાજિક ક્રિયા અંગેના મહત્ત્વના ખ્યાલો-સિદ્ધાંતો જોયા બાદ હવે સામાજિક ક્રિયા સાથે સંકળાયેલા મૂળભૂત ખ્યાલો જોઈએ.

સામાજિક ક્રિયા માટે ક્રિયા સહુથી મહત્ત્વની બાબત છે. ક્રિયા દ્વારા જ સમાજની સંસ્થાઓ, માળખા ઘડાય છે. સામાજિક ક્રિયા દ્વારા જ મૂલ્ય, ધોરણો, રૂઢિ, પરંપરા પણ તપાસી શકાય છે. સામાજિક ક્રિયા સાથે તેનો કર્તા મુખ્ય છે.

આગળના મુદ્દામાં ક્રિયા, કર્તા, કર્મશીલ, ક્રિયાનું સમાજશાસ્ત્ર તથા ક્રિયાશીલ સંશોધનના ખ્યાલની ચર્ચા કરી છે.

## 1.2 સામાજિક ક્રિયા અને ખ્યાલો

સામાજિક ક્રિયા એ માનવસંબંધોનો પાયો છે. આ સામાજિક ક્રિયા સાથે વિવિધ ખ્યાલો સંકળાયેલા છે : ક્રિયાની ચર્ચા થાય ત્યારે ક્રિયા, કર્તા અને કર્મ કરનાર બધાજ અનિવાર્ય છે. ક્રિયા એ ઘટના છે, બાબત છે. કર્તા સમાજની વ્યક્તિ કે જે ક્રિયા કરે છે તે છે. આ બધા જ ચોક્કસ ખ્યાલો છે.

(1) ક્રિયા (Action)

(2) કર્તા (Actor)

(3) કર્મશીલ (Activist)

(4) ક્રિયાનું સમાજશાસ્ત્ર (Action Sociology)

(5) ક્રિયાશીલ સંશોધન (Action Research)

**(1) ક્રિયા (Action) :** ક્રિયાનો અર્થ સજીવનું હલનચલન. જેમ કે બોલવાની ક્રિયા, શ્વાસ લેવાની ક્રિયા, ખાવાની ક્રિયા સજીવની જરૂરિયાત સંતોષે છે. વ્યક્તિની ક્રિયાને સામાજિક અર્થ આપવામાં આવે છે ત્યારે તે સામાજિક ક્રિયા બને છે. Max Weber ના મતે, "Sociology, like all the others can only come from the actions of one, of severe, or of a number of separate individuals. This is why it is bound to adopt methods which are strictly individualist."

મેક્સવેબરના મતે કોઈપણ સામાજિક ઘટનાના વિશ્લેષણમાં મૂળભૂત વ્યક્તિની સામાજિક ક્રિયા મહત્ત્વની હોય છે. સમાજની સંસ્થા કે સંસ્થાઓના નિર્ણયો પરસ્પર અસર કરે છે. રાજ્ય, સ્વૈચ્છિક સંસ્થા કે બીજી કોઈપણ સંસ્થાના નિર્ણયો વ્યક્તિ ઉપર અસર કરે છે. વ્યક્તિના જ્ઞાનાત્મક માળખા ઉપર, વ્યક્તિના નિર્ણય ઉપર અસર કરે છે. રાજ્ય સરકાર સમાજમાં મહત્ત્વની સંસ્થા છે. રાજ્ય વ્યક્તિને અધિકારો આપે છે તથા વ્યક્તિ ઉપર ગહન અસરો નિપજાવે છે. ઈ.સ. 1917માં રશિયાની સરકારે નક્કી કર્યું કે લગ્નના મહત્ત્વને ઘટાડવું તેથી રાજ્યે લગ્ન તથા છૂટાછેડાના રજિસ્ટ્રેશનને ખૂબ ઓછું મહત્ત્વ આપવાનું નક્કી કર્યું. માત્ર આ પગલાંને કારણે રાજ્યમાં તે વર્ષે

55,000 બાળકો ઓછા જન્મ્યા. લગ્નની ગંભીરતા ઘટી, જીવનસાથીની કાયમીપણાની ભાવના ઓછી થઈ તથા છૂટાછેડા સરળ બન્યા. આ અસરથી મુક્ત થવા માટે રશિયાએ તુર્ત જ લગ્નને મહત્ત્વ આપવું પડ્યું. કુટુંબને, કુટુંબના મહત્ત્વને પુનઃસ્થાપિત કરવું પડ્યું.

અમેરિકામાં સામ્યવાદી વિચારસરણી કદી લોકપ્રિય થઈ શકી નથી, કારણ ત્યાં એક વિચારસરણીએ મૂળિયાં નાંખ્યા છે કે જેમાં વ્યક્તિએ પોતે પોતાનો વિકાસ કરવો જોઈએ એવું માનવાને બદલે દરેક પરિસ્થિતિમાં વ્યક્તિએ પોતાનો ધ્યેય નક્કી કરી, ધ્યેયનિષ્ઠ બની, ધ્યેય પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. આવા વાતાવરણમાં વ્યક્તિ વિરોધ કરવાને બદલે પોતાની પરિસ્થિતિ પોતે જ બદલી શકે એવું માને છે. વ્યક્તિએ પોતે જ પોતાની ક્ષમતાઓ વધારવી જોઈએ એવું માનવામાં આવે છે. વ્યક્તિએ સ્વપ્રયત્ન દ્વારા જ પોતાની પરિસ્થિતિ પલટાવવી જોઈએ એવું માનવામાં આવે છે. એવું જોવા મળે છે કે, જે સમાજમાં બે જૂથો વચ્ચે ખૂબ અંતર હોય, બન્ને જૂથો વચ્ચે ખૂબ વધુ ભિન્નતા હોય, ત્યાં વ્યક્તિ અને જૂથો, શોષિત જૂથોને મદદ કરવાની વાત કરે છે. જૂથોમાં વિવિધ પ્રકારની ભિન્નતાઓ જોવા મળે છે. વિવિધ સામાજિક પરિસ્થિતિમાં લોકોના વિવિધ પ્રતિભાવને, કલ્પનાઓ, કાર્યો અને વ્યૂહરચનાઓ જોવા મળે છે. એ રીતે જ વ્યક્તિની ભાષા, ઉદ્દેશ્ય, પ્રાથમિકતાઓ અને વલણ ઘડાય છે. ક્યારેક બે સમાન વિચારસરણીઓમાં બે જૂથ જોવા મળે છે. મિલમાલિકનાં સંતાનોને મળતી સુવિધા મિલમજૂરનાં સંતાનો પ્રાપ્ત કરી શકતા નથી. આ બન્ને જૂથના બાળકોની સામાજિક ક્રિયાઓ ઉપર જે તે જૂથની અસર જોવા મળે છે. મિલમજૂરના બાળકનો શૈક્ષણિક રેકોર્ડ ખૂબ સારો હોવા છતાં મિલમાલિકના બાળકને પ્રાપ્ત થતી સુવિધાઓ મિલમજૂરના બાળકને પ્રાપ્ત થતી નથી. આ ભિન્નતાને કારણે બાળકની કારકિર્દી, વલણ, વ્યવસાય, રોજીરોટી, જીવનની તરાહ ઉપર અસર થાય છે. આ ભિન્નતાની અસર સામાજિક વ્યવસ્થાઓ, સંસ્થાઓ તથા માળખાંઓ ઉપર થાય છે. અહીં ક્રિયા એ જ માપદંડ છે.

**(2) કર્તા (Actor) :** કર્તા એ સામાજિક ક્રિયા કરનાર છે. કર્તા સમાજમાં જ ઘડાય છે. કર્તા પોતે અલગ છે. કર્તા ક્રિયા કરે છે અને એની ક્રિયા વિવિધ પરિબળો ઉપર આધારિત હોય છે. દરેક વ્યક્તિને એક ચોક્કસ સામાજિક દરજ્જો પ્રાપ્ત થાય છે અને તે પ્રમાણે તે તેની ભૂમિકા ભજવે છે. દરજ્જા પ્રમાણે તેના વર્તનની અપેક્ષા રખાય છે. અલબત્ત દરેક વ્યક્તિ અંગેની અપેક્ષા અને ભૂમિકા ભજવણીમાં ભિન્નતા જોવા મળે છે. અલબત્ત વ્યક્તિના જ્ઞાનાત્મક માળખા અને તેના વર્તનને સીધો સંબંધ હોય છે. દરેક વ્યક્તિનું જ્ઞાનાત્મક માળખું તેના સમાજમાં ઘડાય છે. કર્તા પાસે જે પ્રકારની ભૂમિકા ભજવણીની અપેક્ષા રખાઈ હોય અને જે પ્રકારની ભૂમિકા એ ભજવે-બન્નેમાં વધુ ભિન્નતા જોવા મળે તો તકલીફ ઊભી થાય છે. કર્તા જ સામાજિક ક્રિયા દ્વારા સામાજિક જગત ઘડે છે.

**(3) કર્મશીલ (Activist) :** કર્મશીલ વ્યક્તિ એટલે એવી વ્યક્તિ કે જેને સમાજના કોઈ એક કે વધુ પાસાની સ્થિતિ, ગતિ અને કાર્યો અંગે, પરિસ્થિતિ અંગે અસંતોષ હોય, અને તેમાં પોતાને જેમાં શ્રદ્ધા હોય તેવું પરિવર્તન લાવવા માટે જે પ્રયત્ન કરે, અને પોતાના સ્થાન મુજબ પરિવર્તન લાવવા માટે પ્રશ્નોને વાચા આપે અને પોતાના વિચારોને સમર્થક લોકોનું જૂથ બનાવે, તે અંગે વિવિધ કાર્યક્રમો યોજે તથા પોતાના ધાર્યા પ્રમાણે પરિવર્તન લાવવા માટે સતત પ્રયત્નશીલ રહે તે વ્યક્તિને કર્મશીલ તરીકે ઓળખવામાં આવે છે. આવી સંસ્થાને સ્વૈચ્છિક કે બિનસરકારી સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે. કર્મશીલ વ્યક્તિઓ પોતાની આસપાસ આવું સંગઠન રચતા હોય છે.

**(4) ક્રિયાનું સમાજશાસ્ત્ર (Action Sociology) :** સમાજશાસ્ત્રની એના સ્થાપક સાથે જ સ્થપાયેલી, પણ સાંપ્રત સમાજમાં વિકસેલી, આ વિશિષ્ટ શાખા છે. આ શાસ્ત્ર ક્રિયા સાથે પણ સંકળાયેલું છે. આ પ્રકારના શાસ્ત્રમાં સમાજની સમસ્યાઓને સમજી, તેનું વિશ્લેષણ કરી, તેમાં ઇચ્છિત સામાજિક પરિવર્તન લાવવા માટે અસરકારક પ્રક્રિયાઓ યોજી, તે અંગે સાધનોની શોધ પણ કરવામાં આવે છે.

તદુપરાંત, એ સાધનોને યોજવામાં પણ આવે છે. આ સમાજશાસ્ત્ર દ્વારા પ્રશ્નના પ્રત્યક્ષીકરણથી ઉકેલ સુધીની તમામ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. સામાજિક ક્રિયાનું સમાજશાસ્ત્ર સિદ્ધાંત અને કાર્ય બન્ને સાથે સંકળાયેલું છે.

**(5) ક્રિયાશીલ સંશોધન (Action Research) :** કોઈ સામાજિક પરિસ્થિતિમાં સુધારણા કરવાની ઇચ્છાથી પ્રેરિત, કોઈ સંગઠનની કાર્યક્ષમતા વધારવા, સમૂહોમાં વ્યાપ્ત વૈમનસ્ય ઓછું કરવા કે વ્યક્તિ કે લઘુમતિ સમૂહની મુશ્કેલ પરિસ્થિતિમાં સુધારો લાવવાના હેતુથી પ્રેરાઈને, ઇચ્છિત સામાજિક પરિવર્તન માટે કરવામાં આવતી અસરકારક સાધનોની શોધ એટલે ક્રિયાત્મક સંશોધન. આવા

સંશોધન અને અમલ બન્ને સાથે ચાલે છે. ગુજરાતમાં ડુંગળી સહકારી મંડળી, પાણી સહકારી મંડળી બની તે આ પ્રકારના ઉદાહરણ કહી શકાય, કારણ તેમાં પ્રથમ સંશોધન અને પછી કાર્ય સંકળાયેલું હતું.

## 1.3 ક્રિયાનું સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્ર વિજ્ઞાન તરીકે ઉદ્ભવ્યું કારણ ઉદ્યોગીકરણને લીધે આવેલ પરિવર્તન અને ફ્રાંસના રાજ્યક્રાંતિને લીધે આવેલ પરિવર્તનને કારણે ઑગસ્ટ કોમ્ટ નામના સમાજશાસ્ત્રના પિતાએ સમાજની પ્રગતિ અને વ્યવસ્થાના નિયમો શોધવાના ઇરાદાથી સમાજ અંગે વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય તેવા શાસ્ત્રનું આયોજન કર્યું. કોમ્ટ અને કાર્લ માર્કસ મોટા ગજાના ક્રિયાના સમાજશાસ્ત્રીઓ (Action Sociologists) કહી શકાય. કોમ્ટે સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી શકાય તેવું શાસ્ત્ર રચ્યું અને ત્યાર બાદ, સામાજિક પુનઃરચના તથા માનવતાવાદી ધર્મ અંગેના સિદ્ધાંત રચ્યા. કોમ્ટેએ સામાજિક પુનઃરચના કરી માનવતાવાદી ધર્મ દ્વારા શાંતિપૂર્ણ, ન્યાયી સમાજની રૂપરેખા આપી. કાર્લ માર્કસે તો સમાજના વર્ગો, તેની રચના, શોષણ, વર્ગસંઘર્ષ, અસમાનતાનાં કારણો વગેરેનો અભ્યાસ કરી તેની નાબૂદી માટે વર્ગવિહીન વ્યવસ્થાનું માળખું, ધોરણો, નિયમો, મૂલ્યો દર્શાવ્યાં. કાર્લ માર્કસે શોષણવિહીન સમાજરચના અંગે વ્યવહારુ ચર્ચા કરી, સંપૂર્ણ સમાજરચના અંગે ચર્ચા કરી, ચિત્ર દર્શાવ્યું. કાર્લ માર્કસે આપેલ સિદ્ધાંતો મુજબ રશિયામાં એ સિદ્ધાંતોને આધારે રાજ્યરચના અમલમાં આવી પણ એ અમુક વર્ષો બાદ નિષ્ફળ ગઈ. તેમણે સામાજિક પરિવર્તનનું સંપૂર્ણ આયોજન દર્શાવ્યું છે. આ બન્ને સમાજશાસ્ત્રીઓએ આવા વિચારો, આયોજનો વ્યક્ત કર્યા છે. પરંતુ ક્રિયાનું સમાજશાસ્ત્ર (Action Sociology) એવું નામ આપ્યું નહોતું. ક્રિયાના સમાજશાસ્ત્રના મુખ્ય ત્રણ અવિભાજ્ય ઘટક જોઈ શકાય છે : (1) સિદ્ધાંત (2) સંશોધન (3) વ્યવહારુ ઉપાય.

''એક્શન સોશિયોલોજી (Action Sociology) સહભાગીતા આધારિત ક્રિયાન્મુખી સંશોધન છે જે અભ્યાસની પરિસ્થિતિથી સંકળાયેલા લોકો સાથે ભળીને તેમની સાથે વિચારવિમર્શ કરી સમૂહના પ્રશ્નો અને સમાધાનો શોધી કાઢવા માટેના પદ્ધતિસરના પ્રયત્નોને અનુમોદન આપે છે.'' – (હિમ્મેલ સ્ટ્રાન્ડ : 1982 : 44)

આ પ્રકારના સમાજશાસ્ત્રમાં જે જૂથ માટે કાર્ય કરવાનું નક્કી કરવામાં આવે છે તે જૂથના લોકો સાથે બેસી ચર્ચા કરી, તેમની પાસેથી જ તેમના અર્થઘટન જાણવામાં આવે છે. આ અર્થઘટનો સમજી, લોકો સાથે જ તે અંગે ચર્ચા કરવામાં આવે છે. પરિસ્થિતિ અંગે બધાં જ પરિમાણોથી ચર્ચા કરવામાં આવે છે. આ જૂથ સાથે બેસી તેના વિકલ્પ શોધવાના પ્રયત્ન કરવામાં આવે છે. આ પદ્ધતિમાં લોકોના પોતાનાં પ્રત્યક્ષીકરણો, જ્ઞાન, ધારણાઓ, માન્યતાઓ મહત્ત્વના ગણાય છે. સમાજવૈજ્ઞાનિક સાથે રહી તેના વૈજ્ઞાનિક અર્થઘટન માટે પ્રયત્ન કરે છે. સમાજવૈજ્ઞાનિક લોકો સાથે રહી તેમના પ્રશ્નો, તેમની સમસ્યાઓ, તે ઉત્પન્ન થવાનાં કારણો, તે પરિસ્થિતિને અસર કરતાં તમામ પરિબળો, તે સમસ્યા માટે જવાબદાર પરિબળો, તે સમસ્યાનાં મૂળ કારણો વગેરે શોધી કાઢવામાં મદદ કરે છે. આ પદ્ધતિમાં લોકોન્મુખ બની સમાજવૈજ્ઞાનિક સાથે રહી વિચારવિમર્શ કરી ઉપાયનું આયોજન કરવામાં આવે છે. Action Sociology ને Discourse Oriented Action Research પણ કહેવાય છે.

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે અને તેથી તે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. સમાજવૈજ્ઞાનિક માટે સમાજ એ પ્રયોગશાળા છે અને વ્યવહારુ પ્રશ્નોના ઉકેલ માટે તેના સિદ્ધાંતોની કસોટી (acid test) છે. સમાજવૈજ્ઞાનિક માનવસમાજનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રી કાર્યકારણનો સંબંધ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. સમાજવૈજ્ઞાનિક સમગ્ર સમાજને લાગુ પાડી શકાય તેવા નિયમો શોધવાના પ્રયાસ કરે છે. આ પ્રયાસમાં અનેક પ્રકારનાં સંશોધનો હાથ ધરી જ્ઞાનસંવર્ધનનું કાર્ય હાથ ધરાય છે. ક્રિયાના સમાજશાસ્ત્રમાં સમાજશાસ્ત્રનો વ્યાવહારિક ઉપયોગ પણ મહત્ત્વનો છે. કોમ્ટ અને માર્કસ સમાજશાસ્ત્રી તો છે જ પણ તેમણે પોતે જ ક્રિયામાં ઝુકાવ્યું હતું. આ બન્ને વૈજ્ઞાનિકોએ સામાજિક પરિસ્થિતિની વૈજ્ઞાનિક, સૈદ્ધાંતિક સમજ મેળવી તેનું વિશ્લેષણ કરી સમાજ પુનઃરચનાના સિદ્ધાંત આપ્યા હતા. એક્શન સોશિયોલોજી (Action Sociology) એ સિદ્ધાંતના વ્યાવહારિક ઉપયોગની વાતનો પર્યાય નથી. માત્ર કોઈ પ્રવર્તમાન સિદ્ધાંતનો સમસ્યાના ઉકેલ માટે ઉપયોગ કરવાની વાત નથી. સમાજશાસ્ત્રી પોતાની સૈદ્ધાંતિક સમજ કામે લગાડી, લોકોની પરિસ્થિતિ માટેની

સમજ સમજી તેમના જ વિકલ્પોમાંથી પ્રશ્નનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. દરેક વિજ્ઞાનમાં પદ્ધતિ મહત્ત્વની હોય છે. જે દ્વારા તે કાર્યકારણના સંબંધો તપાસે છે. સાર્વત્રિક રીતે બધા જ સમાજને લાગુ પાડી શકાય તેવાં તારણો પ્રાપ્ત કરવાની બૌદ્ધિક અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરાતી હોય છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા જ સમાજને લગતા જ્ઞાનમાં ઉમેરો કરે છે. ક્રિયાના સમાજશાસ્ત્રની નવી પદ્ધતિને કારણે સ્થાનિક પ્રશ્નો અને અભિગમોને યોગ્ય સ્થાન પ્રાપ્ત થાય છે. સમાજશાસ્ત્રીય સંશોધનના જ્ઞાનની ફલશ્રુતિ માટે ભૌતિક કે તબીબી વિજ્ઞાનો જેટલા દબાણ આવતા નથી. અને તેને કારણે જ તેનાં તારણો વિશે ગહન ચર્ચા થતી નથી કે તે અંગે વાદવિવાદ ઊભા થતા નથી. આ સંશોધનનાં તારણો તાત્કાલિક અસર નિપજાવે એવી અપેક્ષા પણ હોતી નથી. મહદ્ અંશે આ તારણો કે તે ઘટના અથવા પરિસ્થિતિ શું છે અને આ પરિસ્થિતિઓ કઈ પ્રક્રિયાઓ અને કયાં સ્વરૂપોમાંથી પસાર થઈને ઘડાઈ છે, તેના સાંપ્રત વલણો, પ્રવાહો કેવા પ્રકારના છે એવી જાણકારી આપે છે. ક્રિયાનું સમાજશાસ્ત્ર લાંબા ગાળાના સમયનો આધાર લેતું નથી પણ તે તેની ઉપેક્ષા પણ કરતું નથી. ક્રિયાના સમાજશાસ્ત્ર દ્વારા પરિસ્થિતિની શાસ્ત્રીય સમજને આધારે લોકોપયોગી પગલાં હાથ ધરાશે તથા સમસ્યાના ઉકેલ સાથે નિસ્બત છે છતાં સમાજવૈજ્ઞાનિક પ્રયુક્તિઓથી અલગ છે એવું નથી. સચ્ચિદાનંદ તેના મુખ્ય ત્રણ તબક્કાઓની ચર્ચા કરે છે :

(1) આ પદ્ધતિમાં પરિસ્થિતિઓના પુનઃગઠનને બંધબેસતી ક્રિયા અથવા પગલાંના સંદર્ભમાં જરૂરી માહિતી એકત્ર કરી ઘટના અંગે સમજ પ્રાપ્ત કરવી. આ સંદર્ભે રોજબરોજની જીવનચર્યા અંગેની સમજ, ઇતિહાસની માહિતી અને સમજ, સ્થાનિક સંસ્થાઓ, કાયદાઓ, નીતિનિયમો અને સ્થાનિક પરિસ્થિતિમાં કાર્ય કરતા કાર્યકર્તાઓ અંગે સંપૂર્ણ જાણકારી તથા સમજ પ્રાપ્ત કરવી. દા.ત. પેટ્રોલ ઉત્પાદન કરનારા દેશો યુદ્ધમાં સામેલ હોય ત્યારે પેટ્રોલના ભાવ વધે, અછત ઊભી થાય અને વાહનવ્યવહાર ઉપર તેની અસર થાય અને તેને કારણે વસ્તુઓના પુરવઠા ઉપર અસર થાય. વ્યાપાર ઉપર પણ અસર થાય.

(2) બીજા તબક્કામાં પ્રાપ્ત માહિતીને આધારે, યોગ્ય વ્યૂહરચના ઘડી, સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી, લોકજાગૃતિ, સમજ અને સ્વીકૃતિ કેળવી, લોકભાગીદારી પણ પ્રાપ્ત કરી શકાય છે.

(3) આ તબક્કો સર્જનાત્મક છે. અહીં યોગ્ય આયોજન અને અમલની જરૂર છે. અહીં કાર્યમાં અવરોધો અને વિપરીત પરિણામો અંગે સમસ્યાઓ ઊભી થાય તો કયા અને કેવા પગલાં લેવાં, કઈ રીતે પરિસ્થિતિ નિયંત્રણમાં રહે, કાર્યક્રમની સફળતાની તક કઈ રીતે વધી શકે તેવું આયોજન કરવું પડે. આ કાર્ય વિવિધ લોકો સાથે કરવાનું છે અને તેથી લોકોની સમજદારી, પ્રત્યક્ષીકરણો, કામ કરવાની પદ્ધતિ, કાર્ય-ભાગીદારી, વલણો તથા ભાવ-પ્રતિભાવ સમજવા જોઈએ.

આ સાથે સમગ્ર ક્રિયા વિશે પણ ફરીથી વિચારી શકાય.

ક્રિયાના સમાજશાસ્ત્રમાં સ્થાનિક લોકો સાથે રહી તેમની પરિસ્થિતિને અનુરૂપ, તેમની સમજને અનુરૂપ માર્ગ કાઢવાની પ્રવૃત્તિ છે જે ખરેખર અતિમુશ્કેલ બને છે. જોકે આ કાર્યક્રમમાં નિષ્ફળતા સાંપડે તો કોઈ પણ દોષી ઠરતો નથી પરંતુ નિષ્ફળતાનો બોજો વધી જાય છે. સાથે સાથે સંશોધક સમૂહ સાથે ભળી જાય છે. ક્યારેક સંશોધક પણ ભાવાત્મક બની જાય છે. ક્યારેક સ્થાનિક લોકો પર સ્થાપિત હિતોની પકડ અવરોધ લાવી શકે. આ બધી સમસ્યાઓ છતાં આ તમામ શક્યતાઓ નિવારવી જોઈએ અને સંશોધક તરીકે તટસ્થતા અને ક્ષમતા જાળવી રાખવી જોઈએ.

સમાજશાસ્ત્રની પ્રશાખા તરીકે કાર્યનું તત્ત્વ આમાં ઉમેરાય છે. એ નવીન તત્ત્વ આ શાસ્ત્રમાં જોવા મળે છે. માત્ર સૈદ્ધાંતિક નહીં પરંતુ વ્યવહારુ ઉપયોગ, વાસ્તવિકતા તથા પ્રયોગ સંકળાયેલા છે.

ખરેખર તો કોઈ પ્રશ્નના ઉકેલ દ્વારા, તે પ્રશ્નથી મુક્તિ મેળવવાની વાત, તેમજ સ્વયંસંચાલિત પરિવર્તનના પ્રવાહ, તેમાં સમાવિષ્ટ છે. આ શાસ્ત્રની અભ્યાસપદ્ધતિ અનોખી છે છતાં સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. પરંતુ આમાં સંશોધકે સતત જાગૃત રહેવું પડે અને પોતે પોતાની ક્રિયાને આલોચનાત્મક દૃષ્ટિએ ચકાસતા રહેવું પડે છે. મૂળ વાત તરીકે, તાર્કિક રીતે માળખાકીય તત્ત્વો અને એકમોનું પુનર્ગઠન કરી સ્થાનિક પરિસ્થિતિને ઇચ્છિત દિશામાં, અર્થસભર રીતે, રૂપાંતરિત કરવાની, પ્રક્રિયા છે. અને તેથી જ પદ્ધતિસર રીતે એકત્ર કરેલી માહિતી ઉપર અવલંબન રાખવાનું અનિવાર્ય બને છે. આ Applied Research નથી. આમાં તો પ્રવર્તમાન પરિસ્થિતિનું પદ્ધતિસર અને તાર્કિક રીતે અધ્યયન કરી નવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો હેતુ સમાયેલો છે. ક્રિયાનું સમાજશાસ્ત્ર જે તે ઘટના કે પરિસ્થિતિ અંગે ઉપલબ્ધ સિદ્ધાંતને વાસ્તવિક પરિસ્થિતિઓની એરણે ચકાસી અને પરિસ્થિતિને

સમજ સમજી તેમના જ વિકલ્પોમાંથી પ્રશ્નનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. દરેક વિજ્ઞાનમાં પદ્ધતિ મહત્ત્વની હોય છે, જે દ્વારા તે કાર્યકારણના સંબંધો તપાસે છે. સાર્વત્રિક રીતે બધા જ સમાજને લાગુ પાડી શકાય તેવાં તારણો પ્રાપ્ત કરવાની બૌદ્ધિક અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરાતી હોય છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા જ સમાજને લગતા જ્ઞાનમાં ઉમેરો કરે છે. ક્રિયાના સમાજશાસ્ત્રની નવી પદ્ધતિને કારણે સ્થાનિક પ્રશ્નો અને અભિગમોને યોગ્ય સ્થાન પ્રાપ્ત થાય છે. સમાજશાસ્ત્રીય સંશોધનના જ્ઞાનની ફલશ્રુતિ માટે ભૌતિક કે તબીબી વિજ્ઞાનો જેટલા દબાણ આવતા નથી. અને તેને કારણે જ તેનાં તારણો વિશે ગહન ચર્ચા થતી નથી કે તે અંગે વાદવિવાદ ઊભા થતા નથી. આ સંશોધનનાં તારણો તાત્કાલિક અસર નિપજાવે એવી અપેક્ષા પણ હોતી નથી. મહદ્ અંશે આ તારણો જે તે ઘટના અથવા પરિસ્થિતિ શું છે અને આ પરિસ્થિતિઓ કઈ પ્રક્રિયાઓ અને કયાં સ્વરૂપોમાંથી પસાર થઈને ઘડાઈ છે, તેના સાંપ્રત વલણો, પ્રવાહો કેવા પ્રકારના છે એવી જાણકારી આપે છે. ક્રિયાનું સમાજશાસ્ત્ર લાંબા ગાળાના સમયનો આધાર લેતું નથી પણ તે તેની ઉપેક્ષા પણ કરતું નથી. ક્રિયાના સમાજશાસ્ત્ર દ્વારા પરિસ્થિતિની શાસ્ત્રીય સમજને આધારે લોકોપયોગી પગલાં હાથ ધરાશે તથા સમસ્યાના ઉકેલ સાથે નિસ્બત છે છતાં સમાજવૈજ્ઞાનિક પ્રયુક્તિઓથી અલગ છે એવું નથી. સચ્ચિદાનંદ તેના મુખ્ય ત્રણ તબક્કાઓની ચર્ચા કરે છે :

(1) આ પદ્ધતિમાં પરિસ્થિતિઓના પુનઃગઠનને બંધબેસતી ક્રિયા અથવા પગલાંના સંદર્ભમાં જરૂરી માહિતી એકત્ર કરી ઘટના અંગે સમજ પ્રાપ્ત કરવી. આ સંદર્ભે રોજબરોજની જીવનચર્યા અંગેની સમજ, ઈતિહાસની માહિતી અને સમજ, સ્થાનિક સંસ્થાઓ, કાયદાઓ, નીતિનિયમો અને સ્થાનિક પરિસ્થિતિમાં કાર્ય કરતા કાર્યકર્તાઓ અંગે સંપૂર્ણ જાણકારી તથા સમજ પ્રાપ્ત કરવી. **દા.ત.** પેટ્રોલ ઉત્પાદન કરનારા દેશો યુદ્ધમાં સામેલ હોય ત્યારે પેટ્રોલના ભાવ વધે, અછત ઊભી થાય અને વાહનવ્યવહાર ઉપર તેની અસર થાય અને તેને કારણે વસ્તુઓના પુરવઠા ઉપર અસર થાય, વ્યાપાર ઉપર પણ અસર થાય.

(2) બીજા તબક્કામાં પ્રાપ્ત માહિતીને આધારે, યોગ્ય વ્યૂહરચના ઘડી, સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી, લોકજાગૃતિ, સમજ અને સ્વીકૃતિ કેળવી, લોકભાગીદારી પણ પ્રાપ્ત કરી શકાય છે.

(3) આ તબક્કો સર્જનાત્મક છે. અહીં યોગ્ય આયોજન અને અમલની જરૂર છે. અહીં કાર્યમાં અવરોધો અને વિપરીત પરિણામો અંગે સમસ્યાઓ ઊભી થાય તો કયા અને કેવા પગલાં લેવાં, કઈ રીતે પરિસ્થિતિ નિયંત્રણમાં રહે, કાર્યક્રમની સફળતાની તક કઈ રીતે વધી શકે તેવું આયોજન કરવું પડે. આ કાર્ય વિવિધ લોકો સાથે કરવાનું છે અને તેથી લોકોની સમજદારી, પ્રત્યક્ષીકરણો, કામ કરવાની પદ્ધતિ, કાર્ય-ભાગીદારી, વલણો તથા ભાવ-પ્રતિભાવ સમજવા જોઈએ.

આ સાથે સમગ્ર ક્રિયા વિશે પણ ફરીથી વિચારી શકાય.

ક્રિયાના સમાજશાસ્ત્રમાં સ્થાનિક લોકો સાથે રહી તેમની પરિસ્થિતિને અનુરૂપ, તેમની સમજને અનુરૂપ માર્ગ કાઢવાની પ્રવૃત્તિ છે જે ખરેખર અતિમુશ્કેલ બને છે. જોકે આ કાર્યક્રમમાં નિષ્ફળતા સાંપડે તો કોઈ પણ દોષી ઠરતો નથી પરંતુ નિષ્ફળતાનો બોજો વધી જાય છે. સાથે સાથે સંશોધક સમૂહ સાથે ભળી જાય છે. ક્યારેક સંશોધક પણ ભાવાત્મક બની જાય છે. ક્યારેક સ્થાનિક લોકો પર સ્થાપિત હિતોની પકડ અવરોધ લાવી શકે. આ બધી સમસ્યાઓ છતાં આ તમામ શક્યતાઓ નિવારવી જોઈએ અને સંશોધક તરીકે તટસ્થતા અને ક્ષમતા જાળવી રાખવી જોઈએ.

સમાજશાસ્ત્રની પ્રશાખા તરીકે કાર્યનું તત્ત્વ આમાં ઉમેરાય છે. એ નવીન તત્ત્વ આ શાસ્ત્રમાં જોવા મળે છે. માત્ર સૈદ્ધાંતિક નહીં પરંતુ વ્યવહારુ ઉપયોગ, વાસ્તવિકતા તથા પ્રયોગ સંકળાયેલા છે.

ખરેખર તો કોઈ પ્રશ્નના ઉકેલ દ્વારા, તે પ્રશ્નથી મુક્તિ મેળવવાની વાત, તેમજ સ્વયંસંચાલિત પરિવર્તનના પ્રવાહ, તેમાં સમાવિષ્ટ છે. આ શાસ્ત્રની અભ્યાસપદ્ધતિ અનોખી છે છતાં સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. પરંતુ આમાં સંશોધકે સતત જાગૃત રહેવું પડે અને પોતે પોતાની ક્રિયાને આલોચનાત્મક દૃષ્ટિએ ચકાસતા રહેવું પડે છે. મૂળ વાત તરીકે, તાર્કિક રીતે માળખાકીય તત્ત્વો અને એકમોનું પુનર્ગઠન કરી સ્થાનિક પરિસ્થિતિને ઈચ્છિત દિશામાં, અર્થસભર રીતે, રૂપાંતરિત કરવાની, પ્રક્રિયા છે. અને તેથી જ પદ્ધતિસર રીતે એકત્ર કરેલી માહિતી ઉપર અવલંબન રાખવાનું અનિવાર્ય બને છે. આ Applied Research નથી. આમાં તો પ્રવર્તમાન પરિસ્થિતિનું પદ્ધતિસર અને તાર્કિક રીતે અધ્યયન કરી નવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો હેતુ સમાયેલો છે. ક્રિયાનું સમાજશાસ્ત્ર જે તે ઘટના કે પરિસ્થિતિ અંગે ઉપલબ્ધ સિદ્ધાંતને વાસ્તવિક પરિસ્થિતિઓની એરણે ચકાસી અને પરિસ્થિતિ

સમજી પદ્ધતિસરની સમજને આધારે પ્રાપ્ત કરવામાં આવતું જ્ઞાન. ક્રિયાના સમાજશાસ્ત્રમાં ધ્યેયપૂર્વકના હાથ ધરાયેલા કાર્યક્રમ અથવા પગલાંને આધારિત આવેલ પરિવર્તન અંગે વૈજ્ઞાનિક પદ્ધતિસર માહિતી એકત્ર કરીને જ્ઞાનભંડોળમાં વૃદ્ધિ કરે છે. આ પ્રકારની પદ્ધતિમાં જ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ પણ સંકળાયેલો છે.

ક્રિયાના સમાજશાસ્ત્રમાં પરિસ્થિતિની તાર્કિક, વૈજ્ઞાનિક સમજ, સ્થાનિક લોકો સાથે ચર્ચા, સ્થાનિક લોકો સાથે જ વ્યૂહરચના અને તેનો વૈજ્ઞાનિક રીતે અમલ સંકળાયેલો છે.

વિશ્વમાં બીજા વિશ્વયુદ્ધ પછી વિકાસશીલ દેશો અનેકવિધ પ્રશ્નોથી ગ્રસ્ત છે. બૃહદ સ્તરનાં પરિવર્તનો સ્થાનિક સ્તરે પણ ગહન અસરો નીપજાવે છે. આજે વિશ્વ અર્થવ્યવસ્થાની ઊપસતી તરાહને લીધે આ વિકાસશીલ દેશોની, પાશ્ચાત્ય દેશો, મૂડીવાદી દેશો ઉપર આશ્રિતતા વધતી જાય છે. (★ 1967, વેલેસ્ટાઈન 1979) આ બધી સમસ્યાઓ બૃહદ્સ્તરના ઉપાયો દ્વારા હલ થઈ શકે તેમ નથી. આ સમસ્યાઓના ઉકેલ માટે સ્થાનિક સમાજની સંસ્કૃતિની સમજ, સ્થાનિક લોકોના વલણ, સમજનું સ્તર, તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિ, સ્થાનિક પ્રયાસો અને આવશ્યકતાઓ વગેરે ધ્યાનમાં લેવાં અનિવાર્ય બને છે. તેથી જ સ્થાનિક સ્તરે અસરકારક ઉકેલો શોધવાની પ્રક્રિયામાં આ શાસ્ત્રના મહત્ત્વમાં વૃદ્ધિ થાય છે.

આ સમાજમાં આર્થિક વિકાસ અને સામાજિક પુનઃરચનાના પ્રયત્નોમાં રાજ્યોની ભૂમિકા મહત્ત્વની બને છે. રાજ્ય આ જવાબદારી વહન કરી શકે તેમ નથી. આ બાબતમાં સ્વૈચ્છિક સંગઠનો ઉપર તેમનું અવલંબન વધતું જાય છે. આ સ્વૈચ્છિક સંગઠનો ચોક્કસ હેતુ તથા ચોક્કસ પ્રદેશને અનુલક્ષીને કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંગઠનો સ્થાનિક કક્ષાએ ચોક્કસ પ્રવૃત્તિ, ઘટના, પ્રશ્નના ઉકેલ માટે અસરકારક ભૂમિકા ભજવવા સક્ષમ અને સમર્થ હોય છે. આ સંગઠનો માત્ર મદદ કરવાનું કે લોકજાગૃતિનું કાર્ય કરતાં નથી. પણ હવે તેઓ પદ્ધતિસરના અભ્યાસ હાથ ધરી, વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સંપૂર્ણ માહિતી એકત્ર કરી, પોતાના પ્રશ્નને, ક્ષેત્રને, લોકોને સમજી, પોતાની વ્યૂહરચના ઘડે છે. અનેક અભ્યાસો, અનેક સ્વૈચ્છિક સંગઠનોના કાર્ય, તેમની ક્ષેત્ર ઉપરની અસરો તથા તેમના પ્રયત્નોને કારણે આવતા સામાજિક પરિવર્તનો દ્વારા, એ સ્પષ્ટ થયું છે કે લોકભાગીદારી વિના વિકાસ કે સામાજિક પરિવર્તન ખૂબ અઘરું કે કદાચ અશક્ય બને. ક્રિયાના સમાજશાસ્ત્રમાં કોઈપણ કાર્ય માટે, સ્થાનિક લોકો સાથે વિચારવિમર્શ કરી તેમની પરિસ્થિતિઓની સાચી અર્થસભર સમજ, સંસ્કૃતિ અને અપેક્ષાઓ, આકાંક્ષાઓનો અર્થસભર ક્યાસ કાઢી, સ્પષ્ટ ચિત્ર મેળવી, પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી વિશ્લેષણાત્મક ચિત્ર રજૂ કરવામાં આવે છે. સાથે સાથે શક્યતાઓ વિચારી, શક્ય વ્યૂહરચનાઓ ઘડવામાં આવે છે. આવી વ્યૂહરચનાઓ દ્વારા જે આયોજન થાય, તેમાં સ્થાનિક લોકોની સંપૂર્ણ ભાગીદારી પ્રાપ્ત કરવાની શક્યતા હોય છે. વિકાસશીલ દેશોના સામાજિક, આર્થિક વિકાસના વિવિધ ક્ષેત્રોના સ્થાનિક લોકોની લોક ભાગીદારીને વધુ વેગ આપવા, તથા લોક ભાગીદારી અર્થસભર બને તે માટે ક્રિયાનું સમાજશાસ્ત્ર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. લોક ભાગીદારી વધુ પ્રમાણમાં અને યોગ્ય રીતે પ્રાપ્ત કરવી હોય તો લોકોને સત્ય હકીક્ત, સ્પષ્ટ સમજ આપવામાં આવે તો લોકો વ્યવસ્થિત રીતે કાર્ય કરે છે. પોતાના પ્રશ્નો પોતે જ ઉકેલી શકે તેવો આત્મવિશ્વાસ લોકોમાં આવે અને તેઓ ભાગીદારીમાં સક્રિય બને. આ કાર્યનું આયોજન થાય અને અમલીકરણ થાય ત્યારે અમલ કરનારા બધા જાગૃત થઈ સક્રિય બને છે. બધા જ સાથે કાર્ય કરતા હોય ત્યારે જો એનામાં ખામી હોય તો પણ બધા ભેગા થઈ ચર્ચા કરી ખામી નિવારવાનો પ્રયત્ન કરે છે. સમાજવૈજ્ઞાનિક કાર્યક્રમમાં સુધારાવધારા કરી કાર્યક્રમને સફળતા અપાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રક્રિયા દ્વારા વિકાસ અને પરિવર્તનની પ્રક્રિયાને ગતિ પ્રદાન કરી શકે છે. અહીં ક્રિયામાં મૂલ્ય જરૂર હોય પણ સંશોધનમાં મૂલ્યનિરપેક્ષતા હોવી જ જોઈએ. સંશોધક ક્રિયામાં પોતે પક્ષકાર છે પણ સંશોધક તરીકે તે મૂલ્યનિરપેક્ષ રહે છે તેથી સંશોધન વૈજ્ઞાનિક બને છે. સંશોધકમાં નિર્ધારિત પરિણામો લાવવા માટે નિષ્ઠાપૂર્વકના પ્રયાસ કરી પોતાની શોધ અને સમજ દ્વારા અસરકારક વ્યૂહરચના અને માધ્યમો સૂચવવામાં તત્પરતા અને જાગરૂકતા આવશ્યક છે. સંશોધક માત્ર નિરીક્ષક ન બને પણ અસરકારક વિકલ્પ શોધવાની તાલાવેલી રાખે તે જરૂરી છે.

ક્રિયાનું સમાજશાસ્ત્ર નિરીક્ષણ અને સાચી સમજ દ્વારા ઇરાદાપૂર્વકના નિર્ધારિત સામાજિક પરિવર્તનને શાસ્ત્રીય માધ્યમ પૂરું પાડે છે. તેમાં સમાજશાસ્ત્રીય અર્થઘટનના માળખામાં સ્થાનિક સંસ્કૃતિ અને

લોકોના પ્રશ્નોની સમજને મહત્ત્વની અને પાયાની ગણવામાં આવે છે. પ્રશ્નોના ઉકેલ શોધવાની પ્રક્રિયા થાય છે અને અમલમાં મૂકી શકાય તેવા કાર્યક્રમો ઘડાય છે. આવા કાર્યક્રમોમાં લોકોના સાથ અને સહકાર તેમજ વિરોધને લક્ષમાં લઈ યોગ્ય ફેરફારો સૂચવવામાં આવે છે. સાથે સાથે ક્રિયાના સમાજશાસ્ત્રી કાર્યક્રમના અમલીકરણ સમયે અપેક્ષિત પરિણામો આવે છે કે કેમ તેનું સતત મૂલ્યાંકન કરે છે. કાર્યક્રમ પૂર્ણ થયા પછી કાર્યક્રમની ઊંડી સમીક્ષા હાથ ધરાય છે. આ સમીક્ષામાં આલોચનાત્મક પાસું વિશિષ્ટ હોય છે. કારણ તે દ્વારા પ્રક્રિયા, માળખાં તથા અમલીકરણના દોષો તથા નબળી કડીઓની નોંધ લેવાય છે. આ બધી જ વિશદ ચર્ચાવિચારણા બાદ, સર્વગ્રાહી અભ્યાસ બાદ યોજનાબદ્ધ કાર્યક્રમ તૈયાર કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સમગ્ર પ્રક્રિયા, અવરોધો, સબળ મુદ્દા, નબળી કડીઓ વગેરે વ્યવસ્થિત રીતે મુકાયું હોય તેથી આ જ આખું આયોજન અન્યત્ર સમસ્યાના ઉકેલ માટે અમલમાં મૂકી શકાય.

અંતે ક્રિયાનું સમાજશાસ્ત્ર સોશિયલ એન્જિનિયરિંગ કે સોશિયલ ટેક્નોલોજીની ભૂમિકા ભજવે છે. આ સમગ્ર શાસ્ત્રમાં ક્રિયાનો સમાજશાસ્ત્રી નિષ્ણાત તરીકે, નેતા તરીકે, સલાહકાર તરીકે અને વહીવટકર્તા તરીકે ભૂમિકા ભજવે છે.

ક્રિયાના સમાજશાસ્ત્ર અંગે ચર્ચા કર્યા બાદ હવે તેના અભ્યાસક્ષેત્ર અંગે ચર્ચા કરીએ.

## 1.4 ક્રિયાના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર

ઓગસ્ટ કોમ્ટે સમાજશાસ્ત્રના પિતા પોતે જ ક્રિયાના સમાજશાસ્ત્રી હતા. તેઓ કર્મશીલ હતા, સંવેદનશીલ વૈજ્ઞાનિક હતા. સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ જ એક કર્મશીલ વૈજ્ઞાનિકને આભારી છે. કોમ્ટના મતે કુદરતી વિજ્ઞાનો માટે જેવા નિયમો છે તેવા જ નિયમો સમાજમાં પણ છે તેથી તેનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી, સામાજિક વાસ્તવિકતાઓ અંગે જ્ઞાન પ્રાપ્ત કરવા, તેમણે ભૌતિક સમાજશાસ્ત્ર, ત્યારબાદ સમાજશાસ્ત્રની સ્થાપના કરી હતી. કોમ્ટે વિવિધ સિદ્ધાંતોની રચના કર્યા બાદ સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્ર એવા બે ભાગ સમાજશાસ્ત્રના પાડ્યા હતા. તેમને વિકાસ અને વ્યવસ્થાના નિયમો શોધી, સમાજની પુનઃરચના, પુનઃસ્થાપના કરવી હતી. કોમ્ટેને સામાજિક વ્યવસ્થાનાં માળખાં, નિયમો સમજવા હતાં. સામાજિક નિયંત્રણની પ્રક્રિયાઓ તથા પરિવર્તન અંગે નિયમો શોધવા હતા. કઈ રીતે સમાજમાં પરિવર્તન આવે તે તપાસી તેનો અભ્યાસ કરી તેવા પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવો હતો. કોમ્ટેએ સામાજિક પરિવર્તન અંગે સામાજિક ગતિશીલતાનો સિદ્ધાંત આપ્યો હતો. કોમ્ટેએ વ્યવસ્થા અને પ્રગતિની ચર્ચા કરી હતી. તેની દૃષ્ટિએ ભાવના, લાગણીને લીધે ક્રિયા થાય છે એવી ચર્ચા કરી હતી.

**ક્રિયાના સમાજશાસ્ત્રમાં –**

(1) ક્રિયાના સમાજશાસ્ત્ર અંગે
(2) ક્રિયાના સમાજશાસ્ત્રની અભ્યાસપદ્ધતિ
(3) સામાજિક આંદોલનો
(4) નારીવાદ (gender)
(5) શ્રમસંગઠનો
(6) સ્વૈચ્છિક સંસ્થા
(7) વિકાસનું સમાજશાસ્ત્ર
(8) પંચાયતી રાજ
(9) લોક ભાગીદારી

વગેરેનો સમાવેશ થાય છે.

**અભ્યાસપદ્ધતિ :**

ક્રિયાનું સમાજશાસ્ત્ર વિશિષ્ટ પ્રકારનું સમાજશાસ્ત્ર હોવાથી એને માટે વિશિષ્ટ પદ્ધતિ હોવાની આવશ્યકતા છે અને તેથી જ ક્રિયા સંશોધન (Action Research) માટે અલગ પ્રકારની પદ્ધતિની આવશ્યકતા છે. કોઈપણ શાસ્ત્ર માટે પદ્ધતિ આવશ્યક છે જ અને તેની ચર્ચા અભ્યાસક્રમમાં અનિવાર્ય છે. આ પદ્ધતિમાં સિદ્ધાંત, સંશોધન અને વ્યવહારુ ઉપાયની આવશ્યકતા છે. અહીં સંશોધક નિષ્ણાત તરીકે સમગ્ર પ્રક્રિયામાં સંશોધન પણ કરે છે અને ભાગ પણ લે છે. સંશોધક પરિસ્થિતિની વાસ્તવિક પરિસ્થિતિ અંગે તટસ્થ જ્ઞાન એકત્ર કરી, તેમાં તમામ પરિમાણો સમજી, જે જૂથ સાથે કામ કરવાનું હોય તેમને આ પ્રક્રિયામાં જોડી પરિસ્થિતિ અંગે તેમનાં પ્રત્યક્ષીકરણો સમજી, અર્થઘટનો સમજી, તેમની ભાગીદારીથી વ્યૂહરચના બનાવી પોતે પણ સક્રિય રહે છે. સૌએ તૈયાર કરેલ યોજનાને સાથે જ અમલમાં પણ મૂકે છે. સાથે સાથે તેનું મૂલ્યાંકન પણ કરે છે અને સમગ્ર ક્રિયા પરિપૂર્ણ થયા બાદ

તેનું મૂલ્યાંકન કરી તેનો સંશોધન અહેવાલ તૈયાર કરે છે.

**સામાજિક આંદોલનો :**

ક્રિયાના સમાજશાસ્ત્રમાં ક્રિયા ખૂબ મહત્ત્વની છે અને તેથી જ સામાજિક આંદોલનોના અભ્યાસ મહત્ત્વનો ગણાય છે. સામાજિક આંદોલનો સમાજમાં કઈ પરિસ્થિતિમાં થાય છે, તે માટે ત્યારની સામાજિક, રાજકીય, આર્થિક પાર્શ્વભૂમિકા તપાસવી જરૂરી બને છે. સામાજિક આંદોલનનાં મૂળ કારણો અને તે કારણો સાથે સંબંધિત બાબતો અંગે ચર્ચા- વિચારણા કરવામાં આવે. સામાજિક આંદોલનોના પ્રકાર સમજવામાં આવે. વિવિધ સમાજોમાં વિભિન્ન પ્રકારનાં આંદોલનો થાય છે તો તે થવાનાં કારણો, તેના શક્તિસ્રોતો, તેનાં નબળાં પાસાં, તેનામાં સક્રિય જૂથો અને આંદોલનની વિવિધ અસરો તપાસવામાં આવે છે. આંદોલનોને કારણે આવતાં પરિવર્તનો તથા સમાજનાં વિવિધ જૂથો ઉપર આંદોલનોની અસર શા માટે અલગ અલગ પડે છે તેનાં કારણો શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**નારીવાદ :**

નારીવાદ તથા gender ક્રિયાના સમાજશાસ્ત્રનો ખૂબ મહત્ત્વનો મુદ્દો છે. નારીવાદી ચળવળે સમગ્ર સમાજ ઉપર ગહન અસરો કરી છે. બધાં જ શાસ્ત્રો ઉપર નારીવાદની અસર થઈ છે. નારીવાદની અસરો મહત્ત્વની છે તેથી ક્રિયાના સમાજશાસ્ત્રમાં નારીવાદના સમાજશાસ્ત્રીય સિદ્ધાંત, નારીવાદી ચળવળો, ચળવળોની અસરો, ચળવળોની જ્ઞાન ઉપર તથા સમાજ ઉપર થતી વિભિન્ન અસરો વગેરેનો અભ્યાસ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે. નારીવાદે જગતના તમામ દેશો, તમામ સમાજોમાં ધર્મ, જ્ઞાતિ કે વર્ગના ભેદભાવ વગર પરિવર્તન આણ્યું છે અને આ ચળવળોથી વિશ્વ બદલાયું છે. નારીવાદે સિદ્ધાંતો, વિચારસરણીઓ ઉપર ખૂબ ગહન અસરો કરી છે સાથે સાથે વિશ્વનાં સામાજિક વિજ્ઞાનો ઉપર અસર કરી છે. લગભગ બધાં જ શાસ્ત્રોએ નારીવાદની શરૂઆત અને પ્રસારથી પોતાના ક્ષેત્રમાં એનો સમાવેશ કરવો પડ્યો છે. નારીવાદે ખાનગી જિંદગીમાં અને જાહેર જીવનમાં પરિવર્તન આણ્યું છે. નારીવાદી ચળવળોએ સમાનતા, માનવહક્ક, સ્વતંત્રતા જેવાં મૂળભૂત મૂલ્યો અંગે ચર્ચા જગાવી છે. ક્રિયાના સમાજશાસ્ત્રનો આ મહત્ત્વનો મુદ્દો બન્યો છે.

**શ્રમસંગઠન :**

ક્રિયાના સમાજશાસ્ત્રમાં મહદ્ અંશે સામાજિક ક્રિયાના સામાજિક પરિવર્તનનાં બધાં જ ક્ષેત્રો આવરી લેવાયાં છે. શ્રમિકો, એ પણ એક મહત્ત્વની બાબત છે અને શ્રમસંગઠનોને ક્રિયાના સમાજશાસ્ત્રમાં આવરી લેવામાં આવ્યાં છે. શ્રમસંગઠનોએ વિશ્વમાં સામાજિક પરિવર્તન આણ્યું છે. શ્રમિકો, ક્રાંતિ, શ્રમના સિદ્ધાંતો, શ્રમિક સંગઠનોની ભૂમિકા, તેમની વિચારસરણીઓ, પદ્ધતિઓ, કાર્ય, કાર્યપદ્ધતિઓ વગેરેનો સમાવેશ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે. શ્રમસંગઠનોની સામાજિક અસરોની ચર્ચા પણ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવી છે. સાથે સાથે આવેલ પરિવર્તનોની ચર્ચા પણ કરવામાં આવી છે.

**સ્વૈચ્છિક સંસ્થા :**

સામાજિક સુધારાણાની ચળવળ બાદ ધીમે ધીમે સ્વૈચ્છિક સંગઠનો અને સ્વૈચ્છિક કાર્યને મહત્ત્વ મળવા લાગ્યું. અનેક સ્વૈચ્છિક સંગઠનો વિવિધ ક્ષેત્રે કાર્યાન્વિત થયાં. સ્વૈચ્છિક સંગઠનોએ સમાજમાં પોતાની એક ચોક્કસ ઓળખ ઊભી કરી, પરિવર્તનના વાહક બન્યા. સ્વૈચ્છિક સંગઠનના કાર્યની સમાજ ઉપર ગહન અસરો પડે છે. સ્વૈચ્છિક કાર્ય સામાજિક પરિવર્તનની પહેલ કરે છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સ્વૈચ્છિક કાર્ય ખૂબ મહત્ત્વનું છે. સ્વૈચ્છિક સંગઠનો પોતે પોતાનું કાર્યક્ષેત્ર પસંદ કરે છે, પોતે પોતાના હેતુ મુજબ કાર્યક્રમનું આયોજન કરે છે. સાથે સાથે સ્વૈચ્છિક સંગઠન લોકભાગીદારી પણ પ્રાપ્ત કરે છે. સ્વૈચ્છિક સંગઠનોએ સમગ્ર વિશ્વમાં પોતાની અનોખી અસર ઊભી કરી છે. સ્વૈચ્છિક સંગઠનો સામાજિક પરિવર્તન લાવી શકે છે અને તે સૌની એક જ તરાહ, એક જ ધ્યેય કે કાર્યક્રમ હોતા નથી. છતાં દરેક સ્વૈચ્છિક સંગઠન વધતા-ઓછે અંશે પરિવર્તન લાવી શકે છે. આ સ્વૈચ્છિક સંગઠનોનો અભ્યાસ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**વિકાસનું સમાજશાસ્ત્ર :**

વિકાસ એ છેલ્લા દાયકાથી અતિ મૂલ્યવાન, અતિ પ્રચલિત અને અતિ મહત્ત્વનો શબ્દ બન્યો છે. ક્રિયાના સમાજશાસ્ત્રમાં તેને મહત્ત્વનું એકમ ગણવામાં આવ્યું છે. વિકાસના વિવિધ ખ્યાલ, તેને માટે સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો, બિનસરકારી સંગઠનો દ્વારા કરવામાં આવતા પ્રયત્નો, વિકાસના વિવિધ અભિગમ, મૂલ્ય, અપેક્ષાઓ, વિકાસની તરાહ, આયોજનની તરાહ, કાર્યક્રમો, કાર્યક્રમોનો અમલ, વિવિધ સામાજિક જૂથો ઉપર આ કાર્યક્રમોની અસર, અસરોમાં વિવિધતા, તેનાં કારણો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિકાસ એ સમાજશાસ્ત્રના ઉદ્ભવથી જ મહત્ત્વનો મુદ્દો બન્યો છે અને તેનો સમાવેશ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

**પંચાયતીરાજ :**

સત્તા સમાજમાં મહત્ત્વની બાબત છે અને સત્તા સામાજિક પરિવર્તનમાં મહત્ત્વનો ફાળો આપે છે તેના અનુસંધાને પંચાયતીરાજ એક ખૂબ મહત્ત્વનો મુદ્દો છે. પંચાયતીરાજ એના સાચા સ્વરૂપમાં અને સત્તાની તરાહમાં સત્તાનો પિરામિડ રચે છે. પંચાયતીરાજ સ્થાનિક કક્ષાનું સત્તામાળખું છે અને તે ગ્રામસભાથી સંસદ સુધીની સત્તાનો પાયો છે. આ લોકશાહી સંસ્થાઓનું ઘડતર, સત્તાપરિવર્તન, સામાજિક સંબંધોમાં પરિવર્તન, તાબેદારી, માલિકી વગેરેના ખ્યાલોમાં પરિવર્તન વગેરે બાબતોનો સમાવેશ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

**લોક ભાગીદારી :**

આ શાસ્ત્ર સિદ્ધાંત, સંશોધન અને પ્રશ્ન ઉકેલની વ્યૂહરચનામાં વર્ગીકૃત થયેલ છે. લોકોની સમસ્યાઓ અંગે સમાજશાસ્ત્રીય વિશ્લેષણ, તે બાબત અંગે સંશોધન અને સંશોધનમાં લોક ભાગીદારી તથા જૂથ પોતે જ વ્યૂહરચના ઘડી સમસ્યાનો ઉકેલ શોધે તેથી આ સમગ્ર પ્રક્રિયામાં લોક ભાગીદારી ખૂબ મહત્ત્વની બાબત છે. લોક ભાગીદારીનો ખ્યાલ શું છે, તેના કેવા પ્રકાર હોઈ શકે, તેનું સ્વરૂપ કેવું હોઈ શકે, તેનું મહત્ત્વ, વિવિધ પરિમાણોમાં તેની અસર વગેરેનો સમાવેશ ક્રિયાના સમાજશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત મુદ્દાઓ ઉપરાંત ક્રિયાને અનુરૂપ નવા મુદ્દા સામાજિક જગતમાં ઉમેરાશે તે આમાં ઉમેરી શકાય. ટૂંકમાં ક્રિયાનું સમાજશાસ્ત્ર વિકસતું શાસ્ત્ર છે અને તેમાં સમયાંતરે નવા મુદ્દાનો સમાવેશ શક્ય છે.

હવે બે કર્મશીલ સમાજશાસ્ત્રીઓના ફાળાની ચર્ચા કરીએ. ઑગસ્ટ કોમ્ટે અને કાર્લમાર્ક્સ બન્ને કર્મશીલ છે અને તેમના ફાળા અંગે ચર્ચા કરીએ.

## 1.5 સમાજશાસ્ત્રીઓ કર્મશીલ તરીકે

### 1.5.1 ઑગસ્ટ કોમ્ટે ક્રિયાના સમાજશાસ્ત્રી તરીકે

સમાજશાસ્ત્રી સમાજનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રી સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો આધારિત સંશોધન કરે છે. સાથે સાથે અતિસંવેદનશીલ સમાજશાસ્ત્રીઓ કર્મઠ બની ક્રિયા કરનાર તરીકે કાર્યરત બને છે. કોમ્ટ સમાજશાસ્ત્રના જનક કર્મશીલ પણ છે. કોમ્ટનું પ્રદાન અદ્વિત્તિય છે. સમાજશાસ્ત્રનો ઉદ્ભવ જ ક્રિયાના સમાજશાસ્ત્ર તરીકે થયો છે. ઑગસ્ટ કોમ્ટેને સામાજિક વ્યવસ્થા તથા પ્રગતિના નિયમોની તલાશ હતી અને તે તલાશમાંથી જ સમાજના વૈજ્ઞાનિક અભ્યાસની શરૂઆત થઈ. કોમ્ટેને સમાજમાં પ્રવર્તમાન અંધાધૂંધી તથા અવ્યવસ્થાને દૂર કરવી હતી અને તેને માટે તે પ્રયત્નશીલ હતા. ગણિતશાસ્ત્રી હોવાને નાતે તેમણે સૌપ્રથમ સમાજશાસ્ત્રને 'Social Physics' નામ આપ્યું. કોમ્ટેને સમાજ માટે બે કાર્ય (Action) કરવાં હતાં. તેમને સમાજમાં વ્યવસ્થા સ્થાપી અને સમાજને પ્રગતિને પંથે લઈ જવો હતો. કોમ્ટે આ બે કાર્ય કરવા માટે જ વિચાર કરતા હતા. અને એને માટે જ એમણે બે ભાગ દર્શાવ્યા : (1) સ્થિતિશાસ્ત્ર (2) ગતિશાસ્ત્ર. સ્થિતિશાસ્ત્ર એટલે સમાજની જે વ્યવસ્થા છે, માળખાં છે તે અંગેની તપાસ. ગતિશાસ્ત્ર એટલે પરિવર્તન અંગેની તપાસ. તેમને આ બે ભાગ પાડી એમાંથી જ્ઞાન પ્રાપ્ત કરી સામાજિક વ્યવસ્થાને પુનઃ સ્થાપન કરવી હતી. આ સ્થિતિ અંગે તેઓ ચોક્કસ કંઈક કરી શકશે જ એ તેમની શ્રદ્ધા હતી.

**ક્રિયાના સમાજશાસ્ત્રી તરીકે એમના પાંચ મુખ્ય પ્રદાન છે :**

(1) પોઝિટિવ સોસાયટીની સ્થાપના. (2) સામાજિક સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર (3) સામાજિક

પુનઃ રચનાનો સિદ્ધાંત (4) માનવતાવાદી ધર્મ (5) પ્રત્યક્ષવાદ. કોમ્ટના આ પાંચે પ્રદાન કોમ્ટ કર્મશીલ છે તેની શાખ પૂરે છે. આ પાંચે પ્રદાન દ્વારા તેમણે સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તન માટેનો પ્રયત્ન કર્યો.

આ પાંચે બાબતો કર્મશીલ માટે મદદરૂપ છે કારણ ત્યાં માત્ર સિદ્ધાંત નથી પણ સિદ્ધાંત સાથે પરિવર્તનની વાત છે.

**(1) પોઝિટિવ સોસાયટી :** 1848માં કોમ્ટે આ સોસાયટીની સ્થાપના કરી, જે તેના વિચારપ્રસાર માટેનું કેન્દ્ર બન્યું. આ સંસ્થાના સભ્યો તેમના ગુરુના યોગક્ષેમ તથા સંદેશપ્રસાર માટે વચનબદ્ધ હતા. કોમ્ટ આ સંસ્થા દ્વારા વિદેશમાં વસતા અનુયાયીઓને સંદેશા મોકલતા અને દર બુધવારે તેમની મીટિંગ મળતી. કોમ્ટ પોતાના ભક્તવૃંદને રોજ સાંજે મળતા. કોમ્ટના ભક્તોમાં બુદ્ધિજીવીઓ અને શ્રમિકો પણ હતા. કોમ્ટે આ સંસ્થા સ્થાપીને જે પ્રદાન કરવું હતું તેને ચરિતાર્થ કરવા પ્રયત્ન કર્યો. કોમ્ટને સામાજિક વ્યવસ્થામાં વધુ રસ હતો.

**(2) સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્ર :** કોમ્ટે સમાજશાસ્ત્રને બે વિભાગમાં વહેંચ્યું છે. સામાજિક સ્થિતિશાસ્ત્રને કોમ્ટ સામાજિક સર્વસંમતિ કહે છે. કોમ્ટ સમાજને દેહ સાથે સરખાવે છે. કોમ્ટ માને છે કે દેહના કોઈ અંગનો અભ્યાસ સમગ્ર દેહના સંદર્ભ વિના થઈ શકે નહિ. દા.ત. આર્થિક ઘટનાનો અભ્યાસ સામાજિક સંદર્ભ વિના શક્ય નથી. સામાજિક સ્થિતિશાસ્ત્ર સંદર્ભ વિના શક્ય નથી. સામાજિક સ્થિતિશાસ્ત્ર સામાજિક માળખાંઓનો, તેનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરે છે. સ્થિતિશાસ્ત્ર સમાજવ્યવસ્થાના મૂળભૂત નિયમોની ખોજ કરે છે. ટીમાશેફ જણાવે છે કે ''કોમ્ટના મત મુજબ સમગ્ર સમાજવ્યવસ્થા પ્રકૃતિના નિયમો અનુસાર સ્થપાયેલી હોય છે.'' (ટીમાશેફ : 1967 : 25) સ્થિતિશાસ્ત્ર સામાજિક વ્યવસ્થાના નિયમોની શોધ કરે છે. સામાજિક સ્થિતિશાસ્ત્ર સમાજના સામાજિક માળખાનાં વિવિધ પાસાંઓ(અંગો)નું વિશ્લેષણ કરે છે. તો બીજી બાજુ સામાજિક સર્વસંમતિ (કન્સેન્સસ) નિર્ધારીત કરનાર તત્ત્વોનું વિશ્લેષણ કરે છે. આ સર્વસંમતિમાંથી જૂથ ઊભું થાય છે અને તે વિવિધ સંસ્થાઓ વચ્ચે એકતા ઊભી કરે છે.

સામાજિક સ્થિતિશાસ્ત્ર સમાજવ્યવસ્થાના મૂળભૂત નિયમોની ખોજ કરે છે. સ્થિતિશાસ્ત્રનો ખ્યાલ તાર્કિક રીતે બે પાસાઓમાં વહેંચાયેલો છે. માનવસ્વભાવ, સ્વરૂપનો અભ્યાસ અને સામાજિક સ્વરૂપનો અભ્યાસ. માનવસ્વભાવની વાત કરીએ તો સંવેદન, ઇચ્છા અને બુદ્ધિનો બનેલો છે. આ સાથે હિંમત અને ઇચ્છાશક્તિ પણ જોડાયેલાં છે. માનવ લાગણીશીલ, સક્રિય અને બુદ્ધિશાળી છે. આ ત્રણેય તત્ત્વો વચ્ચેનો સંબંધ સમજવો જરૂરી છે. કોમ્ટ માને છે કે ''માનવ લાગણીથી ક્રિયા કરે છે અને ક્રિયા કરવા માટે વિચારે છે.'' (જોષી વિદ્યુત : 1984 : 46) તર્કપ્રમાણવાદ અનુસાર માનવવર્તન માટે બુદ્ધિ એ નિર્ણાયક પરિબળ છે. કોમ્ટના મતે ક્રિયાનો આત્મા અને માનવતાનો આત્મા લાગણી છે. બુદ્ધિની ભૂમિકા પથપ્રદર્શક, માર્ગદર્શન આપનાર અને નિયંત્રણ રાખનાર છે. છતાં બુદ્ધિ મહત્ત્વની છે. સામાજિક સ્થિતિશાસ્ત્રનું કાર્ય માનવનાં માનવલક્ષણો દર્શાવવાનું છે. તેમના મતે ઇતિહાસના શરૂઆતના તબક્કામાં બુદ્ધિ દ્વારા માર્ગદર્શન મળતું નહોતું. પ્રત્યક્ષવાદી ચિંતન શરૂઆતમાં શક્ય નથી. પ્રત્યક્ષવાદી બનવું એટલે ઘટનાઓને નિર્ધારીત કરતા નિયમોની ખોજ કરવી અને નિરીક્ષણ અને પ્રયોગ દ્વારા આવું જ્ઞાન મેળવવાનું ઇતિહાસના પ્રત્યક્ષવાદી તબક્કામાં જ શક્ય બને છે. આથી, બુદ્ધિ તેના પૂર્ણ રૂપે ખીલે તે માટે ઇતિહાસની જરૂર પડે છે. કોમ્ટના મતે માનવવર્તનનું નિર્ણાયક પરિબળ લાગણી છે.

સમાજના સ્વરૂપ અંગે ચર્ચા કરતાં કોમ્ટ કહે છે કે ધર્મ સમાજનાં વિવિધ જૂથો અને વિવિધ વ્યક્તિઓને એકસૂત્રે બાંધી રાખનાર બાબત છે. કોમ્ટ મિલકત અને ભાષાની તુલના કરે છે. માનવ જે કંઈક સૈદ્ધાંતિક કે વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરે છે તેને ભાષા અભિવ્યક્ત કરે છે. મિલકત એ સમાજમાં થતી પ્રવૃત્તિઓનું રૂપાંતર છે જ્યારે ભાષા એ બૌદ્ધિક પ્રવૃત્તિઓનું રૂપાંતર છે. ભાષા અને મિલકતનો સંગ્રહ થાય છે. ભાષા દ્વારા સંસ્કૃતિ જળવાય છે અને વ્યક્તિને વારસો પ્રાપ્ત થાય છે. ભાષા અને મિલકત દ્વારા સમાજનું સાતત્ય જળવાય છે.

કોમ્ટ કુટુંબ અને સામાજિક દેહ અથવા શ્રમવિભાજન વચ્ચે પણ સમાનતા જુએ છે. કુટુંબ માનવસ્વભાવના લાગણીના તત્ત્વ સાથે સંકળાયેલ છે. તેઓના મતે કુટુંબની આધ્યાત્મિક સત્તા સ્ત્રી પાસે છે. તેમના મતે બુદ્ધિ કરતાં લાગણી ચડિયાતી છે. કોમ્ટ માને છે કે દરેક સમાજ દબાણથી શાસિત

થાય છે. તેમના મતે આ દબાણ સંખ્યા કે સંપત્તિમાં છે. તેઓના મતે આધ્યાત્મિક શક્તિનાં બે પાસાં છે : બૌદ્ધિક અને લાગણીવિષયક. તેઓના મતે આધ્યાત્મિક શક્તિ ઘણાં કાર્ય કરે છે. માનવીના આંતરિક જીવનનું નિયમન કરે છે. આધ્યાત્મિક સત્તા માત્ર નિયમન, માન્યતા અને એકત્રીકરણનાં કાર્યો જ નથી કરતી પણ તેણે દુનિયાની સત્તાને મર્યાદિત કરવાની છે. કોમ્ટના મતે સમાજનું સ્વરૂપ સાવયવી છે તેમ કહ્યું. સમાજનાં વિવિધ અંગોનો અભ્યાસ સમગ્રને ધ્યાનમાં રાખી કરવો જોઈએ. વિવિધ અંગો કઈ રીતે સમગ્ર રીતે સંકળાયેલ છે તે જાણવાથી જ વ્યવસ્થિત સમજણ પ્રાપ્ત થાય છે. સ્થિતિશાસ્ત્ર સંવાદિતતાની ખોજ કરે છે.

**સામાજિક ગતિશાસ્ત્ર :** કોમ્ટ માનતા હતા કે સામાજિક વિકાસ નિશ્ચિત નિયમો મુજબ થાય છે. માનવસમાજનો વિકાસ ક્રમિક તબક્કાઓમાંથી પસાર થાય છે. તેમને વ્યવસ્થા અને પ્રગતિના નિયમો સાથે સંબંધ છે. કોમ્ટનું સ્થિતિશાસ્ત્ર વ્યવસ્થા સાથે અને ગતિશાસ્ત્ર પ્રગતિ સાથે સંબંધિત છે. ટીમાશેફના મતે ''પ્રગતિ ભૌતિક, નૈતિક, બૌદ્ધિક અને રાજકીય હોય છે.'' (ટીમાશેફ : 1967 : 25) કોમ્ટના મતે બૌદ્ધિક વિકાસ માટે ઉદ્દીપન પૂરું પાડે છે. તેમણે પ્રગતિના ત્રણ સ્તરનો નિયમ આપ્યો અને બૌદ્ધિક પ્રગતિના તબક્કાઓનો માનવના ભૌતિક જીવન, સામાજિક એકમોના પ્રકારો, સમાજવ્યવસ્થાના પ્રકારો અને તે તે તબક્કામાં પ્રવર્તમાન ભાવનાઓ સાથે સંબંધ જોડી બતાવ્યો. તેમને મતે બૌદ્ધિક વિકાસ સૌથી વધુ મહત્ત્વનો છે. તેઓ ચિંતનની ત્રણ અવસ્થાઓ દર્શાવે છે. ચિંતનનો આખરી તબક્કો પ્રત્યક્ષવાદનો છે. પ્રત્યક્ષવાદી તબક્કામાં વૈજ્ઞાનિક વિચારણા શક્ય બની છે. ચિંતનના વિકાસનો પ્રથમ તબક્કો ધાર્મિક છે તેમાંથી જ બૌદ્ધિક વિકાસ થાય છે. ઈશ્વરને બદલે ભૌતિક જગતથી પર અમૂર્ત શક્તિ અંગે માનવ વિશ્વાસ કરવા લાગે છે. માનવ પ્રત્યક્ષવાદી તબક્કામાં પહોંચે છે. માનવીનું ચિંતન પ્રત્યક્ષવાદી તબક્કામાં કોઈપણ ઘટનાની સમજૂતી પ્રાપ્ત કરવા ઘટનાના સંદર્ભો તપાસે છે, બીજી ઘટનાઓ સાથે તુલના કરે છે અને ઘટનાને વ્યાપક ઘટના સાથે જોડી ઘટનાની સમજૂતી આપે છે. સમાજજીવન અંગે શોધનું વિજ્ઞાન પ્રત્યક્ષવાદી તબક્કામાં જ ઉદ્ભવે છે. પ્રત્યક્ષવાદ માનવમન તથા સમાજના વિકાસનો અંતિમ તબક્કો છે. આ બુદ્ધિવાદી અભિગમથી કોમ્ટને સમાજવ્યવસ્થા ટકાવી રાખનારા તથા પરિવર્તન કરનારા પાયાના નિયમોની શોધ કરવી હતી અને આ નિયમોનો ઉપયોગ કરી સમાજમાંથી અરાજકતા દૂર કરી સમાજની પુનર્રચના પણ કરવી હતી.

**(3) કોમ્ટનો સામાજિક પુનઃરચનાનો સિદ્ધાંત :** સમાજશાસ્ત્રની શરૂઆત એક ગણિતશાસ્ત્રીએ કુદરતની જેમ જ સમાજના વ્યવસ્થા અને પ્રગતિના નિયમો જાણવાની દૃષ્ટિથી કરી. ગણિતશાસ્ત્રી હોવાને લીધે કોમ્ટનો અભિગમ વૈજ્ઞાનિકનો હતો. એમણે પ્રત્યક્ષવાદ, વિજ્ઞાનોનો કોટિક્રમ, સામાજિક સ્થિતિશાસ્ત્ર, સામાજિક ગતિશાસ્ત્ર, સામાજિક વિકાસના તબક્કા, સામાજિક પુનર્રચના અને માનવતાવાદી ધર્મના સિદ્ધાંતો આપ્યા.

કોમ્ટ પોતે પણ સક્રિય છે અને તેમને ફ્રેંચ ક્રાંતિ તથા ઔદ્યોગિક ક્રાંતિને કારણે સમાજવ્યવસ્થાનું પતન થશે જ એવી એંધાણી મળતી હતી. આમ છતાં નવા ઉદ્ભવ થનાર સમાજવ્યવસ્થાની મર્યાદાઓને તે સમજતા હતા. ક્રાંતિને પરિણામે ઉદ્ભવેલી નવી મૂડીવાદી વ્યવસ્થા તથા તેનાથી ખુશી પામતા મધ્યમવર્ગી બુદ્ધિજીવીઓનો એ ટીકાકાર હતો. તેમને મન મૂડીવાદ કે તેનો વિનાશ એ સમસ્યા નહોતી. તેને માટે નવી ઉદ્ભવતી ઔદ્યોગિક સામાજિક વ્યવસ્થાના અંકુશમાં રાખી શકે તેવી ઔદ્યોગિક અને સામાજિક નીતિમત્તા ઊભી કરવામાં જે નિષ્ફળતા દેખાતી હતી તે સમસ્યાજનક હતી. તે માનતા કે ઉદ્યોગપતિઓ શ્રમિકોનું શોષણ કરે તો તે ખરાબ કહેવાય પણ ઉદ્યોગપતિ પોતાની ફરજો પૂરી કરે અને સંપત્તિ જો બહુજનહિતાય વપરાય તો સંપત્તિની માલિકીનું સ્વરૂપ જાહેર કે ખાનગી તેને માટે મહત્ત્વનું નથી. તેના મતે ઔદ્યોગિક સંબંધોનો વિકાસ નૈતિક નિયમો મુજબ થયો નથી. મૂડીપતિઓ અને મજૂરોના સંબંધોનું નિયમન માત્ર સંઘર્ષ દ્વારા જ થાય છે. આથી સમાજમાં નવી ઔદ્યોગિક અને સામાજિક નીતિમત્તાની આવશ્યકતા છે અને તે પ્રત્યક્ષવાદી શિક્ષણવ્યવસ્થા દ્વારા લોકોમાં નીતિમત્તા ખીલવી શકાય. કોમ્ટ માને છે કે રાજ્યની યોજનાઓ કે વૈજ્ઞાનિક જોગવાઈઓ કરતાં નીતિમત્તાનું શિક્ષણ વધુ અસરકારક નીવડશે. કોમ્ટ માને છે કે રાજકીય પગલાંથી થોડા લોકોના હાથમાં થતું મૂડીનું કેન્દ્રીકરણ અટકાવી શકાય. પણ એમ કરવાથી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ કુંઠીત બની તેનો વિકાસ અટકી જાય. આની સામે નીતિમત્તા દ્વારા મૂડીના સ્વાર્થી ઉપયોગને અટકાવી

શકાય. આ નીતિશિક્ષણ દ્વારા જ અટકાવી શકાય.

નીતિશિક્ષણ આધ્યાત્મિક સત્તાની સ્થાપના પર જ આધારિત છે. પ્રત્યક્ષવાદી સિદ્ધાંત દ્વારા આધ્યાત્મિક સત્તાને પુનઃ સ્થાપિત કરી છે. જો આધ્યાત્મિક સત્તાની રાહબરી હેઠળ નૈતિક શિક્ષણ શરૂ કરાય તો મૂડીવાદી વર્ગના જુલમોથી ડરવાનો સવાલ ન રહે. આવું થવાથી ધનિક માણસો પોતાની જાહેર મિલકતના રખેવાળ ગણાશે. અહીં દાનની વાત નથી. ધનવાન લોકો પોતાની ફરજ માની સમાજના બધાને શિક્ષણ અને રોજી મળે તે જોશે. આ રીતે કોમ્ટ એક પ્રકારની નવી સામાજિક નીતિમત્તા વિકસાવવા માગતા હતા. કોમ્ટના મતે આ રીતે આધુનિક ઔદ્યોગિકવાદની સમસ્યાઓ હલ કરી શકે તેવું એક માત્ર બળ છે. કોમ્ટનો સામાજિક પુનર્રચનાનો સિદ્ધાંત માનવીની વ્યક્તિમત્તાની ક્રિયા, બુદ્ધિ અને લાગણી તે ત્રણ તત્ત્વો પર આધારિત છે. તેણે આ બાબત પુનર્રચનાના સિદ્ધાંતમાં દર્શાવી છે તેમાં સ્પષ્ટ દેખાય છે : (1) ભૌતિક બળ – ક્રિયા પર આધાર રાખે છે તથા સંખ્યા અને સંપત્તિના સ્વરૂપમાં વ્યક્ત થાય છે. (2) બૌદ્ધિક બળ – આ માત્ર અનુમાનો પર અવલંબે છે અને ખ્યાલીકરણ તથા અભિવ્યક્તિના સ્વરૂપે વ્યક્ત થાય છે. (3) નૈતિક બળ – આ માત્ર લાગણી પર આધારિત છે. અને જે હુકમ અને આજ્ઞાંકિતતાના સ્વરૂપમાં વ્યક્ત થાય છે. આ નૈતિક દબાણ હૃદયની લાગણીઓ દ્વારા આવે છે. આ ત્રણેમાંથી એકેયને અઘટિત મહત્ત્વ ન મળે તે રીતે તેમને એકત્રિત કરવાં તે સામાજિક સંગઠનનું ટોચનું કાર્ય કરે છે.

રાજ્યમાં પુરોહિતો અનુમાનોને દોરવણી આપે છે, સ્ત્રીઓ પુરુષોની સર્વોચ્ચ લાગણીઓને ઉત્તેજે છે, વ્યવહારુ નેતાઓ યુદ્ધ અથવા ઉદ્યોગમાં ક્રિયાઓને નેતૃત્વ પૂરું પાડે છે. આ ત્રણેયમાં સંવાદિતતા આમજનતા લાવે છે. આમજનતામાંથી જ આ સંવાદિતતા ઉદ્‌ભવે છે કારણ કે આમજનતા જાતીય લાગણીઓ સાથે ગૃહસંબંધો દ્વારા, પાદરીઓ સાથે શિક્ષણ દ્વારા અને વ્યવહારુ નેતા સાથે સર્વસામાન્ય કાર્યો દ્વારા સંકળાયેલા હોય છે. કોમ્ટ માને છે કે સ્ત્રીઓ સિવાય સૌને તેના કાર્ય અને મહત્ત્વને આધારે કોટિક્રમમાં ગોઠવવા જોઈએ જેથી એક વર્ગીકરણ પ્રાપ્ત થાય. સર્વોચ્ચ પાદરીથી નીચલી કક્ષાના મજૂર સુધી બધા જ સર્વસામાન્ય સિદ્ધાંતથી વહેંચાઈ જશે.

**સર્વસામાન્ય સિદ્ધાંત** : ઘટતું જતું દૃષ્ટિબિંદુ અને વધતું જતું જીવનસ્વાતંત્ર્ય.

આ સિદ્ધાંત મુજબ રાજ્યનાં કાર્યો પ્રત્યક્ષવાદી ધર્મના પાદરીમાં અને ઉદ્યોગપતિઓમાં કેન્દ્રિત હતા. કોમ્ટના આ સિદ્ધાંતમાં પાદરી માનવતાવાદી ધર્મનાં કાર્યો કરશે. ભૌતિક કે ઔદ્યોગિક ઉત્પાદનનું કાર્ય અને સરકારનાં વિવિધ દીવાની કામો નક્કી કરનાર વર્ગમાં વહેંચાવવા જોઈએ. આ વર્ગમાં વ્યાપારીઓ, ઉત્પાદકો (શ્રમિકો) અને કૃષિકારોનો સમાવેશ થાય છે. કોમ્ટના સમાજમાં શ્રોફને સૌથી વધુ અધિકાર અને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થાય છે. કોમ્ટના મતે સત્તાનું કેન્દ્રીકરણ થવું જોઈએ. માલિક નોકરી કરનારને કેટલી આવક પ્રાપ્ત થવી જોઈએ તે નક્કી કરશે. પાદરીઓ તેમને સામાજિક જવાબદારીનું ભાન કરાવશે. વ્યાપારીઓની ઉપભોગવૃત્તિ ઉપર પાદરીઓ કાપ મુકશે. કોમ્ટના મતે આ રીતે ઔદ્યોગિક કાર્યક્ષમતા અને સામાજિક ન્યાય જળવાશે. દરેક વ્યક્તિને સંપૂર્ણ સાધન પ્રાપ્ત થાય તે જોવાની જવાબદારી નોકરીદાતાની રહેશે. આ રીતે સંપત્તિ અને ઔદ્યોગિક કાર્યોનું નિયમન થશે. કોઈપણ વ્યક્તિના નિવૃત્તિના સાત વર્ષ પહેલાં પોતાનો અનુગામી કોણ બનશે તેની દરખાસ્ત મૂકવાની રહેશે. આ દરખાસ્ત ઉપર જનમત લેવાશે. વ્યક્તિ વસિયતનામા દ્વારા મિલકત આપી દઈ શકશે.

કોમ્ટના મતે સ્ત્રીઓએ કૌટુંબિક ક્ષેત્રમાં અને પાદરીઓએ જાહેર ક્ષેત્રે નીતિમત્તાનું રક્ષણ કરવું જોઈએ. સ્ત્રીઓનું સ્થાન મહત્ત્વપૂર્ણ રહે તેથી તેણે એકસાથી લગ્નપ્રથા અને વિધવાપ્રથાનું ચુસ્ત પાલન કરવું જોઈએ.

આ પ્રત્યક્ષવાદી સમાજમાં રાષ્ટ્રો વિલય પામશે અને નાનાં નગરરાજ્યો બની પ્રત્યક્ષવાદી ધર્મની કડીથી જોડાશે તેથી આંતરરાષ્ટ્રીય સંબંધો અંગે સમસ્યા ઊભી નહીં થાય. કોમ્ટના પ્રત્યક્ષવાદમાં સરમુખત્યારશાહી અટકાવવા કોઈ વૈધાનિક જોગવાઈ તેમણે રાખી નહોતી. વ્યક્તિસ્વાતંત્ર્ય કે રાજ્યની દખલગીરી અંગેના પ્રશ્નો તેમને સતાવતા નહોતા. વ્યક્તિને કોઈ ખાનગી અધિકારો અપાયા નહોતા. કારણ કોમ્ટના દર્શનમાં ફરજને સ્થાન હતું, હક્કોને નહીં. નાગરિકોએ પાદરી ઉપર વિશ્વાસ રાખવો જોઈએ એવું કોમ્ટ માનતા. તેમણે વ્યક્તિ નહીં સામાજિક દેહને મહત્ત્વ આપ્યું છે.

કોમ્ટ જનમતને અને સામાજિક નિયંત્રણને મહત્ત્વનું સાધન ગણે છે. જાહેર નીતિમત્તાનાં ધોરણો પળાવવાનું જનમત મુખ્ય સાધન છે. કોમ્ટના મતે સામાજિક ક્રિયાના ચોક્કસ નિયમો ઘડાવા જોઈએ, પ્રજાએ આ નિયમો સ્વીકારવા જોઈએ. વિશિષ્ટ કિસ્સાઓમાં જનમત લેવાની પ્રજાએ મંજૂરી આપવી જોઈએ. નિયમો ઘડવા માટે અને રોજિંદા જીવનમાં તેના અમલ માટે સ્વીકૃત તંત્ર હોવું જોઈએ. કોમ્ટના મતે શ્રમિક મંડળીઓ આવું તંત્ર બની શકે. જનમત અસરકારક બને તે માટે તેની અભિવ્યક્તિ માટે કાર્યક્ષમ અને સ્વીકૃત માધ્યમ હોવું જોઈએ. પ્રત્યક્ષવાદના સિદ્ધાંતો સામાજિક વર્તન માટેના નિયમો તૈયાર કરશે. કોમ્ટના મતે જનમતની અસર ભવિષ્યમાં અનેકગણી વધશે. તેમના મતે જનમતને કારણે જગતમાં ક્રાંતિ તથા હિંસક સંઘર્ષ નાબૂદ થશે અને તેમને સ્થાને લોકોની ફરજોની શાંતિમય પરિભાષા ગોઠવાશે. કોમ્ટની પુનર્રચનાની યોજનામાં રાજકીય પક્ષનું સ્થાન નહોતું. સંગઠનમાં સૌથી નજીક આંદોલન કે પ્રચાર કરતાં લોકોનું જૂથ હોઈ શકે.

કોમ્ટ કહે છે કે આ સામાજિક પુનર્રચનાની યોજના એ મનસ્વી યોજના નથી પણ ઉત્ક્રાંતિ અને ભવિષ્યના સમાજ વિશે ઈતિહાસ અને સમાજવિજ્ઞાનોના આધારે કરેલાં વિધાનો છે.

કોમ્ટે કર્મશીલ તરીકે સમગ્ર સમાજ શાંતિમય બને અને વિકાસ સાધે તે હેતુથી પુનર્રચનાની યોજના બનાવી.

**(4) માનવતાનો ધર્મ :** કોમ્ટ સમાજવૈજ્ઞાનિક મટી તેણે ધર્મની સ્થાપના કરી. આ નવા ધર્મના સ્થાપક તરીકે પોતાની જાતને તેણે મધ્યમાં રાખી બધા જ દેશના વડાઓને તેણે નવો ધર્મ અપનાવવા પત્રો લખ્યા. કોમ્ટ માનતા કે આજના સમાજને નવા ધર્મની જરૂર છે. દરેક સમાજને ધર્મની જરૂર છે કારણ દુન્યવી સત્તાને મંજૂર કરવા માટે અને ઘડવા માટે, આધ્યાત્મિક સત્તા જરૂરી છે.

કોમ્ટના ધર્મમાં કોમ્ટ સમગ્ર માનવજાતને ચાહવાની વાત કરે છે. કોમ્ટ માનવજાતનાં શ્રેષ્ઠ તત્ત્વોને ચાહવાનું કહે છે. કોમ્ટે આ ધર્મનાં બધાં જ પાસાંઓ વિશે લખ્યું છે. કોમ્ટ માનવસ્વભાવનાં ત્રણ તત્ત્વો દર્શાવે છે : બુદ્ધિ, ક્રિયા અને લાગણી. આ લાગણી તે માનવજાતનો પ્રેમ. કોમ્ટ સમાજના ત્રણ ભાગ દર્શાવે છે : કુટુંબ, રાજ્ય અને દેવળ. કુટુંબ લાગણીથી બંધાયેલું છે. રાજ્ય ક્રિયા ઉપર આધારિત છે અને દેવળ બુદ્ધિ ઉપર આધારિત છે. દેવળની દેખરેખ અને નિયંત્રણ હેઠળ નાનાં નાનાં સરમુખત્યારશાહી રાજ્યો એક સામાજિક દેહમાં ભળી જશે. તે રાજ્યો રહેવાને બદલે માનવતાવાદી ધર્મના વાલીપણા હેઠળ નાના નાના શહેર રાજ્યોનું જૂથ ઊભું થશે.

કોમ્ટ પોતાના ધર્મમાં પાદરીને સૌથી વધુ મહત્ત્વ આપે છે. તેમના મતે આ પાદરી પ્રત્યક્ષવાદી હશે. તેના નિયામકો સામાજિક વૈજ્ઞાનિકો હશે. આ સામાજિક વૈજ્ઞાનિકોને સમાજના પાયાના સિદ્ધાંતોનું જ્ઞાન હશે. આ પાદરીઓમાં હિંમત, સતત ઉદ્યમ અને શાણપણ હોવું જોઈએ. પાદરીઓએ શું શું કરવું જોઈએ તેની ઝીણામાં ઝીણી વિગત કોમ્ટે દર્શાવી છે. કોમ્ટની ગણતરી મુજબ યુરોપમાં 20,000 પાદરીઓ હશે. આ બધાના એક સર્વોચ્ચ પાદરી હશે. તેનું વડું મથક પેરિસ હશે. આ પાદરીને મદદ કરવા સાત મુખ્ય પાદરી હશે. જ્યારે પ્રત્યક્ષવાદ વિશ્વમાં ફેલાઈ જશે ત્યારે તેની સંખ્યા 49 ની થશે. તેમની હાથ નીચેના પાદરીઓ સ્થાનિક દેવળ સાથે સંકળાયેલા હશે. દર દસ હજાર કુટુંબદીઠ એક દેવળ હશે. પાદરીને ખૂબ ઓછું પણ વેતન અપાશે.

આ પાદરીઓ વ્યવસ્થાકીય શિક્ષણના નિયામકો રહેશે. તે પાદરી સમાજના દરેક સભ્યની ગુણવત્તા ચકાસી તેની શક્તિ મુજબનું સ્થાન સામાજિક કોટિક્રમમાં તે આપશે. તેમણે વ્યાપારી પેઢીઓ વચ્ચે સાતત્યની અને વિવિધ સામાજિક વર્ગો વચ્ચે એકતાની ભાવના વિકસાવવી જોઈએ. તેથી તેમણે તેઓને માનવના કુદરત સાથેના, ભૂતકાળ સાથેના અને અન્ય માનવીઓ સાથેના સંબંધોનું જ્ઞાન આપવું જોઈએ. તેમણે સમુદાયની નીતિમત્તાના રખેવાળ બનવું પડશે. લોકોને તેમની ફરજનું ભાન કરાવવું પડશે. પાદરીઓએ લોકોને સામાજિક અને વૈજ્ઞાનિક જ્ઞાન અને સલાહ પૂરી પાડવી પડશે. તેમણે દુન્યવી સત્તા મેળવવાની નથી. તેમણે જનમતને યોગ્ય દિશામાં વાળવો જોઈએ.

સમાજવૈજ્ઞાનિક સમાજશાસ્ત્રના પિતાએ સમાજ વિશે આ વિચારો આપ્યા હતા.

કોમ્ટ માત્ર વૈજ્ઞાનિક કે વિચારક નહોતો તે સક્રિય કાર્યકર હતો. તેણે કર્મશીલ તરીકે માનવતાવાદી ધર્મ અને સામાજિક પુનર્રચનાનો સિદ્ધાંત આપ્યો.

**(5) પ્રત્યક્ષવાદ :** યુરોપની નવજાગૃતિ, વૈજ્ઞાનિક શોધોએ પારંપારિક તત્ત્વજ્ઞાનના પાયા હચમચાવી નાખ્યા. નવા તત્ત્વજ્ઞાનના પાયા, મૂળભૂત તત્ત્વો તરીકે તર્ક અને અનુભૂતિ આવ્યાં. તર્ક બુદ્ધિ આધારિત છે. અનુભવ ઉપર આધારિત અનુભવવાદ છે. ફ્રેંચ વિચારકો સામાજિક અવ્યવસ્થામાંથી પુનઃ વ્યવસ્થાની સ્થાપના કરવા માંગતા હતા. તેમને મતે વ્યક્તિના સ્વાતંત્ર્ય કરતાં સમાજવ્યવસ્થા મહત્ત્વની હતી. કોમ્ટે સામાજિક ઘટનાના અભ્યાસ માટે નિરીક્ષણ, ચકાસણી અને વર્ગીકરણ ઉપર ભાર મૂક્યો હતો. કોમ્ટના પ્રત્યક્ષવાદનો અર્થ વિજ્ઞાન, વૈજ્ઞાનિક કરી શકાય. કોમ્ટના મતે ભૌતિક કે જૈવિક ઘટનાઓનો જેમ વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરી નિશ્ચિત નિયમો શોધી શકાય છે તેમજ સામાજિક ઘટનાઓના પણ ચોક્કસ નિયમો હોય છે. જો આ નિયમો શોધી શકાય તો સામાજિક ઘટનાઓને નિયંત્રિત પણ કરી શકાય. કુદરતી ઘટનાઓની જેમ સામાજિક ઘટનાઓમાં પણ પરિવર્તન આવી શકે છે. આ નિયમો જો શોધી શકાય તો સામાજિક અવ્યવસ્થા અને અરાજકતાને બદલી સામાજિક વ્યવસ્થા સ્થાપી શકાય. કોમ્ટના મતે પ્રત્યક્ષવાદી નિયમો દ્વારા ભવિષ્યની ઘટનાઓ અંગે પણ પૂર્વાનુમાન થઈ શકે. ઘટનાઓનાં પરસ્પરાધારિત સાર્વત્રિક તત્ત્વો તથા કામ શોધી શકાય તો આ શક્ય છે. પ્રત્યક્ષવાદમાં નિરીક્ષણ મહત્ત્વનું છે. પણ સાથે સાથે કલ્પના પણ મહત્ત્વની છે. હકીકતો અનિવાર્ય છે પણ કલ્પના દ્વારા વિજ્ઞાનમાં પ્રશ્નો, સૂઝ અને ઉપકલ્પનાઓ પ્રાપ્ત થાય છે. જેના વિના વિજ્ઞાન અધૂરું છે. જેમ દરેક સિદ્ધાંત નિરીક્ષણ કરેલાં તથ્યો ઉપર આધારિત છે અને ઉપકલ્પના નિરીક્ષણને માર્ગદર્શન આપે છે. આમ તો વ્યક્તિએ, સંશોધકે સાદી ઘટનાઓના અભ્યાસમાં પણ કેટલીક ધારણાઓ બાંધીને ચાલવું પડે છે. ભવિષ્યકથન એ બે ઘટનાઓના સંબંધ તથા તુલના દ્વારા શક્ય બને છે. ઘટનાઓના ક્રમિક સંબંધ કે સહસંબંધ સ્થાપિત થાય, તો એક ઘટનાના નિરીક્ષણને આધારે બીજી ઘટના અંગેનું પૂર્વાનુમાન થઈ શકે. કોમ્ટે પ્રત્યક્ષવાદી પદ્ધતિમાં નિરીક્ષણ, વર્ગીકરણ, ઉપકલ્પના તથા પ્રયોગપદ્ધતિનો પણ સમાવેશ કર્યો છે. અહીં પ્રયોગપદ્ધતિ એટલે નિયંત્રિત નિરીક્ષણ. આમ પ્રત્યક્ષવાદ એટલે વૈજ્ઞાનિક. તેમને શ્રદ્ધા હતી કે કંઈક પરિવર્તન જરૂર લાવી શકાશે.

ઑગસ્ટ કોમ્ટનો મૂળ ઉદ્દેશ્ય સમાજમાં વ્યવસ્થા સ્થાપવાનો હતો. તે સામાજિક વ્યવસ્થાના નિયમો શોધી, પોતાના સમાજમાં સામાજિક વ્યવસ્થા સ્થાપવા માગતા હતા. આ સાથે તેમને પ્રગતિમાં રસ હતો, તેથી પ્રગતિના નિયમો શોધી તે દ્વારા, પોતાના સમાજની પ્રગતિ ઇચ્છતા હતા. એટલે તેઓ કર્મશીલ હતા. તેમનો હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જ્ઞાન એકત્ર કરી, તેનો ઉપયોગ સામાજિક પુનઃરચના માટેનો હતો. તેમના જ્ઞાન- પ્રાપ્તિના ધ્યેય સાથે ક્રિયા સંકળાયેલી હતી જ. કોમ્ટે પણ માનતા કે સમાજશાસ્ત્રની પ્રયોગશાળા સમાજ છે. બધા જ સિદ્ધાંતોને સમાજમાં સતત ચકાસવા જોઈએ. વાસ્તવિકતા સાથે સિદ્ધાંતનો સંબંધ સિદ્ધાંતની ચકાસણી કરે છે.

આવા જ બીજા કર્મશીલ, ક્રિયાના સમાજશાસ્ત્રી કાર્લમાર્કસ અંગે ચર્ચા કરીએ.

## 1.5.2 કાર્લમાર્કસ – ક્રિયા સમાજશાસ્ત્રી તરીકે :

માર્કસ પોતાના વિચારો, દલીલો માટે પ્રખ્યાત હતા અને છે. વિચારોને, ખ્યાલોને ક્રાંતિકારી તરીકે મૂકનાર માર્કસ છે. માર્કસ અપ્રતિમ બુદ્ધીશાળી તરીકે તથા સંવેદનશીલ માનવી તરીકે જાણીતા છે. સમગ્ર રાજકીય શાસન પદ્ધતિને તેમણે જ નવો જ રાહ દેખાડ્યો. તેમણે સામાજિક વ્યવહારો માટે નવાજ પ્રકારનો પાયો દર્શાવ્યો. સાબિત કરી આપ્યું કે વિચાર નહીં ઉત્પાદન પદ્ધતિ સામાજિક વ્યવહારોનો પાયો છે. ચિંતક, સર્જક તથા ક્રિયાવાદી તરીકે તેઓ જાણીતા છે. કાર્લમાર્કસ ધારદાર વિદ્વાન અને સર્વોત્તમ કાર્યકર(Activist)નું અનોખું અજબ મિશ્રણ છે. માર્કસના મતે **શોષણથી મુક્તિ** એ મંત્ર હતો. તેમના કર્મશીલ તરીકે નીચેના મુદ્દા ગણાવી શકાય :

(1) ગરીબી અને શોષણમુક્તિ – ધ્યેય

(2) ''લોકશાહીનું મુખપત્ર'' સામયિકના તંત્રી અને માલિક

(3) જગતના કામદારોને એકત્ર થવા હાકલ.

(4) ટ્રેડ યુનિયનની સ્થાપના

(5) સામ્યવાદી પત્રવ્યવહાર સમિતિની સ્થાપના.

(6) લોકશાહીવાદી મંડળ.

આ જ્ઞાનની આરાધના અને કાર્યના નેતૃત્વ દ્વારા તેમને સારો સમાજ રચવાની ખ્વાહીશ હતી. લોકજાગૃતિ અને સંગઠન દ્વારા તેમને વધુ સારો સમાજ રચવો હતો.

કાર્લ માર્કસે પ્રકૃતિ, સમાજ તથા માનવ અંગેના ચિંતનના વિકાસનું સંચાલન કરતા અધિક સામાન્ય નિયમો અંગેના સિદ્ધાંતનું, દ્વંદ્વાત્મક અને ઐતિહાસિક ભૌતિકવાદ દ્વારા ક્રાંતિકારી રૂપાંતરનો માર્ગ દર્શાવ્યો છે.

માર્કસે કામદાર વર્ગને પીડામાંથી મુક્તિ અપાવવા, કૃતિઓ અને ગરીબી અને શોષણમાંથી મુક્તિ અપાવવા સિદ્ધાંતો પણ રચ્યાં અને એને અમલમાં મૂકવાની યોજનાઓ દર્શાવી, પોતે જ એ કાર્યક્રમોને અમલમાં મૂક્યા.

કાર્લ માર્કસનો સિદ્ધાંત છે કે ઉત્પાદનની પદ્ધતિ સમાજને ઘડે છે, સામાજિક માળખાં ઘડે છે, સામાજિક મૂલ્ય ઘડે છે. માર્કસે કામદારોના શોષણ અને પીડાના મુક્તિદાતા તરીકેની ભૂમિકા ભજવી હતી. આ ભૂમિકા ભજવતી સમયે તેમણે નીચેના સિદ્ધાંતો રજૂ કર્યા અને પુસ્તકો લખ્યાં :

(1) The Holy Family, 1845
(2) The German Ideology
(3) Misery of Philosophy
(4) Communist Manifesto
(5) Das Capital.

માર્કસે કેટલાક મૂળભૂત સિદ્ધાંતો રજૂ કર્યા જે નીચે મુજબના છે :

(1) Dialetical Conception of Reality
(2) Sociology of Knowledge
(3) Class Theory
(4) Theory of Surplus Value
(5) Alienation
(6) Theory of Social Change

કાર્લ માર્કસ વૈજ્ઞાનિક તો હતા જ પણ કર્મશીલ હતા. તે સ્વપ્નદૃષ્ટા હતા અને પોતાના વિચારો વાસ્તવિકતામાં પલટાવવા માટે સતત અને સખત પ્રયત્નો કર્યા. માર્કસની જિંદગીનો ધ્યેય છે શોષણથી મુક્તિ. માર્કસ અને ઍંજલ્સે મૂડીવાદી શોષણની ક્રિયા ઉઘાડી પાડીને વધારાના મૂલ્યનું ખરું મૂળ તથા કામદારની વધારાની મહેનત કે જેનું વળતર કામદારોને આપવામાં આવ્યું નથી. અધિશેષ મૂલ્યના સિદ્ધાંત દ્વારા તેમણે મૂડીવાદના મતે કિસાનોના દુઃખનું મૂળ જમીનની ખાનગી માલિકી છે. માર્કસે વર્ગસંઘર્ષનો સિદ્ધાંત આપ્યો. તેમના ઐતિહાસિક ભૌતિકવાદે વિશ્વને ક્રાંતિકારી રૂપાંતરનો માર્ગ દર્શાવ્યો. તેમણે સામ્યવાદનો સિદ્ધાંત રચી મૂડીવાદના પતનની ચર્ચા કરી માર્કસે સિદ્ધાંત રચ્યો અને વૈજ્ઞાનિક સમાજવાદના સંસ્થાપક બન્યા. ''જે રીતે ફિલસૂફીને પોતાનું ભૌતિક હથિયાર સર્વહારા વર્ગમાં મળે છે તે રીતે સર્વહારા વર્ગને પોતાનું વૈચારિક શસ્ત્ર ફિલસૂફીમાં સાંપડે છે. (કાર્લ માર્કસ અને ફેડરિક ઍંજલ્સ, રશિયન આવૃત્તિ, 1955, ગ્રંથ 1, પૃષ્ઠ 428) માર્કસે ઐતિહાસિક ભૌતિકવાદની ચર્ચા કરી છે. માર્કસે ભૌતિક મૂલ્યોના સર્જનમાં, સમાજના ભૌતિક જીવનના સંજોગોમાં, મૂળભૂત ઐતિહાસિક પ્રક્રિયા શોધી કાઢી એણે પ્રથમવાર એવું જણાવ્યું કે સામાજિક, આર્થિક સંઘટનાઓની ફેરબદલીનું સંચાલન વસ્તુગત નિયમો વડે થાય છે. સામાજિક માળખાં, મૂલ્યો વગેરે આર્થિક ઉત્પાદનની પદ્ધતિ દ્વારા નક્કી થાય છે. માર્કસના મતે જો દુનિયાના કામદારો એકત્ર થાય તો કામદાર વર્ગને તેમની બેડીઓ સિવાય કંઈ જ ગુમાવવાનું નથી. માર્કસના જીવનનું ધ્યેય લોકોની ગરીબી અને શોષણમાંથી મુક્તિ છે.

(2) માર્કસે પોતાના જીવનનો ધ્યેય પરિપૂર્ણ કરવા માટે 1848માં ''લોકશાહીનું મુખપત્ર'' એ સામયિક બહાર પાડવાની શરૂઆત કરી. માર્કસ અને ઍંજલ્સે એમાં એમની વિચારસરણીને અનુરૂપ લેખો લખ્યા. માર્કસ અને ઍંજલ્સે લોકશાહી મંડળની પ્રવૃત્તિઓને કામદાર મંડળોના સંગઠન, આ કામદાર વર્ગની રાજકીય કેળવણી અને પાર્ટીની સ્થાપના વિશે આ મેગેઝિન દ્વારા મથામણ શરૂ કરી. આ વર્ષો દરમ્યાન ફ્રાંસ, પ્રશિયા તથા જર્મનીમાં ક્રાંતિ થઈ. ક્રાંતિનાં આ વર્ષો દરમ્યાન માર્કસની

પ્રતિભા, પારાવાર સ્ફૂર્તિ, દૃઢ મનોબળ, કામદાર વર્ગનાં હિતોના લડવૈયાની એકનિષ્ઠા તથા ભાવાવેગ પ્રદર્શિત થયા. ઇતિહાસમાં પ્રથમ વાર એક ક્રાંતિકારી નેતા, પોતાના નેતાઓ વૈજ્ઞાનિકતાને આધારે ઘડી રહ્યો હતો. આ મુખપત્ર દ્વારા માર્ક્સે કામદાર વર્ગનાં હિતોના મસીહા તરીકે કાર્ય કર્યું. આ મુખપત્રે તેમના વિચારોને ખૂબ સ્પષ્ટ કર્યા અને કામદાર વર્ગ સુધી સરળ રીતે પોતાના વિચારો પહોંચાડ્યા. તેમણે પોતાના વિચારોને, ધ્યેયને આ મુખપત્ર દ્વારા વ્યવસ્થિત રીતે રજૂ કર્યા. તેમના ધ્યેયને પ્રાપ્ત કરવા કેવા કાર્યક્રમો યોજવા જોઈએ, કામદારોએ શાના અંગે જાગૃત થવું જોઈએ તે અંગે તેમણે ખૂબ વિશદ છણાવટ કરી. કામદાર સંગઠનો અંગે તેમણે તમામ સૂક્ષ્મ બાબતોની ચર્ચા કરી. તેમણે આ વર્ષો દરમ્યાન જ The Class Struggle in France વિષે પુસ્તક લખ્યું. માર્ક્સ માનતા હતા કે કામદાર વર્ગ અને કિસાન વર્ગ વચ્ચેનો સંપ બન્નેને ફાયદો કરાવશે. આ મુખપત્ર દ્વારા માર્ક્સે કામદારોને હિંમત અને આશા આપી. આ મુખપત્રે વૈજ્ઞાનિક વિશ્લેષણ કરી કામદારોને તેમના પ્રશ્નો અને ઉકેલો અંગે સમજ આપી. આ મુખપત્ર દ્વારા કામદારોમાં એકતા પ્રસરાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે સતત જગતના કામદારોને એકત્ર થવા હાકલ કરી.

**(3) જગતના કામદારોને એકત્ર થવા હાકલ કરી :** કાર્લ માર્ક્સના જીવનનું એક માત્ર ધ્યેય હતું ગરીબી અને શોષણની નાબૂદી. માર્ક્સ માટે મહત્ત્વની બાબત હતી કામદાર લોકોની શોષણમુક્તિ. માર્ક્સ અને એંજલ્સે આ માટે સિદ્ધાંત રચ્યો. ''કામદાર વર્ગે પોતાની બેડીઓ સિવાય કંઈ જ ખોવાનું નથી અને તેમને જીતવા માટે આખી દુનિયા છે.'' માર્ક્સવાદી સિદ્ધાંત મૂડીવાદી ગુલામીમાંથી મુક્તિ માટેના કામદાર વર્ગના સંઘર્ષનું વૈચારિક હથિયાર છે. માર્ક્સ અને એંજલ્સે જગતના કામદારોને સંગઠિત થવા હાકલ કરી છે. માર્ક્સનું સૂત્ર છે – જગતના કામદારો એક થાઓ. માર્ક્સને વર્ગવિહીન સમાજ જોઈએ છે તેને વર્ગવિહિન સમાજરચના રચવી છે. તેથી તે કહે છે કે લોકો સંગઠિત થાય તો લોકો પોતાના પ્રશ્નો માટે એકત્ર થઈને સંઘર્ષ કરી શકે. માર્ક્સ માને છે કે કામદારોના સંગઠન જ તેમને તેમના હક્ક અપાવી શકે છે. તેમણે જગતના કામદારોને એકત્ર થવાની, સંગઠિત થવાની હાકલ કરી. આ હાકલ કરવાની સાથે તેમણે ટ્રેડ યુનિયનની સ્થાપના પણ કરી. હવે એની ચર્ચા કરીએ.

**(4) ટ્રેડ યુનિયનની સ્થાપના :** કાર્લ માર્ક્સના જીવનનું લક્ષ્ય શોષણમુક્તિ અને વર્ગની નાબૂદી હતું. 1864માં લંડનમાં ''આંતરરાષ્ટ્રીય કામદાર મંડળ''ની સ્થાપના કરી. કાર્લ માર્ક્સ આ સંગઠનના સંસ્થાપક અને સંગઠક હતા. માર્ક્સના મતે જો કામદારોને મજબૂત બનાવવા હોય તો તેમને સંગઠિત કરી તેમનું બળ વધારવું પડે. સાથે સાથે આ સંગઠનને રાજકીય પક્ષમાં બદલવું પડે કારણ રાજકીય સત્તા હાંસલ કરીને જ કામદાર બળવાન બની શકે. પેરિસમાં તેમણે કોમ્યુનની સ્થાપના કરી. અલબત્ત ત્યાં તેમનો મૂડીવાદ સામે પરાજય થયો. માર્ક્સે દરેક દેશમાં કામદાર પાર્ટીની સ્થાપનાનું કામ હાથ ધર્યું. વિવિધ રાષ્ટ્રોમાં કામદાર સંઘની સ્થાપના કરવામાં આવી. માર્ક્સે કામદારોને તાલીમ આપવાની પણ શરૂઆત કરી. માર્ક્સે કર્મશીલ activist તરીકે કામદારોનાં સંગઠન રચ્યાં અને કામદારોને તાલીમ આપી અને બીજી બાજુ વિવિધ પ્રજાઓના સંઘર્ષના ઇતિહાસનો માર્ક્સે રસપૂર્વક અભ્યાસ કર્યો. ટ્રેડ યુનિયનની સ્થાપના એક એવી ક્રિયા છે કે જેમાં કાર્યની, કર્મશીલતાની વધુ જરૂર છે.

માર્ક્સે સતત ક્રિયાઓમાં ભાગ લીધો, વિચારસરણી પૂરી પાડી, નેતૃત્વ પૂરું પાડ્યું અને પ્રોત્સાહન પૂરું પાડ્યું તથા આ બધા કામદારોને સતત દિશા પૂરી પાડી. માર્ક્સની આ ભૂમિકા તેણે સંપૂર્ણપણે કર્મશીલ (activist) તરીકેની ભજવી છે. ત્યાર બાદ તેણે સામ્યવાદી પત્રવ્યવહાર સમિતિની પણ સ્થાપના કરી.

**(5) સામ્યવાદી પત્રવ્યવહાર સમિતિ :** માર્ક્સ અને એંજલ્સ બન્નેએ ઉત્પાદનનાં સાધનો, પરિબળોની ચર્ચા કરી સાબિત કર્યું કે મૂડીવાદ નાશ પામશે. માર્ક્સ અને એંજલ્સે નવો ક્રાંતિકારી સિદ્ધાંત વિકસાવીને સત્તા કામદારોને હસ્તક સુપ્રત કરવાની કોશિશ કરી. માર્ક્સે કામદાર વર્ગને સંઘર્ષના લક્ષ્ય તથા ઉપાયો વડે સજ્જ કરવાની કોશિશ કરી. માર્ક્સ ક્રિયાશીલ હોવાને લીધે 1846માં બ્રસેલ્સ ખાતે સામ્યવાદી પત્રવ્યવહાર સમિતિની રચના કરી. માર્ક્સ અને એંજલ્સે વૈજ્ઞાનિક સામ્યવાદી દૃષ્ટિકોણોને આધારે વિવિધ દેશના સમાજવાદીઓ તથા અગ્રગામી કામદારોને એક સૂત્રે સાંકળી લેવા સખત મહેનત કરી. માર્ક્સે વૈજ્ઞાનિક રીતે પુરવાર કરી દીધું કે શોષણ અને ગરીબી મૂડીવાદની નીપજ છે. સાથે સાથે કામદારોના આર્થિક સંઘર્ષને રાજકીય સંઘર્ષ સાથે અતૂટ સંબંધ છે એવો સંબંધ પણ સાબિત

કરી બતાવ્યો. 1847માં લંડનના મંડળના આગેવાનોએ આ સમિતિના કાર્યને જોઈ પોતાના સામ્યવાદી મંડળમાં જોડાવવા આમંત્રણ આપ્યું. માર્કસે આ સમિતિ દ્વારા સામ્યવાદના સિદ્ધાંતો અને કાર્યક્રમોનો પ્રસાર કર્યો. આ સમિતિ દ્વારા તેમણે કામદારોને સંગઠિત કર્યા. આ સમિતિએ વૈજ્ઞાનિક સમજણનો પ્રસાર કર્યો. આ સમિતિ દ્વારા તેમણે દેશવિદેશના કામદારોને એકસૂત્રે બાંધ્યા. તેમનું સુગ્રથન કર્યું. તેમણે રાજ્યપરિવર્તન, સત્તાપરિવર્તન અને ક્રાંતિની ચર્ચા આ સમિતિ દ્વારા કરી. માર્કસની સિદ્ધાંત અભિમુખતા અને ક્રિયાશીલતા આમાંથી પ્રગટ થાય છે. આ સિવાય માર્કસે લોકશાહીવાદી મંડળીની પણ સ્થાપના કરી હતી.

(6) **લોકશાહીવાદી મંડળ :** માર્કસે અભ્યાસ કર્યો, સંશોધન કર્યું, સિદ્ધાંતોની રચના કરી અને કાર્યો પણ હાથ ધર્યા. માર્કસે બ્રસેલ્સમાં સામ્યવાદી પત્રવ્યવહાર સમિતિની સ્થાપના કરી અને તેમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરી, આથી 1847માં લંડનના આગેવાનોએ તેમને આમંત્રણ આપી મંડળમાં જોડાવવા બોલાવ્યા. બ્રસેલ્સમાં માર્કસ અને ઍંજલ્સ બન્નેએ લોકશાહીવાદી મંડળની સ્થાપનામાં સક્રિય ભાગ લીધો. આ મંડળનું ધ્યેય મૂડીદાર વર્ગને ઉથલાવી કામદાર વર્ગનું શાસન સ્થાપવાનું છે. આ મંડળનો મુખ્ય ઉદેશ મિલકત વિનાના સમાજરચનાની સ્થાપના છે. તેમની એવી ભાવના હતી કે કામદાર વર્ગના વિજયને પરિણામે તમામ શોષણ, પીડા, ઘર્ષણ અને જંગ નાબૂદ થશે. માર્કસના મતે ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકી નાબૂદ થવી જોઈએ. માર્કસનો ધ્યેય વર્ગવિહીન સમાજરચનાની સ્થાપના છે. તેમના આદર્શ મુજબ સામ્યવાદી સમાજમાં મહેનત કામદારના જીવનને સમૃદ્ધ અને સરળ બનાવવાનું સાધન બની રહે છે. આ મંડળે કામદારોને એકત્ર કરવાનું કાર્ય કર્યું. આ મંડળ દ્વારા સમાન અને સ્વતંત્ર સમાજરચનાની સ્થાપના એ જ તેમનો ધ્યેય હતો.

આ બધાં જ કાર્યો દ્વારા વધુ સારો સમાજ રચવાની માર્કસની ખ્વાહીશ હતી.

આવા કર્મશીલોને લીધે અનેક પ્રકારના issues પણ ઉત્પન્ન થાય છે. સમાજશાસ્ત્રમાં આને કારણે દ્વંદ્વ ઊભા થાય છે અને અનેક પ્રકારના પ્રશ્નો ઉત્પન્ન થાય છે, જેની ચર્ચા હવે પછીના મુદ્દામાં કરીએ.

## 1.6 ક્રિયાના સમાજશાસ્ત્રના મુદ્દાઓ (Issues)

ક્રિયાનું સમાજશાસ્ત્ર પણ સામાજિક વિજ્ઞાન છે. સમાજશાસ્ત્ર શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન છે. ત્યાં કાર્ય નથી માત્ર વિશ્લેષણ છે. સમાજશાસ્ત્રી કર્મશીલ (Activist) બને ત્યારે અનેક પ્રશ્નો ઊભા થાય, જે નીચે મુજબ છે :

(1) કાર્ય મહત્ત્વનો છે કે સિદ્ધાંત ?

(2) મૂલ્યનિર્ણય

(3) સંશોધન કેવું હોવું જોઈએ ? શુદ્ધ – વ્યવહારલક્ષી

(4) ક્રિયાના સમાજશાસ્ત્રીના દરજ્જા અંગેની સમસ્યા

(5) બેવડી (Split) વ્યક્તિમત્તા બને.

(6) કાર્ય માટેના મુદ્દાનો અગ્રતાક્રમ

ક્રિયાનું સમાજશાસ્ત્ર હજી સ્વતંત્ર શાખા તરીકે વિકસ્યું નથી. હજી આ વિજ્ઞાને વિકાસ કર્યો નથી પણ વિકાસને પંથે છે. ક્રિયાના સમાજશાસ્ત્રીઓ માટે કેટલાક પ્રશ્નો છે જેની ચર્ચા વિસ્તૃત રીતે કરીએ.

**(1) કાર્ય મહત્ત્વનું છે કે સિદ્ધાંત :** શુદ્ધ જ્ઞાન એ વિજ્ઞાન ગણાય છે. એક ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે કે સમાજમાં કાર્ય મહત્ત્વનું છે કે સિદ્ધાંતરચના, સિદ્ધાંતચકાસણી. વિજ્ઞાનમાં academic discipline નું ખૂબ મહત્ત્વ છે. Academic માહોલમાં જ્ઞાનને મહત્ત્વ છે તેથી સિદ્ધાંતને વધુ મહત્ત્વ અપાય છે અને કાર્યને નીચો દરજ્જો અપાય છે. આનું મહત્ત્વનું કારણ એ ગણાય છે કે સિદ્ધાંતરચના એ બૌદ્ધિક આયામ છે. સાથે સાથે સિદ્ધાંત સાર્વત્રિકતા અર્પે છે, સામાન્યીકરણ કરે છે અને આ કાર્ય માટે વૈજ્ઞાનિકે સર્વાંગી અભ્યાસ કરવો પડે છે. આ સર્વાંગી અભ્યાસ માટે સંશોધકે, વૈજ્ઞાનિકે વિવિધ બૌદ્ધિક આયામો કરવા પડે છે. જ્યારે કાર્ય કોઈ એક જગ્યાએ હાથ ધરાય છે અને એને માટે સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લઈ વ્યક્તિ કાર્યરત રહે છે. આ એક મહત્ત્વનો દ્વંદ્વ સતત જોવા મળે છે કે કાર્ય મહત્ત્વનું છે કે સિદ્ધાંત ?

**(2) મૂલ્યનિર્ણય :** કર્મશીલતાનો આ એક મહત્ત્વનો પ્રશ્ન છે કે કાર્યની યોગ્યતા કે અયોગ્યતા ચકાસવાનો. કયું કાર્ય યોગ્ય છે એ પ્રશ્ન મૂલ્યનિર્ણય પણ હોઈ શકે. અને તે જ રીતે અયોગ્ય કાર્ય કોને કહી શકાય એ મહત્ત્વનો પ્રશ્ન છે. આ યોગ્ય, અયોગ્યનો નિર્ણય મહત્ત્વનો છે. ક્યારેક સંશોધક કે સમાજવૈજ્ઞાનિક પોતે ગુનાની લાગણી અનુભવે છે. કાર્ય અંગે મૂલ્યનિર્ણય મહત્ત્વનો છે. આ દ્વંદ્વ કર્મશીલતા અંગે મહત્ત્વના બને છે.

**(3) સંશોધન કેવું હોવું જોઈએ ? :** સંશોધન દરેક વિજ્ઞાન માટે મહત્ત્વનું છે. સંશોધન જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. સંશોધનનું મુખ્ય કાર્ય નિરીક્ષણ-પરીક્ષણનું હોય છે અને તે શુદ્ધ કે વ્યવહારુ બાબતો માટે થઈ શકે. ક્રિયાના સમાજશાસ્ત્રમાં વ્યવહારુ સંશોધન ખૂબ મહત્ત્વના છે. શુદ્ધ અને વ્યવહારુ બન્ને પ્રકારનાં સંશોધનો ઉપયોગી તો છે જ. પરંતુ કર્મશીલતાનો આ મહત્ત્વનો મુદ્દો છે.

**(4) ક્રિયાના સમાજશાસ્ત્રીઓનો દરજ્જો :** સમાજશાસ્ત્ર વિજ્ઞાન છે અને સમાજશાસ્ત્રી વૈજ્ઞાનિક છે. વૈજ્ઞાનિકે સમાજકાર્યમાં ન પડવું જોઈએ એવી ચર્ચા મહત્ત્વ ધરાવે છે અને તેથી જ ક્રિયાના સમાજશાસ્ત્રી માટે ખૂબ મહત્ત્વના પ્રશ્નો ઊભા થાય છે. સ્પષ્ટપણે તપાસીએ તો ક્રિયાના સમાજશાસ્ત્રીઓ શુદ્ધ સમાજશાસ્ત્રના અભ્યાસુઓ કરતાં નીચા ગણાય છે. વિજ્ઞાન, કુદરતી વિજ્ઞાન ક્રિયા સાથે જોડાયેલું છે પણ સમાજશાસ્ત્રમાં ક્રિયામાં કૂદી પડનાર કે કાર્યમાં રત સમાજશાસ્ત્રીઓને નંબર બે ગણવામાં આવે છે. **દા.ત.** સમગ્ર ભારતનાં જાહેર સ્થળોએ ગંદકી મુક્ત કરવાનો રસ્તો બતાડ્યો તે બિંદેશ્વર પાઠક માટે પ્રશ્ન ઊભો થયો કે તે સમાજશાસ્ત્રી છે કે સમાજકાર્યકર ? કાર્યને નીચું ગણવામાં આવે છે. માત્ર સૈદ્ધાંતિક ચર્ચા કરનાર સમાજવૈજ્ઞાનિકને મુખ્ય દરજ્જો, મહત્ત્વનો દરજ્જો આપવામાં આવે છે. વિદ્યુત જોષીએ જ્યારે નર્મદા પ્રશ્ને દિલ્હીમાં દેખાવમાં ભાગ લીધો તો તેમના વિશે પ્રશ્નો ઊઠવા લાગ્યા. જે સમાજવૈજ્ઞાનિકો કાર્યમાં ભળે છે તેમને નીચો દરજ્જો અપાય છે.

ક્રિયાના સમાજશાસ્ત્રમાં આ ખૂબ મોટો અને મહત્ત્વનો Issue છે.

**(5) વ્યક્તિમત્તામાં દ્વંદ્વ ઊભો થાય :** ક્રિયાના સમાજશાસ્ત્રીની ભૂમિકા સંશોધક તરીકેની, વિચારક તરીકેની, સમાજશાસ્ત્રી તરીકેની તથા કર્મશીલતાની છે તેથી અહીં વ્યક્તિ પોતે ભૂમિકાસંઘર્ષ કે વૈચારિક દ્વંદ્વમાં ફસાઈ જાય છે. સંશોધક, વિચારક કે સમાજશાસ્ત્રીની ભૂમિકામાં વ્યક્તિ પરિસ્થિતિથી દૂર હોય છે, ત્યાં પરિસ્થિતિની પ્રત્યક્ષ માહિતી હોય છે પણ વ્યક્તિએ ભૂમિકા ભજવતી નથી અને તેથી જ વ્યક્તિ વૈચારિક સાર ઉપર જ રહે છે અને if અને buts માં સમાઈ જાય છે. જ્યારે વ્યક્તિ કાર્યના મેદાનમાં ખુદ ઊતરે છે ત્યારે વ્યક્તિએ પોતે જ પ્રત્યક્ષ પરિસ્થિતિમાં કાર્ય કરવાનું હોય છે. ક્રિયાના સમાજશાસ્ત્રી પોતે જ ભૂમિકા ભજવે છે તેથી તેનામાં પૂર્વગ્રહ આવવાની શક્યતા હોય છે. સાથે સાથે ક્યારેક તે પક્ષકાર પણ બને છે તેથી વિચારક અને કાર્ય કરનાર બન્ને ભૂમિકા વચ્ચે દ્વંદ્વ ઊભો થાય છે. આવું બનવાને કારણે ક્રિયાના સમાજશાસ્ત્રીની વ્યક્તિમત્તામાં દ્વંદ્વ ઊભા થવાની શક્યતા ઊભી થાય છે. મહદ્ અંશે વૈચારિક ભૂમિકા અને કાર્યના સ્તર અલગ અલગ હોય છે. તેથી દ્વંદ્વ જરૂર ઊભો થાય છે. વૈચારિક સ્તરમાં એક ચર્ચા હોય છે, જે તર્ક, બુદ્ધિ અને અનુભવને આધારે થાય છે. જ્યારે કાર્યમાં વિચાર હાજર હોય છે, વ્યૂહરચના હોય છે પણ સાથે સાથે સમાજનાં બધાં જ પરિબળો હાજર હોય છે તેથી ક્રિયાના સમાજશાસ્ત્રીએ પરિસ્થિતિ તપાસી સફળતા મળે તે રીતે કાર્યાન્વિત થવું પડે છે. કાર્યમાં દરેક સ્તરે ચર્ચા, દ્વંદ્વ ઊભા થાય છે તેથી ક્રિયાના સમાજશાસ્ત્રીની વ્યક્તિમતામાં દ્વંદ્વ ઊભો થાય છે.

**(6) કાર્ય માટેના મુદ્દાઓનો ક્રમ :** ક્રિયાના સમાજશાસ્ત્રીનો મહત્ત્વનો મુદ્દો છે કાર્ય માટે પ્રાથમિકતા નક્કી કરવાનો. ક્રિયાના મુદ્દા અનેકવિધ ઊભા થાય તેમાંથી પ્રાથમિકતા પ્રમાણે મુદ્દા નક્કી કરવા પડે. સમાજશાસ્ત્રમાં પ્રથમ જ્ઞાતિ, કુટુંબ, ધર્મ વગેરે મુદ્દા મહત્ત્વના હતા. ધીમેધીમે આ મુદ્દા બદલાયા. ગ્રામવિકાસ, સ્થળાંતર, નબળા સમૂહો વગેરે વિશે અધ્યયનો થાય, ફરી મુદ્દા બદલાયા. વર્તમાનમાં પાણી, પ્રદુષણ, આરોગ્ય એ સમાજશાસ્ત્રમાં અગ્રતાક્રમ ધરાવે છે. સમાજની પ્રાથમિકતાઓ પ્રમાણે મુદ્દા સતત બદલાયા કરે છે. ક્રિયાના સમાજશાસ્ત્રીઓ ક્યારેક આ પરિસ્થિતિ પ્રમાણે તાલમેલ ન મિલાવી શકે એવું બને. ક્રિયાના સમાજશાસ્ત્રીએ સમાજની પ્રાથમિકતા પ્રમાણે બદલાવવું પડે છે. ક્યારેક તેમાં અચાનક પરિવર્તન પણ આવી શકે. **દા.ત.** દરિયો, પાણી ક્રિયાના સમાજશાસ્ત્રી માટે અગ્રતાક્રમમાં હોઈ શકે અને અચાનક કોમી હુલ્લડ કે યુદ્ધની પરિસ્થિતિ પ્રાથમિકતા પ્રાપ્ત કરી શકે. ક્રિયાના સમાજશાસ્ત્રની એક ખાસિયત છે કે તેના મુદ્દા સતત બદલાતા રહે.

આવા અનેક issues ક્રિયાના સમાજશાસ્ત્રમાં ઉત્પન્ન થાય છે. આ બધી બાબતો પછી મહત્ત્વની બાબત છે ક્રિયાના સમાજશાસ્ત્રીની ભૂમિકા. હવે પછી આ મુદ્દાની ચર્ચા કરીએ.

## 1.7 સમાજશાસ્ત્રની ભૂમિકા

સમાજમાં સમાજના સભ્યો, અનેકવિધ ભૂમિકાઓ ભજવે છે અને તે દ્વારા જ સામાજિક જગત સર્જાય છે. દરેક વ્યક્તિ જીવનમાં અનેક ભૂમિકાઓ ભજવે છે. ક્રિયાના સમાજશાસ્ત્રીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. તેણે બે ભૂમિકા ભજવવાની હોય છે : સમાજવૈજ્ઞાનિકની અને સાથે સાથે કર્મશીલની (Activist). વિશ્લેષણ, વિચારની સાથે અમલીકરણની પ્રક્રિયામાં પણ ભાગ લેવાનો હોય છે.

દરેક જ્ઞાન, શાસ્ત્ર, વિચારશાખા સમાજને, વિશ્વને સમજવામાં ફાળો આપે છે. ભૌગોલિક બાબતોના નિષ્ણાત સમાજને ભૌગોલિક બાબતો અંગે જ્ઞાન આપી સમાજને ભૌગોલિક માહિતીથી જ્ઞાત રાખે છે. તે જ રીતે ખગોળશાસ્ત્રના માધ્યમથી સમાજને ખગોળશાસ્ત્ર અંગે જ્ઞાન પ્રાપ્ત થાય છે. મહદ્ અંશે કુદરતી વિજ્ઞાનમાં સિદ્ધાંત સાથે વ્યવહારુ જ્ઞાન સંકળાયેલા છે. વિજ્ઞાન સાથે તકનિકી જ્ઞાન સંકળાયેલા છે. મોટા ભાગનાં વિજ્ઞાનોમાં સિદ્ધાંત અને વ્યવહાર બન્ને પ્રકારના જ્ઞાન અસ્તિત્વ ધરાવે છે. માત્ર એની ડીગ્રીમાં તફાવત હોઈ શકે. આરોગ્યવિજ્ઞાનમાં જેમ માનવશરીર, એની રચના, એની ઉપર અસરકર્તા પરિબળો, શરીરને ગ્રસતા રોગો, રોગોની લાક્ષણિકતા અને આરોગ્ય સાચવવાના તેમજ રોગો દૂર કરવાના પ્રયત્નો એમ બન્ને સિદ્ધાંત અને વ્યવહારુ જ્ઞાન સાથે જોવા મળે છે.

**ક્રિયાના સમાજશાસ્ત્ર દ્વારા –**

(1) સિદ્ધાંતની કસોટી

(2) પ્રાથમિકતાનાં ક્ષેત્ર નક્કી થાય.

(3) અભ્યાસો થાય, મૂલ્યાંકન થાય.

(4) ક્રિયાના મુદ્દા ઊપસે.

(5) સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા સ્પષ્ટ થાય.

(6) સરકારની ભૂમિકા સ્પષ્ટ થાય.

(7) નીતિ નક્કી થાય.

(8) કાર્યક્રમ નક્કી થાય.

(9) સમગ્ર પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય.

**(1) સિદ્ધાંતની કસોટી :** સમાજવૈજ્ઞાનિક માટે સમાજ એ પ્રયોગશાળા છે. ક્રિયાનું સમાજશાસ્ત્ર સિદ્ધાંતની કસોટી કરવાનું કાર્ય કરે છે. સમાજશાસ્ત્રીય સિદ્ધાંત સાંપ્રત સમાજમાં કેટલે અંશે સત્ય ઠરે છે તે તપાસે છે. ક્રિયાના સમાજશાસ્ત્રી સમાજશાસ્ત્રના વિવિધ સિદ્ધાંતોને સામાજિક પ્રયોગશાળામાં તપાસે છે.

**(2) પ્રાથમિકતાનાં ક્ષેત્રો નક્કી થાય :** ક્રિયાના સમાજશાસ્ત્રીએ અગ્રતાક્રમ, પ્રાથમિકતાઓ નક્કી કરવાની હોય છે. વિવિધ સામાજિક પરિસ્થિતિઓમાં વિવિધ પરિબળોને અનુલક્ષીને પ્રાથમિકતાનાં ક્ષેત્ર નક્કી કરવાનાં હોય છે. **દા.ત.** ભારતીય પરિસ્થિતિમાં કોમી હુલ્લડ, પાણી, પર્યાવરણ જેવા પ્રશ્નો પ્રાથમિકતાના છે.

**(3) અભ્યાસો થાય, મૂલ્યાંકન થાય :** સમાજશાસ્ત્રીએ સિદ્ધાંત, વિચાર અને વિચારસરણી અંગે સતર્ક રહી, વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચાઓ કરવાની હોય છે. ક્રિયાના સમાજશાસ્ત્રીએ આ ઉપરાંત અભ્યાસ અને ક્રિયા પણ કરવાની હોય છે. ક્રિયાના સમાજશાસ્ત્રમાં જે ક્ષેત્ર પ્રાથમિકતામાં આવે તે અંગે અભ્યાસો થાય છે. આવા અભ્યાસો સર્વાંગી તથા આંતરવિદ્યાકીય રીતે પણ હાથ ધરવામાં આવે છે.

**(4) ક્રિયાના મુદ્દા ઊપસે :** સમાજમાં જે પ્રાથમિકતાના મુદ્દા નક્કી થાય તેની ઉપર જે અભ્યાસો થાય તેમાંથી ક્રિયાના અનેકવિધ મુદ્દા ઊપસે. **દા.ત.** ગ્રામવિકાસના સ્થળાંતર અંગે અભ્યાસ થાય તો સ્થળાંતરનાં કારણો, સ્થળાંતરની દિશા, સ્થળાંતર કરતાં લોકોનાં વલણો, વિચાર, ધ્યેય, અપેક્ષા, સ્થળાંતરથી ઊભા થતા પ્રશ્નો, જ્યાંથી સ્થળાંતર થાય તેના પ્રશ્નો અને જ્યાં સ્થળાંતર થાય તેના પ્રશ્નો ....... આ બધા મુદ્દાઓમાંથી અનેક માહિતી પ્રાપ્ત થાય, સહસંબંધ પ્રાપ્ત થાય, પરિબળોની ચર્ચા થાય અને વૈજ્ઞાનિક વિશ્લેષણને કારણે ક્રિયાના અનેક મુદ્દા ઊપસે. **દા.ત.** સ્થળાંતરનાં કારણોની

જાણ થાય તો તે કારણોને દૂર કરવા, તે પ્રશ્નોના ઉકેલ લાવવા અંગે કાર્ય કરવાના અનેક મુદ્દા ઊપસે. શા માટે લોકો સ્થળાંતર માટે અમુક દિશા પસંદ કરે છે તે માહિતી ઉપરથી પણ ક્રિયાના મુદ્દા ઊપસે છે. આમ બધા જ મુદ્દા ક્રિયા માટે કાર્યકરને તૈયાર કરે છે. વિવિધ પ્રશ્નોના વૈજ્ઞાનિક વિશ્લેષણમાંથી વિવિધ જાણકારી પ્રાપ્ત થાય. અનેક પરિબળો વચ્ચેના સહસંબંધ સ્પષ્ટ થાય અને આ ચર્ચામાંથી ક્રિયાના મુદ્દા ઊપસે.

**(5) સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા સ્પષ્ટ થાય :** સમાજના હિતરક્ષક, લોકચિંતક વ્યક્તિઓ સમાજના હિતમાં સંગઠિત થઈ સ્વૈચ્છિક સંસ્થાની સ્થાપના કરે છે. તેઓ પોતાના ઉદ્દેશ્ય, પદ્ધતિ, સંશોધનો પ્રાપ્ત કરવાના સ્રોતો સ્વતંત્ર રીતે, પોતાની મરજીથી, સ્વૈચ્છિક રીતે નક્કી કરે છે. સ્વૈચ્છિક સંસ્થા પોતે પોતાનું કાર્યક્ષેત્ર પણ નક્કી કરે છે. ક્રિયાના સમાજશાસ્ત્રના અભ્યાસ બાદ સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા વધુ સ્પષ્ટ બને છે. આ અભ્યાસોને કારણે સામાજિક વાસ્તવિક્તાઓના વિશ્લેષણ થાય અને મહદ્ અંશે બધાં જ પાસાંઓ અંગે ઝીણવટથી વિચાર થાય અને તેથી સ્વૈચ્છિક સંસ્થા વધુ ફુલપ્રૂફ વ્યૂહરચના ઘડી, પોતાની ભૂમિકા ભજવી શકે.

**(6) સરકારની ભૂમિકા સ્પષ્ટ થાય :** ક્રિયાના સમાજશાસ્ત્ર દ્વારા જ્યારે પ્રાથમિકતાના ક્ષેત્ર નક્કી થાય, મૂલ્યાંકન અભ્યાસો થાય અને વૈજ્ઞાનિક અભિગમથી જ્યારે કોઈ ઘટના કે પરિસ્થિતિ અંગે સંશોધન થાય અને તે અંગે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય. તેની સાથે સંકળાયેલા, તેની આસપાસનાં બધાં જ પરિબળો અંગે તમામ સ્પષ્ટતાઓ પ્રાપ્ત થાય. બધાં જ પરિબળો વચ્ચેના સંબંધો સ્પષ્ટ થાય ત્યારે આ પરિસ્થિતિ કે ઘટના માટે કેવાં અને ક્યાં તથા ક્યારે પગલાં લેવા પડે તે પણ સ્પષ્ટ થાય. આવા વિવિધ આયામોમાંથી, સંશોધનોને લીધે સરકારની ભૂમિકા સ્પષ્ટ થાય.

**(7) નીતિ નક્કી થાય :** ક્રિયાના સમાજશાસ્ત્રને લીધે નીતિ નક્કી થાય છે. ક્રિયાના સમાજશાસ્ત્રી સામાજિક વાસ્તવિકતાને અને એની જટીલતા અને બહુવિધતાને સમજી તટસ્થ વિશ્લેષણ કરે. સાથે સાથે સામાજિક પડકારો સમજી તેની અસરો અંગે સ્પષ્ટ સમજ મેળવવાનો પ્રયત્ન કરે. ક્રિયાના સમાજશાસ્ત્રી સામાજિક વ્યવસ્થાને યોગ્ય રીતે સમજી, તેની અક્ષમતાઓ, અસમર્થતાઓ, ખરાબી, માળખાંની અસમતુલા સમજવી જોઈએ. આને લીધે સત્તાવિહીન લોકો શોષણની પ્રક્રિયા સમજી શકે. આ બધાને લીધે કયા પ્રકારની નીતિ ઘડવી જોઈએ એ સ્પષ્ટ થાય. એનાં પરિણામો તથા અસર અંગે ચર્ચા થાય અને નીતિ નક્કી થઈ શકે.

**(8) કાર્યક્રમ નક્કી થાય :** આ બધાં જ પગલાં લીધા પછી નીતિ નક્કી થાય છે અને ત્યાર બાદ કાર્યક્રમ નક્કી થાય છે. ક્રિયાના સમાજશાસ્ત્રીએ કાર્યક્રમ અમલમાં મૂકવાનો હોય છે. અહીં કાર્યક્રમ નક્કી કરવામાં આવે છે.

**(9) સમગ્ર પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય :** ક્રિયાના સમાજશાસ્ત્રના ભાગરૂપે મૂલ્યાંકન પણ કરવામાં આવે છે. આખીય પરિસ્થિતિ, પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ મૂલ્યાંકનમાંથી નવી બાબતો શીખી શકાય છે. મૂલ્યાંકન એ ભૂમિકાનો ભાગ છે.

ક્રિયાના સમાજશાસ્ત્રીએ ઉપરનાં બધાં જ પગલાંઓ ભરવા પડે. ટૂંકમાં જોઈએ તો ક્રિયાના સમાજશાસ્ત્રીએ અભ્યાસ, સંશોધન અને હેતુ પરિપૂર્ણ કરવા માટેના કાર્યક્રમનો અમલ કરવો જોઈએ.

ક્રિયાના સમાજશાસ્ત્રીએ પ્રાથમિકતા નક્કી કરી, અભ્યાસ કરી, ક્ષેત્ર નક્કી કરી, ક્રિયાના મુદ્દા નક્કી કરવા પડે છે. સમગ્ર અભ્યાસ કર્યા પછી, વ્યૂહરચના નક્કી કરી, કાર્યક્રમ નક્કી કરી, તેનો અમલ કરવાનો હોય છે. પ્રક્રિયા પૂરી થયા બાદ આખી પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવાનું હોય છે.

સામાજિક ક્રિયા એ એક ખ્યાલ છે, જે સામાજિક વાસ્તવિકતાઓને સમજાવે છે, તેની તાર્કિક સમજૂતી આપે છે. ક્રિયાનો સમાજશાસ્ત્રી એટલે સમાજશાસ્ત્રીનું કર્મશીલ (Activist) બનવું.

## 1.8 સમાજશાસ્ત્રીની ભૂમિકા

ક્રિયાના સમાજશાસ્ત્રીએ સમાજવૈજ્ઞાનિકની સાથે સાથે કર્મશીલ(Activist)ની ભૂમિકા પણ ભજવવાની હોય છે. આ ભૂમિકામાં તેમણે નીચેની પાંચ પ્રકારની ભૂમિકાઓ ભજવવી પડે છે :

(1) **ક્ષેત્ર નિરીક્ષક (Field Observer)**

(2) **સ્વૈચ્છિક સંસ્થા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર (Sympathiser of N. G. O.)**

(3) કર્મશીલ (Activist)

(4) તજ્જ્ઞ (Consultant)

(5) મૂલ્યાંકનકાર (Evaluator)

સમાજશાસ્ત્રીની પ્રયોગશાળા સમાજ છે અને દરેક સમાજશાસ્ત્રી પોતાના સમયના સમાજના વિવિધ ઘટક, ઘટનાઓ, પ્રસંગો, પરિસ્થિતિઓ, પરિવર્તનો કે સમસ્યાઓનો અભ્યાસ કરે છે. ક્રિયાનું સમાજશાસ્ત્ર વિશિષ્ટ છે અને તેથી ક્રિયાના સમાજશાસ્ત્રીની ભૂમિકા પણ વિશિષ્ટ છે. સમાજશાસ્ત્રીઓ માત્ર સૈદ્ધાંતિક ચર્ચાઓ કરે છે. ક્રિયાના સમાજશાસ્ત્રીએ સિદ્ધાંત સાથે કર્મશીલ તરીકે પણ કાર્ય કરવાનું હોય છે. તેણે વિવિધ પાંચ ભૂમિકાઓ ભજવવાની હોય છે.

હવે આપણે એની વિવિધ ભૂમિકાઓ તપાસીએ :

**(1) ક્ષેત્ર નિરીક્ષક (Field Observer) :** ક્રિયાના સમાજશાસ્ત્રીએ સિદ્ધાંતને ચકાસવાનો હોય છે. તેથી તે સમાજના ~~નિરીક્ષણ દ્વારા ક્ષેત્ર, સિદ્ધાંત અને પ્રાથમિકતાઓ નક્કી કરવાનો પ્રયત્ન કરે છે~~ તેણે ક્ષેત્રનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરવું પડે અને નિરીક્ષક તરીકે ભૂમિકા ભજવવી પડે છે.

**(2) સ્વૈચ્છિક સંસ્થા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર :** ક્રિયાના સમાજશાસ્ત્રીએ સ્વૈચ્છિક સંસ્થાની પ્રવૃત્તિના પણ નિરીક્ષક થવું પડે છે. આ નિરીક્ષણ સમયે તેમણે તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખવી પડે છે. ક્ષેત્રમાં પ્રાથમિકતાઓ નક્કી કર્યા બાદ ત્યાં કાર્યરત સંસ્થાઓ, તેમના ઉદ્દેશ્ય, પદ્ધતિ, કાર્યક્રમો પ્રત્યે ક્રિયાના સમાજશાસ્ત્રીએ સહાનુભૂતિ રાખવી પડે છે.

**(3) કર્મશીલ તરીકે :** સામાન્ય સમાજશાસ્ત્રી કરતાં ક્રિયાનો સમાજશાસ્ત્રી એની આ ભૂમિકાને લીધે અલગ પડે છે. સમગ્ર ઘટના કે પરિસ્થિતિના વૈજ્ઞાનિક અભ્યાસ દ્વારા સમજી, એ પરિસ્થિતિ, પ્રશ્ન કે સમસ્યાના ઉકેલ માટે ક્રિયાના સમાજશાસ્ત્રીએ કર્મશીલ બનવું પડે છે. સમાજના તમામ એકમોને સમજી, પરિસ્થિતિનું વિશ્લેષણ કરી, વ્યૂહરચના ઘડી, તેને અમલમાં મૂકવાની જવાબદારી ક્રિયાના સમાજશાસ્ત્રીની છે. તેણે પોતે કર્મશીલ તરીકે જવાબદારી નિભાવવાની હોય છે.

**(4) તજ્જ્ઞ તરીકે :** ક્રિયાના સમાજશાસ્ત્રીએ આ કાર્યમાં તજ્જ્ઞ તરીકે ભૂમિકા ભજવવાની હોય છે. એક સમાજ વૈજ્ઞાનિક તરીકે, તજ્જ્ઞ તરીકે તેણે પ્રાથમિકતાઓ નક્કી કરી, અભ્યાસ હાથ ધરી, સ્વૈચ્છિક સંસ્થા, સરકાર વગેરેની ભૂમિકા સમજી, કર્મશીલ બની કાર્યાન્વિત થવું પડે છે. સમાજવૈજ્ઞાનિકે સમગ્ર પ્રક્રિયામાં સલાહકાર તરીકે, નિષ્ણાત તરીકે, તજ્જ્ઞ તરીકે કાર્ય કરવાનું હોય છે, ભૂમિકા ભજવવાની હોય છે.

**(5) મૂલ્યાંકનકાર તરીકે :** ક્રિયાના સમાજશાસ્ત્રમાં પ્રક્રિયાના ભાગરૂપે મૂલ્યાંકન અનિવાર્ય છે. ક્રિયાના સમાજશાસ્ત્રીએ એ રીતે જ સમગ્ર પ્રક્રિયાનું વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન કરવાનું હોય છે. સમાજ વૈજ્ઞાનિકે આ પ્રક્રિયામાં મૂલ્યાંકનકાર તરીકે ભૂમિકા ભજવવાની હોય છે.

ક્રિયાના સમાજશાસ્ત્રીએ સિદ્ધાંત સમજનાર, તેને તપાસનાર, ચકાસનાર, અભ્યાસ કરનાર અને કર્મશીલ તરીકે ભૂમિકા ભજવવાની હોય છે.

## 1.9 સંદર્ભસૂચિ


1. **Don Martindale :** 'The Nature and Types of Sociological Theories' Routledge & Kegan Paul, 1970.

2. **Tripathi B. D. :** 'Nature of Sociological Theories – The Action Approach' Sterling Publishers Pvt. Limited. New Delhi. 1977.

3. **Wallace Ruth A & Wolf :** Contemporary Sociological Theory – Prentice – Hall. Inc. Englewood Cliffs. New Jersey. 1980.

4. **Dhanagare D. N. :** Themes and Perspectives in Indian Sociology. Rawat Publications. Jaipur. 1993.

5. **Parsons Talcott :** 'Social Structure and Personality' The Free Press. Collier – Macmillan Ltd. London. 1970.

6. **Parsons Talcott :** 'Essays in Sociological Theory' The Free Press, Collier Macmillan Ltd., London, 1963.

7. **Johnson Harry :** 'Sociology – a systemetic introduction. Allied Publishers Ltd. 1995.

8. **Coser Lewis A. Rosenbery :** Sociological Theory, Macmillan Publishing Co. Inc. New York, 1969.

9. **Margarate Wilson Vine :** An Introduction to Sociological Theory. Longmans, Green & Co. London, 1959.

10. **Weber Max :** Economy & Society Bedminister Press, New York, 1968.

11. **Giddens Anthony :** Capitalism and Modern Social Theory : Cambridge University Press : New York, 1971.

## 1.10 તમારી પ્રગતિ ચકાસો

1. સામાજિક ક્રિયાનો અર્થ સમજાવી તે અંગેના સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની વિસ્તૃત ચર્ચા કરો.

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

-----------------------------------------

2. સમાજિક ક્રિયાના વિવિધ ખ્યાલો સમજાવો.

3. ક્રિયાના સમાજશાસ્ત્રનો અર્થ સમજાવી સ્વરૂપ સમજાવો.

4. ક્રિયાના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર સમજાવો.

5. ક્રિયાના સમાજશાસ્ત્રની ભૂમિકા સમજાવી તેના સમાજશાસ્ત્રીની ભૂમિકા સમજાવો.

# એકમ : 2 ક્રિયાના સમાજશાસ્ત્રની પદ્ધતિઓ

**એકમની રૂપરેખા**

2.0 હેતુઓ
2.1 સામાજિક સંશોધન
2.2 સામાજિક સંશોધનના તબક્કાઓ :
(અ) વિષયપસંદગી
(બ) માહિતી એકત્રીકરણ
(ક) માહિતી એકત્રીકરણની પ્રક્રિયા
(ડ) અહેવાલલેખન
2.3 માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ :
(અ) ઐતિહાસિક પદ્ધતિ
(બ) સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ
(ક) ક્રિયા સંશોધન પદ્ધતિ
(ડ) વ્યક્તિ તપાસ પદ્ધતિ
(ઈ) મૂલ્યાંકન અભ્યાસ
(એફ) પ્રયોગ પદ્ધતિ
2.4 સંદર્ભસૂચિ
2.5 તમારી પ્રગતિ ચકાસો

## 2.0 હેતુઓ

આ એકમ દ્વારા તમે સમાજશાસ્ત્રની વિવિધ સામાજિક સંશોધનની પદ્ધતિઓ વિશે જાણી શકશો. સામાજિક સંશોધનના વિવિધ તબક્કાઓ તમે સમજી શકશો. સંશોધન માટે વિષયની પસંદગી કરવી, કઈ રીતે સંશોધનને અનુરૂપ વિષયની પસંદગી કરવી તે ખૂબ મહત્ત્વની બાબત સમજી શકશો. માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ સમજી શકશો. આ પદ્ધતિઓના ઉપયોગ અંગે જ્ઞાન પ્રાપ્ત કરી શકશો.

## 2.1 સામાજિક વિજ્ઞાન અને સંશોધન :

સમાજમાં જ્ઞાન અનેક રીતે વૃદ્ધિ પામ્યું છે. આ યુગમાં જ્ઞાન, વિજ્ઞાનને આધારે વૃદ્ધિ પામ્યું છે. વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. વિજ્ઞાન એ જ્ઞાનનો જથ્થો છે. વિજ્ઞાન એ જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. એવું કહી શકાય કે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલું જ્ઞાન એટલે વિજ્ઞાન. વિજ્ઞાન એક ચોક્કસ વિશ્વસનીય પદ્ધતિ છે. વિજ્ઞાન એટલે પદ્ધતિસરનો જ્ઞાનસંચય. પદ્ધતિસર એટલે નિશ્ચિત પદ્ધતિનો ઉપયોગ. વિજ્ઞાન એટલે નિરીક્ષણ દ્વારા હકીકતો એકત્ર કરી, યોગ્ય વર્ગીકરણ કરી, તેનું અર્થઘટન કરવું અને હકીકતો વચ્ચેનો કાર્ય–કારણ સંબંધ તપાસી સર્વસામાન્ય નિયમ ઘડવો અને તેની સત્યની ચકાસણી કરવી એટલે વિવિધ હકીકતો અને તેમની વચ્ચેનો સંબંધ. સર્વસામાન્ય સત્ય કે નિયમ શોધવાની ચોક્કસ પદ્ધતિ એટલે વિજ્ઞાન.

વિજ્ઞાન અનુભવલક્ષી છે. વિજ્ઞાન જ્ઞાન પ્રાપ્ત કરવાની અનુભવજન્ય પદ્ધતિ છે. આંખ, કાન, જીભ, નાક કે સ્પર્શના ઉપયોગથી પ્રાપ્ત કરેલું જ્ઞાન અનુભવલક્ષી છે. વિજ્ઞાન જ્ઞાનના એકત્રીકરણની પ્રક્રિયામાં આધુનિક વીજાણુ ઉપકરણોનો પણ ઉપયોગ કરે છે. વિજ્ઞાન નિરીક્ષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તેનું વર્ણન કરે છે. વિજ્ઞાન તર્કસંગત છે. વિજ્ઞાન તર્ક આધારિત છે. વિજ્ઞાનનું જ્ઞાન તાર્કિક ચકાસણી દ્વારા ચકાસીને તૈયાર થયેલું હોય છે. વિજ્ઞાન તાર્કિક પ્રક્રિયામાંથી પસાર થયેલું હોય છે. વિજ્ઞાન વાસ્તવિક જગતનો અભ્યાસ કરે છે અને તે ચકાસણીજન્ય હોય છે. વાસ્તવિક જગત અંગે એકત્ર કરાયેલું જ્ઞાન અનુભવથી પુરાવાના આધારે ચકાસી શકાય છે. વિજ્ઞાન એ કોઈ ખાનગી મૂડી નથી એ જાહેર બાબત છે. વિજ્ઞાનના સિદ્ધાંતો કોઈ એક વ્યક્તિ પોતાને માટે જ રાખી શકતી નથી.

વિજ્ઞાન પ્રશ્નના ઉત્તર શોધે છે. વ્યક્તિનો પ્રશ્ન, સમસ્યા, વ્યક્તિને તેના ઉત્તર પ્રાપ્ત કરવા તૈયાર કરે છે. વિજ્ઞાન અમૂર્ત છે. વૈજ્ઞાનિક ખ્યાલો સમજી શકાય છે, જોઈ શકાતા નથી. વિજ્ઞાન એક વ્યવસ્થા (System) છે. વિજ્ઞાન એક પદ્ધતિ છે. વિજ્ઞાન જ્ઞાન એકત્ર કરે છે. વૈજ્ઞાનિક જ્ઞાન હકીકતો અંગે વ્યવસ્થિત ચર્ચા કરે છે, તેનાં વ્યવસ્થિત સ્પષ્ટીકરણો કરે છે. વિજ્ઞાનમાં કાર્યકારણને મહત્ત્વ આપવામાં આવે છે. વૈજ્ઞાનિક જ્ઞાન પોતે રજૂ કરેલ બાબતો અંગે પુરાવા આપે છે. આ જ્ઞાન સ્પષ્ટ અને તટસ્થ હોય છે. અહીં વપરાતા શબ્દો ચોક્કસ અને સ્પષ્ટ હોય છે. વૈજ્ઞાનિક જ્ઞાનમાં વિશિષ્ટ અમૂર્ત ખ્યાલોનો ઉપયોગ વધુ થાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિમાં જ્ઞાનપ્રાપ્તિની પદ્ધતિ સ્પષ્ટ અને વિશ્વસનીય હોય છે. ટૂંકમાં વૈજ્ઞાનિક જ્ઞાન એટલે ચોક્કસ પદ્ધતિ દ્વારા એકત્ર કરાયેલ અનુભવજન્ય, ચકાસણીયુક્ત તર્કસંગત જ્ઞાન.

ઑગસ્ટ કોમ્ટ સમાજશાસ્ત્રના જનકે સમાજશાસ્ત્રને વિજ્ઞાનનો દરજ્જો આપી વૈજ્ઞાનિક કોટિક્રમ રચી તેમાં સૌથી જટીલ વિજ્ઞાન તરીકે સ્થાન આપ્યું. સામાજિક પરિસ્થિતિને સમજવા નિરીક્ષણ, પરીક્ષણ, વર્ગીકરણ તથા તુલનાત્મક પદ્ધતિઓની તેણે ચર્ચા કરી. ત્યાર બાદ દુર્ખેમે સમાજશાસ્ત્ર માટે વિશિષ્ટ પદ્ધતિશાસ્ત્ર વિકસાવ્યું.

સામાન્ય રીતે જોઈએ તો વિશિષ્ટ પદ્ધતિ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન એટલે સંશોધન. સામાજિક સંશોધન સામાજિક હકીકતોને લગતું જ્ઞાન પૂરું પાડે છે.

**સંશોધનના મુખ્ય ત્રણ ધ્યેય હોઈ શકે :**

(1) હકીકતોની શોધ અને ચકાસણી કરવી.

(2) હકીકતો વચ્ચેનો સંબંધ દર્શાવવો.

(3) વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો.

સામાજિક સંશોધન મહદ્ અંશે સામાજિક જીવનને, હકીકતોને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડે છે. સામાજિક વિજ્ઞાન શુદ્ધ જ્ઞાન એકત્ર કરી સિદ્ધાંતો સ્થાપવાનું કાર્ય કરે છે. ક્યારેક સંશોધનનો વ્યવહારુ ઉપયોગ પણ કરવામાં આવે છે. સામાજિક સંશોધન જૂની હકીકતોને ચકાસે છે અને નવી હકીકતોને શોધે છે. સેલ્ટીઝ અને જેહોડાના મતે સંશોધનનો મૂળ હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રશ્નના ઉત્તરો શોધવાનો છે. સામાજિક સંશોધન વિજ્ઞાનના વિકાસમાં ફાળો આપે છે, નવા સંશોધકોને વૈજ્ઞાનિક તાલીમ પૂરી પાડે છે. સામાજિક સંશોધન જ્ઞાન એકત્ર કરવામાં, વ્યવહારુ સમસ્યાઓને હળવી કરવામાં, કે નિયંત્રિત કરવામાં ઉપયોગી બને છે. વાસ્તવિકતાને વસ્તુલક્ષી રીતે સમજવામાં ઉપયોગી બને છે. સામાજિક સંશોધન નીતિ ઘડવામાં ઉપયોગી બને છે. સામાજિક સંશોધન સામાજિક વાસ્તવિકતાઓને સ્પષ્ટપણે વિશ્લેષિત કરી સામાજિક વાસ્તવિકતાઓને સ્પષ્ટપણે પ્રદર્શિત કરે છે. સામાજિક સંશોધન સામાજિક ઘટનાઓ વચ્ચેના, વિવિધ પરિબળો વચ્ચેના સંબંધ સમજવામાં મદદ કરે છે. સામાજિક સંશોધન સમાજને સત્ય હકીકતથી વાકેફ કરે છે, સ્વૈચ્છિક સંસ્થાઓને સમાજ અંગેનું વિશ્લેષણ પૂરું પાડે છે અને સરકારને નીતિ બનાવવા માટે, સરકારને આયોજન માટે માહિતી પૂરી પાડે છે. સામાજિક સંશોધન નીતિના ઘડવૈયાઓ માટે માહિતી પૂરી પાડે છે. સામાજિક સંશોધન સામાજિક વિજ્ઞાનમાં નવા જ્ઞાનનો ઉમેરો કરી શાસ્ત્રને સમૃદ્ધ બનાવે છે. સામાજિક સંશોધન શિક્ષણપ્રાપ્તિની નીતિ નક્કી કરવાની, વિરોધ પ્રદર્શિત કરવાની કે વિશ્લેષણ કરવાની ભૂમિકા ભજવે છે.

સંશોધનમાં સૌથી વધુ મહત્ત્વની બાબત છે સંશોધનના તબક્કાઓ અને અહેવાલ તૈયાર કરવા સુધીની પ્રક્રિયાઓ. હવે પછીના મુદ્દામાં તેની ચર્ચા કરીશું.

## 2.2 સામાજિક સંશોધનના તબક્કાઓ :

### (અ) વિષયપસંદગી – પ્રશ્નનું ઘડતર :

સામાજિક સંશોધનમાં વિષયપસંદગી, યોગ્ય વિષય પસંદગી એ મહત્ત્વનો વિષય છે. સંશોધન વિષયની પસંદગી માટે આંતરદષ્ટિ, વિશાળ વાંચન, તર્કસંગત વિચાર કરવાની પ્રક્રિયા તથા વ્યક્તિની સૂઝ હોય તો વિષયપસંદગી યોગ્ય રીતે થઈ શકે. સંશોધન પ્રશ્નની પસંદગી કરવા માટે વૈજ્ઞાનિક અને સ્વસ્થ વિચારણા કરવી જરૂરી છે. સંશોધનમાં પ્રશ્નની પસંદગીમાં વૈજ્ઞાનિક તથા વ્યાવહારિક

પાસાંઓનો ખ્યાલ રાખવો એ અત્યંત મહત્ત્વપૂર્ણ બાબત છે.

**(1) સંશોધન પ્રશ્ન ખૂબ સ્પષ્ટ રીતે નક્કી કરવો જોઈએ :** સંશોધન પ્રશ્નના ઘડતરમાં સંશોધક, સંશોધનના પોતાના ધ્યેય અનુરૂપ સંશોધન પ્રશ્ન ઘડવો જોઈએ. સામાજિક સંશોધન શેને માટે કરવું છે ? ક્યા પ્રશ્નના ઉકેલ માટે સંશોધન હાથ ધરવું છે તે સ્પષ્ટ રીતે નક્કી કરવું જોઈએ. સંશોધકે પોતાના સંશોધન વિષય અંગે અભ્યાસની મર્યાદા નક્કી કરવી જોઈએ. પ્રશ્નના ઘડતરમાં તેનું ક્ષેત્ર નક્કી કરવાથી પ્રશ્ન સ્પષ્ટ થાય છે.

**(2) સંશોધન પ્રશ્ન અંગે સાહિત્ય વાંચવું જોઈએ :** સંશોધન પ્રશ્ન નક્કી કરતાં પહેલાં સંશોધન પ્રશ્નના સંદર્ભમાં ઉપલબ્ધ સાહિત્ય વાંચવું જોઈએ. આ સાહિત્યના અભ્યાસને કારણે વ્યક્તિ પોતાના સંશોધન વિષયને સૂક્ષ્મતાથી સમજી શકે. સંશોધનના પ્રશ્નને, ક્ષેત્રને સમજવા માટે તેને લગતું સાહિત્ય ખૂબ મદદ કરે છે. સંશોધન વિષય અંગે એ પહેલાં થયેલાં સંશોધનો વગેરેનો અભ્યાસ કરવો જોઈએ. આ સાહિત્ય સંશોધકને તેના વિષય અંગે ઊંડી સૂઝ આપે છે. સંશોધન પ્રશ્નના ઘડતર પહેલાં તેનું સંદર્ભસાહિત્ય વાંચવું આવશ્યક છે.

(3) સંશોધકે પોતાના સંશોધનનો વિષય નક્કી કરતાં પહેલાં સાધન કે વસ્તુઓની મર્યાદાઓનો ખ્યાલ રાખવો જોઈએ. સંશોધકે પોતાના સંશોધનનું ક્ષેત્ર ધ્યાનમાં રાખી પોતાની પાસે ઉપલબ્ધ નાણાં, સમય, શક્તિ અને કાર્યકરોને ધ્યાનમાં રાખવાં જોઈએ.

આ બધી મર્યાદાઓને ધ્યાનમાં રાખી સંશોધનનો વિષય પસંદ કરવો જોઈએ.

**(4) સંશોધન પ્રશ્નનું કદ અને ગુણવત્તા નક્કી કરવી જોઈએ :** સંશોધન પ્રશ્નના ઘડતરમાં તેના કદ અને ગુણવત્તાનો પણ ખ્યાલ રાખવો જોઈએ. સંશોધન વિશાળ પાયા પરનું છે કે મર્યાદિત સમૂહ માટેનું તે મુજબ સંશોધન આયોજન થવું જોઈએ. સંશોધનનું કદ ધ્યાનમાં રાખી તેની ગુણવત્તા જળવાઈ રહે તે રીતે સંશોધનનો પ્રશ્ન નક્કી કરવો જોઈએ.

**(5) સંશોધન પ્રશ્ન અંગે :** સંશોધક પ્રમાણભૂત અને વિશ્વસનીય માહિતી મળવાની સંભાવનાઓ વૈજ્ઞાનિક સંશોધનના સંશોધન પ્રશ્નના ઘડતર સમયે પોતે નક્કી કરેલ સંશોધન પ્રશ્ન અંગે વિશ્વસનીય માહિતી પ્રાપ્ત કરેલ કે કેમ તે નક્કી કરવું પડશે. સંશોધકે ધ્યાનમાં રાખવું જોઈએ કે કેટલાક પ્રશ્નો અંગે લોકલાગણી તીવ્રપણે સંકળાયેલી હોય છે. જ્યારે લોકોની લાગણીઓ અતિ સંવેદનશીલ હોય ત્યારે સંશોધકે પ્રશ્ન નક્કી કરતી સમયે એનો ખ્યાલ કરવો જોઈએ. દા.ત. આતંકવાદ, હુલ્લડ, કોમીસંઘર્ષ.

સામાજિક ઘટનાઓ ખૂબ વ્યાપક હોય છે. એકાદ જટિલ ભાગનો સંપૂર્ણપણે અભ્યાસ કરવા માટે અત્યંત વિપુલ પ્રમાણમાં માહિતી એકત્ર કરવી પડે. સંશોધક પ્રશ્નની પસંદગી નક્કી કરતી વખતે સંશોધકનો રસ અને હેતુ, સંબંધિત માહિતીની ઉપલબ્ધતા, પૂર્વ અભ્યાસો, આ વિષય અંગેના સિદ્ધાંત વગેરેને લક્ષમાં લઈ સંશોધકે પોતાના સંશોધન અંગે વિષય નક્કી કરવો જોઈએ.

સંશોધનના પ્રશ્નની પસંદગી જો ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી કરવામાં આવે તો સંશોધક પોતાનો હેતુ પરિપૂર્ણ કરી શકે. સંશોધનનો પ્રશ્ન જેટલો સ્પષ્ટ રીતે નક્કી થાય એ રીતે સંશોધન પણ વિશ્વસનીય અને યોગ્ય રીતે થાય. પ્રશ્ન નક્કી થાય ત્યાર બાદ પ્રાથમિક અને ગૌણ સ્રોતો દ્વારા માહિતી એકત્ર કરવી પડે.

**(બ) માહિતી એકત્રીકરણ :**

સંશોધક પોતાના સંશોધન પ્રશ્નને અનુરૂપ સંશોધન આયોજન કરે છે. સંશોધક પોતાના સંશોધન માટે કેવા સ્વરૂપની માહિતીનો ઉપયોગ કરવા માંગે છે તે નક્કી કરવું પડે. માહિતી એટલે અભ્યાસ અને વિશ્લેષણના આધાર તરીકે કામમાં આવતાં સંશોધન વિષયને આનુષંગિક બધી જ માહિતી કે જે ભૂતકાળ કે વર્તમાનકાલીન હોય. માહિતી બે પ્રકારની હોય છે :

(1) ગૌણ માહિતી (2) પ્રાથમિક માહિતી.

**(1) ગૌણ માહિતી :**

આ માહિતી સમાજે વિવિધ કારણોસર અન્ય હેતુ માટે એકત્રિત કરેલી હોય છે પરંતુ સંશોધનના હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આવી માહિતીને ગૌણ માહિતી કહેવાય. ગૌણ માહિતી એ અગાઉથી એકત્રિત સ્વરૂપે મળતી કે દસ્તાવેજી માહિતી છે. ગૌણ માહિતીના અનેક સ્રોત છે. વર્તમાનપત્રો, સામયિકો, સંશોધન લેખો, કોર્ટના અહેવાલો, વસતિગણતરીના અહેવાલો, સરકારી

ખાતાના આંકડા, સર્વેક્ષણો વગેરે. આ બધા જ સંશોધન માટે મહત્ત્વની માહિતી પૂરી પાડે છે. ગૌણ દસ્તાવેજો લેખિત સ્વરૂપના હોય છે અને આ માહિતી પ્રાપ્ત કરવા સંશોધકે અભ્યાસક્ષેત્રમાં જવાની જરૂર નથી હોતી. આ સ્રોતોને માહિતીના પરોક્ષ સ્રોતો પણ કહેવામાં આવે છે. આવા ગૌણ સ્રોતો બે પ્રકારના હોય છે :

1. સાર્વજનિક દસ્તાવેજો 2. અંગત દસ્તાવેજો.

**1.સાર્વજનિક દસ્તાવેજો :** આ પ્રકારના દસ્તાવેજોમાં બધી જ સરકારી અને બિનસરકારી સંસ્થાઓના આંકડા, નોંધો, અહેવાલો અને પ્રકાશનો હોય છે.

**(અ) સરકારી દસ્તાવેજો :** કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, મ્યુનિસિપાલિટી અને ગ્રામપંચાયત વગેરે તરફથી પ્રસિદ્ધ થતા અહેવાલો, આંકડા, ઠરાવો વગેરેનો આ પ્રકારના દસ્તાવેજમાં સમાવેશ થાય છે.

આ પ્રકારના દસ્તાવેજોમાં વસતિગણતરીના અહેવાલો, વાર્ષિક ગ્રંથો, રાષ્ટ્ર, રાજ્ય, જિલ્લા-તાલુકાની સંસ્થાઓના ખાતાકીય અહેવાલો, પોલીસખાતું, કોર્ટ, જેલ વગેરેના અહેવાલો, ગુના અંગેના આંકડાઓ, તાર, ટપાલ, રેલવે, ટી.વી., આકાશવાણી વગેરેના અહેવાલો અને દફતરો, રાજ્યના વિવિધ ખાતાનાં દફતરો, શાળા, વિવિધ સરકારી બોર્ડોના, સરકારી પંચોના અહેવાલો ગણી શકાય. જ્યારે બિનસરકારી દસ્તાવેજોમાં સામાજિક સંસ્થાઓના અહેવાલો, સામાજિક પરિષદોના અહેવાલો, કલ્યાણ સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના અહેવાલો, વ્યાપારી સંગઠનો, બેંકો, સંશોધન સંસ્થાઓના અહેવાલો, વર્તમાનપત્રો, સામયિકો, મેગેઝિનો, બુલેટિનો વગેરેનો સમાવેશ થાય છે. આ બધા જ દસ્તાવેજો માહિતી પૂરી પાડે છે, આંકડા પૂરા પાડે છે.

**2. અંગત દસ્તાવેજો :** અંગત દસ્તાવેજો એટલે વ્યક્તિના પોતાનાં અંગત લખાણો, નોંધો, પત્રો, આત્મકથા, ડાયરી વગેરે.

**(અ) અંગત પત્રો :** વ્યક્તિઓ જ્યારે સ્વજનોથી દૂર હોય ત્યારે તે પત્રો લખે છે અને તેમાં તેના દિલની સચ્ચાઈ, એનાં વલણો, મનોવ્યથા તથા સમસ્યાઓ અંગે લખે છે. આ લખાણો સંશોધકને જે તે વ્યક્તિના ચારિત્ર્ય, ગુણો, લક્ષણો તથા વલણો સમજવા કામ લાગે છે.

**(બ) ડાયરી :** વ્યક્તિના ભૂતકાળને સમજવા ડાયરી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિ ઘટનાઓની નોંધ રાખે છે અને આ નોંધો વ્યક્તિની પ્રવૃત્તિ સમજવા, તેના વિચારો સમજવા કામ લાગે છે. વ્યક્તિ ક્યારેક ડાયરીમાં જીવનના અનુભવો, બનાવો, લાગણીઓ તથા વિચારોની પણ નોંધ રાખે છે અને ત્યારે તે સંશોધન માટે ઉપયોગી બને છે.

**(ક) આત્મકથા :** કેટલાક જાહેર જીવનના ઉત્કૃષ્ટ માણસો પોતે આત્મકથા લખે છે અને તે જ્યારે આ લખે ત્યારે પોતે પોતાના જીવનની અનેક ઘટનાઓ, અનેક બનાવો અને પોતાનાં નિરીક્ષણો, લાગણીઓનું વર્ણન કરે છે. તત્કાલિન સમાજવ્યવસ્થા અને બનાવો સમજવા આ માહિતી ખૂબ મહત્ત્વની બને છે.

આવા દસ્તાવેજી સાહિત્ય ખૂબ મહત્ત્વના હોય છે. સંશોધક જો સૂઝ ધરાવતો હોય તો આ માહિતી અમૂલ્ય બની રહે છે. સંશોધકના દૃષ્ટિબિંદુને તે સમૃદ્ધ બનાવે છે. છતાં સંશોધકે આ માહિતીનો ઉપયોગ કરતી વખતે સંશોધક સમયનો સંદર્ભ ખ્યાલમાં રાખવો જોઈએ.

ગૌણ માહિતીનો ઉપયોગ રાધાકમલ મુખરજીએ વસ્તીવૃદ્ધિના સમાજશાસ્ત્રીય વિશ્લેષણમાં કર્યો છે. રોય બર્મને વિભિન્ન પ્રકારની તંગદિલીનાં સામાજિક પાસાં અંગેનો અભ્યાસ સેન્સસને આધારે કર્યો છે. ક્યારેક સંશોધક પ્રાથમિક માહિતીની ચકાસણી માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરે છે.

**(2) પ્રાથમિક માહિતી :**

સંશોધક જાતે જે માહિતી એકત્ર કરે તેને પ્રાથમિક માહિતી કહી શકાય. સંશોધન હેતુ માટે વિવિધ પદ્ધતિઓ દ્વારા જ્ઞાન એકત્ર કરવામાં આવે તેને પ્રાથમિક માહિતી કહી શકાય. પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે સંશોધકે ક્ષેત્ર ઉપર આધાર રાખવો પડે છે. ક્ષેત્રમાં સંશોધક પોતાના હેતુને લક્ષમાં રાખી માહિતી એકત્ર કરવા માટે ક્ષેત્ર પસંદ કરી કોની પાસે માહિતી એકત્ર કરવી તે નક્કી કરે છે. જે વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્ર કરવાની હોય તેની સંશોધક પસંદગી કરે છે. આ પ્રકારની માહિતીને કારણે સંશોધક માનવસંબંધોને સમજી શકે છે, વાસ્તવિક માહિતી પ્રાપ્ત કરી શકે છે, તથા ચકાસણી કરી શકે છે. ક્ષેત્રીય તપાસને કારણે સંશોધક નવા ખ્યાલ ઘડી શકે છે, નવી માહિતી પ્રાપ્ત કરી શકે છે. પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો પડે છે.

**(ક) માહિતી એકત્રીકરણની પ્રક્રિયા :**

સંશોધન માટે સૌથી વધુ મહત્ત્વની અને પાયાની બાબત એટલે માહિતી એકત્રીકરણની પ્રક્રિયા. સંશોધન પ્રશ્ન-નક્કી થયા મુજબ, સંશોધક ક્ષેત્ર નક્કી કરે અને ત્યાર બાદ માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા ખૂબ મહત્ત્વની બને છે. સંશોધક ગૌણ માહિતીના સ્રોતોમાંથી માહિતી એકત્ર કરે. ત્યાર બાદ તે ક્ષેત્ર નક્કી કરી ઉત્તરદાતા નક્કી કરે છે. ક્ષેત્રકાર્ય માટે સૌથી મહત્ત્વનું છે. ઉત્તરદાતા સાથે સંપર્ક, માહિતી પ્રાપ્ત કરવી એ સાવ સહેલી વાત નથી. માહિતી પ્રાપ્ત કરવામાં કોઈપણ પ્રકારે ગેરસમજૂતી ન થાય તેની કાળજી રાખવી પડે. લોકસંપર્ક દ્વારા સતત ક્ષેત્ર સાથે સંપર્ક જાળવવો આવશ્યક બને છે. જો ક્ષેત્રકાર્ય વિવિધ કાર્યકરો દ્વારા કરવાનું હોય તો સંશોધકે કાર્યકરો ઉપર નિરીક્ષણ રાખવું પડે. સાથે સાથે એકત્ર કરેલ માહિતીની ચકાસણી પણ કરવી પડે. અભ્યાસ દરમ્યાન એકત્ર કરેલી માહિતીની ગુપ્તતા સાચવવી જોઈએ. કાર્યકરોને તાલીમ આપી તટસ્થ રહેવા તૈયાર કરવા જોઈએ. એકત્ર કરાયેલ માહિતીની ચકાસણી કરવી જોઈએ.

માહિતી એકત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન સંશોધકે સતત પ્રાપ્ત કરેલ માહિતીની ચકાસણી કરવી ઘટે. માહિતી એકત્રીકરણ માટે અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડે છે. આ પદ્ધતિઓને વ્યવસ્થિત ઉપયોગમાં લેવી જોઈએ. જે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે તેનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. એકત્ર થયેલી વિગતો, માહિતીનું સંપાદન કરવું જોઈએ. એકત્ર કરેલ વિગતોનું વર્ગીકરણ કરી કોઠા તૈયાર કરી, તેનું વિશ્લેષણ કરી તેનાં તારણો તૈયાર કરી અહેવાલ તૈયાર કરવો જોઈએ.

સમગ્ર સંશોધન આ એકત્ર કરેલ માહિતી ઉપર જ આધારિત છે. તેથી યોગ્ય પદ્ધતિની પસંદગી, વૈજ્ઞાનિક પદ્ધતિથી માહિતી એકત્રીકરણ તથા ચકાસણી અને પ્રાપ્ત થયેલ માહિતીનું વર્ગીકરણ કરી, વિશ્લેષણ કરી અહેવાલ તૈયાર કરવો જોઈએ. આ સમગ્ર પ્રક્રિયામાં તટસ્થતા રાખવી જોઈએ, પૂર્વગ્રહરહિત સંશોધન હાથ ધરવું જોઈએ. વિશ્લેષણમાં તમામ પરિમાણોને લક્ષમાં લેવા જોઈએ. અહેવાલ વૈજ્ઞાનિક રીતે લખવો જોઈએ.

હવે પછીના મુદ્દામાં અહેવાલલેખન અંગે ચર્ચા કરીએ :

**(ડ) અહેવાલ લેખન :**

અહેવાલલેખન એ સંશોધનનો છેલ્લો તબક્કો છે. સંશોધનના વિવિધ હેતુ હોય છે અને જે તે હેતુ પ્રમાણે સંશોધન અહેવાલ રજૂ કરવાનો હોય છે. સંશોધન કયા-હેતુ માટે અને કોને માટે થયું હતું તે ધ્યાનમાં રાખી અહેવાલલેખન કરવું જોઈએ. અહેવાલમાં સંશોધનના હેતુ, સંશોધન માટે વાપરવામાં આવેલ પદ્ધતિઓ, માહિતી એકત્રીકરણ માટે ઉપયોગમાં લીધેલ પદ્ધતિઓ, માહિતી ઉપરથી પ્રાપ્ત થયેલાં તારણોનો સમાવેશ કરવો જોઈએ.

અહેવાલમાં –

1. સંશોધનનો પ્રશ્ન
2. સંશોધનની પદ્ધતિ
3. સંશોધનનાં તારણો
4. સામાજિક વિશ્લેષણ અને તારણો
5. સંદર્ભસૂચિ.

ઉપરોક્ત પાંચ બાબતોનો સમાવેશ સંશોધન અહેવાલમાં થવો જોઈએ.

**(1) સંશોધનનો પ્રશ્ન :** વાચકને ખ્યાલ આવે તે રીતે સંશોધકે સંશોધનનો પ્રશ્ન સ્પષ્ટ રીતે લખવો જોઈએ. આ પ્રશ્ન અંગે સંશોધન કરવાનું મહત્ત્વ, એની જરૂરિયાત વગેરેની ચર્ચા કરી, સ્પષ્ટપણે સંશોધનનો પ્રશ્ન આલેખવો જોઈએ.

**(2) સંશોધનની પદ્ધતિ :** સંશોધનનો પ્રશ્ન સ્પષ્ટપણે નક્કી થાય પછી સંશોધકે સંશોધન આયોજન કરવું પડે અને સંશોધનના વિષય અનુરૂપ સંશોધનપદ્ધતિ નક્કી કરવી પડે. અહેવાલમાં આ સંપૂર્ણ પ્રક્રિયાનું આલેખન કરવું જોઈએ. સંશોધકે સંશોધનનું આયોજન સંપૂર્ણપણે આલેખવું જોઈએ. અધ્યયનમાં કઈ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે, નમૂના કઈ રીતે પસંદ કરવામાં આવ્યા હતા વગેરેની વિસ્તૃત ચર્ચા કરવી જોઈએ.

**(3) સંશોધનનાં તારણો :** સંશોધનનો પ્રશ્ન નક્કી કરી ત્યાર બાદ સંશોધન આયોજન કરી માહિતી એકત્ર કરવામાં આવે અને તે માહિતીનું વિશ્લેષણ કરી તારણો તારવવામાં આવે તે સંશોધકે અહેવાલમાં દર્શાવવા જોઈએ.

**(4) સામાજિક વિશ્લેષણ અને તારણો :** સંશોધકને પ્રાપ્ત થયેલાં તારણો ત્યારે જ અર્થપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ બને કે તેનું સામાજિક વિશ્લેષણ થાય. સંશોધકે પ્રાપ્ત થયેલ તારણોના સામાજિક વિશ્લેષણ અહેવાલમાં સમાવવા જોઈએ.

**(5) સંદર્ભસૂચિ :** અહેવાલ લખવામાં જે સાહિત્ય ઉપયોગી બન્યું હોય તેનો સમાવેશ અહેવાલમાં કરવો જોઈએ.

સંશોધકે સૌપ્રથમ શીર્ષક લખવું જોઈએ. સંશોધન અહેવાલમાં માહિતી ટેબલના સ્વરૂપે રજૂ કરવી જોઈએ. માહિતીને વ્યવસ્થિત રીતે રજૂ કરવી જોઈએ. પ્રાપ્ત માહિતીને ગ્રાફ કે ચાર્ટમાં રજૂ કરવી જોઈએ જેથી મહત્ત્વની માહિતી અભ્યાસુને તુર્ત પ્રાપ્ત થાય. સાથે સાથે જે માહિતી વાચક સુધી પહોંચાડવી હોય તે જો અહેવાલમાં રજૂ ન કરવી હોય તો તેને પરિશિષ્ટમાં દર્શાવવી જોઈએ.

સંશોધકે સંશોધન અહેવાલ લખતી સમયે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

1. સંશોધનના પ્રશ્નને સ્પષ્ટપણે દર્શાવવો જોઈએ.
2. સંશોધકને માહિતીમાંથી સંશોધનને ઉપયોગી માહિતી શોધતાં આવડવું જોઈએ.
3. દરેક વિધાન ચકાસીને દર્શાવવું જોઈએ.
4. ચોક્કસ નિર્ણય પર આવતાં પહેલાં તટસ્થ વિચારણા કરી નિર્ણય ઉપર આવવું જોઈએ.
5. તટસ્થ રહેવું જોઈએ.
6. સાદી ભાષા વાપરવી જોઈએ.
7. ગાણિતિક માહિતી, ગ્રાફ, ચાર્ટ ચોક્કસ હોવાં જોઈએ.

સંશોધકે ઉપરની વિગતો સાથે બીજી પણ થોડીક વિગતો અહેવાલ લખતી વખતે ધ્યાનમાં રાખવી જોઈએ. આ અહેવાલ શા માટે લખાય છે ? આ અહેવાલ કોણ ઉપયોગમાં લેવાનું છે ? આ અહેવાલના પ્રશ્નનો કઈ રીતે અભ્યાસ કરવામાં આવ્યો છે ?કઈ પદ્ધતિઓ વાપરવામાં આવી છે ? સંશોધનની કઈ મર્યાદાઓ છે ? અહેવાલના હેતુ પ્રમાણે તેનું કદ નક્કી કરવું જોઈએ. ગ્રાફ અને ચાર્ટ વ્યવસ્થિત રીતે રજૂ કરવા જોઈએ. ઉપરોક્ત બધી બાબતો સાથે ટાઈપિંગનું ધ્યાન રાખવું જોઈએ,સારો કાગળ વાપરવો જોઈએ,સમય વ્યવસ્થિત રીતે નક્કી કરવો જોઈએ,સમયનું આયોજન કરવું જોઈએ.

સંશોધનલેખનમાં સાદી ભાષા અને સાદા શબ્દો વાપરવા જોઈએ. સંશોધનમાં પ્રસ્તાવના લખવી જોઈએ, સૈદ્ધાંતિક ભૂમિકા રજૂ કરવી જોઈએ. ત્યાર બાદ મૂળ અહેવાલ લખી તારણો લખવા જોઈએ. આ સમગ્ર પદ્ધતિ માહિતી એકત્રીકરણ ઉપર આધારિત છે. હવે પછીના મુદ્દામાં તે અંગે ચર્ચા કરીશું.

## 2.3 માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ :

કુદરતી વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની ભિન્નતા મૂળભૂત એની પદ્ધતિમાં તથા તેના વિષયવસ્તુમાં રહેલી છે. કુદરતી વિજ્ઞાનોમાં પ્રયોગપદ્ધતિ અનોખી છે અને ત્યાં વારંવાર ચકાસણી શક્ય છે. સામાજિક વિજ્ઞાનો પણ વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર જ આધારિત છે. પરંતુ આ વૈજ્ઞાનિક પદ્ધતિઓ કુદરતી વિજ્ઞાનો કરતાં અલગ છે. વિજ્ઞાનમાં વ્યવસ્થિત જ્ઞાનનો સમાવેશ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં સંશોધન માટે અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેવી કે ઐતિહાસિક પદ્ધતિ, ગ્રંથાલય પદ્ધતિ, પ્રશ્નાવલિ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ, સર્વેક્ષણ, એકમતપાસ પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ વગેરે. ક્રિયાના સમાજશાસ્ત્રમાં ઐતિહાસિક પદ્ધતિ, સર્વેક્ષણ, ક્રિયાસંશોધન, કેસ સ્ટડી, મૂલ્યાંકન અભ્યાસ તથા પ્રયોગપદ્ધતિનો સમાવેશ થાય છે. આ બધી જ પદ્ધતિઓની ચર્ચા હવે આ મુદ્દામાં કરીશું.

**(અ) ઐતિહાસિક પદ્ધતિ :**

સમાજશાસ્ત્રમાં માહિતી એકત્રીકરણ માટે અનેકવિધ પદ્ધતિઓ વપરાય છે. સમાજશાસ્ત્રીય અધ્યયન માટે ઐતિહાસિક પદ્ધતિ મહત્ત્વની ગણાય છે. ઐતિહાસિક પદ્ધતિમાં ઐતિહાસિક માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. ઐતિહાસિક માહિતી એ ગૌણ માહિતી (દ્વિતીય કક્ષાની માહિતી) છે. આ પ્રકારની માહિતી દરેક સમાજમાં પ્રાપ્ત હોય છે. સંશોધક પોતાની જરૂરિયાત મુજબ આ પ્રાપ્ત કરેલ માહિતીને ગોઠવે છે. સંશોધક પોતાના સંશોધનને અનુરૂપ માહિતીની પસંદગી કરે છે. આ પ્રકારની માહિતીમાં અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. ઐતિહાસિક માહિતીમાં પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, દસ્તાવેજો, અહેવાલો, અવશેષો વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય કેટલાક અંગત દસ્તાવેજોનો સમાવેશ પણ આમાં થાય છે. દા.ત. ડાયરી, પત્રો, આત્મકથાઓ, રોજનીશી વગેરે. આપણા દેશમાં આ સિવાય યાત્રાધામોમાં પંડાઓની વંશાવળી, બારોટના ચોપડા એ પણ પ્રાપ્ત ઐતિહાસિક માહિતી છે.

સંશોધનમાં ઐતિહાસિક માહિતીનો ઉપયોગ બે રીતે કરવામાં આવે છે. સંશોધક માહિતીનો સીધો ઉપયોગ કરે. સંદર્ભ સાહિત્ય તરીકે તેને પ્રાથમિક માહિતી કહેવાય છે. જ્યારે પરોક્ષ માહિતીમાં લેખકે પુસ્તકમાં બીજાના સંદર્ભ ટાંક્યા હોય તેનો સંશોધક ઉપયોગ કરે. આ રીતે માહિતીનો ઉપયોગ કરવામાં આવે તેને પરોક્ષ સંકલન કહેવાય છે. ઐતિહાસિક પદ્ધતિમાં માહિતીનું પરીક્ષણ, ચકાસણી ખૂબ મહત્ત્વની બાબત છે. સંશોધકે આધારસામગ્રીનો વ્યવસ્થિત ચકાસણી કર્યા બાદ જ ઉપયોગ કરવો જોઈએ.

ઐતિહાસિક માહિતી સમાજની ભૂતકાળની બાબતો અંગે માહિતી આપે છે. ઐતિહાસિક માહિતી તુલનાત્મક અભ્યાસ માટે માહિતી પૂરી પાડે છે. સામાજિક પરિવર્તનના અભ્યાસ માટે ઐતિહાસિક પદ્ધતિ દ્વારા ભૂતકાળ સમજવો જરૂરી બને છે. ઘટનાઓ અને બનાવો ક્યારે ક્યાં બન્યા તે જાણવા મળે છે. કોઈપણ ઘટના કે બનાવ મૂળથી અંત સુધીની ઐતિહાસિક પદ્ધતિ દ્વારા જાણવા મળે છે. સામાજિક બનાવો કઈ રીતે બને છે તેનું પાયાનું કારણાત્મક નિરીક્ષણ કરવા માટે ઐતિહાસિક પદ્ધતિ ઉપયોગી બને છે. સમૂહ કે વ્યક્તિના નિરીક્ષણ માટે સાંસ્કૃતિક વારસાના અધ્યયનથી સમગ્ર સમાજ અંગે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય છે. આ પદ્ધતિમાં સંશોધકને અનેક જગ્યાએથી માહિતી પ્રાપ્ત કરવી પડે છે. ઐતિહાસિક માહિતીમાંથી જમાનાની ખૂબીઓ, માનવજાતના વર્તન, વલણ, યુક્તિઓ, સમૃદ્ધિઓ અને નબળી કડીઓ જાણવા મળે છે. ઐતિહાસિક પદ્ધતિમાં ઉપયોગમાં લેવાતી માહિતીને ગૌણ માહિતી કહી શકાય. આ અભ્યાસ કરકસરયુક્ત હોય છે. એક જમાના અંગે સળંગ માહિતી પ્રાપ્ત થાય છે. ઉત્તરદાતાના સહકાર ઉપર આધાર રાખવો પડતો નથી. સમૃદ્ધ માહિતી પ્રાપ્ત થાય છે. ઐતિહાસિક માહિતીના મુખ્ય સ્રોત : (1) દસ્તાવેજો (2) વ્યક્તિગત દસ્તાવેજો.

આ બધાની વિગતે ચર્ચા કરીએ :

**(1) દસ્તાવેજો :** અક્ષરજ્ઞાન અને પ્રિન્ટિંગનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી માહિતી, લોકગીતો, વાર્તાઓ, દંતકથાઓ કે શિલાલેખોને બદલે દસ્તાવેજોમાં એકત્ર થવા લાગ્યું. સરકારી દસ્તાવેજોમાં વસતિગણતરીના હેવાલો, જિલ્લાના ગેઝેટિયરો, અહેવાલો, વિશ્વબેંકના અહેવાલો, સંસદ અને વિધાનસભાના અહેવાલો, સંસ્થાકીય દસ્તાવેજો ખૂબ મહત્ત્વના હોય છે. આ બધી જ વિવિધ માહિતી છે અને આ તટસ્થ માહિતી હોય છે. આ સાથે વર્તમાનપત્રો, સામયિકો વગેરેનો સમાવેશ આ પ્રકારના દસ્તાવેજોમાં કરી શકાય.

**(2) વ્યક્તિગત દસ્તાવેજો :** સરકારી અને સંસ્થાકીય દસ્તાવેજો એ એવી માહિતી છે કે જે પોતાના રેકોર્ડ માટે સરકાર અને સંસ્થાઓ રાખે છે. જ્યારે કેટલીક વ્યક્તિઓ પોતે રોજનીશી લખે છે, નોંધ લખે છે, જે અંગત દસ્તાવેજો ગણાય છે. એ જ રીતે વ્યક્તિ જે પત્રો લખે છે, તે પત્રો પણ દસ્તાવેજ બને છે. અલબત્ત રોજનીશી ખૂબ મહત્ત્વના દસ્તાવેજ બને છે. સંશોધકને ક્યારેક કોઈક ઘટના, બનાવની ચકાસણી કરવી હોય ત્યારે આ માહિતી મદદરૂપ બને છે. વ્યક્તિના જીવનના કોઈક પાસાઓનું વિશ્લેષણ કરવું હોય તો આવા અંગત દસ્તાવેજો મદદરૂપ થાય છે. ક્યારેક કોઈક બાબત સમજવા આ દસ્તાવેજો ખૂટતી કડીઓ બને છે.

અલબત્ત ઐતિહાસિક માહિતીની વિશ્વસનીયતા ચકાસવી જોઈએ. ખાસ કરીને માહિતીનો સ્રોત આધારભૂત છે કે નહિ, તે તપાસવો જોઈએ. જે માહિતી હોય તેમાં હકીકતદોષ છે કે નહિ, તે તપાસવું

જોઈએ. ઐતિહાસિક પદ્ધતિ પુષ્કળ પ્રમાણમાં મળે છે પણ આ માહિતી એકત્રીકરણની પદ્ધતિ વૈજ્ઞાનિક હશે કે કેમ ? તેવા પ્રશ્નો મહત્ત્વના છે. ઐતિહાસિક માહિતીને ચકાસવી પડે છે. ઐતિહાસિક માહિતી સામાજિક સંશોધન માટે ખૂબ મહત્ત્વની છે. પણ આ માહિતી યોગ્ય રીતે ચકાસાયેલી હોય તો જ.

**(બ) સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ :**

સામાજિક સંશોધન શબ્દ ફ્રેંચ શબ્દ recherche ઉપરથી અંગ્રેજી શબ્દ research આવ્યો છે. આ શબ્દનો શબ્દકોશીય અર્થ 'જોવું' થાય છે. સંશોધનમાં વૈજ્ઞાનિક શબ્દ અતિમહત્ત્વનો છે. સંશોધન માત્ર શુદ્ધ જ્ઞાન માટે તથા વ્યવહાર માટે થતું જોવા મળે છે. યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ તથા સંશોધકો જ્ઞાનપ્રાપ્તિ માટે સંશોધન કરે છે. જ્યારે ઉદ્યોગો, સરકાર તથા સંશોધકો જ્ઞાનપ્રાપ્તિ કરતાં વ્યવહારમાં એનો ઉપયોગ કરવા માટે સંશોધન હાથ ધરે છે. આવાં સંશોધનો મહદ્ અંશે ઉપયોગિતાવાદી છે. સામાજિક સંશોધન અને સામાજિક સર્વેક્ષણ ભિન્ન છે. સર્વેક્ષણમાં ખૂબ મોટા સમૂહની તપાસ થઈ શકે છે. સર્વે દ્વારા નાના સમાજ, સમુદાયોની પણ વ્યવસ્થિત તપાસ થઈ શકે. સર્વેને જો વ્યવસ્થિત આયોજન કરી અમલમાં મૂકવામાં આવે તો વ્યવસ્થિત વૈજ્ઞાનિક અભ્યાસ શક્ય છે. સામાજિક ઘટના કે બનાવ અંગેની માહિતી એકત્ર કરવા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. ઉત્તરદાતાઓના વલણ, જ્ઞાન, અભિપ્રાય, અભિગમ અને માન્યતાઓ જાણવા આ પદ્ધતિનો ઉપયોગ થઈ શકે. દા.ત. ટુથપેસ્ટ કેવી છે ? ભારત પાકિસ્તાન યુદ્ધ થશે કે કેમ ? વડાપ્રધાનનું નામ શું છે ? ભૂત છે કે નહિ ? પ્રેમલગ્ન સારા કે પારંપારિક લગ્ન ? આવા સવાલોના જવાબ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત કરી શકાય. વિવિધ સમૂહોના અભ્યાસ માટે આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

અમેરિકામાં, ભારતમાં, દુનિયાના મોટા ભાગના દેશોમાં વસતિગણતરી માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. લોકવલણ જાણવા, બજારના વલણ જાણવા, કૌટુંબિક બાબતો જાણવા, રાજકીય મત જાણવા આ પદ્ધતિ ખૂબ ઉપયોગી જણાય છે. સમાજમાં આનો ઉપયોગ થાય છે. તત્કાલિન પરિણામો પ્રાપ્ત કરવા માટે આ યોગ્ય પદ્ધતિ જણાય છે.

આ પદ્ધતિના ઉપયોગ માટે સૌપ્રથમ સંશોધનના હેતુ સ્પષ્ટપણે નક્કી કરવા પડે. સંશોધન વિષય અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. સંશોધન વિષય અંગેનું વિધાન કરવું જોઈએ જે સૌથી વધુ મહત્ત્વનું છે. આ વિધાન સ્પષ્ટ હોવું જોઈએ. સંશોધનને દિશા આપનાર હોવું જોઈએ. આ વિધાનમાં હેતુ સ્પષ્ટ થવો જોઈએ. આ પ્રક્રિયા બાદ કયા સમુદાય, જૂથ કે સમાજ માહિતી એકત્ર કરવા માટે પસંદ કરવો જોઈએ. ક્ષેત્ર નક્કી કર્યા બાદ નિદર્શ- (Sample) નું કદ નક્કી કરવું જોઈએ. નિદર્શ સંપૂર્ણપણે પ્રતિનિધિત્વ ધરાવતું હોય તે રીતે પસંદ કરવું જોઈએ. પછી ક્ષેત્રકાર્ય માટેનું સ્થળ નક્કી કરવું જોઈએ. આ બધી બાબતો નક્કી થયા બાદ સમયબદ્ધ આયોજન થવું જ જોઈએ.

આવા અભ્યાસો, એક જ પ્રકારના એકીસાથે વિવિધ સ્થળોએ કરી શકાય. કોઈ ચોક્કસ મત જાણવા માટે વિવિધ પ્રકારના સમાજોમાં એકીસાથે, એકીસમયે અભ્યાસ હાથ ધરી શકાય. કોઈ ઘટના વિશે એકીસાથે ઘણાં સ્થળોએથી અભ્યાસ માટે માહિતી એકત્ર કરી શકાય. ક્યારેક એક જ સાધનથી સમયાંતરે પરિવર્તન માપવા આ પદ્ધતિથી અભ્યાસ હાથ ધરી શકાય. આવા સમયે કોઈક ચોક્કસ variables નક્કી કરવા જોઈએ. આવા પ્રકારનું આયોજન જો કરવામાં આવે તો સંશોધનના ધ્યેય પરિપૂર્ણ થઈ શકે. સર્વેક્ષણ માટેની પ્રશ્નાવલી પણ વ્યવસ્થિત બનાવવી જોઈએ. સંશોધકને કઈ માહિતી જોઈએ છે તે સૌપ્રથમ સ્પષ્ટ કરવું જોઈએ. આ માહિતી પ્રાપ્ત કરવા કેવા પ્રકારના અને ક્યા પ્રશ્નો પૂછવા જોઈએ તે નક્કી કરવું જોઈએ. પ્રશ્નાવલી બનાવ્યા પછી પ્રશ્નાવલીની ચકાસણી કરવી જોઈએ. પ્રશ્નાવલીમાં પ્રશ્નોની રચના, પ્રશ્નોની સંખ્યા અને પ્રશ્નોનો ક્રમ મહત્ત્વનો છે અને તે વ્યવસ્થિત રીતે નક્કી કરવા જોઈએ.

આ પદ્ધતિમાં પ્રશ્નો પૂછતાં પહેલાં કે પ્રશ્નાવલિ ભરાવતાં પહેલાં ઉત્તરદાતાને સંશોધનનું ધ્યેય, મહત્ત્વ અને જરૂરિયાતોની જાણ કરવી જોઈએ. આવી જાણ કરવાથી પ્રશ્નાવલીના પ્રતિભાવ ઝડપી અને વ્યવસ્થિત પ્રાપ્ત થાય છે. પ્રશ્નાવલી જાતે જ પ્રત્યક્ષ બેસીને ભરાવી શકાય. આમાં પ્રતિભાવ લગભગ સંપૂર્ણ પ્રાપ્ત થાય છે. પ્રશ્નાવલી જો પોસ્ટ દ્વારા મોકલવામાં આવે તો પ્રતિભાવ મહત્તમ, વધુ ને વધુ પ્રાપ્ત થાય. આ પ્રક્રિયા સૌથી સસ્તી છે. બીજાં કોઈપણ પરિબળો ઉત્તરદાતાને પ્રભાવિત કરતાં નથી. આ પ્રક્રિયા પાર પાડવા માટે કાર્યકરોને તાલીમ પણ સૌથી ઓછી આપવી પડે છે.

સરવાળે આ પ્રક્રિયા સરળ અને સમય તથા નાણાંનો કરકસરયુક્ત ઉપયોગ કરે છે.

જો મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે તો સ્પષ્ટ વાતચીત શક્ય છે, ખૂબ સુંદર પ્રતિભાવ પ્રાપ્ત થઈ શકે, મહદ્ અંશે બધા જ પ્રશ્નોના જવાબ પ્રાપ્ત થાય. પરંતુ આ પદ્ધતિ અતિખર્ચાળ છે. આમાં નાણાં, સમય અને સંશોધનો પુષ્કળ પ્રમાણમાં વપરાય છે. અલબત્ત આ પદ્ધતિ દ્વારા વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી શકાય.

ક્યારેક મુલાકાત ટેલિફોન દ્વારા શક્ય બને છે. આ પદ્ધતિ પ્રત્યક્ષ મુલાકાત કરતાં ઓછી ખર્ચાળ છે. છતાં ક્યારેક એનો ઉપયોગ થાય છે પણ એ અતિ અસરકારક નથી.

**સર્વેક્ષણ પદ્ધતિના ફાયદા :**

સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા સંશોધન કરવામાં કેટલાક ચોક્કસ ફાયદા છે જ. એકીસાથે ખૂબ મોટા સમૂહ અંગેની માહિતી પ્રાપ્ત થઈ શકે. જો પ્રશ્નાવલી યોગ્ય ક્રમમાં, વ્યવસ્થિત કદની હોય અને ઉત્તરદાતા પાસે ભરાવવામાં આવે તો ખૂબ મોટા સમૂહ પાસેથી માહિતી પ્રાપ્ત કરી શકાય. આ પદ્ધતિ દ્વારા એક જ ધોરણસર માહિતી પ્રાપ્ત કરી શકાય. આ પદ્ધતિ દ્વારા સર્વ પ્રકારની માહિતી એકત્ર થઈ શકે. આ પદ્ધતિ સામાજિક સમસ્યા માટે માહિતી એકત્ર કરી આપે છે. આ પદ્ધતિ દ્વારા સામાજિક પ્રગતિ અને સુધારણા માટે સૂચનો કરી શકાય.

**સામાજિક સર્વેક્ષણના ગેરફાયદા :**

સર્વેક્ષણમાં માત્ર ઉત્તરદાતાની યાદ ઉપર જ આધાર રાખવો પડે છે. જો આ યાદ ભૂલભરેલી હોય તો સંશોધકને ખોટી માહિતી પ્રાપ્ત થાય. ઉત્તરદાતાને જ્યારે પોતાને પ્રશ્નાવલી ભરવાની હોય ત્યારે જો તે યોગ્ય ન ભરે તો ચકાસણી શક્ય નથી તેથી માહિતી ખોટી પ્રાપ્ત થાય.

આમ આ પદ્ધતિ મોટા સમૂહ માટે માહિતી પ્રાપ્ત કરવા અતિ ઉત્તમ છે.

**(ક) ક્રિયા સંશોધન પદ્ધતિ :**

વિકાસની પ્રક્રિયાએ અનેક પ્રશ્નોને જન્મ આપ્યો અને ક્ષેત્રમાં ક્ષેત્રકાર્યકરોએ એના ઉકેલો શોધ્યા. દુનિયામાં વૈજ્ઞાનિક ક્રાંતિ અને ટેક્નોલોજીના ઝડપી વિકાસે પરિવર્તનની ઝડપ ખૂબ વેગવંતી બનાવી. વિજ્ઞાન, ટેક્નોલોજી અને સમાજ—આ ત્રણેના સમન્વયને કારણે વિવિધ પ્રશ્નો આસાન બન્યા અને છતાં દુનિયામાં અનેક વિષમતાઓ ઉદ્ભવી. દરેક સામાજિક સમુદાયોમાં પરિવર્તન આવ્યાં છતાં આ પરિવર્તનની પ્રક્રિયામાં કેટલાક સમુદાયો ખૂબ વધુ વિકાસ પામી શક્યા જ્યારે કેટલાક એનો ખૂબ ઓછો લાભ પ્રાપ્ત કરી શક્યા. જે સમુદાયો ઓછો લાભ પ્રાપ્ત કરી શક્યા છે તે કઈ રીતે વિકાસનો વધુ લાભ પ્રાપ્ત કરી શકે તે સવાલ ખૂબ મહત્ત્વનો છે. સમાજશાસ્ત્ર સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરી જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ સમાજશાસ્ત્ર શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને તેમાં ક્રિયાનો સમાવેશ થતો નથી. પરંતુ ઑગસ્ટ કોમ્ટ પોતે જ ક્રિયાના સમર્થક હતા અને સમાજની સુખાકારી માટે તેમણે સામાજિક પુનર્રચનાની યોજના તથા માનવતાવાદી ધર્મની યોજના બનાવી હતી. કાર્લ માર્ક્સ પણ કર્મશીલ અને સિદ્ધાંતકાર તરીકે વિખ્યાત છે.

ક્રિયાના સમાજશાસ્ત્રનો ખ્યાલ સામાજિક વ્યવસ્થામાંથી ઉદ્ભવ્યો છે. સામાજિક વ્યવસ્થાને વ્યાખ્યાત્મક કરવાના પ્રયત્નમાંથી સામાજિક ક્રિયાનો ખ્યાલ ઉદ્ભવ્યો. ક્રિયાના સમાજશાસ્ત્રીએ સામાજિક વાસ્તવિકતાઓને એની જટીલતા અને બહુવિધતાની દષ્ટિએ સમજી આલોચનાત્મક અભિગમથી વિશ્લેષણ કરવું જોઈએ. સામાજિક માળખાંઓ અને સામાજિક પ્રક્રિયાઓ સમજી તેનું વિશ્લેષણ કરવું જોઈએ.

ક્રિયાનો સમાજશાસ્ત્રી પ્રવર્તમાન સમાજના સામાજિક અને આર્થિક પડકારો અને તેની અસરો અંગે સ્પષ્ટ સમજ મેળવવાનો પ્રયત્ન કરે છે. ક્રિયાનો સમાજશાસ્ત્રી સામાજિક માળખાંની વ્યવસ્થાની ખરાબી, માળખાની અસમતુલા, શોષણ, દમન દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

ક્રિયાના સમાજશાસ્ત્રીએ આવા પરિવર્તનના કાર્યમાં સલાહકારની કે કાર્ય શરૂ કરનાર કે કાર્ય કરનારની ભૂમિકા સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર કે સરકારી અધિકારી તરીકે સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં ભજવવી જોઈએ. સામાજિક પરિસ્થિતિને અનુરૂપ ભૂમિકા ભજવવી પડશે. આવા કાર્ય માટે સહભાગી સંશોધન પદ્ધતિ સૌથી વધુ અનુરૂપ છે.

ક્રિયા સંશોધન પદ્ધતિ ત્રણ પ્રકારનાં કાર્યો કરે છે :

1. સમાજના પ્રશ્નો સમજવાની.
2. સામાજિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરી સમસ્યાના સંદર્ભો સમજી સમસ્યાના ઉકેલ માટે વ્યૂહરચના ઘડવાનું. આ સમગ્ર કાર્યમાં પ્રજાની સંપૂર્ણ સામેલગીરી જરૂરી છે.
3. આ વ્યૂહરચનાના અમલના ભાગીદાર બનવાનું અને નિરીક્ષક બનવાનું.

આ પદ્ધતિમાં સમાજવૈજ્ઞાનિક, સંશોધક અને કર્મશીલ તરીકે ફરજ બજાવે છે.

"સહભાગી સંશોધનપદ્ધતિ ત્રણ પ્રકારનાં કાર્યો કરે છે. સમુદાયની સંપૂર્ણ સામેલગીરીવાળી આ સામાજિક સંશોધનપદ્ધતિ છે જે શૈક્ષણિક પ્રક્રિયા છે અને વિકાસ માટે કાર્ય કરવાનું સાધન છે." (Budd Hall, 1978) આ પદ્ધતિનો મુખ્ય ધ્યેય સામાજિક વાસ્તવિકતામાં ક્રાંતિકારી પરિવર્તન અને લોકોના જીવનમાં સુધારણા કરવાનું છે.

આ સંશોધનપદ્ધતિની મુખ્ય ખાસિયત એ છે કે આ પદ્ધતિમાં સત્તાવિહીન જૂથો, શોષિતો, ગરીબ, કચડાયેલાં અને નબળાં જૂથોનો સમાવેશ કરવામાં આવે છે. આ પદ્ધતિ લોકોની સામેલગીરી દ્વારા તેમને જાગૃત કરી તેમના પ્રશ્નોની સામાજિક સંદર્ભોમાં વાસ્તવિક સમજ આપી, તેમને તેમનાં સંશોધનો વિશે જાગૃત કરી પોતે સ્વાયત્ત રીતે વિકાસ સાધી શકે છે. એ જાગૃતિ લાવી તેમની જ પાસે વ્યૂહરચના ઘડાવી તેમના દ્વારા જ એ વ્યૂહરચના અમલમાં મૂકવી. જરૂર હોય ત્યાં સલાહસૂચન, માર્ગદર્શન કે મદદ દ્વારા સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં તેમની સંપૂર્ણ સામેલગીરી માટે તૈયાર કરે છે.

યુનાઈટેડ નેશન્સનાં બધાં જ એકમો અને સ્વૈચ્છિક સંગઠનોની ભાગીદારીમાં ક્રિયાના સમાજશાસ્ત્ર માટેની ક્રિયાની સંશોધનપદ્ધતિનો વિકાસ થયો છે. સમાજવૈજ્ઞાનિકો, કર્મશીલો, વહીવટી અમલદારો અને સ્વૈચ્છિક સંગઠનો, સામુદાયિક વિકાસ અને શિક્ષણ, પ્રસાર જેવા કાર્યક્રમોના અમલ માટે બહોળો ઉપયોગ કરવામાં આવે છે. આ ક્રિયા સંશોધનપદ્ધતિનાં સોપાનો સામાન્ય સંશોધનપદ્ધતિઓ કરતાં અલગ હોય છે.

હવે ક્રિયાના સમાજશાસ્ત્રના સંશોધનપદ્ધતિનાં સોપાનો જોઈએ.

ક્રિયાના સમાજશાસ્ત્રના સંશોધનપદ્ધતિનાં સોપાનો સમાજની સામાજિક પરિસ્થિતિને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે, સમાજનાં સામાજિક માળખાં, તેનાં મૂલ્યો, ધોરણો સમજવા તથા સૂચિત, અપેક્ષિત પરિવર્તન માટે નીચેના તબક્કા સૂચવવામાં આવે છે :

1. સંશોધક સભા (મીટિંગ) પહેલાં લોકો સાથે વાતચીત કરી સર્વે કરે છે.
2. જે તે બાબત (Issue) માટે શિબિર કે સભા યોજે છે.
3. સભા કે શિબિરમાં લોકોને બોલતા કરે, એમના પ્રશ્નો એ નક્કી કરે એવી વ્યવસ્થા કરે.
4. શોષિત પોતે જ પોતાની વ્યૂહરચના કરે અને કાર્યક્રમનો અમલ કરે.
5. લોકો મૂલ્યાંકન કરે.

આ પાંચ તબક્કાઓ દ્વારા ક્રિયાનું સમાજશાસ્ત્ર સંશોધન કરે છે.

**1. સંશોધક સભા (મીટિંગ) પહેલાં લોકો સાથે વાતચીત કરી સર્વે કરે છે.** આ પદ્ધતિમા સંશોધક માત્ર સંશોધક નથી પણ તે કાર્યક્રમને અમલમાં મૂકનાર પણ છે. અમલીકરણની પ્રક્રિયામાં લોકો કાર્ય કરે અને સંશોધક માર્ગદર્શક બની સાથે રહે છે. આ પરિસ્થિતિમાં સંશોધક ક્ષેત્રની માહિતી નિરીક્ષણ દ્વારા, વાતચીત દ્વારા પ્રાપ્ત કરે છે. સભા પહેલાં (Premeeting) સર્વેક્ષણ દ્વારા ક્ષેત્ર અંગે, ક્ષેત્રનાં જૂથો અંગે, લોકો અંગે, લોકોના વલણ, વર્તન, વિચાર અંગે માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આ ચેષ્ટા દ્વારા સંશોધક સમગ્ર જૂથ, સમુદાય અંગે શક્ય તેટલી માહિતી એકત્ર કરે છે. આ માહિતી સંશોધકને સમુદાયના લોકોને ઓળખવામાં, તેમની શક્તિઓને સમજવામાં, તેમની કાર્યપદ્ધતિ, ભાષા, મૂલ્યો અને ધોરણો સમજવામાં ઉપયોગી બને છે.

**2. જે તે બાબત (Issue) માટે શિબિર કે સભાનું આયોજન :** સૌપ્રથમ લક્ષ્યાંક જૂથના સભ્યોને એકત્રિત કરી તેમને સમગ્ર રૂપરેખા સમજાવી, નાનાં નાનાં જૂથોમાં વહેંચી તેમની સાથે ચર્ચા કરી, તેમને સમગ્ર કાર્યની રૂપરેખા સમજાવી, નાનાં જૂથોમાં વહેંચી, તેમના જૂથ બનાવવામાં આવે છે. આવાં જૂથોમાં તેમને બહુમતિ કે સર્વસંમતિથી જૂથના કાર્યકર્તાઓ તરીકે કાર્ય કરવા માટે, હોદ્દેદારો

નક્કી કરવાનું સૂચવવામાં આવે છે. આ હોદ્દેદારોને, જૂથ સાથે સમયાંતરે મળી, નિયમિત સભા બોલાવી, ચર્ચા કરશે એવું સૂચન કરવાનું રહેશે.

ટૂંકમાં, જૂથ સાથે બેસી એક તટસ્થ ચર્ચા કરે એવી પરિપાટી યોજવામાં આવે છે.

**3.** સભા કે શિબિરમાં લોકોને બોલતા કરે, એમના પ્રશ્નો એ નક્કી કરે એવી વ્યવસ્થા કરે. આવી સભાઓમાં લોકો હાજર રહે, તે માટે લોકોને સંદેશા મોકલવાનું, તેમને પ્રોત્સાહિત કરવાનું, તેમના હોદ્દેદારોને તૈયાર કરવાનું રહેશે. આ સૌ સભ્યો પોતાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરે. પોતાની પરિસ્થિતિની છણાવટ કરે પરિસ્થિતિને સમજે, આ પ્રક્રિયામાં સંશોધક જૂથને મદદ કરે. આ સભામાં મોટા ભાગના સભ્યો ભાગ લે, તેવો પ્રયત્ન કરે. સભ્યો પોતે જ પોતાના પ્રશ્નોની ચર્ચા કરે, પોતાના પ્રશ્નોનાં કારણો સમજવાનો પ્રયત્ન કરે. આ પ્રશ્નોના વૈકલ્પિક ઉપાયોની ચર્ચા કરે, તેવું સૂચવવાનું રહે. સભાના સભ્યો પોતે પોતાના પ્રશ્ન અંગે, પરિસ્થિતિ અંગે જાગૃત થાય અને પોતાની જરૂરિયાત નક્કી કરે. આ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા પોતે શું કરી શકે ? આ અંગે વિચાર કરે. પોતાની શક્તિઓને ઓળખે, નબળાઈઓને સમજે, પોતાનાં સંશોધનો અંગે ચર્ચા કરે તથા જાગૃત થાય તેવું ક્રિયાના સમાજશાસ્ત્રીએ ગોઠવવાનું રહેશે. આ સભાઓમાં સામાજિક વાસ્તવિકતાઓના પરિવર્તન અંગે શક્ય તેટલા વિકલ્પો વિચારવા દો.

આ અંગે ક્રિયાના સમાજશાસ્ત્રીએ સભ્યોમાં દરમ્યાનગીરી કરી ગહન રીતે, સામૂહિક રીતે વિચારવાનું સૂચન કરો. આવી સભાઓ થાય એટલે જે તે વિસ્તારમાં સામાજિક કાર્ય અંગે વાતાવરણ ઘડાશે. આવી સભાઓ દ્વારા સામાજિક પરિસ્થિતિ, સામાજિક માળખાં, સામાજિક પ્રક્રિયાઓ અંગે લોકોની સમજ સ્પષ્ટ બનશે. શોષણની વ્યવસ્થા અંગે લોકો સમજતાં થશે. કયાં કારણોસર સમસ્યા ઉત્પન્ન થાય છે તે અંગે લોકો જાતે આલોચનાત્મક વિચારની પ્રક્રિયાથી સમજતા થશે. સમગ્ર જૂથ કયા પ્રશ્નથી કેટલા પડકારોનો સામનો કરે છે, આ સમસ્યાથી સમાજના સભ્યોને કેટલું નુકસાન થાય છે તે સ્પષ્ટ બનશે. પ્રશ્નના હલ માટે શું કરવું જોઈએ તે ચર્ચામાંથી વિકલ્પો પ્રાપ્ત થશે. સમસ્યાના ઉકેલ માટે શું કરી શકાય તે અંગે સમાજના સભ્યો શું વિચારે છે, કેટલા રસ્તા છે, તે રસ્તામાં કયા વિઘ્નો આવવાની સંભાવના છે, કઈ રીતે સમસ્યાના હલ વિશે વિચારી શકાય તેની તાલીમ મળશે. લોકો નિયમિત સભામાં આ ચર્ચા કરશે તેથી તે પોતાની પરિસ્થિતિ અંગે જાગૃત થઈ જાતે સ્પષ્ટ બનશે, પોતાનાં સંશોધનો અંગે માહિતી પ્રાપ્ત કરશે, પોતાની નબળાઈઓ તથા શક્તિઓ ઓળખશે. ધીમે ધીમે સભ્યોમાં ઉકેલનાં સોપાનો અંગે જાગૃતિ સાથે એકમતિ સધાશે. આ પદ્ધતિથી સૌ સભ્યો વચ્ચે સમાનતામૂલક સંબંધો પણ ગોઠવાશે. સૌ સભ્યો સામેલગીરીથી સમૃદ્ધ બનશે.

આ પ્રક્રિયા દ્વારા સમૂહના સભ્યો સામાજિક પરિવર્તન માટેનાં સંશોધનો અંગે જાગૃતિ કેળવશે અને પોતાની જવાબદારી તથા શક્તિઓ અંગે જાગૃત બનશે. આ પ્રક્રિયાથી સ્વજાગૃતિ અને સ્વનિર્ભરતાનો વિકાસ થાય છે.

આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિ, સમુદાય અને સમાજના જ્ઞાનનો ઉપયોગ કરશે. સામાજિક જ્ઞાન દ્વારા સમૂહ કુશળતા પ્રાપ્ત કરશે.

Paulo Friere - પાઉલો ફાયર વ્યક્તિ અને સમૂહ માટે આ પદ્ધતિની પ્રક્રિયામાંથી શિક્ષણ પ્રાપ્ત કરશે અને આ શિક્ષણની પ્રક્રિયા જ ખૂબ મહત્ત્વની છે એમ કહે છે.

પાઉલો ફાયર જણાવે છે કે ''સંવાદ દ્વારા સંચેતના આવશે'' (ફાયર પાઉલો : 1972 : 15)

''સામાજિક, રાજકીય અને આર્થિક વિરોધોની અનુભૂતિ અને વાસ્તવિકતાનાં શોષક તત્ત્વોની સામે વિરોધનાં પગલાં લેવાનું શીખવે છે. તેને સંચેતનાની પ્રક્રિયા કહી શકાય.'' (જોષી વિદ્યુત : 1992 : 21) આ પ્રક્રિયા લોકજાગૃતિ કેળવે છે તથા શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. આ સમગ્ર પ્રક્રિયા માણસને સામાજિક વાસ્તવિકતાના દર્શન કરાવી, તેને દૂર કરવા અંગે વિચાર કરવા પ્રેરે છે, તૈયાર કરે છે. આવી ચર્ચામાંથી જ શોષક તત્ત્વોને દૂર કરવા માટેનાં પગલાં લેવાનો વિચાર તેમનામાં ખુમારી અને આત્મસન્માન જન્માવે છે. ડૉ. વિદ્યુત જોષી કહે છે કે ''શોષક અને શોષિત બન્નેને મુક્ત કરવાનો આ માનવતાવાદી વિચાર છે.'' (જોષી વિદ્યુત : 1992 : 21) શોષિતો સાથેના સંવાદમાંથી જાગૃતિ આવે છે અને એમાંથી જ સંગઠન રચાય છે. આ સંગઠનમાંથી તાકાત ઊભી થશે. આ પ્રક્રિયા ખૂબ લાંબી છે. પણ આનાથી લાભાર્થીઓ જાગૃત બનશે. આ શોષિતો પોતે જ શોષણની આખી

પ્રક્રિયાનો પર્દાફાશ કરશે, એને સમજશે અને પછી તેના પરિવર્તન માટે કટિબદ્ધ થશે. બીજા તબક્કામાં જ્યારે શોષણની પરિસ્થિતિ બદલાઈ ચૂકી હશે ત્યારે, આ શિક્ષણ માત્ર શોષિતોનું ન રહેતાં બધા જ લોકોને માટે કાયમ સ્વતંત્રતા આપવાની પ્રક્રિયા બની જશે. આ બન્ને તબક્કામાં સાંસ્કૃતિક સર્વોપરિતાની સામે સાંસ્કૃતિક લડત આપવાનાં પગલાં લેવાય છે. પ્રથમ તબક્કામાં શોષિતોની આ જગતને જોવા અને સમજવાની રીત બદલાય છે. જ્યારે બીજા તબક્કામાં જૂના શોષણખોર માળખાઓએ ઊભી કરેલી દંતકથાઓને હાંકી કાઢી નવું માળખું ઊભું કરવામાં આવે છે.

કેટલાક એવો ભય પણ વ્યક્ત કરે છે કે, આવા શિક્ષણથી હિંસા વધશે, અને શોષણ એ જ હિંસા છે. શોષિતો ખૂબ કચડાયેલા છે કે જેથી હિંસા અશક્ય છે અને શોષિતોએ કદી હિંસા કરી નથી. આ હિંસાથી મુક્ત થવાનો શું શોષિતોને અધિકાર નથી ?

આ પ્રક્રિયા દ્વારા શોષકોની ચાલાકી બહાર આવે છે. આ સહભાગી સંશોધનપદ્ધતિ દ્વારા શોષકોની ચાલાકીઓનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા શોષિતો જે હિંસાનો ભોગ બને છે તે હિંસા કઈ રીતે થાય છે તે અંગે જાગૃતિ આપે છે. સહભાગી સંશોધનપદ્ધતિ શોષણના તમામ રસ્તાઓને સ્પષ્ટપણે દશ્યમાન બનાવે છે. આ એક એવી પ્રક્રિયા છે કે જે દ્વારા શોષણનાં માળખાં, પ્રક્રિયા જેવા કે લઘુતમ વેતન ન આપવું, મજૂરોને લાભ થાય એવાં માળખાં ન ગોઠવવા, મજૂરોને વ્યાવસાયિક રોગો ન થાય એ માટેની વ્યવસ્થા ન કરવી, કામની અમાનવીય પરિસ્થિતિ રાખવી, પચાસ વર્ષ કામ કર્યા પછી પણ કાયમી આવક (પેન્શન) ન મળે તે અંગે વિચારવું પણ નહીં, તેમને આરોગ્ય વીમો ન મળે તોપણ કંઈ ન કરવું અને પ્રજાના મોટા ભાગ સાથે આ નિયમિત બને તો પણ સરકાર કંઈ જ પગલાં ન લે. એટલે કે સરકાર આ અન્યાય વાજબી ગણે છે અથવા એ પણ આ શોષણના માળખાનો એક ભાગ છે એમ ગણી શકાય.

આ પદ્ધતિ શિક્ષણની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા શોષિતો શોષણમુક્ત સમાજનું માળખું બદલવા પ્રતિબદ્ધ બનશે. કેટલાક શોષક વર્ગના સમજદાર માણસો આ લડતને ટેકો આપશે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ લડતને ટેકો આપશે. આ પ્રક્રિયામાં શોષિત વર્ગના કેટલાક એ વર્ગમાંથી મુક્ત થઈ જશે.

આ પ્રક્રિયામાં સંવાદ દ્વારા સંચેતના આપે છે. આ પ્રક્રિયામાં જાગૃતિકરણનો સંવાદ ચાલે છે. આ જાગૃતિકરણના સંવાદ દ્વારા શોષિત પોતે પણ સંઘર્ષનો ભાગ બને છે. જે લોકો વર્ષોથી યાતનાઓના શિકાર બન્યા હોય તેવા લોકો સમાન ભાષા, સમાન શબ્દો દ્વારા સાચો સંવાદ જન્મી શકે. શોષિત પોતે પોતાની ગરીબી, શોષણ, અસમાનતા, અસમાન સામાજિક સંબંધોનાં મૂળિયાં, સ્રોત, પ્રક્રિયા, ભાષા અંગે સાચી સમજ કેળવાશે.

આ પરિસ્થિતિને નાબૂદ કરવા તેની સામેલગીરી વધશે. પોતે પ્રતિબદ્ધ બનશે, કટિબદ્ધ બનશે. પોતે પોતાની લડાઈ લડવા તૈયાર થશે અને પોતાની લડાઈ પોતે લડશે. વ્યક્તિ બધી જ પરિસ્થિતિને જાતે સમજશે, અને જાતે જ આ બાબત અંગે વિચારશે.

**4. આ મહત્ત્વનું સોપાન છે. શોષિત પોતે જ વ્યૂહરચના ઘડશે :** આ સંવાદમાં ક્રિયાના સમાજશાસ્ત્રીની સામેલગીરી પરિવર્તનને મદદકર્તા નીવડશે. તે વિવિધ વ્યૂહરચનાઓનાં પરિણામો અંગે વિશ્લેષણ કરી શોષિતો યોગ્ય વ્યૂહરચના પસંદ કરે તે જોશે. ક્રિયાનો સમાજશાસ્ત્રી માર્ગદર્શક અને સલાહકારની ભૂમિકા ભજવશે.

**5. પોતે જ પોતાનું મૂલ્યાંકન કરશે :** આ પદ્ધતિની ખૂબી એ છે કે વ્યક્તિ પોતે જ આખીય પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરશે. આ મૂલ્યાંકન દ્વારા વ્યક્તિ પોતે અનુભવના પાઠ ભણશે. આ મૂલ્યાંકન શોષિતોની સમજ વધારશે અને તેમને બળવાન બનાવશે.

ક્રિયાના સમાજશાસ્ત્રી ભાગીદારોને પરિવર્તન અંગે દૃષ્ટિકોણ પૂરો પાડી, તેમને દબાણકારી સામાજિક માળખાનાં બહુવિધ પરિમાણોનો ખ્યાલ આપવો જોઈએ. શોષિતોને શિક્ષણ આપી તેમના પ્રારબ્ધવાદને દૂર કરી, વિશ્લેષણાત્મક જાગૃતિ લાવી, પોતાની પરિસ્થિતિની સાચી સમજ આપી, તેમનામાં સમર્થતા લાવવાથી શક્ય બનશે. આ પુખ્તવયના માણસની શિક્ષણની વાત છે.

આ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ છે : (1) સામાજિક પરિસ્થિતિને ખૂબ વધુ પડતી સરળ બનાવવા જતાં, તેમાં વિશ્વસનીયતાનું પ્રમાણ ઘટશે. (2) ક્યારેક આ અલગતા, પ્રભુત્વ ધસવતી

અને દમનકારી પણ હોઈ શકે. (3) આ આગળના કાર્ય માટે કદાચ સરળ link કડી ન પણ પૂરા પાડી શકે.

આ પદ્ધતિ, દૃષ્ટિકોણ સામાજિક કાર્ય સાથે સંકળાયેલી છે. ગરીબમાં ગરીબ વર્ગ, નિમ્નસ્તરના લોકો પોતાની ભાગીદારી વડે પોતાની જરૂરિયાતોનું વિશ્લેષણ કરે તે આવશ્યક છે, જરૂરી છે. જેઓ આ પદ્ધતિના સમર્થક છે તેઓ માને છે કે આ માત્ર સંશોધનપદ્ધતિ નથી પણ શિક્ષણ દ્વારા સમાજને ગતિશીલ બનાવવાની પ્રક્રિયા છે. તેના ટીકાકારોના મતે સંશોધન અથવા માત્ર સંશોધનમાં ભાગીદારીથી પરિવર્તન નહિ લાવી શકે. પરિવર્તન માટે ખરેખર ચોક્કસ પ્રકારનું વાતાવરણ તૈયાર કરવું જોઈએ.

આ પદ્ધતિની સૌથી મહત્ત્વની વાત છે કે આમાં સમગ્ર સમુદાયની ભાગીદારી છે જેને લીધે સમગ્ર સમાજનું શાણપણ ઉપાયો શોધવામાં, સમાજને સમજવામાં કામે લગાડાય છે. આ પદ્ધતિ માનવીની સર્જનાત્મક શક્તિને ઉજાગર કરે છે. આ પદ્ધતિ દ્વારા સામાજિક સમસ્યાના ઉકેલ માટે માનવસંશોધનને ગતિશીલ બનાવવામાં આવે છે.

ક્રિયા સંશોધનપદ્ધતિ સામાજિક વિજ્ઞાનોની વિશ્વસનીયતા વધારશે અને તેનો યોગ્ય ઉપયોગ થઈ શકશે. ક્રિયા સંશોધન એ પ્રક્રિયા છે.

1. અહીં લાભાર્થી પોતે સંશોધન કરે છે.
2. આ પદ્ધતિમાં મૂલ્ય અને પ્રેરણાના સવાલો ઊભા થવા જોઈએ.
3. લાભાર્થી જ સંશોધનપદ્ધતિને અમલમાં મૂકે છે અને પોતે જ એનું વિશ્લેષણ કરે છે.
4. વિકાસ માટેની પ્રાથમિકતાઓ સંશોધક નક્કી કરે છે.
5. જેમને માટે સંશોધન થાય છે તેમને તેનો લાભ પ્રાપ્ત થાય છે.

આ પ્રક્રિયા પ્રત્યક્ષ લાભ આપનારી છે. સમગ્ર સમુદાયની સામેલગીરી હોવાથી સમુદાયની સામેલગીરી સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે. આ એક શૈક્ષણિક પ્રક્રિયા છે જે દ્વારા સમુદાયની જરૂરિયાતોની ખબર પડે છે. સમુદાયના લોકોના જ્ઞાન અને અનુભવોની આપ-લે થાય છે. સમુદાયમાં જાગૃતિ આવે છે. સમુદાયમાં પ્રતિબદ્ધતા આવે છે. સમુદાયમાં સંવાદની પ્રક્રિયાની શરૂઆત થાય છે અને એને કારણે લોકોની સંવેદનશીલતા જાગૃત થાય છે. લોકોમાં લાગણી, વિશ્વાસ અને આપણાપણાની ભાવના પ્રગટે છે. પરસ્પર માનની લાગણી પ્રગટે છે. લોકોની સુષુપ્ત શક્તિઓ પ્રગટે છે. લોકોની સર્જનાત્મક શક્તિઓને પ્રોત્સાહન મળે છે. માનવશક્તિને સમસ્યાના ઉકેલ માટે વિચારવા તૈયાર કરે છે. આમાંથી વૈચારિક જાગૃતિ પણ આવે છે.

આ સંશોધનપદ્ધતિ નવી છે અને વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવે છે.

**(ડ) વ્યક્તિ તપાસ પદ્ધતિ :**

સાંપ્રત સમાજમાં વ્યક્તિ તપાસ પદ્ધતિ ખાસ મહત્ત્વની બનતી જાય છે. એ જમાનામાં વ્યક્તિ તપાસ એટલે માત્ર દસ્તાવેજોની તપાસ ગણાતી હતી. સામાજિક કાર્યકર, ડૉક્ટર, વહીવટદાર, શિક્ષક અને વકીલ વગેરે આ પદ્ધતિનો ઉપયોગ કરતા હતા. વ્યક્તિ તપાસ પદ્ધતિ કેટલાક પસંદ કરેલા કેસીસ નક્કી કરી તેના ઊંડાણથી અભ્યાસ કરવા માટે ખૂબ યોગ્ય પદ્ધતિ છે. કોઈપણ વ્યક્તિના જીવનની સંપૂર્ણ પ્રક્રિયા સમજવા, તેના સાંસ્કૃતિક વાતાવરણને સમજવા માટે આ પદ્ધતિ સંપૂર્ણ પ્રયત્ન કરે છે. સાંસ્કૃતિક બાબતોના સંદર્ભમાં વ્યક્તિના આંતરસંબંધોને સમજવા પ્રયત્ન કરે છે. આ પદ્ધતિ કોઈપણ એકમની વિસ્તૃત તપાસ કરે છે. આ પદ્ધતિ વ્યક્તિને આંતઃદૃષ્ટિ આપે છે.

સંશોધકનું વલણ આ બાબતમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સંશોધકે માહિતી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. વિશિષ્ટ માહિતીની સાથે સામાન્ય માહિતીને પણ લક્ષમાં લેવી જોઈએ. વિવિધ સ્રોતોમાંથી આ વિશ્લેષણ કરતી સમયે સામાજિક વાતાવરણને ધ્યાનમાં રાખવું જોઈએ. આ પદ્ધતિમાં દસ્તાવેજો, ડાયરી, જીવનવૃત્તાંત, પત્રો, નિરીક્ષણ, મુલાકાત તથા માહિતી આપનારને લક્ષમાં રાખવા જોઈએ.

વ્યક્તિ તપાસ પદ્ધતિ સંશોધકને ખૂબ વિસ્તૃત માહિતી આપે છે. વ્યક્તિ તપાસ પદ્ધતિ સંશોધકને એક વ્યક્તિ, એકમ કે ઘટના અંગે સંપૂર્ણ માહિતી આપે છે. સામાજિક કાર્યકર ઉપયોગિતાવાદી દૃષ્ટિકોણ રાખી કોઈપણ બાબતને સમજવા પ્રયાસ કરે છે. પ્રશ્નને સમજી તે અંગેની સારવાર નક્કી કરે છે.

સંશોધક આ પદ્ધતિથી એકત્ર કરેલી માહિતીની સરખામણી કરે છે, વર્ગીકરણ કરે છે, વિશ્લેષણ કરે છે અને ક્યારેક આમાંથી ઉપકલ્પના ઘડે છે. વ્યક્તિ તપાસ પદ્ધતિ સંશોધકને વિસ્તૃત અને તમામ વિગતો પૂરી પાડે છે. છતાં કેટલીક તેની મર્યાદાઓ છે :

1. વ્યક્તિ તપાસ પદ્ધતિ ઉપરથી સામાન્યીકરણ ના કરવું જોઈએ.
2. માત્ર યાદ કે વ્યક્તિના નિર્ણય ઉપરથી માહિતી એકત્ર કરવામાં આવે તેની તેમાં દોષ રહેવાની શક્યતા છે. તેથી ચકાસણી કરવાની આવશ્યકતા છે. એટલે કે માહિતી ચકાસીને જ તેનો સ્વીકાર કરવો જોઈએ.
3. ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે પણ સંખ્યાત્મક માહિતી પ્રાપ્ત કરવી ખૂબ અઘરી છે.
4. ક્યારેક નિદર્શની પસંદગી યોગ્ય રીતે ન થઈ હોય તો આખુંય ચિત્ર ખોટું દોરાવવાની સંભાવના છે.
5. ક્યારેક જો સંશોધક યોગ્ય રીતે તટસ્થ ન રહે તો તેના પૂર્વગ્રહભરેલી માહિતી પ્રાપ્ત થઈ શકે.

આ પદ્ધતિ ગુણાત્મક પ્રકારના સંશોધન માટે ખૂબ મહત્ત્વની છે.

**(ઈ) મૂલ્યાંકન અભ્યાસ :**

સમાજશાસ્ત્રમાં મૂલ્યાંકન અભ્યાસ પણ ખૂબ મહત્ત્વના છે. મૂલ્યાંકન અભ્યાસોનો મુખ્ય હેતુ કોઈક ચોક્કસ ઘટના કે કાર્યક્રમનું મૂલ્યાંકન કરવાનો હોય છે. આવા મૂલ્યાંકન અભ્યાસો અનેકવિધ પ્રકારે થઈ શકે. કોઈક ચોક્કસ બાબતના મૂલ્યાંકન માટે આવા અભ્યાસો હાથ ધરાય છે. **દા.ત.** ગ્રામવિકાસના કાર્યક્રમોની ગામડાં ઉપર અસરો, કુટુંબનિયોજન કાર્યક્રમની વસ્તીવૃદ્ધિ ઉપરની અસરો, જંગલના કાયદાઓની વિવિધ સમૂહો ઉપર અસર. કોઈક ચોક્કસ કાર્યક્રમનું મૂલ્યાંકન કરવાનો એમાં ધ્યેય હોય છે.

**મૂલ્યાંકન અભ્યાસનાં વિવિધ સોપાનો :**

1. કાર્યક્રમનો હેતુ
2. સંશોધનનો હેતુ
3. કાર્યક્રમના અમલની પદ્ધતિ
4. સમૂહની પસંદગી
5. સમૂહનું નિરીક્ષણ
6. નક્કી થયેલ ધ્યેય મુજબની અસરોનું મૂલ્યાંકન

કોઈપણ મૂલ્યાંકન અભ્યાસ ખૂબ મહત્ત્વના હોય છે, કારણ આ અભ્યાસ દ્વારા તે કાર્યક્રમ સફળ કે નિષ્ફળ તે નક્કી કરવામાં આવે છે. આ અભ્યાસમાં કાર્યક્રમનો હેતુ મહત્ત્વનો હોય છે. કાર્યક્રમનો હેતુ પરિપૂર્ણ કરવા કયો સમૂહ પસંદ કરવામાં આવ્યો છે, સમૂહની પસંદગીનાં કારણો, કાર્યક્રમના અમલીકરણ માટેની પદ્ધતિ, સમૂહમાં કાર્યક્રમના અમલને કારણે આવેલ પરિવર્તનનું નિરીક્ષણ અને સમગ્ર કાર્યક્રમની અસરો – આ બધી જ બાબતો મૂલ્યાંકન અભ્યાસ માટે મહત્ત્વની છે.

મૂલ્યાંકન અભ્યાસ દ્વારા સંશોધક જાણવા માગે છે કે જે તે કાર્યક્રમના હેતુ સફળ થયા છે કે નહિ ? કાર્યક્રમના હેતુ અને અમલ વચ્ચેની ખાઈ શોધવાનો પ્રયત્ન કરે છે. કાર્યક્રમની અસરો તપાસવાનો પ્રયત્ન થાય છે. આ અભ્યાસમાં કાર્યક્રમનું મૂલ્યાંકન સમગ્રતયા હાથ ધરવામાં આવે છે. મૂલ્યાંકન અભ્યાસો દ્વારા જે તારણો પ્રાપ્ત થાય છે તેમાંથી જ નીતિ નક્કી થાય છે, નવા કાર્યક્રમો નક્કી થાય છે.

આવા અભ્યાસોમાં ક્યારેક તુલના પણ હાથ ધરાય છે.

**(એફ) પ્રયોગ પદ્ધતિ :**

સામાજિક વિજ્ઞાનોમાં, ખાસ કરીને, સમાજશાસ્ત્રમાં જેમાં માનવસંબંધોનો અભ્યાસ કરવામાં આવે ત્યાં પ્રયોગપદ્ધતિ, એ ખૂબ મહત્ત્વની પદ્ધતિ છે. ચોક્કસ સંબંધો તપાસવા સંશોધક આ પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે. પ્રયોગમાં સંશોધક અભ્યાસ માટેની ઘટના માટે જે પરિબળોને, તેની ઉપકલ્પના અનુસાર, જવાબદાર ગણતો હોય તેમાંથી આદર્શ સંજોગોમાં કોઈ એક જ પરિબળમાં કે તેથી વધુ પરિબળોમાં પ્રયોગ દ્વારા હેતુપૂર્વકના ફેરફાર યોજે છે. આની અસર શું થાય છે, તે તપાસ કરી

કાર્યકારણના સંબંધની ચકાસણી કરે છે. આમાં સંશોધક બે જૂથ નક્કી કરે છે. આ બન્ને જૂથના સભ્યો અથવા અભ્યાસ એકમ અથવા પ્રયોગપાત્ર આધારિત પરિવર્ત્યના સંદર્ભમાં પ્રયોગ પહેલાં અને પછીનો તફાવત માપવામાં આવે છે.

પ્રયોગનો નમૂનો આ મુજબ જોઈ શકાય :

| | પ્રયોગક્રિયા કર્યા પહેલાં | પ્રયોગક્રિયા કર્યા પછી | તફાવત |
|---|---|---|---|
| પ્રાયોગિક જૂથ | $X_1$ | $X_2$ | $d = X_2 - X_1$ |
| નિયંત્રિત જૂથ | $C_1$ | $C_2$ | $d = C_2 - C_1$ |

આ પદ્ધતિમાં બે જૂથો લઈને એક જૂથ ઉપર પ્રયોગ કરીને અને બીજા જૂથથી કઈ રીતે પરિવર્તન આવ્યું તે તપાસી તેના કાર્યકારણના સંબંધ તપાસી શકાય. દા.ત. બે જૂથો લઈ, તેમાંથી એકને તાલીમ આપી અને બીજા સાથે તુલના કરી, તાલીમ અને પરિવર્તનને માપી શકાય.

સામાજિક વિજ્ઞાનોમાં નિયંત્રિત પ્રયોગ દ્વારા સંશોધન કરવાની શક્યતા ખૂબ ઓછી છે. એનાં અનેક કારણો ગણાવી શકાય :

1. અનેક પેઢીઓ કે સદીઓને આવરી લેતો અભ્યાસ સંશોધકની આયુષ્યમર્યાદાને કારણે અશક્ય બને છે.
2. પ્રયોગની અસરો થાય જ અને એને મીટાવી શકાય નહીં તેથી આ પદ્ધતિ ઉચિત ગણાતી નથી.
3. સમાજના કેટલાક વિભાગોના લોકો માટે આ પ્રયોગપદ્ધતિ શક્ય છે, પણ બધા જ લોકો માટે આ શક્ય નથી.
4. સામાજિક ઘટનાઓ અંગે પ્રયોગશાળામાં કૃત્રિમ પરિસ્થિતિ ઊભી કરવી મુશ્કેલ પડે છે. ક્યારેક કેટલીક બાબતો માટે ક્ષેત્રપ્રયોગ ગોઠવી શકાય પણ બધા જ ક્ષેત્ર માટે એ શક્ય બનતું નથી.
5. સામાજિક વિજ્ઞાનમાં એક જ પરિબળ અલગ પાડવું ખૂબ અઘરું હોય છે.

પ્રયોગપદ્ધતિમાં મહત્ત્વની વાત પ્રયોગક્રિયાને કારણે આવતું પરિવર્તન માપવાનું છે. માનવ અને સામાજિક ઘટનામાં પરિવર્તન કે તફાવત પ્રયોગક્રિયાને કારણે જ થયો છે તેવું તારણ કાઢી શકાય નહિ. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ સંપૂર્ણ રીતે સમાન મળવા અસંભવ લગભગ કઠિન. માનવ સાથે સંબંધિત હોવાથી, માત્ર પ્રયોગની જ અસર છે, એવું કહેવું, તારવવું અઘરું. બે જૂથોની લાક્ષણિકતાઓ અસરકારક અને ચોક્કસ રીતે માપવી અઘરી. જૂથની પસંદગીમાં ખૂબ ધ્યાન રાખવું પડે. પ્રયોગપાત્રોની શારીરિક, માનસિક વિકાસપ્રક્રિયા, માપનક્રિયા વગેરે સાથેની આંતરક્રિયામાંથી તેમના અનુમાપન ઉપર અસર પડવાની સંભાવના રહે છે. પ્રયોગપાત્ર કે ઉત્તરદાતાની પસંદગીમાં પૂર્વગ્રહો અને પ્રયોગક્રિયા વચ્ચેની આંતરક્રિયાની અસર પણ જોવા મળે. પ્રયોગપદ્ધતિમાં પૂર્વમાપન અને અનુમાપન મહત્ત્વના હોય છે. પૂર્વમાપનની અસર અનુમાપન ઉપર થવાની સંભાવના રહે છે. સામાજિક સંશોધનમાં સંપૂર્ણ નિયંત્રિત પ્રયોગપદ્ધતિનો ઉપયોગ અશક્ય છે.

આ પદ્ધતિ ખૂબ અઘરી છે કારણ યોગ્ય ઉત્તરદાતાથી માંડી બધી જ પ્રક્રિયાઓમાં પૂર્વ અને અનુમાપનમાં પૂર્વગ્રહ, પ્રતિક્રિયા બન્નેનું ધ્યાન રાખવું મહત્ત્વનું બને છે.

ભારતમાં અનેક વિકાસ કાર્યક્રમો યોજાય છે. આ વિકાસ કાર્યક્રમોની અસર તપાસવા, આ પ્રયોગપદ્ધતિ વપરાય ત્યારે બન્ને જૂથની પરિસ્થિતિ બિલકુલ સમાન હોવી જોઈએ, થનારી પ્રક્રિયાઓ સમાન હોવી જોઈએ. સામાજિક શાસ્ત્રોમાં આ પદ્ધતિ મુશ્કેલ છે.

## 2.4 સંદર્ભસૂચિ


1. **Young & Mack :** Systematic Sociology : Affiliated East – West Press Pvt. Ltd., New Delhi, 1972.
2. **Goode & Hatt :** Methods in Social Research : MC Graw Hill, 1952.
3. **Selltize, Jehoda & Others :** Research Methods in Social Relations, Methuen & Co. Ltd., London, 1965.
4. **પાઉલો ફ્રાયર :** પેડેગોજી ઓફ ધ ઓપ્રેસ્ડ. ન્યૂયોર્ક, સીબરી, 1972 (વિદ્યુત જોષી)

5. જોષી વિદ્યુત : જાગો દુર્બલ અશક્ત, અમદાવાદ, 1992.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. સામાજિક વિજ્ઞાન તથા સામાજિક સંશોધન સમજાવો.

2. સામાજિક સંશોધનના તબક્કા સમજાવો.

3. માહિતી એકત્રીકરણની ઐતિહાસિક પદ્ધતિ સમજાવો.

માહિતી એકત્રીકરણની ઐતિહાસિક પદ્ધતિ સમજાવો.

4. સામાજિક સંશોધનની સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ સમજાવો.

5. સામાજિક સંશોધનની ક્રિયા સંશોધન પદ્ધતિ સમજાવો.

6. સામાજિક સંશોધનની વ્યક્તિતપાસ પધ્ધતિ સમજાવો.

7. સામાજિક સંશોધનની પ્રયોગપદ્ધતિ સમજાવો.

# એકમ : 3 સામાજિક આંદોલનો

**એકમની રૂપરેખા**


3.0 હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સામાજિક આંદોલનનાં લક્ષણો

3.3 સામાજિક આંદોલનના પ્રકાર

3.4 સામાજિક આંદોલનોનો ઉદ્ભવ

3.5 સામાજિક આંદોલનના તબક્કા

3.6 ભારતમાં વિવિધ આંદોલનો

3.7 સામાજિક આંદોલનોની અસરો

3.8 સંદર્ભસૂચિ

3.9 તમારી પ્રગતિ ચકાસો


## 3.0 હેતુઓ

આ એકમ દ્વારા તમે સામાજિક આંદોલનોનો અર્થ સમજી શકશો. આ એકમ દ્વારા તમે સામાજિક આંદોલનના લક્ષણો સમજી શકશો. વિવિધ લક્ષણોની સમજૂતી પ્રાપ્ત કરી શકશો. સામાજિક આંદોલનોના ઉદ્ભવ, તબક્કા તથા તેની પ્રક્રિયાઓ સમજી શકશો. ભારતમાં વિવિધ તબક્કે થયેલા આંદોલનો સમજી શકશો. વિવિધ સામાજિક આંદોલનોની અસર વિવિધલક્ષી રીતે કઈ રીતે થયે તે સમજી શકશો.

## 3.1 પ્રસ્તાવના

સામાજિક આંદોલનો થોડાંક વર્ષો પહેલાં ઇતિહાસના અભ્યાસક્ષેત્રમાં ગણવામાં આવતાં હતાં. સાંપ્રત સમયમાં સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્રમાં તે મહત્ત્વનો વિષય બન્યો છે. સામાજિક આંદોલનોના અભ્યાસમાં આંદોલનોનો સમયગાળો, બનાવોની ક્રમિકતા, લેખિત દસ્તાવેજો વગેરે બાબતોને લક્ષમાં લેવાય છે. સામાજિક આંદોલનને સમજવા માટે વિચારસરણીનું ઘડતર, ઓળખના સ્રોતો, રચનાતંત્ર, સંસ્થા, નેતૃત્વ, બનાવોની રચના, આંતરિક સંરચનાઓ અને સામાજિક પરિણામોનો અભ્યાસ કરવો પડે. સામાજિક આંદોલન સામૂહિક ક્રિયા છે, તે વ્યક્તિગત ક્રિયા નથી. આ સામૂહિક ક્રિયા ઔપચારિક રીતે સંગઠિત જ હોવી જોઈએ એવું નથી. લોકોને આ બાબતમાં રસ હોવો જોઈએ અને સાથે સાથે ઘણાબધા લોકોમાં આ અંગે જાગૃતિ હોવી જોઈએ. આ જાગૃતિ અને રસ લોકોમાં લાંબા સમય સુધી ટકવા જોઈએ. સામાજિક આંદોલન સંપૂર્ણ કે આંશિક પરિવર્તન લાવવા માટેની ચળવળ છે. સામાજિક આંદોલન એ લોકો દ્વારા પરિવર્તન લાવવા માટેની ઝુંબેશ છે. આવાં આંદોલનો સામાજિક સંબંધો, ધોરણો, મૂલ્ય તથા માળખામાં પરિવર્તન લાવવા માટે પ્રયત્ન કરે છે. સામાજિક આંદોલનોમાં વિચારસરણી મહત્ત્વની છે.

સામાજિક આંદોલનનું વિશ્લેષણ કરવું હોય તો સામાજિક આંદોલનની વિવિધ પ્રક્રિયાઓ, ધોરણો, મૂલ્યો અને સામાજિક વાતાવરણનો અભ્યાસ કરવો જોઈએ. સામાજિક આંદોલનના મૂળ બે પ્રશ્નો છે :

1. કઈ રચનાતંત્રીય પરિસ્થિતિમાં આંદોલન ઉદ્ભવ્યું છે ?
2. કઈ પ્રેરણાને લીધે સામાજિક આંદોલન ઉદ્ભવ્યું હશે ?

સામાન્ય પરિસ્થિતિમાં આપણે જે પ્રાપ્ત કરવું છે તે ન થાય ત્યારે આંદોલનની શરૂઆત થાય છે, ઉદ્ભવ થાય છે. સામાન્ય પરિસ્થિતિમાં ઇચ્છિત પરિણામ આવતું ન હોય ત્યારે તે ઇચ્છિત પરિણામ લાવવા માટે વ્યવસ્થાને વિઘટિત કરવાનો કે ધક્કો મારવાનો પ્રયત્ન થાય, ત્યારે તેને આંદોલન કહેવામાં આવે છે.

સામાજિક આંદોલનો એ સામૂહિક વર્તનનો એક ભાગ છે. આ બાબતને સામાજિક ગતિશીલતા તરીકે પણ ઓળખાવી શકાય. ભારતમાં સામાજિક આંદોલનોનો અભ્યાસ એ નવી બાબત છે. સામાજિક

આંદોલનો એ પરિવર્તનના વાહક છે.

'આંદોલન' શબ્દ માનસપટ ઉપર આક્રમકતા, લડાયકતા, aggressiveness – militancy જેવાં ચિત્રો ઊભા કરે છે. સમાજમાં સતત કેટલાક પ્રતિકારો જોવા મળે છે. કેટલાક પ્રતિકારો સમય પૂરતા જ હોય છે. આવા વિવિધ પ્રતિકારોને પણ સામાજિક આંદોલન કહી શકાય. કેટલાંક આંદોલનો સમાજવ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટે કે ક્યારેક મૂલ્ય બદલવા માટેનાં હોય છે. અર્થાત્ સામાજિક આંદોલન સમાજમાં સામાજિક પરિવર્તન લાવવા માટે સમાજ દ્વારા કરવામાં આવતો સંગઠિત, સામૂહિક પ્રયાસ છે. આવો પ્રયાસ ક્યારેક અહિંસક તો ક્યારેક હિંસક પણ હોઈ શકે. સામાજિક આંદોલન માત્ર પ્રવાહ કે વલણ નથી, પરંતુ તેની અસરકારકતા દીર્ઘકાળ સુધી પ્રસરે છે. તેને કારણે જ સામાજિક આંદોલનમાં સંગઠનની આવશ્યકતા રહે છે. આવું સંગઠન ક્યારેક ચુસ્ત નિયમ ધરાવતું હોય કે, સહજ પ્રમાણમાં ચુસ્ત ઓછું હોય. ક્યારેક સંગઠન ઔપચારિક હોય તો ક્યારેક બિનઔપચારિક હોય. આંદોલનનો હેતુ જે તે સમાજમાં પરિવર્તન લાવવાનો હોય છે. ઉપરાંત એના હેતુ, કાર્યક્રમ અને રણનીતિ અંગે સંગઠનના સભ્યો સર્વસંમતિ ધરાવતા હોય છે. દરેક સમાજમાં વિવિધ સમયે સામાજિક આંદોલનોનો ઉદ્ભવ થયો હોય છે.

**સામાજિક આંદોલનની વ્યાખ્યાઓ :**

'ઈન્ટરનેશનલ એનસાઈકલોપીડીયા ઓફ સોશ્યલ સાયન્સીઝ' (1972)માં સામાજિક ચળવળની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''સામાજિક ચળવળ પરિવર્તન લાવવા અંગેના સામૂહિક પ્રયાસોમાંનો એક પ્રયાસ છે. તે કેટલીક સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન લાવી, ફેરફાર કરવાનો પ્રયાસ કે તદ્દન નવી સામાજિક વ્યવસ્થા નિર્માણ કરવાનો પ્રયાસ હોઈ શકે. આ પ્રયાસો સમાજવ્યવસ્થાના કેટલાક પાસામાં સામૂહિક રીતે ઉકેલની માંગ પણ અભિવ્યક્ત કરતા હોય છે.''

ટર્નર અને કિલ્હાન (1969) સામાજિક આંદોલનની વ્યાખ્યા આપતા કહે છે, ''અમુક સાતત્ય સાથે સમાજમાં કે સમાજના ભાગરૂપ કોઈ સમૂહમાં પરિવર્તન લાવવાની કે પરિવર્તન ખાળવાની પ્રવૃત્તિઓ કરતા સમુદાય કે સમૂહ.''

ટોચ (1965) સામાજિક આંદોલનો કે ચળવળો એ મોટી સંખ્યામાં, લોકોનો, તેમને સામૂહિક રીતે અનુભવાતો સામુદાયિક સમસ્યા હલ કરવાનો પ્રયાસ છે. ડૉ. 'નિસ્બેત'ના મતે સામાજિક ચળવળને ચોક્કસ ધ્યેય હોય છે. આ ધ્યેય તે સામાજિક માળખામાં પરિવર્તન લાવવાનું છે. Lewis M. Killen (1968 : 426–454)

The study of social movement is primarily a study of social change as well as cultural change, of a changing social order as well as of changing values and norms. Blumer (1951 : 167–222)

Social movement is a collective enterprise to establish a new social order.

R. Herberte "A social movement is a collective attempt to reach a visualised goal, especially a change in central social institution."

Cameron – "Social movement occurs when a fairly large number of people band together in order to alter or add some portion of the existing culture or social order."

બ્રુમ અને સેલ્ઝનીક લખે છે કે ''લોકોનું સામૂહિક કાર્ય જયારે સંગઠિત, લાંબા સમય સુધી ચાલે એવું હોય છે ત્યારે તેવા સામૂહિક કાર્યને સામાજિક આંદોલન કે સામાજિક ચળવળ કહી શકાય.''

સામાજિક ચળવળ કે સામાજિક આંદોલનનાં લક્ષણોને આધારે કહી શકાય કે ''સામાજિક આંદોલન એટલે સમાજમાંનાં કેટલાંક મૂલ્યો, ધોરણો અને સામાજિક સંબંધોમાં પરિવર્તન લાવવાના હેતુ તરફ સંચાલિત થતું કે દોરાતું તથા સ્વયંસ્ફુરિતતા કે આપોઆપ ઉદ્ભવતું અને લાંબા સમય સુધી ટકી રહેવાનું કે જળવાઈ રહેવાનું લક્ષણ ધરાવતું લોકોના મોટા સમૂહોનું સામુદાયિક વર્તન એટલે સામાજિક આંદોલન.''

બીજા શબ્દોમાં કહીએ તો સમાજમાં પરિવર્તન લાવવા અથવા પરિવર્તનને અટકાવવાના હેતુથી અમુક લોકો, સમૂહો દ્વારા થતો વ્યવસ્થિત સામૂહિક પ્રયાસ એટલે સામાજિક આંદોલન.

સામાજિક આંદોલન એટલે હેતુઓ, વિચારસરણી, કાર્યક્રમો, નેતૃત્વ અને સંગઠન એ સામાજિક

આંદોલનનાં મહત્ત્વનાં અંગો છે.

ટૂંકમાં, સામાજિક આંદોલન એ એવું સામૂહિક વર્તન છે. સામાજિક આંદોલનનું ધ્યેય સામાજિક વ્યવસ્થામાં, સામાજિક રચનાતંત્રોમાં, સામાજિક મૂલ્યવ્યવસ્થામાં પરિવર્તન લાવવાનું અથવા પરિવર્તન અટકાવવાનું હોય છે. ઘણી વાર આંદોલનના ઉદ્ભવ માટે અગાઉ બનેલો કોઈ બનાવ કે ઘટનારૂપી તણખલું આગ પ્રગટાવતું હોય છે. સામાજિક આંદોલનો ક્યારેક સમાજમાં નવાં ધોરણો, મૂલ્યો પ્રસ્થાપિત કરવામાં પણ મહત્ત્વનો ફાળો આપી શકે છે. સામાજિક આંદોલનનાં ચોક્કસ ધ્યેયો હોય છે. તે ધ્યેયોને પરિપૂર્ણ કરવાનો અહિંસક રીતે કે હિંસક રીતે પ્રયત્ન થાય છે. જ્યાં સુધી હેતુની પરિપૂર્તિ ન થાય ત્યાં સુધી આંદોલનો ચાલતાં રહે છે. સામાજિક આંદોલનો એ લાંબા ગાળાનાં હોઈ શકે. દરેક સમાજમાં એક યા બીજા સ્વરૂપનાં ભિન્ન ભિન્ન જૂથો, સમૂહો, વર્ગો દ્વારા સામાજિક આંદોલનો ચલાવવામાં આવતા હોય છે. સમાજમાં રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક તથા આર્થિક સુધારણા માટે જુદાં જુદાં ક્ષેત્રોમાં આંદોલનો ચાલતા હોય છે, જે સતત પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓની ચર્ચા કર્યા બાદ હવે સામાજિક આંદોલનનાં લક્ષણોની ચર્ચા કરીએ.

## 3.2 સામાજિક આંદોલનનાં લક્ષણો :

આંદોલનની વ્યાખ્યાઓ તપાસીએ તો, જણાય છે કે સામાજિક આંદોલન એ સામૂહિક વર્તન છે. આવું સામૂહિક વર્તન ક્યારેક પરિવર્તન લાવવા માટે, તો ક્યારેક પરિવર્તન રોકવા માટે થાય છે. મોટે ભાગે સમાજનો મોટો ભાગ આવું ઇચ્છતો હોય છે અને તેથી જ આંદોલનનો ઉદ્ભવ થાય છે. સામાજિક આંદોલનનાં સામાન્યતઃ નીચેનાં લક્ષણો સમજી શકાય :

1. પ્રવર્તમાન સ્થિતિ પ્રત્યે અસંતોષ
2. વિકલ્પ/વિકલ્પની ખોજ (વિચારસરણી)
3. જૂથ તાદાત્મ્ય
4. સંગઠન—કાર્યક્રમો
5. નેતૃત્વ

**(1) પ્રવર્તમાન સ્થિતિ પ્રત્યે અસંતોષ :** સમાજની કોઈક પરિસ્થિતિ અંગે જ્યારે વ્યક્તિઓના જૂથને અસંતોષ હોય ત્યારે સામાજિક આંદોલન ઉદ્ભવે છે. સમાજમાં જે સામાજિક પરિસ્થિતિ પ્રવર્તમાન હોય તે અંગે ઉગ્ર અસંતોષ પ્રવર્તતો હોય ત્યારે સામાજિક આંદોલન ઉદ્ભવે છે. મહદ્ અંશે તે પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાની સમૂહની ધારણા હોય ત્યારે આંદોલન ઉદ્ભવે છે. આ આંદોલનના ઉદ્ભવ પહેલાં આ અંગે ચર્ચાઓ થતી હોય છે. સમાજમાં એ અંગે વર્તમાનપત્રો, મીડિયા, ચર્ચાસભાઓમાં, જાહેર હિતના વિવિધ ફલક ઉપર ચર્ચાઓ થાય, ઉકેલ શોધવા અંગે, વિકલ્પો શોધવાનો પ્રયત્ન થાય. સમાજમાં વિવિધ સમુદાય, જૂથો, બુદ્ધિજીવીઓ, રાજકારણીઓ આ સ્થિતિ અંગે અસંતોષ વ્યક્ત કરે. જે જૂથો વધુ અસર પામતા હોય તે બધા જ અસંતોષ વ્યક્ત કરવામાં અગ્રીમ ભાગ ભજવે. ટૂંકમાં, સમાજ પરિસ્થિતિ માટે પોતાનો અસંતોષ વ્યક્ત કરે છે. સમગ્ર સમાજમાં જે તે પરિસ્થિતિ માટે અસંતોષ ભારેલો સમજી શકાય છે, અનુભવી શકાય છે, જાણી શકાય છે.

**(2) વિકલ્પ/વિકલ્પની ખોજ (વિચારસરણી) :** સમાજમાં જ્યારે કોઈક પરિસ્થિતિ માટે અંજપાભરી અકળામણ જોવા મળતી હોય ત્યારે સૌ, જે આ પરિસ્થિતિથી ત્રસ્ત હોય તે સૌ વિકલ્પની ખોજ કરતા રહે છે. વિકલ્પની ખોજ થાય ત્યારે તેમાંથી વ્યૂહરચના ઘડાય છે, એક વિચારસરણી નક્કી થાય. આંદોલનમાં સમ્મિલિત તમામ લોકોમાં આ વ્યૂહરચના અંગે લગભગ સર્વસંમતિ જોવા મળે છે. એક જ ધ્યેય, એક જ વ્યૂહરચના અને એક જ વિચારસરણીને કારણે આંદોલનકારીઓને સામૂહિક પગલાં લેવા દિશા પૂરી પાડે છે. ખરેખર તો સમાન ઇરાદા અને એક જ વિચારસરણી આંદોલનકારીઓને આક્રમણ અને સંરક્ષણ માટે હથિયાર પૂરા પાડે છે. આ વ્યૂહરચના, વિચારસરણી આંદોલનકારીઓને પ્રેરણા અને આશા પૂરી પાડે છે. સામાજિક આંદોલન સુગ્રથિત વિચાર ઉપર જ આધાર રાખે છે.

આંદોલનકારીઓ વિકલ્પની ખોજ કરે છે. આંદોલનકારીઓના બધા જ કાર્યક્રમો એમની વિચારસરણી ઉપર આધારિત હોય છે. વિકલ્પની શોધ, એ જ આંદોલનકારીઓના ઇરાદાઓને અંજામ આપે છે.

(3) **જૂથ – તાદાત્મ્ય :** આંદોલનકારીઓમાં મહદ્ અંશે પરિસ્થિતિથી પીડિત લોકો અને તેમના વકીલો (એમને માટે કાર્ય કરનારા) હોય છે. આ બધા જ આંદોલનકારીઓ કોઈક ચોક્કસ ધ્યેયને પ્રાપ્ત કરવા એકત્ર થઈ કાર્ય કરે છે. આ બધા આંદોલનકારીઓ વચ્ચે જૂથ – તાદાત્મ્ય ખૂબ વ્યવસ્થિત રીતે જોવા મળે છે. સામાજિક આંદોલન સમાજના અમુક વિભાગોને જ સ્પર્શતું હોય છે અને તેઓ સૌ એકત્ર થઈ, સુગ્રથિત રીતે આંદોલન ચલાવતા હોય છે. આ જૂથ વચ્ચે એકતાની ભાવના હોય છે અને તેમનામાં જૂથ સભાનતા હોય છે. સામાજિક આંદોલન માટે એકતાની ભાવના અને જૂથ તાદાત્મ્ય મહત્ત્વના હોય છે કારણ કે આ પરિબળો આંદોલન માટે ચાલકબળ હોય છે. જૂથમાં સક્રિય ભાગીદારીથી તાદાત્મ્ય આવે છે.

(4) **સંગઠન – કાર્યક્રમો :** સામાજિક આંદોલન પ્રજાના પરિસ્થિતિ પરત્વેના તીવ્ર અસંતોષમાંથી, વિકલ્પની ખોજ માટે ઉદ્‌ભવે છે. આ પરિસ્થિતિ જે સમૂહોને અકળામણકારી લાગે તે બધા કંઈક પરિવર્તન લાવવાની ઇચ્છા ધરાવે છે અને આ બધા વચ્ચે જે તે પરિસ્થિતિના ઉકેલ માટે સૌ કાર્યરત બને છે. આ બધા જ જે કાર્યરત બને છે તે સૌ વચ્ચે વિચારોને કારણે તાદાત્મ્ય કેળવાય છે અને એમાંથી જ સંગઠનો રચાય છે. આ સંગઠનો જે તે પરિસ્થિતિમાં પરિવર્તન આવે ત્યાં સુધી જ જોવા મળે છે પણ ધ્યેય પરિપૂર્ણ કરવા ઉત્સુક લોકો વચ્ચે કાર્યને આગળ ધપાવવા માટે તાદાત્મ્ય હોય તેવું સંગઠન રચાય છે. આ સંગઠન આંદોલનને જલદ બનાવવા, પ્રજામાં તે અંગે જાગૃતિ આવે, પ્રજામત ઘડાય અને ઉગ્ર બને તે માટે કાર્યક્રમ ઘડાય છે. આ કાર્યક્રમ અનેક પ્રકારના હોઈ શકે. **દા.ત.** આંદોલનકારીઓ પાણીના પ્રશ્ને થાળી અને વેલણ લઈ સરઘસ કાઢે, ક્યારેક રાત્રે નક્કી કર્યા મુજબ રેલી કાઢે. સભા, સરઘસ, ચર્ચા, રેલી વગેરે કાઢી આંદોલનના ધ્યેયને પામવા વિવિધ કાર્યક્રમો યોજે છે. ખરેખર તો કાર્યક્રમો એ જ સામાજિક આંદોલનની ઓળખ હોય છે. કાર્યક્રમો સામાજિક આંદોલનના પ્રણેતાઓ અને કાર્યકરોનો રસ ટકાવી રાખે છે, આશા આપે છે અને લોકોને સતત જાગૃત રાખે છે. જૂથ તાદાત્મ્ય વધારે છે. કાર્યક્રમો પ્રજામત કેળવે છે અને ઇચ્છિત દિશામાં વાળવાનો પ્રયત્ન કરે છે. ખરેખર તો સામાજિક આંદોલન માટે કાર્યક્રમ એ જ ઓળખ છે તેવું કહીએ તો ખોટું નથી. આંદોલનનો પર્યાયવાચી શબ્દ એટલે ક્રિયા. આંદોલન એટલે સૌ સુધી અવાજ પહોંચાડવાની પ્રક્રિયા અને પદ્ધતિ. આવી પદ્ધતિઓમાં પ્રચારપત્રિકાઓ, જાહેર સભા, સરઘસ, જાહેર દેખાવો, હડતાલો, રેલીઓ વગેરે કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આંદોલનો હિંસક અને અહિંસક બન્ને પ્રકારનાં હોઈ શકે. આંદોલનો વિવિધ કાર્યક્રમો દ્વારા જ સમાજના લોકોને જાગૃત કરે છે અને પ્રજામત કેળવે છે. સૌ આંદોલનકારીઓને સક્રિય રાખી તેમનો રસ જાળવી રાખી તેમને એકત્ર રાખે છે.

કાર્યક્રમો જ આંદોલનોની ઓળખ બને છે. કાર્યક્રમો દ્વારા જ આંદોલનના મુખ્ય મુદ્દાઓ સ્પષ્ટ બને છે. સ્ફટિકીકરણની પ્રક્રિયા થાય છે. વૈચારિક વિકાસ ઝડપી બને છે. કાર્યક્રમો જ સામાજિક આંદોલનો માટે સહાનુભૂતિ જન્માવે છે અને પ્રજામાં જોમ, જુસ્સો તેમજ જુવાળ પેદા કરે છે. આ કાર્યક્રમોમાંથી જ નવી નેતાગીરી પણ જન્માવે છે. નેતૃત્વ સામાજિક આંદોલનો માટે મહત્ત્વનો મુદ્દો છે.

(5) **નેતૃત્વ :** સામાજિક આંદોલનો વિવિધ પ્રકારનાં હોય છે. **દા.ત.** સામાજિક સુધારણાની ચળવળ, ગાંધીવાદી ચળવળ, રાષ્ટ્રવાદી ચળવળો, ભાષાવાદી પ્રાંતરચના અંગેની ચળવળો, નારીવાદી આંદોલનો અંગેની ચળવળો, ગુજરાત, ઝારખંડ, ઉત્તરાંચલ, છત્તીસગઢ વગેરે અલગતાવાદી ચળવળો, કોમવાદી, દલિત ચળવળો વગેરે. આ બધી જ ચળવળોમાં નેતા ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નેતા પોતાની વિચારસરણી અનુરૂપ તથા પોતાની જ્ઞાનાત્મક સમજણ અનુરૂપ દોરવણી આપે છે. સામાજિક આંદોલનો એના નેતૃત્વને કારણે જ સફળતા કે નિષ્ફળતા પામે છે. આવાં આંદોલનોમાં નેતા સામાજિક પરિસ્થિતિને લક્ષમાં રાખી વ્યૂહરચના ઘડે છે, કાર્યક્રમો નક્કી કરે છે, કાર્યની વહેંચણી કરે છે. આંદોલનો નવી નેતાગીરી જન્માવે છે. રાષ્ટ્રવાદી ચળવળોમાં અનેક નેતાઓ પાક્યા. **દા.ત.** સુભાષચંદ્ર બોઝ, લોકમાન્ય તિલક, બિપીનચંદ્ર પાલ, લાલા લજપતરાય, સરદાર પટેલ, મહાત્મા ગાંધી.

સામાજિક આંદોલનો નવા નેતૃત્વને જન્મ આપે છે. નેતા સામાજિક આંદોલનના ધ્યેયને સંપૂર્ણ કરે છે. સામાન્ય સંજોગો કરતાં આ નેતૃત્વ જુદા પ્રકારનું હોય છે. આ નેતૃત્વ પ્રજાને તૈયાર કરે છે, તેમનામાં આત્મવિશ્વાસ ભરે છે અને લોકોને તૈયાર કરે છે. સામાજિક આંદોલનો તેના કાર્યક્રમો તથા નેતાઓથી ઓળખાય છે.

સામાજિક આંદોલનો પ્રજાની હામ, જુસ્સો, સમજણ તથા હિંમત ઉપર આધારિત હોય છે.

સામાજિક આંદોલનોમાં વ્યક્તિગત વર્તન નહીં પરંતુ અનેક વ્યક્તિઓના વર્તન, સામૂહિક વર્તન મહત્ત્વનું હોય છે. આવાં સામાજિક આંદોલનો સમાજની કોઈક એક કે વધુ બાબતોમાં પરિવર્તન લાવવા માટે, ક્યારેક કોઈક બાબતની પુનઃ સ્થાપના માટે કે મદદરૂપ થવા માટે હોય છે.

બધાં જ સામૂહિક કાર્યો સામાજિક આંદોલનો હોતાં નથી. દા.ત. રસ્તામાં અકસ્માત થાય અને નાના બાળકને ઈજા થાય ત્યારે આજુબાજુના બધા જ માણસો ભેગા થઈ વાહનચાલકને મારે તો તે સામાજિક આંદોલન નથી. આ માત્ર આવેગાત્મક ક્રિયા છે.

કોઈપણ સામાજિક આંદોલન અચાનક એકાએક ઉત્પન્ન થતું નથી. સામાજિક આંદોલનો લાંબા સમય સુધી ચાલે છે. ચળવળો આપોઆપ ઉદ્ભવતી નથી. સામાજિક ચળવળો સંસ્થીકૃત હોતી નથી. સંસ્થીકૃત ચળવળોમાં ચોક્કસ નિયમો, ધોરણો, મૂલ્યો કાર્યરત હોય છે. આવી ચળવળોમાં સભ્યપદ ખુલ્લું હોતું નથી. આવાં આંદોલનોમાં તેની રચના, કોટિક્રમ નક્કી હોય છે. સામાજિક ચળવળ આવાં કોઈ લક્ષણો ધરાવતી નથી. ટૂંકમાં એમ કહી શકાય કે સામાજિક ચળવળ સ્વયંસ્ફુરતા અને લાંબા ગાળાની હોય છે.

સામાજિક ચળવળ માત્ર સામાજિક પરિવર્તન લાવવા માટે જ નહીં પરંતુ પરિવર્તન રોકવા માટે પણ થઈ શકે. દા.ત. પુનરુત્થાનવાદી આંદોલનો, કોમી ચળવળો, ધાર્મિક ચળવળો પરિવર્તન રોકવાની ચળવળ છે. ક્યારેક આવી ચળવળો પુનરુત્થાનવાદી પણ હોય છે.

સામાજિક આંદોલનમાં ભાગ લેનારા બધા જ એક જ પ્રકારના મૂલ્યમાં વિશ્વાસ ધરાવે છે. સાથે સાથે ચોક્કસ વિચારસરણી અને મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે. સમગ્ર સમૂહ જે ચોક્કસ મૂલ્ય અને વિચારસરણીમાં માને છે તેઓ લાંબા ગાળા સુધી પોતાના રસ ટકાવી રાખે છે અને ચોક્કસ પ્રકારનાં આંદોલનોમાં સક્રિય રહી શકે છે. તેઓનો દૃઢ વિશ્વાસ હોય છે. આવી ચળવળોમાં જોડાનારમાં ધીમે ધીમે આપણાપણાની લાગણી ઉત્પન્ન થાય છે અને સૌ એકસૂત્રે જોડાઈ જાય છે. દા.ત. અનામત આંદોલનમાં જોડાનાર સૌ સભ્યો એક વિચારસરણી ધરાવતા હતા અને એક વ્યક્તિ કે જૂથ કાર્યક્રમ જાહેર કરે ત્યારે બધા જ એ કાર્યક્રમમાં ગંભીરતાથી ભાગ લે છે, સક્રિય બને છે. આ ચળવળ લાંબા ગાળાની હોય છે તેથી જોડાનાર બધા જ સભ્યો તેનાં ધોરણોથી જ્ઞાત હોય છે. વિવિધ પરિસ્થિતિઓમાં કઈ રીતે વર્તવું તે પણ તેઓ જાણતા હોય છે. બધા જ ચળવળમાં જોડાનારા એક ચોક્કસ પ્રકારની સમજ કેળવે છે. આવી સમજ કેળવાતી હોય છે તેથી ચળવળમાં જોડાનારા સભ્યો વચ્ચે સાથીદાર હોવાની ભાવના કેળવાય છે. ચળવળમાં નેતા અને અનુયાયીઓ પોતાના વર્તનને ચોક્કસ રીતે સમજતાં હોય છે. એકબીજા સાથે ખભેખભા મીલાવી કાર્ય કરવું તે પોતાનો ધર્મ માને છે. સૌ પોતાનાં ફરજ સમજીને કાર્યમાં ભાગ લે છે. ચળવળના તમામ ભાગીદારો, સહપંથીઓ એકબીજા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હોય છે. તેઓ સૌ ક્રાંતિકારીઓ હોય છે. બધા જ સાથીદારો ભેગા થઈ ચળવળને અંજામ આપવાનો પ્રયત્ન કરે છે. સામાજિક ચળવળમાં ક્યારેક સક્રિયતામાં ઉતાર-ચઢાવ આવી શકે પણ તે સતત ધ્યેય પરિપૂર્ણ કરવા માટે સક્રિય રહે છે. સામાજિક ચળવળમાં ભાગ લેનાર સભ્યો ચળવળનાં ધ્યેયોના જાણકાર હોય છે. દા.ત. દાંડીકૂચમાં ભાગ લેનાર બધા સભ્યોને ખબર હતી કે દાંડી જઈ બધાએ મીઠાના કરનો કાયદો તોડવાનો છે. દાંડી જનાર સૌ સભ્યો જાણતા હતા કે દરેક સભ્યની જવાબદારી શું છે ? આંદોલન શા માટે છેડવામાં આવ્યું છે ? એની પદ્ધતિ કઈ રહેશે ? ક્યાં ધોરણો ચળવળના ભાગીદારોએ પાળવાના છે તેની જાણકારી હતી. ભાગ લેનાર સૌને હેતુ, ધ્યેય, પદ્ધતિ, મૂલ્ય, કાર્યક્રમ તથા વિચારસરણીની જાણ કરવામાં આવે છે, સમજ આપવામાં આવે છે. આને લીધે દરેક સભ્ય સક્રિય બને છે. સાથે સાથે ભાગ લેનાર બધા વચ્ચે એક નાતો બંધાય છે અને આપણાપણાની ભાવના વિકસે છે. બધા જ સભ્યો ચળવળ અંગેનું કોઈપણ કાર્ય અને બધાં કાર્યો પોતાનું સમજી કરે છે.

સામાજિક ચળવળની સફળતા એ જ સૌનો ધ્યેય હોય છે. ધ્યેયપ્રાપ્તિ માટે બધા જ ભાગીદારો યથાશક્તિ પ્રયત્ન કરે છે.

હવે સામાજિક આંદોલનના પ્રકાર સમજીએ.

## 3.3 સામાજિક આંદોલનના પ્રકાર :

દરેક સમાજ ક્યારેક ને ક્યારેક આંદોલનનો સાક્ષી બને છે. દુનિયાનો કોઈ સમાજ એવો નહિ હોય, કે જેણે આંદોલનનો અનુભવ ન કર્યો હોય. વિવિધ સમૂહો દ્વારા, વિવિધ હેતુઓ માટે, વિવિધ સ્વરૂપના, ઉદ્દેશ્યો તથા વિચારસરણીઓને આધારે, જુદા જુદા સમૂહો દ્વારા સામાજિક આંદોલનો અનેક પ્રકારનાં હોય છે.

હર્બર્ટ બ્લુમર (1951 : 167–222) : સામાજિક આંદોલનના બે પ્રકાર દર્શાવે છે :

(1) **સામાન્ય સામાજિક આંદોલનો :** આવાં આંદોલનો સામૂહિક રીતે, અસંગઠિત રીતે હેતુઓને પરિપૂર્ણ કરવાના પ્રયત્નો કરે છે. ધીમે ધીમે પરંતુ સતત નક્કી કરેલ દિશામાં પ્રયત્ન કરે છે. આવાં આંદોલનોને સામાન્ય આંદોલનો તરીકે સમાજમાં સ્વીકારાય છે. **દા.ત.** મજૂર આંદોલનો, યુવા આંદોલનો, સ્ત્રીઓનાં આંદોલનો, શાંતિ આંદોલન વગેરે. આ આંદોલનો લોકોના વલણ બદલવા માટેનાં હોય છે. વંચિત અને સાપેક્ષ રીતે પછાત લોકો પોતાના અધિકાર માટે કાર્યરત બને છે. મહદ્ અંશે લોકો પોતાની અપેક્ષાઓને અને આશાઓને પરિપૂર્ણ કરવા આવી લડત ચલાવે છે. આવાં આંદોલનોમાં લોકો પોતાની પરિસ્થિતિ કઈ રીતે બદલાશે તે અંગે રોમાંચિત થાય છે. સામાન્ય આંદોલનોમાં ભાગ લેનારાઓ પાસે, મહદ્ અંશે સામાન્ય દિશા હોય છે, અને આવી ચળવળો ધીમી પણ સાતત્યપૂર્ણ હોય છે. આવાં આંદોલનો અસંગઠિત હોય છે, તેઓ પ્રસ્થાપિત હોતાં નથી, તેમના સભ્યો પણ સંગઠિત હોતા નથી. **દા.ત.** સ્ત્રીઓની સમર્થતા પ્રાપ્ત કરવાની ચળવળ, તે અંગે ખાસ ચોક્કસ ખ્યાલ ધરાવતી નથી. માત્ર સ્ત્રીઓના સ્થાન, દરજ્જામાં સુધારા અંગે થોડા ખ્યાલ ધરાવે છે. આવી ચળવળ સ્ત્રીના સ્થાનમાં સુધારા કરવા અનેક પ્રયત્ન કરે છે. આવી ચળવળો ક્યારેક ધીમી પડે છે, ક્યારેક વેગવંતી બને છે. વિવિધ નેતાઓ તેની ધૂરા સાચવે છે. આવી ચળવળો નવાં મૂલ્યો લાવવા મથે છે. આવા આંદોલનના નેતાઓ આંદોલનને મદદરૂપ બને છે કારણ નેતાઓ આંદોલનના અવાજને બુલંદ કરવા પ્રયત્નશીલ હોય છે. તેઓ આંદોલનના ધ્યેયને વિવિધ રીતે અભિવ્યક્ત કરે છે. આવા નેતાઓ પોતાની અભિવ્યક્તિ દ્વારા સમાજને સંવેદનશીલ બનાવે છે. નેતાઓ સંચારમાધ્યમોનો ઉપયોગ કરે છે.

સામાન્ય આંદોલન કોઈક ખ્યાલને લક્ષમાં રાખી, સ્પષ્ટ હેતુ માટે નહિ પણ સામાન્ય હેતુ માટે, વિવિધ સાધનો દ્વારા પ્રયત્નો કરે છે. આવી લડત ખૂબ લાંબા ગાળાની હોય છે અને અતિ ધીમી હોય છે. આવાં આંદોલનો મોટા સમૂહો દ્વારા ચાલતા હોય છે અને અસંગઠિત રીતે ચાલતા હોય છે.

આવાં આંદોલનોમાંથી ધીમેધીમે વિશિષ્ટ આંદોલનો ઘડાય છે. વિશિષ્ટ ચળવળો ધીમે ધીમે ચોક્કસ બનતી જાય છે. સામાન્ય આંદોલનોમાંથી વિશિષ્ટ સામાજિક આંદોલનો ઉદ્ભવે છે, જેમાં હેતુ સ્પષ્ટ હોય છે, આંદોલનનાં કારણો સ્પષ્ટ બને છે. આંદોલનની માંગણીઓ સ્પષ્ટ બને છે.

**વિશિષ્ટ સામાજિક આંદોલનો :** સામાન્ય સામાજિક આંદોલનો આ આંદોલનોને પૃષ્ઠભૂમિકા પૂરી પાડે છે. આવાં આંદોલનોના ધ્યેય સ્પષ્ટ હોય છે. આવી ચળવળોમાં નેતાગીરી સ્પષ્ટ, દૃઢ અને સમાજમાન્ય હોય છે. આવાં આંદોલનોમાં ભાગ લેનાર સભ્યો પોતે સ્પષ્ટ હોય છે. આવાં આંદોલનોના ઇરાદા સ્પષ્ટ હોય છે. આવાં આંદોલનોમાં ભ[illegible]ાર સભ્યોમાં આપણાપણાની ભાવના હોય છે. આવાં આંદોલનોમાં એક વિશિષ્ટ પરંપર[illegible] મૂલ્ય હોય છે, ચોક્કસ વિચારસરણી હોય છે. ચોક્કસ ધોરણો તથા નિયમો હોય છે. [illegible] અપેક્ષાઓ પણ હોય છે. આંદોલનમાં ભાગ લેનાર સભ્યો પોતાના ધ્યેયને વફાદાર [illegible] આંદોલનમાં ભાગ લેનારાઓ વચ્ચે શ્રમવિભાજન પણ જોવા મળે છે. સામાજિ[illegible] જેમ જ સભ્યોને ચોક્કસ દરજ્જા આપવામાં આવે છે. આવા આંદોલનમાં વ્યક્તિ[illegible] ઓળખ દૃઢ બનાવે છે, પોતાના ખ્યાલો મજબૂત બનાવે છે અને પોતે આંદોલનના[illegible]ક કાર્ય કરે છે. કોઈપણ સામાજિક આંદોલન તેના ઉદ્ભવના સમયે આવા કોઈ[illegible] હોતા નથી. પરંતુ ધીમે ધીમે તેવાં લક્ષણો પ્રગટ થાય છે અને એનો વિસ્તાર [illegible] થાય છે. સામાજિક આંદોલનોને

વિકાસાત્મક અભિગમથી તપાસવા જોઈએ. શરૂઆતનાં વર્ષોમાં સામાજિક આંદોલન ખૂબ અનૌપચારિક રીતે કાર્યરત થાય છે. શરૂઆતમાં સામાજિક આંદોલનના ધ્યેય સ્પષ્ટ હોતા નથી. ખૂબ અજંપાભર્યા સામૂહિક વાતાવરણમાં તેનો ઉદ્ભવ થાય છે.

Dawson & Gettys (1935 : Chap. 19) આ આંદોલનના ચાર તબક્કા દર્શાવે છે. પ્રથમ ઉદ્ભવનો તબક્કો અજંપાભર્યો, સામાજિક તાણ હોય તેવો તબક્કો, સામૂહિક ઉત્તેજના વાળો, (excitement) ઘડતરનો તબક્કો, સંસ્થીકરણનો તબક્કો હોય છે.

સૌપ્રથમ લોકો અજંપાભર્યા (restless) હોય છે, ખૂબ અકળામણભરી પરિસ્થિતિમાં હોય છે. અને ફાવે તે રીતે વર્તે છે. એ લોકોને ખૂબ અસંતોષ હોય છે અને તેઓ ખૂબ તાણભરી પરિસ્થિતિમાં હોય છે. તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આંદોલનમાં ભાગ લેનાર બધા જ સામાજિક પરિવર્તન--પરિસ્થિતિમાં પરિવર્તન ઇચ્છે છે. આવાં આંદોલનોમાં નેતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ધીમે ધીમે જૂથનાં ધ્યેયો, નીતિઓ, યુક્તિઓ અને શિસ્ત બનતા જાય છે. નેતા પ્રવક્તા બને છે. એટલે કે નેતા જૂથવર્તી સમાજને માહિતી આપે છે. આંદોલન વતી તમામ માહિતી તથા કાર્યક્રમની જાણ સમાજને કરે છે.

બ્લુમરના મતે સુધારાવાદી અને ક્રાંતિકારી એમ બે પ્રકારનાં આંદોલનો હોય છે. આ બન્ને પ્રકારમાં સમાજ પરિવર્તન ઇચ્છે છે. બન્ને પ્રકારનાં આંદોલનો સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન ઇચ્છે છે. અલબત્ત, આ બન્ને આંદોલનો તેમના ધ્યેય અને ઇરાદાથી ભિન્ન છે. સુધારાવાદી આંદોલનકારીઓ સમાજના મર્યાદિત ભાગમાં સામાજિક પરિવર્તન ઇચ્છે છે, જ્યારે ક્રાંતિકારીઓ સમાજના તે ભાગને નષ્ટ કરવાનો પ્રયાસ કરે છે. આ બન્નેની કાર્યનીતિ પણ ભિન્ન છે. બ્લુમર બોધક (expressive) આંદોલનોની પણ ચર્ચા કરે છે. તેમના મતે કેટલાક આંદોલનકારીઓને સંસ્થામાં પરિવર્તન જોઈતું નથી, માત્ર સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન જોઈએ છે. આવા પ્રકારની ચળવળો એટલે –

1. ધાર્મિક આંદોલન
2. ફેશન આંદોલન

બ્લુમર પુનરુત્થાનવાદી તથા રાષ્ટ્રીય ચળવળોની પણ ચર્ચા કરે છે.

ઉપરોક્ત બધા જ આંદોલનના વિવિધ પ્રકારો છે. માત્ર ક્રાંતિકારી આંદોલન સિવાય બધા પ્રકારના આંદોલનમાં, આંદોલનકારીઓના ધ્યેય, સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટેના છે. બ્લુમર આંદોલનના વિવિધ પ્રકારોની વિસ્તૃત ચર્ચા કરે છે.

હવે એમ. એસ. રાવે વર્ણવેલ સામાજિક આંદોલનોના પ્રકાર તપાસીએ.

એમ.એસ.એ. રાવ (1978 : 1 થી 15) સામાજિક આંદોલનના ત્રણ પ્રકાર દર્શાવે છે.

સામાજિક આંદોલનો સામાજિક પરિવર્તન માટેના સાધન છે. સામાજિક આંદોલનો એ સામાજિક પરિવર્તન માટેનો પ્રયત્ન છે. રાવ આંદોલનના ત્રણ પ્રકારો દર્શાવે છે :

(1) સુધારાવાદી આંદોલન
(2) પરિવર્તનવાદી આંદોલન
(3) ક્રાંતિકારી આંદોલન.

**(1) સુધારાવાદી આંદોલનો :** આ પ્રકારનાં આંદોલનોમાં આંદોલનકારીઓ સામાજિક વ્યવસ્થાનાં કેટલાંક પાસાંઓમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે. તેને સમાજનાં બધાં જ પાસાંઓમાં પરિવર્તન લાવવું નથી કે તેને રચનાતંત્રમાં પરિવર્તન જોઈતું નથી. માત્ર વ્યવસ્થાનાં કેટલાંક પાસાંઓમાં તેને પરિવર્તન લાવવું હોય છે. તેમનાં આંદોલનો શાંત, દૃઢાગ્રહી અને સાતત્યપૂર્ણ હોય છે. તેમને મૂલ્યપરિવર્તનમાં રસ છે.

**(2) પરિવર્તનવાદી આંદોલન :** આવાં આંદોલનોનો હેતુ રચનાતંત્રમાં પરિવર્તન લાવવાનો છે. તેમને મૂળ બાબતોમાં પરિવર્તન લાવવાની ઇચ્છા હોય છે.

**(3) ક્રાંતિકારી આંદોલન :** આ પ્રકારનાં આંદોલનો ઉદ્દામવાદી હોય છે. આ આંદોલનોનો હેતુ આમૂલ પરિવર્તનનો હોય છે. આવાં આંદોલનોમાં ક્રાંતિકારી પરિવર્તન એ જ એક માત્ર બાબત છે. સંપૂર્ણ રચનાતંત્રમાં પરિવર્તન એ જ ઉદ્દેશ્ય હોય છે. એમનાં સાધનો હિંસક પણ હોઈ શકે. ઉદ્દામવાદી ધ્યેય અને ઉદ્દામવાદી પદ્ધતિ એ ક્રાંતિકારી આંદોલનની વિશિષ્ટતા હોય છે.

આ સિવાય અનેક પ્રકારનાં આંદોલનો સમાજમાં જોવા મળે છે, જેની ચર્ચા હવે કરીશું.

**રાષ્ટ્રવાદી આંદોલન :**

રાષ્ટ્રવાદી વિચારસરણી ઉપર આધારિત રાષ્ટ્રઘડતરનું આંદોલન એટલે રાષ્ટ્રવાદી આંદોલન. આવાં આંદોલનો કોઈ એક ચોક્કસ પ્રદેશ, વિસ્તારમાં રહેતા લોકો કરે છે. જેમાં આપણાપણાની ભાવના હોય છે. જેઓના ઉદેશ્ય રાષ્ટ્રહિતના હોય છે. આવા પ્રકારનાં આંદોલનોમાં વફાદારી માત્ર રાષ્ટ્રની હોય છે. રાષ્ટ્રવાદી આંદોલનોમાં રાષ્ટ્રીય નેતા, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત, રાષ્ટ્ર માટે શહીદીની ભાવના અને રાષ્ટ્રને મહાન માનવાની ભાવના જોવા મળે છે. રાષ્ટ્રવાદી આંદોલનોમાં રાષ્ટ્રભાવના મહત્ત્વની આશય છે. આવાં આંદોલનો હિંસક કે અહિંસક હોઈ શકે. આવાં આંદોલનો શાંત કે ઉગ્ર હોઈ શકે.

**રૂઢિવાદી આંદોલન :** જ્યારે કોઈ આંદોલનકારીઓ પોતાના વારસાને કે વર્તમાનને સુરક્ષિત રાખવા માગે અને પરિવર્તનને નકારે ત્યારે આ પ્રકારના આંદોલનનો જન્મ થાય. પ્રગતિવાદી આંદોલનનું વિપરીત સ્વરૂપ એટલે રૂઢિવાદી આંદોલન. આ આંદોલનમાં ઈતિહાસને સુરક્ષિત રાખવાની ભાવના છે.

આવા વિવિધ પ્રકારનાં આંદોલનો દરેક સમાજમાં વિવિધ સમયે દૃષ્ટિગોચર થાય છે. જ્યારે સામાજિક પરિવર્તનનો કોઈ માર્ગ ન બચે ત્યારે આંદોલનનો માર્ગ સ્વીકારવામાં આવે છે.

પાર્થો મુકરજી (1977 : 38–59, 1978 : 17 – 90) : પાર્થો મુકરજી આંદોલનોને ગુણાત્મક પાસાંની દૃષ્ટિએ મૂલવે છે. તેઓ આંદોલનનું વર્ગીકરણ ગુણાત્મક પરિવર્તનના પાયા ઉપર કરે છે. તેમના મતે –

(1) સંગ્રહિત પરિવર્તન

(2) વૈકલ્પિક પરિવર્તન

(3) પરિવર્તનવાદી પરિવર્તન

(1) **સંગ્રહિત પરિવર્તન :** આવા પ્રકારનાં પરિવર્તનોને વ્યવસ્થાની અંદરના પરિવર્તન ગણવામાં આવે છે. આવાં પરિવર્તનો સમાજની આંતરિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટેનાં છે. આવાં પરિવર્તનોમાં રચનાતંત્રીય પરિવર્તન નથી.

(2) **વૈકલ્પિક પરિવર્તન :** આવા પ્રકારનાં પરિવર્તનોમાં માળખામાં લાવવામાં આવતા પરિવર્તનોની ચર્ચા છે. આ પ્રકારના પરિવર્તનમાં પ્રથમ નવા માળખાની રચના કરવામાં આવે છે. નવા માળખાની રચના કર્યા બાદ જૂના માળખાં બદલવામાં આવે છે.

(3) **પરિવર્તનવાદી :** આ પ્રકારનાં આંદોલનો પરિવર્તન ઇચ્છે છે. નવાં માળખાં ઊભા કરી આમૂલ પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારનાં આંદોલનો મૂલ્ય, ધોરણો, માળખાં, વર્તનની તરાહ, સામાજિક પ્રક્રિયાઓ, સામાજિક આંતરક્રિયાઓ, પદ્ધતિ વગેરેમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે.

ઓમેન (1972) : ઓમેન સામાજિક પરિવર્તન માટેનાં આંદોલનોના ત્રણ વર્ગીકરણ દર્શાવે છે :

(1) વિભૂતિમાન

(2) વિચારસરણી આધારિત

(3) સંસ્થાકીય

(1) **વિભૂતિમાન :** આવી ચળવળો કોઈ નેતાની વ્યક્તિમત્તા અને વિચારસરણીને આધારે શરૂ કરવામાં આવે છે. ભવિષ્યના કોઈ આદર્શને પામવા આવી ચળવળો આરંભાય છે. આવા આંદોલનકારીઓ પાસે સમાજ અંગે એક ચોક્કસ ચિત્ર હોય છે. એ ચિત્રને ચરિતાર્થ કરવા આવા પ્રકારનાં આંદોલનો થાય છે. **દા.ત.** ગાંધીવાદી ચળવળ. સમાજમાં મહાત્મા ગાંધીની વિચારસરણીને અનુરૂપ પરિવર્તન લાવવા માટે ગાંધીના અનુયાયીઓ કાર્યશીલ બને છે. ગાંધીજીના નેતૃત્વથી અભિભૂત થયેલી વ્યક્તિઓ આવાં આંદોલનો ચલાવે છે.

(2) **વિચારસરણી આધારિત :** કોઈ એક ચોક્કસ વિચાસસરણીને આધારે સમાજમાં આંદોલન ચલાવાય તેનો આ પ્રકારમાં સમાવેશ કરવામાં આવે છે. **દા.ત.** નકસલવાદી આંદોલન.

(3) **સંસ્થાકીય ચળવળ :** જ્યારે કોઈ સમસ્યા-ઉકેલ માટે આંદોલન કરવામાં આવે ત્યારે તે ચળવળ સમસ્યાના ઉકેલ માટે પ્રયત્નશીલ બને છે. આવી ચળવળો પરિવર્તન માટે હોય છે. **દા.ત.** બાલશ્રમિક નાબૂદી આંદોલન.

ટૂંકમાં, કહી શકાય કે ચોક્કસ પ્રકારના પરિવર્તન માટે જ્યારે સમૂહ ગતિશીલ બને અને વિવિધ સાધનો દ્વારા પ્રયત્નશીલ બને ત્યારે તેને સામાજિક આંદોલન કહી શકાય.

ભારતમાં સાંપ્રત સમયમાં જ ખેડૂત આંદોલન, સામાજિક સુધારણાવાદી આંદોલન, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, બ્રહ્મોસમાજ, સ્વાધ્યાય ચળવળ વગેરે જોવા મળી છે. રાષ્ટ્રવાદી તથા અલગતાવાદી આંદોલનો પણ જોવા મળે છે. ભારતમાં ગાંધીવાદી રાષ્ટ્રવાદી આંદોલનો જોવા મળ્યાં. સ્વાતંત્ર્યપ્રાપ્તિ સમયે તથા ત્યાર બાદ ગુજરાત, મહારાષ્ટ્ર, ઝારખંડ, ઉત્તરાંચલ, છત્તીસગઢ, તેલંગાણા તથા ખાલીસ્તાનના આંદોલનો જોવા મળ્યાં. આ બધાની સાથે દલિત આંદોલન, નારીવાદી આંદોલન તથા કોમવાદી આંદોલનો પણ જોવા મળ્યાં.

## 3.4 સામાજિક આંદોલનોનો ઉદ્‌ભવ :

સામાજિક આંદોલનનો અર્થ, વ્યાખ્યા અને પ્રકારની ચર્ચા બાદ સામાજિક આંદોલન કઈ રીતે ઉદ્‌ભવ્યા તેની ચર્ચા કરીએ. સામાજિક આંદોલનોનાં પ્રેરણાત્મક પરિબળો ક્યાં છે ? અને આ આંદોલન ઉદ્‌ભવનાં કયાં પરિબળો છે ? તે તપાસવાનો પ્રયત્ન કરીએ.

સામાજિક આંદોલન એ મોટી સંખ્યાના લોકોના તેઓ જેને સમાન રીતે અનુભવે છે, તેવી લાગણી ધરાવતા હોય તેવી સમસ્યા કે સમસ્યાઓના સામૂહિક રીતે ઉકેલ લાવવાના પ્રયાસનું પ્રતિનિધિત્વ કરે છે. સામાજિક આંદોલન, કોઈ ચોક્કસ સમૂહની ખૂબ ઘવાયેલી લાગણી ઉગ્ર રીતે રજૂ કરે છે. સમાજમાં અનેક પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે. પણ લોકો આ અંગે સભાન હોય, જાગૃત હોય તે જરૂરી છે. સામાજિક આંદોલનથી લોકો જાગૃત બને છે, સભાન બને છે.

એમ. એસ. એ. રાવ (1979) સામાજિક આંદોલનના ઉદ્‌ભવ સાથે સંકળાયેલાં ત્રણ મુખ્ય પરિબળો સમજાવે છે જે નીચે પ્રમાણે છે :

**(1) સાપેક્ષ વંચિતતા (Relative diprivation) :** સામાજિક આંદોલન ત્યારે જ થાય છે કે જનસમૂહનો મોટો ભાગ સમાજમાં ચાલતી ઘટનાને અયોગ્ય સમજે. સમાજના એક મોટા સમૂહને એમ લાગે કે, તેઓ સાપેક્ષ વંચિત છે. તેઓ દુઃખી હોય, તેમને જે મળવું જોઈએ. તે મળતું નથી. એવું તેમને લાગતું હોય, ત્યારે સમાજમાં ગતિશીલતા આવે, ચર્ચા થાય, સમાજ સંગઠિત થાય અને આંદોલનની શરૂઆત થાય. સમાજનો મોટો સમૂહ એવું માને છે કે તેમને વંચિત રાખવામાં આવે છે. **દા.ત.** નક્સલાઈટ આંદોલનમાં એવું માનવામાં આવે છે, કે આ આંદોલનમાં જોડાયેલો સમૂહ માનતો હતો કે તેમને પછાત રાખવામાં આવે છે. એમની ગરીબીની કોઈને પડી નથી. હિંસા દ્વારા જે કંઈ પ્રાપ્ત થઈ શકે તે કરવું જોઈએ. ગુજરાતમાં ઉત્પન્ન થયેલ અનામત વિરોધી આંદોલનમાં પણ આવું જ માનવામાં આવ્યું હતું. જનસમુદાયના એક મોટા સમૂહને વંચિતતાનો અનુભવ થયો હતો. એક સમૂહ વંચિતતા અનુભવતો હતો. આ સમૂહની લાગણી તીવ્ર થાય અને તેઓ પોતાની લાગણીને વાચા આપવાનું નક્કી કરે ત્યારે આંદોલન શરૂ થાય. આમ વંચિતતા એ પાયાનો મુદ્દો બને છે.

અલબત્ત આ વંચિતતા સાપેક્ષ છે પરંતુ તે સંપૂર્ણ નથી. સામાજિક ચળવળો એ સાપેક્ષ અપેક્ષાઓમાંથી જ ઉદ્‌ભવે છે.

**(2) રચનાગત તનાવ (Structural tension) :** સામાજિક ચળવળો ઉત્પન્ન થવા માટે વંચિતતા એ મહત્ત્વનો મુદ્દો છે પણ બધી ચળવળો સાપેક્ષ વંચિતતામાંથી ઉદ્‌ભવતી નથી. ક્યારેક સમાજના રચનાત્મક માળખાની તંગદિલીમાંથી સામાજિક આંદોલનો ઉદ્‌ભવે. જ્યારે સમાજમાં પ્રવર્તમાન મૂલ્યવ્યવસ્થા અને ધોરણાત્મક રચના લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય ત્યારે સમાજમાં લોકો તંગદિલી અનુભવે અને નવી મૂલ્યવ્યવસ્થા શોધવાનો પ્રયાસ થાય અને અગાઉની મૂલ્યવ્યવસ્થાની જગ્યા નવી મૂલ્યવ્યવસ્થા સ્થાન લે. સામાન્ય રીતે આવા સંજોગોમાં સમાજમાં ધોરણભંગની પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. **દા.ત.** જ્ઞાતિપ્રથાનાં અસમાન મૂલ્યો ધરાવતા ઊંચનીચના કોટિક્રમને સ્થાને લોકશાહીના સમાનતા અને સ્વતંત્રતાનાં મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે ક્યારેક આંદોલનો થાય છે. સમાજમાં માળખાકીય પ્રશ્નો ઊભા થાય ત્યારે તાણાવ ઊભો થાય અને સામાજિક આંદોલનોનો ઉદ્‌ભવ થાય. મૂલ્યપરિવર્તનને કારણે રચનાત્મક તનાવ વધતો જાય છે અને તેથી જ સામાજિક આંદોલનો ઉદ્‌ભવે છે.

**(3) પુનઃ જીવંતતા (Revitalisatoin) :** ક્યારેક સમાજમાં સાપેક્ષ વંચિતતા અને રચનાગત તાણાવ

એકબીજા સાથે સંકળાયેલા છે ત્યારે તે સામાજિક આંદોલનનો મૂળ આધાર પૂરો પાડે છે. સાપેક્ષ વંચિતતા એ માળખાગત તણાવનું કારણ બને છે. સામાજિક સુધારણા ચળવળનું પરીક્ષણ કરીએ તો સંભવ છે કે આ બન્ને કારણો સાથે અસ્તિત્વમાં હોઈ શકે. આમ છતાં ધ્યાનમાં રાખવું જોઈએ કે સામાજિક આંદોલનો એ માત્ર વિરોધી આંદોલનો નથી. સામાજિક આંદોલનો સાંપ્રત વ્યવસ્થા સામે અસંતોષ વ્યક્ત કરે છે. આ વ્યવસ્થા યોગ્ય નથી, તે સામેનો વિરોધ સ્પષ્ટપણે જાહેર કરવામાં આવે છે. રચનાગત તણાવમાંથી પસાર થઈ રહેલી પ્રવર્તમાન વ્યવસ્થાને પુનર્જીવિત કે પુનઃજીવંત કરવા તેઓ પ્રયત્ન કરે છે. આમ પુનઃજીવિત કરવાનું આ પાસું સામાજિક આંદોલન સાથે સંકળાયેલું ત્રીજું પરિબળ છે. કંઈક પુનઃ જીવંત કરવાની ઝંખના આંદોલનને જન્મ આપે છે. રાષ્ટ્રવાદનું સંવર્ધન કરતી યુવક ચળવળો એ આનાં ઉદાહરણો છે.

ઉપરોક્ત ત્રણે પરિબળો એકબીજા સાથે સંકળાયેલાં પરિબળો છે. સામાન્ય રીતે સામાજિક ચળવળના ઉદ્ભવ સમયે આ ત્રણેમાંથી એક પરિબળ મહત્ત્વનો ભાગ ભજવે છે અને બાકીનાં બન્ને પરિબળો તેની સાથે જોડાઈ જાય છે. અલબત્ત બધી સામાજિક ચળવળો સમાન હોતી નથી. વિવિધ સામાજિક ચળવળો વસ્તીના વિભિન્ન વિભાગોનું પ્રતિનિધિત્વ કરે છે. ક્યારેક બે સામાજિક ચળવળો એકબીજાથી તદ્દન વિરુદ્ધ પ્રકારની હોય છે. ક્યારેક સમાજનાં અમુક જૂથો સાથે કાર્ય કરે છે અને ક્યારેક તેઓ સામસામે કાર્યરત બને છે.

હવે સામાજિક આંદોલનના વિવિધ તબક્કા તપાસીએ.

## 3.5 સામાજિક આંદોલનના તબક્કા :

સામાજિક આંદોલન એના ઉદ્ભવથી વિવિધ તબક્કાઓમાંથી પસાર થતા હોય છે. અજંપાથી શરૂઆત થઈ અંજામ સુધી એ અનેકવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. હર્બર્ટ બ્લુમર (1995 : 65) સામાજિક આંદોલનના પાંચ તબક્કા દર્શાવે છે :

(1) ઝુંબેશ (agitation)

(2) જુસ્સા(Spirit)નો વિકાસ

(3) મનોબળ (morale)નો વિકાસ

(4) વિકલ્પનું ઘડતર

(5) અમલીકરણની યુક્તિ – પ્રયુક્તિઓ.

(1) ઝુંબેશ : આંદોલનની સફળતામાં લોકોને ભાગીદાર બનાવવામાં આ પ્રક્રિયા ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આંદોલનના ઉદ્ભવના તબક્કામાં આંદોલન લોકોના મત તૈયાર કરવામાં, વલણ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ બાબતથી લોકો જાગૃત થાય છે અને કંઈક થવું જ જોઈએ એવો વિચાર કરે છે. સામાજિક પ્રશ્ન અંગે લોકોના વિચાર પરિવર્તન પામે છે, લોકોની માન્યતાઓ બદલાય છે. તેમનામાં નવી આશા અને આકાંક્ષા પેદા કરે છે. સામાજિક આંદોલન ત્યારે જ સફળ ગણાય કે જ્યારે લોકોનું ધ્યાન ખેંચવામાં સફળ બને. સાથે સાથે આંદોલનની વિગતે લોકોને આકર્ષી, તેમની લાગણીઓ ઉશ્કેરી, પ્રશ્ન પરત્વે સંવેદનશીલ બનાવી તેમને આંદોલનમાં સક્રિય બનાવી ભાગ લેવા તૈયાર કરે છે.

આંદોલન, મહદ્ અંશે, કોઈક ચોક્કસ અન્યાયમાંથી, ભયંકર ભેદભાવમાંથી જ ઉદ્ભવે છે. આમાંથી સમાજમાં ઉશ્કેરાટ જન્મે છે. પ્રજા ક્યારેક પોતાના પ્રશ્ન અંગે જાગૃત હોય છે, પરિસ્થિતિ, પ્રશ્ન જાણતા હોય છે અને ઉકેલ પણ જાણતા હોય છે. મહદ્ અંશે લોકો અસંતુષ્ટ હોય છે, બીકણ હોય છે અને તેથી કંઈ જ કરતાં નથી. પણ અજંપાભરી જિંદગી ગુજારે છે. પરંતુ આ પ્રક્રિયા દ્વારા વિચારની શરૂઆત થાય છે. પ્રજામાં એક અજંપાની શરૂઆત થાય છે.

આ જ રીતે આંદોલનકારીઓ પણ બે પ્રકારના હોય છે. કેટલાક આંદોલનકારીઓ ગુસ્સાવાળા, ગતિશીલ, ઉશ્કેરાટ અને અજંપાવાળા તથા આક્રમણખોર હોય છે. તેઓ પોતાની વાચાળતાથી સમગ્ર સમાજને જાગૃત કરે છે, પોતાની તરફ આકર્ષે છે. તેઓ પોતાની અભિવ્યક્તિથી લોકોને તૈયાર કરે છે. આવા આંદોલનકારીઓ જનસમૂહને તૈયાર કરી, તેમને આંદોલન માટે પણ તૈયાર કરે છે. કેટલાક આંદોલનકારીઓ શાંત પ્રકૃતિવાળા હોય છે. તેઓ લોકોને તેમના પ્રશ્નો અંગે જાગૃત કરે છે, તેઓ

લોકોના મત તૈયાર કરે છે, તેમના વલણ તૈયાર કરે છે. સાથે સાથે લોકોને જ પોતાના પ્રશ્નો વિશે વિચાર કરવા મજબૂર કરે છે. લોકો પોતે જ પોતાના પ્રશ્નો અંગે વિચાર કરે તેવી વ્યવસ્થા યોજે છે. લોકોમાં નવો ઉત્સાહ, આશા, આકાંક્ષા, અપેક્ષા જગાડે છે.

આંદોલનનું મૂળ કામ લોકોમાં પરિવર્તન લાવવાનું છે.

**(2) જુસ્સાનો વિકાસ :** આંદોલન એટલે માત્ર લોકોમાં રસ જગાડવા, તેમને જાગૃત કરવા એટલું જ નથી, પણ લોકોને તેમાં ભાગીદાર બનાવવા તે પણ છે. આંદોલન અંગે જાગૃતિ ફેલાવી તેઓમાં ભાવના(spirit)નો વિકાસ કરવાનો છે. આ દ્વારા લોકોમાં વિચારસરણીને અનુરૂપ જુસ્સો (spirit) પેદા કરવાનું કામ મહત્ત્વનું છે. આવી ભાવનાને કારણે લોકોમાં નિકટતા આવે છે, એકતા આવે છે. સમૂહમાં સૌ પોતે ભાગીદાર બની ધ્યેય પામવાનો પ્રયત્ન કરે છે એવું લાગે છે, એવી ભાવના પેદા થાય છે. સમૂહના બધામાં એક ચોક્કસ લાગણી પેદા થાય છે. સામાજિક આંદોલન માટે આ ભાવના અત્યંત મહત્ત્વની હોય છે. આવી ભાવનાનો વિકાસ થવાથી સામૂહિક મદદ પ્રાપ્ત થાય છે. સૌ પોતાના અવાજને રજૂ કરવા, અભિવ્યક્ત કરવા તૈયાર થાય છે. આમાંથી જ જૂથભાવના પણ વિકસે છે. આવી પ્રક્રિયા દ્વારા જ સભ્યોમાં વફાદારી અને સમર્પણની ભાવના વિકસે છે. સૌ સભ્યો એક જ જવાબદારી વહન કરે છે અને એક પ્રકારનાં મૂલ્યો ધરાવે છે એવા જૂથનો વિકાસ થાય છે. આવી ભાવનાને કારણે લોકોમાં એકતાની ભાવના વિકસે છે. આવી ભાવનાના વિકાસને કારણે અનૌપચારિક જૂથનો વિકાસ થાય છે. લોકો અકબીજાની નજીક આવે છે. સામૂહિક પ્રતીકોનો વિકાસ થાય છે. સભ્યો મૂલ્યો, ધોરણો, વિચારસરણી, વલણો એક જ પ્રકારનાં પ્રાપ્ત કરે છે. સૌ સભ્યો એક બને છે, તેમનો ધ્યેય એક બને છે અને વલણ તથા વિચારસરણી પણ એક જ બને છે. આને કારણે તેઓ સામાજિક કદર પ્રાપ્ત કરે છે.

સામાજિક આંદોલનોમાં જાહેર સભા, સરઘસ, રેલીઓ, પરેડ, વિશાળ સભાઓ વ્યક્તિઓના પ્રત્યક્ષીકરણો સ્પષ્ટ બનાવે છે. આ બધી બાબતો દ્વારા સભ્યોમાં ભાવના વિકસે છે, અભિવ્યક્તિની કળા ખીલે છે, લોકોમાં એક હોવાની ભાવના વિકસે છે. લોકોમાં આપણાપણાની ભાવના ખીલે છે, લોકોમાં સૌ એક છે, એવી ભાવના ખીલે છે, જૂથમાં કામ કરવાથી ઉત્સાહ અને જોમ ખીલે છે. લોકોની સમજણ સ્પષ્ટ બને છે. લોકો ગંભીર બાબતો સામે ઝઝૂમવા તૈયાર થાય છે. પરસ્પર વિશ્વાસ કેળવાય છે. લોકોમાં કૌશલ્યો આવે છે. અનુભવથી સૌ ઘડાય છે. ભાવનાના વિકાસથી ખૂબ મહત્ત્વની એકતા પ્રસ્થાપિત થાય છે. ભાવનાનો વિકાસ થાય ત્યાર બાદ ચોક્કસ નીતિ, નૈતિકતાનો વિકાસ થાય છે.

**(3) મનોબળનો વિકાસ :** સામૂહિક કાર્ય પરસ્પર વિશ્વાસ અને હૂંફ સર્જે છે. સામાજિક આંદોલન માટે સામૂહિક કાર્ય ઉત્સાહ અને જોમ પેદા કરે છે. સામાજિક આંદોલનમાં નૈતિકતાના વિકાસથી બળ પ્રાપ્ત થાય છે. નૈતિકતાના વિકાસથી સમૂહને બળ પ્રાપ્ત થાય છે અને વિપરીત સંજોગોમાં એકતા ટકી રહે છે. નૈતિકતા કેટલાક ચોક્કસ વિશ્વાસમાંથી પેદા થાય છે. નૈતિકતા માન્યતાઓ વિશ્વાસમાંથી પેદા થાય છે. સામાજિક આંદોલનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે આ બાબત મહત્ત્વની છે. સામાજિક આંદોલનમાં માન્યતા અને વિશ્વાસ બળપૂરક છે. સામાજિક આંદોલન દ્વારા લોકોમાં એકતાની ભાવના કેળવાય છે. આંદોલનને કારણે સાહિત્યનો વિકાસ થાય છે. સામાજિક આંદોલન દરમ્યાન અનેક પ્રકારની વાર્તાઓ, દંતકથાઓ પ્રચલિત થાય છે જે સામાજિક ચળવળને મદદ કરે છે. આવી દંતકથાઓ, વાર્તાઓ લોકોમાં આશા ઉત્પન્ન કરે છે.

**(4) વિકલ્પનું ઘડતર :** સામાજિક આંદોલનના સમય માટે વિચારસરણી સૌથી મહત્ત્વનું પરિબળ છે. સામાજિક આંદોલનની સફળતા માટે વિચારસરણી એ ખૂબ મહત્ત્વનું શસ્ત્ર છે. એના વિના કોઈપણ આંદોલન સફળતા પ્રાપ્ત કરી શકે નહિ. વિચારસરણીમાં સિદ્ધાંત (doctrine), વિશ્વાસ અને દંતકથાઓ (myths) મહત્ત્વનો ભાગ ભજવે છે. વિચારસરણી સામાજિક આંદોલનની તાર્કિકતા, હેતુ (rationale) પ્રસ્તુત કરે છે. વિચારસરણીમાં બુદ્ધિતત્ત્વ મહત્ત્વની બાબત હોય છે. એમાં બૌદ્ધિક બાબત અગ્રેસર, મહત્ત્વની હોય છે. વિચારસરણી પ્રતીકો દ્વારા પણ રજૂ થાય છે. વિચારસરણી જ સામાજિક આંદોલનનો પાયો, દર્શન અને માનસિકતા પ્રગટ કરે છે. વિચારસરણી જ મૂલ્ય દર્શાવે છે, વિશ્વાસ (convictions) પ્રગટ કરે છે, વિશ્લેષણ રજૂ કરે છે, દલીલો દર્શાવે છે અને બચાવપક્ષ પણ દર્શાવે છે. વિચારસરણી જ સામાજિક આંદોલનને દિશા આપે છે, તેની તાર્કિકતા રજૂ કરે છે. શસ્ત્રો નક્કી

કરે છે, આશા અને પ્રેરણા આપે છે. વિચારસરણી એ સામાજિક આંદોલન માટે પાયો છે. જો વિચારસરણી અસરકારક હોય તો તે સમાજમાં માન પ્રાપ્ત કરે છે અને પ્રેસ્ટીજ પણ પ્રાપ્ત કરે છે. વિચારસરણી લોકોમાં વિશ્વાસ, શ્રદ્ધા અને આત્મવિશ્વાસ કેળવે છે.

સામાજિક આંદોલનનો મુખ્ય આધાર વિચારસરણી છે.

**(5) સામાજિક આંદોલન :** અમલીકરણની યુક્તિ-પ્રયુક્તિઓ – સામાજિક આંદોલનના વિકાસ માટે આ તત્ત્વ પણ ખૂબ મહત્ત્વનું છે. સામાજિક આંદોલન માટે ત્રણ બાબતો ખૂબ મહત્ત્વની છે : લોકોને આ આંદોલનમાં ભેળવવા, લોકોનો રસ જળવાઈ રહે તેવું કરવું અને ધ્યેય પ્રાપ્ત કરવું. વિવિધ પ્રકારનાં આંદોલનોમાં વિવિધ પરિસ્થિતિઓ અસ્તિત્વ ધરાવે છે અને સામાજિક આંદોલનના સ્વરૂપ પ્રમાણે આંદોલનની ગતિવિધિઓ નક્કી થાય છે. સામાજિક આંદોલનો કઈ સાંસ્કૃતિક પરિસ્થિતિમાં ચાલે છે તે પણ ખૂબ મહત્ત્વનું છે. સમય, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય પૃષ્ઠભૂમિકા, વાતાવરણ, પરિસ્થિતિ સામાજિક આંદોલનની પ્રક્રિયાઓ નક્કી કરે છે. સાથે સાથે લોકોનું સ્તર, લાયકાત, કૌશલ્યો વગેરે પણ આંદોલનનું સ્વરૂપ નક્કી કરે છે. સામાજિક આંદોલનો વિવિધ પરિસ્થિતિમાં વિવિધ આયોજનો કરે છે.

સામાજિક આંદોલનનાં આયોજનો અનેકવિધ પરિબળો ઉપર આધાર રાખે છે. દરેક આંદોલનના કાર્યક્રમો, નીતિ, વિકાસ, શિસ્ત અલગ અલગ પ્રકારના જોવા મળે છે.

સામાજિક આંદોલનોમાં મુખ્યત્વે આ પાંચ તબક્કા દૃષ્ટિગોચર થાય છે.

સામુદાયિક કાર્ય, ગતિશીલતા એ ખૂબ મુશ્કેલ બાબત છે. આ બાબત માત્ર વિચારસરણી ઉપર આધારિત હોતી નથી. આ બાબત નેતૃત્વ અને સંસ્થા ઉપર પણ આધારિત હોય છે. નેતા વિભૂતિમાન હોય તો સામાજિક આંદોલનમાં તત્કાલ લોકો જોડાય છે. નેતાની વ્યક્તિમત્તાને આધારે અને આંદોલનનાં કારણોને આધારે સમાજમાંથી લોકો આવાં આંદોલનોમાં જોડાય છે. મોટાં સામાજિક આંદોલનોમાં મહદ્ અંશે કેન્દ્રીય અને સ્થાનિક રચનાતંત્રો બને છે જે આંદોલનને સુવ્યવસ્થિત રાખવા પ્રયત્નશીલ હોય છે. આંદોલનમાં પ્રત્યાપનની પ્રક્રિયા પણ ખૂબ મહત્ત્વની હોય છે. નેતા એક ચોક્કસ પ્રકારની ગોઠવણ કરે છે. સામાજિક આંદોલનોમાં સમાજમાં પ્રચલિત રૂઢિઓ અને પ્રતીકોનો ઉપયોગ પણ થાય છે. ધીમે ધીમે સામાજિક આંદોલનના વિકાસકાળ દરમ્યાન તેના તંત્રનું ઘડતર થાય છે. સામાજિક આંદોલનો એક ચોક્કસ હેતુ માટે ઉદ્‌ભવતા હોય છે અને આ હેતુ પૂર્ણ થયા પછી તે પરિપૂર્ણ થઈ જાય છે.

સામાજિક આંદોલનોમાં કેટલાંક ઝોલાં આવતા હોય છે. યુવાનોનાં આંદોલનોની શરૂઆત, ફ્રાંસના વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ જૂના હોવાથી તે કામ લાગતાં નથી, તે બદલાવવા જોઈએ, તે અંગે આંદોલનો કર્યા હતાં. આવાં આંદોલનો વ્યાપક સામાજિક માળખાં બદલવા માટે પણ થાય છે. આવાં આંદોલનોની અસર વ્યાપક સમાજ ઉપર પણ પડે છે. યુવાનો આ આંદોલનોની અસરમાં આવે છે અને પરંપરાગત માળખાં તોડવામાં સક્રિય બને છે. સામાજિક આંદોલનોથી પારદર્શીતા આવે છે. સામાજિક તાણ, અજંપાના ઉકેલ આવે છે.

આવાં આંદોલનોમાંથી અનેક વિકલ્પો ઘડાય છે, નવા નેતૃત્વ ઉભરી આવે છે. 1956માં મહાગુજરાતના આંદોલનમાંથી ઈન્દુલાલ યાજ્ઞિક, હરિપ્રસાદ વ્યાસ, પ્રબોધ રાવળ જેવા નેતાઓ ઉભરી આવ્યા હતા. આસામમાં આસુની લડતમાંથી પ્રફુલચંદ્ર મહંતો અને બિહાર આંદોલનમાંથી જયપ્રકાશ નારાયણ નેતા તરીકે ઊપસી આવ્યા હતા.

હવે કેટલાંક આંદોલનો તપાસીએ. આંદોલનો તેના હેતુ, સાધન, પદ્ધતિ, આંદોલનકારીઓને આધારે વર્ગીકૃત કરી શકાય.

## 3.6 ભારતમાં વિવિધ આંદોલનો :

સમાજમાં આંદોલનો થાય એ મહત્ત્વની ઘટના છે. એનાથી તાણ, અજંપાભરી પરિસ્થિતિ ઉદ્‌ભવે એ અગત્યની બાબત છે પણ સાથે સાથે સામાજિક આંદોલનો પ્રજાની સૂઝ, દઢતા, હિંમત, ખુમારી અને દૂરંદેશીપણું દર્શાવે છે. દરેક પ્રજામાં આવાં વિવિધ સામાજિક આંદોલનો અવશ્ય જોવા મળે છે. ભારતમાં પણ ખેડૂત આંદોલનો, સામાજિક સુધારણાનાં આંદોલનો જેવા કે બ્રહ્મોસમાજ, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, ગાંધીવાદી આંદોલનો, સ્વાધ્યાય આંદોલન, નારીવાદી આંદોલન, રાષ્ટ્રવાદી આંદોલનો,

ભાષાવાદી પ્રાંતરચનામાંથી ઉદ્ભવેલાં અલગતાવાદી આંદોલનો જેવાં કે મહાગુજરાતનું આંદોલન, ઝારખંડ, ઉત્તરાંચલ, છત્તીસગઢ, તેલંગણાનાં આંદોલનો, ખાલીસ્તાન તથા કાશ્મીર અંગેનાં આંદોલનો. આ સિવાય દલિતવર્ગનાં આંદોલનો, અનામતવિરોધી આંદોલનો, કોમવાદી આંદોલનો.

મોટા ભાગનાં આંદોલનો અન્યાયભરી પરિસ્થિતિને બદલવા, અજંપાભરી પરિસ્થિતિને પરિવર્તિત કરવા, કેટલાક ચોક્કસ વર્ગો કે વર્ણના વર્ચસ્વને તોડવા કે ક્યારેક કોઈક સમુદાયના વર્ચસ્વને સ્થાપવા થતા હોય છે. હવે કેટલાંક આંદોલનોની ચર્ચા કરીએ :

**ભારતમાં વિદ્યાર્થી આંદોલનો :** સૌપ્રથમ વિદ્યાર્થી આંદોલન ફ્રાંસમાં ઉદ્ભવ્યું હતું. ફ્રાંસના વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ જૂના કોર્સીસ કે જે બિનઉપયોગી હતા, તેની સામે, તે બદલવા માટે, નિરુપયોગી કોર્સીસને સ્થાને ઉપયોગી કોર્સીસ તેમને ભણાવાય તે માટે આંદોલન કર્યાં હતાં. આ પછી 1848માં જર્મની, ઑસ્ટ્રિલિયા, 1971માં રશિયા અને ચીન તથા 1942 માં ભારતમાં વિદ્યાર્થીઓએ સામાજિક આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સામાજિક આંદોલન એટલે સામૂહિક વર્તન. સમાજનો એક મોટો ભાગ સામાજિક આંદોલન દ્વારા સમાજને તેમણે નિશ્ચિત કરેલ દિશા તરફ લઈ જવાનો પ્રયાસ કરે છે. સામાજિક આંદોલનકારીઓ પાસે સમાજની એક ચોક્કસ કલ્પના હોય છે. તેમની પાસે પરિવર્તન માટેની એક ચોક્કસ દિશા, સૂઝ અને ચિત્ર હોય છે. આંદોલનો મહદ્ અંશે સામાજિક માળખાં સાથે જોડાયેલાં હોય છે. વિદ્યાર્થી આંદોલન સામાજિક પરિવર્તન ઇચ્છતાં હોય છે. વિદ્યાર્થી ચળવળ એ સંગઠિત ચળવળ છે. ભારતમાં 1950માં એન.એસ.યુ. (National Union of Students) સ્થપાયું. ત્યાર બાદ NCIUI (The National Council of University Students of India) સ્થપાયું. 1936માં આઈ.એસ.એફ. (All India Students Federation) તથા 1953માં ''સમાજવાદી યુવક સભા'' સ્થપાઈ. 1955માં એ.બી.વી.પી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સ્થપાઈ. ભારતીય જનતા યુવા મોરચા, ઑલ ઇન્ડિયા શીખ સ્ટુડન્ટસ ફેડરેશન, ઑલ આસામ સ્ટુડન્ટસ યુનિયન, યંગ મેન ક્રિશ્ચિયન એસોસિયેશન વગેરે સ્થપાયા.

મહદ્ અંશે કોઈક ને કોઈક રાજકીય પક્ષ વિદ્યાર્થી યુનિયન સાથે સંકળાયેલા હોય છે. વિદ્યાર્થી સંગઠનો સ્થાનિક પ્રશ્ને, ક્યારેક રાષ્ટ્રિય પ્રશ્ને આંદોલનો કરે છે. મદ્રાસમાં 64–65 માં ભાષાના પ્રશ્ને વિદ્યાર્થીઓએ ચળવળ કરી હતી. 1974–75 માં ગુજરાતમાં નવનિર્માણ આંદોલનમાં અનામત આંદોલન, 1966માં કલકત્તામાં અને 1975માં બિહારમાં વિદ્યાર્થીઓ જયપ્રકાશ નારાયણ સાથે આંદોલનમાં જોડાયા હતા.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભારતમાં થયેલ વિદ્યાર્થી આંદોલનો ઉપર દૃષ્ટિપાત કરીએ તો મહદ્ અંશે વિચારસરણી, ભૌગોલિક પ્રદેશ, ભાષા તથા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનો જોવા મળ્યાં છે. અહીં મોટે ભાગે સામાજિક, સાંસ્કૃતિક તથા રાજકીય મુદ્દા સાથેનાં આંદોલનો જોવા મળે છે.

આવી જ એક વિદ્યાર્થી ચળવળ એટલે આસામનું આંદોલન.

**આસામનું આંદોલન :** સામાજિક આંદોલન એટલે સામાજિક કે રાજકીય પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે યોજવામાં આવતું સામૂહિક વર્તન. આવાં આંદોલનોમાં વિરોધ પ્રદર્શન, સભાઓ, પ્રચાર કાર્યક્રમ કરવામાં આવે છે. સામાજિક આંદોલન એટલે કોઈક પરિસ્થિતિ વિશે અસંતોષ જાહેર કરવામાં આવે છે. સામૂહિક રીતે લોકો જાહેર કરે છે કે આ પરિસ્થિતિ ખરાબ છે અને એ દૂર થવી જોઈએ. આસામ એક એવો પ્રદેશ છે કે જેમાં 180 આદિજાતિઓ નિવાસ કરે છે. આસામમાં બાંગ્લાદેશની સ્થાપના સમયે નિર્વાસિતો આવ્યા એને કારણે આંદોલનની શરૂઆત થઈ. આ આંદોલન થવાનું મૂળ કારણ, બહારથી આવેલી જાતિઓ વધુ પ્રભાવશાળી થતી હતી અને તેઓ જમીન ઉપર હક્ક ધરાવતી હતી. આસામના લોકોને એમ લાગવા માંડ્યું હતું કે આ પરિસ્થિતિને કારણે તેઓ વંચિત બનશે, પછાત બનશે. આ નિર્વાસિતોને જો હાંકી કાઢવામાં આવે તો જ તેઓ વધુ શક્તિશાળી બનશે એમ તેમને લાગતું હતું. આસામમાં વધુ ને વધુ બીજા લોકો આવીને વસતા થયા તેથી તેમને પોતાને પોતે લઘુમતીમાં મુકાઈ જશે એવું લાગતું હતું. પોતાના પ્રદેશ ઉપર તરાપ પડતી હોય એવું લાગતું હતું. આવા કારણસર તેઓએ આંદોલનની શરૂઆત કરી હતી. સમાજશાસ્ત્રીય રીતે જોઈએ તો ગરીબી અને વંચિતતા એ બે મુખ્ય પ્રશ્ન હતા. કેન્દ્ર સરકારે આસામની ગરીબી અને બેકારીના પ્રશ્નને ખાસ મહત્ત્વ આપ્યું નહોતું તેથી ત્યાં પ્રાદેશિક સ્વાયત્તતાની વાત શરૂ થઈ. સમાજશાસ્ત્રીય રીતે રાજકીય, આર્થિક તથા જાતિવાદ એ મહત્ત્વના મુદ્દા બન્યા. ભારતીય સંદર્ભમાં ઓછો વિકાસ,

અસમતોલ વિકાસ જ આંદોલનનાં મહત્ત્વનાં કારણો જણાય છે.

**ભારતમાં આદિવાસી આંદોલન :**

ભારતમાં આદિવાસીઓમાં બે પ્રકારનાં આંદોલનો જોવા મળે છે :

1. સુધારાવાદી કે વિકાસવાદી આંદોલનો.
2. ધાર્મિક કે પુનરુત્થાનવાદી આંદોલનો.

સામાજિક આંદોલન એટલે ક્રિયા સાથે સંલગ્ન બાબત. સામાજિક આંદોલન એ સમૂહની અભિવ્યક્તિ. બ્રિટિશ શાસન દરમ્યાન ખ્રિસ્તી મિશનરીઓએ ગરીબો, પછાત અને આદિવાસીઓને જે મદદ કરવા માટે સુધારાવાદી, પ્રવૃત્તિઓ શરૂ કરી તેમાંથી સુધારાવાદી આંદોલન સર્જાયું. છોટાનાગપુરના વિસ્તારમાં ખ્રિસ્તી મિશનરીઓએ શિક્ષણ અને આરોગ્ય અંગે પ્રવૃત્તિઓ કરી અને તેની અસર આદિવાસીઓ ઉપર વિધેયાત્મક પડી. કે. સિંઘ (1970 : 317 થી 343) જણાવે છે કે છોટાનાગપુરના સુધારાવાદી આંદોલનને છ તબક્કામાં વહેંચી શકાય :

1. 1920 સુધી ખ્રિસ્તી મિશનરીઓએ વિકાસનો ખ્યાલ આપ્યો અને કાર્યક્રમો શરૂ કર્યા.
2. 1920 થી 1938માં છોટાનાગપુરના આદિવાસીઓના શહેરી, મધ્યમવર્ગના ઉન્નત સમાજની સ્થાપના કરી અને વિકાસના કાર્યક્રમો યોજ્યા.
3. 1938–47 દરમ્યાન આદિવાસી મહાસભાએ ખ્રિસ્તી તથા બિનખ્રિસ્તી આદિવાસીઓને ભેગા કર્યા. બંગાળમાં બિહારીઓ અને મુસ્લીમોને એકત્ર કર્યા.
4. 1949–58માં નિર્ણાયક તબક્કો જોવા મળ્યો. આદિવાસી આંદોલનમાંથી જ ઝારખંડનો મુદ્દો ઉપસ્થિત થયો.
5. 1959–62માં વિકાસનો તબક્કો શરૂ થયો. ભદ્ર અને બિન આદિવાસીઓ વચ્ચે પ્રશ્નો ઊભા થયા.
6. 1963–75 : આ કાળ દરમ્યાન સ્થગિતતા આવી. ઝારખંડ પક્ષ નબળો પડ્યો. શહેરી મધ્યમવર્ગનાં આદિવાસી જૂથોએ દબાણજૂથ તરીકે કાર્ય કરવું શરૂ કર્યું. (1950માં શરૂ થયેલી ઝારખંડ માટેની માંગણી 50 વર્ષ બાદ ફળી.)

આ આંદોલન જાતિવાદ તરફથી પ્રાદેશિકતાવાદ તરફ વળ્યું અને એમાં મહદ્ અંશે આદિવાસીઓ હતા. ઝારખંડનું આંદોલન આદિવાસી ઓળખ અને પ્રભુત્વ પામ્યું. આ આંદોલનોમાં ક્યારેક રાષ્ટ્રવાદને બદલે અલગતાવાદ પણ જોવા મળ્યો. ઉત્તરપૂર્વના નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, મેઘાલય રાજ્યોમાં સ્વતંત્રતા તથા સ્વાયત્તતા અંગે માંગ શરૂ થઈ. અહીં પ્રાંત અને કેન્દ્ર વચ્ચે હિત વિરોધી બાબતો પણ ઉદ્ભવી.

ઉત્તરપૂર્વ પ્રદેશ હિંદુસ્તાનથી કેટલીક રીતે અલગ છે અને કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે.

1. બ્રિટિશ શાસન પહેલાં એ પ્રદેશ હતો.
2. આ પ્રદેશ ભૌગોલિક રીતે બર્મા, પાકિસ્તાન, ચીન અને બાંગ્લાદેશની ખૂબ નજીક છે અને પ્રભાવિત પણ છે.
3. આ પ્રદેશમાં ગેરીલા પદ્ધતિનો વિકાસ થયો છે.
4. ઉત્તરપૂર્વના તળપ્રદેશના નિવાસીઓ તથા બીજા લોકો વચ્ચે જાતિ તફાવત જણાય છે.
5. આ પ્રદેશ હિન્દુધર્મી નથી.

અહીં મિશનરી પ્રવૃત્તિઓને કારણે નાગા લોકો ખૂબ – બધા ખ્રિસ્તી થઈ ગયા છે. મણિપુરમાં હિન્દુધર્મીઓ વધુ છે, અરુણાચલમાં બૌદ્ધધર્મીઓ તથા વૈષ્ણવો છે. અહીં ખ્રિસ્તી મિશનરીઓને કારણે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આદિવાસીઓની આત્મઓળખ, જાગૃતિ વધી છે. પાકિસ્તાન યુદ્ધસમયે આસામમાં ઘણા નિર્વાસિતો આવ્યા અને તેઓએ રોજીરોટી માટે કાર્ય તથા વ્યવસાય પસંદ કર્યા. આવી પ્રવૃત્તિઓને લીધે અસમતુલા ઊભી થઈ. આ બધાનાં રાજકીય અને આર્થિક પરિણામ જોવા મળ્યાં. નિર્વાસિતો અને સ્થાનિક વતનીઓ વચ્ચે સંઘર્ષ શરૂ થયો. આમાં વિદ્યાર્થીઓ ભળ્યા અને ખૂબ મોટું આંદોલન શરૂ થયું. આસામ ગણ પરિષદ અને બીજા આસામનાં યુવા મંડળોએ આંદોલન શરૂ કર્યા. આમાં મૂળ મુદ્દો મૂળવતનીઓને અન્યાય થયાનો છે. આ આંદોલનમાંથી જાગૃતિ આવી અને યુવાનો સક્રિય બન્યા, સંગઠિત બન્યા. આસામ યુવા આંદોલનમાંથી જ પ્રફુલ્લચંદ્ર મહંતો રાજકીય

સત્તા પ્રાપ્ત કરી મુખ્ય પ્રધાન બની શક્યા.

**પર્યાવરણવાદી આંદોલન :** ચીપકો આંદોલન એ ખૂબ મહત્ત્વનું આંદોલન છે. જગતના પર્યાવરણવાદીઓનાં આંદોલનો કરતાં આ આંદોલન જુદા છે. આ આંદોલન એક આદિવાસી વિસ્તારમાં સરકારની નીતિને કારણે ભવિષ્યમાં થનાર નુકસાન સામે સ્ત્રીઓએ એકત્ર થઈ કરેલ આંદોલન અંગેનું છે. ચીપકો આંદોલન ઉત્તરપ્રદેશ તથા હિમાલયથી અરુણાચલ પ્રદેશ સુધી ફેલાયેલું છે. સરકારની ભેદભાવભરી, ભ્રષ્ટ અને શોષણખોર નીતિઓમાં પરિવર્તન લાવવા માટે આ આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. સરકાર જંગલમાં સ્થાનિક લોકોને પોતાની રોજીરોટી માટે જંગલની પેદાશ, વાંસ કે વૃક્ષ લેવા દેતી નથી, કાપવા દેતી નથી અને અચાનક એક કંપનીને વૃક્ષ કાપવાનો ઠેકો આપે એ ઘટનામાંથી સ્વયંભૂ, લોકસહકાર, સૂઝ તથા નેતૃત્વથી આ આંદોલનની શરૂઆત થઈ હતી. સ્થાનિક લોકોએ સંગઠિત થઈ કંપનીને વૃક્ષ ન કાપવા દેવાનો નિર્ણય કર્યો હતો અને સૌએ એકેએક વૃક્ષને ચીપકીને ઊભા રહેવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય મુજબ એક વ્યક્તિ એક વૃક્ષને બાથ ભરીને ઊભી રહેતી હતી અને વૃક્ષ કાપવું હોય તો સાથે અમને પણ કાપવા પડશે એવા સત્યાગ્રહને વરેલી હતી. આ સ્થાનિક લોકોના કાર્યક્રમોમાં સર્વોદયવાદીઓ જોડાયા અને સૌએ એકત્ર થઈ પ્રતિકાર કરી વૃક્ષો બચાવ્યાં.

આ સમગ્ર આંદોલનની નોંધપાત્ર બાબત એ હતી કે મહિલાઓએ એકત્ર થઈ આ આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો. આ પ્રદેશમાં 1960 થી સર્વોદયવાદીઓ સુધારણાવાદી આંદોલન ચલાવતા હતા. આ આંદોલને લોકોને જાગૃત કરી દીધા હતા. ઉત્તરપૂર્વ વિભાગમાં સર્વોદયવાદીઓએ ગ્રામસ્વરાજની સ્થાપના કરી. આ ગ્રામસ્વરાજ પ્રાપ્ત કરવા માટે કામદાર સહકાર મંડળી સ્થાપી. તેમણે વનઉત્પન્ન પ્રાપ્ત કરવાના પ્રયત્ન કર્યા પણ ત્યાં લિલામ (હરાજી) દ્વારા ઠેકેદારો સામે લડવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. આને કારણે તેઓએ જંગલ ઊપજ એકત્ર કરી 100 થી વધુ ગ્રામજનોએ ટર્પેન્ટાઈન તથા રાળના ઉત્પાદન માટે કારખાનાં શરૂ કર્યાં. રાજ્ય ઉદ્યોગકારોને મદદ કરતી હતી પણ તે આદિવાસીઓને મદદ કરતા નહોતા. આદિવાસીઓને કાચો માલ મળ્યો નહીં. અને આને પરિણામે 80% લોકોએ પોતાનાં કારખાનાં બંધ કરવા પડ્યાં. આ સમય દરમ્યાન સરકારે સાયમન કંપનીને વૃક્ષો કાપવાનો ઈજારો આપ્યો. આદિવાસીઓને, મૂળવતનીઓને જંગલ ઊપજ પ્રાપ્ત કરવાનો અધિકાર નહિ અને બહારની કંપનીને વૃક્ષ કાપવાનો ઈજારો આપ્યો. આ ઘટનાએ લોકોને જાગૃત કર્યા. લોકોમાં અસંતોષ પ્રગટ થયો. આ અસંતોષે ગ્રામજનોમાં વિરોધ કરવાની લાગણી પ્રગટાવી. 27 માર્ચ, 1973ના દિવસે સૌએ એકત્ર થઈ સરકારનાં પગલાં સામે વિરોધ પ્રગટ કરવાનો ફેંસલો કર્યો. બધા જ લોકોએ ભેગાં થઈ વૃક્ષ નહિ કાપવા દેવાનો નિર્ણય કર્યો. સરકારે આ સામે ગ્રામજનોને પણ વૃક્ષ કાપવા દેવાની અનુમતિ આપવાનું નક્કી કર્યું. લોકોએ પુખ્તતા દાખવી વનસંપત્તિનો નાશ નહિ થવા દેવાનું નક્કી કર્યું. ગ્રામસ્વરાજના કાર્યક્રમોના સહકારથી શરૂ કરવામાં આવ્યું ચીપકો આંદોલન. ચીપકો આંદોલન એટલે દરેક વ્યક્તિ વૃક્ષને બાથ ભીડી ઊભા રહેશે અને સૌ એક પણ ઝાડ કાપવા દેશે નહિ. સર્વોદયના કાર્યકરોએ લોકોને જાગૃત કર્યા. સર્વોદયવાદીઓએ વૃક્ષ કાપવાથી પૂર અને ભૂકંપની શક્યતાઓ વધશે એ અંગે ચર્ચા કરી. આ વાત મહિલાઓને સ્પર્શી ગઈ અને મહિલાઓએ આગેવાની લીધી. વન-અધિકારીઓ અને ઠેકેદારોનો વિરોધ કરવા મહિલાઓ કટિબદ્ધ બની. મહિલાઓએ નક્કી કર્યું કે કોઈપણ સંજોગોમાં વૃક્ષો કાપવા દેશે નહિ. ગૌરીદેવી નામની મહિલાએ સૌને સંગઠિત કર્યા અને સૌએ એકત્ર થઈ વૃક્ષ નહિ કાપવા દેવાનું નક્કી કર્યું. આ વિરોધને પગલે ત્યાં એક સમિતિ રચવી પડી. આ સમિતિએ જણાવ્યું કે જો આ જંગલમાં વૃક્ષ કપાય તો કુદરતની ઘણી આપત્તિઓ આવી પડે. સરકારે 1050 ચો.કિમીના પ્રદેશમાં દસ વર્ષ સુધી વૃક્ષ ન કાપવું એવું નક્કી કર્યું. આ વિજયે સંપૂર્ણ વિસ્તારમાં તેનો ચેપ પ્રસરાવ્યો. 1975માં ગોપેશ્વર, 1978માં ભીદર ખીણ, 1979માં પારસરી, 1980માં ડોંગરી પેઈનતોલીમાં આંદોલનો કર્યા. પુરુષો કાર્યશીલ થયા નહિ અને મહિલાઓએ કાર્યશીલતા દર્શાવી તેથી સંપૂર્ણ ચિત્ર બદલાયું. મહિલાઓએ પુરુષ સામે પડકારો ફેંક્યા. આ આંદોલનમાં સર્વોદય કાર્યકર્તાઓએ સ્થાનિક લોકોને મદદ કરી. સૌથી મહત્ત્વની વાત એ છે કે લોકો જાગૃત થયા અને આ આંદોલન લોક આંદોલન થયું.

ભારતમાં સામાજિક આંદોલન, વિશ્વની જેમ જ સામાજિક સુધારણાવાદી આંદોલનથી શરૂ થયા. કુરિવાજ, રૂઢિ, મહિલા અત્યાચાર, દલિત અત્યાચાર, ગરીબી વગેરેને દૂર કરવા માટે

રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, બેહરામજી મલબારી, જ્યોતિરાવ ફુલે, ધોંડો કેશવકર્વે વગેરેએ આંદોલનો ચલાવ્યાં.

રાષ્ટ્રવાદી આંદોલન ભારતમાં વર્ષો સુધી ચાલ્યું અને એની અસર પણ સમાજ ઉપર પડી. મહાત્મા ગાંધીના આગમન પછી રાષ્ટ્રવાદી આંદોલન બદલાઈ ગયા અને એમાં મૂલ્યની નવી વાત ઉમેરાઈ. પારદર્શીતા તથા મૂલ્યને મહત્ત્વ આપવામાં આવ્યું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભાષાવાદી પ્રાંતરચના કરવામાં આવી અને એને લીધે અલગતાવાદી આંદોલનો થયાં. આ સિવાય મહાગુજરાત, તેલંગણા, છત્તીસગઢ, ઉત્તરાંચલ અને ઝારખંડનાં આંદોલન શરૂ થયાં. ખાલિસ્તાનનું આંદોલન પણ અલગતાવાદી હતું.

આંદોલનો વિવિધ હેતુ માટે અસંતોષમાંથી જન્મતા હોય છે. દલિત, નારી અને કોમવાદી આંદોલનો પણ અમુક પ્રભાવી વર્ગ કે વર્ણનાં વર્ચસ્વ તોડવા હાથ ધરાયા. આવાં આંદોલનો દ્વારા સમતામૂલક સમાજ સ્થાપવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા.

## 3.7 સામાજિક આંદોલનની અસરો :

આંદોલન એ સમૂહની સામાજિક અભિવ્યક્તિ છે. સામાજિક આંદોલન એ સમૂહની લાગણીની અભિવ્યક્તિ છે. સમૂહના લોકો પોતાના નક્કી કરેલ હેતુ માટે આંદોલન કરે છે. આંદોલન એક ચોક્કસ પરિવર્તન માટે કરવામાં આવે છે. આંદોલન એટલે અસરકારક રીતે વિરોધ દર્શાવવામાં આવે તે સામાજિક આંદોલન. આ સામાજિક આંદોલન સમાજ ઉપર ખૂબ ગહન અસરો ઊભી કરે છે

(1) સામાજિક આંદોલન પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનાવે છે.

(2) પ્રશ્નના મુદ્દા સ્પષ્ટ કરે છે.

(3) નવી નેતાગીરી ઊભી કરે છે.

(4) વૈચારિક વિકાસ થાય.

(5) વૈકલ્પિક ઉપાયોની ચર્ચા થાય.

**(1) સામાજિક આંદોલન પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનાવે છે :** આંદોલન એ સામૂહિક અભિવ્યક્તિ છે. આંદોલન સામાજિક પરિવર્તન માટે જ થતું હોય છે. આંદોલનને કારણે પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બને છે. આંદોલનને કારણે સમાજમાં જાગૃતિ આવે, સમાજમાં આ અંગે વિચાર થાય, બધા જ મુદ્દા અંગે જાગૃતિ આવે. સમાજના તમામ વર્ગો, વિભાગો તથા માણસો વિચાર કરે અને તેથી પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બને. સામાજિક આંદોલન એટલે લોકભાગીદારી સ્પષ્ટ થાય. લોકોમાં સંગઠનની ભાવના સ્પષ્ટ થાય. સામાજિક આંદોલન હિંસક કે અહિંસક હોઈ શકે. સામાજિક આંદોલન એટલે સમૂહની અભિવ્યક્તિનો, વલણ પ્રદર્શનનો એક પ્રયાસ. સામાજિક આંદોલન સમાજના સભ્યોને જગાડે છે, ચર્ચા કરવા મજબૂર કરે છે. સામાજિક આંદોલન પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનાવે છે.

**(2) પ્રશ્નના મુદ્દા સ્પષ્ટ કરે છે :** સામાજિક આંદોલન જે સમસ્યા, પ્રશ્ન હોય તેના મુદ્દા સ્પષ્ટ કરે છે. કોઈપણ આંદોલન કોઈક ચોક્કસ પ્રકારના પરિવર્તન માટે સક્રિય હોય. અહીં આંદોલન દ્વારા પ્રશ્નના મુદ્દા સ્પષ્ટ બને છે. પ્રશ્ન અંગે ચર્ચા થાય, પ્રચાર થાય અને અનેકવિધ કાર્યક્રમો અપાય. આ કાર્યક્રમોને લીધે પ્રશ્નના મુદ્દા સ્પષ્ટ થાય. આવા મુદ્દા પ્રશ્ન અંગે ચર્ચા પ્રેરે, તેની સ્પષ્ટતા કરે અને પ્રશ્નને વધુ સ્પષ્ટ બનાવે. કાર્યક્રમોને કારણે પ્રશ્નના મુદ્દા સ્પષ્ટ થાય, ઝીણામાં ઝીણી વાત અંગે સ્પષ્ટતા આવે. સૂક્ષ્મ બાબતો અંગે ચર્ચા થાય. સામાજિક આંદોલન બધાં જ પરિમાણોને સુસ્પષ્ટ કરે. બધાં જ પરિમાણોના સ્પષ્ટીકરણથી પ્રજામાં પ્રશ્નના મુદ્દા, સમસ્યાના મુદ્દા સ્પષ્ટ થાય.

**(3) નવી નેતાગીરી ઉદ્ભવે :** સામાજિક આંદોલનને કારણે નવી નેતાગીરી જન્મે. કોઈ નવા જ મુદ્દા ઉપર ચર્ચા થતી હોય ત્યારે સ્વાભાવિક રીતે નવી બાબતો, નવાં દૃષ્ટિબિંદુઓ, નવા પરિમાણોનો ઉદ્ભવ થાય તેથી તે સમયમાં નવી નેતાગીરી ઉદ્ભવે. મહાગુજરાતના આંદોલનમાં ઈંદુલાલ યાજ્ઞિક, પ્રબોધ રાવળ, હરિપ્રસાદ વ્યાસ, આસામના આંદોલનમાં પ્રફુલ્લચંદ્ર મહંતો, નવનિર્માણના આંદોલનમાં રાજકુમાર ગુપ્તા, જાની વગેરે નવી નેતાગીરી ઉદ્ભવે છે.

**(4) વૈચારિક વિકાસ થાય :** કોઈપણ પ્રશ્નની ચર્ચા થાય એટલે એ પ્રશ્ન અંગે વૈચારિક વિકાસ થાય. નેતાઓ, ભાગ લેનારાઓ તથા સમાજના અન્ય માનવોનો પણ વૈચારિક વિકાસ થાય. આ વૈચારિક

વિકાસથી પ્રજા તથા આંદોલનના ભાગીદારો સૌના વૈચારિક માળખાંનો વિકાસ થાય.

**(5) વૈકલ્પિક ઉપાયોની ચર્ચા થાય :** સામાજિક આંદોલનને કારણે સમસ્યા અંગે ચર્ચા થાય અને આ ચર્ચાના મુદ્દા સ્પષ્ટ થાય. આ મુદ્દા જેમ વધુ સ્પષ્ટ થાય તેમ તે અંગે ચર્ચા થાય અને મુદ્દાઓની વિશદ છણાવટ થાય, વિકલ્પો વિચારાય, વિવિધ મુદ્દા અંગે ચર્ચા થાય. વૈકલ્પિક રચનાતંત્ર, માળખાં તથા કાર્ય અંગે વિકલ્પો વિચારાય. પ્રજા પોતે વિવિધ વ્યૂહરચના અંગે ચર્ચા કરે, વિચાર કરે તથા વિકલ્પો રચે.

આ સમગ્ર પ્રક્રિયા એક સામાજિક પ્રશ્ન અંગે સમગ્ર પ્રજા ચોક્કસ નેતાગીરી હેઠળ પ્રશ્નના વિકલ્પ શોધવા પ્રયત્ન કરે વ્યૂહરચના ઘડે અને અમલમાં મૂકે.

સામાજિક આંદોલનો પ્રજાની તાકાત, વિચારસરણી, જ્ઞાનાત્મક માળખાં ઉપર આધારિત હોય છે. સામાજિક ચળવળ એ લોક આંદોલન છે, જે લોકો દ્વારા, પોતાના માટે અને ચોક્કસ હેતુ માટે, શરૂ થાય છે. લોકો પોતાની સંપૂર્ણ ભાગીદારી દ્વારા તેને ચલાવવાનો પ્રયાસ કરે છે. આંદોલનથી લોકોમાં સંગઠનની ભાવના મજબૂત થાય છે. આંદોલનો મહદ્ અંશે મૂલ્ય કે ધોરણ બદલવા, કોઈ ઘટના કે પ્રતિકાર માટે ઉદ્ભવતા હોય છે. આંદોલન ક્યારેક હિંસક કે અહિંસક પણ હોઈ શકે. સામાજિક આંદોલન એટલે કે સમાજનો વિરોધ દર્શાવવાનો અસરકારક પ્રયાસ. સામાજિક આંદોલનનો ઉદ્દેશ્ય સમૂહને જે પસંદ ન હોય તેવી બાબતોને પરિવર્તિત કરવાનો પ્રયત્ન અને એટલે સામાજિક આંદોલનનો મૂળ હેતુ પરિવર્તનનો છે. વ્યક્તિગત નહીં પરંતુ સામૂહિક સંગઠનની પસંદગીનો, વલણનો, વલણ અભિવ્યક્તિનો એક પ્રયાસ. આંદોલનોમાંથી જ સક્ષમ નેતૃત્વ પેદા થાય છે. આંદોલનોમાં સક્ષમ નેતૃત્વ અને સામૂહિક સંગઠનની તાકાત સૌથી મહત્ત્વની હોય છે. આંદોલનમાં સાતત્યપૂર્ણ વિરોધપ્રદર્શન મહત્ત્વનું છે. સામાજિક આંદોલન મૂલ્યપરિવર્તન અને ધોરણ-પરિવર્તનની એક પ્રક્રિયા છે. આવા પરિવર્તનની અસર સમાજ ઉપર લાંબા સમય સુધી ટકી રહે છે. આંદોલનો સતત સરળ હોતા નથી. એમાં અનેક અવરોધો આવે છે. મહદ્ અંશે આંદોલનો ટૂંકા ગાળાનાં હોતાં નથી. તથા આંદોલન કરનાર સમૂહોમાં જાગૃતિ, સંગઠનની શક્તિ, વિચારસરણી, લોકોની દૃઢતા, નેતાની દોરવણી વગેરે ખૂબ મહત્ત્વનાં હોય છે. સામૂહિક સંવાદ એ સૌથી મહત્ત્વની બાબત છે. આંદોલનોમાં વિવિધ પ્રકારો અને વિરોધની અનેક પ્રવૃત્તિઓ તથા પદ્ધતિઓ જોવા મળે છે. અહિંસક આંદોલનમાં તથા હિંસક આંદોલનમાં વિભિન્ન પ્રકારનાં મૂલ્યો જોવા મળે છે. આની અસર સામાન્ય વ્યવહારમાં, ભાષામાં, વિવિધ પ્રતિભાવોમાં, પ્રતિકારનાં સાધનોમાં જોવા મળે છે. સમાજની વિચારસરણી અને મૂલ્યો તે પ્રમાણે ઘડાય છે. આની અસર સમાજ ઉપર લાંબા ગાળા સુધી જોવા મળે છે. દા.ત. મહાત્મા ગાંધીના વિચારો ભારતીય સમાજ તથા વિશ્વ ઉપર ગહન અસરો દર્શાવે છે. આંદોલનોના હાર્દ તેનો હેતુ અને વિચારસરણી હોય છે. અહિંસક આંદોલન પ્રેમ, માનવતા અને બંધુત્વના સંદેશ પ્રસરાવે છે. હિંસક સામાજિક આંદોલનની ભાષા, હેતુ, વિચારસરણી, કાર્યપદ્ધતિ, ધોરણો અને મૂલ્યો તદ્દન અલગ હોય છે. હિંસક વિચારસરણી, હતાશા, ગુસ્સો અને વેરભાવના પ્રગટાવે છે. આવાં આંદોલનો ઝનૂન, ઉગ્રતાવાદ, સમગ્રનો નાશ કરવાનો ઇરાદો ધરાવે છે. આમાંથી જ સમાજમાં નફરત, ઝનૂન, વેરભાવના, નકારાત્મક વલણો પ્રગટાવે છે અને પ્રસરાવે છે. હિંસક આંદોલનોને લીધે શસ્ત્રબનાવટ, શસ્ત્ર તાલીમ બે મહત્ત્વની પ્રવૃત્તિઓ તરીકે વિકસે છે. આવા સમાજમાં આ પ્રવૃત્તિ મહત્ત્વની પ્રવૃત્તિ તરીકે વિકસે છે, ત્યાં બીજા કોઈ પ્રકારના વિકાસની શક્યતા રહેતી નથી. હિંસક આંદોલનો માનવ અને આર્થિક સંશાધનોને નુકસાન કરે છે. હિંસક આંદોલન ક્રોધ, ઉગ્રતા, ઝનૂન દ્વારા વિનાશ નોતરે છે. અહિંસક આંદોલન દૃઢતાથી વાત રજૂ કરે છે. અહિંસક આંદોલન વિનાશ નોતરતો નથી.

સામાજિક આંદોલન સમાજ ઉપર વિઘટનકારી પ્રક્રિયાઓને જન્મ આપે છે. સમાજમાં ધોરણભંગ જોવા મળે છે. આવી ધોરણભંગની પરિસ્થિતિમાંથી એનોમી સર્જાય છે. આંતરવિરોધો પ્રગટ થાય છે અને મૂલ્યો તથા ધોરણોમાં પણ સંઘર્ષની પરિસ્થિતિ પ્રગટે છે. સામાજિક આંદોલનકારો દ્વારા ચર્ચા, વિચારપ્રસારથી નવાં અને જૂનાં મૂલ્યો સ્પષ્ટ થાય છે. આ પરિસ્થિતિમાંથી મૂલ્યસંઘર્ષ સર્જાય છે. ક્યારેક સંપૂર્ણ સમાજ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. આવી પ્રક્રિયાઓને કારણે લોકોમાં જાગૃતિ વધે છે. લોકોની જાણકારી વધે છે, લોકમત ઘડાય છે, લોક કેળવણી થાય છે. લોકો પણ આ બાબત અંગે ચર્ચા કરે છે, સભાન બને છે અને લોકોની સક્રિય ભાગીદારી વધે છે, અભિવ્યક્ત થાય છે. આવી

પ્રક્રિયાઓને કારણે ભૂમિકા સંઘર્ષની પરિસ્થિતિ સર્જાય છે. સામાજિક આંદોલનને કારણે પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન આવતાં સજાગ અને સભાન માણસો ભૂમિકા સંઘર્ષની પરિસ્થિતિમાં મુકાય છે. દા.ત. સ્વાતંત્ર્ય ચળવળ સમયે ભારતનો નાગરિક બ્રિટિશ શાસનમાં નોકરી કરતો હોય તેને માટે આઝાદીનાં મૂલ્યો યોગ્ય છે કે, બ્રિટિશ શાસનનાં મૂલ્યો, આ અંગે વિવાદ થાય પછી તેમાંથી આત્મસંઘર્ષ અને ભૂમિકા સંઘર્ષની પરિસ્થિતિ જન્મે છે. સામાજિક માળખાંઓમાં પરિવર્તન આવે છે. માળખાની રચનામાં આંતરમાળખાકીય સંબંધોમાં, જીવનશૈલીમાં નવાં પાસાં ઉમેરાય છે એટલે આઝાદીની લડતમાં જોડાયેલો દીકરો, બાપ કે મોટા ભાઈને સૂચના આપી શકે, કાર્ય સોંપી શકે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે અને આંતરમાળખાકીય સંબંધોમાં પરિવર્તન આવે છે તથા મૂલ્યપરિવર્તન થવાથી માળખાના કાર્ય તથા રચનાતંત્રમાં પરિવર્તન આવે છે. લાંબા ગાળે આ મૂલ્યો સંસ્થીકૃત થતાં નવી સંસ્થાઓ ઉદ્ભવે છે. સામાજિક આંદોલન દરમ્યાન વિવિધ પ્રકારે વિરોધ વ્યક્ત થતાં સંઘર્ષની વિવિધ નવા પ્રકારે અભિવ્યક્તિઓ જોવા મળે છે. આ અભિવ્યક્તિની પદ્ધતિઓ દ્વારા આંદોલનના વિચારસરણી તથા મૂલ્યોના પ્રસાર-પ્રચાર થાય અને તેમાંથી આંદોલનનાં વિવિધ પાસાંઓ અને વિવિધ પરિમાણોની અભિવ્યક્તિ સમાજમાં થાય છે. સમાજમાં નવાં જૂથો જન્મે છે અને લાંબા ગાળે વિવિધ જૂથો વચ્ચેની આંતરક્રિયાઓ અને આંતરસંબંધોમાં નવી તરાહ ઊભી થાય છે. બધાં જ આંદોલનો સંપૂર્ણ સફળ કે નિષ્ફળ હોતાં નથી. તેના હેતુ સંપૂર્ણ પૂરા થાય કે નહિ પણ તેની અસરો સમાજ ઉપર જોવા મળે છે. આંદોલનને કારણે સમાજનાં તમામ જૂથોને આ બાબત અંગે વિચારવાની ફરજ પડે છે. સમાજના સભ્યને આ અંગે વિચારવાની ફરજ પડે છે. સમાજ આવા આંદોલનોમાંથી પાઠ શીખે છે અને સમાજની પુખ્તતા વધે છે. દરેક આવાં આંદોલનો સમાજના સભ્યોને તેના બધાં જ પાસાં, પરિમાણો તથા પરિણામો અંગે ચર્ચા કરવાની, વિચારવાની અને ક્યારેક કંઈક કરવાની ફરજ પાડે છે.

સામાજિક આંદોલનની અસર બધી જ સામાજિક સંસ્થાઓ ઉપર થતી હોય છે. **દા.ત.** સામાજિક સુધારણા આંદોલન દ્વારા વિધવાવિવાહને માન્યતા આપવામાં આવી, તેથી તેની અસર સ્ત્રી પુરુષ ઉપર, કુટુંબ ઉપર, ધર્મ ઉપર, રાજ્યવ્યવસ્થા, શિક્ષણસંસ્થા તથા આર્થિક સંસ્થા ઉપર પણ પડે છે. આ આંદોલનની અસર વ્યક્તિ અને સમાજના મૂલ્ય ઉપર થાય છે અને વ્યક્તિના જ્ઞાનાત્મક માળખા ઉપર પણ થાય છે. જ્યારે સ્ત્રી કે પુરુષના મૂલ્યમાં પરિવર્તન આવે અને તેમના વલણ બદલાય છે. આવાં આંદોલનોથી વિધવા સ્ત્રીઓ અંગેની માન્યતા, ખ્યાલ અને વલણ બદલાય. રાજ્યમાં તે અનુસાર કાયદા બદલાય, તે પ્રમાણેની જોગવાઈ થાય. વિધવાવિવાહને કાયદાકીય માન્યતા મળવાથી, રાજ્યે મિલકત અધિકાર, વારસા હક્ક અને લગ્નના કાયદામાં એ મુજબ પરિવર્તન લાવવું પડશે. શિક્ષણવ્યવસ્થામાં પાઠ બદલાશે, ભાષા બદલાશે અને ઉદાહરણ બદલાશે. જાહેરમાં ધર્મગુરુઓ વિધવાઓ અંગે કંઈ ખાસ ટિપ્પણી કે ચર્ચા નહીં કરી શકે. વિધવા સ્ત્રી ઉપરનાં નિયંત્રણો હળવાં થશે. અર્થવ્યવસ્થામાં આવી સ્ત્રીને સમાજ ઉપર નિર્ભર બોજો માનવાનું વલણ બદલાશે.

ટૂંકમાં, એક જ સામાજિક આંદોલનની અસર સમાજનાં વિવિધ પરિબળો ઉપર, સામાજિક સંસ્થાઓ ઉપર, મૂલ્ય ઉપર, ધોરણો ઉપર, વ્યક્તિના જ્ઞાનાત્મક માળખા ઉપર જોવા મળે છે.

આવી જ રીતે આદિવાસી જૂથોના આંદોલનને પરિણામે તેમના હક્કો, જીવનધોરણ તથા તેમના પ્રશ્નો વિશે સમાજને વિચારવાની ફરજ પડી. રાજ્યે આ અંગે જોગવાઈ કરવી પડી.

દરેક સામાજિક આંદોલનની સમાજની બધી જ સંસ્થાઓ ઉપર વત્તેઓછે અંશે અસર પડે છે. સમાજના સંરચનાત્મક માળખા ઉપર અને મૂલ્યો ઉપર અસર થવાને કારણે વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના, જૂથ–જૂથ વચ્ચેના, વ્યક્તિ અને જૂથ વચ્ચેના આંતરસંબંધોમાં તથા આંતરક્રિયાઓમાં પરિવર્તન લાવે છે. ક્યારેક આંદોલનો બાદ સંઘર્ષને બદલે સહકાર, વિરોધને બદલે સમજૂતી અને સંવાદ કેળવાય છે.

## 3.8 સંદર્ભસૂચિ


- **Ommen T. K. :** Protest and Change, Studies in Social Movements, Sage Publications, New Delhi, 1999
- **Lyman Stanford M. :** Social Movements, Critiques, Concepts, Case–Studies, Macmillan Press Ltd., Hampshire, 1995

- **Rao M. S. A.** : Social Movements in India, Manohar Publications, New Delhi, 1979
- **Shrivastav S. K. & Shrivastav A. L.** : Social Movements for Development, Chugh Publications, Allahabad, 1998.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

1. સામાજિક આંદોલનનો અર્થ સમજાવો.

2. સામાજિક આંદોલનના લક્ષણોની ચર્ચા કરો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**MSO-08**

**ક્રિયાનું સમાજશાસ્ત્ર**

વિભાગ

# 2

# ક્રિયાનું સમાજશાસ્ત્ર-૦૮


એકમ-1
જેન્ડર (Gender) **05**

એકમ-2
**શ્રમ સંગઠનોનું સમાજશાસ્ત્ર** **40**

એકમ-3
**સ્વૈચ્છિક કાર્ય તથા સ્વૈચ્છિક સંસ્થા** **59**

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| **ડૉ. આમ્રપાલી મર્ચંટ** | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. વિદ્યુત જોષી** | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| **ડૉ. હેમીક્ષા રાવ** | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| **ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય** | નિયામકશ્રી,આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| **ડૉ. આમ્રપાલી મર્ચંટ** | વાઈસ ચાન્સેલર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **ડૉ વિદ્યુત જોષી** | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર,<br>ભાવનગર યુનિવર્સિટી,<br>ભાવનગર. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| **ડૉ.પ્રદીપ જોષી** | આચાર્યશ્રી,<br>આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ,<br>વસો, જિ.ખેડા. |

## સંયોજન સહાય

| | |
|---|---|
| **શ્રી.એસ.એચ.બારોટ** | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>ડફનાળા, શાહીબાગ,<br>અમદાવાદ - 380 003. |

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર-૭, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

## એકમ 1 : જેન્ડર (Gender)

### એકમની રૂપરેખા :

| | |
|---|---|
| 1.1 | પ્રસ્તાવના |
| 1.2 | નારીવાદી સિદ્ધાંતો |
| 1.3 | રાષ્ટ્રીય સ્તરે તથા રાજ્ય સ્તરે નારીવાદી ચળવળ અને વિવિધ અભિગમો તથા કેટલાક અભ્યાસો |
| 1.4 | વિવિધ આંતરક્રિયાઓ |
| 1.5 | સંદર્ભસૂચિ |
| 1.6 | તમારી પ્રગતિ ચકાસો |

## 1.1 પ્રસ્તાવના :

સ્ત્રી સમાનતા અને સ્વતંત્રતા બન્ને ખ્યાલો ભારતીય સંસ્કૃતિ માટે નવા નથી. ભારતીય સંસ્કૃતિ નારી સન્માન માટે જાણીતી છે. જયાં નારી પૂજાય છે ત્યાં દેવો વસે છે એ બાબત ભારતીય પ્રાચીન સાહિત્યમાં સ્વીકારાયેલી છે. ભારતમાં આત્મતત્ત્વની આરાધના થઈ છે. અહીં આત્મા, પરમાત્મા, જન્મ, પુનઃજન્મ તથા મોક્ષની વાતો સ્વીકારયેલી છે. અહી સતત માત્ર ઉત્કૃષ્ટતા તથા આધ્યાત્મની ચર્ચા થઈ છે. આધ્યત્મની વાત માત્ર મૃત્યુ પછી નહીં પણ સુંદર જીવન જીવવાની પદ્ધતિમાં એને ગૂંથી લેવામાં આવી છે. આ બધી જ બાબતોમાં સ્ત્રી અને પુરુષને સમાનતા અપાઈ છે.

સ્ત્રી વિશે વાત કરતાં કદી માત્ર બધી સ્ત્રીઓને એક જ માપદંડથી જોઈ શકાય નહિ. બધી સ્ત્રીઓને એક જ બાસ્કેટમાં મુકી શકાય નહિ. સ્ત્રીની બાબતોને નીચેની વિવિધ કક્ષામાં જોઈ શકાય.

1. ગરીબ, મધ્યમ, પૈસાદાર
2. અશિક્ષીત, શિક્ષીત
3. ગ્રામિણ, શહેરી
4. અપરિણીત, પરિણીત
5. બાળકી, યુવાન, વૃધ્ધા
6. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, અન્ય
7. ~~ઉચ્ચજ્ઞાતિ, મધ્યમજ્ઞાતિ, નિમ્નજ્ઞાતિ~~
8. ઘરબહાર કામ કરનાર, માત્ર ઘરમાં કામ કરનાર
9. વેશ્યાવૃત્તિમાં કામ કરનાર
10. છૂટાછેડા પામનાર, ત્યક્તા, વિધવા
11. અપંગ

મહદઅંશે 2006 સુધી સ્ત્રીને પ્રતિકાત્મક રીતે સમાવાય છે. અથવા કાયદાને લક્ષમાં રાખી તેને ડેકોરેટીવ મૂલ્યમાં સમાવાય છે. તેથી નારી સ્વતંત્રતા માટે ચળવળ અને આંદોલન શરૂ થયા છે.

ફ્રાંસની રાજ્યક્રાંતિએ સમગ્ર વિશ્વમાં લોકશાહીનો ખ્યાલ પ્રસરાવ્યો. પુનઃ જાગૃતિના કાળમાં લોકશાહીની સ્થાપનામાં ફ્રાંસ અગ્રેસર રહ્યું. સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વના ખ્યાલો મહત્ત્વ પામવા લાગ્યા. દરેક બાબતો માટે દૃષ્ટિકોણ બદલાયા. દરેક બાબત માટે ઉપરોક્ત બાબત માપદંડ તરીકે ગણાવા લાગ્યા. ભારતમાં પણ બ્રિટિશ સલ્તનત પછી લોકશાહીની સ્થાપના થઈ. ભારતીય બંધારણે સંપૂર્ણ સમાનતાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો. આની અસર સૌપ્રથમ જાહેર જીવન ઉપર થઈ. સામાજિક વ્યવહારમાં પ્રવર્તમાન અસમાનતાઓ નાબૂદ કરવાની ચળવળ મહાત્મા ગાંધીએ શરૂ કરી હતી જેને બંધારણે કાયદાનો આધાર આપ્યો. ભારતીય જીવનમાં જ્ઞાતિગત અસમાનતાઓને નેસ્તનાબૂદ કરવાની કાયદાએ વ્યવસ્થા કરી. સામાજિક વ્યવહારમાં આમૂલ પરિવર્તન શક્ય બન્યું. ફરજિયાતપણે કાયદાએ સમાનતા પ્રસ્થાપિત કરી. જાહેર જીવનમાં બંધારણીય કાયદાને લીધે સંપૂર્ણ સમાનતા પ્રસ્થાપિત થઈ. આ સમાનતાના સિદ્ધાંતે સામાજિક વ્યવહારો, આંતરક્રિયાઓ અને આંતરસંબંધોમાં પરિવર્તન આણ્યા. ઈ.સ. 1400માં ફ્રાંસમાં સૌ પ્રથમ જાતીયતા અંગે ચર્ચા શરૂ થઈ. જાતિગત સમાનતા અંગે ચર્ચા શરૂ થઈ. સ્ત્રીને સ્ત્રી હોવાને કારણે સહન કરવું પડે, અન્યાય થાય, ગેરલાભ થાય અને પુરુષને પુરુષ હોવાને કારણે સર્વોપરિતા પ્રાપ્ત થાય તે અંગે ચર્ચાઓ શરૂ થઈ, વિશ્લેષણ શરૂ થયા અને સમાનતાની માંગ બળવત્તર બની. ઈ.સ. 1400માં જેની શરૂઆત થઈ, કાયદાએ સમાનતા સ્વીકારી છતાં આજે પણ સ્ત્રીઓનો સામાજિક દરજ્જો પુરુષની સરખામણીએ ખૂબ નીચો છે એ સાબિત કરે છે. સદીઓથી સમાજમાં લગભગ અડધા પ્રમાણમાં સ્ત્રીઓ અસ્તિત્વ ધરાવતી હોવા છતાં તે મુખ્ય પ્રવાહમાં કદી ભાગીદાર થઈ નથી. વિશ્વનું અને દેશોનું જાહેર જીવન પુરુષોથી ભરપુર છે. તેમાં અપવાદરૂપે સ્ત્રીઓ જોવા મળે છે.

દુનિયાનું 2/3 કાર્ય સ્ત્રીઓ કરે છે અને 1/10 વળતર પ્રાપ્ત કરે છે અને 1/100 મિલકત તેની પાસે છે. સ્ત્રી આયોજક નહીં પણ doer – કામ કરનાર છે. તે કદી નિર્ણયમાં ભાગીદારી ધરાવતી નથી. તે માત્ર

કાર્યકર્તા છે. કામદાર તરીકે ફરજ નિભાવે છે. વિશ્વની નારી કામ કરીને જાત ઘસી નાખે છે. પણ બાપનું ઘર એના ભાઈનું છે અને પતિનું ઘર એનું નથી. એને ઘરની રાણી કહેવાય છે. પણ માત્ર કહેવા ખાતર. એ માત્ર કામ કરવા માટે, એને વ્યવસ્થિત રાખવા માટે, કાર્યરત છે. એને માટે ત્યાં ફરજ છે અને સંપૂર્ણ હક્ક વિનાની ફરજ છે. એ ત્યાં દમન, શોષણ અનુભવે છે. સંસારના કાર્યનો મોટો ભાગ એ ઉપાડતી હોવા છતાં તે માત્ર કાર્યકર છે, વેઠ કરનાર છે. એને માત્ર કાર્ય કરવાનું હોય છે. એને પોતાના મત પ્રમાણે કાર્ય કરવાનું હોતું નથી. માત્ર સ્ત્રી જાતિ હોવાને કારણે તેણે કમોતનો (ભ્રૂણહત્યા) સામનો કરવાનો હોય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો આટલો ખરાબ ઉપયોગ ક્યારેય નહીં થયો હોય. એનાથી આગળ વધીને 0 – 4 વર્ષ સુધી સ્ત્રીનો મૃત્યુ- દર પુરુષની સરખામણીએ ઊંચો છે. માતૃત્વ ધારણ કરનારાઓમાં 1 % સ્ત્રીઓ દર વર્ષે મૃત્યુ પામે છે. 84 % સ્ત્રીઓ એનિમીયાનો ભોગ બને છે. શારીરિક રીતે પુરુષ કરતાં સ્ત્રી વધુ મજબૂત હોવા છતાં સ્ત્રી સામાજિક અસમાનતાઓને કારણે શારીરિક દુઃખદર્દ અનુભવે છે. સમાજ સ્ત્રીને શિક્ષણથી વંચિત રાખી વેઠીયા મજૂરની પરિસ્થિતિમાં રાખવાનો પ્રયાસ કરે છે. સ્ત્રીને જો સમાજમાં પ્રભુત્વ પામવું હોય તો તેને શિક્ષણની તક આપવી પડે. ઈ.સ. 2001ની સાલમાં પણ 46 % સ્ત્રીઓ નિરક્ષર છે. દર 10 મિનિટે સ્ત્રી પતિના હાથનો માર ખાય છે. દરરોજ ભારતમાં સ્ત્રીઓ કમોતે મરે છે. માનવજાતિના હોવા છતાં સામાજિક કારણોસર સ્ત્રીએ અત્યાચાર સહન કરવા પડે છે. તે અસમાનતાના દ્યોતક છે. ખરેખર કોઈપણ શોષિત અને શોષક આટલા નજીક હોતા નથી જેટલા સ્ત્રી અને પુરુષ હોય છે. એક જ ઘરમાં અને close contact માં હોવા છતાં સમાનતા જોવા મળતી નથી. સૌથી મહત્ત્વની વાત એ છે કે સમાજ સામાજિકીકરણની પ્રક્રિયામાં સ્ત્રીને એવી તૈયાર કરે છે કે તે પોતે પોતાનો નીચો દરજ્જો સ્વીકારે છે. સ્ત્રી પિતૃસત્તાક વ્યવસ્થાનો ભાગ બની પોતે પણ પિતૃસત્તાક વ્યવસ્થાનો ભાગ બની કાર્યરત બને છે. પિતૃસત્તાક વ્યવસ્થામાં દરેક વ્યક્તિને માત્ર કુટુંબના દૃષ્ટિકોણથી ઉછેરવામાં આવે છે, જેથી તે માત્ર કુટુંબનું વિચારે છે. માતૃત્વને એટલું બધું મહત્ત્વ અપાયું, એટલા બધાં સ્તુતિગીતો રચાયા કે જેને લીધે સ્ત્રીની ઓળખ માત્ર માતા તરીકે પ્રસ્થાપિત થઈ. માતૃત્વનો મહિમા ગાઈ સ્ત્રીને સંપૂર્ણ બલિદાન માટે તૈયાર કરવામાં આવી. ઈ.સ. 1975ના આંતરરાષ્ટ્રીય વર્ષ ઊજવ્યા બાદ જે દાયકો જાહેર કરાયો તેને લીધે સ્ત્રી પ્રત્યે આચરાતી હિંસા, સ્ત્રીઓને ભોગવવી પડતી અસમાનતા પ્રત્યે સમાજને જાગૃત કરવાનો પ્રયત્ન થયો. પણ હજી ખૂબ કામ કરવાનું બાકી છે. જાતિગત અસમાનતાને હજી તો સંપૂર્ણ દૃષ્ટિમાન કરવાની બાકી છે. હજી પણ ઘણાં ક્ષેત્રો બાકી છે કે જ્યાં સમાનતા છે કે નહિ તેનું વિશ્લેષણ કરવાનું બાકી છે.

## 1.2 નારીવાદી સિદ્ધાંતો :

સમાજશાસ્ત્ર જે સમાજની ચર્ચા કરે, જે સમાજની અનેકવિધ સંસ્થાઓ અંગે ચર્ચા કરે તેણે કદી સ્ત્રી અંગે ચર્ચા કરી હોય, નિસ્બત બતાવી હોય તેવું જણાતું નથી. સમાજશાસ્ત્રીઓ અસમાનતા અને સંઘર્ષની ચર્ચા કરનાર તથા શોષણમુક્ત સમાજ અંગે મૌન છે.ગરીબો અંગે, મજૂરો અંગે ચર્ચા કરનારા બધાજ ગરીબી અને શોષણની વાત કરે છે પણ જાહેરક્ષેત્રમાં સંગઠિત થઈ સંઘર્ષ કરનારા કૌટુંબિક બાબત અંગે ચર્ચા કરતા નથી. સ્ત્રી પુરુષ સમાનતા, સ્ત્રીદમન અંગે કંઈજ ચર્ચા થતી નથી. બધાજ માત્ર આર્થિક બાબત માટે ચર્ચા કરે છે. સામાજિક અને ખાસ કરીને કૌટુંબિક જીવનની અસામાનતા માટે કોઈ ચર્ચા જોવા મળતી નથી.સ્ત્રી-પુરુષ સમાનતા અંગે સમાજ 1975થી જ જાગૃત થયો.

Gender શબ્દ એ સાંસ્કૃતિક વિભાવના છે. જે શારીરિક ભેદથી આગળ જઈ શારીરિક ભેદના પાયા પર રચાયેલ સામાજિક અને સાંસ્કૃતિક ઘડતર અને ઓળખ દર્શાવે છે. જાતિ શબ્દ લિંગ આધારિત જૂથ દર્શાવાય છે. શારીરિક ભેદની દૃષ્ટિએ વિશ્વના તમામ પુરુષો અને તમામ સ્ત્રીઓની લિંગ આધારિત ઓળખ જૂથમાં સમાનતા ધરાવે છે.

સમાજ લિંગ કે જાતિ આધારિત અપેક્ષા ધરાવે છે. તેથી જ વિવિધ સમાજોમાં સ્ત્રીઓની વિવિધ ભૂમિકા સાથે તેમના અલગ હક્કો, અધિકાર અને ફરજો નક્કી થાય છે. સ્ત્રીની અપેક્ષિત ભૂમિકા પ્રમાણે સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન સ્ત્રીને તે જ રીતે કેળવવામાં આવે છે. સ્ત્રીનાં લક્ષણો, ગુણધર્મો જન્મજાત નથી. પરંતુ સભાનતાપૂર્વક તેને કેળવવામાં આવ્યા છે. જ્યારે Gender શબ્દ પ્રચલિત નહોતો ત્યારે મહદ્ અંશે સ્ત્રી શબ્દ વાપરવામાં આવતો હતો. સમાજશાસ્ત્રમાં દુર્ખાઇમે શ્રમવિભાજનની વાત કરી પણ તેમાં સ્ત્રીના શ્રમનો ઉલ્લેખ માત્ર પણ નથી. એ રીતે આ શ્રમવિભાજનનો સિદ્ધાંત અધૂરો ગણાય. ઈ.સ. 1975 પછીની ચર્ચાઓને સ્ત્રી વિશે વિચારવાની ફરજ પાડી. ઈ.સ. 1975 પછી જ્યારે 'સ્ત્રી દાયકો' જાહેર થયો અને ત્યારથી રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ ચર્ચાઓ શરૂ થઈ. સ્ત્રી અંગેની વિવિધ ચર્ચાઓમાંથી નારીવાદની શરૂઆત થઈ.

Greda Lerner (1971 : 236) : "Any struggle designed to elevate their (women's) status socially, politically, economically and in respect to their self concepts." નારીવાદની આ ખૂબ સરળ વ્યાખ્યા છે કે કોઈપણ ચળવળ જે સ્ત્રીના સામાજિક, રાજકીય અને આર્થિક દરજ્જાને સુધારે.

આ વ્યાખ્યા સ્ત્રીઓના વર્તમાન દરજ્જાની વાસ્તવિકતાને પણ દર્શાવે છે.

Richard Evans (1977 : 39) : "The Doctrine of equal rights of women–based on the theory of the equality of the sexes."

માત્ર સમાન અધિકારની વાત રિચાર્ડ ઇવાન્સ કરે છે પણ એમાં સમગ્ર નારીવાદનો સાર છે.

Drude Dahlerup (1986 : 6) ના મતે, "Feminism is an ideology whose basic goal is to remove the discrimination and degradation of women and to break down the male dominance of society."

South Asian Workshop માં સૌ નારીવાદીઓએ કહ્યું કે, "Feminism is an awareness of patriarchial control, exploitation and oppression at the material and ideological levels of women's labour, fertility and sexuality, in the family, at the place of work and in society in general and includes action by women and men to transform society."

ઉપરોક્ત બધી જ વ્યાખ્યાઓમાં જોવા મળે છે કે મૂળ વાત સ્ત્રી-પુરુષ સમાનતાની છે. સ્ત્રીને સ્ત્રી હોવાને નાતે જે તાબેદારી ભોગવવી પડે છે, જે દમન સહન કરવું પડે છે તે દૂર થવું જ જોઈએ અને જાતિગત ભેદભાવને બદલે સમાનતા પ્રસ્થાપિત થવી જોઈએ.

બધી જ ચર્ચાઓમાંથી એવું પ્રતિપાદિત થાય છે કે પિતૃસત્તાક વ્યવસ્થા સ્ત્રીને દ્વિતીય દરજ્જો આપે છે અને સમાજની બધી જ સંસ્થાઓનાં ધોરણો તથા મૂલ્યો તે પ્રમાણે ઘડાય છે.

Delphy (1977) કહે છે કે સ્ત્રી દમનનો ભૌતિક પાયો છે. પિતૃસત્તાક કુટુંબ- વ્યવસ્થામાં લગ્નનો કરાર, પુરુષને સ્ત્રીની જાતીયતા અને મજૂરી ઉપર કાબૂ આપે છે.

ગેલ ઑમવેટ (1986 : 37) કહે છે કે તેમ પિતૃસત્તા સ્ત્રીની જાતીયતા, પ્રજોત્પત્તિ અને મજૂરી પરનું પુરુષનું નિયંત્રણ દર્શાવતી વ્યવસ્થા છે. અને આવી વ્યવસ્થા સામાજિક માળખામાં વ્યવસ્થાના એક ભાગરૂપે થાય છે. પિતૃસત્તા એક માળખાત્મક રચના છે અને આ રચના સમાજની બધી સામાજિક સંસ્થાઓમા જોવા મળે છે. સમાજમાં કુટુંબ અને જાહેર જીવનનાં ધોરણોમાં, મૂલ્યોમાં, વાર્તાઓમાં, ગીતોમાં, લોકસાહિત્યમાં, રાજ્યના કાયદા, કાયદાકીય જોગવાઈઓમાં, અર્થવ્યવસ્થામાં, ધાર્મિક સંસ્થાઓ, વિધિવિધાનો, મૂલ્યો, આદર્શો વગેરેમાં એ સતત હાજર હોય છે. પિતૃસત્તા પુરુષને અગ્રસ્થાને દર્શાવવા, રાખવા અને આ વ્યવસ્થા ટકાવી રાખવા, સમાજની બધી જ સંસ્થાઓમાં પિતૃસત્તાને અનુરૂપ ધોરણો, મૂલ્યો અને આદર્શો સતત સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન ઘૂંટાવે છે. સતત તમામ સામાજિક વ્યવહારોમાં સહજપણે, સામાન્યપણે એ દશ્યમાન થાય છે. સૌથી વધુ મહત્ત્વની વાત એ કે સ્ત્રી પણ એને સામાન્ય બાબતની જેમ સ્વીકારી લે છે.

The Feminist dictionary (1989 : 159)માં Humm દર્શાવે છે કે પિતૃસત્તા એટલે પુરુષની સત્તા બતાવતી વ્યવસ્થા જે તેની સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્ત્રીનું દમન કરે છે. પુરુષ દ્વારા સ્ત્રીનું દમન થતું જ રહે છે. સ્ત્રી પ્રત્યે સતત ભેદભાવ થતો જ રહે છે. પુરુષનો આર્થિક સાધનો ઉપર કાબૂ અને આર્થિક સાધનોમાંથી મળતી સત્તા તેને વધુ શક્તિશાળી બનાવે છે.

Silvia Walby (1990) માં જણાવે છે કે પિતૃસત્તાને એક વ્યવસ્થા તરીકે જુએ છે. આ સામાજિક માળખાં અને વ્યવસ્થાની એક વ્યવસ્થા છે. પિતૃસત્તાક વ્યવસ્થા પુરુષને આધિપત્ય આપે છે. અને એ જાળવી રાખવા માટે સમાજનાં ધોરણો, આદર્શો અને મૂલ્યમાં તે સતત અભિવ્યક્ત કરે છે.

ઉપરોક્ત બધી જ વ્યાખ્યાઓમાં જોઈ શકાય છે કે પિતૃસત્તાક વ્યવસ્થામાં પુરુષ સ્ત્રી ઉપર સત્તા ધરાવે છે તે પ્રતિપાદિત કરવામાં આવે છે. સ્ત્રી ઉપર પુરુષની માલિકી છે તે સતત સાબિત કરે છે. સમાજ સ્થિર થયો ધીમે ધીમે વિકાસ પામતો ગયો પણ તાબેદારી, માલિકી, પ્રભુત્વ, દમન, શોષણ આ બધા શબ્દો સતત ચર્ચામાં રહ્યા કુટુંબમાં સમાનતાની વાત 2006માં પણ શરૂ થઈ નથી. એક વ્યવસ્થા તરીકે પિતૃસત્તા સ્વીકારી પણ આ વ્યવસ્થા સતત સ્ત્રીનું દમન કરતી રહી તેનું શોષણ કરતી રહી. પુરુષ અને સ્ત્રી બન્ને

વચ્ચે સમજણ યોગ્ય હોય તો સંસાર સારો ચાલે પણ ભોગ તો સ્ત્રીએ જ આપવો પડે. મધ્યયુગમાં સ્ત્રી વસ્તુ ગણાતી, લેવડદેવડ, સાટા તથા વિક્રય માટે ગણાતી. લોકશાહી સમાજવ્યવસ્થાના ઉદ્ભવ અને વિકાસની હવે ધીમે ધીમે સમાનતા અંગેની ચર્ચા દરેક ક્ષેત્ર માટે હાથ ધરાવવા લાગી. આજે પણ સ્ત્રી સમાનતા ધરાવતી નથી. મુખ્ય પ્રવાહમાં સમાનતા અને સ્વતંત્રતા માટે ચળવળી ચાલી પણ કૌટુંબિક ક્ષેત્રમાં હજી આવી શરૂઆત થઈ નથી.

ભારત કે જે આત્મતત્ત્વની આરાધના કરે છે. આત્મા, પરમાત્માની વાત કરે છે તે હજી આજે પણ દેહભેદ ઉપર જ સામાજિક ધોરણો ચલાવે છે

'સમાનતા' — આ શબ્દની આસપાસ આ બધી ચર્ચાઓ શરૂ થઈ છે. નારીવાદી સિદ્ધાંતો મુખ્યત્વે સ્ત્રીદમનનું વર્ણન, સમજૂતી, તે રોકવા માટે વિવિધ દષ્ટિકોણ દર્શાવે છે. સિદ્ધાંતો સાપેક્ષ હોય છે. વિવિધ સામાજિક, આર્થિક, રાજકીય પરિસ્થિતિમાં સ્ત્રીઓ અંગે વિવિધ સમયમાં સિદ્ધાંતો ઉદ્ભવ્યા પણ જગતની બધી જ સ્ત્રીઓની પરિસ્થિતિ, વિવિધતાને ખ્યાલમાં રાખી સર્વાંગ સંપૂર્ણ સિદ્ધાંત હજી ઉદ્ભવ્યો નથી.

1. ઉદારમતવાદી નારીવાદ
2. સમાજવાદી (માર્કસવાદી) નારીવાદ
3. ઉદ્દામવાદી નારીવાદ
4. મનોવિશ્લેષણવાદી નારીવાદ
5. અસ્તિત્વવાદી નારીવાદ

**1) ઉદારમતવાદી નારીવાદ :** ઉદારમતવાદી નારીવાદ એટલે ઉદારમતવાદ ઉપર આધારિત નારીમુક્તિ અંગેની ચળવળ. નારીવાદી સિદ્ધાંતો સાંપ્રત પ્રચલિત વિચારસરણીમાંથી પ્રેરણા લઈ ઉદ્ભવ્યા છે. ઉદારમતવાદના મુખ્ય સિદ્ધાંત સમાનતા અને સ્વતંત્રતા છે. ઉદારમતવાદનો મુખ્ય ધ્યેય પ્રગતિ છે અને તેનો આધાર સમાનતા, સ્વતંત્રતા અને માનવતા ઉપર છે. વિજ્ઞાન અને કાયદો એ એનાં મુખ્ય સાધન છે. ઉદારમતવાદમાં 18મી સદીમાં ક્લાસીકલ, 19મી સદીમાં વેલ્ફેર ઉદારમતવાદ અને 20મી સદીમાં કન્સેપ્ચ્યુલ ઉદારમતવાદનો ઉદ્ભવ થયો.

ક્લાસીકલ ઉદારમતવાદ જાતિભેદ ઉપર ભાર મૂકે છે. જાતિભેદને મહત્ત્વ આપે છે. કલ્યાણવાદી ઉદારમતવાદીઓ (Welfare liberalist) જાતીય ભૂમિકા (Gender Roles) ઉપર ભાર મૂકે છે. ખ્યાલાત્મક ઉદારમતવાદ (Conceptual liberalism) વ્યક્તિના શારીરિક લક્ષણો ઉપર ભાર મૂકે છે.

ઉદારમતવાદીઓ માને છે કે સ્ત્રીઓ માટે સમાજમાં સમાનતા નહોતી. સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્ત કરવાની છૂટ નહોતી, નિર્ણયમાં ભાગીદારીની છૂટ નહિ, સ્ત્રીને સંપૂર્ણ સ્વતંત્રતા નહીં. પુરુષને સ્વતંત્ર નાગરિક બનવાની તક મળતી હતી. જ્યારે સ્ત્રીએ પુરુષના મદદનીશ તરીકે ફરજ બજાવવાની રહેતી. સમગ્ર સમાજ, પુરુષ બુદ્ધિશાળી, શક્તિશાળી, હિંમત વગેરે ગુણ તેનામાં વિકસે તે માટે પ્રયત્ન કરે છે. સ્ત્રી સહનશીલ બને, ધીરજવાન બને, નમ્ર બને તેવા પ્રયાસ કરવામાં આવે છે. ઉદારમતવાદીઓ માને છે કે સ્ત્રીઓને અસમાનતાના ભોગ બનવું પડે છે એમ માને છે. ઉદારમતવાદીઓ માને છે કે સમાજે સ્ત્રીની સ્વાયત્તતા અને સ્વતંત્રતા ખતમ કરી છે અને સમાજ સતત સ્ત્રીને પરાવલંબી રાખે છે, જેથી સ્ત્રી દમન અનુભવે છે. જાતીયતા ખાનગી ક્ષેત્રમાં ગણાય છે. રાજ્ય જાહેર ક્ષેત્ર માટે અનેક પ્રકારના નીતિનિયમો બનાવે છે. પણ ખાનગી ક્ષેત્રને રાજ્યમાંથી બાકાત રાખે છે. ખાનગી ક્ષેત્રમાં સ્ત્રીઓની જાતીય સતામણી થાય છે. રૂઢિચુસ્ત વિચારકોની વિચારસરણીને ઉદારમતવાદીઓ સ્વીકારતા નથી.

ઉદારમતવાદીઓ માને છે કે સ્ત્રી પુરુષને સમાન માનવા જોઈએ. દરેક વ્યક્તિને સ્વતંત્રતા અને સ્વાયત્તતા મળવી જોઈએ. દરેક વ્યક્તિને સમાન તક મળવી જોઈએ. ઉદારમતવાદીઓને મતે દરેક વ્યક્તિને ન્યાય પ્રાપ્ત થવો જોઈએ. નારીવાદીઓ સ્ત્રીને પ્રસૂતિનો લાભ મળે, રજા મળે, બાળસંભાળ કેન્દ્ર મળે તેના પ્રયત્ન કરે છે. ઉદારમતવાદી નારીવાદ સ્ત્રીને સ્વતંત્રતા, સમાનતા અને સ્વાયત્તતા અપાવવાનો પ્રયત્ન કરે છે.

ઉદારમતવાદી વિચારસરણી સમાનતા, સ્વતંત્રતા, સ્વાયત્તતા અને સામાજિક ન્યાયનાં મૂલ્યો ધરાવે છે. અને વ્યક્તિને તે પ્રાપ્ત થાય તે માટે વકીલાત કરે છે, સંઘર્ષ કરે છે. સ્ત્રી પુરુષ જેટલી જ સક્ષમ છે, માત્ર તેને તક મળવી જોઈએ. સમાજના પક્ષપાતી વ્યવહારને કારણે સ્ત્રીઓ પછાત રહે છે, ઓછું મહત્ત્વ પામે છે. ઉદારમતવાદી વિચારધારા પ્રમાણે વિવિધ સુધારા કરી, સમાજે આદર્શ સમાજની રચના કરવી જોઈએ. આને માટે જાગૃતિ ચળવળો કરવી જોઈએ. સ્ત્રીઓને જાગૃત કરી, સંગઠિત કરી, પોતાની

માંગણીઓ કરી શકે, પોતે જ દબાણ જૂથ બની શકે, તેવી તાલીમ આપવી જોઈએ. સમગ્ર સમાજ સ્ત્રી અને પુરુષ બન્નેએ સમાનતામૂલક સમાજની રચના કરવા પ્રયત્ન કરવો જોઈએ.

**2) સમાજવાદી (માર્કસવાદી) નારીવાદ :** મૂડીવાદ સાથે ઉદારમતવાદ સંકળાયેલો છે. માર્કસવાદી વિચારસરણીથી પ્રભાવિત થઈ માર્કસવાદી નારીવાદની શરૂઆત થઈ છે. માર્કસવાદ સામાજિક દમન, અસમાનતા માટે મૂડીવાદને જ જવાબદાર માને છે. માર્કસવાદ ઉત્પાદનની પદ્ધતિને મહત્ત્વની ગણે છે. કારણ માર્કસવાદ તપાસે છે, માત્ર ઉત્પાદનના સંબંધો, શ્રમવિભાજન, સ્ત્રીના કાર્ય, સ્ત્રીના શ્રમની કિંમત – એ બધી બાબતો મહત્ત્વની છે. માર્કસવાદીઓના મતે ઉત્પાદનની પદ્ધતિ જ વિચારસરણી ઘડે છે, મૂલ્યો ઘડે છે. એટલે તેનો જ કાબૂ આપણા જીવન ઉપર રહે છે. સ્વાભાવિક રીતે માનવજીવનની જરૂરિયાતોને સંતોષવાનાં સાધનો જ સૌપ્રથમ ઘડાયાં હશે. માર્ક્સ અને એંજલ્સ માને છે કે પહેલું ઐતિહાસિક કાર્ય એ જ હશે કે જરૂરિયાત મુજબ ઉત્પાદનમાં સાધનો ઘડાયાં હશે. ધીમે ધીમે નવી નવી જરૂરિયાતો ઉત્પન્ન થઈ તેમ તેમ ઉત્પાદનનાં નવાં નવાં સાધનો વધવા લાગ્યાં અને ઉત્પાદન વધવા લાગ્યું. પ્રાચીન સમાજમાં સ્ત્રી ભૌતિક ઉત્પાદન કરતી અને તેનો દરજ્જો સમાન હતો. આદિમ સમાજમાં માતૃવંશીય કુટુંબ જોવા મળતું હતું. આ પ્રકારના કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો સન્માનનીય હતો. આ સમાજમાં નારીદમન, શોષણ એવું કંઈ જોવા મળતું નથી. આદમ સમાજ વર્ગવિહીન સમાજ હતો. આદિમ સમાજમાં શિકાર પુરુષ કરતો પણ ખાવાની વ્યવસ્થા સ્ત્રીઓ કરતી. સ્ત્રીઓ પ્રાણી પાળતી, વણાટકામ કરતી અને માટીના પાત્ર બનાવતી. માર્કસવાદીઓને મતે સ્ત્રીશોષણ, દમનના મૂળીયા વર્ગ-વ્યવહારમાં જોવા મળે છે. ખેતી અને પશુપાલનના વિકાસથી ચલણ અસ્તિત્વમાં આવ્યું. ધીમે ધીમે બજારનાં સ્થળો નિવાસથી અલગ થયાં અને પુરુષ પાસે સત્તા જમા થવા લાગી. પુરુષના કાર્યનું મહત્ત્વ વધવા લાગ્યું. સ્ત્રીનો દરજ્જો નીચો થવા લાગ્યો. મૂડી, વારસા વગેરેના પ્રશ્નો થયા અને કુટુંબવ્યવસ્થા માતૃસત્તાકમાંથી પિતૃસત્તાક વ્યવસ્થામાં બદલાઈ. પુરુષ મિલકતનો માલિક બન્યો. માર્કસવાદીઓ માને છે કે પુરુષ સ્ત્રીનું શોષણ કરતો નથી. પણ મૂડીવાદ સ્ત્રીના દમનનું મૂળ કારણ છે. સ્ત્રી કામદાર છે. તેથી અને તે સ્ત્રી છે, તેથી તેનું દમન થાય છે. મૂડીવાદમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી ઉચ્ચ વર્ગ પાસે હોય છે. શ્રમિક માત્ર શ્રમનો માલિક હોય છે. તે તેણે કરેલા ઉત્પાદનનો પણ માલિક હોતો નથી. તે જ રીતે સ્ત્રી પણ કશાની માલિક હોતી નથી. તે પિયર અને સાસર બન્ને સ્થળે કાર્ય કરે, મજૂરી કરે, પણ તે કદી ક્યાંય કશાની માલિક હોતી નથી. સ્ત્રીનાં બધાં જ કામ મહદ્ અંશે વળતર વગરનાં હોય છે. એને Labour of love કહી શકાય. સ્ત્રીના કાર્યને વળતરવિહીન માનવામાં આવે છે. સ્ત્રી આખો દિવસ કામ કરે છે. સ્ત્રી, પુરુષ કરતાં વધારે કલાક કામ કરે છે છતાં તેના કામને કાર્યની વ્યાખ્યાથી બહાર રાખવામાં આવ્યા છે. સ્ત્રીને દેશમાં કામદારોની ગણતરી થાય તેમાં પણ ગણવામાં આવતી નથી. સ્ત્રીના જન્મની સાર્થકતા તેના કુટુંબના કાર્યમાં ગણવામાં આવે છે. મૂડી બજારમાં સ્ત્રીના શ્રમને મહદ્ અંશે અનામત દળ તરીકે ગણવામાં આવે છે. સ્ત્રીના કાર્યને સહેજ પણ મહત્ત્વ અપાતું નથી. માર્કસ અને એંજલ્સ પતિ-પત્નીના સંબંધને તાબેદારી સંબંધ કહે છે. કુટુંબમાં મુખ્ય કમાનાર પુરુષ જ ગણવામાં આવે છે. માર્કસવાદ સ્ત્રીદમનનાં પરિબળો ગણાવે છે, જાતિ આધારિત શ્રમવિભાજન, સ્ત્રીના શ્રમને વળતરની ગણતરીમાંથી બાદ, સ્ત્રીના કાર્યને કાર્યની વ્યાખ્યામાંથી બાદ, સ્ત્રીને વારસામાંથી બાદ, પતિનું પત્ની ઉપર નિયંત્રણ, પત્નીનું પરાવલંબન અને સ્ત્રીને જાહેર જીવનમાંથી બાકાત રખાઈ છે. ટૂંકમાં સ્ત્રી વળતર વિનાની કામદાર છે. સ્ત્રી ઘરે કામ કરીને કમાય છતાં તેને કામદાર ગણવામાં આવતી નહોતી. સેવાના ઈલાબેન ભટ્ટે 1991માં સૌપ્રથમ ઘેર બેસીને કામ કરતી સ્ત્રીને કામદાર તરીકે દરજ્જો અપાવ્યો. આ વર્ષથી જ તેઓની ગણતરી કામદાર તરીકે થઈ.

માર્કસવાદ માને છે કે સ્ત્રીઓએ જાહેર ક્ષેત્રમાં કામ કરવું જોઈએ. આ કાર્ય કરશે ત્યારે તેણે સ્ત્રી પુરુષ તરીકે નહીં પણ વ્યક્તિ તરીકે કાર્ય કરવું જોઈએ. સ્ત્રી કમાશે એટલે પરાવલંબી રહેશે નહીં. સ્ત્રી બહાર કામ કરશે તેથી વધુ મજબૂત બનશે. કેટલીક સ્ત્રીઓ મિલકત પણ ધરાવશે. સાથે સાથે ઘરકામને મહત્ત્વ આપવું પડશે, જેથી સ્ત્રીના કામને વળતરની ગણતરીમાં લેવાય તો તે નિરાધાર દેખાતી બંધ થશે. સ્ત્રીના ઘરના કાર્યને પણ વળતર મળવું જોઈએ.

માર્કસવાદી વિચારસરણી એવી છે કે સ્ત્રી આર્થિક ઉત્પાદન કરે અથવા આર્થિક સ્ત્રીના કામને વળતર અપાય તો સ્ત્રીના દરજ્જામાં સુધારો થશે. 'સમાન કામ સમાન વળતર' આ રીતને લીધે પણ સ્ત્રીનું સ્થાન સુધરશે.

માર્કસવાદી નારીવાદીઓ કહે છે કે આમ થવાથી સ્ત્રીને સ્ત્રી તરીકે જોવાનો અભિગમ દૃઢ થશે. માર્કસવાદ અંગે પણ વિવિધ આલોચના થઈ છે. દા.ત. યુનિયનમાં, ક્રાંતિકારી સંગઠનોમાં સ્ત્રીના મુદ્દાને ક્યારેય અગ્રતા અપાતી નથી. ક્રાંતિકારી સંગઠનોની કાર્યપદ્ધતિ પણ સ્ત્રીને લક્ષમાં લેતી નથી. બધાં જ સંગઠનો રાત્રે મીટિંગ રાખે છે અને મધરાત્રે કે લગભગ બે વાગ્યે તે પૂરી થાય છે. તો તેવા સંજોગોમાં સ્ત્રીએ પુરુષ

પર અવલંબિત રહેવું પડે છે. માર્કસવાદીઓ સ્ત્રીઓના શોષણ અંગે, સ્ત્રીઓના દમન અંગે કંઈ જ ખાસ ચર્ચા કરતા નથી. ટૂંકમાં કહી શકાય કે માર્કસવાદ દમન, શોષણ અંગે ચર્ચા કરે છે, તેમાંથી મુક્ત થવાના ઉપાય દર્શાવે છે પણ સ્ત્રીને એમાં ખાસ ગણતરીમાં લેતા નથી. માર્કસવાદ માને છે કે ક્રાંતિ બાદ સમાજમાં રાજકીય અને આર્થિક લોકશાહી સ્થપાશે. ઉત્પાદનનાં સાધનોની માલિકી પ્રજાની હશે અને ઉત્પાદનની સમાન વહેંચણી થશે, સમાન કામ માટે સમાન વળતર મળશે. દરજ્જો જાતિ ઉપર થી નક્કી નહીંથાય, કુટુંબનાંકાર્યો સામાજિક રીતે થશે. બધી જગ્યાએ જાહેર જીવન અને કુટુંબમાં સમાનતા, સ્વતંત્રતા અને માનવતા હશે.

**3) ઉદ્દામવાદી નારીવાદ :** ઉદ્દામવાદી નારીવાદ એટલે નારીમુક્તિ માટેની ઉગ્ર અને અંતિમવાદી ચળવળ. આ પ્રકારનો નારીવાદ ક્રાંતિકારી પરિવર્તનની વાત કરે છે. આ અંતિમવાદી અભિગમ ધરાવતી વિચારસરણી છે. નારી માટે અહીં તમામ પ્રકારની મુક્તિની વાત થાય છે. ઉદ્દામવાદીઓ નારીના દમન માટે ત્રણ વિવિધ વિચારસરણીઓ દર્શાવે છે. સ્ત્રીની જાતીય ભૂમિકાઓને કારણે તે દમનનો ભોગ બની છે. સ્ત્રીની શરીરરચનાને કારણે તે શોષણ, દમનનો ભોગ બને છે. ત્રીજી વિચારસરણીવાળા માને છે, પુરુષ શારીરિક રીતે શક્તિશાળી હોવાને કારણે પુરુષ સ્ત્રીનું શોષણ કરે છે અને આધિપત્ય જમાવે છે.

ઉદ્દામવાદી નારીવાદનું શાસ્ત્રીય કાર્ય, પુરુષ આધિપત્યની વ્યવસ્થાને વિશ્લેષિત કરી સમજવાનું છે. ઉદ્દામવાદી નારીવાદીઓ માને છે કે દરેક સમાજમાં અને રાષ્ટ્રમાં બે સંસ્કૃતિઓ હોય છે. એક પુરુષની અને બીજી સ્ત્રીની સંસ્કૃતિ જેને Culture of Silence કહી શકાય. જે અભિવ્યક્ત થયેલી છે તે પુરુષની સંસ્કૃતિ છે. સમગ્ર જાહેરમાં દેખાતી સંસ્કૃતિ પુરુષની વિચારસરણી, મૂલ્યો અને અપેક્ષાઓને અભિવ્યક્ત કરે છે. જ્યાં જ્યાં સ્ત્રીને પુરુષથી નબળી દર્શાવાઈ છે ત્યાં પુરુષ બળવાન, વિધેયાત્મક, બુદ્ધિશાળી, આક્રમક અને આધિપત્ય ધરાવતો તથા સ્ત્રી નબળી, લાગણીશીલ, નિષ્ક્રિય, ઓછું વિચારનાર તરીકે દર્શાવાય છે. મહદ્ અંશે સમાજમાં સ્ત્રીઓ સહિત બધા આવું માને છે. ઉદ્દામવાદીઓ માને છે કે રાજ્ય દમન કરે છે તેથી જ નારીદમન થાય છે. રાજ્ય સ્ત્રીને અધિકારોથી વંચિત રાખે છે.

ઉદ્દામવાદી નારીવાદી ફાયરસ્ટોનના મતે સ્ત્રીની શરીરરચનાને લીધે જ સ્ત્રીને દમન સહન કરવું પડે છે. આ જાતીય વર્ગ જણાય છે કારણ સ્ત્રી બાળજન્મ આપે છે અને બાળઉછેર કરે છે. સ્ત્રીને બળજબરીપૂર્વક માતા બનાવી શકાય છે. તેથી જ તે પુરુષને આધીન છે. સ્ત્રી ઉપર બળાત્કાર થાય છે. ગર્ભપાત ઉપર મર્યાદા રાખે છે, ગર્ભનિરોધક સાધનો વાપરવા ઉપર પ્રતિબંધ રાખે છે. નારીદમનને યંત્રવિજ્ઞાન દ્વારા કદાચ મટાડી શકાય પણ નારીદમનને પરંપરાનું પીઠબળ છે તેથી તે નાબૂદ થતાં સમય લાગશે. ઉદ્દામવાદી સંસ્થાઓ માને છે કે પિતૃસત્તાક વિચારસરણીએ સ્ત્રીને માતા તરીકે જ પૂર્ણતા અને માન આપ્યા છે. પિતૃસત્તાક વ્યવસ્થા એના મૂલ્ય પ્રમાણે સ્ત્રીને માત્ર માતા તરીકે માન આપે છે અને સ્ત્રીને માતા થવા તૈયાર કરે છે. સ્ત્રીની પૂર્ણતા સ્ત્રીના માતૃત્વમાં છે એવાં મૂલ્યોનો પ્રસાર કરી એ પ્રમાણે જ કાયદા, ધોરણો અને કાર્યક્રમો ઘડે છે. સ્ત્રીને જાતીય રીતે ગુલામ બનાવે છે. તમામ કાર્યો લિંગભેદની દૃષ્ટિએ જ વર્ગીકૃત કરે છે. સ્ત્રીને બધા જ સંદર્ભોમાં તેના શરીરથી અલગ જોવામાં આવતી નથી. ઉદ્દામવાદી નારીવાદ એવું માને છે કે સ્ત્રીની જાતીયતા ઉપર પિતૃસત્તાક વ્યવસ્થા નિયંત્રણ રાખે છે. બળાત્કાર સંપૂર્ણપણે ગુનો છે. પરંતુ વિવિધ પ્રયુક્તિઓથી બળાત્કારમાં સ્ત્રીનો જ વાંક છે એવું દર્શાવી તેને યોગ્ય છે, એવું ઠસાવવાનો પ્રયત્ન થાય છે. બળાત્કાર એ દમનની પ્રક્રિયા છે, રાજકારણ છે. બળાત્કારને સમાજ એ રીતે જુએ છે કે સ્ત્રી એ અંગે મૌન રહેવાનું પસંદ કરે છે. આ એક જ ગુનામાં જેની સામે ગુનો થાય છે તેને (ફરિયાદી) ચૂપ રહેવાનો વારો આવે છે. કારણ કે સમાજનો અભિગમ પિતૃસત્તાકવાદી અને પક્ષપાતભર્યો હોય છે. ઉદ્દામવાદ વેશ્યાવૃત્તિને પુરુષ દ્વારા થતી બળપૂર્વકની યુક્તિ, જબરદસ્તી માનવામાં આવે છે. સ્ત્રી વેશ્યા થાય છે એના કારણમાં પુરુષ જ છે. લાભ, લાલચ કે બળ સ્ત્રીને વેશ્યાવૃત્તિ તરફ ધકેલે છે. અને વેશ્યાને પોતાના લાભ માટે વાપરી તેને હલકી ગણવામાં આવે છે. ઉદ્દામવાદ માને છે કે લગ્ન એ પણ સ્ત્રી માટે શોષણ અને દમનનું સાધન છે. અહીં પુરુષનું આધિપત્ય સંપૂર્ણપણે હોય છે. ઉદ્દામવાદ માને છે કે સમાજમાં લિંગભેદની નાબૂદી એ જ ધ્યેય છે.

**સ્ત્રીમુક્તિ માટેની વ્યૂહરચના :**

સ્ત્રીમુક્તિ માટે સ્ત્રીએ પોતે મનથી તથા મગજથી મુક્ત થવું પડશે. પોતાનો mind set બદલવો પડશે. સ્ત્રીને જો મુક્ત થવું હોય તો સ્ત્રીએ પોતે જ મુક્તિ પામવા માટે તૈયાર થવું પડશે. સ્ત્રીએ પોતાની માનસિકતા બદલવી પડશે. સ્ત્રીએ લગ્ન ન કરવા જોઈએ. સ્ત્રીએ પોતે પુરુષના નોકર છીએ, પોતે નીચા છે, પોતે નબળા છે, પોતે સક્ષમ નથી, પોતે કંઈ જ નહીં કરી શકે – આ ભાવના દૂર કરવી પડશે. પોતે આત્મનિર્ભર, સબળ, સક્ષમ છે અને ધારે તે કરી શકશે એવી વિચારસરણી દૃઢ બનાવવી પડશે. સ્ત્રીએ પોતાને સબળ બનાવવા બધા જ પ્રયત્નો કરવા જોઈએ. સ્ત્રીઓએ સંગઠિત થઈ પરસ્પર મદદ કરી લિંગના ભેદભાવ

વિનાની અને બિનદમનકારી સમાજની સ્થાપના કરવી પડશે.

ઉદ્દામવાદી નારીઓ વર્તમાન સમયમાં જે સ્ત્રીઓ કુટુંબમાં હતાશ હોય, ત્રસ્ત હોય તેઓ માટે અલગ રહેવાની વ્યવસ્થા, રોજીરોટી, તાલીમ માટેની વ્યવસ્થા કરે છે. સ્ત્રીએ જો દમનમુક્ત અને શોષણમુક્ત સમાજ બનાવવો હોય તો સ્ત્રીઓની શક્તિઓને ખીલવવા માટેની વ્યૂહરચના ઘડવી પડશે.

ઉદ્દામવાદી વિચારસરણી મુજબ સ્ત્રી અને પુરુષ બન્ને મુક્ત રીતે, સ્વતંત્ર રીતે પોતપોતાનો વિકાસ સાધી શકે. સ્ત્રી અને પુરુષ વિરોધી નથી પણ દમન અને શોષણ વિનાનો સમાજ બન્ને માટે આવશ્યક છે.

**4) મનોવિશ્લેષણવાદી નારીવાદ :** સમાજમાં માનવના વર્તન માટે આંતરિક બાબતો જવાબદાર છે એવી બાબત સ્વીકારાઈ છે. સીગમન્ડ ફ્રોઈડે આ બાબતનું વિશ્લેષણ કર્યું છે. ફ્રોઈડના મતે માનવના વર્તનને નક્કી કરનાર આંતરિક કારણો હોય છે. સ્ત્રી અને પુરુષનાં લક્ષણો જે સમાજ દર્શાવે છે તે કુદરતી નથી, સમાજ દ્વારા તેને ઘડવામાં આવ્યાં છે. ફ્રોઈડ પણ માને છે દરેક વ્યક્તિમાં સ્ત્રી અને પુરુષ બન્નેના ગુણ હોય છે. માત્ર સમાજિકીકરણ દ્વારા જ સ્ત્રી અને પુરુષ બન્નેને અલગ ઘડવામાં આવે છે. સામાજિકીકરણ દ્વારા છોકરાઓ પિતાનાં મૂલ્યો આત્મસાત કરે છે. ફ્રોઈડના મતે પુરુષ ઉચ્ચતર છે. સ્ત્રી નૈતિક દૃષ્ટિએ ઊતરતી કોટિની છે. ફ્રોઈડે શારીરિક નિર્ણાયકતાની વાત કરી તેના અનુસંધાને નારીવાદીઓએ સખત વિરોધ કર્યો. નારીવાદીઓ એવું માનતા નથી કે સ્ત્રીની સત્તા તથા પુરુષની સત્તાને તેમના શારીરિક બંધારણ સાથે લેવાદેવા છે. બેટ્ટી ફ્રીડન, ફાયરસ્ટોન અને મીલેટ જેવાઓએ સખત વિરોધ કરી કહ્યું કે સ્ત્રીની સત્તા સામાજિક વિચારસરણી પ્રમાણેની છે. કારણ કે શરીર સાથે એને કંઈ લેવાદેવા નથી. આલ્ફ્રેડ એડલર, હોર્ની અને થોમસન આ શારીરિક નિર્ણાયકવાદનો સખત વિરોધ કરે છે. આ ત્રણે માને છે કે સ્ત્રીના દમન અને શોષણનું મૂળ પિતૃસત્તાક, સામાજિક સાંસ્કૃતિક માળખાઓમાં છે. આ સમગ્ર બાબતને જોતા એવું સમજાય છે કે સમાજની સાંસ્કૃતિક વ્યવસ્થા એ પ્રમાણેની છે કે જેમાં પુરુષ અને સ્ત્રી અંગેના ખ્યાલો અભિવ્યક્ત થતા હોય છે. અને સામાજિકીકરણની પ્રક્રિયા દરમ્યાન દરેક વ્યક્તિમાં એ દૃઢ કરી દેવામાં આવે છે. સ્ત્રીને બાળજન્મ આપવો એ કુદરતી બાબત છે પણ બાળઉછેરમાં માતાના વધુ ફાળાના કારણે સ્ત્રી અને પુરુષ અંગેની વિવિધ છાપ ઊપસે છે. આ તબક્કામાં અસભાનપણે વ્યક્તિ બધું જ મનમાં સંગ્રહિત કરે છે.

ડિનર સ્ટેઈને (Cited in Rosemarie, 1994 : 150 to 153) સંબંધોની જાતીય ગોઠવણને સુંદર રીતે સમજાવી છે. સમાજમાં સ્ત્રી કરતાં પુરુષ માટે જાતીય માલિકી મહત્ત્વની હોય છે. સ્ત્રી પુરુષ માટે જ છે અને સ્ત્રી પુરુષના સંતોષ માટે જ કાર્યરત છે. સ્ત્રીને કદી વ્યક્તિ ગણાતી નથી. સ્ત્રી અને પુરુષના શરીર અલગ છે એવી સમજ ઊભી કરાય છે અને તેથી સ્ત્રી પુરુષના ઊંચનીચ દરજ્જા માત્ર શારીરિક ભેદને કારણે છે અને તેથી સ્ત્રી પોતાના શરીરને તિરસ્કારે છે. સ્ત્રી ખાનગી ક્ષેત્ર માટે છે, એણે જાહેર ક્ષેત્ર માટે કાર્ય કરવાનું નથી. માતૃત્વનું એટલું ગૌરવીકરણ કરવામાં આવે છે, જેથી દરેક સ્ત્રી માતા બનવાની ઇચ્છા ધરાવે છે. સમાજ જન્મથી જ સ્ત્રી અને પુરુષને અલગ અલગ રીતે તૈયાર કરે છે અને તે પ્રકારની વિચારસરણી વિકસાવે છે. લુઈસ સ્ટ્રોસ સમજાવે છે કે લગ્ન અંગેના નિષેધોને કારણે સામાજિક સંબંધોના વર્તુળ મોટા થાય છે અને કુટુંબ વચ્ચે સંબંધો બંધાય છે. કુટુંબો વચ્ચે લેવડદેવડ થાય છે અને સ્ત્રીઓની અદલાબદલી થાય છે. આ અંગેના નિયમો સ્ત્રીને સંપૂર્ણ રીતે બીજે દરજ્જો આપે છે. ટૂંકમાં આ લેવડદેવડના નિયમો સ્ત્રીને કોટિક્રમમાં નિમ્ન કક્ષાએ રાખે છે.

આ પરિસ્થિતિને બદલવા સામાજિક માળખાંઓમાં જ પરિવર્તન લાવવું પડે. માનવજન્મથી જ માતા સાથે પિતાને પણ જોડવા જોઈએ. બાળઉછેરમાં બન્નેનો સરખો ફાળો હશે તો બન્નેનો દરજ્જો બાળક ઉપર અલગ પ્રભાવ નહીં પાડે. આ પ્રક્રિયા બન્નેના દરજ્જા અંગે વિભિન્ન ખ્યાલો પ્રસરાવશે નહીં. સ્ત્રી ખાનગી ક્ષેત્ર સાથે જાહેર ક્ષેત્રમાં પણ ફાળો આપશે. તેથી પોતે પોતાનું અસ્તિત્વ માત્ર બાળકને લીધે જ છે એ વાત ભૂલશે. બાળઉછેરમાં માતાપિતા બન્ને હોવાથી બાળક બન્નેને સમાન ગણશે. શારીરિક મર્યાદાઓ જ સ્ત્રી પુરુષના દરજ્જા માટે કારણભૂત ગણાશે નહીં. ઊંચનીચના ખ્યાલોને કારણે જ દમન ઊભું થાય છે તે નષ્ટ થઈ જશે.

ટૂંકમાં સ્ત્રીએ પોતાના માનસમાં પોતાને પુરુષ સમકક્ષ સ્થાપવાની છે અને વ્યકિત તરીકે પ્રગટવાની છે. સ્ત્રી પોતે પોતાને કોઈના સંદર્ભમાં નહીં પણ માત્ર વ્યક્તિ તરીકે સ્થાપિત કરે તો સમાજના માળખા બદલાઈ જાય.

**અસ્તિત્વવાદી નારીવાદ (Existential Feminism) :**

સિમોન દ. બોવિયરના ''ધ સેકન્ડ સેક્સ''ના વિચારોએ આ નારીવાદમાં મહત્ત્વનું પ્રદાન કર્યું. બોવિયરના મતે સ્ત્રી સમાજમાંથી અન્યત્વનો ખ્યાલ ગ્રહણ કરે છે. સાત્રના મતે અસ્તિત્વને ત્રણ રીતે જોઈ શકાય. વ્યક્તિ પોતાનામાં જ અસ્તિત્વ ધરાવનાર, પોતાને માટે અસ્તિત્વ ધરાવનાર તથા અન્ય માટે અસ્તિત્વ ધરાવનાર એમ ત્રણ રીતે જોઈ શકાય. સ્ત્રીને અન્ય માટે અસ્તિત્વ ધરાવનાર તરીકે જોઈ શકાય. બોવિયરના મતે પુરુષ પોતાને સ્વ અને સ્ત્રીને અન્ય તરીકે જોતો આવ્યો છે. પુરુષ સ્ત્રીને ભયરૂપ માને અને તેથી તેના અસ્તિત્વને નિમ્ન બનાવી તેણે સ્ત્રીને ગુલામ બનાવી દીધી છે. પુરુષે વિવિધ યંત્રો, આયુધો શોધ્યાં અને તેને કારણે પોતાને માત્ર એક માત્ર મહત્ત્વનો માની બીજા બધાને પોતાને માટે કાર્ય કરનાર તરીકે ઓળખે છે. પુરુષ પોતે જ આદર્શ સ્ત્રી અંગેના ખ્યાલ ઘડે છે. અને તેમાં સ્ત્રી પોતે પોતાને નકારે તે પ્રમાણેની રચના કરે છે. સ્ત્રી પોતાનું સર્વસ્વ પુરુષ માટે ત્યાગે તે પ્રકારે તમામ બાબતો ઘડવામાં આવે છે. સ્ત્રી પોતે બધું જ પુરુષને સમર્પણ કરે, બધું ત્યાગે એની અપેક્ષા રાખવામાં આવે છે. બોવિયર માને છે કે પત્નીની ભૂમિકા, માતાની ભૂમિકા નારીમુક્તિ માટે અવરોધક છે. માતાની ભૂમિકા દ્વારા તે આવતીકાલની પેઢીમાં સ્ત્રીના કાર્ય અંગે એટલે રાંધતી, સાફ કરતી, મદદનીશ તરીકે ભૂમિકા ભજવતી, કાળજી લેતી એવા ખ્યાલ ઘડાય છે. આનો અર્થ એ થાય છે કે બાળક સ્ત્રી અને પુરુષની ભૂમિકા અંગેના ખ્યાલ નાનપણથી આત્મસાત કરે છે. ત્યાર બાદ સ્ત્રી તરીકે તેની પાસે તે ભૂમિકાની જ અપેક્ષા રખાય છે. પુરુષપ્રધાન સમાજે સ્ત્રી ઉપર જે મર્યાદાઓ, પરિભાષાઓ તથા ભૂમિકાઓ, લોકાચાર, પરંપરા, શિષ્ટાચાર લાદ્યા છે તેમાંથી બહાર નીકળવું સહેલું નથી. છતાં સ્ત્રીએ સમાનતા પ્રાપ્ત કરવા માટે, સ્વત્વ પામવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે.

સિમોન દ. બોવિયરના મતે સ્ત્રીઓએ વિવિધ પ્રકારના પ્રયત્નો કરીને પોતે 'સ્વ' છે એ કેળવવું પડશે. તેમના મતે સ્ત્રીએ ઘર છોડી બહાર નીકળી કામ કરવું પડશે. પુરુષ જે વાતાવરણમાં કામ કરે છે તે વાતાવરણમાં તેણે કામ કરવું જ પડશે, જેથી હરીફાઈયુક્ત માહોલ બન્ને અને સ્ત્રીઓ માટે કેટલીક શક્યતાઓ ઊભી થાય. સ્ત્રીઓએ સંપૂર્ણ બૌદ્ધિક બનવું જોઈએ. બૌદ્ધિક એટલા માટે બનવું જોઈએ કે જેથી તે પોતે પરિસ્થિતિને સમજી શકે, પરિસ્થિતિના પરિવર્તન અંગે વિચાર કરી શકે અને વ્યૂહરચના ઘડી શકે. બુદ્ધિથી જ તે અસમાનતાઓ સમજી શકે અને અસમાનતાઓને દૂર કરવા પ્રયત્નશીલ થઈ શકે. સાથે સાથે સ્ત્રીએ મિલકતની વ્યવસ્થા બદલવી પડશે અને સમાજવાદી માળખાઓ ઘડવા પ્રયત્ન કરવા જોઈએ. દમનકારી સમાજરચનાના અંત માટે સ્ત્રી પોતે જ પોતાનું પ્રારબ્ધ ઘડી શકે છે એ વિચારને આત્મસાત કરી લેવો પડશે.

## 1.3 રાષ્ટ્રીય સ્તરે તથા રાજ્ય સ્તરે નારીવાદી ચળવળ અને વિવિધ અભિગમો તથા કેટલાક અભ્યાસો :

માત્ર શારિરીક બળ તથા સ્ત્રીના શરીરની રચનાને લીધે સ્ત્રી સદીઓથી પીડાઈ રહી છે. સ્ત્રીમુક્તિની વાત, સ્ત્રીના દમનની વાત અનેક સંતોએ કરી, સામાજિક સુધારકોએ કરી પણ ખરેખર આંદોલનની શરૂઆત અંગ્રેજોના કાળ દરમ્યાન રાજારામમોહનરાયથી થઈ.

ભારતમાં નારી માટે કોઈએ જો સૌપ્રથમ યુદ્ધ છેડ્યું હોય તો તે રાજા રામમોહનરાય. રાજારામમોહનરાયથી મહાત્મા ગાંધી સુધી અનેક સંવેદનશીલ વિચારકો તથા સંવેદનશીલ નેતાઓએ સ્ત્રીસમાનતા, કલ્યાણ માટે ચળવળ ઉપાડી. નારીની સમસ્યાઓ, દુઃખ, શોષણ, અસમાનતાઓને લક્ષમાં લઈ અનેકવિધ ચર્ચાઓ થઈ અને ઉપાયો યોજાયા તેને નારી આંદોલન કે ચળવળ કહી શકાય. કારણ આ આંદોલનો સમગ્ર સમાજવ્યવસ્થાને કે મૂલ્યને બદલવા માટે હોય છે. આંદોલનો વિવિધ પ્રકારનાં હોય છે. આ આંદોલન સમાજમાં પરિવર્તન લાવવા માટેનો સંગઠિત સામૂહિક પ્રયત્ન કહી શકાય. દરેક આંદોલનનું ધ્યેય સમાજરચના અને મૂલ્યવ્યવસ્થામાં પરિવર્તન લાવવાનું હોય છે.

સ્વાતંત્ર્યપૂર્વે સમાજસુધારકોએ સાંપ્રત સમાજના રીતરિવાજો ટીકાત્મક દૃષ્ટિથી તપાસવા, ઉદારમતવાદી વિચારસરણીથી સમાજને તપાસ્યો, વિશ્લેષણ કર્યું. રાજારામમોહનરાયે સ્ત્રીની અસ્તિત્વ અંગેની સમસ્યાને હાથ ધરી અને સીમાવર્તી ઉકેલ લાવી આપ્યો. માત્ર પતિના અસ્તિત્વથી જ પત્નીનું અસ્તિત્વ ટકી શકે એ વાત દૂર કરી દીધી. આ સમયગાળામાં સામાજિક સુધારકોએ સમાજસુધારાઓ માટે જેહાદ જગાવી સમગ્ર સમાજમાં પછાત ગણાય તે બધું દૂર કરી કંઈક નવું સુધારાવાદી દાખલ કરવું એ એમનો ધ્યેય હતો. આ દરમ્યાન જ પુનરુત્થાનવાદીઓએ ભારતના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરી આ માત્ર આપણને ફરી પુનઃ જીવિત કરવાનો પ્રયાસ છે એવું કહી પ્રાચીન ભારતને, તેનાં મૂલ્યોને, આદર્શોને, જીવનદર્શનને જીવંત કરવાનો પ્રયાસ કર્યો. રાજારામમોહનરાયે સતીનો પ્રશ્ન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા પુનઃલગ્ન

અને કુલીનપ્રથા વિરોધી અવાજ ઉઠાવ્યો. મહાદેવ ગોવિંદ રાનડે, ધોંડો કેશવ કર્વે, નર્મદ, કરસનદાસ મૂળજી, મહિપતરામ વગેરેએ આ સમાજસુધારામાં વિધેયાત્મક સુર પુરાવ્યો. ગુજરાતમાં ખાસ મહત્ત્વની વાત એ હતી કે નર્મદ, દલપતરામ, મહિપતરામ અને ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સાહિત્યકારોએ પણ આ લડતને સાહિત્ય દ્વારા ખૂબ સાથ આપ્યો. આ બધી ઝુંબેશને કારણે સ્ત્રીશિક્ષણની ચર્ચા થઈ. આખોય અભિગમ સ્ત્રીઓને પતિના કાર્યમાં સાથ આપનાર તરીકે તૈયાર કરવાનો હતો. મહર્ષિ ધોંડો કેશવ કર્વેએ વિદ્યાપીઠની સ્થાપના કરી. આ કામ દરમ્યાન વિધવાવિવાહ, બાળલગ્નનાબૂદી, શિક્ષણ વગેરે અંગે સુધારા માટે ચર્ચા થઈ.

આ કામમાં સ્ત્રીને આધુનિક બનાવવાની વાત હતી, સ્વતંત્ર બનાવવાની નહીં. અહીં સ્ત્રીને પુરુષની લાયક બનાવવાની વાત છે. માત્ર સ્ત્રી કુટુંબમાં યોગ્ય ફાળો આપી શકે તથા પુરુષ લાયક બને એવી સમાજની અપેક્ષા છે.

આ દરમ્યાન –

1917 એની બેસન્ટ વીમેન્સ ઇન્ડિયન એસોસિયેશન

1925 નેશનલ કાઉન્સિલ ફોર વીમેન ઇન ઇન્ડિયા

1927 અખિલ હિંદ મહિલા પરિષદ

ગુજરાતમાં ''સ્ત્રીમિત્ર'' અને ''સુંદરી સુબોધ'' જેવાં સામયિકો આવ્યાં. મહાત્મા ગાંધીએ રાજકારણમાં પ્રવેશ કર્યો અને સ્ત્રીઓને પ્રવેશ અપાવ્યો.

ઈ.સ. 1917માં સ્ત્રીમતાધિકાર માટે સરોજીની નાયડુ સ્ત્રીઓના મતાધિકારને પ્રશ્ને મોન્ટેગ્યુ અને ચેમ્સફર્ડને મળ્યા. ઈ.સ. 1918ની કોંગ્રેસમાં સરોજીની નાયડુએ આ અંગે ઠરાવ રજૂ કર્યો. આ બધી કાર્યવાહીને કારણે સ્ત્રીને મતાધિકાર મળ્યો પણ મત આપવાનો અધિકાર નીચેની શરતોએ મળ્યો :

1) સ્ત્રીના પતિ મિલકત અંગેની મતાધિકારની લાયકાત ધરાવતા હોય અને જેની ઉંમર 25 વર્ષની હોય.

2) મિલકતની લાયકાત ધરાવનાર પુરુષની 25 વર્ષની ઉપરની વય ધરાવતી વિધવા

3) જે સ્ત્રી સ્નાતક હોય અને 21 વર્ષથી ઉપરની વયની હોય.

અખિલ હિંદ મહિલા પરિષદે આ સૂચનાનો સખત વિરોધ કર્યો. આ વિરોધને કારણે ઈ.સ. 1935માં સ્ત્રી સ્નાતક હોય તો મતાધિકાર મળે એવો સુધારો કરવામાં આવ્યો. આનો અખિલ હિંદ મહિલા પરિષદે સખત વિરોધ કર્યો. અખિલ હિંદ મહિલા પરિષદે કોઈપણ પ્રકારની મહેરબાની સ્વીકારવાની ના પાડી. ઈ.સ. 1941માં સ્ત્રી સંસ્થાઓની સંગઠિતતાએ સ્ત્રી મતદાતાઓનું પ્રમાણ 1 : 20 હતું તેને બદલે 1 : 5 થયું. 1935ની ચૂંટણીમાં 41 બેઠકો સ્ત્રી અનામત હતી અને 8 સ્ત્રીઓ સામાન્ય બેઠકો ઉપર ઉમેદવારી નોંધાવી ચૂંટાઈ આવી હતી.

આ ગાળા દરમ્યાન હિન્દુ કોડ બિલ અંગે ચર્ચા શરૂ થઈ. ઈ.સ. 1941માં સરકારે હિન્દુ કાયદા કમિશન નીમ્યું. હિન્દુ કોડ બિલની ચર્ચાએ મહિલા સંગઠનોના સંગઠિત બળની મહત્તા દર્શાવી. સ્ત્રીઓના દરજ્જા અંગેના પ્રશ્નની ચર્ચા કેન્દ્રસ્થાને રહી. આ બધી ચર્ચા દરમ્યાન પિતૃસત્તાક મૂલ્યની રાષ્ટ્રવાદીઓ અને ઉદારમતવાદીઓ ઉપર પણ કેટલી દૃઢ હતી તે વાત સ્પષ્ટ બની.

આ ગાળા દરમ્યાન ઈ.સ. 1938માં ભારતમાં આયોજન અંગે ચર્ચા શરૂ થઈ અને 29 પેટાસમિતિઓમાં એક સમિતિ ''આયોજીત અર્થતંત્રમાં સ્ત્રીઓની ભૂમિકા'' અંગે પણ રચવામાં આવી. આ સમિતિમાં સરોજીની નાયડુ, હંસા મહેતા તેમજ વિજયાલક્ષ્મી પંડિતનો સમાવેશ કરવામાં આવ્યો. સમાજસુધારકોએ કલ્યાણ અભિગમથી કાર્યની શરૂઆત કરી. ઈ.સ. 1920 પછી સ્ત્રીઓએ સમાન હક્ક માટે લડત હાથમાં લીધી હતી. અલબત્ત સ્ત્રીને વ્યક્તિ તરીકે સમજવાની શરૂઆત ત્યાં સુધી થઈ નહોતી. ઈ.સ. 1954માં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા ભારતીય મહિલા રાષ્ટ્રીય ફેડરેશનની સ્થાપના કરી. ત્યાર બાદ મહિલા દક્ષતા સમિતિ નીમાઈ. All India Democratic Women Associationની સ્થાપના થઈ. આઝાદી પછી ઈ.સ. 1960 સુધી ખાસ ધારદાર ચળવળો જોવા મળી નહીં. જે સ્ત્રીઓ આગેવાન હતી તે બધી રાજ્યસત્તાની ભાગીદારી બની અને સ્ત્રી ચળવળ થોડી શાંત થઈ. અલબત્ત ઉચ્ચ કે મધ્યમ વર્ગ વિકાસ પામવાની પ્રક્રિયામાં મશગૂલ બન્યા. પણ મજૂર સ્ત્રીઓએ પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, બિહાર અને કેરાલામાં નકસલવાદી ચળવળમાં જોશભેર ભાગ લીધો. ચીપકો આંદોલન તો સંપૂર્ણપણે સ્ત્રીઓનું જ બની ગયું. ઈ.સ. 1972માં મહારાષ્ટ્રમાં શાહદા ખાતે સ્ત્રીઓએ દારૂ, પતિનો માર વગેરે સામે સંગઠિત થઈ લડત ચાલુ કરી. ઈ.સ. 1972માં ઇલાબેન ભટ્ટે અસંગઠિત ક્ષેત્રની બહેનોને સંગઠિત કરી એક વ્યવસ્થિત લડાઈ ચાલુ કરી. ઈ.સ. 1974માં બહાર પાડેલા Towards Equality ના દસ્તાવેજે જાહેર

કર્યું કે બંધારણમાં અપાયેલ ખાતરી છતાં સ્ત્રીનો વિકાસ ખૂબ ઓછા પ્રમાણમાં થયો છે અને વિકાસની અવળી અસર સ્ત્રીઓ ઉપર થઈ છે. સ્ત્રીઓની સમાનતાની ચળવળ અનેકવિધ તબક્કાઓમાંથી પસાર થઈ છે અને વિવિધ અભિગમો તથા દૃષ્ટિકોણો અભિવ્યક્ત કરે છે.

Towards Equalityને લીધે સ્ત્રીઓ અંગેની એક ઊભી થયેલ છાપ ભૂંસાઈ કારણ મધ્યમવર્ગની શિક્ષિત વાચાળ બહેનોને કારણે સ્ત્રીઓએ સમાનતા પ્રાપ્ત કરી છે એ વાત ચર્ચાઈ રહી હતી. અને સ્ત્રી અંગેનો વિચાર વિવિધ દૃષ્ટિકોણથી થવો જોઈએ એવી ચર્ચા શરૂ થઈ. સ્ત્રીઓ એટલે માત્ર શહેરી મધ્યમ વર્ગની સ્ત્રીઓ નહિ પરંતુ સ્ત્રીની ભૂમિકાનો દરજ્જો વિવિધ રીતે, વિવિધ દૃષ્ટિકોણોથી તપાસવો જોઈએ એવી ચર્ચા શરૂ થઈ. સ્ત્રીઓને કોઈ એક જ સ્તરે ન જોઈ શકાય એવી સભાનતા અને સમજ સ્પષ્ટ થઈ. ઈ.સ. 1975માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે જાહેર કર્યું અને તે જ વર્ષમાં પ્રથમ વિશ્વ મહિલા સંમેલન મેક્સિકોમાં (દક્ષિણ અમેરિકા) યોજાયું. આ સંમેલને "સમાનતા, વિકાસ અને શાંતિ"ને મધ્યવર્તી વિચાર તરીકે સ્વીકાર્યો હતો. આ પરિષદમાં સમાનતા અંગે વિશદ છણાવટ કરવામાં આવી. સ્ત્રીઓને બધા જ ક્ષેત્રમાં સહભાગી બનાવવાની ચર્ચા થઈ. વિશ્વના શાંતિના પ્રયાસોમાં સ્ત્રીને પણ સહભાગી બનાવવાની ચર્ચા થઈ. ઈ.સ. 1975થી ઈ.સ. 1985 સુધીના દાયકાને મહિલા દાયકા તરીકે જાહેર કરવામાં આવ્યો. આ દાયકામાં જિલ્લા કક્ષાએથી, રાજ્ય અને રાષ્ટ્રભરમાં સ્ત્રી પ્રશ્નો, સ્ત્રી સમસ્યાઓ અંગે ચર્ચાઓ થઈ. કાર્યક્રમો યોજાયા અને સંગઠનો રચાયાં. ભારતમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીની શરૂઆત થઈ. મહારાષ્ટ્રમાં દેવદાસીઓનું સંમેલન યોજાયું, સમગ્ર ભારતમાં સ્વાયત્ત સ્ત્રી જૂથોની શરૂઆત થઈ. આ ગાળામાં કલ્યાણ અભિગમમાંથી સમાનતા અભિગમની શરૂઆત થઈ. ઈ.સ. 1974માં આંધ્ર પ્રદેશના હૈદ્રાબાદમાં Progressive Organisation of Women (POW)ની શરૂઆત થઈ. સ્ત્રીસમાનતા, સ્ત્રીશોષણ અને સ્ત્રીદમન અંગે ચર્ચાઓ શરૂ થઈ. સ્ત્રીઓની સમસ્યાઓ અંગે ખૂબ ચર્ચા શરૂ થઈ. ભારતમાં આ સમયગાળા દરમ્યાન સ્થાનિક કક્ષાથી આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી અનેક સ્વાયત્ત જૂથો પોતાની સમજ, ધ્યેયો, ઉદ્દેશ, કાર્યક્રમ અને સભાનતાને આધારે આ આંદોલનમાં જોડાયાં. પોતપોતાની કક્ષા, નેતાગીરી, પ્રશ્નો અંગેની સમજ, સંદર્ભજૂથો, સ્ત્રી સમાનતા, કલ્પના અને તબક્કા અનુસાર અનેક જૂથો રચાયાં. ઈ.સ. 1975ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને દાયકાને કારણે સ્ત્રીઓ અંગેની ઘણી માહિતી દશ્યમાન થઈ. સંચાર માધ્યમોએ આ બાબતને ખૂબ મહત્ત્વ અને પ્રાથમિકતા આપી અને તેને કારણે સમગ્ર ભારતમાં તેની વિવિધ અસરો જોવા મળી. રાજા રામમોહનરાયના પ્રયત્નો પછી શરૂ થયેલ વિવિધ સમાજસુધારકોએ હાથ ધરેલ કાર્યક્રમો કલ્યાણ અભિગમથી કાર્યરત હતા. પણ આ તબક્કામાં સમાનતાના પ્રશ્નો અને અધિકાર પ્રાપ્ત થવા જોઈએ એ અભિગમથી આંદોલનો થયાં. સ્ત્રીઓ અંગે અભ્યાસો થવા લાગ્યા એટલે સ્ત્રીઓ અંગે પ્રવર્તમાન ખ્યાલોમાં પણ પરિવર્તનો આવ્યાં.

આ સમયગાળા દરમ્યાન સ્ત્રી દમન, શોષણ, દરજ્જો, સમાજની અન્યાય અને ભેદભાવભરી નીતિ અંગે ચર્ચા શરૂ થઈ, પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા. વિવિધ મૂલ્યો, ધોરણો, બેવડાં ધોરણો, અલગ માપદંડો અંગે ચર્ચા શરૂ થઈ. પિતૃસત્તાક સમાજવ્યવસ્થા અંગે ચર્ચા શરૂ થઈ. પિતૃસત્તાક મૂલ્યો અને માળખાં અંગે વિશ્લેષણો તથા ચર્ચા શરૂ થઈ.

આ આંદોલનના તબક્કામાં અનેક મહિલા સંસ્થાઓ ઉદ્ભવી અને અનેક ધાર્મિક જૂથોએ પણ મહિલા પાંખ શરૂ કરી. આ બધા જ પ્રકારનાં સંગઠનોની પ્રવૃત્તિઓમાં એવું સ્પષ્ટ જોવા મળ્યું કે મોટા ભાગનાં જૂથો એવું માનતા હતા કે માત્ર કાયદો કંઈ જ નહીં કરી શકે. સમાજની ભાગીદારી આવશ્યક છે. આ સમય દરમ્યાન જનજાગૃતિ અંગે તથા ચોક્કસ મુદ્દાને કેન્દ્રસ્થ કરી આંદોલનમાંથી ઉદ્ભવેલા સ્ત્રીજાગૃતિ માટે કાર્ય કરતાં જૂથો જોવા મળ્યાં. સ્ત્રી સમાનતાને મુદ્દે સ્ત્રીને થતા અન્યાય માટે લડતાં જૂથો, આશ્રય આપનાર જૂથો, વિવિધ વ્યાવસાયિક જૂથો, સ્વૈચ્છિક સંસ્થાઓની મહિલા પાંખો, રાજકીય જૂથોની મહિલા પાંખો તથા નારી અંગે અભ્યાસ કરતાં જૂથો એમ વિશિષ્ટ જૂથો ઉદ્ભવ્યાં. આ પ્રકારનાં જૂથોમાં મહદ્ અંશે સ્ત્રીઓની આગેવાની હેઠળ સ્ત્રીઓ સંગઠિત બનતી જોવા મળી. આ તબક્કામાં સ્ત્રીઓને મન દમન, શોષણ, અન્યાય અને ભેદભાવ સામે લડત આપવી મહત્ત્વની હતી. આ તબક્કામાં સ્ત્રીઓ પોતાની સ્વાયત્તતા સચવાય તેટલી સાવધ, ચોક્કસ અને સ્પષ્ટ હતી. આ તબક્કાનાં જૂથો Line Organisation નહોતાં. બધી જ લડતો, જૂથો અવિધિસરનાં, ખુલ્લા માળખા અને કાર્યપદ્ધતિ તથા વિચારસરણી ધરાવતી હતી. અહીં સ્ત્રીજૂથોમાં સંપૂર્ણ પારદર્શી ચર્ચાઓ, પદ્ધતિઓ જોવા મળી. નિર્ણય લેનાર અને અનુસરનાર એમ બે જૂથો નહિ પણ ભાગીદારી સંપૂર્ણપણે જોવા મળી.

સ્ત્રીને સ્ત્રી તરીકે સહન કરવા પડતા તમામ ભેદભાવો સામે આ લડત હતી. મોટા ભાગની લડતો સ્વયંભૂ, સ્વયંસ્ફૂરિત, વ્યૂહરચના કે ગણતરી વિનાની હતી. મહદ્ અંશે આ આંદોલનો નીચે મુજબ હતાં :

1. દહેજ વિરોધી આંદોલન
2. સતી વિરોધી આંદોલન
3. બળાત્કાર વિરોધી આંદોલન
4. કૌટુંબિક હિંસા વિરોધી આંદોલન
5. સ્ત્રીઓ અંગેના ખરાબ ખ્યાલ (સભ્યતા વિરુધ્ધ પોસ્ટર્સ), છેડતી જાતીય સતામણી વિરોધી આંદોલન
6. પર્યાવરણ મદદકર્તા આંદોલન

**1) દહેજ વિરોધી આંદોલન :** પિતૃસત્તાક વ્યવસ્થાના સર્વસામાન્ય દૂષણ તરીકે દહેજને સ્વીકારવામાં આવ્યું છે. સમાજમાં સ્ત્રીના નીચા દરજ્જાની દહેજ સાબિતી આપે છે. સમાજમાં પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષને કુટુંબનો આંતરિક મામલો સમજવામાં આવે છે. કન્યાના બાપને સતત વરના બાપ કરતાં હીન સમજવામાં આવે છે. અને અધિકારની રૂએ કન્યાના પિતા પાસે વરપક્ષ સતત ભૌતિક બાબતોની માગણી કરતો રહે છે. આ માંગણીઓ જ્યારે કન્યાના પિતા સંતોષી ના શકે ત્યારે સ્ત્રીને આત્મહત્યા સિવાય આરો રહેતો નથી અને તેને તે રસ્તે ધકેલવામાં આવે છે. ક્યારેક તેને નાટકીય ઢબે મારી નાંખી, ચા બનાવતા દાઝી ગઈ, રસોઈ બનાવતાં સ્ટવ ફાટ્યો વગેરે દશ્યો ઊભાં કરવામાં આવે છે. આ સમયગાળા દરમ્યાન સ્ત્રી સંસ્થાઓએ તેને મહત્ત્વના કાર્ય તરીકે પ્રાધાન્ય આપ્યું અને સંચાર માધ્યમોએ તેની ઉપર તેજાબી હુમલો કર્યો. દિલ્હીમાં દહેજ વિરોધી મંચની સ્થાપના થઈ. સંસ્થાઓએ ચર્ચાસભાઓ, શેરી નાટકો, પોસ્ટરો, દેખાવો, વર્તમાનપત્રોમાં લેખો તથા સામયિકોમાં કૉલમો લખ્યા.

ઈ.સ. 1975માં હૈદ્રાબાદમાં POW પ્રોગ્રેસીવ ઑર્ગેનાઈઝેશન ઑફ વીમેને દહેજ વિરોધી આંદોલનની શરૂઆત કરી. લગભગ 2000 નાગરિકોએ આ આંદોલનમાં ભાગ લીધો. ઈ.સ. 1979માં દિલ્હીમાં મહિલા દક્ષતા સમિતિએ સળગી જવાના બનાવો અંગે તપાસ કરી. તે આત્મહત્યા કે અકસ્માતના બનાવો નથી પણ ખૂન કે હત્યાના બનાવો છે એવું જાહેર કરાયું. દિલ્હીના મોડેલ ટાઉન વિસ્તારમાં તરવિંદર કૌરના આવા મૃત્યુના અનુસંધાને ''સ્ત્રીસંઘર્ષ'' નામનો મંચ સ્થપાયો. દિલ્હીમાં કંચન ચોપ્રા, કલકત્તામાં દેબજા, રાંચીમાં નિવેદિતા દત્તા, પૂનામાં મંજૂશ્રી સારડા, અમદાવાદમાં વર્ષા, આણંદમાં કોકીલા વગેરે કેસોએ આવી વિવિધ સંસ્થાઓની શરૂઆત કરી. આવાં આંદોલનોમાં સાસરિયાનો બહિષ્કાર, જાહેર અપમાન, કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા. સમગ્ર શહેરની સંસ્થાઓ એકત્ર કરાઈ, ક્યાંક નાગરિકોનો સાથ લેવાયો, ક્યાંક કેસ દાખલ કરવામાં આવ્યાં. યુવાનોને દહેજ લઈશું નહિ અને યુવતીઓને દહેજ આપીશું નહીં જેવી પ્રતિજ્ઞા જાહેરમાં લેવડાવી. દેશભરમાં વ્યાપક રીતે આવાં અનેક આંદોલન થયાં. ઈ.સ. 1961ના દહેજ પ્રતિબંધક ધારામાં પરિવર્તન લાવવાનું નક્કી કરવામાં આવ્યું. ઈ.સ. 1984માં નવો દહેજ પ્રતિબંધક ધારો પસાર કરવામાં આવ્યો. આ ધારામાં દહેજ ઉપર પ્રતિબંધ નથી મુકાયો પણ દહેજની રકમ ઉપર મર્યાદા મૂકવામાં આવી. સૌથી મહત્ત્વની બાબત એ બની કે ભારતીય દંડ સંહિતા – IPCમાં 498 'અ' નો સમાવેશ કરવામાં આવ્યો. આ કાયદામાં સાસરિયા દ્વારા સ્ત્રી પર થતાં શારીરિક અને માનસિક ત્રાસને બિનજામીનપાત્ર ગુનો ગણવામાં આવ્યો. લગ્નના પ્રથમ નવ વર્ષમાં જો નવવધૂનું મૃત્યુ થાય તો પોસ્ટ મોર્ટમ કરવું ફરજિયાત બન્યું.

દિલ્હીમાં દહેજને કારણે થતી ત્રાસની ફરિયાદો માટે મહિલા પોલીસ સેલની વ્યવસ્થા કરવામાં આવી. મુંબઈ, અમદાવાદ, વડોદરામાં આવા ખાસ સેલ સ્થાપવામાં આવ્યા. અલબત્ત આ સેલમાં કોઈપણ પ્રકારની તાલીમ વિના પોલીસને સામાજિક કાર્યકરની ભૂમિકામાં મૂકવામાં આવ્યા, જેથી વલણ કે અભિગમમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નહિ. સૌપ્રથમ દહેજપ્રથા માત્ર ઊંચી જ્ઞાતિઓમાં હતી તેને બદલે નીચી જ્ઞાતિઓમાં પણ પ્રસરી છે. સ્ત્રી એ બોજો છે અને એને જિંદગીભર પાલવવા દહેજ આપવું પડે એવા મતના પ્રસારથી દહેજપ્રથા વધુ પ્રસરી છે.

આ જ અરસામાં કાનપુરની ત્રણ નાની દીકરીઓએ સામૂહિક આત્મહત્યા કરી અને તેને કારણે સ્ત્રી માટે સાસરિયા એકલા જ નહિ પણ પિતૃપક્ષમાં પણ તેના નીચા દરજ્જાને કારણે પ્રશ્નો ઊભા થાય છે, એવું સ્પષ્ટ થયું. આ સમગ્ર મુદ્દામાં સમાજમાં સ્ત્રીનો નીચો દરજ્જો, સ્ત્રી અંગેનાં પ્રત્યક્ષીકરણો, સ્ત્રીઓ અંગેનાં વલણો અંગે વિશદ છણાવટ થઈ અને અનેક મુદ્દા સ્પષ્ટ થયા.

**2) સતીવિરોધી આંદોલન :** ઈ.સ. 1829માં સતીપ્રથા નાબૂદ કરતો કાયદો રાજા રામમોહનરાયના પ્રયત્નોને કારણે પસાર થયો. પરંતુ 59 વર્ષ બાદ રાજસ્થાનના દેવરાલા ગામે યુવાન વિધવા રૂપકુંવરને ફરજિયાત સતી થવાની ફરજ પાડી તેના પતિની ચિતા સાથે બાળી મૂકવામાં આવી. અમલદારો, વહીવટદારોનું વલણ તથા આપણા જે તે સમૂહનું પછાતપણું, જંગલી અને ક્રૂર વલણ પ્રદર્શિત કરે છે. સમગ્ર દેશનાં સ્ત્રીસંગઠનોએ આનો ઉગ્ર વિરોધ કર્યો અને ઉગ્ર આંદોલનો કર્યા. સરકારે ખૂબ ઢીલાશ દેખાડી, ખાસ્સા વિલંબ પછી સતીનાબૂદી ધારો પસાર કર્યો. સ્ત્રીસંગઠનોની ભાવના અને લાગણીઓને લક્ષમાં લઈ આ કાયદો પસાર કરવામાં આવ્યો. આ સતી પ્રથાની રૂઢિ હતી તે સ્વીકારી સરકારે આ સતીના ફોટા વેચનારને શિક્ષા કરવી એવી કોઈ જોગવાઈ કાયદામાં કરી નથી. કેટલાંક જૂથોએ આ ધાર્મિક પ્રથા કે લાગણી ઉપર કુઠારાઘાત છે એવી ચર્ચાઓ પણ કરી. આ સમગ્ર ઘટના પતિ-પત્નીના સંબંધો, સમાજની સમજ, સરકારી અમલદારોની નિષ્ક્રિયતા, ઉપેક્ષા દર્શાવે છે.

**3) બળાત્કાર વિરોધી આંદોલન :** પિતૃસત્તાક વ્યવસ્થા સ્ત્રીને દ્વિતીય દરજ્જા ઉપર રાખે છે. બળાત્કાર એક નવી ઘટના છે કે જેમાં ગુનેગાર નહીં પરંતુ ગુનાનો ભોગ બનનારને ફરી ફરી ભયંકર યાતનામાંથી પસાર થવું પડે છે. સ્ત્રીના શરીર સાથે કુટુંબની ઇજ્જતને જોડી દેવામાં આવે છે, જેથી ગુનાનો ભોગ બનનારને ચૂપ રહેવાની ફરજ પડે છે. ન્યાયિક કાર્યવાહી પણ ખૂબ લાંબી અને યાતનાપૂર્ણ હોય છે. તેથી મહદ્ અંશે ભોગ બનનાર અને તેનું કુટુંબ ચૂપચાપ તે સહન કરે છે.

ભારતમાં બળાત્કારના કેસમાં પોલીસ અને લશ્કરના માણસો પણ આ ગુનો કરે છે. અને આ આંદોલન આવા જ એક બનાવથી ઉદ્ભવ્યું. આમાં લશ્કર દ્વારા બળાત્કારના બનાવો ખૂબ ઓછા બહાર આવે છે. તેઓ પોતાની જાતને આ ગુનો કર્યા પછી પણ બચાવી શકશે એવું સમજે છે. તેથી આ ગુનો આચરે છે.

ઈ.સ. 1978માં હૈદ્રાબાદમાં એક સ્ત્રી તેના પતિ સાથે 9 થી 12ના શોમાં થીયેટરમાં સિનેમા જોવા ગઈ હતી. ઘરે પાછા ફરતાં તેને તથા તેના પતિને પકડી લેવામાં આવ્યા અને સ્ત્રી ઉપર પોલીસે બળાત્કાર કર્યો. પતિએ વિરોધ કરતાં તેને માર મારીને મારી નાખવામાં આવ્યો. આવા પોલીસના સત્તા પ્રદર્શનથી હૈદ્રાબાદના 20,000 નાગરિકો રસ્તા ઉપર આવી ગયા. તેમણે પોલીસ ચોકીને ઘેરાવ કર્યો, તેની સામે પોલીસે ગોળીબાર કર્યો. 26 જાનહાનિ થઈ. લોકોએ મુખ્ય મંત્રીને ઘેરાવ કર્યો. છેવટે રાજ્યપાલ શાસન લાદ્યું અને તપાસ સમિતિ નિમાઈ; ત્યારે આંદોલન શાંત થયું.

સૌથી વધુ મહારાષ્ટ્રમાં બનેલ મથુરા બળાત્કાર કેસે જાગૃતિ ફેલાવી. સ્ત્રીસંગઠનો સક્રિય બન્યાં. મહારાષ્ટ્રમાં ચંદ્રપુર નામના ગામે 14 વર્ષની છોકરીને રાત્રે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવી. ત્યાં દારૂ પીધેલી હાલતમાં પોલીસોએ મથુરા ઉપર બળાત્કાર કર્યો. નીચલી કોર્ટે તુકારામ અને ગણપતને નિર્દોષ જાહેર કર્યા પછી હાઈકોર્ટે કસૂરવાર ઠેરવી સજા આપી અને સુપ્રિમ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા અને એવી દલીલ ગ્રાહ્ય રાખી કે મથુરાના શરીર ઉપર ઈજાના નિશાન નથી એટલે એણે વિરોધ કર્યો છે એવું સાબિત થતું નથી. ઉપરાંત તેને બીજા છોકરા સાથે સંબંધ હતો. તેથી તેના ચારિત્ર્ય અંગે સવાલો પેદા કરવામાં આવ્યા. સુપ્રિમ કોર્ટે માત્ર 14 વર્ષની બાલિકાના કેસમાં ગુનેગારને છાવર્યા અને બળાત્કારનો ભોગ બનનારને ગુનેગાર ઠેરવવાનું વલણ અપનાવ્યું. તેથી દિલ્હી યુનિવર્સિટીના ચાર પ્રોફેસરોએ સુપ્રિમ કોર્ટને વિરોધ વ્યક્ત કરતો ખુલ્લો પત્ર લખ્યો. આ સાથે દેશની ઘણીબધી મહિલા સંસ્થાઓએ વિરોધ કરવાનું નક્કી કર્યું. મુંબઈના બળાત્કાર વિરોધી મંચે દેશવ્યાપી વિરોધ ઊભો કરવાનું નક્કી કર્યું. આ કેસ આંતરરાષ્ટ્રીય મહિલા દિને ફરી ખોલવા માટે માંગણી કરવાનું નક્કી કર્યું. દેશભરની સ્વૈચ્છિક સંસ્થાઓ કોઈ એક અભિયાન માટે એકત્ર થયા. નવાં સ્ત્રીજૂથો રચાયાં. મોટા ભાગનાં શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયાં. આ સાથે જ રાજસ્થાનમાં વિજયનગર, બિહારમાં પટના વગેરે શહેરોમાં પોલીસ બળાત્કાર સામે આંદોલનો થયાં. સમગ્ર દેશમાં બળાત્કાર વિરોધી આંદોલન શરૂ થયું. મહિલા સંગઠનો અને ક્રિયાશીલ જૂથોએ બળાત્કાર અંગેના કાયદાની સરકારને ફરી તપાસ કરવાની ફરજ પાડી. 1983માં ફોજદારી ધારામાં સુધારો કરાવ્યો.

બળાત્કારના કેસમાં હજી નારી સંગઠનોને ધારી સફળતા પ્રાપ્ત કરી નથી. બળાત્કારના કેસમાં પિતૃસત્તાક વ્યવસ્થા અને મૂલ્યોને કારણે સ્ત્રીએ કેવાં કપડાં પહેર્યાં હતાં, તેનું વર્તન કેવું હતું, તેનું ચારિત્ર્ય કેવું છે વગેરે બાબતોની ચર્ચા થાય છે અને સ્ત્રી જ જવાબદાર છે એવી ચર્ચા થાય છે. પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં બળાત્કાર માટે પુરુષને દંડિત કરવાને બદલે સ્ત્રીને જવાબદાર ગણવામાં આવે છે.

ગુજરાતમાં નારી આંદોલનના એક કિસ્સામાં સાગબારામાં આદિવાસી બહેન ઉપર પોલીસે બળાત્કાર કર્યો. આ કેસમાં રાજપીપળા સમાજસેવા સંઘ, લોક અધિકાર સંઘ તથા સહિયરે જાતતપાસ કરી આ બનાવની તમામ વિગતોને પ્રજા સમક્ષ મૂકી. આ જાત- તપાસને કારણે સુપ્રિમ કોર્ટે સી.બી.આઈ. દ્વારા તપાસ કરી. આ કેસમાં ઉપરોક્ત ત્રણે સંગઠનો અને પ્રચાર માધ્યમોએ સક્રિય ભાગ ભજવ્યો. અહીં

સ્વૈચ્છિક સંગઠનોએ સહી ઝુંબેશ, શેરી નાટકો, જાહેર સભાઓ દ્વારા જનજાગૃતિ લાવી અને પરિણામે સુપ્રિમ કોર્ટે તપાસ કરાવી અને ગુનેગારને સજા તથા ગુનાના ભોગ બનનારને વળતર અપાવી શક્યા.

દેશભરનાં સ્ત્રીસંગઠનોએ બળાત્કારના કાયદામાં ફેરફાર થાય તે માટે માગણી કરી. આ ચર્ચાઓ દરમિયાન આ કેસ બંધ બારણે ચાલવો જોઈએ કે જાહેર રીતે – એમાં ઘણી ચર્ચા થઈ કે ભોગ બનનાર માટે બંધબારણે કેસ ચાલે તે જરૂરી છે, વાજબી છે. પણ જો આ કેસ બંધબારણે ચાલે તો ન્યાયની પ્રક્રિયા ઉપર લોકોનો અંકુશ કે દબાણ રહે નહીં. આ આંદોલન દરમ્યાન એક બીજો મુદ્દો ખૂબ મહત્ત્વનો બન્યો કે અહીં સાબિતીની ભાર ફરિયાદી ઉપર નહીં પણ આરોપી પર હોવો જોઈએ. પણ આ બાબત ઉગ્ર ચર્ચાઓ બાદ બે અભિપ્રાયો જોવા મળ્યા. એક જૂથને આ જોગવાઈ થવી જ જોઈએ એવું લાગતું હતું જ્યારે એક જૂથને લાગતું હતું કે આ કલમનો દુરુપયોગ થશે એવું લાગતું હતું. આ બાબતમાં સ્ત્રીસંગઠનોને ધારી સફળતા પ્રાપ્ત થઈ નથી. આ ચર્ચાઓ દરમ્યાન કોર્ટે કસ્ટોડિયલ રેપ અંગે ચિંતા વ્યક્ત કરી અને એ ગંભીર ગુનો છે એ વાત સ્વીકારી અને કંઈક થવું જ જોઈએ એમ માન્યું. છતાં જેવા સુધારા સ્વૈચ્છિક સંગઠનોએ માગ્યા તેવા થઈ શક્યા નહીં.

**4) કૌટુંબિક હિંસા વિરોધી આંદોલન :** સાંપ્રત સમાજમાં કુટુંબમાં થતી હિંસા પરત્વે જાગૃતિ આવવાની શરૂઆત થઈ છે. કુટુંબમાં સ્ત્રી પ્રત્યે પારાવાર હિંસા આચરવામાં આવે છે. પ્રથમ તો એને સ્ત્રીના નસીબ તરીકે સ્વીકારી લેવામાં આવતી હતી. પરંતુ હવે એની સામે અવાજ ઉઠાવાય છે. નારી સંસ્થાઓ સંગઠિત થઈ એનો મુકાબલો કરે છે. તાજેતરમાં સ્ત્રી બાળકીની થતી ભ્રૂણહત્યા એ બાબતની ચરમસીમા છે. માનવની સંવેદનશીલતા અંગે પ્રશ્નાર્થ ખડા કરે છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ માનવામાં આવે છે એ સંસ્કૃતિમાં સંતાનને માત્ર સ્ત્રી હોવાને કારણે મોતને ઘાટ ઉતારી દેવાય છે. આ પાશવી હિંસા છે અને કારણ છે, સ્ત્રી પ્રત્યે સમાજનો વર્તાવ, સ્ત્રીને માત્ર સ્ત્રી હોવાને કારણે જન્મ લેવામાંથી બાકાત રખાય છે. જો જન્મ થઈ જાય તો 0–4 વર્ષ દરમિયાન હજારે લગભગ 19 સ્ત્રીઓ મોતને શરણ થાય છે. ઉછેરમાં સંપૂર્ણ ભેદભાવ રખાય છે. સામાજિકીકરણ દરમ્યાન સ્ત્રીને પોતે પુરુષથી નીચી છે એ ઠસાવી દેવાય છે અને તેથી જ પિતૃસત્તાક વ્યવસ્થાના મૂલ્ય સાચવવા એ સાધન બને છે. દહેજપ્રથા એના અસ્તિત્વ માટે અપમાનજનક પરિસ્થિતિ સર્જે છે. એનું મૂલ્ય વ્યક્તિ તરીકે સ્વીકારાતું નથી, પણ કેટલો દહેજ લાવી શકાય છે, તે રીતે અંકાય છે. પરિણીત સ્ત્રી કૌટુંબિક હિંસાનો ભોગ બને છે. સરેરાશ દર દસ મિનિટે એક સ્ત્રી પોતાના પતિના હાથનો માર ખાય છે. તે સિવાય ગાંધીજીના ગુજરાતમાં પણ રોજ 17 સ્ત્રીઓ કમોતે દમ તોડે છે. કૌટુંબિક હિંસા સમાજની ભયંકર, ક્રૂર અને વરવી પ્રથા દર્શાવે છે. મોટા ભાગનાં ગરીબ કુટુંબોમાં સંતાનો મા પ્રત્યે આચરાતી હિંસાના સાક્ષી બને છે અને વાસ્તવિકતા તરીકે એને સ્વીકારે છે. સ્ત્રીને સમાજના બાકી બધા પુરુષોથી બચવા એક પુરુષ સાથે રહેવું, તેને સહેવો તે એક માત્ર વિકલ્પ હોય છે. પતિ તેની સામે જે હિંસા આચરે તેની સામે તેની પાસે કોઈ વિકલ્પ હોતો નથી. પિયર, પાડોશી કે પોલીસ બધા જ તેને ત્યાં જ રહેવાનું અને પતિના હૃદયપરિવર્તન કરાવવાની સલાહ આપે છે. તેથી તેને માત્ર હિંસા સતત સહન કરવી પડે છે. ઈ.સ. 1984 સુધી કુટુંબમાં હિંસા થાય તેની સામે તેની પાસે કોઈ કાયદો નહોતો. 1984માં કલમ 498–અ કાયદામાં દાખલ થઈ ત્યારે જ પ્રથમવાર કૌટુંબિક હિંસા સામે સ્ત્રીને રાજ્ય તરફથી મદદ મળી અને આ કલમ પણ દહેજ માટેના ત્રાસ સામે જ લગાડી શકાય એટલે દહેજ ન હોય તો ત્રાસ ન હોય એવું જ માનવામાં આવે છે. આ કલમના ઉપયોગ માટે સ્ત્રી અનેકવિધ તાપ સહન કર્યા પછી જ કાર્યરત બને છે. છતાં પોલીસ તેને સમજાવવાનો પ્રયાસ કરે છે. માત્ર હવે સ્ત્રી-સંસ્થાઓની મદદ હોય તો સ્ત્રીને ન્યાય મળવાની સંભાવનાઓ વધે છે. 498–અના ઉપયોગે ધીમે ધીમે સ્ત્રીને મદદ કરવાની શરૂઆત કરી છે.

સ્ત્રીને સૌથી વધુ કનડનાર દારૂ છે અને ભારતમાં અનેક જગ્યાએ દારૂ વિરુદ્ધ સંઘર્ષ થયેલો જોવા મળે છે. બિહારમાં, મહારાષ્ટ્રમાં, શહાદામાં, છતીસગઢમાં, હિમાચલ પ્રદેશમાં એમ અનેક જગ્યાએ સ્ત્રીઓએ દારૂ સામે લડત માંડી અને ક્યાંક એમને પરિણામો જોવા મળ્યાં. મણિપુરમાં પણ સ્ત્રીઓએ દારૂ સામે જંગ માંડ્યો. ક્યારેક સ્ત્રીઓએ પુરુષના માર સામે પણ ઉગ્ર આંદોલન કરી પુરુષોને ઝુકાવ્યા. આવી અનેક સ્વયંસ્ફુરિત લડતને કારણે નવા પ્રકારનાં મદદ કેન્દ્રો સમગ્ર ભારતમાં ઊભાં થયાં. મુંબઈમાં નારી કેન્દ્ર, બાપનું ઘર, દિલ્હીમાં સહેલી, કાનપુરમાં સખીકેન્દ્ર, અમદાવાદમાં અવાજ – આ બધાં કેન્દ્રો સ્ત્રીના દુઃખદર્દને સમજી તેને તેના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરે છે. તેને મદદરૂપ થવા પ્રયાસ કરે છે. આ બધાં જ કેન્દ્રો સ્ત્રીના સવાલને માત્ર વ્યક્તિગત કેસ તરીકે જોતા નથી. પરંતુ તેને કુટુંબના, સમાજના સંદર્ભમાં સ્ત્રી–પુરુષ આધિપત્ય, સત્તાના સંદર્ભમાં જોવાનો પ્રયાસ કરે છે. આવી સંસ્થાઓ પરસ્પર મદદ પણ લે છે. Networking પણ કરે છે. લોકજાગૃતિ માટે સતત કાર્યશીલ રહે છે. સ્ત્રીઓ પોતાના અવાજને બુલંદ બનાવવા સામયિકો પણ બહાર પાડે છે. ઈ.સ. 1978માં મુંબઈથી ફેમીનીસ્ટ નેટવર્ક, સ્ત્રીસંઘર્ષ, અમદાવાદનું સેવાનું અનસુયા, અવાજનું નારીવિશ્વ, મધુ કીશ્વારનું માનુષી, મહારાષ્ટ્રમાં

બાઈજા — આવાં અનેક સામયિકો પણ સ્ત્રીના અવાજને, દૃષ્ટિકોણને, પ્રત્યક્ષીકરણને સમાજ સુધી પહોંચાડવા કાર્યાન્વિત થયાં. આ સિવાય પોસ્ટર્સ, લોકજાગૃતિ માટે રેલી, સભાઓ, ચર્ચાસભાઓ, જાહેર સભાઓના માધ્યમનો વ્યવસ્થિત ઉપયોગ કર્યો છે.

**5) સ્ત્રીઓ અંગેના ખરાબ ખ્યાલ (સભ્યતા વિરુદ્ધ પોસ્ટર્સ), છેડતી, જાતીય સતામણી વિરોધી આંદોલન:** સ્ત્રી એટલે ઉપભોગનું સાધન એ ખ્યાલને કારણે સ્ત્રીને અનેક ત્રાસના ભોગ બનવું પડે છે. જગતની બધી સ્ત્રીઓને બળાત્કાર કે કુટુંબના ત્રાસનો ભોગ બનવું પડતું નથી પણ છેડતી, જાતીય સતામણીનો ભોગ તો બનવું જ પડે છે. સ્ત્રીની ભયંકર મશ્કરી કરવામાં આવે છે. અને માત્ર વસ્તુના રૂપમાં જ જોવામાં આવે છે. ઈ.સ. 1982માં રેલવેના અલગ કમ્પાર્ટમેન્ટમાં પુરુષ પ્રવેશ સામે સ્ત્રીઓએ આંદોલન કર્યું હતું. કોલેજમાં થતાં રેગીંગ સામે વિદ્યાર્થિનીઓનું આંદોલન અમદાવાદની એક માત્ર સંસ્થા અવાજનું ખરાબ પોસ્ટર્સ સામેનું આંદોલન. આવાં આંદોલનોએ સ્ત્રી સામે આચરાતા વિવિધ અત્યાચારો સામે પોતાની સમજ પ્રમાણે શક્ય હોય તે સાધનો તથા માધ્યમોથી આંદોલન શરૂ કર્યાં, ચર્ચા જગાવી, પોતાના અવાજને બુલંદ કરી પોતાને થતા ત્રાસ સામે અવાજ ઉઠાવ્યો.

**6) પર્યાવરણ મદદકર્તા આંદોલન :** વિશ્વમાં શ્રમવિભાજન લૈંગિક રીતે જ થયેલું જોવા મળે છે. પુરુષ એટલે ગૃહ બહારના કામ કરે અને સ્ત્રી ઘરના કામ કરે. પુરુષના બધા જ કામમાં અધિકાર, સમય, નિયમ તથા વળતર હોય અને સ્ત્રીના કામમાં કોઈ અધિકાર નહીં માત્ર ફરજ હોય, સમય અંગેના નિયમ ન હોય, અને કામનું વળતર ન હોય. સ્ત્રીએ ઘરનાં બધાં જ કામ કરવાનાં પણ કોઈપણ પ્રકારનુ વળતર નહીં. આ પ્રશ્ને સ્ત્રી હવે જાગૃત બની છે. હિમાલયની તળેટીમાં સ્ત્રીઓને લાકડાં, ઘાસ લાવવા માટે ખૂબ તકલીફ પડતી હતી. તેમાં રાજકારણીઓએ વૃક્ષો કાપવાના કોન્ટ્રેક્ટ આપ્યો અને એની સામે સ્ત્રીઓએ વૃક્ષને ચીપકી જઈને વૃક્ષ ન કાપવાં દીધાં અને એ આંદોલન 'ચીપકો આંદોલન' તરીકે પ્રખ્યાત થયું.

આવા આંદોલનો સ્ત્રીઓની જાગૃતિના તબક્કા, તેમની બદલાતી જતી રણનીતિ, કાર્યસૂચિ, કાર્યપદ્ધતિ, બદલાતા માધ્યમો, તેમનાં બદલાતા સંગઠનો દર્શાવે છે.

નારી આંદોલનોએ બુદ્ધિજીવીઓને પણ વિચાર કરવા પ્રેર્યા. નારી અભ્યાસ એ નારી આંદોલનની વિશિષ્ટતા છે. સ્ત્રીઓ અંગે વિવિધ દૃષ્ટિકોણથી વિવિધ સમયમાં અભ્યાસ થતા હતા. પહેલા માત્ર ઉપલી જ્ઞાતિની સ્ત્રીઓ અંગે અભ્યાસો થતા, એમના પ્રશ્નો ઉપર ખાસ ધ્યાન અપાતું. ઉદારમતવાદી મૂલ્યોને આધીન સ્ત્રીની પરિસ્થિતિ અંગે વિચાર કરવામાં આવતો. સ્ત્રીઓના કામ અને બેવડા ભાર અંગે ચર્ચાઓ શરૂ થઈ. ઈ.સ. 1974માં "Towards Equality"નો અહેવાલ પ્રસિદ્ધ થયા પછી સમગ્ર અભ્યાસની તરાહ બદલાઈ. આ અહેવાલ બાદ સ્ત્રીઓની વિવિધ ક્ષેત્રમાંની અસમાન પરિસ્થિતિઓનું વિશ્લેષણ શરૂ થયું અને ત્યાર બાદ અભ્યાસોના ઉદ્દેશ અને તરાહ બદલાઈ. ભારતીય સામાજિક સંશોધન સંસ્થાએ (Indian Council of Social Science Research) નારી અભ્યાસને સ્વીકૃતિ આપી. સ્ત્રીઓના અભ્યાસોને મદદ આપી. સંશોધન માટે નાણાકીય સંસાધનો ઉપલબ્ધ કરાવી આપવાની શરૂઆત થઈ. ઈ.સ. 1974 બાદ નારી અભ્યાસકેન્દ્રો સ્થપાયાં. ઈ.સ. 1981માં Indian Association of Woman Studiesની સ્થાપના થઈ. આ સંસ્થાએ આંદોલન અને અભ્યાસને સાંકળ્યા. ઈ.સ. 1986થી University Grants Commission આ સ્ત્રી અભ્યાસને સ્વીકૃતિ આપી. કેટલીક યુનિવર્સિટીઓમાં સ્ત્રી અભ્યાસકેન્દ્રોની સ્થાપના કરી.

ઈ.સ. 1970ના દસકા પછી નારી આંદોલન અને નારી અભ્યાસની તરાહ બદલાઈ. ઈ.સ. 1975 થી 1985 સુધી જે અભ્યાસો અને આંદોલન થયાં તેનાથી સ્ત્રીઓ અંગેના મુદ્દા રાજકારણમાં કેન્દ્રસ્થાને આવ્યા. સ્ત્રીઓના પ્રશ્નો માત્ર કાયદાથી ઉકલશે નહિ પરંતુ એના પ્રશ્નોને ઉકેલવા સમાજની ભાગીદારી જોઈશે. સ્ત્રી અભ્યાસ માટે વિવિધલક્ષી દૃષ્ટિકોણની આવશ્યકતા છે. માધ્યમોએ પણ સ્ત્રી-જાગૃતિ માટે વિધેયાત્મક ભૂમિકા ભજવી. સરકારની તાલીમ સંસ્થાઓ, રાજકીય પક્ષોએ મહિલા પાંખ ધારદાર બનાવી. ઈ.સ. 1975ના આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ પછીના મહિલા દાયકામાં નારી આંદોલન અને નારી અભ્યાસોમાં આમૂલ પરિવર્તન આવ્યું. માત્ર ઉદારમતવાદ નહીં પરંતુ પિતૃસત્તાક વ્યવસ્થાનાં માળખાં અને મૂલ્યો અંગે ચર્ચા શરૂ થઈ. ઈ.સ. 1985 સુધી અનેક નિષ્ણાતો અને અનેક વિદ્યાશાખાના વ્યાવસાયિકો નારી અભ્યાસ સાથે સંકળાયા. આંદોલનનો વ્યાપ વધ્યો. સરકારો તથા વિશ્વ સંસ્થાઓને સ્ત્રીઓ અંગે વિચારવાની ફરજ પડી. Women Empowerment અને Gender જેવી વિભાવનાઓ વપરાવા લાગી. ઈ.સ. 1985માં સંયુક્ત રાષ્ટ્રસંઘના વિશ્વ મહિલા દાયકાની સમાપ્તિ થઈ. નૈરોબી ખાતે ત્રીજી વિશ્વ મહિલા પરિષદમાં સ્ત્રીઓના પ્રશ્ને stock taking અને accounting થયું. વિશ્વના નારી આંદોલનકારીઓએ એકત્ર થઈ વિશ્વની સરકારો સુધી મત

પહોંચાડ્યો. ઈ.સ. 2000ની સાલ સુધી સ્ત્રીઓના વિકાસ અંગે વ્યૂહરચના થઈ. નારી સંગઠનોએ એકત્ર થઈ ઈ.સ. 1993માં વિયેનામાં ભરાયેલ માનવ અધિકાર પરિષદમાં સ્ત્રીઓને માનવ અધિકાર મળવા જ જોઈએ અને સ્ત્રી અધિકારનો ભંગ માનવ અધિકારનો ભંગ છે તે સ્વીકારવા દબાણ લાવ્યા. ઈ.સ. 1994માં કેરો ખાતેની વસ્તી અને વિકાસની આંતરરાષ્ટ્રીય પરિષદમાં સ્ત્રીઓના પ્રજનન અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકાર કરાવી શક્યું. ઈ.સ. 1995માં ચીનમાં બેજિંગ ખાતે યોજાયેલ સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદ ભરાઈ ત્યારે વિશ્વભરના બિનસરકારી સંસ્થાના 3000 સભ્યોએ ભાગ લીધો. સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિષદમાં પશ્ચિમના દેશોનું વર્ચસ્વ હતું. એમણે મુખ્યત્વે IMF અને World Bankની નીતિઓના અનુસંધાનમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા શું કરી શકાય તેની ચર્ચા કરી. જ્યારે નારી કાર્યકર્તાઓએ ગરીબી, શિક્ષણની અસમાન તકો, સ્વાસ્થ્ય સેવાની અસમાન તકો, સ્ત્રી પરત્વે હિંસા, પિતૃસત્તાક વ્યવસ્થા, બાળકીના અધિકાર, સત્તાની વહેંચણી અંગે ચર્ચા કરી આ ચર્ચાની અસરો વૈશ્વિક સંસ્થાઓ ઉપર પણ થઈ. ભારતમાં સૌપ્રથમ છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ઈ.સ. 1980–85માં ''સ્ત્રી અને વિકાસ'' વિષય ઉપર એક પ્રકરણ લખાયું. સ્વતંત્રતાથી આજ સુધી સ્ત્રીકલ્યાણ કરવું જોઈએ અને તેને નબળા જૂથ તરીકે જ જોવામાં આવી છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં પણ સ્ત્રીને વ્યક્તિ તરીકે જોવામાં આવી નથી. હજી કુટુંબને જ એકમ જોવામાં આવે છે. સાતમી પંચવર્ષીય યોજના(1985–90)માં સ્ત્રી સમાનતા અને સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ ઊભા કરવાની વાત થઈ. ઈ.સ. 1985માં માનવ સંસાધન વિકાસ મંત્રાલયમાં મહિલા અને બાળવિકાસ ખાતું ખોલવામાં આવ્યું. ઈ.સ. 1988માં National Perspective Plan તૈયાર કરવામાં આવ્યો. ઈ.સ. 1988માં સરકારે જાગૃતિકરણની શિબિરો તથા કાનૂની સલાહકેન્દ્રો માટે ફંડ આપવાની શરૂઆત કરી. શિક્ષણ ખાતા હેઠળ મહિલા સામાખ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સરકારે બિનસરકારી સંગઠનોના પ્રતિનિધિઓને પોતાનામાં સામેલ કરવા માંડ્યા. સ્વૈચ્છિક સંગઠનોએ સ્ત્રીઓ માટે કાર્ય કરવા માંડ્યું. ટ્રેડ યુનિયનો તથા રાજકીય પક્ષોએ પોતાનાં સંગઠનોમાં મહિલાઓ માટે ખાસ પાંખો ખોલી. નારીવાદી કાર્યકરોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. અમદાવાદમાં સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન સરકારી તાલીમ શાળાએ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકારી અધિકારીઓને તાલીમ આપવા મહિલા સેલની સ્થાપના કરી. નારી આંદોલનના રાષ્ટ્રીય આંદોલનના રાષ્ટ્રીય સંમેલનો પણ યોજાયાં. ઈ.સ. 1981માં Indian Association for Women Studiesની સ્થાપના થઈ ત્યાર પહેલા પણ ઈ.સ. 1974માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીએ, ટાટા ઇન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ સ્ટડીઝ, સેન્ટર ફોર ડેવલપમેન્ટ સ્ટડીઝ, ઇન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ સ્ટડીઝ જેવી સંસ્થાઓએ સ્ત્રીઓ અંગેના અભ્યાસ હાથ ધર્યા. યુ.જી.સી.એ પ્રથમ વાર અને પછી દશ યનિવર્સિટીઓમાં અને પછી બીજા 10 એમ 32 સ્ત્રી અભ્યાસકેન્દ્રોની સ્થાપના કરી.

**ગુજરાતમાં નારી–આંદોલન :**

ભારતનું સ્વાતંત્ર્યપ્રાપ્તિનું આંદોલન ગુજરાતમાંથી જ ઉદ્ભવ્યું હતું. આંદોલનો વિવિધ પ્રકારનાં હોય છે. આંદોલનો સમગ્ર સમાજવ્યવસ્થા કે મૂલ્યો બદલવા માટેનાં હોય છે. આ સંગઠિત અને સામૂહિક પ્રયાસ હોય છે. સામાજિક આંદોલન હેતુ, વિચારસરણી, કાર્યક્રમો, નેતૃત્વ અને સંગઠન ધરાવે છે. જ્યારે સ્ત્રીઓના પ્રશ્નો કેન્દ્રસ્થ બને ત્યારે તે નારી આંદોલન તરીકે ઓળખી શકાય છે. નારી આંદોલન એટલે સ્ત્રી- સમાનતા અને સ્ત્રી-વિમુક્તિના ઉદ્દેશ્યો હાંસલ કરવાનો સંગઠિત પ્રયાસ. ગુજરાતમાં ઉદારમતવાદીઓના સમર્થકો નર્મદાશંકર, કરસનદાસ મૂળજી અને મહીપતરામ નીલકંઠે સ્ત્રીઓની સમસ્યાઓ સમજી, તેના ઉકેલો દર્શાવવાનું કાર્ય કરતા હતા. તેઓએ કન્યા કેળવણીની ઝુંબેશ ઉપાડી હતી. નારી આંદોલન સાથે ત્યારે સામાજિક સુધારણા પણ હાથ ધરાઈ હતી. પુનરુત્થાનવાદી વિચારકોએ ભારતના ભવ્ય ભૂતકાળને ઉજાગર કર્યો. સાથે સાથે રાષ્ટ્રીય ભાવનાને જગાડવા પ્રયત્ન કર્યો. આ વિચારધારામાં સ્ત્રીઓના પ્રશ્ન મોખરે હતા જેવા કે સતીપ્રથા, વૈધવ્ય, બાળલગ્ન, પડદાપ્રથા, નિરક્ષરતા વગેરે પુનરુત્થાનવાદીઓએ સ્ત્રીઓના મુદ્દાઓને મહત્તા આપી. નર્મદ અને કરસનદાસ મૂળજીએ વિધવા પુનર્લગ્ન, બાળલગ્ન, કજોડા તથા સ્ત્રીના જાતીય શોષણ અંગે મુદ્દાઓ ઊભા કર્યા. આ આંદોલનમાં સ્ત્રીઓની વિષમ પરિસ્થિતિ પરત્વે સમાજને જાગૃત કર્યો પણ ખાસ ઉકેલ મળી શક્યો નહિ. કરસનદાસ મૂળજી તથા નર્મદે વૈષ્ણવ મહારાજોનાં કરતૂતો ઉઘાડાં પાડ્યાં. ગુજરાતમાં સામાજિક સુધારાની સાથે સાહિત્યસર્જન પણ થયું. નર્મદનું સાહિત્ય, દલપતરામની કવિતાઓ, મહિપતરામની સાસુવહુની લડાઈ, ગોવર્ધનરામનો સરસ્વતીચંદ્ર સુધારા અંગેના વિચારો પ્રગટ કરે છે. 1887માં ગુજરાતમાં સંસાર સુધારા પરિષદની સ્થાપના કરવામાં આવી. આની સાથે બાળલગ્ન નિષેધક મંડળી, વિધવા પુનર્લગ્ન મંડળી,

પરહેજગાર મંડળી તથા મહિપતરામ અનાથાશ્રમ જેવી સંસ્થાઓ પ્રાપ્ત થઈ અને ''સુન્દરી સુબોધ'' અને 'સ્ત્રીમિત્ર' સ્ત્રી માસિકની શરૂઆત થઈ. આ ગાળામાં જ વિદ્યાબહેન અને શારદાબહેન મહેતા બે ગુજરાતની પ્રથમ સ્નાતિકાઓ બની. મહર્ષિ કર્વેએ વિધવાશ્રમ અને મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સ્ત્રીવિષયક પ્રવૃત્તિઓ શરૂ કરી. 1925માં નેશનલ કાઉન્સિલ ફોર વીમેન ઇન ઇન્ડિયાની સ્થાપના થઈ. 1927માં અખિલ હિંદ મહિલા પરિષદની સ્થાપના થઈ.

અત્યાર સુધીની મોટા ભાગની ચળવળો સ્ત્રીને કેળવણી આપી શિક્ષિત બનાવવા માટે જ હતી. સાથે સાથે સ્ત્રીને વ્યક્તિ તરીકે નાનીમોટી છૂટ પ્રાપ્ત થાય તે માટે જ હતી. મહદ્ અંશે બધી જ ચળવળોમાં ઉપલા કે ઉપલા મધ્યમ વર્ગની સ્ત્રીઓ ભાગ લેતી હતી.

મહાત્મા ગાંધીના આગમનથી ભારતીય સ્વતંત્રતાની સાથે સ્ત્રીઓની સ્વતંત્રતાની ચળવળને નવા જ કાર્યક્રમો તથા અભિગમનો સ્પર્શ થયો. ભારતીય સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓની ભાગીદારી વધી. ગાંધીજીએ સ્ત્રીને બધા જ કાર્યક્રમોમાં સમાન ભાગીદાર બનાવી મહત્ત્વની ભૂમિકા તથા જવાબદારી સોંપી. સ્ત્રીઓ પિકેટિંગ કરતી, ભાષણો કરતી, સત્યાગ્રહમાં જોડાતી અને સંપૂર્ણ સમર્પિત ભાવે લડતમાં જોડાતી હતી. સમગ્ર ચળવળે રૂખ બદલ્યું. સ્ત્રીઓના પ્રશ્નો અચાનક રાષ્ટ્રીય પ્રશ્નો બન્યા. સામાજિક કુરિવાજ, અન્યાય અને શોષણ સામે મહાત્મા ગાંધીએ લડત આદરી. મહાત્મા ગાંધીની વિચારસરણી, પ્રવૃત્તિઓ તથા વલણને કારણે આબાલવૃદ્ધ સૌ સ્વતંત્રતાની લડતમાં યથાશક્તિ ભાગ લેતા. 1932માં બાળલગ્ન પ્રતિબંધક સારડા એક્ટ અમલમાં આવવાનો હતો ત્તે સમયે સૌ બાળકોને પરણાવી દેવામાં પડ્યા હતા. અજ્ઞાન, અશિક્ષિત પ્રજા બાળલગ્નના દૂષણથી અજાણ હતી. ગાંધીએ પરદેશી શાસકોની સાથે જ સામાજિક દૂષણો સામે પણ લડત આદરી હતી. બાપુના વિચારો, પદ્ધતિ અને કાર્યો સ્ત્રીઓ માટે પ્રેરણાતીર્થ બન્યાં. 1934માં 24મી એપ્રિલે મૃદુલાબેન સારાભાઈએ જ્યોતિસંઘની સ્થાપના કરી. જ્યોતિસંઘના ઉદ્દેશ્ય સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ પ્રગટાવી, તેમને નીડર નાગરિક બનાવી, શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે મદદ કરી સ્વાવલંબી બનાવવી; બંધુત્વ, રાષ્ટ્રીયતા કેળવી, કોમી ભાવના મીટાવી, કુરિવાજ, કુરૂઢિઓમાંથી મુક્ત કરવી, સ્ત્રીને સામાજિક કાર્યકર બનાવવી વગેરે હતા.

શારદાબહેન મહેતાના પ્રમુખપદે પ્રથમ સમિતિ નિમાઈ. નંદુબહેન, ગુલાબબહેન, લાલા, અનસુયાબહેન સારાભાઈ, નીનાબહેન ઝવેરી, ચંપાબહેન અને પ્રેરણાસ્રોત મૃદુલાબહેન સારાભાઈ સૌ સાથે કામ કરતાં. જ્યોતિસંઘે સૌપ્રથમ કાર્યકર બહેનો માટે પ્રવૃત્તિ શરૂ કરી. જ્યોતિસંઘમાં સામાજિક ન્યાય, વિષમતા સામે અવાજ, તાલીમ, વ્યાપાર બૌદ્ધિક તાલીમ, વ્યાયામ, ગૃહઉદ્યોગ, પુસ્તકાલય અને વાહન ચલાવવાના વર્ગો, મંદબુદ્ધિની બહેનો વગેરે માટે કાર્ય શરૂ કરવામાં આવ્યા.

જ્યોતિસંઘનું ગાંધીજીના હાથે ઉદ્‌ઘાટન થયું. આ સંસ્થામાં અનેક ધુરંધરોએ કાર્ય કર્યું. આ સંસ્થામાં ચારૂમતી યોદ્ધાએ નામ કાઢ્યું. સ્ત્રીઓના ખૂનને આત્મહત્યામાં ખપાવવામાં આવતા હતા ત્યારે તેમણે તેની સામે લડત ઉપાડી સફળતા પ્રાપ્ત કરી.

જ્યોતિસંઘના ત્રણ વર્ષ બાદ 1937માં અમદાવાદમાં વિકાસગૃહની સ્થાપના થઈ. મૃદુલાબહેન સારાભાઈના નેતૃત્વ હેઠળ આ સંસ્થાએ કાર્ય શરૂ કર્યું. વિકાસગૃહ સ્ત્રીવિકાસ માટે સતત મથતી સંસ્થા છે. સ્ત્રીઓ માટે રહેવાની, શિક્ષણની, ગૃહઉદ્યોગ માટેની તાલીમની, મહિલા . તિ માટેની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. મૂળમાં તો સ્ત્રીને જ્યારે નિવાસ તથા રક્ષણની કોઈ વ્યવસ્થા ન હોય ત્યારે એને બાપના ઘર જેવી વ્યવસ્થા આપવા માટે વિકાસગૃહની સ્થાપના કરવામાં આવી હતી. આજે પણ વિકાસગૃહમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે આવાં 10 વિકાસગૃહો આખા રાજ્યમાં સ્થાપવામાં આવ્યાં. આજે પણ ગુજરાતમાં આ વિકાસગૃહો કાર્યરત છે.

ગાંધીજીને કારણે ગુજરાતમાં મહિલા જાગૃતિ, મહિલા ઉત્થાનની પ્રવૃત્તિઓ ઝડપી વધી. 1938માં ''આયોજિત અર્થતંત્રમાં સ્ત્રીઓની ભૂમિકા'' અંગે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ જણાવ્યું કે ભારતીય સ્ત્રી નાગરિક સમાનતા પ્રાપ્ત કરશે, એકપત્નીત્વ પામશે, છૂટાછેડામાં હક્ક મેળવશે, વાલીપણામાં અને મિલકતમાં સમાનતા પ્રાપ્ત કરશે. આ સમિતિનું કાર્યક્ષેત્ર વિશાળ હતું. તેમાં કુટુંબ, લગ્ન, વારસાહક્ક અંગે તથા સ્ત્રીઓની સ્થિતિ અંગે ચર્ચા હતી. સમાન નાગરિક ધારાની ચર્ચા પણ આ સમયે થઈ હતી. મહાત્મા ગાંધીજીની છત્રછાયામાં શારદાબહેન મહેતા ઉચ્ચ શિક્ષણ માટે પ્રયત્નશીલ બન્યાં. સરોજીની નાયડુ, મૃદુલા સારાભાઈ કે અનસુયા સારાભાઈ કોમી રમખાણમાં સ્ત્રીઓને બચાવે, અપહૃતા સ્ત્રીઓના પુનઃ સ્થાપન માટે જીવસટોસટ સાહસ ખેડતા બહેનો, આ બધાને કુટુંબ, કોમ તથા સમાજનો સામનો કરવો પડ્યો છે. આ બધી જ સ્ત્રીઓએ તત્કાલીન સમાજનાં મૂલ્યો સામે માથું ઊંચકવું પડ્યું છે, ધોરણભંગ કરવો પડ્યો છે.

હિન્દુસ્તાન-પાકિસ્તાન ભાગલા સમયે લગભગ 80 હજારથી દોઢ લાખ સ્ત્રીઓ જેની ઉપર અત્યાચાર થયા હતા, તેમને પુનઃ સ્થાપિત કરવાનું કાર્ય મૃદુલા સારાભાઈને સોંપવામાં આવ્યું હતું. તેમને કમળાબેન પટેલનો સાથ પ્રાપ્ત થયો હતો.

આઝાદી પછી લગભગ 1970 સુધી મોટા ભાગની અગ્રણી સ્ત્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વિવિધ પ્રકારના વિકાસમાં જોડાયા. દરેક મંડળ પોતાની સમજ, સંસાધન અને કક્ષા પ્રમાણે વિકાસના કાર્યમાં જોતરાઈ ગયા. શિક્ષણપ્રસાર, કુરિવાજોની નાબૂદી, તાલીમ, કૌશલ્ય પ્રસાર, કુટુંબનિયોજન, મહિલાઓની ઉન્નતિ વગેરે કાર્યોમાં જોડાઈ ગયા. મોટા ભાગે એવું માન્યું કે હવે સ્ત્રી ઉન્નતિનાં કાર્યો સરકાર કરશે, સરકાર વિવિધ કાર્યક્રમો દ્વારા સમાનતા લાવી દેશે. તેથી ખૂબ ઉગ્ર આંદોલનો જોવા મળ્યા નહિ. છતાંય આ સમય દરમ્યાન તેલંગણ, વારલી સત્યાગ્રહ, પારડી સત્યાગ્રહ, નક્સલબારી આંદોલન, તેભાગા આંદોલન, શાહદા આંદોલન, ચીપકો આંદોલન જેવાં આંદોલનો સતત ચાલતાં રહ્યાં.

1970 પછી ભ્રમનિરસન થયા, ધીમે ધીમે પ્રજા પોતે જ કાર્યશીલ થવાનું વિચારવા લાગી. 1950 થી 1970 સુધીમાં પ્રજાને, સમાજકાર્યકરોને ખાતરી હતી કે, સરકાર કાયદા ઘડશે, કાર્યક્રમો ઘડશે, અને અમલમાં મૂકશે તેથી સ્ત્રીપુરુષ સમાનતા આવશે. સ્ત્રીઓનાં દુઃખ દૂર થશે, સ્ત્રી શોષણમુક્ત થશે અને સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવશે. સ્ત્રી આત્મસન્માન અને સ્વાવલંબન ભોગવી શકશે. આ બધી વાતો ન થઈ શકી, માત્ર કાયદા વાસ્તવિક પરિસ્થિતિ બદલી નહીં શકે, એવી વાતો સ્પષ્ટ બની. પોતે જ બુલંદ બનવું બનશે એવી પરિસ્થિતિ સ્પષ્ટ બની. માત્ર કાયદો કદી પરિસ્થિતિ નહીં બદલી શકે એવું સ્પષ્ટપણે લોકોએ અનુભવ્યું. તેથી જ 1970 પછી સમગ્ર ભારતની પરિસ્થિતિ બદલાઈ.

મહારાષ્ટ્રમાં 1972માં જાગૃતિશિબિરની અસર હેઠળ સ્ત્રીઓએ દારૂબંધી માટે આંદોલનની શરૂઆત કરી. આ આંદોલનો સાથે મોંઘવારી વિરોધી આંદોલનો મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં પણ થયાં.

ગુજરાતમાં 1972માં એક સફળ પરિવર્તનનો પાયો નંખાયો. સ્ત્રી સમર્થ બને, જાતે સંગઠિત થાય, શક્તિ કેળવે અને પોતે જ સશક્ત થવા પ્રયાસ કરે તેવો પ્રયાસ ઈલાબેન ભટ્ટે કર્યો. અમદાવાદના મજૂર મહાજનની મહિલા પાંખ તરીકે ઈલાબહેન ભટ્ટે 'સેવા'ની શરૂઆત કરી. આ સ્ત્રીસંસ્થાએ સ્ત્રીઓની દુનિયા બદલી નાખી. સ્ત્રીસંગઠનની એક નવી ઓળખ દર્શાવી, એક નવી શક્તિ દર્શાવી. 1991 ના સેન્સસ પહેલાં ઘેર બેસી કામ કરનાર સ્ત્રીને કામદાર તરીકે ગણના કરવામાં આવતી નહોતી. ઈલાબહેન ભટ્ટના પ્રયાસથી ઘેર બેસીને કામ કરતી સ્ત્રીને 1991ના સેન્સસમાં કામદાર તરીકે દરજ્જો અપાવ્યો. 'સેવા'એ અસંગઠિત સ્ત્રીઓના બધા જ પ્રશ્નોને હાથમાં લીધા. એમના વ્યવસાય, વ્યવસાયનું સ્થળ, આરોગ્ય, શિક્ષણ, તાલીમ, બચત વગેરેને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓ શરૂ કરી. 'સેવા'એ સ્ત્રીના પ્રશ્નમાં એડવોકેટ તરીકે ભૂમિકા ભજવી. સ્ત્રીઓમાં જાગૃતિ ફેલાવી અને તેમનામાં આત્મવિશ્વાસ દૃઢ બનાવ્યો. અસંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરતી સ્ત્રીઓ માટે આ સંસ્થાએ અભૂતપૂર્વ કાર્ય કર્યું. આ સાથે ''અનસુયા'' નામનું મુખપત્ર પણ શરૂ કર્યું.

અમદાવાદમાં 1981માં ડૉ. ઈલા પાઠકની ''અવાજ'' સંસ્થાએ કૌટુંબિક હિંસા સામે બાથ ભીડી. શિક્ષણ અને આરોગ્યના પ્રશ્નો હલ કરવાની શરૂઆત કરી. તેઓ ઘરેલુ બધા જ પ્રશ્નોને ઉકેલવાનો પ્રયાસ કરે છે. તેઓએ ઘરેલુ હિંસા સામે લડવાનું કામ, એડવોકેટનું કાર્ય, સ્ત્રીને માટે આશ્રયસ્થાન, સ્ત્રી માટે તાલીમ યોજવાનું કાર્ય કર્યું. ''અવાજે'' સ્ત્રીઓના બીભત્સ જાહેરાત માટેનાં ચિત્રો, નાટક અને સિનેમાના પોસ્ટર્સ વિરુદ્ધ અનેક સમયે, જ્યારે જરૂર પડી ત્યારે વિવિધ આંદોલનો કર્યાં. અવાજે ગરીબી- નાબૂદી માટે સ્ત્રીઓને મદદ, કૌટુંબિક હિંસા સામે મદદ એ બન્ને કાર્ય જરૂર મુજબ કર્યા. આશ્રયસ્થાનમાં સ્ત્રી રહે, કામની બાબત અંગે તાલીમ લે, વ્યવસાય કરી શકે એવી વ્યવસ્થા કરી છે. અવાજે એના મુખપત્ર તરીકે ''નારીવિશ્વ''ની શરૂઆત કરી.

વડોદરામાં તૃપ્તિ શાહની 'સહિયર' પણ સ્ત્રીઓના પ્રશ્ને કાર્યરત છે. સ્ત્રી સામે થતા અત્યાચાર સામે વિવિધ આંદોલનો યોજે છે અને જનજાગૃતિ માટે સરઘસ, શેરી નાટકો તથા સભાઓ યોજે છે.

આણંદમાં પણ એક ડેન્ટિસ્ટના પત્નીના મૃત્યુને આત્મહત્યામાં ખપાવવાની સામે 22 મહિલા મંડળો એકત્ર થયાં. એમાં આશા દલાલ, આમ્રપાલી મર્ચંટ, રમાબેન પટેલ, રમાબેન દોશી, ધર્મિષ્ઠાબેન પંડ્યા વગેરેએ સંગઠિત થઈ ખૂબ અસરકારક ભૂમિકા ભજવી અને ડૉક્ટરને સજા કરાવી. આ સંઘર્ષને સ્થાયિત્વ આપ્યું મહિલા સંસ્થા ''જાગૃત મહિલા સંગઠન'' નામે. અને આ સંસ્થા આજે પણ મહિલા જાગૃતિકરણનાં અનેક કાર્યોમાં રત છે.

વલસાડમાં ''અસ્તિત્વ'' નામની સંસ્થા પણ બકુલાબેન ઘાસવાલાની આગેવાની હેઠળ કાર્યરત છે. તે પણ આવી પ્રવૃત્તિઓમાં રત છે.

ગુજરાતમાં 1985ની આસપાસ સ્વાતિ, ઉત્થાન, સારથી, દિશા, ચિનગારી, કચ્છ મહિલા વિકાસ, સંગઠન વગેરેએ સ્ત્રીઓના સ્થાનિક પ્રશ્નો, સ્ત્રી આરોગ્યના પ્રશ્નો, પર્યાવરણના પ્રશ્નો, ગોચર, પાણી, બળતણ, ચારાની સમસ્યા અંગે, બચતમંડળીઓ, વેચાણમંડળીઓ અંગે કાર્ય શરૂ કર્યા છે.

આ સિવાય 'આર્ષ' માંગરોળ, વઢવાણમાં ''વિકાસ વિદ્યાલય'', જામનગરમાં 'કસ્તુરબા સ્ત્રી વિકાસ ટ્રસ્ટ', વિદ્યાનગરમાં ધર્મિષ્ઠાબેન પંડ્યા અને પુષ્પાબેન મહેતાનું 'ખેડા જિલ્લા બાલકલ્યાણ સંઘ' વગેરે કાર્યરત છે.

ગુજરાતમાં ચીપકો આંદોલનની જેમ જે કડાદરા ગામનું આંદોલન મહિલાઓની જાગૃતિની શાખ પૂરે છે. આ ગામની બહેનોએ એમના ગામની ગોચરની જમીન ઔદ્યોગિક ગૃહને વેચી દેવાઈ હતી તેની સામે આંદોલન શરૂ કર્યું. એમાં ચુનીભાઈ વૈદ્ય, 'ગુજરાત બિરાદરી'ના અરવિંદ દેસાઈ અને 'ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ', 'લોક અધિકાર સંઘ' વગેરેએ એકત્ર થઈ બહેનોને સાથ આપ્યો, દિશા આપી, હિંમત આપી અને સૌએ એકત્ર થઈ ગામની જમીન પાછી પ્રાપ્ત કરી.

આજના ગુજરાતમાં ચોક્કસ હેતુ માટે ગાંધીજીના જમાનામાં શરૂ થયેલ સંસ્થાઓ ગાંધીવાદી વિચારસરણી ધરાવે છે. સાથે સાથે વિવિધ વિચારસરણીઓ ધરાવતી નવગાંધીવાદી સંસ્થાઓ, સંચાલકીય અભિગમ ધરાવતી અને કેટલીક ક્રાંતિકારી વિચારસરણી ધરાવતી સંસ્થાઓ કાર્યરત છે. પહેલા માત્ર એક વ્યક્તિની આસપાસ સંસ્થાઓ રચાતી હતી, હમણાં કેટલીક સમાન વિચારસરણી ધરાવતી મહિલાઓ એકત્ર થઈ સંસ્થાઓ રચી કાર્ય કરતી જોવા મળે છે. આ સંસ્થાઓનો તાજેતરનો અભિગમ મહિલા સામર્થ્યનો છે. સ્ત્રીને સમર્થ બનાવી તેને જ પોતાના પ્રશ્નો હલ કરવા સમર્થ બનાવવી એ છે. સમાજ અને સરકાર પણ મહિલાઓને અમુક ચોક્કસ પ્રવૃત્તિઓમાં મદદકર્તા બને છે. છતાં પિતૃસત્તાક મલ્યો સામે હજી ગંભીર પડકારો ઊભા થતા જોવા મળતા નથી.

વિવિધ પ્રવૃત્તિઓ સાથે નારી અંગે વિવિધ અભ્યાસો પણ હાથ ધરાયા, જેમાંના કેટલાકની ચર્ચા અહીં કરીએ.

**વિદેશમાં થયેલ સ્ત્રી અભ્યાસો :**

સ્ત્રી અભ્યાસોની શરૂઆત ખૂબ અવ્યવસ્થિત હતી. સમાજ માનવશાસ્ત્ર સ્ત્રી ચળવળ તરફી હતું. આ સિવાય સમાજશાસ્ત્રીઓએ – માનવશાસ્ત્રીઓએ સ્ત્રીઓ અંગેના અભ્યાસો હાથ ધર્યા.

અન્ના એફ. સ્ટેઈન અને જે. એમ. મુંયર્સે દક્ષિણ આફ્રિકાની આદિવાસી મહિલાઓનો અભ્યાસ કર્યો. એમણે આ પુસ્તકમાં સ્ત્રીઓની બદલાતી ભૂમિકા, સ્ત્રીઓનો દરજ્જો, સ્ત્રીઓની શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય અને કાનૂની પરિસ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી તેમણે દર્શાવ્યું કે પુરુષની સરખામણીમાં સ્ત્રીનો દરજ્જો નિમ્ન છે. સ્ત્રી પરાવલંબી છે.

લીલી લોઈબોવીત્ઝેએ સ્ત્રી–પુરુષના શારીરિક તફાવતો માટેની પ્રચલિત માન્યતાઓ, સામાજિક ભૂમિકા, બન્ને વચ્ચેના તફાવતો અને સમાનતાની ચર્ચા કરી છે.

સ્લોકુમે પ્રચલિત માન્યતાઓનો અભ્યાસ કર્યો છે. ગોયુધે સ્ત્રી-પુરુષના પક્ષપાતી વલણોનો અભ્યાસ કર્યો છે. ડ્રેપરે જાતીય સમાનતાનો અભ્યાસ બદલાતી જતી ભૂમિકાના સંદર્ભમાં કર્યો છે. તેમાં સમાજમાં પુરુષનું વર્ચસ્વ, બેઠાડું જીવન, ખાનગી મિલકત વગેરેની ચર્ચા કરી છે.

લેવિટ સ્પેક્સ અને વેધરફોર્ડ ઓસ્ટ્રેલિયાના એબઓરી-જીન્સનો માનવશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસ ઉપરથી ફલિત થાય છે કે સ્ત્રીઓનો દરજ્જો ઊતરતો છે.

એલિઝાબેથે ફેઈથોર્ને ન્યુ ગિયાનાના ટાપુઓ પરના કાફે લોકોનો અભ્યાસ કર્યો, જેમાં સ્ત્રીની અપવિત્રતા અને જાતીય સંબંધો અંગેનો અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસ મુજબ પણ સ્ત્રીનો દરજ્જો ઊતરતી કક્ષાનો છે.

વેબસ્ટરે માતૃસત્તાક સમાજવ્યવસ્થાનો મૂલ્યાંકનલક્ષી અભ્યાસ કર્યો છે.

રૂબિને સ્ત્રીઓ જુલમ અને ત્રાસનો ભોગ કેવી રીતે બને છે તેનો અભ્યાસ કર્યો છે. તેમના અભ્યાસમાં સ્ત્રીનો દરજ્જો નિમ્ન છે તે ફલિત થાય છે.

સક્સે આફ્રિકામાં વસતી સ્ત્રીઓના દરજ્જાનો અભ્યાસ કર્યો છે, જે દર્શાવે છે કે સ્ત્રીઓનો દરજ્જો નીચો છે.

જુડીથ બ્રાઉન અને ઈરોક્યોસીસે આદિવાસી સમુદાયનું પ્રાગ-ઐતિહાસિક સમયનું પૃથક્કરણ દર્શાવ્યું છે. સ્ત્રીના અભ્યાસમાં માત્ર સ્ત્રીનું ઉત્પાદનકાર્ય નહિ પણ તેવાં કૌટુંબિક કાર્યો તથા રાજકીય સત્તાને પણ લક્ષમાં લેવી જોઈએ.

રેઇટરે ફ્રાંસના ગામડાના સ્ત્રી-પુરુષના અધિકારો તથા જીવનધોરણનું વિશ્લેષણ કર્યું છે. હાર્ડિંગે કૃષક સમાજનો અભ્યાસ કરીને સ્ત્રી-પુરુષના ભાષાકીય તફાવતોની સમજૂતી આપી છે. એણે ઔપચારિક અને અનૌપચારિક સત્તાનો પણ અભ્યાસ કર્યો છે.

સુસાન બ્રાઉને ડોમીનીકલ રીપબ્લિકમાં ગરીબાઈની સ્ત્રીજીવન ઉપર અસર અંગે અભ્યાસ કર્યો છે.

સીલ્વરમેને ઇટાલીમાં નાની વયે લગ્ન થવાથી સ્ત્રીને ભોગવવા પડતા તાણ અને સંઘર્ષની ચર્ચા કરી છે.

રૂબાએ કોલંબિયાના ગામડામાં મૂડીવાદને કારણે સ્ત્રી ઉપર થતી અસરોની તપાસ કરી. જાણવા મળ્યું કે આનાથી સ્ત્રીની માતૃશક્તિ પરાવલંબી બની જાય છે.

નાઇજીરિયામાં રેમીએ સ્ત્રી-પુરુષના હક્કો અને તફાવતોનો અભ્યાસ કર્યો છે. એકાંકી જીવન વિતાવતી સ્ત્રીઓ, મધ્યમવર્ગની કાર્યશીલ મહિલાઓ તથા અદ્યતન ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીને આવરી લીધા છે.

ડાયમંડે ચીનની મહિલાઓની બદલાતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી છે. બેરોએ મલેશીયાની મહિલાઓનો અભ્યાસ કર્યો અને જાણવા મળ્યું કે સ્ત્રીનું સ્થાન સમાજમાં પશુ કરતાં બદતર છે.

સમર અને કેલેર ફીજીની સ્ત્રીઓનો અભ્યાસ કર્યો અને જાણવા મળ્યું કે અસંસ્કારી પતિ સ્ત્રી ઉપર જુલમ ગુજારે છે અને છતાં બધા નિર્ણયો પતિ લે છે.

**વિવિધ નારી અભ્યાસો :**

સ્ત્રીઓ અંગે વિવિધ અભ્યાસો થયા છે. ભારત સરકારે સ્ત્રીના દરજ્જા અંગે વિવિધ અહેવાલો પ્રસિદ્ધ કર્યા છે. વિશ્વ વિકાસ દસ્તાવેજ (World Development Record)માં પણ સ્ત્રીઓ અંગે ખાસ દૃષ્ટિકોણથી માહિતી દર્શાવવામાં આવે છે. સ્ત્રીઓ અંગે સૌપ્રથમ સમાજસુધારણા ચળવળ શરૂ થઈ અને સમાજસુધારકોએ સામાજિક સુધારણાના અભિગમથી લખાણો લખ્યાં, ચર્ચા પત્રો લખાયા. આ બધા વૈજ્ઞાનિક ઢબે લખાયેલ લખાણો નહોતા પરંતુ નિબંધો હતા. આ બધા અભ્યાસો ઇતિહાસકારો, સમાજ માનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ તથા તત્ત્વચિંતકોએ અભ્યાસ કર્યા છે. આવા કેટલાક અભ્યાસો નીચે મુજબ છે :

1. Altekar A. S. : "Position of Women in Hindu Civilisation"
2. Buhler G. : "The Laws of Manu" (1886)
3. Chattopadhyaya Kamaladevi, "The Awakening of Indian Women"
4. Chintamani C. Y. : "Indian Social Reform (1901)
5. Chiplunkar G. M. : "The Scienfitic Basis of Women's Education" (1930)
6. Cousins Margaret E. : "The Awakening of Asian Womanhood" (1992).
7. Ellis Havelock – "Man and Woman" (1934)
8. Gandhi M. K. : "Women and Social Injustice".
9. Hate C. A. : "Hindu Woman and Her Future" (1948).
10. Indra M. A. : "The Status of Women in Ancient India."
11. Klein Viola (1) "The Feminine Character. History and Ideology" (1946) (2) "Employing Married Women.
12. Maythew Arthur – "The Education of India" (1926).
13. Mehta Hansa – "The Women under the Hindu Law of Marriage and Succession (1943).

ઉપરનાં બધાં જ પુસ્તકોમાં સ્ત્રીઓના દરજ્જા, શિક્ષણ, તેમના કાર્ય તથા સામાજિક પરિસ્થિતિની વર્ણનાત્મક રીતે ચર્ચા કરવામાં આવી છે.

આવી ચર્ચાઓને કારણે સ્ત્રીની પરિસ્થિતિ ઉપર પ્રકાશ ફેંકાયો અને સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ, કાયદા, શિક્ષણ આ બધી જ બાબતો અંગે ચર્ચા શરૂ થઈ. કેટલાક બીજા પણ દસ્તાવેજો સ્ત્રીના અભ્યાસ માટે મહત્ત્વના છે.

1. The National Social Conference, Annual Reports (1887 to 1917).
2. All India Women's Conference, Annual Reports (1927 to 1962).
3. National Planning Committee Series – "Women's Role in Planned Economy (1927

4. Myrdal Alva Klein Viola – "Women's Two Roles – Home and Work (1957).

5. National Committee on Women's Education. Women's International Democratic Federation 4th Congress.

ઉપરોક્ત બધા જ દસ્તાવેજો ઉપરથી સ્ત્રીઓની સ્થિતિ સ્પષ્ટ બને છે.

1921માં હટને સેમા નાગા જાતિનો અભ્યાસ કર્યો છે. આ આદિજાતિમાં સ્ત્રી પોતાની મરજી મુજબ લગ્ન કરી શકતી નથી. પરંતુ તેનું સામાન્ય જીવન જીવવા યોગ્ય છે. પણ મિલકત, વારસો અને જાતીય સંબંધ જેવી બાબતોમાં તેમનું નકારાત્મક વલણ છે.

આ ઉપરાંત ઘણા અભ્યાસો થયેલા છે. વિવિધ સમયગાળામાં નીચે પ્રમાણેના અભ્યાસો જોવા મળે છે :

1. સ્વાતંત્ર્યોતર 1930–40ના દાયકામાં સ્વાતંત્ર્ય ચળવળમાં સ્ત્રીઓના ફાળા અંગે, તેમના આર્થિક, સામાજિક અને રાજકીય ફાળા અંગે પુસ્તકો લખાયાં.
2. ઈ.સ. 1940–60ના દ્વિદશકમાં સ્ત્રીઓની ભૂમિકા અંગે, સ્ત્રીઓની શૈક્ષણિક પરિસ્થિતિ અંગે તેમની વસ્તીવિષયક લાક્ષણિકતાઓ વગેરેની ચર્ચા થઈ છે.
3. ઈ.સ. 1960 થી ઈ.સ. 1975ના ગાળામાં સ્ત્રીઓના કર્તવ્ય અંગે, સ્ત્રીઓની તકલીફો અંગે, તેમની ભૂમિકા અંગે ચર્ચા શરૂ થઈ.
4. ઈ.સ. 1975 પછીના અભ્યાસોમાં સ્ત્રીઓના બધા જ પ્રશ્નો વિશે, આંતરવિદ્યાકીય શાખાની દૃષ્ટિએ ચર્ચા થવા લાગી.
5. ઈ.સ. 1990 પછી સ્ત્રીઓ અને તેમના વિવિધ કાર્ય તથા તેમની આર્થિક સહભાગીતા, ઉપરાંત લૈંગીક અસમાનતા, પ્રચાર માધ્યમોમાં સ્ત્રીની ભૂમિકા, માત્ર સેક્સની દૃષ્ટિએ ઉપયોગમાં લેવાય છે.

સૌપ્રથમ Macro Studies થતા હતા જે ખૂબ સામાન્ય માત્ર વિષયની મર્યાદામાં તથા સર્વે અને સામાન્ય સંશોધનપદ્ધતિ વાપરીને થતા હતા.

સ્વાતંત્ર્યોતર ભારતમાં ઈ.સ. 1947 થી 1970 સુધી સ્ત્રીઓ અંગે વિવિધ અભ્યાસો થયા છે. આ અભ્યાસોમાં મહદ્ અંશે સ્ત્રીના સ્થાન અંગે અભ્યાસો થયા છે. આમાં અક્ષર બેગ, દૂબે, નાયર, થોમસ, અગ્રવાલ, અગ્નિહોત્રી, માથુર, રાનડે, રામદેવ, રાવ, ગાંગુલી, નીરા દેસાઈ અને પદ્મીની સેનગુપ્તા વગેરેના અભ્યાસો મહત્ત્વના છે.

આ અભ્યાસોમાં મહદ્ અંશે સ્ત્રીઓના દરજ્જા અંગે ચર્ચા થઈ હતી. આ ગાળા દરમ્યાન મુખ્યત્વે શિક્ષિત સ્ત્રીઓ અંગે અભ્યાસો થયા. મોટે ભાગે નોકરી કરતી સ્ત્રીની બેવડી ભૂમિકા, સ્ત્રીને થતા પ્રશ્નો, ભૂમિકા સંઘર્ષ ઉપર અભ્યાસો થયા છે. વિવિધ કાયદાઓની સમાજ ઉપર અસરોની પણ ચર્ચા કરવામાં આવી છે.

ઈ.સ. 1970 પછી, Micro Studies એટલે કે ચોક્કસ બાબતો અંગે અભ્યાસો શરૂ થયા. વિશ્લેષણાત્મક, ખૂબ ગહન, ખાસ એકમ તપાસ પદ્ધતિ તથા સહભાગી નિરીક્ષણ દ્વારા તથા આંતર વિદ્યાકીય Interdisciplinary તથા Multi disciplinary અભિગમથી અભ્યાસો શરૂ થયા. આ પછી ક્રિયા સંશોધનો – Action Reaserch પણ હાથ ધરવામાં આવ્યાં. આમાંના કેટલાક અભ્યાસો વિવિધ અભ્યાસુઓએ કર્યા. સમાજજીવન અને સ્ત્રીઓના દરજ્જા અંગે નીરા દેસાઈ, દેવકી જૈન, મનમોહન કૌર, મૈત્રેયી કિશ્નરાજ, રામ આહુજા, કલ્પના શાહ, બીના અગ્રવાલ, અશોકકુમાર, હરીશ, અમીન ગુપ્તા, રેહાના ઘડિયાળી વગેરેએ લખ્યા.

સ્ત્રીઓના પ્રશ્નો અંગે દાંડેકર, લીલા ગુલાટી, કલા રાની, આમ્રપાલી મર્ચન્ટ, વગેરેએ લખ્યા. આ સિવાય તારા પટેલ, કમલેશ માને, ઉષા કાનહેરે, સુદર્શન પાણિગ્રહી, વીણા મજુમદાર. ઈલા પાઠક, શમસુદ્દીન શમ્શ વગેરેએ લખ્યા.

**નારીવાદી વિકાસના અભિગમ :**

સમાજના કોઈપણ વિભાગ કે જૂથના વિકાસની વાત એટલે સમાજના વિવિધ વિભાગો વચ્ચેના આંતર સંબંધો અને આંતરક્રિયાઓની વાત સમાજમાં અને અનેકવિધ જૂથો હોવા છતાં બધાં જ જૂથોની બાદબાકી કરીએ તોય સ્ત્રી અને પુરુષ એમ બે જૂથ સાર્વત્રિક અને કુદરતી છે. સ્ત્રીની વાત એટલે સ્ત્રી-પુરુષ અસમાન આંતરસંબંધોની વાત. બધાં જ જૂથોના દરજ્જા, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજકીય પૃષ્ઠભૂમિકા પર આધારિત હોય છે. વ્યક્તિના પોતાના, પોતાના વિશે, લોકો વિશે તથા સમાજ વિશેનાં પ્રત્યક્ષીકરણોની

અસર પણ વ્યક્તિના વિકાસ ઉપર જોવા મળે છે. દરેક સમાજમાં ભૂમિકાને અનુરૂપ દરજ્જાઓ એનાયત થતા હોય છે. ભૂમિકા ભજવનારને સામાજિક માળખામાં દરજ્જા એનાયત થાય છે. ભૂમિકા ભજવનારાઓને સમાજ, સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા તૈયાર કરે છે. આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિનું પોતાનું આગવું પ્રત્યક્ષીકરણ, ખ્યાલો, જ્ઞાનાત્મક માળખું તૈયાર થાય છે. આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિનાં વલણો, પૂર્વગ્રહ, મૂળભૂત બાબતો દૃઢ બને છે. ભૂમિકા અંગેની અપેક્ષા, દરજ્જા સાથે સંકળાયેલું મૂલ્ય વ્યક્તિના જ્ઞાનાત્મક માળખામાં સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા દૃઢ થાય છે. વ્યક્તિની ભૂમિકા એ સામૂહિક અપેક્ષા છે. સમૂહની આકાંક્ષા છે. ભૂમિકાઓ પરસ્પરાવલંબી હોય છે. ભૂમિકા ભજવનાર સમૂહની અપેક્ષાને ખ્યાલમાં રાખી ભૂમિકા ભજવવાનો પ્રયત્ન કરે છે. સમાજમાં સ્ત્રી અને પુરુષ પણ આ જ રીતે વિવિધ ભૂમિકાઓ ભજવી, વિવિધ દરજ્જા ભોગવે છે. સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં તથા ભૂતકાળના અનુભવ મુજબ ભૂમિકાઓ ભજવવા અંગે અપેક્ષાઓ રાખવામાં આવે છે. વ્યક્તિનું વર્તન ધોરણાત્મક માળખા ઉપર આધારિત હોય છે. વ્યક્તિ સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા ભૂમિકા અને સ્વયંને જોડે છે. આ સંબંધ વ્યક્તિને ઓળખ આપે છે. આ સંબંધ સ્થિર લક્ષણો સર્જે છે.

સ્વ વિશે ચોક્કસ પ્રકારના ખ્યાલ વિકસે છે. પોતાના વિશેની કલ્પનાઓ, ધારણાઓ તૈયાર થાય છે. જો વ્યક્તિમાં પોતાના વિશેના ખ્યાલોમાં એકસૂત્રતા હોય તો સુગ્રથન અને સાતત્ય પ્રવર્તે છે. જો વ્યક્તિના પોતાના અંગેના ખ્યાલોમાં ગૂંચવાડો હોય, સ્પષ્ટતા ન હોય તો, સંઘર્ષ હોય તો, તણાવ સર્જે છે. સ્ત્રીઓના સંદર્ભમાં ચર્ચા કરીએ તો, સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા વિવિધ બાબતો ઉપર આધારિત હોય છે. સમાજશાસ્ત્રી વેબરના મતે સમાજ દ્વારા વ્યક્તિને કૌટુંબિક પૃષ્ઠભૂમિકા, વ્યવસાય, મિલકત, જાતિ તથા શિક્ષણ મુજબ દરજ્જો અપાય છે. ભારતીય સંદર્ભમાં આમાં જ્ઞાતિ પણ ઉમેરાય છે. વિશ્વના સંદર્ભમાં ધર્મ પણ મહત્ત્વનું પરિબળ છે. આ બધા જ તફાવતોને લક્ષમાં ન લઈએ તોય બધાં જ જૂથોમાં સ્ત્રી ગૌણ સ્થાન ધરાવે છે. વિવિધ સમુદાયોમાં, જ્ઞાતિઓમાં, પૈસાદાર, મધ્યમ કે નિમ્ન વર્ગમાં, નગર કે ગ્રામીણ સમુદાયમાં વસતા, તમામ વ્યવસાય કરનારાઓમાં એટલે કે બધામાં જ સાર્વત્રિક રીતે સ્ત્રીનું સ્થાન ગૌણ છે, પુરુષથી દ્વિતીય છે. પિતૃમૂલક સંસ્થામાં સ્ત્રીને સતત દ્વિતીય સ્થાન આપવામાં આવ્યું છે.

સ્ત્રીના આ દ્વિતીય સ્થાનને વધુ સુગમતા બક્ષવા, તેને મદદ કરવા વિવિધ સમયે સામાજિક સુધારણા માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. સ્ત્રીને મદદ કરવાના અનેકવિધ કાર્યક્રમોને તપાસીએ તો તેમાંથી વિવિધ અભિગમ જોવા મળે છે.

### 1) કલ્યાણ અભિગમ :

સદીઓથી સ્ત્રીને દ્વિતીય દરજ્જો અપાયો છે. સ્ત્રીના અસ્તિત્વને પણ પુરુષના અસ્તિત્વ સાથે જોડવામાં આવ્યું હતું. તેથી જ પતિ પરમેશ્વર એ કહેવત અસ્તિત્વમાં આવી હતી. રાજા રામમોહનરાયના પ્રયત્નોથી કલ્યાણ અભિગમથી સ્ત્રીને મદદ કરવાની શરૂઆત થઈ. કલ્યાણ અભિગમમાં એક આપનાર અને બીજું લેનાર હોય છે : એક દાતા અને એક સ્વીકારનાર. કલ્યાણ અભિગમમાં બધી જ બાબતો આપનારના મત પ્રમાણે નક્કી થાય છે. ખ્યાલ, વિચાર, આયોજન અને કાર્ય આપનાર દ્વારા નક્કી કરવામાં આવે છે. આપનાર સમર્થ અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ અભિગમમાં લેનાર નિષ્ક્રિય હોય છે. તે માત્ર લે છે. એની ઇચ્છા કે અનિચ્છાનો અહીં સ્વીકાર થતો નથી. એને નબળો અને લાચાર માનવામાં આવે છે. સ્ત્રીઓના વિકાસ માટે સૌપ્રથમ કલ્યાણ અભિગમ અપનાવવામાં આવ્યો. આ અભિગમમાં એવો મૂળભૂત ખ્યાલ છે કે મહિલાઓ માટે સમાજમાં સૌથી મહત્ત્વની ભૂમિકા માતૃપદની છે. આ ભૂમિકા માટે સ્ત્રીને જેટલી મદદ થઈ શકે એટલી કરવી જોઈએ. આ અનુસંધાને જ સ્ત્રીકલ્યાણના કાર્યક્રમો આપવામાં આવે છે. જેવા કે દુષ્કાળ રાહતના કાર્યક્રમો, કુટુંબનિયોજન, માતૃસંભાળ અને પોષણયુક્ત આહાર વગેરે. આ અભિગમમાં સામાજિક સુધારણાનો અભિગમ પ્રત્યક્ષ છે.

### 2) સમાનતાનો અભિગમ :

બીજા તબક્કામાં સ્વતંત્રતા અને સમાનતાની વાત થઈ. ફ્રાંસની રાજ્યક્રાંતિના સંદર્ભમાં વિશ્વમાં સમનત્વ પ્રસરાવવાના બધા જ પ્રયત્નો થયા. આ પ્રયત્નોમાં ધર્મ, જ્ઞાતિ, વર્ગ, પ્રદેશ સાથે જાતિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સ્ત્રીને આ સમનત્વ વાસ્તવિક રીતે હજુ પ્રાપ્ત થયું નથી. આપણે કાયદા ઘડ્યા પણ કાયદાને મદદકર્તા લોકશાહી સંસ્થાઓ હજી આજે પણ પ્રસ્થાપિત થઈ શકી નથી. કાયદાથી રાજ્યે સમાનતાની વ્યવસ્થા કરી પણ પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થામાં સ્ત્રીને પ્રાપ્ત થયેલું ગૌણત્વ, સમન્યાય અને સમાનતાના હક અપાયા છતાં હજી તેને વાસ્તવિકતામાં પલટાવી શકાયા નથી. આ અભિગમના સંદર્ભમાં

માળખાને સુધારવાનું આયોજન થાય છે. આ અભિગમના અનુસંધાને સ્ત્રીની વિભિન્ન ભૂમિકાઓને સમજવા અને તેને ન્યાય અપાવવા વ્યૂહરચના ઘડાય છે. સ્ત્રીની ત્રેવડી ભૂમિકાના સંદર્ભમાં જાગૃતિ આવી છે અને બહુપાસીય વ્યૂહરચના ઘડાય છે. રાજયસંસ્થાએ સ્ત્રીને પડકારી શકાય તેવા હક્કો, સમાનતા અને સ્વતંત્રતા આપી પીઠબળ પૂરું પાડ્યું. રાજયે હસ્તક્ષેપ કરી અભિગમથી પણ પ્રયત્નો શરૂ કર્યા. માળખાગત સુધારા કર્યા, સ્ત્રીની સહભાગીતા ઉપર ભાર મૂકી વ્યૂહરચનાઓ ઘડી કાર્યક્રમો અમલમાં મૂક્યા. અસમાનતા ઓછી કરવા બધા જ પ્રકારના પ્રયત્નો હાથ ધર્યા. આ અભિગમ મુજબ સ્ત્રી પુરુષ સમાનતા માટે સમાજ પ્રયત્નશીલ બન્યો. માત્ર અસમાન વાસ્તવિકતાઓને સમાન જાહેર કરી દેવાથી સમાનતા પ્રાપ્ત થતી નથી. અલબત્ત રાજકીય પીઠબળ અને અનેકવિધ આયોજનો તથા કાર્યક્રમોથી સ્ત્રીના સ્થાનમાં ફરક જોવા મળે છે. સ્ત્રીને અધિકાર સાથે સાથે, સ્ત્રી કુશળતા પ્રાપ્ત કરી શકે એવી વ્યૂહરચના ઘડી, સ્ત્રીની ઉત્પાદકીય ભૂમિકાને લક્ષમાં રાખી, તેની ઉપયોગીતાને લક્ષમાં રાખી, આ અભિગમ, અમલી બન્યો હોય તેમ જણાય છે. આ અભિગમમાં સ્ત્રીને વિકાસમાં ભાગીદારી સમજી, અને તે વધે તેને લક્ષમાં રાખી આયોજન કરવામાં આવ્યું છે. માત્ર વિકાસ જ સૌથી પ્રભાવશાળી સાધન છે તે સ્વીકારી સ્ત્રીને વિકાસની પ્રક્રિયાની ભાગીદાર બનાવવાનો અભિગમ સ્પષ્ટ થાય છે. કુશળતાના અભિગમ દ્વારા સ્ત્રીને કુશળ બનાવવાનો પ્રયત્ન પણ હાથ ધરવામાં આવ્યો છે. આ અભિગમમાં સ્ત્રીની ત્રેવડી ભૂમિકાને લક્ષમાં રાખી તેને મદદરૂપ થઈ કુશળતા વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સ્ત્રીને આ અભિગમ અન્વયે સંસાધન તરીકે જોવામાં આવે છે. સ્ત્રીની ઉપલબ્ધિ સમાજને લાભાન્વિત કરશે તે વલણ દૃશ્યમાન થાય છે. સ્ત્રી-ઉત્થાન માટે વ્યૂહરચના ઘડાય છે.

સમાનતાના અભિગમમાં સમાનતા પ્રદાન કરવામાં આવે છે પણ અસમાન જૂથોને સમાનતા અપાય છે. આવી જ સમાનતા સ્ત્રીપુરુષને પ્રાપ્ત થાય છે. હાથી અને કીડીની સમાનતા, એક બળવાન અને નબળાને અપાતી સમાનતા. દા.ત. એક ખાલી બસ હોય અને 25 જુવાન અને 25 વૃદ્ધ લોકોને એમાં દોડીને ચઢવાનું કહે તો માત્ર જુવાન જ પ્રથમ નંબરે રહે. આ જ રીતે સ્ત્રી અને પુરુષને સમાનતા પ્રાપ્ત થઈ છે. સમાનતાના અભિગમમાં સ્ત્રીઓની પ્રગતિ થઈ. જાહેરજીવનમાં સ્ત્રીને લાભ થયો. પણ આ અભિગમની ખામીઓની ચર્ચા થઈ અને તેમાંથી ઉદ્‌ભવ્યો સમર્થતાનો અભિગમ.

### 3) સમર્થતાનો અભિગમ :

સાંપ્રત સમાજમાં સ્ત્રીને સક્ષમ, સમર્થ બનાવવાનો અભિગમ પ્રચલિત છે. સ્ત્રી પુરુષ પર અવલંબિત છે અને તેને ગૌણ દરજ્જો અપાયો છે. તે લક્ષમાં લઈ સમાનતા તથા સ્વતંત્રતાને વિસ્તરવા દેવા તથા સ્ત્રીઓને સક્ષમ બનાવી, સમાનતા પ્રાપ્ત કરે તેવી પરિસ્થિતિના સર્જન માટે પ્રયત્ન કરવામાં આવે છે. વિવિધ પ્રવર્તમાન માળખાંઓની ચકાસણી કરી, તે માળખા દ્વારા શોષણ કે દમન થતું હોય તો તેની ચકાસણી કરી નવાં માળખાં ઘડવા કે જૂના માળખામાં નીતિયોગ્ય પરિવર્તન આવી શકે તેવા સુધારા કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. સ્ત્રીઓની વિવિધ ભૂમિકાઓ સમજી, તેમની જરૂરિયાતોને પારખી, તેને પૂર્ણ કરી, તેની ક્ષમતાઓનો વિકાસ કરવાની વ્યૂહરચના ઘડવામાં આવે છે. પ્રથમવાર જ સમગ્ર અભિગમમાં પરિવર્તન આવ્યું છે. Top Downને બદલે Down to topનો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે. આ અભિગમને લક્ષમાં રાખી બધાં જ માળખાં, સંરચનાઓ તથા વ્યવસ્થાને સમજી તેનામાં પરિવર્તન લાવવાના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. બધા જ માળખાંઓ સમતુલિત બને, વ્યક્તિને સહભાગી બનાવે, બધા જ પ્રકારના ભયને નષ્ટ કરી, વ્યક્તિલક્ષી, વ્યક્તિમિત્ર માળખાં પ્રયોજવાનો પ્રયાસ કરે. આ માળખાઓમાં જો ધાર્યા પરિવર્તન શક્ય ન બને તો વૈકલ્પિક માળખાં ઊભા કરી, સ્ત્રીને વાસ્તવિક રૂપમાં સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્ત થાય તેવા પ્રયત્નોની શરૂઆત થઈ. સમર્થતા અને સક્ષમતા દ્વારા મુક્તિનો આ અભિગમ છે. આ અભિગમ માત્ર મહિલાઓ માટે નહીં પણ માનવજાત માટે એટલે સ્ત્રી અને પુરુષ બન્ને માટે મદદરૂપ છે, વરદાનરૂપ છે. આ અભિગમની વિશિષ્ટતા એ છે કે આમાં વ્યક્તિને મદદ કરવાને બદલે, એને જ સમર્થ બનાવવાની વાત છે કે જે પોતે પોતાની લડાઈ લડી શકે. વ્યક્તિને શક્તિસંપન્ન બનાવવાનો અભિગમ છે. આ અભિગમમાં સમાજ લાભાન્વિત થાય છે.

આમ ઉપરોક્ત ત્રણ અભિગમ જોવા મળે છે. આ સિવાય બીજા ત્રણ અભિગમ પણ જોવા મળે છે:

1) વિકાસમાં સ્ત્રીઓ

2) સ્ત્રીઓ અને વિકાસ

3) લિંગ અને વિકાસ.

### 1) વિકાસમાં સ્ત્રીઓ :

Women in Development આ શબ્દ, બોઝરનું, આર્થિક વિકાસમાં સ્ત્રીઓની ભૂમિકા પ્રકાશિત થયા પછી, અમેરિકન નારી મુક્તિવાદી ચળવળમાં ઉપયોગ લેવાયો. 1960 થી 1970ના દાયકામાં ખ્યાલ આવ્યો કે, વિકાસનાં કેટલાંક પાસાંઓની અસર સ્ત્રીઓ સુધી પહોંચતી નથી. ક્યારેક તે પરિસ્થિતિ વણસાવે છે. આ દૃષ્ટિકોણમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે, ઉત્પાદકીય ક્ષેત્રમાં સ્ત્રીઓને ઓછામાં ઓછું નુકસાન થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. આ અભિગમ દ્વારા સ્ત્રીને નડતા પ્રશ્નો, સમસ્યાઓને દૃશ્યમાન બનાવવાનો, સમજવાનો તથા ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તમામ સંસ્થાઓ, માળખાંઓ તથા વ્યવસ્થાઓમાં સ્ત્રીઓના પ્રશ્નોને સમજવાના, તેને દૃશ્યમાન બનાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ દૃષ્ટિકોણ મુજબ વિકાસની પ્રક્રિયામાં સ્ત્રીનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો. બધા જ સામાજિક માળખાઓમાં, મૂલ્યોમાં, પ્રક્રિયાઓમાં અને ધોરણોમાં સ્ત્રીના ગૌણત્વ અને દમનને સ્વીકારવામાં આવ્યું છે. સંઘર્ષ નહિ કરવાનો એ ખ્યાલ સ્પષ્ટ છે. એવો સવાલ પુછાતો જ નથી કે, શા માટે વિકાસના લાભ સ્ત્રીઓને મળતા નથી ? અહીં સ્ત્રીઓને માત્ર એક જ વર્ગમાં જોવામાં આવે છે. જ્ઞાતિ, વર્ગ, સમુદાયની ઉપેક્ષા કરવામાં આવી છે. સ્ત્રીને વિભિન્ન પરિસ્થિતિઓમાં એક જ વર્ગમાં જોવામાં આવે છે. સ્ત્રીઓની વિવિધ વાસ્તવિકતાઓને અવગણવામાં આવે છે. આ અભિગમમાં સ્ત્રીની આર્થિક ઉત્પાદકતાને જ મહત્ત્વ આપવામાં આવે છે. સ્ત્રીઓની પ્રજનન સેવા અંગે ઉપેક્ષા દાખવાય છે, તેને ગૌણ ગણવામાં આવે છે. આ ચર્ચા સૌપ્રથમ બોઝરે તેના પુસ્તકમાં શરૂ કરી. સૌપ્રથમ આ દૃષ્ટિકોણથી સ્ત્રીઓ અંગેની માહિતી વિશ્લેષિત કરવામાં આવી. જાતીય ધોરણે કરવામાં આવતા શ્રમવિભાજન અંગે વિશદ છણાવટ કરવામાં આવી. જેમ જેમ સમાજ વધુ ને વધુ પરસ્પરાવલંબિત થતો ગયો તેમ તેમ ખેતીપ્રધાન વ્યવસ્થામાં પરિવર્તન આવતા ગયા અને તેને કારણે સ્ત્રી અને પુરુષના કામ ઉપર જે અસરો થઈ તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. આ દૃષ્ટિકોણમાં સ્ત્રીપુરુષ અંગેની વિભિન્નતાઓ અને અસમાનતાઓને છતી કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. આ દૃષ્ટિકોણમાં વિકાસની સ્ત્રીપુરુષ ઉપર વિભિન્ન અસરો તપાસવી અને દૃશ્યમાન બનાવવી એ ધ્યેય જોવા મળે છે.

### 2) સ્ત્રીઓ અને વિકાસ :

1979માં ઉદ્ભવેલ વિકાસમાં સ્ત્રીઓ અંગેના દૃષ્ટિકોણ તથા આધુનિકીકરણના સિદ્ધાંત અંગે જે ચર્ચા થઈ તેના સંદર્ભમાં આ દૃષ્ટિકોણનો ઉદ્ભવ થયો છે. આ અભિગમનો સૈદ્ધાંતિક પાયો એ છે કે, સ્ત્રીઓ અને વિકાસની પ્રક્રિયા વચ્ચે સીધો સંબંધ છે અને સ્ત્રીઓ વિકાસની ભાગ છે છતાં તેનો તેમાં સંપૂર્ણ સમાવેશ થતો નથી. આ અભિગમ પિતૃસત્તાક ઉત્પાદનની વિવિધ પદ્ધતિઓ અને સ્ત્રીઓના ગૌણત્વ અને દમન વચ્ચેના સંબંધ સમજાવવામાં નિષ્ફળ ગયું છે. આ અભિગમમાં સ્ત્રીઓના પ્રશ્નોને પુરુષોના પ્રશ્નોથી અલગ કરી, સ્ત્રીને કેન્દ્રમાં રાખી, વિશ્લેષણ કરવાની બાબતને કેન્દ્રમાં રખાતી નથી. સ્ત્રીઓની ઉત્પાદનની ભૂમિકાને તેની પ્રજનનની ભૂમિકા અને કામને ભોગે વધુ મહત્ત્વ મળે છે. આ અભિગમમાં એવું માનવામાં આવે છે કે જો આંતરરાષ્ટ્રીય માળખું સમાન બનશે તો સ્ત્રીઓની સ્થિતિ આપોઆપ સુધરશે. આ અભિગમમાં સ્ત્રીઓના રાજકીય અને સામાજિક માળખામાં ઓછા પ્રતિનિધિત્વ અંગે પણ ચર્ચા કરવામાં આવે છે. આ દૃષ્ટિકોણ ધરાવનારા એવો મત ધરાવે છે કે સમગ્ર સમાજનો વિકાસ થશે તો આપોઆપ સ્ત્રીનો પણ વિકાસ થશે. આ અભિગમ લૈંગિક અસમાનતાઓને કારણે ઉદ્ભવનારા પ્રશ્નો અંગે ચર્ચા કરતા નથી.

### 3) લિંગ અને વિકાસ :

આ દૃષ્ટિકોણ વિકાસમાં સ્ત્રીઓ અને સ્ત્રીઓ અને વિકાસ બન્નેને લક્ષમાં રાખી, તે અભિગમની ઉપલબ્ધિઓ તથા મર્યાદાઓને સમજી લિંગ અને વિકાસના દૃષ્ટિકોણથી ચર્ચા કરે છે. આ દૃષ્ટિકોણ સમાજવાદી નારી મુક્તિવાદી વિચારસરણીથી પ્રભાવિત છે. આ દૃષ્ટિકોણના પુરસ્કર્તાઓ સમગ્રલક્ષી (holistic) અભિગમમાં માને છે અને લૈંગિક ભૂમિકા આપવાના પાયાને જ પડકારે છે. આ અભિગમમાં માત્ર સ્ત્રીસંગઠનોની એકતા જ નહિ પરંતુ સંવેદનશીલ પુરુષોના પ્રદાનને સ્વીકારાય છે. આ અભિગમ સ્ત્રીઓના સમગ્ર ફાળાને આવકારે છે અને સ્ત્રીઓના ઘરમાં તેમજ ઘરબહાર બન્ને સ્થળોના પ્રદાનને માન્યતા આપે છે. જાહેર અને અંગત એવા વિરોધાભાસને નકારે છે અને બન્ને કાર્યક્ષેત્રનો સમન્વય કરે છે. આ અભિગમ અંગત બાબતને કાયદાથી કે સમાનતાથી પર ન માનવાની વાત કરે છે. અંગત ક્ષેત્રમાં સ્ત્રીઓની ભાગીદારી બધા જ ક્ષેત્રમાં અર્થપૂર્ણ થાય અને વધે તે અંગે પ્રયત્નશીલ છે. સામાજિક સેવાઓ પૂરી પાડવી એ સરકારની ફરજ છે એમ તે માને છે. તેઓ સરકાર માટે દબાણ જૂથનું કાર્ય કરે છે. સ્ત્રી નિષ્ક્રિય રીતે માત્ર સેવા મેળવનાર નહીં પરંતુ સ્ત્રી સક્રિય રીતે તેને સ્વીકારે છે. સ્ત્રીઓએ પોતાના હક્ક માટે સંગઠિત થવાની

જરૂર પર ભાર મૂકે છે અને તેની અસરકારક તથા અર્થપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેવી પરિસ્થિતિ સર્જવા સ્ત્રીસંગઠનોએ રાજકીય પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ એમ માને છે. સમાજ પિતૃસત્તાક પ્રથા, વર્ગ અને વર્ણ હેઠળ સ્ત્રીઓનું દમન કરે છે તે સ્વીકારે છે. આ દમનનો વિરોધ કરે છે અને માળખાકીય સુધારા દ્વારા સ્ત્રીઓને સમર્થ બનાવવાની હિમાયત કરે છે. સ્ત્રીને સમાન અને સંપૂર્ણ વારસાધિકાર પ્રાપ્ત થાય તેનો પ્રયત્ન કરે છે. સમાજમાં સમાનતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતાં તમામ પરિબળોએ એકત્ર થઈ, આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને સ્ત્રી-પુરુષ વચ્ચે જે સત્તાના સંબંધો છે તે બદલાવવા જ જોઈએ તેમ તે માને છે. તમામ પરિબળો, કે જે સ્વતંત્ર સમાજ ઇચ્છે છે, તેમણે આ કાર્યમાં જોડાવવું જોઈએ એમ તે માને છે. આ અભિગમના સમર્થકો એમ માને છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ત્રી–પુરુષ સમાનતાનું માળખું અસ્તિત્વમાં છે. તેને આધારરૂપ માની, ત્રીજા વિશ્વમાં નવી વૈશ્વિક ઉદ્યોગીકરણની પ્રક્રિયાઓમાં, સ્ત્રીઓએ પોતાનો સંપૂર્ણ ભાગ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ થવું જોઈશે. આ અભિગમના સમર્થકો એમ માને છે કે સ્ત્રીઓના દમનના મૂળ તરીકે સામાજિક રચના જવાબદાર છે. સમાજ સ્ત્રી–પુરુષ માટે વિભિન્ન નિયમો ઘડે છે અને તે જ સ્ત્રીપુરુષ અસમાનતાનાં મૂળ છે.

આમ આ ત્રણ પ્રકારના વિવિધ અભિગમ સિવાય ગરીબીનાબૂદીનો અભિગમ પણ જોવા મળે છે. ગરીબીનાબૂદીનો અભિગમ – આ અભિગમમાં સ્ત્રીને વિકાસ સાથે સાંકળવાની વાત છે. સ્ત્રીને કુશળ કારીગર બનાવવા, પ્રયત્નશીલ થવા, તાલીમ લેવા, તૈયાર થવા, અંગે સૂચન કરે છે. આ અભિગમ સ્ત્રીનો આર્થિક વિકાસમાં ફાળો વધવો જોઈએ તેની વાત કરે છે પણ સમાનતાની ચર્ચા કરતો નથી.

આમ સ્ત્રીઓ અંગે વિવિધ અભિગમોની ચર્ચા આપણે જોઈ.

સમાજમાં સતત પરિવર્તન જોવા મળે છે. ફ્રાંસની રાજ્યક્રાંતિ અને લોકશાહીની સ્થાપનાની અસર સમગ્ર વિશ્વ ઉપર થઈ. પ્રથમ જાહેર જીવનમાં સ્વતંત્રતા અને સમાનતાની વાત થઈ, કાયદો ઘડાયો અને અમલમાં મુકાયો. આ અસર જાહેર જીવનમાંથી ખાનગી જીવન ઉપર પણ થઈ. એ જ રીતે, ઉદારમતવાદ, માર્કસવાદ અને સમાજવાદી અસર જીવનનાં તમામ પાસાંઓ ઉપર થઈ. આ જ રીતે નારીવાદી ચળવળે સમાજજીવન ઉપર ગહન અસરો કરી. સમાજની પાયાની સંસ્થાઓ કુટુંબ, શિક્ષણ, આર્થિક સંસ્થા, ધાર્મિક સંસ્થા તથા રાજકીય સંસ્થા તથા બીજી ઉપસંસ્થાઓ, પેટાસંસ્થાઓ, મૂલ્યો, ધોરણો તથા માળખાઓ ઉપર આ ચળવળની અસર જોવા મળી. આ ચળવળની અસર સમાજ ઉપર થઈ તેથી સામાજિક શાસ્ત્રો ઉપર પણ આની અસર થઈ. નારીવાદી પરિપ્રેક્ષ્યને કારણે સમાજશાસ્ત્રમાં ફેરવિચારણા શરૂ થઈ. બધા જ સિદ્ધાંતોની ચકાસણી થઈ. દા.ત. દુર્ખેમે શ્રમવિભાજનનો સિદ્ધાંત આપ્યો પણ એમાં ક્યાંય સ્ત્રીનો સમાવેશ નથી. આવી ચર્ચાઓને કારણે ચર્ચાના વિષયો, સામયિકો, સેમિનારોના વિષયો બદલાયા. મહિલાવર્ષ અને મહિલાદાયકાની અસરને લીધે યુ.જી.સી. અને આઈ.સી.એસ.એસ.આર. જેવી સંસ્થાઓએ પણ સ્ત્રી અભ્યાસોને પ્રોત્સાહન આપ્યું. વિશ્વવિદ્યાલયોમાં સ્ત્રી અભ્યાસકેન્દ્રો – Women Studies Center સ્થપાયાં. અભ્યાસક્રમોમાં પરિવર્તન આવ્યાં. સમાજશાસ્ત્રી સિદ્ધાંતોમાં નારીવાદી દૃષ્ટિકોણ આમેજ કરવામાં આવ્યો.

મહત્ત્વની બાબત એ છે કે પ્રથમ તબક્કામાં નારીવાદને કારણે નારીને પ્રતીકાત્મક મહત્ત્વ આપવામાં આવ્યું. ધીમે ધીમે આ બાબતને બદલે હવે નારી અંગે, નારીનાં વિવિધ પાસાંઓ અંગે ચર્ચા શરૂ થઈ.

સમાજશાસ્ત્રીય રીતે જોઈએ તો, હવે સમાજનું એક પણ ક્ષેત્ર સ્ત્રીઓના દૃષ્ટિકોણ, સ્ત્રી અંગેની ચર્ચાથી અલિપ્ત રહી શક્યું નથી. તમામ અભ્યાસો, ચર્ચાઓ તથા સિદ્ધાંતોમાં સ્ત્રીઓ અંગે ચર્ચા થાય છે. સંશોધનનાં માળખાંમાં બદલાયાં, વિષય બદલાતા, પદ્ધતિઓમાં પણ પરિવર્તન આવ્યાં. નારીવાદી સિદ્ધાંતો અને એના અભ્યાસોની અસર સમગ્ર સમાજશાસ્ત્રીય સંશોધન, ચર્ચાઓ તથા તેના હાર્દ ઉપર થઈ.

## 1.4 વિવિધ આંતરક્રિયાઓ :

દરેક સમાજમાં અનેક પ્રકારની સ્તરરચના જોવા મળે છે અને સ્તરરચના પ્રમાણે એક જૂથ બીજા જૂથ સાથે આંતરક્રિયાઓ કરી આંતરસંબંધ રાખે છે. સમાન સ્તરના સભ્યો વચ્ચે સમાનતા, વિચારોનું આદાનપ્રદાન, પરસ્પર મૈત્રી, સદ્ભાવ અને માનમરતબો રાખવામાં આવે છે. જ્યારે સ્તરમાં ભિન્નતા અચૂકપણે જોવા મળે છે. ઊંચા સ્તરના લોકોને આદર્શ મનાય છે. અને એની સરખામણીમાં નિમ્ન સ્તરના લોકો એને અનુસરવાનો પ્રયત્ન કરે છે. નિમ્ન સ્તરના લોકો માટે ઉચ્ચ સ્તરના લોકોના આદર્શ, વર્તનવ્યવહાર, મૂલ્યો, ધોરણો, નિયમો રોલ મોડેલ બને છે. તમામ સ્તરોની ભાષા ભિન્ન હોય છે. તમામ સ્તરોના આદર્શો, મૂલ્યો, ધોરણોમાં ભિન્નતા જોવા મળે છે.

વિશ્વના બધા જ પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં સ્ત્રી અને પુરુષના અનુક્રમે નિમ્ન અને ઉચ્ચ એમ બે સ્તર

જોવા મળે છે. ઉપર જણાવ્યું તેમ પિતૃસત્તાક સામાજિક વ્યવસ્થા પુરુષને સ્ત્રીનો માલિક બનાવે છે. દાસત્વ સદીઓથી એટલે જ નારી પુરુષનું દાસત્વ કરે છે. ઉદારમતવાદી ચળવળથી વિશ્વના બધા જ સમાજોમાં પરિવર્તન આવ્યું તે જ રીતે સ્ત્રી-પુરુષ સંબંધોમાં પણ પરિવર્તન આવ્યું. સમાનતા અને સ્વતંત્રતાના મૂલ્યે સ્ત્રી-પુરુષ સંબંધો અંગે પ્રશ્નો ઉઠાવ્યા. નારીવાદી ચળવળો થઈ, નારીવાદી અભ્યાસો થયા અને જાગૃત સમાજોમાં તથા જાગૃત જૂથોમાં બધી જ સામાજિક સંસ્થાઓ દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપિત કરવાનો પ્રયત્ન થયો. આથી સ્ત્રી-પુરુષ સંબંધના મૂલ્યમાં, આંતરક્રિયાઓમાં, આંતરસંબંધોમાં, ભાષામાં, પ્રત્યક્ષીકરણમાં પરિવર્તનની શરૂઆત થઈ. સ્ત્રી-પુરુષની આંતરક્રિયાઓ અને આંતરસંબંધોમાં પરિવર્તન આવ્યું.

## 1.5 સંદર્ભસૂચિ


1. **Jha & Pujari :** 'Indian Women Today' Kanishka Publishers, Distributors, Delhi, 1996.
2. **Bowels & Klein :** 'Theories of Women's Studies' Routtedge & Kegan Paul, New York, 1983.
3. **Kabeer Naila :** 'Reversed Realities' Kali For Women, Delhi, 1995.
4. **Geotz Anne Marie :** 'Women Development Workers' Sage Publications, Delhi – 2001.
5. **Ahuja Ram :** 'Rights of Women', Rawat Publications, Jaipur, 1992.
6. **Andermahi Sonya :** A Glossary of Feminist Theory, Copublished in United States of America, Oxford University Press, New York, 2000.
7. **Kothari Jaya Pillai :** Women Empowerment, Gyan Publishing House, New Delhi, 1995.
8. भसीन कमला : नारीवाद यह आखिर क्या ? १९८६
9. ચાવડા ગીતા : 'એક નવું આકાશ'

   'નારીસૃષ્ટિ, બંધન અને મુક્તિ'

   'સ્ત્રી સપ્તક', અક્ષરભારતી પ્રકાશન, ભૂજ, 2001.
10. મર્ચંટ આમ્રપાલી : 'મહિલા સામર્થ્ય'

    સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન,

    અમદાવાદ 1999

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

1. સ્ત્રી સમાનતા અંગેની ચર્ચા ક્યારથી શરૂ થઈ ?

2. નારીવાદી સિદ્ધાંત તરીકે ઉદારમતવાદી નારીવાદ સમજાવો.

3. સમાજવાદી નારીવાદ સમજાવો.

4. ઉદ્યમવાદી નારીવાદ સમજાવો.

5. મનો વિશ્લેષણવાદી નારીવાદ સમજાવો.

6. અસ્તિત્વવાદી નારીવાદ ચળવળ સમજાવો.

7. રાષ્ટ્રીય સ્તરની નારીવાદ ચળવળ સમજાવો.

8. ગુજરાતમાં નારીવાદી ચળવળ સમજાવો.

9. નારીવાદી વિકાસના અભિગમ સમજાવો.

# એકમ 2 : શ્રમ સંગઠનોનું સમાજશાસ્ત્ર

## એકમની રૂપરેખા :

2.1 હેતુ

2.2 પ્રાસ્તાવિક

2.3 ઉત્પાદકીય શ્રમ/મજૂરી

2.4 શ્રમ સંગઠન

2.5 શ્રમ સંગઠન દ્વારા પરિવર્તન

2.6 લોકશાહી મૂલ્યના સંદર્ભમાં સમાનતાના અભિગમથી આવેલ પરિવર્તન

2.7 સંદર્ભસૂચિ

2.8 તમારી પ્રગતિ ચકાસો

## 2.1 હેતુ :

આ એકમના અભ્યાસથી તમે સમાજના ઉત્પાદક શ્રમ તથા શ્રમ કરનાર શ્રમિક વિશે તથા તેના સંગઠન અંગે ચર્ચા કરી શકશો. શ્રમિકના જીવનમાં પરિવર્તન લાવનાર શ્રમસંગઠનના કાર્યો તથા લક્ષણો સમજી શકશો.

## 2.2 પ્રાસ્તાવિક :

દરેક સમાજ માટે ઉત્પાદક શ્રમ ખૂબ મહત્ત્વનો હોય છે અને આ ઉત્પાદક શ્રમ જ સમાજ માટે ખૂબ મહત્ત્વનો હોય છે. દરેક સમાજ એના ઉત્પાદન, કૌશલ્ય તથા વલણ આધારિત જ વિકાસ સાધી શકે છે. વિકસિત સમાજોમાં ધીમે ધીમે શ્રમ કરનાર વ્યક્તિ નાણાંકિય સદ્ધરતા પ્રાપ્ત કરે છે. શ્રમિકનું સન્માન લોકશાહી શાસન પ્રણાલિમાં વધે છે.

બજારમાં બે પ્રકારના કાર્યક્ષેત્ર હોય છે. એક સંગઠિત અને બીજુ અસંગઠિત. આજે 2006ની સાલમાં માત્ર 7% કામદારો સંગઠિત ક્ષેત્રમાં કાર્યરત છે. અસંગઠિત ક્ષેત્રમાં બધાજ વ્યવહારો માત્ર માલિક અને કામદારો વચ્ચે હોય છે. haves & have nots આ બન્ને વચ્ચે સતત વ્યવહાર હોવા છતાં પ્રભુત્વ અને લાચારી વચ્ચેના સંબંધ જોવા મળે છે.

શ્રમ કરનાર પાસે માત્ર કૌશલ્ય તથા કામ કરવાની શક્તિ હોય છે પણ તેના કામથી raw material કાચોમાલ પાકામાલમાં રૂપાંતરિત થાય છે. કાચામાલથી બજાર સુધી પહોંચવામાં શ્રમ જરૂરી બને છે. સૌથી મહત્ત્વની વાત એ છે તે મજૂર અને માલિકના સંબંધો સંપૂર્ણપણે ખાનગી હોય છે. સરકારી નિયમ અહીં લાગુ પડતા નથી. કામ તથા કૌશલ્ય પ્રમાણે વળતર એ જ સિદ્ધાંત હોય છે. માલિકોનો ધ્યેય નફો હોય છે. અલબત્ત, માલિક મજૂરને ટકાવી રાખવા માટે જે કંઈક આપવું પડે તે આપે છે. ખાનગી ક્ષેત્રમાં રજા, વળતર, માંદગીની રજા, કામના કલાક બધુ નક્કી હોતું નથી. આજના વૈશ્વિકરણના જમાનામાં હવે શ્રમ અને કૌશલ્ય ખૂબ મહત્ત્વના બન્યાં છે અને ઉદ્યોગ જગતમાં માત્ર હરિફાઈ એ મહત્ત્વનું તત્ત્વ બને છે. વૈશ્વિકરણ, ઉદારમતવાદ અને ખાનગીકરણના જમાનામાં કોઈપણ પ્રકારનાં બંધનો વિના વ્યક્તિ પોતાની તાકાત ઉપર આગળ વધી શકે છે. ખાનગીકરણમાં મોટાભાગનું કામ કરાર આધારિત હોય છે. માત્ર કામ તથા માલિકની મરજી ઉપર કામ નક્કી થાય છે. આજે વિશ્વ બજાર બન્યુ છે ત્યારે માત્ર ગુણવત્તા અને શિક્ષણ મહત્ત્વના બન્યા છે. શ્રમબજાર હવે માત્ર વ્યક્તિગત ગુણ તથા વ્યક્તિમત્તા આધારિત બન્યું છે.

ક્રિયાનું સમાજશાસ્ત્ર સામાજિક ન્યાય તરફી સિદ્ધાંતો શોધી, જેને ન્યાય નથી મળતો, તેને ન્યાય પ્રાપ્ત થાય તેમાં પ્રવૃત્ત થાય છે. ક્રિયાના સમાજશાસ્ત્રની ભૂમિકા છે કે આ શ્રમિકો અંગે કંઈક વિચારે, તેમને જાગૃત કરે, સંગઠિત કરે, સિદ્ધાંત ઘડે અને તેમની સુખાકારી માટે કાર્ય કરે, તેમના જીવનધોરણ સુધાર માટે કાર્ય કરે. શ્રમિકોના જીવન માટે, તેમના જીવન સુખકારી માટે કાર્ય કરે. આ શ્રમિકોનું જીવનધોરણ સુધરે તે માટે કાર્ય કરે તેવી વ્યવસ્થા કરે. અસંગઠિત શ્રમિકોની સુખાકારી માટે વ્યૂહરચના ઘડે અને તેને માટે સમાજને જાગૃત કરે અને પોતે તે માટે પ્રવૃત્ત થાય. આ ચર્ચાને આગળ વધારતાં પહેલાં શ્રમ અંગે ચર્ચા કરીએ. સાથે સાથે શ્રમ માટે કાર્યરત્ત સંગઠનોની પણ ચર્ચા કરીએ.

## 2.3 ઉત્પાદકીય શ્રમ/મજૂરી :

સમાજ માનવની આવશ્યકતા મુજબ માનવની જરૂરિયાત પરિપૂર્ણ કરવા માટે માનવસમાજની બુદ્ધિમત્તા, શાણપણ તથા અનુભવ ઉપર આધારિત ઘડાયો છે. બધાજ સમાજોમાં માણસ પોતે પોતાની ઈચ્છામુજબ, કૌશલ્ય મુજબ સતત કોઈપણ ધ્યેય નક્કી કરી કામ કરે છે. આ કામ ચોક્કસ ધ્યેયની પરિપૂર્તિ માટે તથા માનવ પોતાની યથાશક્તિ કરે છે. માનવસમાજ અને વિવિધ પ્રવૃત્તિઓ કરે છે પણ આ પ્રવૃત્તિઓ વિવિધ હેતુ પરિપૂર્ણ કરવા માટે હોય છે. માનવ તરીકે જન્મ્યા એટલે કમસે કમ પેટ ભરવા માટે માણસે ઉત્પાદકીય શ્રમ કરવો પડે છે. આ શ્રમ તેને સામાજિક દરજ્જો અપાવે છે. આ સામાજિક દરજ્જો જીવનમાં તેને કિર્તિ અપાવે છે. અલબત્ત, બધા દરજ્જા અસમાન હોય છે.

''શ્રમ એટલે કોઈ નિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિ માટે કરવામાં આવતું કામ.'' સમગ્ર વિશ્વ, વિશ્વનાં તમામ પાસાં શ્રમ આધારિત છે. શ્રમને કારણે જ ભૌતિક પ્રગતિ જોઈ શકાય છે. માનવશ્રમ જ માનવસંસ્કૃતિને એક ચોક્કસ અર્થ આપે છે. માનવ શારીરિક શ્રમને કારણે જ વિશ્વની સુખાકારી અનુભવી શકાય છે. શ્રમ કરવા માટે ઉત્પાદનનાં ચાર મુખ્ય સાધન છે : (1) જમીન, (2) સાધન, યંત્ર (3) મૂડી (4) શ્રમ. જમીન એ કુદરતી બાબત છે છતાં શારીરિક શ્રમ અને બૌદ્ધિક તજજ્ઞતા દ્વારા તેની ફળદ્રુપતા વધારી કે

ઘટાડી શકાય છે. સાધન અને યંત્ર એ બન્ને પણ બૌદ્ધિક અને શારીરિક શ્રમમાંથી જ ઉત્પન્ન થાય છે. મૂડી એ માનવશ્રમનું પરિણામ છે. મૂડી માનવને એક સંતોષ, એક ધ્યેય તથા સુરક્ષા અને સલામતિ પૂરી પાડે છે. માનવ પાસે જમા થતી મૂડી તેની મહેનત, તેનું વલણ તથા તેના શાણપણનું પરિણામ છે. ઉત્પાદકીય શ્રમ દ્વારા તે જે કમાય છે. તે જ્યારે જમા થાય છે ત્યારે તે મૂડી બને છે. સાંપ્રત સમાજમાં રશિયાના નિષ્ફળ પ્રયાસ પછી જોવા મળે છે કે મૂડીવાદી દેશો જગતમાં વધુ ઝડપથી વિકાસ પામી રહ્યા છે. મૂડીવાદ સમાજને તાકાત તથા સુરક્ષા આપે છે શ્રમ દ્વારા જે મૂડી એકત્ર થાય છે. તે વિકાસ માટે પાયો બને છે તથા સાધન બને છે. શ્રમ એ માનવનું મહત્ત્વનું પરિબળ છે. સમાજની દરેક પુખ્ત વયની વ્યક્તિ શ્રમ દ્વારા સમાજમાં ફાળો આપે છે. પુરુષ અને સ્ત્રી બન્ને શ્રમ કરે છે. પુરુષના શ્રમને વળતર યોગ્ય ગણાય છે. સ્ત્રીના કામને વળતર અયોગ્ય માનવામાં આવે છે. આ પુરુષ અને સ્ત્રી તરફ સમાજનો ભિન્ન દૃષ્ટિકોણ વ્યક્ત થાય છે. સ્ત્રીના કામની કદર કરવામાં આવતી નથી. તેના કામને વળતર યોગ્ય મનાતું નથી તેથી જેન્ડર અંગે પૂર્વગ્રહ વ્યક્ત થાય છે. સ્ત્રી પુરુષ કરતાં વધુ કામ કરે છે પણ સ્ત્રી પાસે દુનિયાની 1 / 1000 મિલકત છે. દુનિયાની સ્ત્રીઓ 2/3 કામ કરે છે પણ 1/100 વળતર મેળવે છે. સ્ત્રીના શ્રમને અન્યાય થયો છે. 1975 પહેલા સ્ત્રીના કામને labour of love માનવામાં આવ્યો છે. કાર્લમાર્કસ જેવા ધારદાર અને ન્યાય સમર્થક વિચારોના ચિંતનમાં પણ સ્ત્રીના કામ અંગે, સ્ત્રીને સહેવી પડતી અસમાનતા અંગે કોઈ ઉલ્લેખ કે ચર્ચા નથી. સ્ત્રીને માત્ર બલિદાન આપવાનું છે. પુરૂષના નિદર્શન મુજબ કામ કરવાનું છે. સ્ત્રીનાં જીવનનો સંદર્ભ માત્ર કુટુંબ છે. એને સ્વભાવ, સ્વાભિમાન તથા વ્યક્તિગત માલિકી, વ્યક્તિગત જીવન એવી કોઈ બાબત સમાજે ગણતરીમાં લીધી નથી. 1975માં સ્ત્રીના અલગ અસ્તિત્વ માટે ચર્ચા ચાલુ થઈ. સ્ત્રીને વસ્તુ ગણવામાં આવતી હતી. વિશ્વના બધાજ સમાજોમાં સ્ત્રીને, સ્ત્રીના અસ્તિત્વને ગણકારવામાં આવતું નહોતું. સ્ત્રીએ માત્ર કામ કરવાનું એણે કંઈજ માંગવાનું નથી એ વાત વિશ્વે, પુરૂષોએ તથા સ્ત્રીઓએ પણ સ્વીકારી છે. સમાજના બનાવોએ સામાજિકરણની પ્રક્રિયામાં આ બધીજ વાતો સમાજના સભ્યોને શીખવી છે. તેથી સમાજ વલણો બધાજ સમાજમાં જોવા મળે છે. ઓક્સફર્ડ ડિકશનરી કામની વ્યાખ્યા આપતા નોંધે છે કે, ''કામ કે જેમાં ચોક્કસ શક્તિ વપરાય છે, તેવા ચોક્કસ હેતુ માટેનો પ્રયાસ છે.''

રેમન્ડ ફર્થ (1957 : 103)ના મતે, શ્રમ એટલે આવક આપતી પ્રવૃત્તિ. ''કામ એ શક્તિનો વપરાશ કરતી તથા આનંદ કે આરામના ભોગે કરાતી એક સહેતુક પ્રવૃત્તિ છે.''

એવું કહી શકાય કે કામ એટલે ચોક્કસ પદાર્થની પ્રાપ્તિ માટે કરાતી એક સકર્મક માનવીય પ્રવૃત્તિ છે. વ્યક્તિ જીવનનિર્વાહ માટે જે કાર્ય કરે તે શ્રમ એમ કહી શકાય. કાર્ય એ સાર્વત્રિક સામાજિક પ્રવૃત્તિ છે. શ્રમ એટલે વ્યક્તિ આર્થિક સત્તા પ્રાપ્ત કરવા જે પ્રવૃત્તિ કરે તે.

સમાજમાં શ્રમની ચર્ચા સંપ્રથમ દુર્ખેમે કરી. દુર્ખેમે શ્રમને સમાજ માટે અનિવાર્ય જણાવ્યું. શ્રમ સમાજમાં એકતા સર્જે છે એવો મત પ્રદર્શિત કર્યો. દુર્ખેમે શ્રમવિભાજન સમાજમાં બે પ્રકારની એકતા પ્રસરાવે છે એવી વાત કરી. અલબત્ત દુર્ખેમે કુટુંબ સિવાયના ક્ષેત્રની ચર્ચા કરે છે. તેણે માત્ર જાહેર ક્ષેત્રની ચર્ચા કરી છે. દુર્ખેમે પાયાના સમાજશાસ્ત્રી તરીકે સમાજ અંગે વિચારી સિદ્ધાંતો આપ્યા તેમણે શ્રમવિભાજનની વાત કરી, તે અંગેના સિદ્ધાંતો આપ્યા, શ્રમવિભાજન દ્વારા સામાજિક એકતાવાળી ચર્ચા કરી પણ તેમણે સ્ત્રીના કામની ઉપેક્ષા કરી છે. એ કામની ગણત્રી કરી નથી. સામાજિક ક્ષેત્રની ચર્ચા છતાં સ્ત્રીને એમાંથી બાકાત રાખી છે. સ્ત્રીના કામને આર્થિક વળતરનાં સંદર્ભમાં ગણત્રીમાં લીધું નથી. દુર્ખેમે સાવયવી એકતાની વાત કરી છે પણ માત્ર જાહેરક્ષેત્રને પોતાના વિશ્લેષણને ધ્યાનમાં રાખ્યું છે. કૌટુંબિક ક્ષેત્ર તથા સ્ત્રીના ફાળાને લક્ષમાં લીધા નથી.

કામ એ શબ્દ ખૂબ જટીલ છે. કામની અહીં માત્ર આર્થિક વળતરના સંદર્ભમાં ચર્ચા કરવાની છે, કારણ સ્ત્રીનો ગૃહિણી તરીકેના શ્રમને ક્યારેય ગણતરીમાં લેવાયો નથી. અહીં શ્રમ એટલે નાણાંરૂપી વળતર માટે કરવામાં આવતી પ્રવૃત્તિ.

શ્રમ અંગે વિવિધ ખ્યાલો સમાજમાં પ્રવર્તે છે. બાઈબલના ઓલ્ડ ટેસ્ટામેંટમાં જણાવ્યું છે કે શારીરિક શ્રમ એ માનવને પાપની શિક્ષા તરીકે અપાય છે. એટલે માણસને ફરજિયાત રીતે કુટુંબના ભરણપોષણ માટે કાર્ય કરવું પડે છે. ગુજરાતમાં પણ કહેવત છે ''સક્કરમીની જીભ અને અક્કરમીના ટાંટિયા'' એટલે જૂનવાણી અભિગમ મુજબ શ્રમ એ શિક્ષા છે. અલબત્ત બીજા વિશ્વયુદ્ધ પછી વિધેયાત્મક – positivistic અભિગમના પ્રસારથી શ્રમ માટેનો અભિગમ બદલાયો છે. શ્રમથી સંતોષ પ્રાપ્ત થાય છે એવો મત પ્રચલિત થયો છે. આ મત મુજબ વ્યક્તિને કાર્ય કરવું ગમે છે, જો પ્રેરણા મળે અને કાર્ય માટેનું સરસ વાતાવરણ મળે તો. આધુનિક મત મુજબ કામ એ વ્યક્તિના જીવન માટે અનિવાર્ય અને આવશ્યક છે, જે તેને દરજ્જો આપે છે. કામદારને યોગ્ય ભૌતિક વાતાવરણ એટલે પ્રકાશની યોગ્ય વ્યવસ્થા, હવા,

ઉષ્ણતામાન તથા અવાજ વિહીન વ્યવસ્થા તથા પાણી, કેન્ટીન કે થોડોક સમય આરામ કરી શકે, તેવી જગ્યાની સુવિધા તથા યોગ્ય નાણાકીય વળતર કામ કરવા પ્રેરે છે. આ સિવાય કામની કદર, શાબાશી, પ્રમાણપત્ર, ઇનામ વગેરે કામદારોનો કામ કરવાનો જુસ્સો ટકાવી રાખે છે. ગીલ્બર્ટ (1972 : 39) જણાવે છે કે કાર્ય કરતી વ્યક્તિ કાર્યસ્થળ ઉપર અનેક વ્યક્તિઓ સાથે સામાજિક સંપર્કમાં આવે છે, તેથી તેની એકલતા દૂર થાય છે અને તે તેને માનસિક સ્વસ્થતા અર્પે છે. એ. સી. બ્રાઉન (1954)ના મતે કામને મનોવૈજ્ઞાનિક અભિગમથી પણ તપાસવું જોઈએ.

વ્યક્તિ શ્રમ કરે છે. જો તેના કાર્ય (Job Chart) અંગે સંપૂર્ણ સ્પષ્ટતા હોય તો તે પોતાની શક્તિ મુજબ કાર્ય કરે છે. કામદારો, વહીવટી અમલદારો તથા માલિકો વચ્ચે વ્યવસ્થિત પ્રત્યાયન હોય તો વ્યક્તિ કામ કરશે. સાથે સાથે, જો કામ સિવાયની કૌટુંબિક બાબતોની ચર્ચા, કામદારોના પ્રશ્નો વગેરે અંગેની ચર્ચા વ્યક્તિને વધુ કામ કરવા પ્રેરે છે. તદુપરાંત વ્યક્તિને દરજ્જા વ્યવસ્થા પૂરી પાડવામાં આવે તો વ્યક્તિ કાર્ય કરે છે. બદલા (ઇનામ) તથા શિક્ષાની વ્યવસ્થા વ્યક્તિને કાર્ય માટે પ્રોત્સાહિત કરે છે. બીજા વિશ્વયુદ્ધ પછી એમ મનાય છે કે વ્યક્તિની કદર, વખાણ વ્યક્તિને કામ કરવા પ્રેરે છે.

ગુલામયુગની પૂર્ણાહુતિ અને લોકશાહીના પ્રાદુર્ભાવ પછી શ્રમિકોના સંગઠનની શરૂઆત થઈ અને કાર્લ માર્કસના સિદ્ધાંતો તથા કર્મશીલતાથી ઔદ્યોગિક કામદારોનાં સંગઠનોની શરૂઆત થઈ. ઔદ્યોગિક ક્રાંતિ પછી માનવસમાજ માત્ર કૃષિ આધારિત વ્યવસાયોમાંથી ઉદ્યોગ આધારિત વ્યવસાયો કરવા લાગ્યો. આ ઉદ્યોગ આધારિત વ્યવસાયમાં ત્રણ સંગઠનો જોવા મળે છે :

1) ઔદ્યોગિક સંગઠન

2) સંચાલકીય સંગઠન

3) કામદાર સંગઠન

સંગઠન એટલે વ્યવસ્થાતંત્ર. ઉદ્યોગોમાં ત્રણ પ્રકારનાં સંગઠનો જોવા મળે છે. આ ત્રણેય ઉદ્યોગ માટે અતિમહત્ત્વનાં છે. ત્રણેય પરસ્પર સંકળાયેલાં તેમજ પરસ્પરાવલંબિત અને અસરકર્તા છે. અહીં કામદાર સંગઠન ખૂબ મહત્ત્વનું છે. આ પ્રકરણમાં સંગઠનોનું આપણે વિહંગાવલોકન કરીએ.

**1) ઔદ્યોગિક સંગઠન :** ઉદ્યોગીકરણના વ્યાપ સાથે આ સંગઠનો પણ મહત્ત્વનાં બન્યાં. ઉદ્યોગ એક સંગઠિત પ્રવૃત્તિ છે. સંગઠન એ સામૂહિક, સામાજિક વ્યવસ્થા છે. દરેક સંગઠનમાં એક તંત્ર છે કે જેમાં, વિવિધ સ્થાનો ઉપર વિવિધ વ્યક્તિઓ કાર્યરત હોય છે કે જેઓના કાર્ય ચોક્કસ હોય છે, સત્તાની વહેંચણી નક્કી હોય છે, સૌ એકત્ર થઈ કોઈ ચોક્કસ સામૂહિક ધ્યેય તથા વ્યક્તિગત ધ્યેયને પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. સમાજશાસ્ત્રીઓના મતે, સામાજિક સંગઠન સમૂહના સભ્યોની પરસ્પર વર્તન – અપેક્ષાઓ દ્વારા ઘડાય છે. સંગઠનમાં વિવિધ ભાગ હોય છે. આ બધા વિભાગોમાં અનુકૂલન હોય છે અને એકત્ર થઈ કોઈ ચોક્કસ હેતુ પામવા પ્રયત્ન કરે છે. હેતુપૂર્વક ક્રિયા માટે સમગ્રની યોગ્યતા મહત્ત્વની છે. સંગઠનો બે પ્રકારનાં હોય છે : (1) ઔપચારિક (2) અનૌપચારિક. સંગઠનો વૈજ્ઞાનિક સંચાલકીય અભિગમ તથા માનવસંબંધોના અભિગમ પણ ધરાવે છે. ઔદ્યોગિક સંગઠનના ચાર મુખ્ય તત્ત્વ છે : (1) ચોક્કસ ધ્યેય, લક્ષાંક નફા માટે કાર્યક્ષમ ઉત્પાદન (2) સંકલન, વિશેષીકરણ, નિષ્ણાતીકરણ તથા આયોજન જેવી ઉત્પાદનની જરૂરિયાત (3) માનવશક્તિને ગતિમાન રાખવાની તથા નિયંત્રિત રાખવાની જરૂરિયાત (4) બાહ્ય દબાણો.

દરેક સંગઠન પોતપોતાની તરાહ વિકસાવે છે જેમાં મહદ્ અંશે સત્તાનું માળખું, દરજ્જાનો કોટિક્રમ, ભૂમિકાઓ, કાર્યવહેંચણી, દરજ્જા પ્રમાણે વળતરની વ્યવસ્થા.

ઔદ્યોગિક સંગઠનમાં પોતાના ધ્યેય પ્રમાણે સત્તાનું માળખું નક્કી હોય છે. દા.ત., માલિક કે મેનેજિંગ ડાયરેક્ટરથી કર્મચારી, મજૂર સુધી બધાની સત્તા નક્કી કરવામાં આવે છે. બધી વ્યક્તિઓના દરજ્જા નક્કી હોય છે. દરજ્જામાં કોટિક્રમ નિશ્ચિત હોય છે. કર્મચારી, સુપરવાઈઝર, મેનેજર, પરચેઝ, સેલ, પ્રોડક્શન બધાને પોતાની ભૂમિકાઓ ખબર હોય છે. ભૂમિકા તથા દરજ્જા પ્રમાણે દરેકને પોતાના કાર્યની સ્પષ્ટ સમજણ હોય છે. દરેકના વળતર નક્કી હોય છે.

ઔદ્યોગિક સંગઠન એક ઔપચારિક સંગઠન છે. આવા સંગઠનમાં કાર્યવિભાજન, શિસ્ત, સત્તા, જવાબદારી, આદેશ અંગેની શિસ્ત, સંગઠનના હિતને પ્રાધાન્ય, વળતરની વ્યવસ્થા તથા કાર્યક્ષમતાની માંગ હોય છે.

અલબત્ત ઔદ્યોગિક સંગઠનમાં અનૌપચારિક સંગઠનો પણ જોવા મળે છે. ઔદ્યોગિક સંગઠનમાં સાથે કામ કરતી વ્યક્તિઓ વચ્ચે મિત્રાચારી કે દુશ્મની જોવા મળે છે. અને તે આધારિત સંબંધો પણ હોય છે. આવાં જૂથો દોસ્તીને દાવે જરૂરિયાત સમયે એકબીજાને મદદ કરતા હોય છે. આવાં જૂથો કામદારોને ભાવાત્મક વાતાવરણ આપે છે, વ્યક્તિઓને માનસિક થાક, કંટાળો દૂર કરે છે, કામદારોને સલામતી

આપે છે, સ્વતંત્રતા આપે છે અને કામ સિવાય એકબીજામાં પ્રેમભાવના પ્રગટાવે છે.

**2) સંચાલકીય સંગઠન :** ઔદ્યોગિક સંગઠનમાં સંચાલન પાયાનું મહત્ત્વ ધરાવે છે. ઔદ્યોગિક સંગઠનના આત્મા તરીકે સંચાલનને ઓળખાવી શકાય. સંચાલન એટલે એક વ્યવસ્થા છે. સંચાલનને પ્રક્રિયા પણ કહી શકાય. ''સંચાલન એક સામાજિક પ્રક્રિયા છે કે જેમાં ઔદ્યોગિક સંગઠનના અસરકારક આયોજન તથા પ્રચલનોના નિયમન માટેની જવાબદારી નક્કી કરેલી હોય છે. (બ્રીચ : 1972 : 26 – 27) સંચાલન એટલે સમગ્ર પ્રવૃત્તિનું સંપૂર્ણ આયોજન, અમલ તથા નિયંત્રણ. સંચાલન એટલે એવી સંગઠિત પ્રક્રિયા છે કે જે દ્વારા સૌ કર્મચારીઓ તથા અન્ય સભ્યો એકત્ર થઈ નિયમ મુજબ કાર્ય કરી ધ્યેય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રવૃત્તિમાં ધ્યેય નક્કી હોય છે અને ધ્યેય પરિપૂર્ણ કરવા, સૌ નક્કી કરેલ કાર્ય કરે છે. આવા કાર્યમાં કાર્ય, જવાબદારી, વળતર, નિયમો નક્કી હોય છે. સંચાલકીય માળખામાં મહદ્ અંશે –

| | |
|---|---|
| મેનેજર્સ | (સંપૂર્ણ જવાબદારી) |
| ↓ | |
| સુપરવાઈઝર | (કામદારો ઉપર નિયંત્રણ) |
| ↓ | |
| ટેક્નોક્રેટસ | (યાંત્રિક નિષ્ણાતો – કાર્યને દિશા) |
| ↓ | |
| ઓફિસ કામદારો | (ઉપરોક્ત માળખાને મદદ–સપોર્ટ) |

– નો સમાવેશ થાય છે.

સંચાલનમાં સંદેશાવ્યવહાર મહત્ત્વના હોય છે. આ સંદેશાના માર્ગોની સૌને સ્પષ્ટ જાણ હોય તે આવશ્યક છે. સંચાલનના કોટિક્રમમાં સત્તા અને તાબેદારીથી સંબંધો જોવા મળે છે. સંચાલનનાં મુખ્ય કાર્યોમાં આયોજન, અમલ, નિયંત્રણ તથા કામ કરનાર વ્યક્તિઓ અંગેના વહીવટના મુદ્દા સામેલ છે.

સંચાલનમાં સમગ્ર પ્રક્રિયા, કાર્ય અંગે આયોજન પાયાની વાત છે. આયોજનમાં ધ્યેય, સંચાલન, સમય, જ્ઞાન, કૌશલ્ય, પ્રવૃત્તિ વગેરેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આયોજન કર્યા બાદ એ પ્રમાણેનો અમલ, નિયંત્રણ અને દિશા પૂરી પાડવાનું મુખ્ય કાર્ય છે, સૌથી મહત્ત્વનું છે. સ્ટાફ પાસે આયોજન પ્રમાણે કામ કરાવવાની વાત. સંચાલનમાં આ બધી જ બાબતો મહત્ત્વની છે.

સંચાલનમાં ભૂમિકા, શ્રમવિભાજન, શિસ્ત, આદેશ મુજબ કાર્ય, સુગ્રથન, હિતોને પ્રાધાન્યતા, કર્મચારીઓને વળતર તથા એકત્વની ભાવના અને પ્રદર્શન મહત્ત્વની બાબત છે.

ઉદ્યોગનું સંચાલન એક સામાજિક પ્રક્રિયા છે અને તેને સફળતા મળે તો ઔદ્યોગિક સંગઠનને સફળતા મળવાની સંભાવના વધે.

**3) કામદાર સંગઠન :** કામદાર સંગઠનના પ્રણેતા કાર્લ માર્કસ, કામદારોને સંગઠિત કરી એક શક્તિ ઊભી કરી, દબાણજૂથ તૈયાર કરી, કામદારોને ન્યાય અપાવવાના દઢાગ્રહી હતા. કામદાર સંગઠન કામદારોના હિત માટે સંગઠિત થઈ સતત મથામણ કરતું સંગઠન છે. ઉદ્યોગોમાં કામદાર સંગઠન અતિ મહત્ત્વનું સંગઠન છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી મજૂરોના હિતરક્ષણ માટે કામદાર સંગઠન એક મહત્ત્વના બળ તરીકે કાર્યાન્વિત થાય છે.

ઔદ્યોગિક ક્રાંતિને લીધે સમાજમાં નવા અસ્તિત્વમાં આવેલા મૂડીવાદીઓ અને મજૂરો બન્ને વચ્ચે સંઘર્ષ શરૂ થયા અને મજૂરોના હિતરક્ષણ માટે કામદાર સંગઠન રચાયાં. મજૂરોની કાર્યની પરિસ્થિતિ, વેતન, કાર્યસ્થળની સુવિધાઓ વગેરે અંગે મજૂરસંગઠનો સક્રિય થયાં. માર્ક્સવાદી વિચારસરણી મુજબ મજૂરસંઘોનું કાર્ય માત્ર વેતન અને કાર્યની સ્થિતિ પૂરતું મર્યાદિત નથી. મજૂરસંઘોએ મૂડીવાદી શાસનવ્યવસ્થાને ઉથલાવી સમાજવાદી સમાજવ્યવસ્થા લાવવાની ક્રાંતિકારી ભૂમિકા ભજવવાની છે. મજૂરસંઘોનો ઉદ્ભવ માનવ અધિકારોના ખ્યાલમાંથી ઉદ્ભવ્યો છે. માર્કસની સક્રિય ભૂમિકાને કારણે માર્કસે સામાજિક ક્ષેત્રમાં વંચિતો માટે ખૂબ મોટી આશા જગાડી તથા વંચિતોની તરફદારી કરી પરંતુ માર્કસ પણ સ્ત્રીના કામને સંપૂર્ણપણે અવગણે છે. માર્કસે સ્ત્રીઓ માટે વિચાર્યું નહીં એવું કહી શકાય. માર્કસ માનવહકની વાત કરે છે પણ સ્ત્રીના અધિકારની વાત કરતો નથી.

માર્કસે અનૌપચારિક સંગઠનોમાં કામ કરતાં દરેક માનવીની વકાલાત કરી. માર્કસવાદી વિચારધારાના વ્યાપને કારણે જ મજૂર ચળવળની શરૂઆત થઈ, સંગઠનો થયા અને મજૂર અધિકારની ચર્ચા શરૂ થઈ.

## 2.4 શ્રમ સંગઠન

શ્રમ એ ભૌતિક દુનિયાનું સર્જક બળ છે. ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં પણ વ્યક્તિ શ્રમ દ્વારા વસ્તુઓ બનાવતો હતો અને બજાર અસ્તિત્વમાં હતું. પૂર્વ ઔદ્યોગિક કાળમાં પણ વિવિધ વ્યવસાયના લોકો એકત્ર થઈ ધારાધોરણો બનાવતા. દા.ત., આજે પણ એક જ પ્રકારની કારીગરી કરતાં લોકો, કડિયાઓ અમાસની રજા પાળે છે. ત્યાર બાદ ઔદ્યોગિક ક્રાંતિ પછી કામદાર સંગઠનો કાર્યરત બન્યાં. મજૂર એટલે જે પોતાના હાથથી કાર્ય કરે, શ્રમનું કાર્ય કરે તે મજૂર. અલબત્ત, ઔદ્યોગિક કામદાર સંગઠનમાં હજી ખેતમજૂરનો સમાવેશ થતો નથી. માત્ર ઔદ્યોગિક ક્ષેત્રમાં કાર્ય કરનાર શ્રમિકોના સંગઠનનો ઉદ્ભવ થયો. કાર્લ માર્ક્સ જાણીતા સમાજશાસ્ત્રીએ જગતના બધા જ શ્રમિકોને સંગઠિત થઈ, દબાણજૂથ તૈયાર કરી પ્રભાવશાળી બનવાની શીખ આપી છે. સમગ્ર વિશ્વમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં શ્રમિક સંગઠનો કાર્ય કરે છે.

ભારતમાં ઈ.સ. 1870 ના ગાળામાં કારખાનાં શરૂ થયાં. કારખાનાં શરૂ થયાના પાંચ વર્ષ બાદ જ ઈ.સ. 1875માં સૌરાબજી શાપુરજીની આગેવાની હેઠળ મુંબઈમાં કેટલાક સમાજસેવકોએ કામદાર ચળવળની શરૂઆત કરી. આ ચળવળ કારખાનાઓમાં સ્ત્રી અને બાળકોની અમાનવીય પરિસ્થિતિ સુધારવા માટેની હતી. ભારતમાં ઈ.સ. 1877માં નાગપુરની એમ્પ્રેસ મિલમાં સૌપ્રથમ હડતાલ પડી અને શ્રમિક સંગઠન દબાણ જૂથ બન્યું. ત્યારબાદ ઈ.સ. 1890માં પણ હડતાલ પડી. ભારતમાં સંગઠિત કામદાર ચળવળનો પાયો નારાયણ મેઘજી લોખંડેએ નાખ્યો. 1884માં તેમણે કામદાર પરિષદ બોલાવી. 1882 થી 1890 સુધી માત્ર મુંબઈમાં 25 હડતાલો પડી. વ્યાપારમાં મંદી આવવાથી ધીમે ધીમે કામદાર સંગઠનની પ્રવૃત્તિ ધીમી પડી.

ઈ.સ. 1904માં કપાસના વ્યાપારમાં તેજી આવતા કામદારોના કામના કલાકો વધ્યા, તેને પરિણામે કામદારોમાં અસંતોષ ઉદ્ભવ્યો. આ સંતોષની અસર પરદેશના કામદારો પર પણ પડી. આ અસરને કારણે, આના વિરોધમાં 1904 થી 1911 સુધીમાં રેલવેમાં, સરકારી પ્રેસમાં અનેક જગ્યાએ હડતાલો પડી. ઈ.સ. 1910માં મુંબઈમાં કેટલાક કામદારોએ 'કામદાર હિતવર્ધક સભા' નામની સંસ્થા સ્થાપી. સરકાર પાસે કામદારની મુશ્કેલીઓ રજૂ કરવાની અને માલિકો–કામદારો વચ્ચેના ઝઘડાઓનું સમાધાન કરવાનું તેમનું કામ હતું. તે સમયે પહેલું વિશ્વયુદ્ધ થયું તેથી તે દરમ્યાન ભાવવધારો થયો. લોકોને આને લીધે તકલીફ થઈ. આ સમય દરમ્યાન કારખાનાં વધ્યાં પરિણામ સ્વરૂપે કામદાર ચળવળોમાં પણ જોર વધ્યું. પ્રથમ વિશ્વયુદ્ધ સમયે કામદારોમાં જાગૃતિ આવી. આ દરમ્યાન જ કામદાર ચળવળનાં મૂળિયાં દૃઢ થયાં. આ વિશ્વયુદ્ધમાં ઘણા કામદારો સૈનિક તરીકે જોડાયા. સૈનિક તરીકે કામ કરવાને લીધે, કામદારોમાં અનેક પરિવર્તનો આવ્યાં. બીજા દેશના સૈનિકો સાથે કામ કરીને તેમને સમજાયું કે બધાં સમાન હોય છે. તેમને ખ્યાલ આવ્યો કે પાશ્ચાત્ય જીવનપદ્ધતિ વધુ આકર્ષક છે કારણ તેમનું સંગઠન મજબૂત હોય છે. આ સંગઠન હોવાને કારણે સૌને આગળ વધવાની સમાન તક પ્રાપ્ત થાય છે. શ્રમિક સંગઠનોની સ્થાપના થઈ અને રાજકીય નેતાઓની તેમને સહાય પણ પ્રાપ્ત થઈ. મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળની અસર શ્રમિક સંગઠનો પર થઈ. તેમના પ્રશ્નોના નિરાકરણ માટે વાટાઘાટો શાંતિપ્રિય સાધનો દ્વારા થઈ શકે અને તેમને જ મહત્ત્વ મળવું જોઈએ એવી છાપ પડી. આને કારણે શ્રમિક ચળવળને એક નવી દિશા અને પદ્ધતિ મળી. ભારતમાં શ્રમિક સંગઠનોનું એક મહત્ત્વનું કારણ એ પણ હતું કે યુરોપમાં આંતરરાષ્ટ્રીય કામદાર કાર્યાલયની શરૂઆત થઈ. શ્રમિકોની આંતરરાષ્ટ્રીય પરિષદો ભરાવવા લાગી.

ભારત આ કાર્યાલય સાથે જોડાયું. આ જોડાણને લીધે ભારતમાં 'અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસ'ની સ્થાપના થઈ. આ સંસ્થામાં વિવિધ વિચારસરણી ધરાવતા મહાજનો જોડાયાં. પ્રથમ વિશ્વયુદ્ધ પછીનાં શ્રમિક સંગઠનોના ઇતિહાસને નીચેના તબક્કાઓમાં વહેંચી શકાય : (1) ઈ.સ. 1919 – 1930 (2) ઈ.સ. 1930 – ઈ.સ. 1939 (3) ઈ.સ. 1939 – ઈ.સ. 1946 (4) ઈ.સ. 1946 – ઈ.સ. 1956 (5) ઈ.સ. 1956 પછીનો તબક્કો.

**1) પ્રથમ તબક્કો (ઈ.સ. 1919 – ઈ.સ. 1930) :** પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી ભારતીય શ્રમિક વર્ગને લાગ્યું કે વધુ સુખ, સગવડ, સવલત, વધુ પગાર અને કામની પરિસ્થિતિમાં સુધારા પ્રાપ્ત કરવા માટે, હડતાલના શસ્ત્રનો ઉપયોગ થઈ શકે એમ છે. વિશ્વયુદ્ધને લીધે, ઉદ્યોગપતિઓને ખૂબ વધુ પ્રમાણમાં નફો મળ્યો, પણ શ્રમિકોના પગાર, વળતરમાં વધારો થયો નહિ. એક બાજુ મોંઘવારી વધી, કામદારોનું વળતર વધ્યું નહિ તેથી કામદારોને ખૂબ વેઠવું પડ્યું. ઈ.સ. 1918 – 19 માં હડતાલોની પરંપરા શરૂ થઈ. આ હડતાલોનાં કારણોમાં કામનો લાંબો સમય, ખરાબ રહેઠાણ, સુખસગવડોનો અભાવ, નિરીક્ષકો તરફથી થતી અપમાનયુક્ત સતામણી વગેરે હતા. ઈ.સ. 1921માં પરિસ્થિતિ ખૂબ ગંભીર હતી. આ

વર્ષમાં 396 હડતાલો યોજાઈ હતી. આ હડતાલોનાં અનેક પરિણામો આવ્યાં. આ વર્ષે જ 'ઇન્ડિયન ફેક્ટરી એક્ટ' (Indian Factory Act)માં સુધારો કરવામાં આવ્યો. આ સમય દરમ્યાન દેશના શિક્ષિત આગેવાનોએ સ્થાનિક કક્ષાએ કામ કરતાં સંગઠનોને એકત્રિત કરી, તેમના પ્રશ્નો અને કાર્યક્રમોની નીતિ માટે મત તૈયાર કરી તેમને સંગઠિત રીતે આ અભિવ્યક્ત કરવા તૈયાર કરવાની શરૂઆત કરી. આ અન્વયે જ ઈ.સ. 1920માં ઑલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (All India Trade Union Congress) સ્થપાઈ. આમાંથી પ્રેરણા લઈ દેશના જુદા જુદા ભાગોમાં નાનામોટા ઉદ્યોગોના કામદારોના યુનિયન રચાયા. આ પ્રથમ તબક્કામાં તેમની સભ્યસંખ્યા વધતી ગઈ. ધીમે ધીમે આ સંગઠન મજબૂત થવા લાગ્યા. પણ ધીમે ધીમે ભિન્ન ભિન્ન વિચારધારાઓ અને દૃષ્ટિબિંદુઓને કારણે તેમાં મતમતાંતરો અને ફુટ પડવાની શરૂઆત થઈ. ભારતના ઉદ્યોગપતિઓના મનમાં આ દ‌ન શ્રમિક ચળવળો તરફ વિરોધની લાગણી ઉત્પન્ન થઈ. આ ઉદ્યોગપતિઓ કામદાર સંગઠનોને માન્યતા આપવાની ના પાડતા હતા. આ સમયે બ્રિટિશ સરકારને પણ કામદારોના પ્રશ્નમાં દખલગીરી કરવાની ઇચ્છા નહોતી. તેમને રસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતો જ હતો. કોઈપણ પ્રકારના સંઘર્ષમાં તેઓ ઉદ્યોગપતિઓનો જ પક્ષ લેતા હતા. જ્યારે ઔદ્યોગિક સંઘર્ષ વધ્યા ત્યારે સરકારે તપાસ સમિતિઓ નીમી અને કમિશનો નીમ્યાં.

**2) દ્વિતીય તબક્કો (ઈ.સ. 1930 થી ઈ.સ. 1944) :** આ સમયમાં સમગ્ર સામાજિક વાતાવરણ ખૂબ ખરાબ થયું હતું. મેરઠ વિપ્લવ કેસમાં સામ્યવાદી આગેવાનોને લાંબી સજા થઈ તથા ઈ.સ. 1929ની મુંબઈની કાપડ ઉદ્યોગોની હડતાલ નિષ્ફળ નીવડી. આ બન્ને બનાવોની અસરને કારણે શ્રમિક ચળવળ મંદ પડી છે. સમગ્ર દેશમાં તીવ્ર આર્થિક મંદી હતી. શ્રમિક સંગઠનમાં ગંભીર મતમતાંતર થયા. પક્ષાપક્ષી ઊભી થઈ. આ પરિસ્થિતિનો ઉદ્યોગપતિઓએ પૂરતો ફાયદો ઉઠાવ્યો. આ સમય દરમ્યાન કામદારોની મોટા પાયા પરની છટણી થઈ. કામદારોના મહેનતાણામાં કાપ મૂક્યો. ઘણા લોકોના દરજ્જા નિમ્ન કરાયા. આ સમયે ઘણી હડતાલો થઈ, પણ મોટા ભાગની નિષ્ફળ નીવડી.

શ્રમિક ચળવળના ઇતિહાસના આ તબક્કામાં શ્રમિકોનું કાર્ય કરતી બે સ્વતંત્ર રાષ્ટ્રિય સંસ્થાઓ હતી: (1) ટ્રેડ યુનિયન કોંગ્રેસ (2) ટ્રેડ યુનિયન ફેડરેશન. ઈ.સ. 1931માં ટ્રેડ યુનિયનના ફરી ભાગલા પડ્યા. ટ્રેડ યુનિયન કોંગ્રેસના ભંગાણે શ્રમિક સંગઠનોની ચળવળની સંગીનતાને ધક્કો લગાડ્યો અને સંગઠિત શક્તિ નબળી પડવા લાગી. આ પરિસ્થિતિને લક્ષમાં રાખી રેલવે મેન્સ ફેડરેશને મધ્યસ્થી કરવાનું સ્વીકાર્યું અને ફરીથી એકતા પુનઃ સ્થાપન કરવાની જવાબદારી સ્વીકારી. ઈ.સ. 1931–32માં એક પરિષદ બોલાવી અને એકતાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો અને સંયુક્ત મંડળ રચી બન્નેને ભેગા કરવાનો પ્રયત્ન કર્યો. છેવટે ઈ.સ. 1938ના એપ્રિલમાં બન્ને ભેગા થયા. આ સંગઠનથી ઉદ્યોગપતિઓના દૃષ્ટિબિંદુમાં કંઈ જ ફેરફાર થયો નહોતો. તેઓએ શ્રમિક સંગઠનોને માત્ર આપવા ખાતર માન્યતા આપી હતી. તેઓ શ્રમિક સંગઠનના કાર્યકરો સાથે કિન્નાખોરી રાખતા હતા. સરકાર શ્રમિકોના પ્રશ્નો અંગે જરા કુણી પડી હતી. તેના દૃષ્ટિબિંદુમાં સુધારો થયો હતો. 1936માં સૌપ્રથમ 'ધ પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ' (The Payment of Wages Act) પસાર કર્યો હતો. આ સમયે જ 'ધ ડોક લેબર એમ્પ્લોયમેન્ટ એક્ટ' (The Dock Labour Employment Act) પણ પસાર કર્યો હતો. જોકે 1948 સુધી આ કાયદાનો અમલ થયો નહોતો. આ સમયના ઉત્તરાર્ધમાં ભારતની રાજકીય પરિસ્થિતિમાં ક્રાંતિકારી પરિવર્તન જોવા મળ્યું. આ દરમ્યાન હિંદી રાષ્ટ્રીય મહાસભાએ રાજ્યવહીવટનાં સૂત્રો સંભાળ્યાં. વતનના લોકોએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં. તેથી લોકોના મનમાં ઘણી આશાઓ જન્મી. આ નવી સત્તા સંભાળનારાઓ કંઈ પરિવર્તન લાવી શક્યા નહિ, તેથી સમગ્ર ભારતમાં હડતાલો પડી. સમગ્ર શ્રમિકોમાં અશાંતિ ફૂટી નીકળી. શ્રમિકોને તેમણે કરેલા પ્રયત્નોમાંથી ખાસ ફાયદો થઈ શક્યો નહિ.

**3) ત્રીજો તબક્કો (ઈ.સ. 1936–46) :** આ સમય દરમ્યાન બીજું વિશ્વયુદ્ધ થયું અને તેની અસરો જોવા મળી. આમાં પ્રાંતીય પ્રધાનો અને બ્રિટિશ સરકાર વચ્ચે મતભેદો થતાં પ્રાંતીય સરકારોએ રાજીનામાં આપ્યાં. આને કારણે વિશ્વયુદ્ધ પહેલાં કામદાર ચળવળોમાં જે સંગઠિતતા હતી, એકતા હતી તે ટકી નહીં. યુદ્ધ તરફ કામદારોએ કયા પ્રકારનો દૃષ્ટિકોણ રાખવો, તે અંગે મતમતાંતરો ઉદ્ભવ્યા. આ મતમતાંતરોને કારણે શ્રમિક એકતા તૂટી.

આ સમય દરમ્યાન ટ્રેડ યુનિયન કોંગ્રેસમાં જે રાષ્ટ્રવાદીઓ હતા, તેમણે હિંદી મહાસભાની આગેવાની સ્વીકારી. સરકારને આ ગમ્યું નહીં, તેથી તેમને લાંબા સમય સુધી જેલમાં રાખ્યા. આ આગેવાનોની લાંબી ગેરહાજરીમાં સામ્યવાદી નેતાઓએ ટ્રેડ યુનિયન કોંગ્રેસ ઉપર કબજો જમાવ્યો. આ સમય દરમિયાન હિંદી કામદાર સંઘે શ્રમિકોમાં યુદ્ધપક્ષી પ્રચાર શરૂ કર્યો. આ સમયે ભારતની અર્થનીતિ મિત્ર રાજ્યોના યુદ્ધની અર્થનીતિ જોડે બંધબેસતી રખાઈ હતી. યુદ્ધ આગળ ધપાવવા માટે દેશનાં માનવીય અને કુદરતી સંશોધનો કામમાં લેવા માટે, દેશના દરેક ક્ષેત્રમાં સંપૂર્ણ ઉત્પાદનની માગણી હતી. આ પરિબળને લીધે

નોકરીની તકો વધી. દેશમાં બેકારીની સમસ્યામાં ઘટાડો થયો. આર્થિક ઉપાર્જન વધ્યું, તેની સાથે ફુગાવો પણ વધ્યો અને ભાવો ખૂબ વધી ગયા. આ બધાને લીધે પ્રજાજનો તકલીફ અનુભવવા લાગ્યા. આ બધાની સાથે શ્રમિકોના વળતરમાં વધારો થયો નહિ. શ્રમિકોની હાડમારીઓ વધી. શ્રમિકોના પ્રશ્ન અંગે ઉદ્યોગપતિઓએ કે સરકારે ધ્યાન આપ્યું નહિ. શ્રમિકો ખૂબ અકળાયા અને તેથી તેઓ હડતાલ ઉપર ઊતર્યા. સરકારે શ્રમિકોના રાહત માટે સુલેહમંડળ નીમ્યું. આ સુલેહમંડળ કાપડ ઉદ્યોગના કામદારોની મોંઘવારી ભથ્થાની માંગણી અંગે ઉપાય કરશે. આ સમય દરમ્યાન કામદારોનું જીવનખર્ચ વધ્યું. શ્રમિકોમાં જાગૃતિ આવી અને તેઓ વધુ ને વધુ સંખ્યામાં સંઘોમાં જોડાયા. આને કારણે ઉદ્યોગપતિઓએ શ્રમિકો માટે કલ્યાણકેન્દ્રો ચાલુ કર્યા. કામદારો અને માલિકો વચ્ચે ચર્ચાઓ શરૂ થઈ. ઈ.સ. 1942માં પ્રથમ ત્રિપક્ષી કામદાર પરિષદ ભરાઈ.

**4) ચતુર્થ તબક્કો (ઈ.સ. 1946 થી ઈ.સ. 1956) :** 1947માં ભારતને આઝાદી મળી અને અનેક પ્રશ્નો ખડા થયા. ભારત અને પાકિસ્તાનના ભાગલા પડ્યા અને મોટી સંખ્યામાં નિરાશ્રિતો ભારતમાં આવ્યા. તેમની વ્યવસ્થા ભારતે કરવી પડી અને એથી આર્થિક નુકસાન વેઠવું પડ્યું. અર્થતંત્રમાં ફુગાવો વધ્યો. શ્રમિકોના વળતરના પ્રમાણમાં મોંઘવારી વધી. આની અસર લોકોના જીવનધોરણ ઉપર થઈ. ભારતનો શણઉદ્યોગ ખૂબ ખરાબ પરિસ્થિતિમાં આવ્યો. તેનું ઉત્પાદન ઘટાડવું પડ્યું, તેમાંથી શ્રમિકોની છટણી થઈ અને શ્રમિકો બેકાર બન્યા. આ બનાવોને લીધે શ્રમિકોના વેતનમાં વધારો, સવલતોમાં સુધારો જેવી અપેક્ષાઓ નામશેષ બની ગઈ. આની અસરને પરિણામે હડતાલો શરૂ થઈ. શ્રમિકોનો જુદા જુદા રાજકીય પક્ષો ઉપયોગ કરે છે, તે તેમને સમજાયું અને તેઓ સંગઠિત બન્યા. ઈ.સ. 1947ના મે માસમાં હિંદ રાષ્ટ્ર મહાસભાના અગ્રણીઓએ શ્રમિક આગેવાનોની પરિષદ દિલ્હીમાં બોલાવી. આ પરિષદની અસરરૂપે ઇન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ સ્થપાઈ. આ સંગઠનનો હેતુ શ્રમિક હિત સાચવવા અને શ્રમિક હિતો માટે સંગઠિત આયોજિત પગલાં લેવા. આ સમય દરમ્યાન કામદારો પોતાની સામાજિક, આર્થિક સ્થિતિ સુધારવા વધુ જાગૃત થયા. ન્યાયાધિકારીઓના ચુકાદાઓથી શ્રમિકોની મદદ મળી. આને કારણે ઉદ્યોગપતિઓના દૃષ્ટિકોણમાં પણ પરિવર્તન આવ્યું, તેઓના આંદોલન પરત્વેનો રોષ ઘટ્યો. કેટલાક ઉદ્યોગપતિઓને એવું લાગવા માંડ્યું કે હવે શ્રમિકોનું આંદોલન સ્થાયી થયું છે. ઉદ્યોગ ચલાવવો હોય તો શ્રમિક સંગઠન સાથે સમાધાન કરવું જ પડશે. કામદારો માટે નિમાયેલા રોયલ કમિશનની ભલામણોનો અમલ કરવાનો પ્રયત્ન સરકારે શરૂ કર્યો. આ પ્રયત્ન અન્વયે જ શ્રમિકોના વળતર અંગે, સુવિધા અંગે કાનૂની અને વહીવટી પગલાં ભરવાની સરકારને ફરજ પડી. આ સમય દરમ્યાન મહત્ત્વના કાયદા પણ ઘડવામાં આવ્યા.

**5) 1956 પછીનો તબક્કો :** આ ગાળામાં અનેક નવા કામદાર સંઘો સ્થપાયા. જે મંડળો છે તેમનો મુખ્ય હેતુ મજૂરોના મતો દ્વારા તથા વ્યાપક રીતે મજૂર પ્રવૃત્તિ દ્વારા દરેક મંડળ પોતાના રાજકીય વિચારોનો પ્રભાવ વધારવા પ્રયાસ કરે છે.

આઝાદી પછી બંધારણીય મૂલ્યને લક્ષમાં રાખી શ્રમિકો માટે ખાસ કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. દરેક ઉદ્યોગમાં કામદાર સંઘ ફરજિયાત હોય તેવી કાનૂની જોગવાઈ કરવામાં આવી અને આ કામગીરીને સ્વીકૃત તથા અધિકૃત બનાવવામાં આવી છે. આ દ્વારા શ્રમિકોની શક્તિ વધી છે.

કામદાર સંગઠન પોતાની સાથે જોડાયેલા સભ્યોના હિત જાળવણીનું કાર્ય કરે છે. સ્વાતંત્ર્યકાળ પછીની વાત સમજીએ તો બંધારણીય અધિકારોને લક્ષમાં લઈ મજૂરો માટે ખાસ પ્રકારનો Labour Law, તૈયાર થયો તથા તેને માટે અલગ કોર્ટ સ્થપાઈ પરંતુ Globalisation, Liberalisation તથા Privatisation ના કાળમાં કરાર આધારિત કામ તથા કામ આધારિત મૂલ્ય આપવાથી શરૂઆત થઈ છે.આ સંદર્ભમાં કામદાર સંગઠનની ભૂમિકા તપાસીએ.

**કામદાર સંગઠનની ભૂમિકા :** મધ્યયુગમાં રાજાશાહી, સામંતશાહીના યુગમાં માનવહક પ્રાપ્ત નહોતા પરંતુ લોકશાહી સ્થપાયા પછી કામદાર સંગઠનોને સરકારે પણ મહત્ત્વ આપ્યું. કામદારનાં હિતોનું રક્ષણ કરવા કામદાર સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં. ઔદ્યોગિક ક્રાંતિ પછી શ્રમિકોની કફોડી પરિસ્થિતિ સુધારવા, તેમને શોષણમાંથી બચાવવા કામદાર સંઘોની રચના થઈ. કામદાર સંઘના મુખ્ય હેતુ કામદારોની આર્થિક સલામતી અને સુખાકારી જાળવવી, તેમને પ્રતિષ્ઠાભર્યો દરજ્જો અપાવવો, સંગઠન દ્વારા પ્રભાવશાળી બનવું.

કામદાર સંગઠનનું મુખ્ય ધ્યેય કામદારોનાં આર્થિક હિતોની જાળવણી છે. કામદાર સંઘની મુખ્ય ભૂમિકા કામદારોના આર્થિક હિતની છે. કામદાર સંઘ માલિક, રાજ્ય કે અન્ય પ્રભાવશાળી વ્યક્તિ કે સંસ્થાથી મજૂરને (શ્રમિકને) રક્ષણ આપે છે. કામદાર સંઘ વર્ગભેદની માન્યતાને પુષ્ટિ આપે છે. કામદાર સંઘની વિચારસરણી, દૃષ્ટિકોણ, જીવનશૈલી, ભાષા વિશિષ્ટ હોય છે. કામદાર સંઘ લોકશાહી ઢબને વરેલી

કામદાર હિત જાળવવા સંગઠિત સંસ્થા તરીકે કાર્ય કરે છે. કામદાર સંઘ કામદારોની સંપૂર્ણ ભાગીદારીથી કામદારોને પ્રભાવશાળી બનાવતી સંસ્થા છે.

કામદાર સંઘે વિશ્વમાં જાગૃતિ લાવી, માનવહક્કને ઉજાગર બનાવ્યો. કાર્લ માર્ક્સના વિચારોએ તથા કાર્યે આ ચળવળને સુદૃઢ તથા સુવ્યવસ્થિત બનાવી. સમગ્ર વિશ્વમાં આ ચળવળે જાગૃતિ આણી.

ભારતમાં કામદાર સંઘે પોતાની ભૂમિકા ભજવી તેમાંથી કેટલાક મહત્ત્વના મુદ્દા જોવા મળે છે.

- ભારતીય ઉદ્યોગમાં કામ કરતા કામદારોનાં સર્વસામાન્ય હિતો જાળવવા તેમને જાગૃત કરી, સંગઠિત કરી, શ્રમિક ચળવળ ઊભી કરવામાં કામદાર સંઘોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કામદાર સંઘોએ કામદારોને તેમના પ્રશ્ન સમજવામાં તેની વિશદ છણાવટ કરવામાં, તેના ઉકેલ શોધી આપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. કામદાર સંઘોએ ઔદ્યોગિક કામદારોને નોકરીમાં સલામતી, લઘુતમ વેતન, કામના યોગ્ય કલાકો નિર્ધારીત કરવામાં, કાર્યસ્થળનું યોગ્ય વાતાવરણ પ્રાપ્ત કરાવી આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કામદારની દયાહીન, લાચાર પરિસ્થિતિને બદલે કામદાર માલિક કે સંચાલક સાથે એક સમાન ફલક ઉપર ચર્ચા કરી, પ્રશ્નોના ઉકેલ લાવી શકે તેવી પરિસ્થિતિ સર્જી કામદારોને અધિકારો અપાવ્યા છે.
- ઔદ્યોગિક કામદારોને ઉત્પાદનની આધુનિક તથા કાર્યક્ષમ પદ્ધતિ અંગે તાલીમ આપી તેમનામાં કાર્યક્ષમતા વધારી, તેમનામાં પ્રતિબદ્ધતા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

  કામદાર સંઘ સંગઠિત બની એક દબાણજૂથ તરીકે પ્રભાવશાળી બને છે. જો આ જૂથ પ્રભાવશાળી બને તો તે રાજકીય ફલક ઉપર પણ પ્રભાવશાળી બની શકે. ભારતીય સંદર્ભે તપાસીએ તો કામદાર સંઘો ઔદ્યોગિક અને શ્રમનીતિના ઘડતરમાં શ્રમસંગઠનોએ દબાણજૂથ તરીકે કાર્ય કર્યું છે. જોકે કામદાર સંઘો સ્વતંત્ર રાજકીય પક્ષ તરીકે અથવા રાજકારણમાં પ્રભાવી જૂથ તરીકે કાર્ય કરી શક્યા નથી.
- ભારત વિવિધતાઓથી ભરપૂર દેશ છે. આ દેશમાં કામદારોમાં પણ પ્રાદેશિક, ભાષાકીય, જ્ઞાતિની, ધર્મની વિવિધતાઓ દૃશ્યમાન થાય છે. આ બધા જ ભેદભાવો હોવા છતાં કામદાર સંઘો સુમેળથી, સુગ્રથિત રીતે કાર્ય કરી શક્યા છે. એકસાથે એક ફલક ઉપર બધા જ કામદારો માત્ર કામદાર તરીકે ભૂમિકા ભજવે એવી પરિપાટી કામદાર સંઘ ઊભી કરી શક્યો છે.

ભારતની નગરીય સંરચનાનો એક મોટો હિસ્સો ઔદ્યોગિક કામદારોનો બનેલો છે. તેઓના સંગઠિત પ્રયત્નોએ એક ચળવળનો આકાર ધારણ કર્યો છે અને તેને ભારતીય કામદાર ચળવળ કહેવામાં આવે છે. ઈ.સ. 1986મા પ્રાપ્ત આંકડાઓ અનુસાર શ્રમિક સંગઠનોમાં પણ નોંધાયેલા શ્રમિકોની સંખ્યા 45,095 હતી. અલબત્ત નોંધણી ન થઈ હોય એવા શ્રમિકો પણ હતા. શ્રમિક સંગઠનો સ્થાનિક કક્ષાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધીના જોવા મળે છે. ભારતમાં શ્રમિક સંગઠનોના વ્યવસ્થાતંત્રીય માળખાની ટોચ ઉપર રાષ્ટ્રીય સ્તરે 14 જેટલાં મહામંડળો કાર્યરત છે. આ બધાં જ મંડળો એકબીજાની સાથે કાર્ય કરે છે અને સ્થાનિક કક્ષાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી એક ચોક્કસ પ્રકારની એકતા દર્શાવે છે. ભારતીય ઉપખંડમાં શ્રમિક સંગઠનને બહારથી નેતૃત્વ પ્રાપ્ત હતું. ભારતીય શ્રમિકો સ્થળાંતરિત શ્રમિકો છે. ગામમાં કોઈપણ પ્રકારનું કામ ન મળવાને કારણે આ મજૂર જથ્થો શહેરમાં મજૂરીની શોધમાં સ્થળાંતરિત થાય છે.

ભારતમાં શ્રમિક ચળવળનો પ્રારંભ સંસ્થાનિક કાળમાં થયો હતો, છતાં તેનું સ્વરૂપ બ્રિટનની શ્રમિક ચળવળો કરતાં ભિન્ન જોવા મળે છે. શ્રમિક ચળવળના પ્રારંભિક તબક્કામાં કુશળ કારીગરોનો સમાવેશ શ્રમિક સંગઠનમાં કરવામાં આવ્યો નહોતો. આને લીધે શ્રમિક વર્ગ મર્યાદિત રહ્યો હતો. કુશળ કારીગરો આમાં ન હોવાથી એમાં બધા જ શ્રમિકો જોડાયા નહોતા એમ કહી શકાય. આ શ્રમિક સંગઠનમાં પ્રારંભિક કાળમાં નેતાગીરી બહારની હતી. શ્રમિક ચળવળનો પ્રારંભિક તબક્કો ભારતની આઝાદીની ચળવળના પ્રભાવ નીચે વિકસ્યો. સ્વાતંત્ર્ય ચળવળનાં મૂલ્યો એનામાં પણ જોવા મળ્યાં. આ શ્રમિક ચળવળની કોઈ સ્પષ્ટ વિચારધારા જોવા મળી ન હતી. ભારતીય શ્રમિક ચળવળ યુરોપની તુલનામાં ભિન્ન રીતે વિકાસ પામી. ભારતીય શ્રમિક ચળવળ કોઈ નવી ક્રાંતિકારી સામાજિક વ્યવસ્થાની સંકલ્પના ધરાવતી નહોતી. પ્રારંભકાળના ઔદ્યોગિક શ્રમિક વર્ગનો એક નોંધપાત્ર હિસ્સો દુષ્કાળની તીવ્રતાને કારણે જેમને પોતાના ઘર અને વતન છોડવાની ફરજ પડી હતી તેવા ગ્રામીણ ગરીબોનો બનેલો હતો. તેઓ થોડુંક કમાઈ લેવા શહેરોમાં આવતા હતા. આ શ્રમિકો ખેતીના અભાવે જીવન ચલાવવા માટે, થોડીક કમાણી કરવા શહેરોમાં આવતા હતા. આ શ્રમિકો ઔદ્યોગિક શ્રમિક બની ગયા નહોતા. શ્રમિકોમાં વારંવાર પરિવર્તન આવતા હતા. આ શ્રમિકો સાંસ્કૃતિક રીતે ગ્રામવિસ્તાર, ગ્રામીણ સમાજ સાથે બંધાયેલા, ફરજિયાત સ્થળાંતર કરીને આવેલા છૂટક મજૂરો હતા. આમાં માત્ર શ્રમિકો જવાબદાર નહોતા, પણ ભારતીય

સંગઠનો રાજકીય પક્ષો પર નિર્ભર હોવાને કારણે શ્રમિક ચળવળની એકતા અને સ્વાયત્તતામાં બાધક નીવડે છે.

**શ્રમિક સંગઠનોની મર્યાદાઓ :**

કાર્લમાર્ક્સ કહે છે કે દુનિયાના શ્રમજીવીઓ એકત્ર થાવ એ જ શક્તિશાળી થવાનો ઉપાય છે. ઉદ્યોગોના વિકાસ સાથે અનેક સંગઠનો ઊભાં થયાં. આવાં શ્રમિક સંગઠનોએ શ્રમિકોને અનેક લાભ અપાવ્યા. લાભ અપાવવાની સાથે કેટલીક મર્યાદાઓ પણ શ્રમિક સંગઠનોને નડી. કેટલાંક પરિબળો શ્રમિક સંગઠનોની તાકાતને નકારાત્મક અસર કરે છે. શ્રમિક સંગઠનોની તાકાતને અમુક પરિબળ અસર કરે છે. ચોક્કસ કાનૂની અને રાજકીય પરિબળોથી થયેલા વિઘટન, ઉપરાંત, વધતી જતી બેરોજગારીના કારણે સરળતાથી પ્રાપ્ય વૈકલ્પિક શ્રમની સમસ્યા પણ છે. શ્રમિક સંગઠનને, બિનસંગઠિત શ્રમની હાજરી પણ મજબૂત શ્રમિક ચળવળને અવરોધનારું પરિબળ છે.

સંચાલકોએ, શ્રમિક સંગઠનોથી, સંગઠિત શ્રમ પર પોતાનું આધારિતપણું ઘટાડવા કેટલીક વ્યૂહરચનાઓ બનાવી છે. સંચાલકો કરાર હેઠળ કામદારોની નિમણૂક કરે છે. તે ઉપરાંત તેઓ કેટલીક ચીજોનું ઉત્પાદન કરવાના પેટાકરાર આપે છે. ક્યારેક પોતાના ટેકાવાળા શ્રમિક સંગઠનને શ્રમિકો વતી ચર્ચા કરવા બોલાવે છે.

સેવાક્ષેત્ર ખૂબ વિકસ્યું હોવાથી વ્હાઈટ કોલર કર્મચારી વર્ગની સંખ્યા નોંધપાત્ર રીતે વધી છે. સંખ્યા વધવાને કારણે તેઓની ભૂમિકાઓની સમજ તીવ્રપણે ભિન્નતા પામી છે અને સફેદ કોલર શ્રમિક સંઘવાદ અલગ રીતે ઊભો થયો છે.

સંચાલકોની શ્રમિક સંઘ હેઠળના શ્રમિકોના પ્રશ્નો વિરુદ્ધની તરકીબોની સામે, પૂરતી પ્રતિક્રિયા ઘડવાની પ્રક્રિયામાં, હજી સુધી ભારતની શ્રમિક ચળવળ અટવાયેલી છે. બહારની વ્યાવસાયિક નેતાગીરીમાંથી આવી પ્રતિક્રિયા ઊભી થઈ હોવાનું જણાતું નથી, કારણ કે તેણે શ્રમિકોના નાણાકીય લાભોથી આગળ કોઈ બાબતની ચિંતા કરી નથી. કાર્યસ્થળની મૂંઝવણની પાયાના સ્તરની સજાગતાને નવા શ્રમિક સંગઠનના સ્થાપન અને નવી નેતાગીરીને જન્મ આપ્યો છે.

ટૂંકમાં, ભારતીય શ્રમિક ચળવળનો ઇતિહાસ લાંબો હોવા છતાં સારી રીતે ઘડાયેલ શ્રમિક વર્ગની વિચારધારા અને વર્ગવફાદારીની ગેરહાજરીમાં, ચળવળમાં સંચાલકોની તાકાતનો સામનો કરી શકે તેવી પૂરતી તાકાત ઊભી થઈ નથી. ચળવળ સાંસ્કૃતિક અને પક્ષીય ધોરણે વ્યાપક વિઘટનથી પીડાય છે. બીજી બહારની વ્યાવસાયિક નેતાગીરીને, કાર્યસ્થળની કટોકટીભરી સમસ્યાઓ બાબત ખેવના ન હોવાથી અને શ્રમિકોને એકત્રિત અને કાર્યશીલ બનાવવામાં તેઓને નિષ્ફળતા મળી હોવાથી ચળવળ નબળી પડી છે. ભારતીય શાસનવ્યવસ્થાએ પણ કોઈ વિધેયાત્મક ભૂમિકા ભજવી નથી. ભારતમાં શ્રમિક સંગઠનોને કોઈ મજબૂત કાનૂની ટેકો પ્રાપ્ત નથી. ધંધાકીય હિતો અને સંઘોની માગણીઓ વચ્ચે મધ્યસ્થી કરવાના હેતુ સાથેની કોઈ અસરકારક વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવી નથી.

**ગુજરાતમાં મજૂર મહાજન સંઘ અને તેની ભૂમિકા :**

અમદાવાદમાં ગાંધીજીની વિચારધારાને અનુસરીને તેને સાર્થક બનાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. અમદાવાદમાં ગાંધીજીએ કોચરબમાં આશ્રમ શરૂ કર્યો ત્યારે શ્રી અનસુયાબેન સારાભાઈએ અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. તેમની પ્રેરણા મહાત્મા ગાંધી હતા. તેમણે મજૂરોના કલ્યાણ માટે ''મજૂર મિત્ર મંડળ''ની સ્થાપના કરી. તે દ્વારા તેઓએ અનેક પ્રકારના મજૂરકલ્યાણનાં કાર્યો હાથ પર લીધા; જેવા કે મજૂરશિક્ષણ, મજૂરોના આરોગ્ય અને દાક્તરી મદદ, કરકસર, બચત, સહકારી મંડળીઓ બનાવવી, પગારમાં સુધારણા બાબત અને તેમને થતા બીજા અન્યાય માટે લડત ચલાવવાનાં આ કાર્યોથી આકર્પાઈ અમદાવાદની મિલોના મજૂરોના ઓછા પગાર અંગે લડત ચલાવી. આવી વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓમાંથી જ ઈ.સ. 1920માં મજૂર મહાજન સંઘની રચના થઈ. સામાન્ય રીતે મજૂરમંડળનો પ્રારંભ મજૂરોના પગાર, કામના કલાક, કારખાનામાં ત્રાસ, જુલમ કે અન્યાય અંગેની ફરિયાદ નિવારણમાંથી થતો હોય છે. પરંતુ અમદાવાદના મજૂર મહાજનનો પ્રારંભ અને ભૂમિકા મજૂરોના કલ્યાણકાર્યમાંથી સર્જાઈ. મજૂર મહાજનના કાર્યકરોની પસંદગી મજૂરોમાંથી કે મજૂર કાર્યમાં રસ ધરાવનાર વ્યક્તિઓમાંથી સહજ ભાવે થતી રહી છે. મજૂર મહાજનના કાર્યક્રમ અને ખાતામાં મુખ્ય બે પ્રકાર પાડવામાં આવ્યા છે : (1) ફરિયાદ વિભાગ (2) સમાજસેવા. ફરિયાદ વિભાગમાં મિલોમાંના મજૂરોના પગાર, ત્રાસ, કામની ખરાબ પરિસ્થિતિ, અન્યાય વગેરે ફરિયાદોના નિકાલ કરવામાં આવે છે. સમાજસેવા વિભાગમાં મજૂરો માટે ગ્રંથાલય, શિક્ષણ, નારી પ્રવૃત્તિ, બાળકલ્યાણ વગેરે પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. આમ મજૂર મહાજન મજૂરોનો બેવડો સંપર્ક રાખે છે. મજૂર મહાજન ફરિયાદોનું નિવારણ કરે છે અને કલ્યાણ કાર્યો કરે છે. ગાંધીજી મજૂર મહાજનમાં અવારનવાર જતા અને સાચી કેળવણી વિશે સમજણ આપતા તથા

સમાજમાં ઔદ્યોગિક વિકાસ ખૂબ ધીમો હતો. આ પરિસ્થિતિ 20મી સદીમાં ઝડપી ઉદ્યોગીકરણ અને શહેરીકરણ થવાથી બદલાઈ. શ્રમિકોનો જમીન સાથેનો સંબંધ તૂટ્યો. શ્રમિકોનું જમીન ઉપરનું અવલંબન ઘટ્યું. કલકત્તા, મુંબઈ જેવાં મહાનગરોમાં કામ કરતા શ્રમિકો, ખેતી અને ગૃહઉદ્યોગથી છૂટા પડી ગયા અને સંપૂર્ણ અર્થમાં ઔદ્યોગિક શ્રમિકોનો વર્ગ ઉદ્ભવ્યો.

દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યાં સુધીમાં ભારત વિશ્વમાં મહત્ત્વના ઔદ્યોગિક સંઘ તરીકે ઉદય પામી ચૂક્યું હતું. દેશમાં મહત્ત્વપૂર્ણ શહેરોમાં ઔદ્યોગિક શ્રમિકોનું પ્રમાણ ખૂબ વધ્યું. ભારતીય અર્થવ્યવસ્થાના કેન્દ્રીય તંત્રમાં ઉદ્યોગીકરણની પ્રચંડ ઝડપ, ભૂમિહીન મજૂરોમાં થયેલ વૃદ્ધિને કારણે શ્રમિક વર્ગ શહેરોમાં સ્થળાંતરિત થયો.

ભારતની શ્રમિક ચળવળમાં દેશની ઔદ્યોગિક અને રાજકીય પ્રક્રિયાનું પ્રતિબિંબ પડે છે. શરૂઆતમાં આ ચળવળ માત્ર કાપડ ઉદ્યોગોના કામદારોમાં વ્યાપી હતી. ત્યાર બાદ ધીમે ધીમે શ્રમિક સંગઠનો વ્યવસ્થિત તંત્ર તરીકે સ્થપાતાં આ ચળવળ વિવિધ ઉદ્યોગોના શ્રમિકોમાં પણ વ્યાપી. આજે ઔદ્યોગિક વિકાસની બધી જ વિવિધતાઓનું પ્રતિબિંબ તેમાં જોવા મળે છે. સંગઠિત શ્રમિક ચળવળો બધાં જ ઔદ્યોગિક ક્ષેત્રોમાં પ્રસરી અને વિકસી છે.

**ભારતીય શ્રમિક ચળવળનાં લક્ષણો :**

ભારતમાં શ્રમિક ચળવળ બીજા ઔદ્યોગિક દેશો કરતાં વિભિન્ન રીતે વિકસી. આ ચળવળનાં કેટલાંક લક્ષણોની ચર્ચા કરીએ :

1) ભારતીય શ્રમિક સંગઠનના કાર્યફલકનો પાયો સાંકડો હતો. આ ફલક સાંકડું હોવાનાં બે કારણો છે: પહેલું કારણ એ કે અર્થવ્યવસ્થાના સંગઠિત ક્ષેત્ર પૂરતો જ એ મર્યાદિત હતો. બીજું કારણ એ કે શ્રમિક સંગઠનો પ્લાન્ટને આધારે રચાયાં અને તેમનાં કદ નાનાં હતાં.

2) ચળવળની બીજી ખાસ લાક્ષણિકતા એ હતી કે તે મુંબઈ, બેંગ્લોર, કલકત્તા અને મદ્રાસ જેવાં શહેરો પૂરતી મર્યાદિત બની. ખાસ કરીને આ ચળવળોનો પાયો પ્રાંતીય રહ્યો.

3) ભારતીય શ્રમિક ચળવળ સ્પષ્ટપણે સામંતશાહીવાદી વલણ ધરાવતી હતી, તેથી તેમાં વર્ગલક્ષી ઝુકાવ નથી. આવું હોવાનું મુખ્ય કારણ આ ચળવળનો વિકાસ રાષ્ટ્રીય ચળવળના પ્રભાવ નીચે થયો હતો. સંસ્થાનિક શાસનની વિરુદ્ધ સંગઠિત મોરચો ઊભો કરવા માટે, આ ચળવળે, સમાધાનલક્ષી રાજકરણ ઉપર ભાર મૂક્યો. પાછળથી ડાબેરીઓ આવ્યા અને તેઓએ ચળવળના એક ખંડની નેતાગીરી સંભાળી. તેણે રાષ્ટ્રીય ચળવળે સ્થાપેલાં ધોરણોના માળખામાં જ કામ કરવાનું હતું. ભારતનો શ્રમિક વર્ગ પશ્ચિમના દેશોના શ્રમિકોના કામદારોના જેવો સુનિશ્ચિત રોજી કમાનાર વર્ગ નથી. સાથે સાથે શ્રમિકો સામાજિક રીતે સમરૂપ વર્ગ ન હતો. શ્રમિકોના એક જૂથ થવામાં જ્ઞાતિ, સમુદાય અને પ્રાંતીય ભિન્નતા અવરોધરૂપ પરિબળ બન્યા છે. વધુમાં વધુ ગ્રામમૂલ્યોનું એક મહત્ત્વનું તત્ત્વ ભારતીય શ્રમિક વર્ગના વ્યક્તિત્વને ઘડે છે. નવા નગરીય મૂલ્ય અને જૂનાં ગ્રામમૂલ્યો વચ્ચેનો તણાવ આજ સુધી ચાલુ રહ્યો છે. તેથી જ ભારતીય શ્રમિક ચળવળમાં સ્પષ્ટ વર્ગીય વ્યક્તિત્વ અને વર્ગસંઘર્ષની મનોવૈજ્ઞાનિક ભૂમિકા ગેરહાજર છે.

4) ભારતની શ્રમિક ચળવળનું રાજકીય પક્ષો સાથેનું તેનું ગાઢ જોડાણ છે. શ્રમિક સંગઠનોનાં માળખાંની ટોચ પર કેટલાક રાષ્ટ્રીય સંઘો છે. આ સંઘો પૈકીના મોટા ભાગના ઔપચારિક રીતે એક યા બીજા રાજકીય પક્ષો સાથે સંકળાયેલા છે. ઑલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (All India Trade Union Congress) 1947માં આ જાતનો એક જ મહાસંઘ હતો. તેની ઉપર ભારતીય સામ્યવાદી પક્ષનું આધિપત્ય હતું. ત્યાર પછી જ બધા જ રાજકીય પક્ષોએ પોતાની રાષ્ટ્રીય પાંખો સ્થાપિત કરી. આ જાતનાં અખિલ ભારતીય સંગઠનોમાં ધ ઇન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ, ધ મજૂરસભા, યુનાઇટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ, ધ સેન્ટર ઓફ ઇન્ડિયાઝ ટ્રેડ યુનિયન્સ અને ભારતીય મજદૂર સંઘનો સમાવેશ થાય છે. તેઓ અનુક્રમે કોંગ્રેસ, સી.પી.આઈ., જનતાદળ, બિનસામ્યવાદી ડાબેરીપક્ષ, સી.પી.આઈ.એમ. અને ભારતીય જનતા પક્ષ સાથે જોડાયેલા છે. આ પ્રક્રિયાથી ભારતીય શ્રમિક ચળવળમાં ટુકડાઓ થવાની પ્રક્રિયા થઈ છે.

5) શ્રમિક ચળવળમાં સ્વાયત્ત વિકાસનો અભાવ એ પણ શ્રમિક ચળવળની લાક્ષણિકતા છે. આ ચળવળ નોંધપાત્ર રીતે બહારનાં પરિબળો પર આધાર રાખે છે. સાધારણ રીતે, મુખ્ય રાજકીય પક્ષોના સભ્ય હોય તેવા મધ્યમવર્ગીય વ્યાવસાયિક રાજકારણીઓ નેતાગીરી પૂરી પાડે છે. શ્રમિક સંગઠનોના આંતરિક રાજકરણમાંથી નેતાગીરી ઉત્પન્ન થતી નથી. આને લીધે શ્રમિકોના સર્વસામાન્ય સમૂહને જવાબ આપવા, તેમના પ્રશ્નોના ઉકેલ માટે આ નેતાગીરી બંધાયેલી નથી. આ કારણને લીધે શ્રમિક સંગઠનોમાં સર્જનાત્મક આંતરિક રાજકિય પ્રક્રિયા થતી નથી. શ્રમિક

કહેવતોને ભૂલવા સમજાવતા. આમ ગાંધીજીના સીધા માર્ગદર્શન હેઠળ મજૂરોમાં શિક્ષણ અને સમાજસુધારણાના કાર્યને વેગ મળ્યો. ગાંધીજીની સલાહ મુજબ મજૂર શિક્ષણના કાર્યને વેગ મળ્યો. ગાંધીજીની સલાહ મુજબ મજૂર સ્ત્રીઓના આરોગ્ય માટે, મજૂરો માટે મજૂર મહાજને હોસ્પિટલ શરૂ કરી. અસ્પૃશ્યતાનિવારણ કાર્યને પણ વેગ મળ્યો. તેઓએ મજૂરોના કલ્યાણ માટે ''મજૂરસંદેશ'' નામના માસિકનો પણ પ્રારંભ કર્યો હતો. મજૂર મહાજને કુમારમંડળ, સ્વયંસેવક દળ, બાલમંદિર, કન્યાગૃહ વગેરેનો પ્રારંભ કર્યો. અમદાવાદની સુધરાઈમાં મજૂર પ્રતિનિધિને ચૂંટાઈને મોકલ્યા. ઈ.સ. 1924માં અમદાવાદની સુધરાઈમાં હરિજન પ્રતિનિધિને ચૂંટી મોકલ્યા પછી, મજૂર લત્તાઓમાં ક્રમે ક્રમે સુધારા થવા લાગ્યા. આ સમય દરમ્યાન મજૂર વિસ્તારોમાં દીવાબત્તી, નિશાળો, સફાઈ, બાગબગીચા, રમતગમતનાં સાધનો, રસ્તા, આરોગ્યસુધારણાની વ્યવસ્થા થવા લાગી. સુધરાઈમાં મજૂર પ્રતિનિધિઓની સંખ્યા વધવા લાગી.

મજૂર મહાજને ફક્ત અમદાવાદમાં જ નહીં પણ ગુજરાતમાં વિવિધ સ્થળોએ મજૂર સંગઠનો ઊભા કરવાની માંગણી થાય ત્યાં મદદ કરતા. ગુજરાતમાં ભાવનગર, રાજકોટ, વડોદરા, નડિયાદ, સુરત અને કલોલ વગેરે સ્થળોએ મજૂરમંડળો શરૂ કર્યા. સમગ્ર દેશભરમાં રચનાત્મક કલ્યાણની દષ્ટિવાળાં મજૂરમંડળો વધે તેવા પ્રયત્નો કર્યા.

આ મજૂર મહાજનના ઉદ્દેશ્યો અને કાર્યો નીચે પ્રમાણેનાં હતાં :

1) મજૂરસંગઠનો રચી માલિકો પાસે માન્યતા મેળવવી.
2) મજૂરસેવકોને તાલીમ આપી કાર્ય માટે તૈયાર કરવા.
3) મજૂર ઉત્થાન માટે કલ્યાણપ્રવૃત્તિઓ ચલાવવી.
4) મજૂરસંગઠનોને માર્ગદર્શન આપવું.
5) મજૂરહિતના કાયદા ધારાસભામાં પસાર થાય તેવા પ્રયાસ કરવા.
6) બધા જ કાર્ય સત્ય અને અહિંસાથી જ કરવા.

આ સિવાય મજૂરમહાજને સામાજિક પ્રવૃત્તિઓ ઉપર પણ ભાર મૂક્યો. આ ઉપરાંત મજૂરમહાજને સંગઠન ઉપર વિશેષ ભાર મૂક્યો અને સંગઠન મજબૂત બને તે માટે પ્રયાસ કર્યા. અમદાવાદના આ મજૂર મહાજને સહકારી મંડળીઓ પણ રચી અને ચલાવી. સાથે સાથે ગૃહમંડળીઓ રચવાના પ્રયાસ પણ કર્યા. મજૂરમહાજને પરદેશની જેમ અહીં માત્ર ઔદ્યોગિક પ્રશ્નો હલ કરવા માટે કાર્ય નથી કર્યું. તેણે મજૂરો અને ઉદ્યોગપતિઓ વચ્ચેના પ્રશ્નોને હલ કરવાના પ્રયત્નો કર્યા અને તે ઉપરાંત મજૂરકલ્યાણ માટેની પ્રવૃત્તિઓ પણ હાથ ધરી. આ સંગઠને મજૂરકલ્યાણની પ્રવૃત્તિઓ હાથ ધરી. આ મજૂરમહાજને માત્ર મજૂર માટે નહિ, પણ તેવાં કુટુંબ માટે કલ્યાણ કાર્યક્રમો યોજે છે. આ મજૂરમહાજને અન્ય મજૂરમંડળોને પણ સતત વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું છે.

## 2.5 શ્રમિક સંગઠન દ્વારા પરિવર્તન

સમાજ વિવિધ સંસ્થાઓ, જૂથો, સમુદાયોનો બનેલો છે. આ સમાજમાં કોઈપણ સંગઠન કે સંસ્થા બને તો તેની અસર તેના આજુબાજુના વાતાવરણ પર પડતી હોય છે. શ્રમ એ માનવજીવનમાં, સમૂહજીવનમાં કેન્દ્રસ્થાને હોય છે. દરેક માનવ વિવિધ પ્રકારનાં કાર્યોમાં, શ્રમમાં કાર્યરત હોય છે. શ્રમિકો દ્વારા પોતાની સમસ્યાઓને હલ કરવા માટે સંગઠનો બન્યાં. આ શ્રમિક સંગઠનોનો મૂળ હેતુ આર્થિક કલ્યાણનો છે. પાશ્ચાત્ય સમાજમાં મજૂરસંગઠનોનો હેતુ માત્ર આર્થિક કલ્યાણ હોય છે. પણ ગુજરાતમાં ગાંધીજીની રાહબરી હેઠળ જે શ્રમિક સંગઠનો ઉદ્ભવ્યાં તેમણે શ્રમિકોના સર્વાંગી કલ્યાણ, ઉન્નતિ, ઉત્થાનમાં રસ લીધો અને તેવા કાર્યક્રમો યોજ્યા. શ્રમસંગઠન શ્રમિકોને માલિક સાથે ચર્ચા કરવા, માલિક સાથે સોદાબાજી કરવા શક્તિ આપે છે. શ્રમસંગઠનની અસર મજૂરના વર્તન, વ્યક્તિત્વ, માનસિકતા તથા વલણ ઉપર પણ જોવા મળે છે. શ્રમસંગઠનની અસર શ્રમિકોના જીવન ઉપર પણ ગહન અસરો નિપજાવે છે. સ્વાભાવિક રીતે જ શ્રમિક સંગઠનની અસર તેના વળતર, કાર્યની પરિસ્થિતિ, કારખાનાના નિયમો તથા નોકરીના નિયમો ઉપર જોવા મળે છે. આર્થિક વળતર તથા કાર્યની પરિસ્થિતિ વ્યક્તિના જીવન ઉપર અસર કરે છે. શ્રમિક સંગઠનથી વ્યક્તિની આર્થિક, સામાજિક અને માનસિક જીવન ઉપર અસરો જોવા મળે છે. મહાત્મા ગાંધી મહાત્મા કહેવાયા કારણ તેમણે માત્ર સમાજના છેલ્લા માણસ વિશે વિચાર્યું તથા તેમને માટે તેમણે કોઈપણ પ્રકારની સહાયની અપેક્ષા વિના માત્ર પોતાના વિચાર તથા વ્યૂહરચનાથી કાર્યક્રમની શરૂઆત કરી.

**1) આર્થિક અસરો :** શ્રમિક સંગઠનનો હેતુ જ શ્રમિકોનું કલ્યાણ છે અને ખાસ કરીને આર્થિક કલ્યાણ. આ સંગઠનો સૌપ્રથમ શ્રમિકોનું કલ્યાણ કરવાનો જ પ્રયત્ન કરે છે. મજૂરોના આર્થિક કલ્યાણ માટે સંગઠન —

1) આર્થિક વળતરની નીતિ

2) કામદારની કાર્યસ્થિતિ

3) કામદારોની ભરતી, લાયકાત, બઢતીની નીતિ

4) નફામાં શ્રમિકોની ભાગીદારી.

વેતનને લગતા કાયદા, સરકારની નીતિ વગેરે બાબતો માટે શ્રમિકોના હિતમાં કાર્ય કરે છે. શ્રમિક સંગઠનો શ્રમિકોની જાગૃતિ માટે પણ પ્રયત્ન કરે છે. સ્વાતંત્ર્ય બાદ ભારતીય બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં કામ મેળવવાનો, જીવનના હક્કનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બધા જ શ્રમિક સંગઠન દ્વારા શ્રમિકોને વધુ વળતર પ્રાપ્ત થાય, યોગ્ય વળતર મળે, કામના કલાકો માનવશક્તિને અનુરૂપ હોય, કારખાનામાં પરિસ્થિતિ સંતોષજનક હોય તેવા પ્રયત્નો થયા છે.

આ બધા પ્રયત્નોને કારણે સરકારે ઔદ્યોગિક નીતિ ઘડી અને તેના લાભ શ્રમિકોને પ્રાપ્ત થયા. આવા કાયદા તથા નીતિને લીધે શ્રમિકોને લાભ થયો. તેમનું જીવનધોરણ ઊંચું આવ્યું અને તેના લાભ તેમના કુટુંબીજનોને પણ મળ્યા. શ્રમિકોને ઔદ્યોગિક સંઘર્ષ માટે અલગ ન્યાયાલયની વ્યવસ્થા પ્રાપ્ત થઈ. સ્ત્રી-પુરુષ માટે સમાન વળતરની વ્યવસ્થા પ્રાપ્ત થઈ. આર્થિક વળતર વધવાને કારણે શ્રમિકોનું જીવનધોરણ ઊંચું આવ્યું.

**સામાજિક અને મનોવૈજ્ઞાનિક અસર :**

શ્રમિક સંગઠનો શ્રમિકોના આર્થિક કલ્યાણ માટે જ કાર્ય કરે છે તેવું હોતું નથી. આર્થિક કલ્યાણ સાથે તે સામાજિક કલ્યાણ માટે કાર્ય કરે છે. આર્થિક કલ્યાણની અસર પણ સમાજ ઉપર, વ્યક્તિ ઉપર જરૂર પડે છે. આર્થિક વળતર વધતાં વ્યક્તિના, તેના કુટુંબીજનોના જીવનધોરણ સુધરે છે. આર્થિક વળતર, સલામતી, બઢતી, કાર્યસ્થિતિમાં સુધારો વ્યક્તિના જીવન ઉપર સર્વાંગી અસરો કરે છે. આર્થિક વળતર વધતાં ખોરાક, રહેણીકરણી , પહેરવેશ, ભૌતિક બાબતો, ઘર, શિક્ષણની સુવિધા અને આરોગ્ય સુવિધા સુધરે છે.

ટૂંકમાં, શ્રમિકની જીવનશૈલીમાં પરિવર્તન આવે છે. શ્રમસંગઠનો સામાજિક સુરક્ષા અને સામાજિક કલ્યાણના પણ કામ કરે છે. શ્રમસંગઠનો માંદગી, અશક્તિ, ઘડપણ, અકસ્માત વગેરે પરિસ્થિતિમાં મદદરૂપ બને તેવા કાયદા ઘડવા સરકારને ફરજ પાડે છે અને પોતે આવી પરિસ્થિતિમાં શ્રમિકને મદદ કરી તેને ઉકેલ પ્રાપ્ત કરવા મદદ કરે છે. અજ્ઞાનતા, કુટેવો, નિરક્ષરતા વગેરે બાબતોમાં પણ મદદ કરે છે.

ઉદ્યોગીકરણના વ્યાપને લીધે સ્ત્રીઓ અને બાળકો પણ ઉદ્યોગોમાં કામ કરવા લાગ્યા. આ લોકોની સુરક્ષા માટે પણ શ્રમિક સંગઠનોએ કામ હાથ ધર્યું. ઔદ્યોગિક ક્રાંતિના પ્રારંભથી જ સ્ત્રીઓના શોષણની શરૂઆત થઈ હતી. સ્ત્રી અને બાળકોનું જાતીય શોષણ થતું, તેમને માર પણ પડતો હતો. આ બધા વિરુદ્ધ આંદોલન કરી તેમને સામાજિક સુરક્ષા અપાવી. આ અંગે સરકારને જાગૃત કરી, આ અંગે કાયદા ઘડવાની ફરજ પડી.

આ સમયે બાળમજૂરોની સમસ્યા પણ ખૂબ ગંભીર હતી. બાળકામદારોને મોટે ભાગે બીડી, ખાણ અને દીવાસળીના ઉદ્યોગમાં કામ અપાતું હતું. બાળકામદારો માલિકો માટે ખૂબ ઉપયોગી હતા, કારણ કે તેઓ ખૂબ ડરતા અને બધા જ પ્રકારના કાર્ય કરવા તૈયાર હતા. તેમના કામના કલાક નક્કી નહોતા, તેમને મારવામાં આવતા અને તેઓ અવાજ ન કરે તેવા કામદારો હતા. શ્રમિક સંગઠનોએ આ બાબતને હાથ ઉપર લીધી. 1881, 1891 અને 1911 ના કારખાના અંગેના કાયદાથી બાળમજૂરોને કામે રાખવા માટેની શરતો નક્કી કરવામાં આવી, તેમના કામના કલાક નક્કી કરવામાં આવ્યા, તેમને માટે વયમર્યાદા નક્કી કરવામાં આવી. તેમના વળતર અંગે વ્યવસ્થા કરવામાં આવી. તેમને તાલીમ મળે તેવી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી.

બાળકામદારો સાથે સ્ત્રીકામદારો માટે પણ શ્રમિક સંગઠનોએ કાર્ય કર્યું. સ્ત્રીઓના કામના કલાક, રજાઓ, જાતીય શોષણ માટે સુરક્ષા, સમાન વેતન, સુવાવડ સમયે વેતન સહિત રજા, ઘોડિયાઘર, આરોગ્ય અંગે સુવિધા વગેરે અંગે કાયદાકીય જોગવાઈઓ કરાવી. આવી જોગવાઈઓને કારણે ઉદ્યોગપતિઓએ સ્ત્રીઓની છટણી કરી અને ધીમે ધીમે સ્ત્રી કામદારો ઘટતા ગયા. સ્ત્રી કામદારો નાના ગૃહઉદ્યોગોમાં વધુ ને વધુ વળતી ગઈ. સ્ત્રીઓને પણ ઉદ્યોગોને લીધે થતી બીમારીઓ અંગે પણ કાયદાકીય જોગવાઈ દ્વારા ઉપાય પ્રાપ્ત થાય તેવી જોગવાઈઓ કરવામાં આવી. ઉદ્યોગોમાં સ્ત્રીઓને સલામતી પ્રાપ્ત થાય તે માટે શ્રમિક સંગઠનોએ પ્રયત્નો કર્યા. સ્ત્રીઓને માટે પણ બધા જ કાયદા પુરુષની જેમ જ લાગુ પડે તેવી ફરજ રાજ્યને પાડવામાં આવી. છતાં સમગ્ર શ્રમિકોની ચળવળને તપાસતાં જણાય છે કે તેમાં પણ પુરુષોની દૃષ્ટિએ જે યોગ્ય જણાતુ હતું, તે કાર્ય જ હાથ ધરાયું છે. તેમાં ક્યારેય સ્ત્રીઓના મતને મહત્ત્વ પ્રાપ્ત થયું નથી.

ભારતમાં સામાજિક સલામતીનાં અનૌપચારિક સ્વરૂપો સંયુક્ત કુટુંબ, પંચાયત, મહાજનોની કામગીરી, અનાથાશ્રમ, ધર્માદા, સદાવ્રતો, ધર્મશાળાઓ વગેરે દ્વારા સમાજના દીનદુઃખિયાને મદદ કરવાની પ્રવૃત્તિ ચાલતી હતી. ઉદ્યોગીકરણના પ્રભાવ નીચે ગામડાં તૂટ્યાં, સંયુક્ત કુટુંબો તૂટ્યાં અને તેથી સામાજિક સલામતી જોખમાઈ.

ઉદ્યોગીકરણને કારણે કામદારોને રાજ્ય તરફથી વીમો, શ્રમિકને તથા તેના કુટુંબીજનને માંદગીમાં સહાય પ્રાપ્ત થઈ. નેશનલ સેફ્ટી કાઉન્સિલ દ્વારા શ્રમિકોને ઉદ્યોગોને કારણે રોગ થાય, તેમાં રક્ષણની જોગવાઈ કરવામાં આવી. તબીબી સહાય, રોગ ન થાય તેવા રક્ષણની જોગવાઈ તથા માંદગીમાં સહાયની જોગવાઈ કરવામાં આવી. વિવિધ પ્રકારની જોગવાઈઓને કારણે કામદારના આયુષ્યમાં વધારો થયો, તેમના કુટુંબીજનો માટે લાભ પ્રાપ્ત થયા.

ટૂંકમાં શ્રમિક સંગઠનોને કારણે શ્રમિકોને અનેક લાભ પ્રાપ્ત થયા. આર્થિક અને સામાજિક લાભ સાથે, સામાજિક ન્યાયની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## 2.6 લોકશાહી મૂલ્યના સંદર્ભમાં સમાનતાના અભિગમથી આવેલ પરિવર્તન :

શ્રમ કે જે ઉત્પાદનનો, ભૌતિક જગતનો પાયો છે. તેના અનુસંધાને તપાસીએ તો શ્રમિકની પરિસ્થિતિ બંધારણીય મૂલ્યના સંદર્ભમાં પરિવર્તન પામી છે. બંધારણીય મૂલ્યસમાનતા અને શોષણ વિરુદ્ધનો અધિકાર આ બન્નેના સંદર્ભમાં પરિસ્થિતિ બદલાઈ છે, પરિવર્તન પામી છે. જ્યારે શ્રમિકોની ચર્ચા કરીએ ત્યારે તેને બે વિભાગમાં વહેંચવા પડે :

(1) સંગઠિત કામદાર (2) અસંગઠિત કામદાર.

**1) સંગઠિત કામદાર :** ભારતીય સંદર્ભમાં કામદાર ચળવળ ઉપર બ્રિટનની અસર જોવા મળી. ત્યાર બાદ મહાત્મા ગાંધીના આગમન બાદ ગાંધીની અસર પણ જોવા મળે છે. સંગઠિત કામદાર એટલે જે કામદારો સમાન પરિસ્થિતિમાં કાર્ય કરે છે અને સૌ એકત્ર થાય છે. આ સંગઠિત કામદારો ભારતીય સંદર્ભમાં ઈ.સ. 1875માં સૌપ્રથમ વાર સંગઠિત થયા અને એમનાં સંગઠનોએ દબાણ જૂથ તરીકે કાર્ય શરૂ કર્યું. આ સંગઠિત કામદારોએ યોગ્ય વળતર, પી.એફ., તબીબી ભથ્થાં, બોનસ, દવા, રજા તથા સલામતી પ્રાપ્ત કરી. આ બધું જ પ્રાપ્ત થયું પણ માત્ર 10 % કામદારોને. સંગઠિત કામદારને વળતર પ્રાપ્ત થયું.

**2) અસંગઠિત કામદાર :** ભારત અને વિશ્વમાં 93 % કામદારો અસંગઠિત કામદાર છે. સંગઠિત કામદાર માટે તેમના સંગઠનને લીધે કંઈક પ્રાપ્ત થઈ શક્યું છે. અસંગઠિત કામદારો માટે હજી સુધી સંગઠિત કામદારોની તુલનામાં કંઈ જ પ્રાપ્ત થઈ શક્યું નથી. આ અસંગઠિત મજૂરો લાચાર છે. તેમને માટે કોઈ રાજ્યના કાયદા વ્યવસ્થિત રીતે અમલમાં નથી. દા.ત., લઘુતમ વેતન સરકાર નક્કી કરે છે પણ ઘરમાં કામ કરતી કામવાળીને એ પ્રમાણે વળતર મળતું નથી. આ પ્રકારની મજૂરી કરનારને કોઈપણ પ્રકારની રજા મળતી નથી. કોઈપણ પ્રકારનાં ભથ્થાં કે મદદ મળતી નથી. અસંગઠિત શ્રમિક માટે થોડુંઘણું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ કરે છે. રાજ્ય તરફથી આ જૂથને હક્ક અપાવવા હજી ખાસ કાયદાકીય જોગવાઈઓ પણ પૂરતી થઈ નથી અને જે કાયદાકીય જોગવાઈઓ છે તેને માટે અમલની ફુલપ્રૂફ જોગવાઈ થઈ નથી. બંધારણીય સમાનતાના મૂલ્યને કારણે સરકાર અસંગઠિત જૂથ માટે એટલે કે સમાજનાં નબળાં જૂથો માટે નોંધપાત્ર રીતે કંઈ કરી શક્યા નથી કારણ હજી શોષણ ચાલુ છે, શ્રમનું યોગ્ય વળતર અને જરૂરી સવિધાઓ એમને પ્રાપ્ત કરાવી શક્યા નથી.

શ્રમિકો માટે રાજ્યે હજી ઘણું કરવાનું બાકી છે.ભારતીય સંદર્ભમાં બધીજ બાબતો જુદા અભિગમથી તપાસવી પડે તેવી પરિસ્થિતિ છે. ભારતમાં મજૂર ચળવળને વેગ માત્ર મજૂર દ્વારા નથી મળતો પરંતુ સામાજિક નેતાઓએ પણ તેને નેતૃત્વ પૂરૂ પાડ્યું છે. ભારતમાં ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને વરેલા પણ અનેકવિધ માણસો છે તથા તેમણે મજૂરો માટે સરાહનીય કાર્યો પણ કર્યા છે.

## 2.7 સંદર્ભસૂચિ


- **Miller Elbert C :** Industrial Sociology. Harper & Row Publishers. New York. 1964.
- **ગિરિ વી. વી. : અનુવાદક, સોમણ રામચંદ્ર :** ભારતીય ઉદ્યોગોમાં કામદાર સમસ્યાઓ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ – 1968. શુક્લ રોહિત શ્રમનું અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1993.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો

1. ઉત્પાદકીય શ્રમ એટલે શું સમજાવો.

2. શ્રમિક સંગઠનના ચળવળના તબક્કા વર્ણવો.

3. શ્રમ સંગઠનને કારણે લોકજીવનમાં આવેલ પરિવર્તન સમજાવો.

4. ગુજરાતનો મજૂર મહાજન સંઘ તથા તેની ભૂમિકા સમજાવો.

5. અસંગઠિત કામદારની વ્યથા સમજાવો.

## એકમ 3 : સ્વૈચ્છિક કાર્ય તથા સ્વૈચ્છિક સંસ્થા

### એકમની રૂપરેખા :

3.1 હેતુ

3.2 સ્વૈચ્છિક કાર્ય

3.3 સાંપ્રત સ્વૈચ્છિક સંસ્થાના પ્રકારો

3.4 સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા

3.5 સ્વૈચ્છિક સંસ્થાના અભિગમો

3.6 સ્વૈચ્છિક સંસ્થાનો સામાજિક સંદર્ભ – સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ

3.7 સ્વૈચ્છિક સંસ્થાઓની સામાજિક અસરો

3.8 સ્વૈચ્છિક સંસ્થાના પ્રશ્નો

3.9 સંદર્ભસૂચિ

3.10 તમારી પ્રગતિ ચકાસો

## 3.1 હેતુ

આ એકમ સમાજમાં થતા સ્વૈચ્છિક કાર્ય અંગે વિદ્યાર્થીને સુવિદીત કરશે. આ એકમના અધ્યયનથી વિદ્યાર્થી વિવિધ સ્વૈચ્છિક કાર્ય તથા સંસ્થા અંગે સમજી શકશે. સાંપ્રત સમાજની સ્વૈચ્છિક સંસ્થાઓ અંગે તથા તેમની ભૂમિકા અંગે માહિતી પ્રાપ્ત કરી શકશે. સ્વૈચ્છિક સંસ્થાના વિવિધ પ્રકારો તેમની કાર્યરીતિ તેમના અભિગમ તથા દ્દષ્ટિકોણ સમજી શકશે. સ્વૈચ્છિક કાર્ય તથા સંસ્થાઓની સામાજિક અસરો સમજી શકશો.

## 3.2 સ્વૈચ્છિક કાર્ય :

માનવ અને પ્રાણી બન્ને જુદા પડે છે કારણ માનવે સંસ્કૃતિ ઘડી અને વર્ષોનો વારસો એકત્ર કર્યો. માનવ શાણપણ, માનવને કુદરત ઉપર વિજય અપાવી ગયુ. માનવે આંખની જોવાની શક્તિને અનેકગણી વધારી, કાન માટે કોઈપણ મર્યાદા ન રાખી વિશ્વ એક રૂમ બનાવી દીધો, યંત્રની શોધ અને ઉપયોગથી હાથની શક્તિની સીમા ના રહી તે જ રીતે થોડાક માઈલ ચાલી શકનારો માણસ કલાકના હજારો કિ.મીની ઝડપે ઊડી શકે છે. માનવે વિકાસ અને શોધો કરી. માનવ અતિ સંવેદનશીલ, વિચારવંત, કરૂણાવંત છે. આ માનવ ફરજિયાત કામ કરે છે જેનાથી તે રોજી મેળવે છે અને છતાં કુતરાને રોટલા નાંખી પોતે પ્રાપ્ત કરેલ વસ્તુમાંથી બીજાને આપે પણ છે.

માનવે પોતાનાં વિવિધ પ્રકારનાં કાર્યોથી સામાજિક, ભૌતિક, રાજકીય જગત સર્જ્યું છે. વિશ્વમાં દરેક પુખ્ત વ્યક્તિ પોતાની ભૂમિકા ભજવે છે અને સમાજમાં પોતાનો ફાળો નોંધાવે છે. માનવ પોતાની રોજીરોટી માટે, નિયત વળતર માટે કાર્ય કરે છે અને ક્યારેક તે સ્વૈચ્છિક રીતે વળતરની અપેક્ષા વિના પણ કાર્ય કરે છે. માનવનું જ્ઞાનાત્મક જગત, વૈચારિક વિશ્વ અનેક વૈવિધ્ય ધરાવે છે અને સ્વૈચ્છિક કાર્ય, પરોપકાર, મદદ એ બધી બાબતો પણ એમાં જોવા મળે છે. ક્યારેક તે અપેક્ષાઓથી પર, સ્વાર્થ વિના, વળતર વિના કાર્ય કરે છે. આવા એક જ પ્રકારના હેતુ કે ધ્યેય ધરાવનારી વ્યક્તિઓ સંગઠિત થઈ સંગઠન રચે તેને સ્વૈચ્છિક સંસ્થા કહી શકાય.

સ્વૈચ્છિક શબ્દ Voluntarism લેટિન શબ્દ voluntas ઉપરથી ઊતરી આવ્યો છે. આ શબ્દનો અર્થ ઈચ્છા – Will થાય છે. સ્વૈચ્છિક મદદને સ્વૈચ્છિક કાર્ય કહી શકાય. માનવસમાજમાં આ ભાવના વિશ્વના તમામ ભૌગોલિક પ્રદેશમાં જોવા મળે છે.

ભારતીય ઉપખંડમાં આ પ્રવૃત્તિ વિશિષ્ટ રીતે જોવા મળે છે. અન્નક્ષેત્રો, ધર્મશાળા, પાણીની પરબ વિગેરે. સ્વૈચ્છિક કાર્ય અને માનવના સદ્‌ગુણોમાંથી આકાર પામતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયા માનવને વળતરમાંથી મુક્ત કરે છે માત્ર સ્વ સંતોષ માટે તથા કોઈકને મદદ કરવાના હેતુસર માનવ કોઈકના કલ્યાણ માટે ક્રિયા કરે છે.

સ્વૈચ્છિક કાર્ય અંગે જુદા જુદા સિદ્ધાંતો જોવા મળે છે. આ સિદ્ધાંતો મોટે ભાગે સમાજશાસ્ત્ર, સમાજ મનોવિજ્ઞાન કે જાહેર વહીવટના વિષયોમાં જોવા મળે છે. સમાજ – મનોવૈજ્ઞાનિકો સ્વૈચ્છિક સંસ્થાના વાતાવરણ અંગે, સમાજશાસ્ત્રીઓ સામાજિક વ્યવસ્થા અંગે અને જાહેર વહીવટવાળા વ્યવસ્થાની પ્રક્રિયા અંગે વ્યવસ્થા કરે છે. સમાજશાસ્ત્રમાં ક્યારેક સ્વૈચ્છિક કાર્ય અંગેના પ્રેરણામાં તત્ત્વો કયાં છે એ અંગે પણ અભ્યાસ થાય છે.

સ્વૈચ્છિક કાર્ય વ્યક્તિ પરોપકારની દ્દષ્ટિથી, હમદર્દીથી, સારા કાર્ય માટે, ઈશ્વરપ્રાપ્તિના એક માર્ગ માટે તથા પોતાની જાગૃતિ અને અન્ય માટેની ભલી લાગણી તથા માનને લીધે કરે છે.

"Voluntary Action is distribution without tears because it substitutes higher taxation by citizens sacrifice." (Douglas Houghton : 1967 : p. 23)

સ્વૈચ્છિક સંગઠનો સમાન હેતુવાળા, સમાન પ્રત્યક્ષીકરણો ધરાવતાં સૌ સાથે મળીને કાર્ય કરવા ઈચ્છતાં લોકો વડે રચાય છે. ક્યારેક કેટલાંક સ્વૈચ્છિક સંગઠનો ધર્મ, જ્ઞાતિ કે સમુદાય આધારિત પણ હોય છે. ક્યારેક ધર્મ કે જ્ઞાતિ આધારિત સ્વૈચ્છિક સંગઠનો માત્ર મર્યાદિત સભ્યો એટલે કે પોતાના ધર્મ કે જ્ઞાતિના સભ્યો અંગે જ કાર્ય કરતા હોય છે. સ્વૈચ્છિક સંગઠનો પોતાના હેતુ, પોતાનું ક્ષેત્ર, કાર્ય કરવાનો સમય તથા પદ્ધતિઓ અને કયા માનવસમૂહ માટે કાર્ય કરવું છે તે નક્કી કરે છે.

The diversity of voluntary association is enormous. There is hardly a goal. from watching birds ..... to spacing birds, which has not been pursued by some association ... all voluntary associations have a similar nature : they are primarily

social, using in addition varying degrees of pure normative power. (Amitaietzioni : 1975 : pp. 43 – 44)

ટૂંકમાં, એક જ હેતુ માટે સમાન હિતવાળા સૌ સાથે સંગઠિત થઈ જૂથ રચે એટલે સ્વૈચ્છિક સંગઠન. તેઓ પોતાને માટે પ્રવૃત્તિઓ કરે અથવા બીજા માટે પણ પ્રવૃત્તિ કરે છે.

"A voluntary organisation is identified, as a group of persons, organised on the basis of voluntary membership without state control, for the furtherance of some common interest of its members." (Sills David : 1968 : pp. 362 – 363)

"The term voluntary association is characterised it as a group organised for the pursuit of one interest or of several interests in common. Usually, it is contrasted with involuntary groups serving a greater variety of ends, such as caste groups, social classes and communities." (Michael Bonton : 1967 : p. 270)

Institutional Social Welfare is the organised systems of social services and institutions designed to aid the individuals and groups to attain satisfying standards of life and health. It aims at personal and social relationships which permit individuals the pullest development of their capabilities and the promotion of their well–being in harmony with the need of the community. (ECAFE : 1970 : P. S.)

ઉપરોક્ત વ્યાખ્યાઓ સમજતાં જણાય છે કે સારા કાર્ય માટે સ્વૈચ્છિક રીતે કોઈ વળતર વિના વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ સંગઠિત થાય તેને સ્વૈચ્છિક સંસ્થા કહી શકાય. આ સ્વૈચ્છિક કાર્યકરો માને છે કે તેઓ વંચિતો, નબળાં, જૂથો, સત્તાવિહીન, કચડાયેલા લોકોના હમદર્દ છે. તેઓ આ લોકો માટે કંઈક કરી છૂટવાની તમન્ના રાખે છે. અને પોતાના કાર્યને આ લોકોને સંતોષ, શાંતિ તથા આનંદ આપી શકશે એવું માને છે. આ સ્વૈચ્છિક કાર્ય અને સંગઠનમાં સૌથી મહત્ત્વની વિચારસરણી હોય છે. સાથે સાથે વ્યક્તિના મૂલ્ય, વલણ અને ધ્યેય હોય છે. સ્વૈચ્છિક સંગઠન કોઈ ચોક્કસ હેતુથી, ચોક્કસ સમુદાય કે જૂથના લોકોને મદદરૂપ થવા કાર્યરત બને છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી સમજી શકાય કે સામાજિક કાર્ય એટલે વળતરની અપેક્ષા વિના, સ્વાર્થ વિના એક કે વધુ વ્યક્તિઓ માનવતાવાદી મૂલ્યને લક્ષમાં લઈ કાર્યરત બને છે. આ વ્યક્તિઓ કે જૂથો સતત, સામાજિક પરિવર્તન માટે સાતત્યપૂર્ણ રીતે, સુગ્રથિત રીતે પ્રયત્ન કરતાં રહે છે. આ સંગઠનોમાં વિચાર, વિચારસરણી એ સૌથી મહત્ત્વની બાબત છે. દરેક વ્યક્તિ, સામાજિક સંગઠનને પોતાના સ્વપ્ન હોય અને એ પોતાના પ્રયત્નો દ્વારા સામાજિક વાસ્તવિકતાઓને પલટાવવા પ્રયત્નશીલ રહે છે. સ્વૈચ્છિક કાર્ય એ ભાવના અને વિચાર તથા પ્રયત્નનો સમન્વય છે. વિશ્વના દરેક સમાજમાં આવાં સ્વૈચ્છિક સંગઠનો સક્રિય હોય છે.

સ્વૈચ્છિક સંગઠનો સમાજ સુધારવા પ્રયત્ન કરે છે, માળખાં બદલવા પ્રયત્ન કરે છે, લોકોને સંસાધનોની મદદ કરે છે, વલણ પરિવર્તન કરાવવાનો પ્રયત્ન કરે છે. સાંપ્રત સ્વૈચ્છિક સંગઠનો વ્યક્તિઓ કે વ્યક્તિનાં જૂથોને સમર્થ બનાવવા પ્રયાસ કરે છે.

સ્વૈચ્છિક સંસ્થાઓની સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિકા તરીકે જોઈએ તો સ્વૈચ્છિક સંસ્થાઓ સામાજિક જરૂરિયાતોને અનુરૂપ ઉદ્‌ભવે છે. સ્વૈચ્છિક સંસ્થાના ઉદ્દેશ્યો, માળખા, રચનાતંત્ર દરેક સમાજ અનુરૂપ સ્થળ અને કાળ પ્રમાણે વૈવિધ્ય જોવા મળે છે. ગ્રામીણ કે શહેરી વિસ્તારમાં કાર્ય કરનાર, મધ્યસ્થી બનનાર, સેવાઓ પૂરી પાડનાર તરીકે સ્વૈચ્છિક સંસ્થા કામ કરે છે. સ્વૈચ્છિક સંસ્થા ધાર્મિક, જ્ઞાતિની, રાજકીય પક્ષની, કોઈ વૈચારિક અભિમુખતા ધરાવનાર પણ જોવા મળે છે.

રજની કોઠારી (1970 : 43 – 44) કહે છે કે ભારતમાં 18મી સદીમાં ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત જોવા મળી. કેટલીક રાજકીય અભિમુખતા ધરાવતી સંસ્થાઓ પણ જોવા મળી, જેવી કે બ્રિટિશ ઇન્ડિયન સોસાયટી, પ્રેસિડેન્સી એસોસિયેશન, ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ વગેરે. કેટલીક હિંદુવાદને શુદ્ધ સ્વરૂપ આપવાના ઉદ્દેશ્યથી આર્યસમાજ, રામકૃષ્ણમિશન વગેરે. જ્યારે કેટલીક હિંદુ રાજ્યની વિચારધારા ધરાવતી રાષ્ટ્રીય સ્વયમ્ સેવક સંઘ, કેટલીક ધાર્મિક અભિમુખતા ધરાવતી અને કેટલીક ગાંધીયુગની રાષ્ટ્રીય અભિમુખતા ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ ઉદ્‌ભવી. શ્રીનિવાસ (1972 : 92 – 98) જણાવે છે કે કેટલાંક જ્ઞાતિ આધારિત સ્વૈચ્છિક સંગઠનો પોતાના રિવાજો જીવનધોરણ બદલવા અને જ્ઞાતિને સાંપ્રત સમયમાં, તર્કસંગત બનાવવા મૃત્યુ અને લગ્ન સમયના ખર્ચને ઓછા કરવા જેવી સામાજિક સુધારણાની પ્રવૃત્તિને વેગ આપવા ઉદ્‌ભવ્યા. ડૉ. ધૂર્યે (1952 : 189 – 91)ના મતે જ્ઞાતિ આધારિત સંસ્થાઓ

પોતાની જ્ઞાતિને કોટિક્રમમાં ઊંચું સ્થાન અપાવવા, સભ્યોને આધુનિક શિક્ષણ અપાવી અને જ્ઞાતિસભ્યોના આર્થિક હિતના ઉત્થાન માટેની પ્રવૃત્તિઓ કરતા હતા. રજની કોઠારી (1970 : 45) ના મતે ક્યારેક જ્ઞાતિસંસ્થાઓ રાજકીય ધ્યેય પણ ધરાવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓને કારણે જ્ઞાતિની ઓળખ સ્પષ્ટ બની છે.

યોગેન્દ્રસિંઘ (1973 : 169)ના મતે જ્ઞાતિની સ્વૈચ્છિક સંસ્થાઓ ભાષા, સગાઈ સંબંધ અને પ્રાદેશિક, સાંસ્કૃતિક તત્ત્વો ધરાવે છે. પરંતુ અહીં જ્ઞાતિસંસ્થાઓ નવાં મૂલ્યો અને આકાંક્ષાઓના પારંપારિક સંસ્થાઓ સાથે સ્વીકારવામાં સફળ બન્યા છે અને જ્ઞાતિસંસ્થાઓએ આધુનિકતા અને પારંપારિકતા વચ્ચે કડી બનવાનો પ્રયત્ન કર્યો છે. આ સંસ્થાઓ પારંપારિકતા સાથે આધુનિક ઔપચારિકતા પણ દર્શાવે છે. અર્થાત્ પારંપારિક માળખાઓમાં આધુનિક અને બિનસાંપ્રદાયિક કાર્યો થતા જોવા મળે છે. ઓમેન (1969 – 11 થી 13, 27 થી 29) જણાવે છે કે યુવા સંગઠનો અને સ્ત્રીસંગઠનોમાં ઔપચારિકતા ખૂબ ઓછી જણાય છે. તે બહારની સંસ્થાઓએ પ્રોત્સાહન આપી ઊભી કરી છે. મહદ્ અંશે તે સરકારી અનુદાન દ્વારા ચલાવવામાં આવે છે. એટલે જ તે દબાણજૂથ તરીકે કાર્ય કરવા સક્ષમ થતા નથી. તેનો હેતુ આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનનો છે. તેમાં યુવાનો ભાગ લે છે કારણ કે વડીલોની સત્તાથી મુક્ત, સમાન ઉંમરના સભ્યો સાથે કાર્ય કરવાની સ્વતંત્રતા મળે છે. સ્ત્રી સંગઠનોમાં સ્ત્રીઓને મોટી ઉંમરની સ્ત્રીઓથી અલગ થઈ કામ કરવાની સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. આવાં જૂથો સભ્યોની લાગણીવિષયક જરૂરિયાતો પૂરી પાડે છે એટલે કે તેમાંથી પ્રાથમિક જૂથો ઊભાં થાય છે અને મિત્ર જૂથો ઊભાં થાય છે. કોઠારી (1970 : 46) સ્વાતંત્ર્યોત્તર ભારતમાં ગ્રામીણ સમાજમાં યુવાસંગઠનો, સ્ત્રી સંગઠનો અને સહકારી ધિરાણમંડળીઓ આખા ભારતમાં એક જ પ્રકારનાં કાર્યો માટે ઉદ્ભવી છે.

ભોઈટે એન્ડ ભોઈટે (1977 : 60 – 75) જણાવે છે કે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ જુદા જુદા સાહિત્યના પ્રકાશન દ્વારા દલિત જૂથોને જાગૃત કરી મદદ કરવાનું કાર્ય કરે છે.

શ્રીનિવાસ (1972 : 139) જણાવે છે કે મોટાં શહેરોમાં દિલ્હી, મદ્રાસ, મુંબઈ, કલકત્તામાં સ્વૈચ્છિક સંસ્થાઓએ સભ્યોને સામાજિક – સાંસ્કૃતિક અને પારંપરિક વાતાવરણ પૂરું પાડ્યું. શહેરોમાં ઊભી થયેલી ખાલીપણાની પરિસ્થિતિમાં સામાજિક સંદર્ભ પૂરો પાડ્યો અને સાથે સાથે સાધનરૂપ ભૂમિકા પણ ભજવી. અર્થાત્ રોજીરોટી મેળવવા માટે ઉપયોગી સંપર્કો પૂરા પાડવા અથવા નિવાસની સુવિધા માટે મદદ પૂરી પાડી. સાથે સાથે આ જૂથોએ શાળાઓ, દવાખાનાં સ્થાપ્યાં અને સંગઠિત શક્તિ પ્રાપ્ત કરી દબાણ જૂથો બન્યાં. ક્યાંક ક્યાંક આના વિસ્તૃતીકરણના કારણે શિવસેના, શક્તિસેના જેવી સેનાઓ બની.

રૂડોલ્ફ એન્ડ રૂડોલ્ફ (1960 : 5 : 22), કોઠારી એન્ડ મારુ (1965 : 35 – 50), ખરે (1970), કોલોન (1974 : 35 – 65), શાહ (1970), કેટલીક ઉચ્ચ જ્ઞાતિઓએ પછાત અને નબળા સમૂહો માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાપી આધુનિક અને પારંપરિક મૂલ્યો વચ્ચે કડીરૂપ બની સમાનતાનાં મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો.


ઉપરોક્ત વ્યાખ્યાઓ જોતાં જણાય છે કે મહદ્અંશે સ્વૈચ્છિક સંસ્થાઓ સામાજિક સુધારણા માટે, કુરિવાજોના નિષેધ માટે, મૂલ્ય બદલવા, વ્યવસ્થામાં પરિવર્તન તથા રચનાતંત્રમાં પરિવર્તન માટે કાર્ય કરે છે. પછાત તથા નબળા સમૂહો માટે કાર્ય કરનારા મહદ્ અંશે ધાર્મિક અભિમુખતા ધરાવતા તથા વિકાસનો દૃષ્ટિકોણ ધરાવનારા છે.સ્વૈચ્છિક કામને ક્યાંક કોઈ મર્યાદા જણાતી નથી. લોકો માટે લોકો દ્વારા કાર્ય થાય છે એમ કહી શકાય. ભારતીય ઉપખંડમાં ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ જીવનના ધ્યેય છે. પરમાર્થ એ મોક્ષ માટેનું પ્રથમ પગથિયુ છે. મોક્ષની સાથેસાથે ભારતીય સમાજે તીર્થયાત્રાના સ્થળોએ લોકો માટે સતત અનેકવિધ સુવિધાઓ ઊભી કરેલી છે. વટેમાર્ગુ માટે પાણીની પરબ તથા લોકો દ્વારા લોકો માટે થતું કાર્ય છે. આ કાર્યમાં લોકો ગુપ્તદાન કરે છે. આવા કામને કદી કોઈ એકજ વ્યક્તિ કરતી નથી. આ બધા કાર્ય કોઈ ચોક્કસ હેતુસર સાર્વજનિક રીતે કરવામાં આવે છે.સાર્વજનિક રીતે જે કાર્ય હાથ ધરાય છે તેમાં વિવિધ વ્યક્તિઓ નેતૃત્વ પૂરૂ પાડે છે. આ કાર્ય સામાજિક ગણાય છે અને તેમાં પોતાના સંપ્રદાય તથા સમુદાયના લોકોને મદદ કરવાનો હેતુ મુખ્ય હોય છે. સાંપ્રત સમાજમાં ધાર્મિક કામ સિવાય વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સુવિધાઓ જેવી કે ફી, હોસ્ટેલ વિગેરે ઊભી કરવામાં આવે છે. આજે તો સમૂહલગ્ન પણ કરાવી આપવામાં આવે છે.

આ બધી બાબતો જ્યારે નિયમિત રીતે હાથ ધરવામાં આવે છે ત્યારે તે સંસ્થા બને છે તે બધી બાબતો સંસ્થીકૃત બને છે.

દરેક સ્વૈચ્છિક સંસ્થા તત્કાલિન સમાજના પ્રશ્નો સમજી, પોતાની જાતને ઓળખી, પોતાના સંસાધનો સમજી પોતાના વિકલ્પો ચકાસી તેને અમલમાં મૂકે છે.

વ્યાખ્યાઓ ઉપરથી જણાય છે કે સ્વૈચ્છિક સંસ્થાઓ સામાજિક પરિવર્તનના ધ્યેય સાથે કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ ઐતિહાસિક આધાર પ્રમાણે ઘડાતી હોય છે. દરેક સમાજમાં ધાર્મિક અભિમુખતાવાળી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરતી જોઈ શકાય છે. મોટે ભાગે સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજમાં સામાજિક સુધારણાનું કાર્ય કરતી જોવા મળે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે વળતરની અપેક્ષા વિના વ્યક્તિઓ સંગઠિત થઈ લોકોના ભલા માટે, લોકોના કલ્યાણ માટે કાર્ય કરે છે. આવા કાર્ય માટે વિવિધ હેતુ હોઈ શકે, સ્થળ હોઈ શકે, ધ્યેય હોઈ શકે, સમય અને શક્તિ આપનારાઓમાં પણ વિવિધતા હોઈ શકે. સ્વૈચ્છિક સંગઠનોને પોતાની પદ્ધતિ, યોજનાઓ તથા વ્યૂહરચનાઓ હોઈ શકે. માત્ર એટલું કહી શકાય કે સામાજિક કલ્યાણ માટે કેટલાક સંવેદનશીલ, પરગજુ, સમજુ એકત્રિત થઈ પોતે નક્કી કરે તે મુજબ કાર્ય કરે છે.

## 3.3 સાંપ્રત સ્વૈચ્છિક સંસ્થાના પ્રકારો :




સ્વૈચ્છિક સંસ્થાના પ્રકારની ચર્ચા કરીએ તો સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ હોય છે. ભારતીય ઉપખંડમાં ધર્મ આધારિત લોકકલ્યાણ માટે કામ કરનારી અનેક સંસ્થાઓ જોવા મળે છે. ભારતમાં રાજારામમોહનરાયથી સામાજિક કાર્ય વેગથી શરૂ થયું અને આર્યસમાજ, બ્રહ્મોસમાજ, રામકૃષ્ણ મઠ વિગેરેએ સંસ્થીકૃત સમાજસેવાના કામ શરૂ કર્યા. આજે તો દરેક ક્ષેત્રે અનેક સંસ્થાઓ કાર્યરત જોવા મળે છે.

વિશ્વની જેમ જ ભારતમાં પણ પરોપકારી વૃત્તિથી, માનવતાવાદી અભિગમથી અનેક કાર્યો કરવામાં આવતાં હતાં. પ્રાચીન સમયમાં આ કાર્ય રાજ્યાશ્રય કે ધર્માશ્રય નીચે જ શક્ય હતું. મોટા ભાગનાં સામાજિક કાર્યો રાજ્ય કે ધર્મ દ્વારા જ હાથ ધરવામાં આવતા હતાં.
સ્વૈચ્છિક સંસ્થા સમાજના સાંસ્કૃતિક, સામાજિક, ઐતિહાસિક અને રાજકીય માળખાને અનુરૂપ ધ્યેયો, માળખાં તથા પદ્ધતિ જોવા મળે છે. લોકશાહી સમાજવ્યવસ્થામાં શહેરી અને ઔદ્યોગિક સમાજમાં લોકોની ઇચ્છા વ્યક્ત કરતી સંસ્થા કે લોકોના હિત પરિપૂર્ણ કરનાર સાધન તરીકે કાર્ય કરે છે. શાસનવ્યવસ્થા જો લોકશાહી ઢબની હોય તો સ્વૈચ્છિક સંસ્થા લોકલાગણી અભિવ્યક્ત કરનારી, રાજ્ય સાથે સમન્વય ધરાવનારી જોવા મળશે.
સાંપ્રત સમાજમાં ડો. વિદ્યુત જોષી સ્વૈચ્છિક સંસ્થાના ચાર મુખ્ય પ્રકારો દર્શાવે છે :

1. ગાંધીવાદી
2. નવ ગાંધીવાદ
3. સંચાલકીય
4. ક્રાંતિકારી

ભારતમાં હાલમાં ઉપરોક્ત વિવિધ અભિગમ દર્શાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ જોઈ શકાય છે. આ સંસ્થાઓ તેમના નામ પ્રમાણે લક્ષણો દર્શાવે છે. મધ્યયુગીન ભારતમાં આર્યસમાજ, બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, ધ સર્વન્ટ ઓફ ઇન્ડિયા સોસાયટી, ખ્રિસ્તી મિશન વગેરે સમાજસેવાના કાર્યમાં જોડાયેલા હતા. સાંપ્રત ભારતમાં ઉપરોક્ત મુખ્ય ચાર પ્રકાર જોવા મળે છે. આ સંસ્થાઓ પોતાનાં વિશિષ્ટ લક્ષણો, ધ્યેયો, માળખાઓ, વિચારસરણીઓ, મૂલ્યો, રચનાતંત્રો, ધોરણો તથા પદ્ધતિઓ ધરાવે છે.

આ વિવિધ સંસ્થાઓની વિચારસરણીઓ તપાસીએ :

**સ્વૈચ્છિક સંસ્થાઓની વિચારસરણીઓ**

**વિચારસરણી**

| | અભિગમના પ્રકાર | પક્ષ | સરકાર | રાજ્ય |
|---|---|---|---|---|
| 1. | ગાંધીવાદી | x | ✓ | ✓ |
| 2. | નવ ગાંધીવાદી | x | x | ✓ |
| 3. | સંચાલકીય | ✓ | ✓ | ✓ |
| 4. | ક્રાંતિકારી | x | x | x |

વિવિધ વિચારસરણીમાં વિશ્વાસ રાખનારાઓ વિવિધ અભિગમોમાં વિશ્વાસ ધરી પોતાના ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવા વિવિધ પદ્ધતિઓ અપનાવે છે.

**1) ગાંધીવાદી સ્વૈચ્છિક સંસ્થા :**

ભારતીય ઈતિહાસમાં ગુલામીના કાળમાં, રાજનૈતિક સંઘર્ષના કાળમાં, ગાંધીજી રાષ્ટ્રીય નેતા તરીકે, રાજકારણી તરીકે, કાર્યશીલ બન્યા. આ સદીના યુગપુરુષનું બિરુદ પામેલા ગાંધી, તેમના સિદ્ધાંતો, વિચારસરણી, પ્રામાણિકતા, સત્યતા, અહિંસા અને તેમની વિશિષ્ટ પદ્ધતિઓને કારણે રાજકારણીની સાથે મહાત્મા બન્યા. આ ગાંધી જ્યારે રાજકારણમાં પ્રવેશ્યા અને જે તેમના ચુસ્ત અનુયાયીઓ બન્યા, તેઓએ જે સંસ્થાઓ સ્થાપી, તે સંસ્થાઓને ગાંધીવાદી સ્વૈચ્છિક સંસ્થા કહી શકાય. ગાંધીએ રાજકીય ચળવળ સાથે સામાજિક સુધારણા ચળવળ જોડી હતી અને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તેઓને ગામડામાં જઈ કાર્યરત થવાનો આદેશ આપ્યો હતો. ગાંધીની નીતિ-Policy હતી સત્ય અને પ્રામાણિકતા. સંપૂર્ણ લોકશાહી એ જ એમનો જીવનમંત્ર હતો. વ્યક્તિને સમર્થ બનાવવાની તેમની પદ્ધતિ હતી. તેઓનાં શસ્ત્રો સંપૂર્ણ અહિંસક હતાં અને વલણ-પરિવર્તન, હૃદયપરિવર્તનની તેમની વાત હતી. ગાંધીવાદી સૈનિકો જેઓએ ગાંધીજીના આદેશને મૂર્તિમંત કરવા ગામડે જઈને કાર્ય કરવા બેઠા, તેમણે તેમની સાદગી, સત્યનિષ્ઠા, પ્રામાણિકતા તથા અહિંસકતાને સ્વીકારી. ગુજરાતમાં વિનોબા, જુગતરામ દવે, રવિશંકર મહારાજ જેવા તેમના અનુયાયીઓ હતા. તેમણે ગાંધીના આદર્શ મુજબ સમાજપરિવર્તનનો પ્રયત્ન કર્યો. આ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર તથા રાજ્ય ત્રણેને સ્વીકારે છે. ગાંધીની લડતનો ઉદ્ભવ, કાર્યનો ઉદ્ભવ પરદેશી સત્તાને હઠાવવામાંથી થયો હતો. ગાંધીના મતે પક્ષ સ્વીકાર્ય ન હતો તેથી ગાંધીવાદી સ્વૈચ્છિક સંસ્થાને પણ પક્ષ સ્વીકાર્ય નથી. ગાંધીજીની સંસ્થામાં રચનાત્મક કાર્યો થતા, બૌદ્ધિક આયામ થતો અને સમાજકાર્ય થતું. સાથે સાથે રાજકીય લડત આવી પડે એટલે સંસ્થાનાં તમામ કાર્યો એમાં જોડાતા. બધાં જ કાર્યો સંસ્થાના સભ્ય સાથે મળી કરતાં. ગાંધીવાદીઓ પક્ષને સ્વીકારતા નથી.

ગાંધીવાદીઓ વિચારસરણી તથા મૂલ્યને વરેલા છે અને તેઓ સરકાર એટલે કે શાસકોને પણ સ્વીકારે છે. તેમના મતે સરકાર પણ સમાજનું અંગ છે અને તે તેમને પણ સ્વીકારે છે. સાથે સાથે તે રાજ્યને પણ સ્વીકારે છે. ગાંધીવાદીઓ આ ત્રણે બાબતને સ્વીકારે છે. આજે પણ ઘણા ગાંધીવાદીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત છે.

**2) નવ ગાંધીવાદીઓ :**

ગાંધીવાદીઓના કેટલાક અનુયાયીઓ જેમણે થોડીક છૂટછાટ લીધી, નવી ટેક્નોલોજી સ્વીકારી, નવી પદ્ધતિઓ અપનાવી તેમને નવગાંધીવાદીઓ તરીકે ઓળખવામાં આવે છે. આ લોકો પણ સંપૂર્ણ સત્યને વરેલા, પ્રામાણિકતા, અહિંસાને ધ્યેય માનનારા હોય છે. પણ તેઓ આધુનિકતાને લક્ષમાં લઈ કાર્ય કરે છે. વિચારસરણી તથા મૂલ્યમાં તેઓ ગાંધીવાદી જ છે. માત્ર તેમની કાર્યપદ્ધતિમાં ફર્ક જોવા મળે છે. આવી સ્વૈચ્છિક સંસ્થાઓ પોતે પોતાનાં ધ્યેયો નક્કી કરી, તેને માટે અનુરૂપ પદ્ધતિઓ શોધી કાર્યરત થાય છે. આ નવ ગાંધીવાદીઓને પક્ષમાં રહેવું, રાજકીય પક્ષ બનાવવો મંજૂર નથી. તેઓ પક્ષને માન્ય રાખતા નથી. તેઓને અમુક ચોક્કસ પક્ષો સાથે ફાવે તેવું જોવા મળે છે પણ તેઓ કોઈપણ પક્ષમાં જોડાવવાના વિરોધી છે. તેઓ પક્ષને સંમતિ આપતા નથી. તેઓના મતે પક્ષીય રાજકારણ સ્વૈચ્છિક સંસ્થા માટે હિતાવહ નથી. નવ ગાંધીવાદીઓ કોઈપણ પક્ષમાં જોડાતા નથી કે તેમની સાથે કામ કરતા નથી. નવ ગાંધીવાદીઓ પક્ષને માન્ય રાખતા નથી. પરંતુ તેઓ રાજ્યને સ્વીકારે છે. તેઓ રાજ્ય સાથે

કામ કરવામાં મર્યાદા અનુભવતા નથી. તેઓને રાજ્યની નીતિઓને લક્ષમાં રાખી કામ કરવાનું પસંદ છે. તેઓ રાજ્યને સંપૂર્ણ રીતે સ્વીકારે છે. તે જ રીતે રાજ્યની સંકલ્પનાને પણ તેઓ સ્વીકારે છે. તેઓ સરકારને સ્વીકારતા નથી. એટલે કે સરકારમાં જોડાતા નથી અને તેમની સાથે કામ પણ કરતાં નથી.

**3) સંચાલકીય સ્વૈચ્છિક સંગઠનો :**

ભારત સ્વતંત્ર થયા બાદ આ પ્રકારનાં અનેક સ્વૈચ્છિક સંગઠનો સમાજમાં ઉદ્ભવ્યાં છે. આ સ્વૈચ્છિક સંગઠનો મહદ્અંશે સરકારના ફંડ દ્વારા, સંસાધનો દ્વારા, સરકારના ધ્યેયો પરિપૂર્ણ કરવા કાર્ય કરે છે. આવી સંસ્થાઓ બંધારણીય હેતુને પરિપૂર્ણ કરવા, માત્ર પોતાની શક્તિ, સમય આપીને લોકો માટે કાર્ય કરવા પ્રયત્ન કરે છે. આવા પ્રકારની સંસ્થાઓને તેમના પોતાના ધ્યેયો, વિચારસરણીઓ, મૂલ્ય, પદ્ધતિઓ, કાર્યક્ષેત્ર, વિસ્તાર, વલણ, સ્વપ્ન હોય છે. આવી સંસ્થાઓને પક્ષ, સરકાર તથા રાજ્ય સાથે કામ કરવામાં કે જોડાવવામાં તકલીફ નથી. આવી સંસ્થાઓ મહદ્ અંશે પોતે નક્કી કરેલા હેતુને પાર પાડવા કાર્ય કરે છે. તેમનાં પોતાનાં ધોરણો તથા મૂલ્યો હોય છે. તેઓ પોતે પોતાનું કાર્યક્ષેત્ર નક્કી કરે છે. તેમના લક્ષ્યાંકો પણ નક્કી હોય છે.

તેઓ પોતાના ચોક્કસ હેતુની મર્યાદામાં રહીને જ કાર્ય કરે છે. દા.ત., અમદાવાદમાં આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરતી 'ચેતના'. આ સ્વૈચ્છિક સંસ્થા માત્ર આરોગ્ય જાગૃતિનો ધ્યેય લઈ કાર્ય કરે છે. તેઓ આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ માટે સાહિત્ય તૈયાર કરે છે, કાર્યકરોને તાલીમ આપે છે તથા આરોગ્ય જાગૃતિ માટે કાર્ય કરે છે. આવી સંસ્થાઓને પક્ષ, સરકાર તથા રાજ્ય સ્વીકાર્ય હોય છે. આવા પ્રકારની સંસ્થાઓ પક્ષ સાથે ગઠબંધન કરવું હોય તો કરી શકે છે. સરકાર અને રાજ્ય સાથે પણ પોતાના હિત માટે, કાર્ય માટે જોડાઈ શકે છે – તેમને તે સ્વીકાર્ય છે.

**4) ક્રાંતિકારી સ્વૈચ્છિક સંગઠન :**

ઉદ્દામવાદી સ્વૈચ્છિક સંગઠનો વિશ્વમાં અનેક દેશોમાં જોવા મળે છે. આ સંગઠનોની પોતાની ચોક્કસ વિચારધારા હોય છે અને તેમની વિચારધારા પ્રમાણે તેનું ચોક્કસ મૂલ્ય, સિદ્ધાંતો, પદ્ધતિઓ તથા કાર્યક્રમ હોય છે. આ સંગઠનો મહદ્ અંશે ઉગ્ર, જલદ, હિંસક કાર્યક્રમ આપનારા હોય છે. આ સંગઠનો પોતે ચોક્કસ ધ્યેયને તથા પદ્ધતિને વરેલાં હોય છે. તેઓને વાટાઘાટો, ચર્ચા, વિચારવિનિમયમાં શ્રદ્ધા હોતી નથી અને એટલે જ તેઓ માત્ર ઉદામવાદથી જ કામ લે છે. તેઓ હિંસક પદ્ધતિનો આશ્રય લે છે. આવાં સંગઠનો કદી પણ પક્ષ, રાજ્ય કે સરકાર સાથે સંબંધ રાખતા નથી, તેમની સાથે કાર્ય કરતા નથી. તેઓ કદી પણ સરકારના કોઈ કાર્યક્રમમાં ભાગીદારી નોંધાવતા નથી.

આમ આજે જોવા મળતા સ્વૈચ્છિક સંગઠનો મહદ્ અંશે આ પ્રકારમાં અપવાદ સિવાય સમાવિષ્ટ થઈ શકે તેવા હોય છે. આ સિવાય પણ અનેક પ્રકારો જોવા મળે છે તે હવે જોઈએ.

સ્વૈચ્છિક સંસ્થા સમાજની સામાજિક જરૂરિયાત મુજબ જુદા જુદા મુદ્દાસર ઉદ્ભવે છે. જે મુદ્દાને અનુસંધાને તે ઉદ્ભવી હોય તે મુજબ તે ભૂમિકા ભજવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાનિક, તાલુકા, જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્ય કરે છે. ક્યારેક કિસાન ચળવળ, સ્ત્રી સામાજિક સંસ્થા તરીકે, ટ્રેડ યુનિયન તરીકે, આદિવાસી કે પછાત જાતિ કલ્યાણ માટે કામ કરે છે. ત્રીજા વિશ્વમાં કાર્ય કરતી સંસ્થાઓ સામાજિક કલ્યાણ માટે કામ કરે છે. ભારત જેવા દેશમાં પાણીની પરબ, ધર્મશાળા જેવી સામાજિક સંસ્થાઓ કાર્યરત હતી જ. સ્વૈચ્છિક સંસ્થાઓ વિવિધ પ્રશ્નોને લઈને, પરિસ્થિતિને લક્ષમાં રાખી, સમાજના સ્તર, માળખા, કોટિક્રમ, રૂઢિ, રીતરિવાજ, ધોરણો અને મૂલ્યો, સામાજિક, આર્થિક પરિસ્થિતિ, ધાર્મિક મૂલ્યો, જીવનની ગુણવત્તા, જીવન અંગેના ખ્યાલ વગેરેને ખ્યાલમાં રાખી કાર્ય કરે છે. સમાજમાં જેટલી સામાજિક વિવિધતા હોય તેટલી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યની દૃષ્ટિએ (1) સેવા પૂરી પાડનાર, (2) સમર્થતાની સમર્થક (3) નેટવર્ક ધરાવનાર સ્વૈચ્છિક સંસ્થા.

**1) સેવા પૂરી પાડનાર સ્વૈચ્છિક સંસ્થા :**

આ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ કલ્યાણ અભિગમ ધરાવે છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ માત્ર મદદ કરવાની વૃત્તિથી, સેવા પૂરી પાડવાના હેતુથી કાર્ય કરે છે. આવી સંસ્થાઓ મોટે ભાગે ગરીબ અને નબળાં જૂથોને મદદ કરે છે. તેઓ માને છે કે આવી મદદથી તેમના જીવનની ગુણવત્તા સુધરશે. મોટે ભાગે આવી સંસ્થાઓ આરોગ્ય સેવાઓ જેવી કે દવાખાના, હૉસ્પિટલો અને દવાઓ વગેરે અંગે કાર્યરત થાય છે. આ સિવાય પોષણક્ષમ ખોરાક, રસીકરણ, સ્વચ્છ પાણી વગેરે જરૂરિયાત પૂરી પાડવા પ્રયત્ન કરે છે. શૈક્ષણિક સેવાઓ જેવી કે નિશાળ, કૉલેજ, સાક્ષરતા, પ્રૌઢશિક્ષણ વગેરે કાર્યક્રમો દ્વારા લોકોના જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કરે છે. આવી સંસ્થાઓ કુદરતી સંસાધનોના યોગ્ય ઉપયોગ, ઊર્જાનાં

બિનપરંપરાગત સાધનોનો પ્રચાર, સેનિટેશનની વ્યવસ્થા, વિવિધ પ્રકારની તાલીમની વ્યવસ્થા વગેરે સેવા પૂરી પાડે છે. સ્વૈચ્છિક સંસ્થા પોતે મૂલ્યાંકન કરીને જે સેવાઓ યોગ્ય સમજે છે, તે સેવાઓ અંગે વ્યવસ્થા કરે છે. સમાજના જે સભ્યોને આવી સેવાઓ પૂરી પાડવા માટે તેઓ સ્વૈચ્છિક રીતે, સમર્પિત રીતે કાર્ય કરે છે. પોતે જ તમામ પ્રકારના સંસાધનો પૂરા પાડે છે. તેઓ પોતે જ પોતાના સમર્પણથી, બલિદાનથી સેવાઓની વ્યવસ્થા તથા વિતરણની વ્યવસ્થા કરે છે. તેમનો ઉદ્દેશ્ય ઓછામાં ઓછા ખર્ચથી, વધુમાં વધુ પ્રતિબદ્ધતાથી સમુદાયની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવાનો હોય છે.

આવી સંસ્થાઓ કલ્યાણવાદી અભિગમથી સેવાઓ પૂરી પાડે છે. રાહત, પુનર્વસન, મદદ, સેવા જેવાં કાર્યો કરે છે. આવી સંસ્થાઓ વંચિત જૂથો, સમુદાયો વગેરેને શોધી તેમને તેમની પરિસ્થિતિમાં રાહત પહોંચાડવાનું કાર્ય કરે છે. આ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના ઉદ્દેશ્યને અનુરૂપ સેવાપ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

આવી સંસ્થાઓનાં સ્વરૂપ ધીમે ધીમે પરિવર્તન પામી રહ્યાં છે. પહેલા આવી સંસ્થાઓ માત્ર પોતાના ખ્યાલ મુજબ કાર્યો નક્કી કરતી હતી. સાંપ્રત સમાજમાં હવે આવી સ્વૈચ્છિક સંસ્થાઓ વૈજ્ઞાનિક પદ્ધતિઓની મદદથી પરિસ્થિતિની તપાસ કરાવી, જરૂરિયાતોને સમજી, કાર્ય માટેનું આયોજન કરે છે અને કાર્ય પૂર્ણ થયા પછી મૂલ્યાંકન પણ કરે છે. નવા અભિગમમાં નાની નાની અનેક સંસ્થાઓ સાથે મળીને કોઈ મોટું કાર્ય સાથે કરવાનું નક્કી કરે છે અને બધા એકત્ર થઈ એ ભગીરથ કાર્ય પણ કરે છે.

સેવા પૂરી પાડનાર સંસ્થામાં માત્ર સેવા આપનાર સંસ્થા વર્ચસ્વ ભોગવતી હતી. પહેલાના જમાનામાં માત્ર આપનારની ઇચ્છા, ઇરાદાઓ મહત્ત્વનાં ગણાતાં હતાં. આપનાર મોટો ગણાતો હતો અને ''ધરમની ગાયના દાંત ગણવાના ન હોય'' એવી કહેવતો હતી. એટલે માત્ર આપનાર જ મહત્ત્વનો ગણાતો. ગરીબો, વંચિતો, માત્ર લેનાર, ગરીબ, લાચાર, નિષ્ક્રિય ગણાતા હતા. જો ધાર્યા પરિણામ ન મળવી શકાય તો માત્ર લેનાર જ જવાબદાર ગણાતા હતા. આ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થામાં દાન આપનારની મરજી, ઇચ્છા, ઇરાદા, ઉદ્દેશ્ય લક્ષમાં લેવાતા હતા. પરંતુ પરિવર્તિત સંજોગોમાં આવો અભિગમ ધરાવનાર સ્વૈચ્છિક સંસ્થા પણ જે સમૂહોમાં કાર્ય કરવાનું છે, તે સમૂહો સમુદાયોની ઇચ્છા, ઇરાદા, મરજી, ક્ષમતા વલણ લક્ષમાં લે છે.

**2) સમર્થતાની સમર્થક :**

સાંપ્રત સમાજમાં આવેલ પરિવર્તનને લક્ષમાં રાખી, આજે સ્વૈચ્છિક સંસ્થાનો માહોલ પણ બદલાયો છે. સ્વૈચ્છિક સંસ્થાઓમાં કાર્ય કરનારાઓ, તેમની મુખ્ય વ્યક્તિઓનો સૌની ઉદ્દેશ્ય વ્યક્તિને જાગૃત કરી, તાલીમ આપી, સમર્થ બનાવવાનો છે. આ અભિગમમાં લોક ભાગીદારી ખૂબ મહત્ત્વની હોય છે. આ પ્રકારનો અભિગમ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થા કોઈ સમુદાય, કોઈ જૂથ કે સમૂહને સીધી, પ્રત્યક્ષ મદદ કરતી નથી, પણ આ જૂથ, સમૂહ કે સમુદાયના લોકોને જાગૃત કરી સમર્થ બનાવવાનો પ્રયાસ કરે છે. આ અભિગમમાં કલ્યાણ, મદદ, ઊંચનીચ એવું કંઈ જ જોવા મળતું નથી. અહીં વ્યક્તિને સમર્થ બનાવવાની વાત છે, વ્યક્તિની શક્તિને પ્રોત્સાહન આપી વધારી, એ પોતે જ પોતાના પ્રશ્ન ઉકેલે, પોતે જ પોતાની સમસ્યાઓનાં તમામ પરિમાણો સમજી પોતે પોતાની રીતે એનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ જે જૂથ, સમૂહ કે સમુદાયના લોકો માટે કાર્ય કરે છે, તેમનાં વલણો, પ્રત્યક્ષીકરણો, પૂર્વગ્રહો, અપેક્ષાઓ, આકાંક્ષાઓ સૌનો સ્વીકાર કરી, તેમની સંપૂર્ણ ભાગીદારીથી વ્યૂહરચના બનાવી, તેમની મદદથી જ વ્યૂહરચના અમલમાં મૂકે છે. આ સમર્થતાના અભિગમ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ પોતે માત્ર મદદનીશની, નિષ્ણાતની ભૂમિકા ભજવે છે. જો જૂથને સહાયતાની જરૂર હોય, સંસાધનોની જરૂર હોય તો તેની મદદ કરે છે. અહીં કાર્ય કરનારની નહીં, જે સમૂહનો વિકાસ કરવાનો હોય તેની ઇચ્છા સર્વોપરી રહે છે.

**3) નેટવર્ક ધરાવનાર સંસ્થા :**

આ પ્રકાર સ્વૈચ્છિક સંસ્થાઓમાં 1980 પછી જોવા મળ્યો છે. સ્વાતંત્ર્ય પછી ભારતમાં અને જાગૃતિ પછી આખા વિશ્વમાં સ્વૈચ્છિક કાર્ય કરનારાઓએ અનેક ક્ષેત્રમાં કામ શરૂ કર્યું છે. આ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, વિવિધ પ્રકારના ક્ષેત્ર નક્કી કરી સમાજના હિતમાં કામ કરે છે. આવા એક જ ક્ષેત્રમાં, એક જ ધ્યેયથી, કામ કરનારી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાનું ઔપચારિક મંડળ બનાવે છે. ક્યારેક આવાં મંડળો અનૌપચારિક રીતે એકત્ર થઈ ચોક્કસ કાર્ય માટે, કોઈ ચોક્કસ સમયગાળા માટે, પોતાનું ફેડરેશન બનાવે છે. આવા ઔપચારિક અને અનૌપચારિક ફેડરેશન પ્રાંત, રાજ્ય, રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય કક્ષાના હોય છે. આ સંગઠનો ખૂબ મહત્ત્વનાં હોય છે કારણ સૌ એકબીજા સાથે સમાન ભાવે જોડાય છે. ક્યારેક તે સૌ નક્કી કરે તો, એકત્ર થઈ, સંગઠિત થઈ, સંઘશક્તિનો ઉપયોગ કરી, કોઈ ચોક્કસ મુદ્દાની વકીલાત કરે

છે. આ સંગઠનો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં સંઘશક્તિ વિકસાવી, તેનું પ્રદર્શન કરી, પોતાના મુદ્દાના ઉકેલ માટે પ્રયત્ન કરે છે, વકીલાત કરે છે. આવા ફેડરેશનમાં વિવિધ શક્તિઓ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ એકબીજા સાથે જોડાવાથી શક્તિશાળી બને છે.

સાંપ્રત સમાજમાં નેટવર્કના ભાગ બનવાથી પણ સંસ્થાઓને ખૂબ ફાયદો થાય છે અને તેથી જ મોટા ભાગની સ્વૈચ્છિક સંસ્થાઓ આવી સંસ્થાના સભ્ય બને છે.

આવા મુખ્ય પ્રકારો જોયા બાદ વિવિધ માપદંડોને આધારે સ્વૈચ્છિક સંસ્થાના કેટલાક પ્રકારો તપાસીએ.

**1) કદ આધારિત :** સ્વૈચ્છિક સંસ્થા, કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિઓનું જૂથ, ચોક્કસ ધ્યેય નક્કી કરી, તેની પૂર્તિ માટે સ્વૈચ્છિક સંગઠનની રચના કરે છે. આ સંગઠન તેના ઉદ્દેશ્યના આધારે નાના કદના, મધ્યમ કદના કે મોટા કદના હોય છે. સ્વૈચ્છિક સંસ્થાને તેના ઉદ્દેશ્ય મુજબ તથા તેના કાર્યક્ષેત્ર મુજબ નાના, મધ્યમ કે મોટા કદ એટલે કે તેના કદ પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

**2) સ્થળ આધારિત :** સ્વૈચ્છિક સંસ્થા ક્યારેક માત્ર ગ્રામીણ ક્ષેત્રમાં, તો ક્યારેક નગરીય ક્ષેત્રમાં કાર્ય કરતી હોય ત્યારે તેને ગ્રામીણ વિસ્તારમાં કાર્ય કરતી કે નગરીય ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થા તરીકે વર્ણવી શકાય.

**3) પ્રાદેશિક વિસ્તાર આધારિત :** સ્વૈચ્છિક સંસ્થા પોતાના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા પોતાનો વિસ્તાર નક્કી કરે છે. દા.ત., ગ્રામીણ સ્તરે કાર્ય કરતી, તાલુકા સ્તરે કાર્યરત, જિલ્લા સ્તરે કાર્યરત, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે કાર્યરત તથા આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરનારી સ્વૈચ્છિક સંસ્થાના પોતાના કાર્યક્ષેત્ર મુજબ તેને વર્ગીકૃત કરી શકાય.

**4) કાર્ય આધારિત :** દરેક સ્વૈચ્છિક સંસ્થા પોતાના લક્ષ્યનિર્ધારણ સાથે, પોતાનું ક્ષેત્ર, પોતાની પદ્ધતિ, પોતાનું કાર્યક્ષેત્ર, પોતાના સંસાધનો નક્કી કરે છે. વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ નિશ્ચિત ક્ષેત્રમાં કાર્ય હાથ ધરાવે છે; જેવા કે શિક્ષણ, આરોગ્ય, જાગૃતિ, પર્યાવરણ રક્ષણ વગેરે. તેમના કાર્ય દ્વારા તેમને વર્ગીકૃત કરી શકાય. આ સંસ્થાઓ પોત- પોતાનું કાર્ય નક્કી કરે છે અને સમાજમાં કાર્યરત થાય છે. ક્યારેક સંસ્થાઓ એકથી વધુ ક્ષેત્રમાં કાર્ય કરે છે, ત્યારે તેના મુખ્ય કાર્યને મહત્ત્વનું ગણવામાં આવે છે.

**5) આંતરિક પદ્ધતિ આધારિત :** દરેક સ્વૈચ્છિક સંસ્થા પોતે આંતરિક માળખામાં હેતુ, કાર્ય અને સાધનની સ્વતંત્રતા કક્ષા અનુસાર કે નિયંત્રણ અનુસાર વર્ગીકૃત કરી શકાય.

**6) નાણાકીય સંસાધનો આધારિત :** દરેક સ્વૈચ્છિક સંસ્થા પોતે લક્ષ્ય નિર્ધારિત કરી તેને માટે પદ્ધતિ વિકસાવે છે. પોતાના લક્ષ્ય માટે નાણાકીય સંસાધનો એકત્ર કરે છે. કેટલીક સંસ્થાઓ પોતે સ્થાપકો તથા મિત્રો પાસેથી જ નાણાં પ્રાપ્ત કરશે. કેટલીક સંસ્થાઓ માત્ર લોકફાળા ઉપર જ આધાર રાખે છે, જ્યારે કેટલીક સંસ્થાઓ સરકાર તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાનો પાસેથી પણ નાણાકીય સંસાધનો પ્રાપ્ત કરે છે. નાણાકીય સંસાધનો, સ્વૈચ્છિક સંસ્થા ક્યાંથી મેળવે છે તે આધાર પર સંસ્થાઓને વર્ગીકૃત કરી શકાય.

**7) સ્વૈચ્છિક સંસ્થાની પ્રેરણાને આધારે :** સ્વૈચ્છિક સંસ્થા કોઈક ચોક્કસ પ્રેરણામાંથી જ ઉદ્ભવે છે. સ્વૈચ્છિક સંસ્થાને આધ્યાત્મિકતા, સેવા, માનવસાધના કે પ્રેમની પ્રેરણા પ્રાપ્ત હોય છે. આ સિવાય કોઈક આદર્શ વ્યક્તિ, ધાર્મિક નેતા, રાષ્ટ્રીય નેતા, યુગપુરુષ કે સ્ત્રીની પ્રેરણા આધારિત સંસ્થા હોય છે. આ પ્રેરણાને આધારે સ્વૈચ્છિક સંસ્થાને વર્ગીકૃત કરી શકાય.

**(8) સ્વૈચ્છિક સંસ્થાના સભ્યોના વર્ગ અને લક્ષણો આધારિત :** દરેક સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો હોય છે. આ સભ્યોના વર્ગ, જ્ઞાતિ અને દરજ્જા પ્રમાણે સંસ્થાને વર્ગીકૃત કરી શકાય. દા.ત., ભદ્રવર્ગની, મધ્યમવર્ગની, ગરીબવર્ગની અને બુદ્ધિજીવીઓની વગેરે.

**(9) સ્વૈચ્છિક સંસ્થાના સભ્યોના સંબંધોને આધારે :** દરેક સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો વચ્ચે વિવિધ પ્રકારના સંબંધો હોય છે. દા.ત., ઔપચારિક અને અનૌપચારિક સંબંધો. સભ્યોના સંબંધો સ્વૈચ્છિક સંસ્થાની કાર્યપદ્ધતિ, શૈલી તથા કાર્યક્રમો નક્કી કરે છે.

**(10) લાભાર્થીની જાતિ આધારિત :** સ્વૈચ્છિક સંસ્થા લક્ષ્ય નક્કી કરે ત્યારે પોતાના લાભાર્થી નક્કી કરે છે. લાભાર્થી નક્કી થાય ત્યારે સ્વૈચ્છિક સંસ્થા સ્ત્રી માટે કામ કરનાર કે પુરુષ માટે કામ કરનાર તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

**(11) રાજકીય વિચારસરણી આધારિત :** સ્વૈચ્છિક સંસ્થા કોઈ વ્યક્તિ, કોઈ વિચારસરણી આધારિત હોય છે. કદીક સ્વૈચ્છિક સંસ્થા રાજકીય પક્ષોની નજીક હોય છે. તેમની વિચારસરણીને માનતા હોય છે. આવી સ્વૈચ્છિક સંસ્થાઓ વિચારસરણીને અનુરૂપ નીતિ રાખે છે, કાર્યક્રમો, વલણ અને પદ્ધતિ રાખે છે. રાજકીય પક્ષને માનતા હોય તો તે આધાર ઉપર તેમને વર્ગીકૃત કરી શકાય.

આવા અને આ સિવાય સ્વૈચ્છિક સંસ્થાઓના અનેક બીજા પેટાવિભાગો જોઈ શકાય છે. વિવિધ માપદંડો આધારિત વર્ગીકરણો જોયા છતાં એવું કહી શકાય કે આ વર્ગીકરણોમાં બધાં જ સ્વૈચ્છિક સંગઠનો વર્ગીકૃત થઈ શકે એવું જરૂરી નથી. ક્યારેક એવું બને કે જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ એક જ પ્રકારના વિભાગમાં વર્ગીકૃત થઈ જ જાય, એવું નથી. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ એકથી વધુ પ્રકારના અભિગમ, ઉદ્દેશ્ય, પદ્ધતિ અખત્યાર કરતી હોય. દરેક સામાજિક સંસ્થા સામાજિક પૃષ્ઠભૂમિકાને આધારે ઉદ્દ્ભવે છે. સ્વૈચ્છિક સંસ્થા સામાજિક જરૂરિયાતોને અનુલક્ષીને કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થા જ્યારે સામાજિક જરૂરિયાતોની પરિપૂર્તિ ન કરે તો અસ્તિત્વ ટકાવી શકતી નથી કે વિકાસ સાધી શકતી નથી.

## 3.4 સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા :

સ્વૈચ્છિક સંસ્થા કોઈ ચોક્કસ ધ્યેયને પરિપૂર્ણ કરવા કાર્યશીલ બને છે. સંસ્થાના હેતુને અનુલક્ષીને તેનું કાર્યક્ષેત્ર તથા પદ્ધતિ નક્કી થાય છે. સ્વૈચ્છિક સંસ્થાના ઉદ્દેશ્ય તથા પ્રકાર મુજબ તેની ભૂમિકા નક્કી થાય છે. સંદર્ભ બદલાતા તેની ભૂમિકા પણ બદલાય છે. સ્વૈચ્છિક સંગઠન વ્યક્તિના ભાવ, લાગણી અને ઉદાત્ત ભાવનાઓથી ઘડાયેલા હોય છે. તેમનો મુખ્ય ઉદ્દેશ સમાજપરિવર્તનનો હોય છે.

સ્વૈચ્છિક સંસ્થા જો સ્થાનિક, જિલ્લા સ્તરની, રાજ્ય સ્તરની, રાષ્ટ્ર સ્તરની કે આંતરરાષ્ટ્રીય સ્તરની હોય તો તે પોતાને સ્તરે ભૂમિકા ભજવે છે. એ તેની કક્ષા પ્રમાણે તે સ્તરના પ્રશ્નોને ઉકેલવાનો પ્રયાસ કરે છે.

સ્વૈચ્છિક સંસ્થા જો ગાંધીવાદી હોય તો તે ગાંધીવાદી અભિગમથી કાર્ય કરે છે અને પોતાની ભૂમિકા તે મુજબ ભજવે છે. એટલે કે પ્રશ્નની સત્યાસત્યતા તપાસી, વિશ્લેષણ કરી, મૂળ જાણી અહિંસક માર્ગે પોતાની ભૂમિકા ભજવે છે. તેઓ સતત ગાંધીવિચારને સમર્થક ભૂમિકા ભજવવાનો પ્રયત્ન કરે છે. સ્વૈચ્છિક સંગઠનનાં મૂલ્યો, વિચારસરણીઓ, અભિગમ, દષ્ટિકોણ મુજબ કાર્ય કરે છે.

નવગાંધીવાદીઓની ભૂમિકા તેમના દૃષ્ટિકોણો મુજબ, સંચાલકીય અભિગમ ધરાવનારની તે મુજબ તથા ઉદ્દામવાદીઓની પોતાના હેતુ મુજબ નક્કી થાય છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે સ્વૈચ્છિક સંસ્થાના સંદર્ભ બદલાતાં ભૂમિકા બદલાય છે. એક જ સંસ્થાનો સંદર્ભ બદલાય તો તુર્ત જ જે તે સંસ્થાની ભૂમિકા બદલાય છે. પાયાની રીતે તપાસીએ તો સ્વૈચ્છિક સંસ્થાના ઉદ્દેશ્યો અને પ્રકાર મુજબ, તેના સંસાધનો મુજબ, માનવશક્તિ મુજબ તે ભૂમિકા ભજવે છે.

સ્વૈચ્છિક સંસ્થા કલ્યાણ, લોકકલ્યાણ માટે કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા જેમજેમ તેમના અભિગમ બદલાય તેમ બદલાય છે. સમાજમાં સૌપ્રથમ કલ્યાણ અભિગમ પ્રવર્તમાન હતો, ત્યારે તેની ભૂમિકા, જે તે સમાજ માટે, જૂથ માટે, તેમના લક્ષ્યાંક જૂથ માટે, પોતાની દષ્ટિ, સૂઝ તથા ક્ષમતાઓના સંદર્ભમાં યોજના ઘડી અમલમાં મૂકવાની હતી. કલ્યાણ અભિગમ પ્રવર્તમાન હતો ત્યારે સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા લાભાર્થીઓ માટે, તેમના કલ્યાણ માટે વ્યૂહ રચી, આયોજન કરી અને તે ઉપર અમલ કરવાનો હતો. સંદર્ભ બદલાય, અભિગમ બદલાય એટલે તે પ્રમાણે સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા પણ બદલાય છે. આ અભિગમ અમલમાં હોય ત્યારે સ્વૈચ્છિક સંસ્થા મદદકર્તાની ભૂમિકા નિભાવે છે. તે સહાનુભૂતિ, પ્રેમ, દયા, કરુણા આધારિત ભૂમિકા ભજવે છે.

સાંપ્રત સમયમાં સ્વૈચ્છિક સંસ્થા સમર્થતાનો અભિગમ સ્વીકારે છે તેથી સ્વૈચ્છિક સંસ્થા વ્યક્તિને સમર્થ કરવા વિવિધ કાર્યક્રમો ઘડે છે. પ્રથમ તબક્કામાં તે કલ્યાણકારી તરીકે ભૂમિકા ભજવતી હતી, ત્યાર બાદ સમાજસુધારક તરીકે, આજે ક્યારેક નિષ્ણાત તરીકે ભૂમિકા ભજવે છે. આજના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાના હેતુ તથા પ્રકાર મુજબ તેની ભૂમિકા નક્કી થાય છે. દા.ત., ક્યારેક સ્વૈચ્છિક સંસ્થા તેની સમગ્ર તાકાતથી રાજ્યની શક્તિ સામે, સામાજિક પરિવર્તન ઝુંબેશ ચલાવે છે. અન્યાય સામે પ્રતીકાત્મક કાર્યવાહી કરે છે. અન્યાય સામે પ્રજામત તૈયાર કરે છે અને પ્રજાને તૈયાર કરી સંગઠિત કરી, અન્યાય સામે લડવાની શક્તિ પૂરી પાડે છે. ક્યારેક કાયદા દ્વારા, કાયદાની પ્રક્રિયાથી સામાજિક કલ્યાણ વિરુદ્ધના કાર્ય થયા હોય ત્યારે પ્રજાને સંગઠિત કરી તેની સામે અવાજ ઉઠાવી, સત્તાને પ્રજાની તરફેણમાં કામ કરવા ફરજ પાડે છે. સ્વૈચ્છિક સંસ્થા આવે સમયે વ્યાવસાયિક સેવાઓ પૂરી પાડે છે. સાપ્રંત સમયમાં તે નિષ્ણાતોની સેવા પણ લે છે.

જ્યારે સ્વૈચ્છિક સંસ્થા સંચાલકીય અભિગમથી કાર્ય કરતી હોય ત્યારે તે સરકારના સંસાધનો પ્રાપ્ત કરી, સરકારના ધ્યેયોને પરિપૂર્ણ કરનાર તરીકેની ભૂમિકા ભજવે છે. સ્વૈચ્છિક સંસ્થા પ્રજાના હિતમાં, પ્રજાની સામેલગીરી પ્રાપ્ત કરી, પ્રોત્સાહક તરીકે પણ ભૂમિકા ભજવે છે. સ્વૈચ્છિક સંસ્થા પરિવર્તનના વાહક તરીકે, સામાજિક પરિવર્તન માટેના મદદગાર તરીકે ભૂમિકા ભજવે છે.

સ્વૈચ્છિક સંસ્થા માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. સ્વૈચ્છિક સંસ્થા લોકોને પ્રોત્સાહિત કરી, વ્યવસ્થાને તપાસી, તેમાં અસરકારકતા ઉમેરી પ્રજાને જાગૃત કરી, ધ્યેય અભિમુખ બનાવી, રચનાતંત્ર ગોઠવી, ચોક્કસ ધ્યેયોને પામવા, માર્ગદર્શક અને ભાગીદાર તરીકે ભૂમિકા ભજવે છે. સાથે સાથે આવનારા પડકારો, અવરોધો અંગે વિચાર કરી, પ્રજાને સલાહસૂચન આપે છે અને નિષ્ણાત તરીકેની ભૂમિકા ભજવે છે.

સ્વૈચ્છિક સંસ્થા મિત્ર તરીકે ભૂમિકા ભજવે છે. સ્વૈચ્છિક સંસ્થા લોકોના જ્ઞાન, કૌશલ્ય, પ્રત્યક્ષીકરણને સમજી લોકોની ક્ષમતા વધારવાનો પ્રયત્ન કરે છે. કાર્યકરોને તાલીમ આપી, તેમને નેતૃત્વ પૂરું પાડે છે.

સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા સમાજની સમસ્યાઓને સમજી તેના ઉપાયોની શોધ કરી તે ઉપાયો લોકોના જ બને તેવા માધ્યમ અને સાધનથી કામ કરી તેને સ્વૈચ્છિક સંસ્થાના ઉદ્દેશ્યને બદલે પ્રજાના ઉદ્દેશ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે. ટૂંકમાં, સ્વૈચ્છિક સંસ્થાનો કાર્યકર પ્રજાને જાગૃત કરવાનું, માહિતી પહોંચાડવાનું, માહિતીનું વિશ્લેષણ કરવાનું, સામાજિક માળખાના અર્થઘટન માટે, સામાજિક માળખાઓની ખામીઓને સ્પષ્ટ સમજી, તેના ઉપાયો અંગે ચર્ચા કરી, તેના ઉપાયો વિચારવાનો તથા તે અંગો સંસાધનો પ્રાપ્ત કરાવી આપવાનો પ્રયત્ન કરે છે.

સ્વૈચ્છિક સંસ્થા પ્રજાને જાગૃત કરી તેને સામેલગીરી માટે તૈયાર કરે છે.

## 3.5 સ્વૈચ્છિક સંસ્થાના અભિગમો :

વિશ્વના તમામ સમુદાયોમાં સ્વૈચ્છિક કાર્ય તો જોવા મળે છે જ. વિશ્વમાં ધાર્મિક અભિગમને કારણે અનેક માનવીય, દયાના, સેવાના અને પરોપકારનાં કાર્યો દરેક યુગમાં હાથ ધરવામાં આવે છે. આમાંના મોટા ભાગના કાર્ય માનવને મદદ કરવા હાથ ધરવામાં આવે છે. અર્વાચીન યુગમાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓ અનેકવિધ કાર્યો કરે છે અને તેમના વિવિધ અભિગમો જોવા મળે છે, જેની ચર્ચા નીચે મુજબ કરીએ :

1. સામાજિક સુધારણાનો અભિગમ
2. કલ્યાણનો અભિગમ
3. ગાંધીવાદી અભિગમ
4. નવ ગાંધીવાદી અભિગમ
5. સંચાલકીય અભિગમ
6. ઉદ્દામવાદી અભિગમ.

**1) સામાજિક સુધારણાનો અભિગમ :**

સમાજની પરિસ્થિતિ અંગે ચિંતિત હોય, જે સામાજિક પરિસ્થિતિ અંગે વિચારતા હોય, અને સામાજિક સુધારણા થવી જ જોઈએ એવું માનતા હોય તેઓ આ અભિગમથી કાર્ય કરે છે. ભારતમાં રાજારામમોહનરાયે સતીપ્રથાનો અંત લાવવા માટે, કુરિવાજની નાબૂદી માટે, પારંપરિક રૂઢિને નાબૂદ કરવા માટે, સામાજિક સુધારણાના અભિગમથી કાર્ય કર્યું. આજ સૌ જ્યોતિરાવ ફૂલે, એકનાથ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, બહેરામજી મલબારી વગેરેએ સામાજિક માળખાને બદલવા, તેમાં પરિવર્તન લાવવા માટે આ અભિગમથી કાર્ય કરે છે. સામાજિક સુધારણા માટે બ્રહ્મો- સમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓ કાર્યરત થઈ. સામાજિક સુધારણા એટલે કે સમાજમાં જે કંઈક ખરાબ હોય તેને બદલી કંઈક સુધારવાના ખ્યાલથી થાય છે. આ પ્રકારની સુધારણામાં સમાજના રીતરિવાજ, પરંપરા, રૂઢિ, મૂલ્ય વગેરેને બદલવાની વાત કરે છે. આવા અભિગમમાં દારૂબંધી અંગે પણ ચર્ચા થાય છે, એને રોકવાની વાત થાય છે.

**2) કલ્યાણવાદી અભિગમ :**

માનવની પરોપકારની વૃત્તિ, દયા, કરુણા અને ધાર્મિક ભાવના આ પ્રકારના અભિગમનો પાયો છે. આ અભિગમમાં એક વ્યક્તિ કે એક જૂથને એમ લાગે છે કે બીજી એક વ્યક્તિ કે જૂથ પાસે જે નથી તે તેમને પહોંચાડવું જોઈએ. કારણ તે દ્વારા જ તેનો ઉદ્ધાર થશે એમ માનવામાં આવે છે. આ અભિગમમાં એક આપનાર અને એક લેનાર છે એટલે કે હુંહનો અભિગમ છે. આ અભિગમ ધરાવનાર સંસ્થાઓ મહદ્ અંશે અનાજવિતરણ, જીવનજરૂરિયાતની વસ્તુઓનું વિતરણ, શિક્ષણ માટેની સુવિધાઓ અંગે વ્યવસ્થા કરે છે. મહદ્ અંશે ધાર્મિક સંસ્થાઓ આવી પ્રવૃત્તિઓ કરતી જોવા મળે છે. આ અભિગમમાં દયા, મદદ અને પરોપકારની ભાવના જોઈ શકાય છે. અહીં માત્ર આપનારની ઇચ્છા બળવત્તર ગણાય છે. લેનારની ઇચ્છા કે અપેક્ષા જાણવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી. કલ્યાણ અભિગમમાં લાભાર્થી નિષ્ક્રિય હોય

છે, તેને માત્ર લેવાનું છે. આ અભિગમમાં લાભાર્થીની ઇચ્છા, અપેક્ષા, શક્તિ, લાયકાત, વલણ, પૂર્વ અનુભવ વગેરેને ધ્યાનમાં લેવાતું નથી. અહીં લાભાર્થીની ભાગીદારી શૂન્ય જોવા મળે છે.

**3) ગાંધીવાદી અભિગમ :**

મહાત્મા ગાંધીના ભારતીય રાજકારણના પ્રવેશને કારણે ભારતીય સમાજમાં અનેકવિધ પરિવર્તનો દૃશ્યમાન થાય. અંગ્રેજો સાથે સ્વાતંત્ર્ય માટેની લડાઈ, એની સ્થાપના પછી સતત ચાલુ જ હતી. 1857ની ક્રાંતિ પણ આવી. પરંતુ ગાંધીજી ખરેખર સમાજકાર્યકર, ફિલસૂફ, તત્ત્વચિંતક અને રાજકારણી હતા. ગાંધીના રાજકીય પ્રવેશથી રાજકારણ ઉપર તો ગહન અસરો જોવા મળી પણ સમાજ ઉપર ગહન અસર જોવા મળી. ગાંધીના વિચારોમાં સત્ય, અહિંસા, લક્ષ્ય પ્રાપ્ત કરવા સાધનની શુદ્ધિ, સાધ્ય અને સાધન બન્નેની શુદ્ધિની સ્પષ્ટતા તથા આગ્રહ જોવા મળતા. ગાંધીના સમાજકાર્યના વિચારોમાં વ્યક્તિ સક્ષમ છે, તે ધારે તો કરી જ શકે. સાદાઈ, સ્વાવલંબન, સ્વરાજ, સત્યાગ્રહ અને અસહકાર જેવાં સાધનો એમાં ખૂબ મહત્ત્વનાં ગણાય છે. ગાંધીજીના જે અનુયાયીઓ હતા તેઓમાંના ઘણાઓએ ગાંધી વિચાર પ્રત્યે સંપૂર્ણ સમર્પણ દર્શાવ્યું. આ વૈચારિક પૃષ્ઠભૂમિકા ધરાવનાર જીવન એક સંગઠિત બાબત છે અને બધા જ પ્રકારથી પ્રયોગો એક જ લક્ષ્ય અને પદ્ધતિથી કરવા જોઈએ.

ગાંધીવાદી વિચારમાં દયા, પરોપકારને બદલે સક્ષમતાઓ, સમર્થતાનો અભિગમ સ્વીકારાય છે. ગાંધીવાદી અભિગમમાં સંપૂર્ણ સત્ય, સમર્પણ બાબત મહત્ત્વની બને છે. આ અભિગમ ધરાવનારા સૌ સંપૂર્ણ સત્યની અપેક્ષા રાખે છે.

**4) નવગાંધીવાદી અભિગમ :**

આ વિચારસરણી આધારિત સંસ્થાઓ ગાંધીવાદી વિચારસરણી, ગાંધીવાદી મૂલ્યો, સિદ્ધાંતોના અમલ માટે કાર્યરત હોય છે. અલબત્ત આવી સંસ્થાઓ પરિસ્થિતિને અનુરૂપ ટેક્નોલોજીમાં પરિવર્તન સ્વીકારે છે. ગાંધીવાદી તત્ત્વો સાથે સમાજવાદી સુધારણાનાં તત્ત્વોનો સમન્વય કરે છે.

દા.ત., સર્વોદય, ગુજરાત બિરાદરી, પ્રયાસ, આર્ચવાહિની, સેવા વગેરે.

**5) ક્રાંતિકારી અભિગમ :**

સમાજમાં વિવિધરૂપે દમન, શોષણ અને અત્યાચારને કારણે, કેટલીક વ્યક્તિઓ વિરોધાત્મક અભિગમ ઉપર સંગઠિત થાય ત્યારે તેઓ વિચારસરણી નહીં, પરંતુ વ્યક્તિનો ખાત્મો બોલાવવાનો પ્રયાસ કરે છે. આમાં વિરોધ પ્રદર્શનથી આતંકવાદી અભિગમ સુધી વિસ્તૃત સ્વરૂપ જોવા મળે છે. અહીં હિંસા સર્વોપરી છે. એમનાં મૂલ્યો, ધોરણો, પદ્ધતિઓ બધું જ અલગ હોય છે.

**6) સંચાલકીય અભિગમ :**

સ્વતંત્રતા બાદ આ અભિગમ ધરાવતા અનેક જૂથો કાર્યરત થયાં. આ જૂથોનો ઉદ્દેશ સામાજિક સુધારણા છે. તેઓ પાસે તેમના ઉદ્દેશ્ય, સામાજિક સુધારણાનું સ્વપ્ન, પદ્ધતિ, જોમ, ઉત્સાહ હોય છે. તેઓ વિવિધ સંસ્થાઓ, રાજ્ય, સરકાર, લોકો પાસેથી ફંડ પ્રાપ્ત કરી કાર્ય કરે છે. એમનો અભિગમ સંચાલકીય હોય છે.

## 3.6 સ્વૈચ્છિક સંસ્થાનો સામાજિક સંદર્ભ - સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ

સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ સમાજશાસ્ત્રનું કાર્ય સામાજિક વાસ્તવિકતાઓને તેમના કાર્યકરણના સંબંધ સમજી, વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડવાનો છે. સમાજશાસ્ત્ર તેના ઉદ્‌ભવથી જ ક્રિયા સાથે જોડાયેલું છે. સમાજશાસ્ત્રના પિતા ઓગષ્ટ કોમ્ટે સામાજિક પુનર્રચના કરવાના ઇરાદાથી, સામાજિક પુનર્રચના અને માનવતાવાદી ધર્મ અંગે પોતાના ખ્યાલો રજૂ કર્યા છે. આ સિદ્ધાંત અંગે કોમ્ટે સંપૂર્ણ આયોજન રજૂ કર્યું હતું. જેમાં સંપૂર્ણ માળખું, ધારાધોરણો, કાર્યપદ્ધતિ, ભૂમિકા, દરજ્જા અંગે સ્પષ્ટતા કરી હતી. સ્વૈચ્છિક સંસ્થા સામાજિક પરિવર્તનના ઉદ્દેશ્યથી કાર્યરત બને છે, ક્યારેક તે ચોક્કસ ઉદ્દેશ્ય પામવા પ્રયત્ન કરે છે. સ્વૈચ્છિક સંસ્થાનાં બધાં જ કાર્યો વિધેયાત્મક હોય તે જરૂરી નથી. સ્વૈચ્છિક સંસ્થાના ઉદ્દેશ્ય દ્વારા જ તેનાં કાર્યો નક્કી થાય છે. ક્યારેક તેનાં કાર્યો નકારાત્મક (negative) પણ હોઈ શકે. સ્વૈચ્છિક સંસ્થા સ્વાયત્ત રીતે પોતાના ઉદ્દેશ્ય, કાર્યક્રમો, સંસાધનો તથા પદ્ધતિ નક્કી કરે છે અને પ્રજાની ભાગીદારી દ્વારા તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. દરેક સ્વૈચ્છિક સંસ્થા પોતાનો કાર્યક્રમ પ્રજાનો કાર્યક્રમ બને તે માટે સક્રિય બને છે. સ્વૈચ્છિક સંસ્થા સામાજિક સંદર્ભમાં આ કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થા તેમના સામાજિક જ્ઞાનને વ્યવહારુ પરિપ્રેક્ષ્યમાં, કાર્યક્રમમાં રૂપાંતરિત કરી સામાજિક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. સ્વૈચ્છિક સંસ્થા કોઈ ચોક્કસ વિચારસરણીને અનુરૂપ, ચોક્કસ ઉદ્દેશ્યને પામવા કાર્યરત હોય છે. આ કારણોસર જ સ્વૈચ્છિક સંસ્થાઓ પુનરુત્થાનવાદી પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ હોય છે. તેઓ માત્ર રાજ્યના ઉદ્દેશ્યો પરિપૂર્ણ

કરવા કે તેમના કાર્યક્રમોમાં પૂરક બનવાનો પ્રયત્ન કરતાં નથી. ક્યારેક રાજ્યથી વિરુદ્ધ ચળવળો ચલાવી, પોતાના ઇચ્છિત ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા, સંઘર્ષ દ્વારા પોતાના ઉદ્દેશ્ય પામવા પ્રયત્નશીલ બને છે. આ પ્રયત્નમાં પોતાની શક્તિ મુજબનાં સાધનોનો ઉપયોગ કરે છે. સ્વૈચ્છિક સંસ્થા સંપૂર્ણપણે સ્વાયત્ત બનવા પ્રયત્ન કરે છે.

સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ તપાસીએ તો સામાજિક મૂલ્ય અને ધોરણોના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાના પ્રયત્ન તપાસવા જોઈએ. સમાજમાં વિવિધ પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરે છે. જ્યારે ક્રાંતિકારી પ્રકારની સ્વૈચ્છિક સંસ્થા કાર્યક્રમ યોજે, ત્યારે તે ધોરણ અનુરૂપ કાર્યક્રમ કરે તે શક્ય બનતું નથી. આવી સંસ્થાઓ ધોરણભંગ પણ કરે છે. ટૂંકમાં, સ્વૈચ્છિક સંસ્થા પોતાના પ્રત્યક્ષીકરણને અનુરૂપ સમાજ બનાવવા પ્રયત્નશીલ બને છે. તે સમાજપરિવર્તન માટે વિચારસરણી ઘડી, મૂલ્ય નક્કી કરી કાર્યક્રમો બનાવી, તે માટેનાં સાધનો એકત્રિત કરી, ઉદ્દેશ્ય સિદ્ધ કરવા સામાજિક આંદોલન છેડે છે. જરૂરિયાત મુજબ તે વિસ્તૃત પરિપ્રેક્ષ્યમાં, તો ક્યારેક સ્થાનીય પરિપ્રેક્ષ્યમાં કાર્ય કરે છે. પોતાના ઉદ્દેશ્યોને બર લાવવા તે વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ કે ભવિષ્યના સંદર્ભમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. સ્વૈચ્છિક સંસ્થા પોતાના સ્વપ્ન મુજબના ભાવિ સમાજની રૂપરેખા બનાવી, નવી વિચારસરણી, નવાં મૂલ્યો અને નવાં ધોરણો પ્રસ્થાપિત કરવા, સામાજિક સાધનો વડે તેને પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરે છે. મૂળભૂત રીતે સામાજિક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજનો જ ભાગ હોય છે. તેથી તે સમાજનો અભ્યાસ કરી સામાજિક પરિવર્તનની જેહાદ જગાડે છે. પોતાને ધાર્યા સામાજિક પરિવર્તન માટે સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરે છે, લોકોને સંગઠિત કરે છે, લોકો પોતે શક્તિશાળી છે એવી તેમને પ્રતીતિ કરાવે છે, લોકોને પ્રોત્સાહન આપે છે, કાર્યક્રમ આપે છે અને તેનો અમલ કરવા લોકોને તૈયાર કરે છે, સાથે સાથે તકલીફ નિવારણ કરે છે, લોકોને દિશા દર્શાવે છે અને લોકોને સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. અર્થાત્ સામાજિક પરિવર્તનની ઝુંબેશને કારણે સામાજિક સંબંધોમાં, ધોરણોમાં, મૂલ્યોમાં પરિવર્તન આવે છે. સ્વૈચ્છિક સંસ્થા એક ચોક્કસ પ્રકારના ઘડતર માટે પ્રયત્ન કરે છે, જેમાંથી લોકોમાં જૂથએકતા, જાગૃતિ, સંગઠન, દૃઢતા તથા જૂથતાદાત્મ્યની ભાવના વિકસે છે. સામાજિક પરિવર્તનના પ્રયત્નને કારણે સમાજમાં આ વિશે ચર્ચા થાય છે, મતમતાંતરો થાય છે, લોકો વિવિધ સમૂહોમાં વહેંચાય છે, ક્યારેક વિઘટિત થાય છે.

સ્વૈચ્છિક સંસ્થા સ્થળકાળ પ્રમાણે, સંજોગો પ્રમાણે સામાજિક, આર્થિક પૃષ્ઠભૂમિકા પ્રમાણે પોતાના ઉદ્દેશ્ય, વિચારસરણી, ભૂમિકા, મૂલ્યો અને ધોરણો, તેના કાર્યક્રમો, સાધનો અને તેની વ્યૂહરચનામાં પરિવર્તન આવતું રહે છે. પ્રાચીનકાળમાં અનૌપચારિક રીતે ઓછી વ્યવસ્થા, ઓછાં સાધનો દ્વારા, પોતાના ઇચ્છિત ઉદ્દેશ્યો પામવા માટે પ્રયત્નશીલ હતા. ત્યારનો તેમનો અભિગમ કલ્યાણવાદી હતો. આ જૂથો ત્યારે વંચિતોના વકીલ અને માનવતાવાદી ધોરણોનાં સમર્થક જૂથો તરીકે સમાજનું ધ્યાન કેન્દ્રીત કરનારાં પરિબળો તરીકે મહત્ત્વ ધરાવે છે. તેમના સમાજ ઉપરની ગહન અને વિધેયાત્મક અસરને લક્ષમાં લઈ, હવે તે વિશ્વઆયોજન અને વિશ્વ સત્તાના માળખાના એક ભાગ રૂપે ઊપસી આવ્યા છે. વિકાસના બદલાતા જતા ખ્યાલને લીધે સ્વૈચ્છિક સંસ્થાની સામેલગીરી આવશ્યક, અનિવાર્ય બની છે. તેમને મહત્ત્વ અને માન્યતા પ્રાપ્ત થઈ છે. સ્વૈચ્છિક કાર્ય પરોપકારી વૃત્તિથી શરૂ થયું હતું, હવે તે વ્યાવસાયિક અભિમુખતા સુધી પહોંચ્યું છે. તેની યાત્રા કલ્યાણ અભિગમથી સમર્થતાના અભિગમ સુધી પહોંચી છે. સમાજમાં આવતા પરિવર્તનના અનુસંધાને સ્વૈચ્છિક સંસ્થા તથા સ્વૈચ્છિક કાર્યનું કલેવર પણ બદલાયું છે. સમાજકલ્યાણ, સમાજસુધારણા, મદદને બદલે લાભાર્થીને; વ્યક્તિને સમર્થ બનાવવાનો અભિગમ આજે જોવા મળે છે. વર્તમાન સમયમાં વ્યક્તિ પોતે જ પોતાનું કલ્યાણ કરી શકે એવી વિચારસરણી અમલમાં છે. સાંપ્રત સમયમાં કોઈ કોઈનું કલ્યાણ કરી શકે તેને બદલે વ્યક્તિ કે જૂથ જાતે સમર્થ થશે તો જ પોતાનું કલ્યાણ સાધી શકશે તેવી વિચારસરણી જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાના ઉપચારાત્મક કલેવરમાંથી ધીમે ધીમે તે વિકાસના ઉદ્દેશ્ય તરફથી પરિવર્તિત થયું છે. માત્ર રાહત, મદદ, ઉપચાર, પુનઃવસન, કલ્યાણ, દાન વગેરેને બદલે સમર્થતાના અભિગમમાં પરિવર્તન પામ્યો છે. હવે તેના સામાજિક, સમુદાય, જૂથલક્ષી અભિગમમાંથી વ્યક્તિલક્ષી અભિગમ તરફ વળ્યો જણાય છે. સમગ્ર ઉદ્દેશ્યમાં જ પરિવર્તન આવ્યું જણાય છે. હવે વ્યક્તિને કંઈક આપીને, મદદ કરીને, વ્યક્તિને તાલીમ આપીને, તેની ખામીઓ નિવારીને તેને શક્તિશાળી બનાવી, જૂથને શક્તિશાળી બનાવવાનો અભિગમ હાલમાં જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાના કાર્યક્ષેત્ર તરીકે જૂથ, સમૂહ કે સમુદાય નહીં હવે વ્યક્તિ કેન્દ્ર બની છે.

## 3.7 સ્વૈચ્છિક કાર્ય તથા સંસ્થાની સામાજિક અસરો :

સ્વૈચ્છિક કાર્ય ઉદ્દેશ્ય, વિચારસરણી અને કાર્યક્રમમાં સંપૂર્ણ સ્વાયત્તતા ધરાવે છે. સ્વૈચ્છિક કાર્ય વ્યક્તિના મૂલ્ય, ધોરણો અને વિચારસરણીને અનુરૂપ હોય છે. આ સ્વૈચ્છિક કાર્યમાં માનવ વ્યક્તિગત રીતે કે સામૂહિક રીતે કાર્યાન્વિત બને છે. રાજારામમોહનરાય વ્યક્તિગત સામાજિક કાર્યકર તરીકે, સ્વાયત્ત રીતે પોતાના માનવતાના મૂલ્યને અનુસરી, પોતે જ પોતાની વ્યૂહરચના ઘડી, રાજ્ય સાથે જોડાઈ સતીપ્રથા વિરુદ્ધ કાયદો ઘડાવી વ્યક્તિગત સામાજિક કાર્ય અંગેનું જ્વલંત ઉદારહરણ આપ્યું. આ સ્વૈચ્છિક કાર્યની અસર સમગ્ર માનવજાત ઉપર પડી. સ્ત્રી જાતિને જીવતા બળવામાંથી છૂટકારો મળ્યો, માનવસંસાધન વ્યર્થ થતાં અટક્યો, બાળકોની મા જીવી ગઈ તેથી તેમની જિંદગી નરક બનતાં અટકી, તે સંપૂર્ણ અનાથ થતાં અટકી ગયા. આમ માત્ર એક જ અસરકારક સ્વૈચ્છિક સમાજકાર્યની અસર પેઢીઓ સુધી જોવા મળે છે. આ કાર્યની સમાજના બધા જ સભ્યો ઉપર, સંસ્થાઓ ઉપર જુદી જુદી જોવા મળે છે. મહાત્મા ગાંધી, માર્ટીન લ્યૂથરકિંગ અને મધર ટેરેસા જેવાં જ્વલંત ઉદાહરણો પૃથ્વી ઉપર પ્રાપ્ત છે. વ્યક્તિની આસપાસ તે જ વિચારસરણી અને મૂલ્યવાળા લોકો એકત્રિત થઈ કાર્યને કાયમી બનાવવા માંગે ત્યારે સ્વૈચ્છિક સંસ્થા રચાય છે. સ્વૈચ્છિક સંસ્થા ચોક્કસ વિચારને કેન્દ્રમાં રાખી, મૂલ્ય આધારિત યોજનાઓ અમલમાં મૂકે ત્યારે તેની બૃહદ સામાજિક અસરો જોવા મળે છે. આની અસરો સમાજના મૂલ્ય, ધોરણો, સંસ્થાઓ, પેટા સંસ્થાઓ વગેરે ઉપર માળખાગત રીતે અને કાર્યની રીતે અસર કરે છે.

સ્વૈચ્છિક કાર્ય અને સામાજિક સંસ્થાઓની અસર તેના ઉદ્દેશ્ય, વિચારસરણી અને કાર્યક્રમને અનુરૂપ જોઈ શકાય છે. સ્વૈચ્છિક સંસ્થાની અભિમુખતા મુજબ સમાજ ઉપર અસર જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાઓમાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય, આર્થિક જેવા ઉદ્દેશ્યો ધરાવે છે અને કલ્યાણ, દયા, સમાનતા, સહાનુભૂતિ, સમર્થતા વગેરે અભિગમો જોવા મળે છે. દરેક સ્વૈચ્છિક સંસ્થા પોતાના અભિગમને કેન્દ્રમાં રાખી, ઉદ્દેશ્યને લક્ષમાં રાખી, માળખું, કાર્યક્રમો, પદ્ધતિઓ દ્વારા વર્તનની એક તરાહ, માળખું ઊભું કરે છે. આ તરાહ દ્વારા તે પોતાની એક ઓળખ ઊભી કરે છે. પોતાને અનુરૂપ કાર્યકરોનો પોતાની સંસ્થામાં સમાવેશ કરે છે. સમાજની કક્ષા અનુસાર સ્વૈચ્છિક સંસ્થાની અસરો જોવા મળે છે. સમાન ભૌગોલિક, પ્રાદેશિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિકા ધરાવતા સમાજ ઉપર સ્વૈચ્છિક સંસ્થાની સમાન અસર જોઈ શકાય. ભારતીય સમાજ ઉપર આની અનેકવિધ અસરો જોવા મળે. ભારતીય સમાજ અનેકવિધ વિવિધતાઓથી સંપૂર્ણ છે. ભારતમાં ભૌગોલિક, પ્રાદેશિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, સાંસ્કૃતિક તથા જ્ઞાતિગત વિવિધતા જોવા મળે છે. આવી બહુવિધતાના માહોલમાં દરેક ઘટનાની વિવિધ અસરો જોવા મળે છે. આ સંસ્થાઓના કાર્યક્રમની અસર સમાજ ઉપર જોવા મળે છે.

જે સંસ્થાઓ જે વિસ્તારમાં કામ કરતી હોય ત્યાં તેની ગહન અસરો જોવા મળે છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વિભિન્ન અસરો જોવા મળે છે. ગ્રામીણ સમાજમાં આ અસરો શહેરના પ્રમાણમાં ધીમી અને કેટલાંક જૂથો ઉપર ઓછી જોવા મળે છે. જ્યાં સ્વૈચ્છિક સંસ્થાનાં કાર્યાલયો હોય ત્યાં તેની અસર ખૂબ સઘન જોવા મળે છે.

ભારતીય ગ્રામીણ સમાજમાં ગરીબીનાબૂદી, નિરક્ષરતાનિવારણ, રસીકરણ વગેરે કાર્યક્રમો સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચલાવવામાં આવ્યા અને આ કાર્યક્રમની અસર સમાજ ઉપર જોવા મળી.

સ્વૈચ્છિક સંસ્થાનું સૌથી મહત્ત્વનું પ્રદાન એ છે કે –

1) તે સમાજના પ્રશ્નોને દશ્યમાન બનાવે છે. સમાજમાં જે બાબત સમસ્યા હોય તે બાબતને સ્પષ્ટ બનાવે છે. સમાજના પ્રશ્નોને છતા કરે છે.

2) સામાજિક સમસ્યાઓ અંગે ચર્ચા શરૂ કરે છે. સ્વૈચ્છિક સંસ્થા સમાજની સમસ્યાઓ અંગે ચર્ચા શરૂ કરે છે. આ પ્રશ્નનાં બધાં જ પાસાંને સ્પષ્ટ બનાવે છે.

3) સમસ્યાના ઉપાય અંગે વિકલ્પોની શોધ કરે છે અને એ વિકલ્પો સમાજ સમક્ષ સ્પષ્ટપણે મૂકે છે.

4) સમાજના લોકોને જાગૃત કરી, સંગઠિત થવા માટે પ્રોત્સાહન અને મદદ આપે છે.

5) સ્વૈચ્છિક સંસ્થા લોકોની મદદ દ્વારા સમસ્યાને ઉકેલવા પ્રયત્ન કરે છે.

સ્વૈચ્છિક સંસ્થા સમાજને વધુ સારો બનાવવાનો પ્રયત્ન કરે છે અને તેની અસર સમગ્ર સમાજ ઉપર ભિન્ન ભિન્ન રીતે જોવા મળે છે. પ્રાચીનકાળથી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરે છે, પણ બદલાતા અભિગમને લીધે, હવે વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાને ભાગીદાર તરીકે સ્વીકારવામાં આવી છે. હવે તેની અસર વધુ ને વધુ ગહન જોવા મળે છે.

## 3.8 સ્વૈચ્છિક સંસ્થાના પ્રશ્નો :

સ્વૈચ્છિક સંસ્થા કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના જૂથ દ્વારા, ચોક્કસ લક્ષ્યને પામવા શરૂ કરવામાં આવે છે. શરૂઆતમાં તેણે લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરવો પડે છે. પોતાની ઓળખ ઊભી કરવી પડે છે. તેમણે લોકો સાથે સતત સાતત્ય જાળવી કાર્ય કરવું પડે છે. આ કાર્ય માટે તેમને નાણાકીય સંસાધનો પ્રાપ્ત કરવા પડે છે.

1) સ્વૈચ્છિક સંસ્થા ક્યારેક નાણાકીય સંસાધનો અંગે ચિંતિત હોય છે. જો ક્યારેક કોઈ કારણસર નાણાકીય સંસાધનો લોકફાળા દ્વારા કે સરકાર પાસેથી પ્રાપ્ત ન થઈ શકે ત્યારે સ્વૈચ્છિક સંસ્થા તકલીફમાં મુકાય છે.

2) સાંપ્રત સમયમાં સ્વૈચ્છિક સંસ્થાને ક્યારેક પ્રતિબદ્ધ કાર્યકરોની અછત પડે છે. સ્વૈચ્છિક સંસ્થાના સ્થાપકો અને સ્વૈચ્છિક કાર્યકરો જેઓ માત્ર સેવાના આશયથી જોડાયા છે તેમને ખાસ તકલીફ પડતી નથી. પરંતુ જે માત્ર કર્મચારીની હેસિયતથી જોડાયા છે, તેઓને લીધે સ્વૈચ્છિક સંસ્થાને ક્યારેક પ્રતિબદ્ધ કાર્યકરોની ખોટ પડે છે.

3) કેટલાક સંજોગોમાં અને ક્યારેક સ્વૈચ્છિક સંસ્થાને સરકારની દખલગીરી સહન કરવી પડે છે. જ્યારે સ્વૈચ્છિક સંસ્થા સરકારી કાર્યક્રમોનો અમલ કરતી હોય ત્યારે ક્યારેક તેને વહીવટમાં મુશ્કેલી પડે છે. સરકાર પાસેથી તેને પૂરતી માહિતી પ્રાપ્ત થતી નથી, તો વળી ક્યારેક નિસ્બત કે ભ્રષ્ટાચારના પ્રશ્ન પણ ઊભા થાય છે.

4) નવી સ્વૈચ્છિક સંસ્થાને ક્યારેક યોગ્ય માર્ગદર્શનનો અભાવ હોય છે. જૂની સંસ્થાઓ પાસેથી તેને પૂરતું માર્ગદર્શન મળતું નથી અને સરકાર આને માટે કોઈ ખાસ પ્રકારની વ્યવસ્થા પૂરી પાડતી નથી.

5) કેટલાક સંજોગોમાં તેને ગંભીર, ગળાકાપ હરીફાઈનો, ઈર્ષ્યાનો ભોગ બનવું પડે છે.

આ સિવાય પણ ઘણી મુશ્કેલીઓનો સામનો સ્વૈચ્છિક સંસ્થાને કરવો પડે છે. અલબત્ત, બધી જ સંસ્થાઓને સમાન મુશ્કેલીઓ નડતી નથી. આવી અને આ સિવાય બીજી મુશ્કેલીઓ સ્વૈચ્છિક સંસ્થાને તેના પોતાના પ્રકાર, કદ, અભિગમ, વલણ, રાજકીય પક્ષ વગેરેને લીધે પડે છે.

## 3.9 સંદર્ભસૂચિ


- **Duglas Houghton :** Priorities in Voluntary Organisations, London : The National Council of Social Service, 1967 : p. 23
- **Amitaietizioni :** A Comparative Analysis of Complex Organisations, New York, The Free Press, 1975, pp 43 – 44.
- **Sills David :** "Voluntary Associations, I I Sociological Aspects" International Encyclopaedia of Social Sciences, Vol. 15 (ed), The Macmillan & The Free Press, reprint 1972 (1st edn 1968), New York, pp 362–63.
- Michael Bonton, "Anthropolitical Aspects, V. Associations" in David L Sills (ed) International Enclyclopaedia of Social Sciences, Vol. 16, New York, The Macmillan Company and the Free Press, London, Collier Macmillan 1967, p. 270.
- The Roles of Voluntary Agencies in Social Welfare in ECAFE Region (A case study) ECAFE 1970, p. 5.
- જોપી વિદ્યુત : પારિભાષિક શબ્દકોષ, ગ્રંથનિર્માણ બોર્ડ.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો

1. સ્વૈચ્છિક કાર્ય એટલે શું ? સ્વૈચ્છિક કાર્ય તથા સ્વૈચ્છિક સંસ્થાની વ્યાખ્યા આપો.

2. સ્વૈચ્છિક સંસ્થાના પ્રકારો સમજાવો.

3. સ્વૈચ્છિક સંસ્થાની સમાજમાં જરૂરિયાત સમજાવો.

डॉ. बाबासाहेब आंबेडकर ओपन युनिवर्सिटी

# MSO-08
## ક્રિયાનું સમાજશાસ્ત્ર

વિભાગ

# 3 & 4

## ક્રિયાનું સમાજશાસ્ત્ર


એકમ 1

ક્રિયાના સમાજશાસ્ત્રની વિકાસના સમાજશાસ્ત્રમાં ભૂમિકા 05

એકમ 2

સ્થાનિક સ્વરાજયની સંસ્થા -- પંચાયતીરાજ 29

એકમ 3

લોકભાગીદારી 55

## નિષ્ણાંત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર,<br>ભાવનગર યુનિવર્સિટી,<br>ભાવનગર. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| ડૉ.પ્રદીપ જોષી | આચાર્યશ્રી,<br>આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,<br>વસો, જિ.ખેડા. |

## સંયોજન સહાય

| | |
|---|---|
| શ્રી.એસ.એચ.બારોટ | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>ડફનાળા, શાહીબાગ,<br>અમદાવાદ - 380 003. |


**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર-૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690/91**

**E-mail : baou@sancharnet.in**



© સર્વ હક સ્વાધીન: આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુન:મુદ્રિત કરવાની મનાઈ છે.

# એકમ 1 : ક્રિયાના સમાજશાસ્ત્રની વિકાસના સમાજશાસ્ત્રમાં ભૂમિકા

**એકમની રૂપરેખા:**


1.1 પ્રસ્તાવના
1.2 આયોજિત વિકાસના ઉદ્દેશો
1.3 ભારતીય આયોજનના અભિગમો
1.4 ભારતમાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા વિકાસાયોજન
1.5 પ્રજાના પ્રયત્નો
1.6 આયોજન અને સામાજિક વિકાસ
1.7 વિકાસની દિશા
1.8 સંદર્ભસૂચિ
1.9 'તમારી પ્રગતિ ચકાસો'


## 1.1 પ્રસ્તાવના :

વિકાસ એટલે વિશ્વકેંદ્રમાં રહેલો માણસ સુખાકારીથી જીવે અને તેની સુખ સુવિધામાં વધારો થાય. આજે સંપૂર્ણ વિશ્વમાં માનવ સુખકારી ખૂબ મહત્ત્વની બની છે. 'વિકાસ' શબ્દ દુનિયા માટે મહત્ત્વનો બન્યો છે. વિકાસની પ્રથમ પ્રરિભાષા કુલ આવક, માથાદીઠ આવક, કુલ ઉત્પાદન વગેરે હતી. આજે આ બાબત બદલાઈ ગઈ છે. આજે વ્યક્તિને શું પ્રાપ્ત થાય છે? કેટલી વ્યક્તિઓ વંચિત છે? આ વંચિતતા અને ક્યા પ્રકારની અસમાનતાઓમાં ધકેલી દે છે. શું વિકાસની તકો બધાને સમાન મળે છે? વિકાસની સમાનતક એ બંધારણીય મુદ્દો છે. વિકાસની સમાનતક એ ખૂબ મહત્ત્વની બાબત છે. વિકાસ એટલે સમાનતા નહીં અને વૃદ્ધિ પણ નહીં. ગઈ સદીમાં વૃદ્ધિ થઈ, સમાનતાનો વધારો થયો. સમાનતા એટલે માત્ર ભૌતિક નહીં, સ્ત્રી અને પુરુષ, જાતિ, કોમ, પ્રદેશ, વર્ગ, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં પૂર્ણ સમાનતા. વિકાસ એટલે વ્યક્તિના શક્તિ અને સામર્થ્યમાં વધારો થાય, તેમને પોતાની પસંદગી કરવાનો અધિકાર સાંપડે. વિકાસની વ્યાખ્યા અને માપદંડમાં છેલ્લામાં છેલ્લા માણસના દૃષ્ટિકોણને સામેલ કરવામાં આવે તો જ વિકાસની ખાતરી પ્રાપ્ત થાય. ભારતીય દૃષ્ટિકોણ વિકાસ માટે અલગ છે. આ દૃષ્ટિકોણ પ્રમાણે આત્મવિકાસ મહત્ત્વનો છે. આ વિકાસ મોક્ષગામી છે. ભારતની વિકાસની વિભાવના અલગ છે. ત્યાં ત્યાગનો મુદ્દો મહત્ત્વનો છે. ત્યાગ અતિ મહત્ત્વની બાબત છે. અહીં ભૌતિક વિકાસની વાત છે. સદીઓથી ગુલામીમાં રહેલા ભારતને સંપૂર્ણ વિકસીત થતા વાર લાગશે પરંતુ જો ફરીથી એવા સુગ્રથીત વિકાસ અંગે સભાન પ્રયત્ન થાય તો ભારત વિશ્વમાં પ્રથમ હશે. ભારતમાં ત્યાગ,દાન અને સેવા આજે પણ મહત્ત્વના ગણાય છે.

### 1.1.1 વિકાસની વ્યાખ્યા :

વિકાસ, વૃદ્ધિ અને ઉત્ક્રાંતિ જુદા છે. આ ત્રણેય બાબતો સમાન નથી.

અ) **ઉત્ક્રાંતિ :** જેમ પૃથ્વી અનેક તબક્કાઓમાંથી પસાર થાય છે તેમ તેમ માનવસમાજ વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. ચાર્લ્સ ડાર્વિને જીવસૃષ્ટિની ઉત્ક્રાંતિના તબક્કા દર્શાવી તેની પ્રક્રિયા દર્શાવી છે. જેમ જીવનસૃષ્ટિએ એકકોષી જીવ તરફથી અનેકકોષી જીવ તરફ પ્રગતિ કરી છે. આ જ સિદ્ધાંત દ્વારા માનવસમાજના પરિવર્તનને સમજાવવા પ્રયાસ કર્યો છે.

ઉત્ક્રાંતિ એટલે કોઈપણ વસ્તુ કે ઘટનાના સુષુપ્ત, અણવિકસ્યાં લક્ષણો સ્પષ્ટ થવાની, વ્યક્ત થવાની, વિકસવાની પ્રક્રિયા. ઉત્ક્રાંતિમાં રચનાના મૂળસ્વરૂપ અને કાર્યની તુલનામાં ઉત્ક્રાંતિ અવસ્થામાં વિભિન્નતા આવે છે. ઉત્ક્રાંતિમાં એકમના સ્વરૂપમાં, ક્રમમાં તેમજ આંતરિક તત્ત્વોમાં થતા ફેરફારોનો પણ સમાવેશ થાય છે.

બ) **વૃદ્ધિ :** એકમમાં વધારો એટલે વૃદ્ધિ. વૃદ્ધિ સાથે સમાનતા અનિવાર્ય નથી. વૃદ્ધિ એટલે માત્ર વધુ – વધારો. વૃદ્ધિને વિકાસ કહી શકાય નહિ.

ક) **વિકાસ :** ''વિકાસ એટલે ફક્ત આર્થિક વૃદ્ધિ જ નહીં પરંતુ લોકોના જીવનની ભૌતિક ગુણવત્તામાં સમગ્રપણે વિધાયક પરિવર્તન.''

વિકાસના સિદ્ધાંતમાં કેન્દ્રસ્થાને વૃદ્ધિ છે. આ વૃદ્ધિ એટલે ભૌતિક ઉત્પાદન. આમાં સાધનો, સેવાઓની

વિવિધતાઓને ધ્યાનમાં વૃદ્ધિ અને ઔદ્યોગિક ટેક્નોલોજી દ્વારા વૃદ્ધિ વિકાસના સિદ્ધાંતમાં ત્રણ વાત સામેલ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીને કોઇ મર્યાદા નથી. કુદરતી સાધનો દ્વારા જે પ્રાપ્ત ન થઈ શકે તે ઔદ્યોગીકરણ અને ટેક્નોલોજી દ્વારા સાધનોની ઉપલબ્ધિ થઈ શકે તેમ તેમ તેનો ઉપભોગ વધી શકે અને ઉપભોગ એ વૃદ્ધિની જનેતા છે. ઔદ્યોગીકરણ એ વૃદ્ધિ દ્વારા જ શક્ય છે. ક્યારેક ઔદ્યોગીકરણને આધુનિકરણ પણ કહી શકાય. પશ્ચિમે ઔદ્યોગીકરણનો માર્ગ શોધ્યો અને ભારતે એ વિકાસની દિશા સ્વીકારી તેથી ઉપભોક્તા વધારવા પડે અને ઉત્પાદન વધારવું પડે.

વિકાસ અને વૃદ્ધિ એકબીજાના પર્યાય તરીકે વપરાયું છે. વર્ષો સુધી રાષ્ટ્રના વિકાસને, રાષ્ટ્રીય ઉત્પાદનની ગણતરીમાં લેતા હતા. રાષ્ટ્રિય ઉત્પાદન એટલે રાષ્ટ્રમાં થતું સંપૂર્ણ ઉત્પાદન. આમાં માત્ર આર્થિક પરિવર્ત્ય સામેલ છે.

હવે વિકાસની વિભાવનામાં ધીમે ધીમે પરિવર્તન આવી રહ્યું છે. માત્ર વૃદ્ધિ નહીં, પરંતુ જીવનની ગુણવત્તામાં વિધેયક પરિવર્તન, મહત્ત્વની બાબત છે. આ પરિભાષામાં વિકાસ સાથે સામાજિક ન્યાય સંકળાયેલા છે. વૃદ્ધિ સાથે ન્યાયી વહેંચણી જરૂરી છે, મહત્ત્વની છે. વિકાસ સાથે ગરીબીનાબૂદી, બેકારી નાબૂદી, આરોગ્યનું ઊંચું સ્તર, પોષણ વગેરે બાબતો સંકળાયેલી છે.

સામાજિક ન્યાય એટલે તકની સમાનતા, રોજગારીમાં વધારો. સામાજિક સેવાઓની પૂરતી જોગવાઈ, આવકની સમાન વહેંચણી.

ખરેખર તપાસીએ તો વિકાસ સામાજિક પરિવર્તનની બહુવ્યાપી પ્રક્રિયા છે. વિકાસમાં સમાજનાં બધાં જ વિભિન્ન જૂથો, નાનામોટા સમૂહો સૌનો વિકાસ કરવાનો પ્રયત્ન છે.

ટૂંકમાં, વિકાસ એટલે વ્યક્તિગત પસંદગીમાં વધારો, આવકમાં સુધારો, આરોગ્ય અને શિક્ષણસેવામાં સુધારો, પરંપરાગત કુશળતા, સાંસ્કૃતિક મૂલ્યોની, સામાજિક જીવનમાં બંધુત્વ, સુગ્રથિતતાની જાળવણી. વિશ્વ વિકાસ અહેવાલ મુજબ(World Development Report 1997) વિકાસમાં લોકો, વાતાવરણ અને અર્થવ્યવસ્થા ત્રણ મહત્ત્વની બાબતો છે. હવે માત્ર ઉત્પાદનમાં વૃદ્ધિને વિકાસ ગણવામાં આવતો નથી. વૃદ્ધિની સાથે લોકો મહત્ત્વના ગણાય છે અને લોકોમાં વસ્તુની વહેંચણી ન્યાયી રીતે થઈ છે કે નહિ તે પણ મહત્ત્વનું બને છે. માત્ર ઉત્પાદન નહીં પણ પર્યાવરણ પણ હવે મહત્ત્વનું બને છે.

ટૂંકમાં, કહી શકાય કે પર્યાવરણની જાળવણી સાથે ચિરંતન વિકાસ, કે જે વ્યક્તિગત જરૂરિયાતો પરિપૂર્ણ કરે, પસંદગીનો વ્યાપ વધારે તથા આરોગ્ય અને શિક્ષણની યોગ્ય સ્તરની સેવાઓ પૂરી પાડે, રોજગારી તથા બીજી બાબતો માટે યોગ્ય વિકલ્પો પૂરા પાડે અને સ્વતંત્રતા તથા સમાનતા બક્ષે તે વિકાસ. હવે જીવનધોરણની ગુણવત્તાને મહત્ત્વની ગણવામાં આવે છે. જે વ્યવસ્થા માનવક્ષમતાને સંપૂર્ણ વિકસવાની તક આપે તે વ્યવસ્થા વ્યક્તિના વિકાસ માટે યોગ્ય છે એમ કહી શકાય.

વિકાસનો ખ્યાલ મૂળભૂત રીતે ઉત્ક્રાંતિવાદી ખ્યાલ છે. કોઈપણ એક એકમ આંતરિક પ્રફુલ્લ નથી. એકમાંથી બે, બેમાંથી ચાર વધે છતાં આ વૃદ્ધિ પામતાં એકમો સમગ્રના એક ભાગ રૂપે રહી, સમગ્રને માટે અલગ અલગ કાર્યો કરતા થાય તે વિકાસ. સામાજિક ઘટનાક્રમને ઉત્ક્રાંતિ કહેવા કરતાં ક્રમિક વિકાસ કહી શકાય. વિકાસ ખાસ કરીને બે પ્રક્રિયા સાથે જોડી શકાય :

1) જ્ઞાનનો વિકાસ

2) માનવીનું કુદરત ઉપર નિયંત્રણ

આધુનિક સમાજશાસ્ત્રમાં વિકાસ શબ્દ વિશિષ્ટ અર્થમાં વપરાય છે. સાંપ્રત સમયમાં ઔદ્યોગિક સમાજ એ વિકસિત સમાજ છે અને ગ્રામીણ સમાજને અવિકસિત સમાજ ગણવામાં આવે છે. આમ તો વિકાસને વિવિધલક્ષી ખ્યાલ તરીકે વર્ણવે છે. આર્થિક, રાજકીય, વૈચારિક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક લાક્ષણિકતાઓ ધરાવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે (U.N.O.) 1960ના દસકાને 'વિકાસ દશક' તરીકે જાહેર કર્યો હતો. તેમાં પણ રાષ્ટ્રીય ઉત્પાદનનો વૃદ્ધિદર નક્કી કરવામાં આવ્યો હતો પણ તેમાં વિકાસનો અર્થ વ્યાપક રીતે કરવામાં આવ્યો હતો. સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સંસ્થાઓ, સેવાઓની વધતી ક્ષમતા જે સમગ્ર સ્રોતોનો ઉપયોગ એવી રીતે કરે જેથી જીવનસ્તરમાં પરિવર્તન આવે. વિકાસની પ્રક્રિયા જટીલ છે જેનો સમન્વય આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક બાબતો સાથે થાય છે.

**વિકાસનો અર્થ બે બાબતોના સંદર્ભમાં સમજી શકાય :**

1) બુદ્ધિ, વિવેક સાથે મૂલ્યનો વિકાસ અને તેની આર્થિક, સામાજિક અને રાજનૈતિક સ્તર ઉપર અસર.

2) વિકાસના મુખ્ય ઉદ્દેશ ઉત્પાદનક્ષમતામાં વૃદ્ધિ, જીવનસ્તરમાં સુધારો, સામાજિક, આર્થિક સમાનતા સ્થાપવાનો ઉદ્દેશ.

વિકાસનો સર્વગ્રાહી અર્થ વિકાસ એ એક સુગ્રથિત પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં વ્યક્તિ અને સમૂહના વિકાસને જીવનમાં સતત ગુણાત્મક વૃદ્ધિ અને વિસ્તારના પર્યાય માનવું એ વધુ યોગ્ય છે. વિકાસની નવી વ્યાખ્યા પ્રમાણે વિકસિત – વિકાસશીલ સમાજ અને એ પર્યાવરણ સંબંધી કેટલીક શરતોને માનીને વિકાસ કાર્યક્રમ ચલાવવો પડે જેમાં ટકાઉ, ચિરંતન વિકાસ હોય. વર્તમાન ઉપલબ્ધિ એ ભવિષ્યની ઉપેક્ષા ન કરી શકે. વિકાસની મુખ્ય શરત વર્તમાનના અનિયંત્રિત વિકાસથી પ્રાકૃતિક સંસાધનો અને પ્રકૃતિનો નાશ થાય છે. તેને સુરક્ષિત કરીને વિકાસ કરવો અને છેલ્લે વિકાસને સ્થિરતા અને નિરંતરતા પ્રાપ્ત કરવા દેશ–સમયના સંદર્ભમાં વિકાસ થવા દેવો.

## 1.2 આયોજિત વિકાસના ઉદ્દેશો :

ભારત 15મી ઓગસ્ટ, 1947ને દિવસે આઝાદ થયું. પણ તે સમયની ભારતની સામાજિક – આર્થિક પરિસ્થિતિ ગંભીર હતી, ચિંતાજનક હતી. ભારતમાં તે સમયે ગંભીર દુષ્કાળ હતો અને દેશના ભાગલા પડ્યા, તેમાં પાકિસ્તાનથી અનેક લોકો ભારતમાં આશ્રય પામવા, સ્થિર થવા આવ્યા. બ્રિટિશ નીતિઓને કારણે ગ્રામીણ ગૃહઉદ્યોગોની દુર્દશા થઈ હતી અને તેથી જ ગરીબી અને બેકારી જેવી સમસ્યાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ખેતીક્ષેત્રે પણ આધુનિકતાને અભાવે પછાત પરિસ્થિતિ હતી. ગ્રામીણ લોકો રોજીરોટીની શોધમાં ગામડાં છોડી શહેરમાં આવી વસવા લાગ્યા હતા. બ્રિટિશરોએ દેશની કલાકારીગરી, ખેતી ઉદ્યોગોની દુર્દશા સ્વતંત્ર ભારતે ફરી ઉજ્જવળ ભારત બનવા, આયોજન દ્વારા પ્રયત્ન કરવાનું નક્કી કર્યું હતું. ભારત શાસકોની નીતિથી શોષાઈ ગયું હતું. સૌથી મહત્ત્વની વાત એ હતી કે ભારતના લોકો અત્યંત પીડાતા હતા અને ભયંકર પરિસ્થિતિમાં પીસાતા હતા. પારંપરિક બાબતો સાચી કે પાશ્ચાત્ય દેશો સાચા ? આવી અનેક ગંભીર પરિસ્થિતિઓમાં પણ ભારતે આયોજન દ્વારા દેશનો વિકાસ કરવાનું નક્કી કર્યું.

ભારતીય આયોજનના ઉદ્દેશ :

1) **રાષ્ટ્રીય આવકમાં વધારો :** રાષ્ટ્રના વિકાસ માટે આર્થિક સધ્ધરતા મહત્ત્વની છે. આર્થિક સધ્ધરતાને વિકાસના અનિવાર્ય લક્ષણ તરીકે ગણાવી શકાય. જે દેશની માથાદીઠ આવક ઓછી હોય ત્યાં રાષ્ટ્ર પોતાની વસ્તીની પાયાની જરૂરિયાતો પણ પૂરી પાડી શકતો નથી. તેથી જ રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ એ રાષ્ટ્રીય આયોજનના પ્રાથમિક ઉદ્દેશ તરીકે સ્વીકારવામાં આવ્યું હતું.

2) **ઝડપી ઔદ્યોગીકરણ :** ભારત સ્વતંત્ર થયું ત્યારે તેની આર્થિક હાલત ખૂબ કફોડી હતી અને તેના સંદર્ભમાં આર્થિક રીતે પગભર થવા માટે ભારતે મિશ્ર અર્થતંત્ર વ્યવસ્થા સ્વીકારી. રાષ્ટ્રે ઔદ્યોગીકરણને વેગ આપવા, લોખંડ, પોલાદ, સિમેન્ટ, સ્ટીલ જેવા પાયાના ઉદ્યોગો પોતે સ્થાપ્યા. આ પાયાના ઉદ્યોગોની સ્થાપનાને કારણે ઔદ્યોગીકરણની પ્રક્રિયા ઝડપી બની.

3) **રોજગારીની તકોની ઉપલબ્ધિ :** ભારતમાં પરદેશી શાસન દરમ્યાન શાસકોની ખરાબ નીતિઓને કારણે ભારતીય અર્થતંત્ર લાચાર, દયનીય, કફોડી હાલતમાં હતું. આ હાલત સુધારવા રાષ્ટ્રે નાના ઉદ્યોગો તથા ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવી. જેથી ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની તકો પૂરી પાડી શકાય.

4) **આવક અને સંપત્તિની ન્યાયપૂર્ણ તથા સમાન વહેંચણી :** ભારત સામાજિક ન્યાયના સિદ્ધાંતને વરેલો દેશ છે તેથી સમાનતા સ્થાપિત કરવા તેણે અનેક ઉપાયો અમલમાં મૂક્યા. આઝાદી સમયે મૂડીપતિઓ અને મજૂર, જમીનદારો અને જમીનવિહોણા ખેડૂતોની પરિસ્થિતિમાં ખૂબ અંતર હતું. આ પરિસ્થિતિ નિવારવા ભારતે આયોજનમાં સમાનતાલક્ષી નીતિ અપનાવી તથા નબળા સમૂહો, વંચિતો માટે ખાસ કલ્યાણ કાર્યક્રમો અમલમાં મૂક્યા. શૈક્ષણિક સુવિધાઓ, આરોગ્ય સુવિધાઓ તથા જાહેર વિતરણ સેવા વ્યવસ્થા દ્વારા નબળા વર્ગો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી. વંચિતો, પછાત સમૂહો, નબળા સમૂહો માટે ખાસ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું.

5) **ગરીબી નાબૂદી:** ભારતમાં બેકારીની સાથે સાથે ગરીબી દૂર કરવાનું લક્ષ્ય આયોજનનું છે. ઈ. સ.1934માં ગાંધીજીના આદેશ મુજબ જવાહરલાલ નેહરુએ ગરીબી અને બેકારીને દૂર કરવા ઉદ્યોગપતિઓ તથા પ્રાંતિક સરકારના અગ્રણીઓની એક સભા બોલાવી હતી. આ સભામાં આ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી પરંતુ બીજા વિશ્વયુદ્ધને કારણે તેઓ આ સમસ્યા અંગે ખાસ કંઈ કરી શક્યા નહોતા. આયોજનમાં આ બાબતને મુખ્ય લક્ષ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

6) **ખેતી દ્વારા વિકાસ :** ભારતીય સમાજ એ ગ્રામીણ સમાજ છે. સ્વાતંત્ર્ય- પ્રાપ્તિ સમયે દેશની 80 % વસ્તી ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતી હતી અને છતાં દેશમાં અનાજ પરદેશથી મંગાવવું પડતું હતું. વસ્તી વધતી જતી હતી, દુષ્કાળ હતો અને નિરાશ્રિતોની સંખ્યા વધતી ગઈ. તેથી ભારતના અર્થતંત્રની

કરોડરજ્જુ મજબૂત કરવા માટે કૃષિસુધારણા એ મહત્ત્વનો મુદ્દો બન્યો. કૃષિસુધારણાના મુદ્દાને લક્ષમાં રાખી રાસાયણિક ખાતરોનાં કારખાનાં સ્થાપવામાં આવ્યાં, મોટા મોટા બંધો બાંધવામાં આવ્યા અને કૃષિ- સુધારણા માટે સંશોધન થાય તેથી કૃષિ મહાવિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી.

**7) શિક્ષણનો પ્રસાર :** કોઈપણ સમાજ કે રાષ્ટ્ર માટે જ્ઞાનનો પ્રસાર મહત્ત્વનો હોય છે અને શિક્ષણ એ વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાત છે. ભારતીય સમાજ સદીઓની ગુલામીને લીધે અજ્ઞાન અને નિરક્ષર હતો, તેથી શિક્ષણના પ્રસારને આયોજનનું મહત્ત્વનું લક્ષ્ય માનવામાં આવ્યું. લોકો શિક્ષિત હોય તો જ જાગૃત થઈ શકે અને જાગૃત હોય તો જ વિકાસ સાધી શકે, તેથી કેળવણીના પ્રસારને અગ્રતા આપવામાં આવી. બ્રિટિશ શાસન દરમ્યાન મહાત્મા ગાંધી, જ્યોતિબા ફૂલે, ધોંડો કેશવ કર્વે, એની બિસેન્ટ વગેરેએ જે સમાજસુધારણાનો પ્રારંભ કર્યો હતો તેને વધુ પ્રસરાવવાનું આયોજન નક્કી કરવામાં આવ્યું. શિક્ષણ દ્વારા વિકાસ એ બાબત સ્વીકારવામાં આવી.

**8) સમાનતા માટે પ્રયત્ન :** ભારતીય સમાજ અજ્ઞાનતા અને પછાતપણાને કારણે અનેક રીતે વિભાજીત હતો. ભારતમાં કોમવાદ, પ્રાંતવાદ, વર્ગવાદ અને જ્ઞાતિવાદ વકર્યો હતો. બંધારણીય મૂલ્ય તરીકે જ્યારે સમાનતા પ્રસ્થાપિત કરવામાં આવી ત્યારે અનેકવિધ ઉપાયો પણ યોજવામાં આવ્યા અને બંધુત્વની ભાવના કેળવાય એવો પ્રયત્ન કરવામાં આવ્યો. ભારતમાં સૌથી વધુ જ્ઞાતિગત અસમાનતાઓ હતી. જ્ઞાતિ ઊંચનીચના કોટિક્રમ ઉપર આધારિત હતી. જ્ઞાતિના ધારાધોરણ મુજબ કેટલાક લોકો અસ્પૃશ્ય પણ હતા અને તેથી તે મૂલ્યને બદલવા, સામાજિક અંતર ઘટાડવા ખાસ આયોજન કરવામાં આવ્યું.

**9) રાષ્ટ્રીય એકતા દ્વારા લોકશાહીની સ્થાપના :** ભારત વૈવિધ્યસભર દેશ છે જેમાં પ્રાદેશિક, ભાષાકીય, સાંસ્કૃતિક, સામાજિક, જ્ઞાતિગત, ધાર્મિક, વર્ગીય વિવિધતાઓ છે. આવા વૈવિધ્યસભર દેશમાં રાષ્ટ્રીય એકતા સ્થાપવાનો પ્રયત્ન અનિવાર્ય છે કારણ જો રાષ્ટ્રીય ચેતના જગાડવી હોય અને લોકશાહીનાં મૂલ્યો જેવાં કે સમાનતા, સ્વતંત્રતા અને ભ્રાતૃત્વ અને બિનસાંપ્રદાયિકતાને સંસ્થીકૃત કરવા પડે.

આમ ભારતીય આયોજનના અનેક ઉદ્દેશ હતા અને તેના દ્વારા સમાજની આર્થિક, સામાજિક પ્રરિસ્થિતિ સુધારવાનો ઉદ્દેશ છે. ભારતીય સમાજ મહાત્મા ગાંધીની ચળવળને કારણે ભાવનાઓ દ્વારા એકત્વ પામ્યો હતો પરંતુ સ્વાતંત્ર્ય બાદ તે ભાવનાને મૂર્તિમંત બનાવવા તથા સ્થિરતા આપવા આયોજનની અનિવાર્યતા હતી.

## 1.3 ભારતીય આયોજનના અભિગમો :

ભારતમાં સરકાર દ્વારા આયોજન તેમાં પણ સમગ્ર ભારતની વિવિધતાઓમાં આયોજન ખૂબ મહત્ત્વનું હતું.

દુબાષી (1987 : 37 – 38)એ ભારતીય આયોજનના અભિગમને નીચે પ્રમાણે વર્ણવ્યા છે :

1) ભારતીય પંચવર્ષીય યોજનાઓ એ સંકલિત અને સમતુલિત હોય છે. આ યોજનામાં ખાનગી અને જાહેર બન્ને ક્ષેત્રોનો વિકાસ કરવાનો પ્રયત્ન થાય છે.

2) ભારતીય આયોજન એ લોકશાહી સરકારનું આયોજન છે. લોકશાહી આયોજનમાં લોક ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવે છે, લોકશાહીમાં વિકાસ માટેના બધા જ કામ લોકો દ્વારા થાય એવી અપેક્ષા રખાય છે. એવા પ્રયત્ન કરવામાં આવે છે.

3) ભારતીય બંધારણના ઉદ્દેશ મુજબ, આયોજનનો અભિગમ સમાજવાદી સમાજરચનાનો છે. વિકાસના સામાજિક અને આર્થિક બન્ને પાસાંનો અહીં ખ્યાલ કરવામાં આવે છે. વિકાસ માટેનાં આયોજનો સંપૂર્ણ સફળ થતાં નથી. તેમ છતાં આયોજન વિકાસ માટેનો રાહ બને છે. વિકાસનો આ મૂડીવાદી કે સામ્યવાદી માર્ગ નથી, લોકશાહી માર્ગ છે.

4) ભારતના વિકાસના અભિગમમાં આર્થિક, ટેક્નોલોજી વિષયક, માનવીય અને સંસ્થાકીય સર્વ ઘટકોને જોડવાનો પ્રયાસ રહ્યો છે. દા.ત., ગ્રામીણ અને કુટિર ઉદ્યોગોમાં અપનાવવાની પારંપારિક ટેક્નોલોજીને ઉચ્ચ પ્રકારની બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. ભારતમાં બીજા દેશોમાંથી પણ ટેક્નોલોજી આયાત કરવામાં આવે છે, જેથી વિશ્વસ્તરે થતા ટેક્નોલોજીના વિકાસ સાથે તાલ મિલાવી શકાય.

દુબાષી (1987 : 38)ના મતે ભારતના આયોજનના અભિગમમાં લોકશાહી સાથે આયોજનનો મેળ બેસાડવાનો, સુસંવાદી બનાવવાનો, સમતામૂલક વહેંચણી સાથે, ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ભારતની વિકાસ યોજનાઓ મોટા પાયા ઉપરના ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. સાથે સાથે કુટિર ઉદ્યોગોનું સંવર્ધન કરે છે. ભૌતિક વિકાસ સાથે માનવીય મૂલ્યોનું સંવર્ધન પણ કરે છે.

ભારત ત્રીજા વિશ્વનો મહત્ત્વનો દેશ છે. 19મી સદીમાં યુરોપમાં નવજાગરણ અને સ્વતંત્રતાનું આંદોલન શરૂ થયું ત્યારે આર્થિક અને સામાજિક વિકાસ એ રાષ્ટ્રનું ધ્યેય બન્યું. આયોજન દ્વારા વિકાસ એ અભિગમ પણ સ્વીકારાયો. પશ્ચિમના દેશોના સતત સંપર્કને કારણે આ ધ્યેય મહત્ત્વનું બન્યું. સમૃદ્ધ ઇતિહાસ અને શાંતિમય તથા સમૃદ્ધ સંસ્કૃતિનો વારસો ધરાવતું ભારત મધ્યયુગમાં વિવિધ પરદેશી આક્રમણો અને શાસનને કારણે ગરીબીની ગર્તામાં ધકેલાઈ ગયું તથા સમગ્ર સંસ્કૃતિ બચાવપ્રયુક્તિમાં મગ્ન થઈ. ભારતમાં બ્રિટિશ શાસન સામે સતત ચળવળો તો ચાલતી જ હતી, તે ગાંધીજીના આગમનથી સઘન અને ઝડપી બની. લોકજાગૃતિ આવી. લોકોમાં ઉત્સાહ, જોમ તથા આત્મવિશ્વાસ આવ્યો. દાયકાઓથી જે લાચારી, હતાશા અને અકાર્યશીલતા વ્યાપ્ત હતી તે ગાંધીના સ્પર્શથી અંખેરાઈ ગઈ. સ્વતંત્રતા પછી રશિયાના આયોજનબદ્ધ સફળ નમૂનાને કારણે એશિયા અને આફ્રિકાના દેશોએ આયોજનો, આયોજનબદ્ધ વિકાસનો ખ્યાલ સ્વીકાર્યો. સ્વતંત્રતા બાદ ભારતમાં આયોજિત વિકાસના ખ્યાલને વાસ્તવિકતામાં પલટાવવાના વાસ્તવિક સ્વરૂપ આપવાના પ્રયત્નો થયા. આયોજનબદ્ધ વિકાસ આર્થિક, સામાજિક અને રાજકીય પરિવર્તન પણ લાવી શકે છે. સમાજ માટે સામાજિક પરિવર્તન ખૂબ મહત્ત્વનું છે અને સામાજિક પરિવર્તન માટે આયોજન એ મહત્ત્વનું પરિબળ છે. આયોજન દ્વારા શ્રેણીબદ્ધ વિકાસ થઈ શકે છે. દરેક દેશ પોતાના ઇતિહાસ, સંસ્કૃતિ, સામાજિક સંસ્થાઓ, રાજકીય સંસ્થાઓ, વિવિધ સામાજિક સંરચનાઓ, વિવિધ ધાર્મિક, સામાજિક સંસ્થાઓ, સામાજિક મૂલ્યો, ધોરણો, લોકશક્તિ, સ્રોતો અને વિકાસની અગ્રિમતાને અનુરૂપ આયોજન કરે છે.

આ પ્રકરણમાં આયોજિત વિકાસ એટલે શું? આયોજન એટલે શું? આયોજનની જરૂરિયાત અને મહત્ત્વ શું?

સરકાર, રાજ્ય દ્વારા વિકાસ માટે કેવા પ્રયત્નો કરવામાં આવે છે? આવી બાબતોને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**આયોજનનો ખ્યાલ :** આયોજન એ વ્યક્તિગત અને સામૂહિક બાબત છે. આયોજનનો ખ્યાલ પારંપારિક છે. આયોજન એટલે કોઈપણ બાબત, વર્તમાનની તેમજ ભવિષ્યની સર્વ જરૂરિયાતોને લક્ષમાં રાખી, દલીલયુક્ત, વિચારપૂર્વક વ્યવસ્થિત રીતે જ ગોઠવણી કરવામાં આવે તેને આયોજન કહી શકાય. ક્યારેક આયોજન પરિવર્તન લાવવા માટેની વિવેકપૂર્વકની પદ્ધતિ છે. આ પદ્ધતિ વ્યક્તિગત, સામૂહિક, સ્થાનિક કક્ષાએ, પ્રાંતકક્ષાએ કે રાષ્ટ્રકક્ષાએ ધ્યેય પ્રાપ્ત કરવા માટે વપરાય છે.

માનવ પોતાની જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં, વસવાટ, પાણી વગેરે પરિપૂર્ણ કરવા જે પ્રયત્ન કરે છે, તેમાં પણ આયોજન જોવા મળે છે. સામાન્ય રીતે, આયોજન એ કોઈપણ કાર્યને નિશ્ચિત સમયમર્યાદામાં ગોઠવવાની કે પૂરી કરવાની પ્રક્રિયાને કહેવામાં આવે છે. આયોજન દ્વારા નિશ્ચિત સમયમાં સામાજિક પરિવર્તનનું ધ્યેય પાર પાડી શકાય. પ્લેટોના દર્શનશાસ્ત્રમાં આયોજનનો ખ્યાલ દર્શાવ્યો છે. ઈ. સ. 1917માં રશિયાએ રાષ્ટ્ર તરીકે ક્રાંતિ પછી આયોજિત વિકાસની ચર્ચા શરૂ કરી. સમાજશાસ્ત્રના પિતા ઑગસ્ટ કોમ્ટેએ પણ સામાજિક પુનઃનિર્માણ માટે આયોજનની સંપૂર્ણ રૂપરેખા પ્રસ્તુત કરી હતી. એ સામાજિક પરિવર્તન માટેની એક આખી આયોજિત રૂપરેખા હતી.

ભારતમાં આયોજનની ચર્ચા સ્વતંત્રતા પહેલાં ઈ. સ. 1934થી શરૂ થઈ હતી. સર વિશ્વેસરૈયાએ પોતાના પુસ્તક "Planned Economy in India"માં ભારત માટે આયોજનનો ખ્યાલ આપ્યો છે. શબ્દકોષના અર્થ મુજબ "આયોજન એટલે જ્યારે કોઈપણ બાબતમાં દલીલયુક્ત, વિચારપૂર્વકની વર્તમાન તેમજ ભવિષ્યની સર્વ જરૂરિયાતોને લક્ષમાં રાખીને વ્યવસ્થિત રીતે ક્રમબદ્ધ કાર્યક્ષેત્રમાં ગોઠવવામાં આવે તેને કહી શકાય."

આયોજન એટલે બૌદ્ધિક રીતે નિર્ધારિત ધ્યેય પામવા માટે, માનવશક્તિને કામે લગાડવાના સભાન પ્રયત્નોને સામાજિક આયોજન કહી શકાય.

રાષ્ટ્રીય આયોજન એટલે સમાજનાં સાધનોનો ઉપયોગ, વિકાસ, કોણ, કઈ રીતે કરશે તે પહેલેથી નક્કી કરવાની પ્રક્રિયા અને તે દ્વારા કયા ધ્યેય પ્રાપ્ત કરવાના છે તે પણ નક્કી કરવામાં આવે છે.

આયોજન એટલે સંગઠનની જરૂરિયાતો અને નક્કી કરેલા ધ્યેયો માટે, ઉપયોગી સાધનો દ્વારા, વધુમાં વધુ ફાયદો મેળવવાનો રસ્તો છે.

આયોજન વિવિધ પ્રકારનાં હોય છે. સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક વગેરે આયોજનો હોઈ શકે. આયોજન ભૌતિક બાબતો માટેના, નાણાકીય બાબતો માટેના, સમગ્ર માટેનું, વિભાગ માટેનું કે કોઈ ખાસ બાબત અંગેનું, સ્થાનિક, પ્રાંતિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું, કેન્દ્રીકૃત અને વિકેન્દ્રીકૃત,

માળખાકીય અને કાર્યાત્મક, નવી રચનાત્મક પ્રક્રિયા માટે કે ઉપચારાત્મક, ચોક્કસ સમય માટે, લાંબા સમય કે ટૂંકા ગાળા માટે દિશા સૂચવનાર વગેરે પ્રકારના હોઈ શકે.

આ પ્રકરણમાં આપણે આર્થિક આયોજનનો અને સામાજિક વિકાસ માટે સરકારી તથા બિનસરકારી પ્રયત્નોની ચર્ચા કરીશું.

સામાજિક અને આર્થિક આયોજન અંગેની ચર્ચા અહીં કરીશું.

ભારત સ્વતંત્ર થયા બાદ એણે બંધારણ સ્વીકાર્યું અને બંધારણીય ઉદ્દેશોને પ્રાપ્ત કરવા આયોજનબદ્ધ વિકાસ કરવાનો પ્રયત્ન કર્યો. રાષ્ટ્રમાં, આર્થિક સંસાધનોની વહેંચણી, સામાજિક ઉદ્દેશો, બંધારણીય ઉદ્દેશોને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. દરેક રાષ્ટ્રનો ઇતિહાસ, સંસ્કૃતિ અને સામાજિક, આર્થિક પાર્શ્વભૂમિકા અલગ અલગ હોય છે. દરેક રાષ્ટ્ર પોતાની સ્થિતિ અને ક્ષમતા અનુરૂપ આયોજન કરે છે.

## 1.4 ભારતમાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા વિકાસાયોજન

સફળ રાષ્ટ્ર બનવા માટે દરેક રાષ્ટ્રે આયોજન કરવું જ પડે છે. ભારતમાં તે સમયે અનેક સમસ્યાઓ ઉકેલ માંગતી હતી ત્યારે આઝાદી બાદ આયોજન જરૂરી હતું. ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન જ બેકારી, ગરીબી જેવી સમસ્યાઓને દૂર કરવા તથા રાષ્ટ્રીય આવક બમણી કરવાના હેતુથી 1934માં જુદા જુદા પ્રાંતિક નેતાઓ તથા ઉદ્યોગપતિઓની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ભારતીય સમસ્યાઓને કઈ રીતે ઉકેલવી તેનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી પહેલા બીજા વિશ્વયુદ્ધને કારણે તે અંગે કંઈ ન થઈ શક્યું. આઝાદી બાદ 1949માં જવાહરલાલ નેહરુના અધ્યક્ષસ્થાને આયોજન પંચની રચના કરવામાં આવી. આ પંચે ભારતના વિકાસ માટે પંચવર્ષીય યોજનાનો મુસદ્દો ઘડવામાં આવ્યો. આ મુસદ્દાને યોજનાનું સ્વરૂપ આપી 1951થી યોજનાને અમલમાં મૂકવામાં આવી.

**પ્રથમ પંચવર્ષીય યોજના (1951–1956) :**

ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના 1951થી અમલમાં મૂકવામાં આવી. આ સમયે અનાજની અછત, ફુગાવો અને નિરાશ્રિતોના ખૂબ ગંભીર પ્રશ્નો હતા. પરંતુ તે બધાને લક્ષમાં રાખી આયોજન કરવામાં આવ્યું હતું.

**આ યોજનાના મુખ્ય બે હેતુ હતા :**

1) અર્થતંત્રની અસમતુલા દૂર કરવી.

2) રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરી જીવનધોરણમાં સુધારો કરવો અને સમતુલા સ્થાપવા પ્રયત્ન કરવો. આ યોજનામાં પરંપરાગત સામાજિક રચનાતંત્રમાં શિક્ષણ દ્વારા પરિવર્તન લાવવાનો મુખ્ય હેતુ હતો. પ્રથમ પંચવર્ષીય યોજનામાં કૃષિક્ષેત્રને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું. કુલ ખર્ચના 25 % કૃષિ, સિંચાઈ અને વાહનવ્યવહાર માટે ફાળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ યોજનામાં સમાજસેવા તથા પુનઃ વસવાટ પાછળ પણ રકમ ખર્ચવામાં આવી હતી.

આ યોજનાના અમલમાં પ્રજાએ ખૂબ ઉત્સાહ દર્શાવ્યો. આ પંચવર્ષીય યોજનાને અંતે માથાદીઠ આવક તથા રાષ્ટ્રીય ઉત્પાદનમાં પણ વધારો જોવા મળ્યો. કૃષિ ઉપર વધુ ભાર મૂકતાં અનાજના ઉત્પાદનના લક્ષ્યાંકો કરતાં 19 % વૃદ્ધિ જોવા મળી. કૃષિ સંસ્થાઓ, કૃષિસંશોધન સંસ્થાઓ અને કૃષિ વિશ્વવિદ્યાલયો વધ્યાં અને તેમણે તેમની ભૂમિકાઓ સક્ષમ રીતે ભજવી. કૃષિ વિશ્વવિદ્યાલયોએ ખેડૂતોમાં જાગૃતિ આણી અને ભારતીય ખેડૂત જાગૃત બન્યો. ખેડૂત ખાતર, આધુનિક બિયારણ તથા રસાયણો વાપરતો થયો. વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, રેલવે, જહાજ, રસ્તાઓ, પોસ્ટ ઑફિસો વધી. પશુપાલન માટે વધુ સુવિધાઓ અપાઈ. સિંચાઈવ્યવસ્થાઓ વધી. શિક્ષણ માટેની શાળાઓ વધી, પ્રાથમિક આરોગ્યકેન્દ્રો વધ્યાં. કૃષિના લક્ષાંકો ધાર્યા કરતાં, નક્કી કર્યા કરતાં વધુ સફળતા પામ્યા.

પ્રથમ પંચવર્ષીય યોજના એ સફળ યોજના બની.

**દ્વિતીય પંચવર્ષીય યોજના (1956–61) :**

પ્રથમ પંચવર્ષીય યોજનામાં કૃષિક્ષેત્ર ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. સર્વાંગી વિકાસની કલ્પના કરવામાં આવી હતી. આ યોજનામાં સમાજમાં સમાજવાદી ઢબ પ્રસરાવવાનો ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યો હતો. આ યોજનામાં 1928ના સોવિયેત મૉડેલને લક્ષમાં રાખી, મહાલનોબિસના(Mahalanobis) મોડલ ઉપર આધાર રાખવામાં આવ્યો હતો. આ પંચવર્ષીય યોજનામાં નીચેના ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા :

1) રાષ્ટ્રીય આવકમાં 5 % નો વધારો કરવો.

2) ઝડપી ઉદ્યોગીકરણ કરવાનું નક્કી થયું અને એને પાર પાડવા માટે પાયાના ઉદ્યોગો પર ભાર મુકાયો.

3) રોજગારીની તકો વધારવી.

4) આવક અને સંપત્તિની સમાન વહેંચણી કરવી અને આર્થિક, સામાજિક અસમાનતાઓ દૂર કરવી.

આ યોજનાને ઉદ્યોગોની યોજના તરીકે ઓળખવામાં આવે છે. આ યોજનામાં કુલ આવકના 35% રકમ ઉદ્યોગો, વાહનવ્યવહારના ક્ષેત્રે ખર્ચવામાં આવ્યાં હતાં. આ યોજના દરમ્યાન જાહેર ક્ષેત્રના મોટા પાયા પરના ઉદ્યોગો શરૂ કર્યા. વીજઉત્પાદન, સંદેશાવ્યવહાર અને વાહનોના ઉત્પાદન શરૂ થયા. આર્થિક વૃદ્ધિ માટે પાયાના ઉદ્યોગોની સ્થાપના થઈ.

**ત્રીજી પંચવર્ષીય યોજના (1961–66) :**

ત્રીજી પંચવર્ષીય યોજના માટે પ્રથમ બે યોજનાઓએ પાયા નાખ્યા હતા. આ યોજનાને સ્વયંગામી વિકાસ યોજના તરીકે ઓળખવામાં આવી. આ યોજના ભારતને સ્વનિર્ભર કરવા માટેની યોજના તરીકે ઓળખાઈ હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદેશી હૂંડિયામણ ઓછું કરી દેશમાં પોતાનાં જ સંસાધનોનો ઉપયોગ કરીને વિકાસ સાધવાનો હતો. પ્રથમ બે પંચવર્ષીય યોજનાના અનુભવે આ યોજનાના પાંચ ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યા.

1) રાષ્ટ્રીય આવક 5 % ના દરે વધારવી.

2) અન્ન ઉત્પાદનમાં સ્વાવલંબન સિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

3) પોલાદ, રસાયણ ઉદ્યોગ, વીજળી જેવા પાયાના ઉદ્યોગોનો વિસ્તાર વધારવાનું નક્કી થયું.

4) યંત્રસામગ્રી બનાવવાની શક્તિનું નિર્માણ થાય તેવી ક્ષમતા વિકસાવવાનું નક્કી કર્યું.

5) માનવશક્તિનો સંપૂર્ણ ઉપયોગ થાય તે રીતે રોજગારીની તકો વધારવી.

6) આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડી આર્થિક સત્તાના સમતોલપણા માટે પ્રયાસ કરવા.

આ યોજનામાં કૃષિ અને ઉદ્યોગ બન્નેને સમતોલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ કારણસર જ આ યોજનાને મિશ્ર યોજના તરીકે ઓળખવામાં આવે છે. અલબત્ત આ યોજનામાં કૃષિ કે ઉદ્યોગ બેમાંથી એક પણ ક્ષેત્રનો ધાર્યો વિકાસ થઈ શક્યો નથી.

**વાર્ષિક યોજનાઓ (1966–1969) :**

ત્રણ પંચવર્ષીય યોજના બાદ 1966 થી 1969 સુધી વાર્ષિક યોજનાઓ અમલમાં આવી. ભારત–પાકિસ્તાન યુદ્ધ, દેશમાં તીવ્ર ફુગાવાની પરિસ્થિતિ, બે વર્ષ ભયંકર દુષ્કાળ, અનાજની તીવ્ર અછત, હૂંડિયામણની કટોકટી, વગેરે પરિબળોને કારણે આ સમયને આયોજન રજા (Plan Holiday) ગણવામાં આવે છે. આ સમયે વાર્ષિક આયોજન કરવામાં આવ્યા. આ ત્રણે વર્ષ દરમ્યાન ત્રીજી પંચવર્ષીય યોજનાના લક્ષ્ય સિદ્ધ કરવાના પ્રયત્ન કરવામાં આવ્યા. અન્ન ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાની ઝુંબેશ ઉઠાવવામાં આવી.

**ચોથી પંચવર્ષીય યોજના (1969–1974) :**

ત્રણ પંચવર્ષીય યોજનાઓ અને ત્રણ વાર્ષિક યોજનાઓ બાદ આ યોજનાનું આયોજન કરવામાં આવ્યું. આ યોજનાનો અભિગમ સમાનતા અને સામાજિક ન્યાય પ્રસરાવવાના કાર્યક્રમો યોજવાનો હતો. આ યોજના સ્વનિર્ભરતા અને પ્રાદેશિક સમાનતા ઉપર ભાર મૂકવામાં આવ્યો. દેશ માટે જરૂરી પાયાના ઉદ્યોગો ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો. આ યોજનાના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ હતા :

1) સ્થિર આર્થિક વિકાસ

2) સ્વાવલંબન

3) સમાન પ્રાદેશિક વિકાસ.

આ લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખી કાર્યક્રમો ઘડાયા. આ યોજનામાં રાષ્ટ્રીય આવક 5 % ના દરે વધારવી, કૃષિવિકાસ 5 % ના દરે, ઔદ્યોગિક વિકાસ 9 થી 10 % ના દરે વધારવો, વિદેશ સહાયમાં 50 % ના દરે વધારવો, બચતનો દર 8.4 % થી વધારી 13.2% કરવો અને મૂડીરોકાણનો દર વધારવો, અનાજ ઉત્પાદનમાં વૃદ્ધિ કરવી વગેરે લક્ષ્યાંકો રાખ્યા.

યોજનાના અંતે રાષ્ટ્રીય આવક કે માથાદીઠ આવકમાં કોઈ વધારો થઈ શક્યો નહિ, અન્ન ઉત્પાદન વધી શક્યુ નહિ, ઔદ્યોગિક વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શક્યા નહિ, લોકોની ખરીદશક્તિમાં વધારો થઈ શક્યો નહિ, નિકાસમાં વૃદ્ધિ થઈ શકી નહીં. આ બધાની સાથે સાથે આવક અને સંપત્તિની વહેંચણીનું માળખું વધુ ને વધુ વિસ્તૃત અને વિકૃત બન્યું.

આ ચારે યોજનાઓ બાદ ભારતીય અર્થતંત્ર સબળ બની શક્યું નહિ. સામાજિક ન્યાય વધુ ને વધુ દુષ્કર બનતો ગયો. લોકોમાં ગરીબી વધતી ગઈ. દેશમાં બાંગ્લાદેશી નિર્વાસિતો આવ્યા અને દેશના પ્રશ્નો વધ્યા. દેશમાં રોજગારીની તકોની અછત થઈ, બેકારી વધી, વસ્તીવિસ્ફોટ થયો.

આ બધાં કારણોને લીધે ચોથી પંચવર્ષીય યોજના સિદ્ધ થઈ શકી નહીં.

**પાંચમી પંચવર્ષીય યોજના (1974 થી 1979) :**

આ પંચવર્ષીય યોજનામાં 'ગરીબી હટાવો' અને 'સ્વાવલંબન' બે ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યા. આ યોજનાના ધ્યેયમાં ઉત્પાદન વધારવું, આવકની વહેંચણીમાં સમાનતા લાવવી, રોજગારીની તકો વધારવી, ફુગાવો ડામવો વગેરે હતા.

આ યોજના બીજી પંચવર્ષીય યોજના કરતાં ભિન્ન છે. યુદ્ધની પરિસ્થિતિ તથા ભાવવધારાને કારણે ઈ. સ. 1976માં યોજનાના લક્ષ્યાંકોમાં ફેરફારો કરવા પડ્યા. આ યોજનાનો ઉદ્દેશ સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવી અને ગરીબી હટાવવાનો હતો. આ યોજનાના લક્ષ્યાંકો પૂરા થઈ શક્યા નહિ. રાષ્ટ્રીય વિકાસનો દર અને માથાદીઠ આવકના દરમાં વધારો થયો ન હતો. કૃષિ ઉત્પાદન અને ઔદ્યોગિક ઉત્પાદનના દરમાં વૃદ્ધિ થઈ પણ વિદેશી સહાયનું પ્રમાણ ઊંચું રહ્યું. આર્થિક સ્વાવલંબનનું ધ્યેય સાકાર થયું નહિ. આ યોજના દરમ્યાન ભાવવધારો ખૂબ થયો હોવાથી ફુગાવાની પરિસ્થિતિ ઉદ્ભવી હતી. રેશનિંગની વ્યવસ્થા, જમીનની ટોચમર્યાદા, ગણોતધારો વગેરે અંગેની વ્યવસ્થા કરી. આ સિવાય પછાત વિસ્તારના વિકાસ માટે પણ યોજનાઓ બનાવવામાં આવી. 1975માં પાંચમી પંચવર્ષીય યોજનાને બદલે વડાપ્રધાનનો 20 મુદ્દા કાર્યક્રમ અમલમાં આવ્યો. 1978માં પંચવર્ષીય યોજના મોકૂફ રાખવામાં આવી.

**છઠ્ઠી પંચવર્ષીય યોજના (1980–1985) :**

છઠ્ઠી પંચવર્ષીય બે યોજના થઈ. જનતા પક્ષે 1978 થી '83 સુધીનું આયોજન કર્યું. 1980માં કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવી અને ત્યાર બાદ તેમણે પંચવર્ષીય યોજના બનાવી. જનતા પક્ષના આયોજનને રોલિંગ પ્લાન (Rolling Plan)કહેવામાં આવે છે. આ આયોજનને સફળતા મળી. આ આયોજનને ખૂબ સફળતા મળી અને બધાએ તેનાં વખાણ કર્યાં. નેહરુના આયોજનના મોડેલથી બેકારી વધી, મુઠ્ઠીભર માણસોના હાથમાં મિલકત જમા થઈ. ગરીબ અને પૈસાદાર વચ્ચેની ખાઈ વધતી ગઈ. જનતાપક્ષના આયોજનમાં ઉત્પાદનમાં વૃદ્ધિ અને બેકારી હટાવવાના ઉદેશ્ય હતા. આ લક્ષ્ય પામવા કૃષિ તથા આનુષાંગિક ક્ષેત્રમાં, ગૃહઉદ્યોગોમાં, નાના ઉદ્યોગોમાં રોજગારીની તકો વધારવાના પ્રયત્ન કર્યા.

આ સાથે લઘુતમ જરૂરિયાત (Minimum Needs Programme) અંગે પણ કાર્યક્રમ ઘડવામાં આવ્યો. કોંગ્રેસ પક્ષ ફરીથી સત્તા ઉપર આવતાં તેમણે નેહરુવિચાર પ્રમાણે આયોજન ફરીથી અમલમાં મૂક્યું.

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં બે ઉદ્દેશ મહત્ત્વના હતા : (1) ઉદ્યોગ અને કૃષિ માટે જે માળખાની જરૂર હોય તેને મજબૂત બનાવવાનો ઉદેશ, રોકાણોમાં વૃદ્ધિ તથા નિકાસ વધારવાનો ઉદ્દેશ હતો. (2) ગ્રામીણ વિસ્તારમાં રોજગારી વધારવા, ગરીબી હટાવવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. આ સિવાય દસ ધ્યેય નક્કી કરવામાં આવ્યા. રાષ્ટ્રિય આવક વૃદ્ધિ, ટેક્નોલોજીમાં આધુનિકીકરણ, ગરીબીમાં ઘટાડો, બેકારીમાં ઘટાડો, ઉર્જાઉત્પાદનમાં વૃદ્ધિ, લોકોના જીવનધોરણમાં સુધારો, આવક અને મિલકતની ઓછી અસમાનતા, સમાન પ્રાદેશિક વિકાસ, કુટુંબકલ્યાણ દ્વારા વસ્તીનિયંત્રણ, પર્યાવરણની જાળવણી તથા રક્ષણ અને વિકાસની પ્રક્રિયામાં લોકભાગીદારીમાં વૃદ્ધિ.

આ યોજનામાં અગાઉની યોજનાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. મૂલ્યાંકન બાદ ઉપરોક્ત ધ્યેયો નક્કી કરવામાં આવ્યા. આ પંચવર્ષીય યોજના પ્રમાણમાં સફળ રહી. આ યોજનામાં 5.2 %નો વૃદ્ધિદર પ્રાપ્ત કરી શક્યા. આ વર્ષો દરમ્યાન કૃષિ ઉત્પાદન વધ્યું. સેવાક્ષેત્રમાં પણ વૃદ્ધિ થઈ. ઔદ્યોગિક ઉત્પાદન એટલા પ્રમાણમાં વધી શક્યું નહીં. અનાજ ઉત્પાદન વધ્યું, ઔદ્યોગિક ઉત્પાદન પણ વધ્યું. ફુગાવાનો દર ઘટ્યો. બેકારી અને ગરીબી બન્ને ઘટ્યાં. અનાજ, પેટ્રોલિયમ અને ખાતરનું ઉત્પાદન વધ્યું. સ્વનિર્ભરતામાં વધારો થયો. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં સ્વનિર્ભરતા, સામાજિક ન્યાયમાં વૃદ્ધિ અને ઉત્પાદનવૃદ્ધિ થઈ. આ યોજનાથી બીજી યોજનાની તુલનામાં વધુ સફળતા પ્રાપ્ત થઈ.

**સાતમી પંચવર્ષીય યોજના (1985–1990) :**

આ યોજના લાંબા ગાળાનો વિચાર કરી બનાવવામાં આવી. 1985 થી 2000 સુધીના ગાળાનો વિચાર કરી આયોજન કરવામાં આવ્યું છે. ગરીબીનાબૂદી, રોજગારીની તકો વધારવી, શિક્ષણ સૌને માટે, સૌને માટે રોજી, રોટી, કપડાં, મકાન અને આરોગ્યની સવલતો આપવી એવા ધ્યેય નક્કી કરવામાં આવ્યા છે.

આ યોજનામાં અનાજ ઉત્પાદનવૃદ્ધિ, રોજગારીની તકો વધારવી, ઉત્પાદનમાં વૃદ્ધિ કરવી, આધુનિકીકરણ કરવું, સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો, અને સામાજિક ન્યાયનો પ્રસાર કરવો જેવા ઉદ્દેશ

4) સૌને સ્વચ્છ પાણી, આરોગ્ય સુવિધા પ્રાપ્ત કરાવી આપવી.

5) કૃષિ-ઉત્પાદન વધારવું.

6) સ્થિર વિકાસ માટે મદદરૂપ થાય તેવા માળખા રચવા.

ભારતમાં પહેલાંની સરકારોએ કરેલા આયોજન અને અમલીકરણને લીધે 1980થી ભારતની નાણાકીય પરિસ્થિતિ બગડી હતી. 1990ના ગલ્ફ યુદ્ધ પછી ભારતની નાણાકીય પરિસ્થિતિ કથળી હતી. આ સ્થિતિને સુધારવા સરકારે જલદ પગલાં લીધાં. સરકારે રૂપિયાનું અવમૂલ્યન કર્યું. આયાત ઉપર નિયંત્રણો લાદ્યાં, ખાધ ઓછી કરવાના પ્રયત્ન કર્યા.

આ યોજનાના નિર્ધારીત કરેલા લક્ષ્યાંક મુજબ, વૃદ્ધિદરમાં થોડીક કમી જણાઈ, છતાં વૃદ્ધિદર જે 7.6% નક્કી કર્યો હતો, તેનાથી થોડોક જ ઓછો જણાયો. ફુગાવાનો દર વધ્યો, નિકાસ વધી. ટૂંકમાં સંપૂર્ણપણે પરિપૂર્ણ ન થયા પણ મોટા ભાગના નિર્ધારિત લક્ષ્યાંકો પૂર્ણ થયા.

આ યોજનાને અંતે કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ પ્રાપ્ત ન કરી શકાઈ, કારણ પાણીની તંગી, દુષ્કાળ અને નવી ટેક્નોલોજીનો અભાવ, અનાજમાં ભાવવધારો થયો જેનાથી ગરીબ લોકો માટે તકલીફો વધી. આંતર પ્રાદેશિક અસમાનતાઓ વધી, વીજળી, સિંચાઈ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારમાં ધારી સફળતા મળી નહીં. પેટ્રોલિયમ પેદાશો અને ટેલિકમ્યુનિકેશન્સમાં લક્ષ્યાંકો પૂરા થઈ શક્યા. રોજગારી વધારવાના પ્રયાસમાં માત્ર છૂટક રોજગારી વધી, સ્વરોજગાર અને પગારદારોની સંખ્યા ઘટી. શિક્ષણ, આરોગ્ય, કુટુંબ અને બાળકલ્યાણ સરકારના બજેટ આધારિત રહ્યા. રાજ્યોની આર્થિક ભાગીદારી ઘટી. ટેક્નોલોજીની ગુણવત્તા વધી.

આઠમી પંચવર્ષીય યોજનામાં સ્ટ્રક્ચરલ એડજસ્ટમેન્ટ પોલિસી રાજ્યે સ્વીકારી લીધી હતી અને તેથી તેની ખૂબ અસરો અર્થતંત્ર ઉપર જોવા મળી. ગરીબ અને પૈસાદાર વચ્ચે ખાઈ વધતી ગઈ.

**નવમી પંચવર્ષીય યોજના (1997–2002) :**

1991માં આર્થિક ઉદારીકરણની પ્રક્રિયા શરૂ થઈ હતી, તેને લક્ષમાં રાખી આ પંચવર્ષીય યોજના ઘડવામાં આવી. આ યોજનામાં લોકભાગીદારીને ખૂબ મહત્ત્વની ગણવામાં આવી છે. નવમી પંચવર્ષીય યોજનાએ સામાન્ય લઘુતમ કાર્યક્રમ (Common Minimum Programme)ને લક્ષમાં રાખ્યો છે. નવમી પંચવર્ષીય યોજનાના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે :

1) ગ્રામીણ વિકાસ અને કૃષિસુધારણા કાર્યક્રમ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં પૂરતી રોજગારી ઊભી કરીને, ગરીબીનાબૂદી કરવી.

2) સ્થિર ભાવો રહે તે રીતે વૃદ્ધિ કરવી.

3) સમાજના વંચિત વર્ગને પોષણક્ષમ ખોરાક મળે તેવી વ્યવસ્થા કરવી.

4) સમયબદ્ધ રીતે સૌને ચોખ્ખું પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ, પ્રાથમિક શિક્ષણ, ઘર મળે તેવી વ્યવસ્થા કરવી.

5) વસ્તીનિયંત્રણ કરવું.

6) સ્ત્રીઓને સમર્થ, સક્ષમ બનાવવી તથા અન્ય પછાતવર્ગોનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો.

7) પંચાયતી રાજ, સહકારી મંડળીઓ તથા સ્વબચતમંડળીઓને પ્રોત્સાહન આપી, લોકભાગીદારીને પ્રોત્સાહન આપવું.

8) આત્મનિર્ભરતા લાવવાના સંગીન પ્રયત્નો કરવા.

9) ઉપરોક્ત હેતુઓ દ્વારા વૃદ્ધિ અને સમાનતા લાવવાનો પ્રયત્ન કરવાનું નક્કી થયું જેથી નાગરિકોનું જીવનધોરણ સુધરે, ઉત્પાદન વધે તથા રોજગારીની તકો વધે, પ્રાદેશિક સમાનતા આવે અને આત્મનિર્ભરતા આવે.

નવમી પંચવર્ષીય યોજનામાં વૃદ્ધિદર 7 %નો રહે તેવો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. નિકાસ વધે અને આયાત ઓછી થાય તેવા પ્રયત્નો કરવાનું નક્કી થયું. કૃષિ- સુધારણા, ઉત્તરપૂર્વના પ્રાંતોની આર્થિક સુધારણા, ગ્રામવિકાસ, પર્યાવરણ, જંગલ અને પ્રાણી સુરક્ષા, ઉદ્યોગોને પ્રોત્સાહન, મજૂરોના હિત સાચવવા, માળખાકીય સુવિધા પર્યાપ્ત માત્રામાં મળે તેવી વ્યવસ્થા કરવી અને સામાજિક ક્ષેત્રને અગ્રીમતા આપવાનું નક્કી થયું. હજી આ યોજના અમલમાં છે તેથી તેની સંપૂર્ણ અસર જોઈ શકાય કે તપાસી શકાય નહિ, પરંતુ આ યોજના પૂરી થવાની બિલકુલ નજીક છે, ત્યારે ગરીબી વધી છે, બેકારી વધી છે, ભાવોવધ્યા છે, અલબત્ત, દરેક ક્ષેત્રમાં લોકભાગીદારી વધી જણાય છે.

હતા. ટૂંકમાં અનાજ, કામ અને ઉત્પાદન વૃદ્ધિના ઉદ્દેશ આ પંચવર્ષીય યોજનામાં હતા. આખીય વ્યૂહરચના ગરીબી ઉપર આક્રમણ કરવાની, બેકારી ઘટાડવાની તથા પ્રાદેશિક અસમાનતાઓ દૂર કરવાની હતી. આ યોજનામાં માનવસંસાધનની ક્ષમતા વધારવાની, ટેક્નોલોજીમાં આધુનિકીકરણ લાવવાની શક્તિના સદુપયોગ ઉપર ભાર મૂકવામાં આવ્યો.

આ યોજના દ્વારા વૃદ્ધિદર 5 % વધારવાનું લક્ષ્ય હતું. ગરીબી રેખાથી નીચે જીવનારા 36.9 લોકોને ઘટાડી 25.8 % કરવાનો હતો. રોજગારીની તકો વધારવાનું લક્ષ્ય હતું.

ઉપરોક્ત હેતુ પરિપૂર્ણ કરવા કેટલાક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**1) ગરીબી નિવારણ કાર્યક્રમ :** 1984–85માં ભારતમાં ગરીબી રેખાથી નીચે જીવતાં 36.9 % લોકો હતા. આ ગરીબીનાબૂદી માટે, સરકાર દ્વારા, વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું. રાષ્ટ્રીય ગ્રામ રોજગાર કાર્યક્રમ (National Rural Employment Programme), રાષ્ટ્રીય ગ્રામીણ ભૂમિહીન મજૂરોને માટે રોજગારીનો કાર્યક્રમ (National Rural Lendless Employment Guarantee Programme), સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ (Integreated Rural Development Programme), ગ્રામીણ યુવાનોને તાલીમ આપતો કાર્યક્રમ (Training Scheme for Rural Youth for Self Employment), ગ્રામીણ સ્ત્રીઓ અને બાળકોના વિકાસ માટેનો કાર્યક્રમ (Development of Women & Children in Rural Areas) વગેરે કાર્યક્રમો ગરીબીનિવારણ માટે યોજવામાં આવ્યા. આ સિવાય જવાહર રોજગાર યોજના દ્વારા રોજગારીની તક વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. ગરીબીનાબૂદી સરકાર માટે મહત્ત્વની બની. આવા વિવિધ કાર્યક્રમો દ્વારા સરકારે ગરીબીનાબૂદી માટે પ્રયત્ન કર્યા.

**2) જમીનસુધારણા કાર્યક્રમ :** ભૂમિહીન મજૂરો, અનુસૂચિત જાતિ, જનજાતિ માટે આર્થિક વિકાસ માટે ખાસ કાર્યક્રમો યોજવામાં આવ્યા. દુષ્કાળગ્રસ્ત, રણવિસ્તાર તથા પહાડી વિસ્તાર માટે ખાસ રોજગારીની તકો ઊભી કરવામાં આવી. કૃષિવિકાસ, જમીનસુધારણા, વનવિકાસ, સિંચાઈની વ્યવસ્થા, સુધારેલ બિયારણ, જમીનની ઉત્પાદકતા વધારવી, કૃષિનીતિ તૈયાર કરી, કૃષિને માટે ખાસ એવા અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા.

**3) ઔદ્યોગિક વિકાસ માટેના કાર્યક્રમો :** આ યોજના દરમ્યાન સરકારે ઔદ્યોગિક વિકાસ માટેના કેટલાક કાર્યક્રમો આપ્યા છે. ઉદ્યોગો માટે પૂરતો પુરવઠો પૂરો પાડવો, ઉત્પાદનશક્તિ વધારવી, વિશાળ સ્થાનિક બજાર ઊભું કરવું, નિકાસની પૂરતી તકો પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે.

તદુપરાંત, લઘુતમ વિકાસના અને સામાજિક સેવાના કાર્યક્રમો જેવા કે શિક્ષણ, આરોગ્યની સુવિધા વધારવી, રસ્તા, વીજળી, પાણીની સુવિધાઓ પૂરી પાડવી, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો વિકસાવવા તથા કુટુંબકલ્યાણના કાર્યક્રમો આપવામાં આવ્યા.

સાતમી પંચવર્ષીય યોજનામાં 5 % નો વિકાસદર નક્કી કરવામાં આવ્યા હતા, જેની સામે 5.6 % વૃદ્ધિ થઈ શકી. દુષ્કાળ છતાં કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ. નક્કી કરેલ લક્ષ્યાંક 2.5 % ની સામે કૃષિ ઉત્પાદન 3 % થયું. ઔદ્યોગિક ઉત્પાદનવૃદ્ધિ લક્ષ્યાંક 8.1 % ની સામે 8.3 % થયું ગરીબીનાબૂદી યોજનાની અસરોને કારણે ગરીબોની સંખ્યામાં ઘટાડો થયો.

આ યોજના દરમ્યાન નાણાકીય ખાધ વધી ગઈ. જાહેર સાહસ ખાસ વિકાસ કરી શક્યા નહિ.

**વાર્ષિક યોજના (1990–1992) :**

કેન્દ્રમાં રાજકીય સત્તામાં પરિવર્તનને કારણે '90–'91 અને '91–'92 વાર્ષિક યોજનાઓ ઘડી અમલમાં મૂકી. આ બન્ને વાર્ષિક યોજનાઓમાં સાતમી પંચવર્ષીય યોજનાના હેતુ પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન થયો. આ બન્ને વર્ષમાં રોજગારી તથા સામાજિક પરિવર્તન ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

**આઠમી પંચવર્ષીય યોજના (1992–1997) :**

રાજકીય અનિશ્ચિતતા હોવાને કારણે આ યોજના બે વર્ષ મોડી શરૂ થઈ. આ યોજના દરમ્યાન ત્રણ સરકારો બદલાઈ. આ યોજનાની શરૂઆતમાં રાજ્યની ખાધ ખૂબ વધી ગઈ હતી અને તેને કારણે ખૂબ પ્રશ્નો ઉદ્ભવ્યા. ફુગાવો વધ્યો, ગરીબી, ભૂખમરો, નિરક્ષરતા, બાળમૃત્યુ અને બેકારીના પ્રશ્નો ઉકેલવાની અનિવાર્યતા હતી. આ પ્રશ્નોને ઉકેલવા માટે આ યોજનાના હેતુ નીચે પ્રમાણે રાખવામાં આવ્યા :

1) રોજગારીની તકો વધારવી
2) વસ્તીવૃદ્ધિ રોકવી
3) પ્રાથમિક શિક્ષણ સૌને મળે તેવું કરવું.

ભારતીય આયોજન વિવિધ પરિમાણોને લક્ષમાં રાખી ઘડવામાં આવ્યું છતાં એના ધાર્યાં પરિણામો પ્રાપ્ત ન થઈ શકવાનાં અનેક કારણો હોઈ શકે. પ્રથમ પંચવર્ષીય યોજના સફળ થઈ, કારણ લોકોમાં ઉત્સાહ હતો. સ્વતંત્રતાપ્રાપ્તિ થવાને કારણે લોકોને પોતાનું રાજ આવ્યાનો ઉત્સાહ હતો. બીજી પંચવર્ષીય યોજનાને પ્રથમ પંચવર્ષીય યોજના જેટલી સફળતા ન મળી, ઠીક પ્રમાણમાં સફળતા પ્રાપ્ત થઈ. ત્રીજી, ચોથી અને પાંચમી પંચવર્ષીય યોજનાઓ ધાર્યા પરિણામ પ્રાપ્ત ન કરી શકી. આનાં કારણોમાં પાડોશી દેશ સાથે યુદ્ધ થયાં, બાંગ્લાદેશી નિર્વાસિતો ઘણા પ્રમાણમાં આવ્યા, વસ્તીવિસ્ફોટ થયો, વ્યાપક ભ્રષ્ટાચાર, ઓછી નિસ્બત ધરાવનારું વહીવટીતંત્ર અને નેતાઓ વગેરેને ગણી શકાય. આ સિવાય સામાજિક રચનાતંત્રના કોટિક્રમ, પ્રાદેશિક ભિન્નતા વર્ગ અને જાતિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

## 1.5 પ્રજાના પ્રયત્નો :

**1) સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વિકાસના પ્રયત્નો :** ભારતીય સમાજ જાગૃત સમાજ છે. સમાજની સમસ્યાઓ માટે સમાજના ચિંતકો, બુદ્ધીજીવીઓ તથા શાણા લોકો ખૂબ પ્રયત્નશીલ રહે છે. સમાજ માટે ચિંતા સેવે છે. સમાજ પાંચ સાર્વત્રિક સંસ્થાઓનો બનેલો છે. કુટુંબ, શિક્ષણ, રાજય, ધર્મ અને આર્થિક સંસ્થાઓ પરસ્પર સંકળાયેલી છે. વિકાસના પ્રયત્નો રાજ્ય તો કરે જ છે પણ એ સિવાય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સમાજના વિકાસમાં કાર્યરત છે. મોટા ભાગની સ્વૈચ્છિક સંસ્થાઓ પરોપકારની વૃત્તિથી સમાજમાં કાર્ય કરે છે.

સ્વૈચ્છિક સંસ્થા બાહ્ય કોઈ નિયંત્રણ વિના ચોક્કસ હેતુને પામવા પોતાની નીતિને અનુરૂપ કાર્યક્રમ ઘડે છે, મદદ કરે છે અને નક્કી કરેલ હેતુ પરિપૂર્ણ કરવા પ્રયત્ન કરે છે.

ભારતમાં પરોપકારી વૃત્તિથી સ્વતંત્રતાપૂર્વે પણ અનેક કાર્યો થતા રહ્યાં છે. સાંપ્રત ભારતમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સતત કાર્ય કરે છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાનિક, તાલુકા સ્તરે, જિલ્લા સ્તરે, રાજયસ્તરે, રાષ્ટ્રસ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત હોય તેવું જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ કદમાં પણ નાની, મધ્યમ કે મોટા કદની હોય છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાની વિચારસરણીની રીતે પણ અનેક ભાગમાં વહેંચાયેલી જોવા મળે છે. ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓના મુખ્યત્વે ચાર ભાગ પાડી શકાય :

1. ગાંધીવાદી
2. આધુનિક ગાંધીવાદી
3. સંચાલકીય
4. ક્રાંતિકારી

હિંદુસ્તાન એટલે કે તેના મુખ્ય હીંદુ ધર્મમાં સેવા, દાન તથા ત્યાગ અને બલિદાન આ ચારે તત્ત્વો ખૂબ મહત્ત્વના છે. હીંદુ જીવનશૈલીમાં ગાય અને કૂતરાને રોટલી તથા કબુતરને ચણ તથા આતિથ્ય એ સર્વ સ્વીકૃત બાબત છે. પાણીની પરબ, ધર્મશાળા, ગોગ્રાસ, આ બધી બાબતો કાયમી જોવા મળે છે. આજની હીંદુ પ્રજામાં આ કાયમ જોવા મળે છે. ગાંધીયુગ એ નજીકના ઇતિહાસનો યુગ છે.

ભારતમાં મહાત્મા ગાંધી પહેલાં પણ ધર્મ અનુરૂપ પરોપકારી કાર્યો હાથ ધરાતા હતા. ગાંધીજીના ફલક ઉપર આગમન બાદ સ્વદેશી, સ્વાવલંબી, આત્મનિર્ભર, અહિંસક વિચારસરણીને અનુસરતી એક ખૂબ મોટી ફોજ ઊભી થઈ જે ગાંધીના સિદ્ધાંતોને વરેલી અને મહદ્ અંશે ગ્રામીણકક્ષાએ કાર્યરત જોવા મળે છે. આ જૂથો મહદ્ અંશે લોકોને જાગૃત કરી તેમને જ તેમના પ્રશ્નો ઉકેલવા સામેલ કરી મદદ કરે છે. આવાં જૂથો નિરક્ષરતા- નાબૂદી, લોકજાગૃતિ, ગ્રામસુધારણા, વૈચારિક જાગૃતિ, ગ્રામોદ્યોગ દ્વારા રોજીરોટી આપવાનું કાર્ય, અસ્પૃશ્યતા નાબૂદી, વિધવા પુનઃલગ્ન, સામાજિક કુરિવાજોની નાબૂદી વગેરે કાર્યક્રમો હાથ ધરે છે. ગુલામી દરમ્યાન વ્યાપેલા સામાજિક દૂષણોને દૂર કરવાનો સતત પ્રયત્ન કરે છે.

**2) આધુનિક ગાંધીવાદીઓ :** આ પ્રકારનાં જૂથો વિચારો તો ગાંધીજીને જ અનુસરે છે પણ તેઓ પરિસ્થિતિ પ્રમાણે તેમાં નવીનીકરણનું તત્ત્વ ઉમેરે છે. આ જૂથો પણ સામાજિક જાગૃતિ, અસ્પૃશ્યતાનાબૂદી, સામાજિક કુરિવાજોની નાબૂદી જેવા કાર્યક્રમોની સાથે સાથે રાજકીય જાગૃતિ જેવા કાર્યક્રમો પણ હાથ ધરે છે.

ગુજરાતમાં સેવા સંસ્થા આ વિચારથી જ કાર્યરત છે એમ કહી શકાય. નવગાંધીવાદીઓ સંપૂર્ણપણે ગાંધીજીની પદ્ધતિથી કાર્ય કરતા નથી. તેઓ ગાંધીવિચારને વરેલા પણ નવી પદ્ધતિઓ અપનાવે છે. દેશમાં આવી ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. આ પ્રકારની સંસ્થાઓ પરિસ્થિતિને અનુરૂપ સ્વાસ્થ્ય સુધારી, ગરીબીનાબૂદી, જાગૃતિ, રાજકીય જાગૃતિ, વ્યસનમુક્તિ, નિરક્ષરતાનાબૂદી, કૌશલ્યો વિકસાવવાની તાલીમ આપવાનું કાર્ય, ગ્રામસુધારણાનું કાર્ય કરે છે. આ લોકોની શૈલી અને પદ્ધતિ અલગ અલગ છે.

**3) સંચાલકીય અભિગમ ધરાવનાર સંસ્થાઓ :** ભારતીય અભિગમ પ્રમાણે સ્વૈચ્છીક કાર્ય એ સમાજમાં સતત જોવા મળે છે. સ્વેચ્છાએ કામ કરવું એ ખૂબ મહત્ત્વની વાત છે. વ્યક્તિ કોઈપણ સ્વાર્થ વિના કાર્ય કરે તેનું નામ સેવા.ભારતમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી અનેક આવી સંસ્થાઓ કાર્યરત બની છે. આવી સંસ્થાઓ મહદ્ અંશે સરકારની નીતિ અને કાર્યક્રમોને અનુરૂપ સરકાર કે બીજી સંસ્થા પાસેથી અનુદાન મેળવી કાર્ય કરે છે. આ પ્રકારની સંસ્થાઓમાં વિવિધ સ્તરની, વિવિધ કદની, વિવિધ વિચારસરણીઓ ધરાવતા જૂથો કાર્યરત છે. ભારત અને ગુજરાતમાં આ પ્રકારની સંસ્થાઓ વધતી ચાલી છે. આવી સંસ્થાઓમાં પગારદાર અને બિનપગારદાર કાર્યકરો હોય છે. તેઓ બધાં જ કાર્યો વ્યાવસાયિક પદ્ધતિ મુજબ કરે છે. આવી સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી પણ નાણાં મેળવી કાર્યક્રમ કરે છે. તેઓની પણ એક ચોક્કસ વિચારસરણી, પદ્ધતિ, મૂલ્યો અને નીતિ હોય છે. આવી સંસ્થાઓ પણ અસરકારક રીતે કાર્ય કરે છે. ગુજરાતમાં ચેતના સંસ્થા આ રીતે જ કાર્ય કરે છે. આ સંસ્થા પોતે જ પોતાના હેતુ અનુરૂપ પ્રદેશની મર્યાદા નક્કી કરી કાર્ય કરે છે.આવી અનેકવિધ સંસ્થાઓ ગુજરાતમાં તેમજ ભારતમાં કાર્યરત છે.

**4) ક્રાંતિકારી સ્વૈચ્છિક સંસ્થા :** આવા પ્રકારની સંસ્થાઓની વિચારસરણી ધરાવનાર સ્વૈચ્છિક જૂથો ઉદ્દામવાદી વિચારસરણીને અનુસરે છે. આવાં જૂથો ભયંકર હતાશામાંથી બીજો કોઈ માર્ગ શક્ય નથી એમ માની હિંસાત્મક માર્ગે વળે છે. આ જૂથો પોતે જે પરિસ્થિતિને અન્યાયભરી માને છે તે માટે જેને જવાબદાર માને છે તેવા જૂથને, તે માણસોને નેસ્તનાબૂદ કરવાની વિચારસરણી ધરાવે છે.

ભારતમાં પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, બ્રહ્મોસમાજ, રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓ ધાર્મિક અને આધ્યાત્મિક અભિમુખતા ધરાવે છે અને સામાજિક કુરિવાજોની નાબૂદી તથા સામાજિક જાગૃતિ માટે કાર્યરત છે. એ સિવાય લોકસેવા સંઘ, હરિજન સેવક સંઘ, સેવા રૂરલ સેવા, જ્યોતિસંઘ, અવાજ, ચેતના, ગુજરાત બિરાદરી, સર્વોદય, આદિમજાતિ સેવક સંઘ વગેરે પોતે નક્કી કરેલ ધ્યેયોની પરિપૂર્તિમાં, પોતાને વિશ્વાસ હોય તેવા કાર્યક્રમો દ્વારા, પોતે પસંદ કરેલા પ્રાદેશિક વિસ્તારમાં, પોતે પસંદ કરેલ જૂથમાં કાર્યરત હોય છે. તેઓ પોતે પોતાની પદ્ધતિ, કાર્યપ્રણાલી નક્કી કરે છે. આવી અનેક સંસ્થાઓ ભારતમાં લોકકલ્યાણ માટે કાર્યરત છે.

આવી સંસ્થાઓ અસરકારક ભૂમિકાઓ ભજવે છે અને અસરકારક લોકભાગીદારી પ્રાપ્ત કરી શકે છે. ગ્રામવિકાસના કાર્યમાં સમગ્ર ભારતમાં આવી અનેક સંસ્થાઓ કાર્યરત છે.

ટૂંકમાં સ્વૈચ્છિક સંસ્થાઓ વિચારપ્રસાર, મૂલ્યપ્રસાર માટે વિવિધ પદ્ધતિઓ દ્વારા, વિવિધ કાર્યક્રમો દ્વારા કાર્યશીલ હોય છે. આ સંસ્થાઓ દેશના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સાતમી પંચવર્ષીય યોજનામાં સ્વૈચ્છિક સંસ્થાને વિકાસની પ્રક્રિયા માટે આવશ્યક એકમ તરીકે સ્વીકારવામાં આવી છે. આવી સંસ્થાઓની કેટલીક ખામીઓ પણ છે. જેવી કે એક જ પ્રકારના કાર્યક્રમો તે સતત કરે છે. તેમના કાર્યક્રમો માત્ર કાગળ ઉપર હોય છે. તે માત્ર પૈસા બનાવે છે. તેઓ તેમના કાર્યકરોનું શોષણ કરે છે.

છતાં સ્વૈચ્છિક સંસ્થાઓ સામાજિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને મહત્ત્વનો ફાળો આપે છે.

**ધાર્મિક સંસ્થાઓનો વિકાસમાં ફાળો :**

દુનિયાના બધા જ દેશોમાં ધર્મ પ્રચલિત છે. ધર્મ સેવા, ત્યાગ, બલિદાનની વાત કરે છે.દરેક ધર્મ માનવકલ્યાણની વાત, ત્યાગની વાત કરે જ છે અને આ આધારે જ દેશના બધા જ ધર્મો સામાજિક વિકાસનાં કાર્યો હાથ ધરે છે. ભારતમાં પ્રાચીનકાળમાં ધર્મશાળાઓ, અન્નક્ષેત્રો વગેરે તેનાં સક્ષમ ઉદાહરણ છે. આ સિવાય દરેક ધર્મ અને જ્ઞાતિનાં જૂથો તેમણે નક્કી કરેલા ધ્યેયની પૂર્તિ માટે વિવિધ પદ્ધતિઓ દ્વારા કાર્યરત બને છે. આજે પણ બધા જ ધર્મો પરોપકારની વૃત્તિથી સમાજકલ્યાણનાં કાર્યો કરે છે.

સ્વામિનારાયણ સંપ્રદાય શિક્ષણપ્રસાર, કુરિવાજોની નાબૂદી, અસમાનતાનાબૂદી, વ્યસનમુક્તિ વગેરે કાર્યક્રમો હાથ ધરે છે.

સ્વાધ્યાય પરિવાર સમાજના નિમ્નસ્તરોમાં પુનરુત્થાનવાદી પ્રવૃત્તિઓ દ્વારા ગરીમા, ગૌરવ, આત્મસન્માન જગાડવાના પ્રયાસ કરે છે.

જૈન ધર્મ પણ માનવકલ્યાણ અને પ્રાણીકલ્યાણ માટે અનેક કાર્યો હાથ ધરે છે.

આ સિવાય જલારામબાપાનાં મંદિરો, હનુમાનનાં મંદિરો દ્વારા રામરોટી, અન્નક્ષેત્ર વગેરે ચલાવવામાં આવે છે.

ઇસ્લામધર્મીઓ પણ તેમના અનુયાયીઓ માટે અનેક કાર્યો કરે છે. ભારતમાં ખ્રિસ્તી મીશનરીઓ ગરીબ લોકો માટે અનેક પ્રકારની સેવાઓ કરે છે.

વિકાસમાં પ્રજાની સામેલગીરી ખૂબ મહત્ત્વની છે. વિકાસના બધા જ કાર્યોમાં પ્રજા મદદગાર તરીકે કાર્યરત રહે છે. વિકાસનાં કાર્યોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી અધિકૃત રીતે સ્વીકારાઈ છે અને સરકારની નોકરશાહી અસંવેદનશીલ છે અને અમુક કાર્ય નહીં જ કરી શકે એવો મત પ્રસ્થાપિત થયો છે. વિકાસનાં કાર્યોમાં લોકભાગીદારી આવશ્યક છે અને તે સરકારી તંત્ર પ્રાપ્ત કરી શકતું નથી. તેથી આ ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થા સમર્થ છે એવો મત બળવત્તર બન્યો છે. વિકાસ કોઈ દ્વારા થઈ ન શક. વ્યક્તિએ પોતે જ એમાં ભાગીદાર બનવું પડે અને આ પ્રક્રિયામાં તેમણે જાતે જ ભાગ લેવો પડે એવો સૂર અભ્યાસુઓ, નેતાઓ અને પ્રજાએ સ્વીકાર્યો છે. સરકાર કદાચ નિયંત્રણ અને નિયમનનું કાર્ય કરી શકે પણ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વિકાસનું કાર્ય વધુ યોગ્ય રીતે થઈ શકે એવો મત સ્વીકારાયો છે. દરેક સમાજ સ્વૈચ્છિક સંસ્થાને વિકાસના કાર્યક્રમોના સમર્થ વાહક અને ચાલક તરીકે સ્વીકારે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.

અલબત્ત સામાજિક જૂથોના સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પૃષ્ઠભૂમિકા પર પણ આ વસ્તુ આધારિત છે. દરેક જૂથ આ બાબતમાં વિશિષ્ટતા ધરાવે છે પરંતુ વિકાસની પ્રક્રિયામાં અનેક પરિબળો જવાબદાર છે. પ્રજા એમાં કેન્દ્રબિંદુ છે. પ્રજાની લાક્ષણિકતાઓ, ઇતિહાસ, સંસ્કૃતિ, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ તથા જાગૃતિ, શ્રમનો ખ્યાલ, કાર્ય કરવાની તૈયારી, વિધેયાત્મક અને નકારાત્મક વલણો, ભૂતકાળના અનુભવો પ્રમાણે પ્રજા વિકાસ સાધી શકે છે.

## 1.6 આયોજન અને સામાજિક વિકાસ

સામાજિક સુધારણા માટેનું આયોજન માત્ર સ્વતંત્ર રાષ્ટ્ર જ કરી શકે. સદીઓની ગુલામી પછી, સંસ્કૃતિથી સુશોભિત અને ભૌતિક બાબતમાં ગરીબ, વલણમાં પછાત અને રૂઢિચુસ્ત ભારત, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી વિકાસની દિશા નક્કી કરી, પંચવર્ષીય યોજના દ્વારા, વિકાસનું લક્ષ્ય પ્રાપ્ત કરવા કાર્યાન્વિત બન્યું. આઝાદ ભારત આયોજન દ્વારા, સામાજિક–આર્થિક પાસાઓનો વિકાસ સાધી, પ્રવર્તમાન સમસ્યાઓનું નિરાકરણ કરવાનું ધ્યેય રાખતું હતું. રશિયાના આયોજિત વિકાસની સફળતા જોઈ ભારતમાં ઉત્સાહભેર આયોજનની શરૂઆત થઈ. બંધારણીય જોગવાઈઓને અનુરૂપ આયોજનો કરવામાં આવ્યા. અત્યારે નવમી પંચવર્ષીય યોજના અમલમાં છે. નવ પંચવર્ષીય આયોજનો અને ત્રણ વાર્ષિક યોજનાઓ દ્વારા ભારતનો વિકાસ, ભારતના લોકોનો વિકાસ કરવાનો હેતુ હતો અને છે. આ યોજનાની ગહન અને વ્યાપક અસરો સમાજ ઉપર થઈ છે. આ યોજનાઓની અસર સામાજિક, રાજકીય તથા આર્થિક થઈ છે. આયોજનોની અસર અનેક રીતે તપાસી શકાય. આયોજન સામાજિક રીતે તપાસી શકાય.

**1) જીવનધોરણમાં પરિવર્તન :** આયોજનને કારણે ભારતના નાગરિકના જીવનધોરણમાં પરિવર્તન આવ્યું. સામાન્ય માણસ માટે શિક્ષણની સુવિધા, આરોગ્ય માટે ડૉક્ટરની સુવિધા, પાણીની સુવિધા, વાહનવ્યવહાર અને સંચાર માધ્યમોની સુવિધાઓ સહજ રીતે પ્રાપ્ત થઈ. આયુષ્યધારણામાં લગભગ 100% વૃદ્ધિ થઈ, બાળમૃત્યુનો દર ઘટ્યો, પ્રસૂતિ સમયે સ્ત્રીઓનો મૃત્યુદર ઘટ્યો, સ્ત્રીઓ પોતે પુરુષ સાથે પોતાની તુલના કરી શકે અને પોતે સમાન છે એવું વલણ વિકસ્યું. ગામેગામ શિક્ષણ અને આરોગ્યની સુવિધા થવાથી સાક્ષરતાના દરમાં વૃદ્ધિ થઈ. રાજ્ય નાગરિકની સુવિધા માટે કાર્ય કરે છે તેવી પ્રતીતિ આમજનતાને થઈ. પ્રજા પોતે જ રાજ્ય કરવાની સત્તા ધરાવે છે એવી પ્રતીતિ પ્રજાને થઈ. વ્યક્તિઓનાં જ્ઞાનાત્મક માળખાં બદલાયાં, ધોરણો બદલાયાં, સમાનતાનું મૂલ્ય ઉમેરાયું, રાષ્ટ્રની વિભાવના ઉત્પન્ન થઈ. નાગરિક, સિવિલ સોસાયટી (Civil Society) જેવા ખ્યાલો ઉદ્ભવ્યા. સૌને સમાનતા પ્રાપ્ત થઈ છે એ દૃશ્યમાન બન્યું. સૌને એક જ પ્રકારનો કાયદો, કાયદાનું રક્ષણ પ્રાપ્ત થાય છે એવી સમજણ વિકસી. જીવનધોરણમાં સુધારો થવો એ ખૂબ મહત્ત્વની બાબત છે. જીવનધોરણમાં સુધારો આવવાથી માનવની ક્ષમતામાં વધારો થાય છે.

**2) સમાજ વ્યવસ્થા પર અસર :** ભારત એના સામાજિક જીવનમાં વિશ્વના બીજા દેશોથી ભિન્ન છે. ભારતમાં સામાજિક જીવનમાં ધર્મ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ધાર્મિક ખ્યાલ આધારીત કોટિક્રમ ભારતીય સમાજમાં પ્રવર્તે છે. આ કોટિક્રમ જ્ઞાતિ તરીકે ઓળખાય છે. આ જ્ઞાતિવ્યવસ્થા પ્રથમ વ્યવસાય આધારિત હતી, પછી જન્મ આધારિત થઈ હતી. જન્મથી જ જ્ઞાતિ વ્યક્તિનું સામાજિક સ્થાન નક્કી કરે છે. જ્ઞાતિ સમાજને ઊંચનીચનો એક ક્રમ આપે છે. કાયદા દ્વારા આ કોટિક્રમનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. પંચવર્ષીય યોજનાઓના અમલને કારણે સમાજમાં વિવિધ પ્રકારનાં પરિવર્તનો આવ્યાં છે એવું જણાય છે. જ્ઞાતિવ્યવહારનું સ્વરૂપ બદલાયું, જ્ઞાતિની પ્રવૃત્તિઓ વધી ગઈ. જ્ઞાતિએ શિક્ષણક્ષેત્ર, અર્થતંત્ર અને રાજકીય વ્યવસ્થામાં ભૂમિકા ભજવવાની શરૂ કરી. અનેક જ્ઞાતિમંડળોએ પોતાના સભ્યો માટે નિશાળો અને કૉલેજો ખોલી, પોતાના જ્ઞાતિબંધુઓ ગરીબ હોય તો તેમને મદદ કરવાની વ્યવસ્થા કરે છે.

જ્ઞાતિ વ્યવસાય ઉપર પ્રતિબંધ રાખતી હતી, તેને બદલે સમાજમાં સમાનતાના મૂલ્યનો પ્રસાર થયો અને જ્ઞાતિગત વ્યવસાયને બદલે નાગરિક પોતે કોઈપણ જ્ઞાતિના હોય, ગમે તે વ્યવસાય પસંદ કરી શકે છે. જ્ઞાતિમાં આંતર્લગ્ન પણ વધ્યા. જ્ઞાતિઓનાં અંતર ઘટ્યાં. સૌથી મહત્ત્વની વાત એ કે જ્ઞાતિએ સમાનતાના મૂલ્યને સ્વીકારી લીધું. જ્ઞાતિ મતોના રાજકરણ અને અપુખ્ત પ્રતિનિધિઓને કારણે જ્ઞાતિમાં રાજકીય ગતિવિધિઓ વધી છે. જ્ઞાતિ આજના સંજોગોમાં લગ્ન માટે મહત્ત્વની રહી છે. આજે જ્ઞાતિનાં બાકીનાં બધાં બંધનો મહદ્ અંશે તૂટ્યાં છે, પણ આજે પણ મોટા ભાગના લોકો પોતાની જ્ઞાતિમાં લગ્ન કરે છે. જ્ઞાતિનાં બાકીનાં બધાં નિયંત્રણો લગભગ સમાપ્ત થયા જણાય છે. ભારતીય નાગરિકો માટે શિક્ષણ અને વ્યવસ્થા નવા નવા ખૂલવા લાગ્યા અને સ્વતંત્રતા પણ મળી, તેથી વ્યવસાય ઉપર નિયંત્રણ રહ્યું નહીં. કાયદા તથા બંધારણને કારણે વિવિધ જ્ઞાતિ સમુદાયો વચ્ચે સમાનતા લાવી શક્યા. જ્ઞાતિઓ વચ્ચે સત્તાસંબંધો બદલાયા જણાય છે. ઉચ્ચ જ્ઞાતિને બદલે મધ્યમ જ્ઞાતિઓ પ્રભાવી સમૂહ તરીકે ઊપસ્યો છે તેવું જણાય છે. સ્વતંત્રતા બાદ જ્ઞાતિ અને વર્ગનો સંબંધ વધ્યો છે, તેમનું જોડાણ વધ્યું છે, જ્ઞાતિનું મહત્ત્વ વધ્યું છે. જ્ઞાતિ જાહેર ક્ષેત્રમાં પણ પ્રભાવી રહે છે.

**3) પ્રાદેશિક અસર :** સ્વાતંત્ર્ય બાદ ભારતમાં આયોજનની પ્રક્રિયા શરૂ થઈ. આપણો પોતાનો દેશ, આપણું સ્વપ્ન, આપણા સંસાધનો, આપણી માનવશક્તિ, આપણો ઉત્સાહ, જોમ, આપણી શક્તિ, આપણી નીતિમત્તા પ્રમાણે આયોજન કરવામાં આવ્યું. આ આયોજનનો અમલ થયો અને એની અસરો ગ્રામ તથા શહેર ઉપર જોવા મળી. આયોજનને કારણે કૃષિસુધારણા થઈ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણ તથા આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપી બની. આયોજનને કારણે સમગ્ર દેશને જોડતા રોડ થયા અને શહેરો વિકાસ પામ્યાં તથા રોડને અડીને આવેલા ગામડાનો વિકાસ થયો. ગામડામાંથી શહેરો તરફ સ્થળાંતર વધ્યું. શિક્ષણનું પ્રમાણ વધ્યું. અર્પિત દરજ્જાને બદલે પ્રાપ્ત દરજ્જાઓ મહત્ત્વના બનતા ગયા. વ્યવસાયોમાં પરિવર્તન આવ્યું. જ્ઞાતિવ્યવસ્થા લગ્ન માટે મહત્ત્વની રહી. લગભગ મોટા ભાગના જ્ઞાતિનાં નિયંત્રણો ખૂબ હળવાં લગભગ નાબૂદ થઈ ગયાં.

રાજકારણને લીધે જ્ઞાતિનું મહત્ત્વ વધ્યું. સરકારી આયોજનને કારણે આરોગ્ય સેવાઓ સુધરી અને તેથી બાળમૃત્યુ તથા મૃત્યુદર ઘટ્યો. સંચારસાધનોને કારણે જાગૃતિ વધી. જાહેર ક્ષેત્રમાં મહદ્ અંશે સ્ત્રીપુરુષ સમાનતા, જ્ઞાતિની સમાનતા, ધાર્મિક સમાનતા વધી.

યોગેન્દ્રસિંઘે (1997) ચર્ચા કરતા કહ્યું કે ભારતમાં આયોજનને લીધે ગ્રામીણ અને શહેરી સમુદાયમાં સત્તાશાળી મધ્યમવર્ગોનો ઉદ્ભવ થયો. મધ્યમવર્ગના વ્યવસાયની નવી શ્રેણીઓ જોવા મળી. સ્વરોજગાર કરતાં વ્યાવસાયિક વ્યાપારીઓનો, વ્યાપારી મૂડીવાદીઓનો એક નવો વર્ગ ઉદ્ભવ્યો. આ વર્ગ વાણિજ્ય તંત્રની આર્થિક પ્રવૃત્તિઓના વિસ્તરણ સાથે બધે જ વિકસી રહ્યો છે. આ વર્ગ ખૂબ ઓછી મૂડીથી કામ કરે છે. આવા વ્યાવસાયિકો અને અર્થતંત્રનાં અનેક પરિબળોને કારણે કાળાબજાર ઊભા થાય છે. નવી ટેક્નોલોજી, નવી શાસનવ્યવસ્થા, વહીવટની વ્યવસ્થા, ન્યાયતંત્રની વ્યવસ્થા, શિક્ષણનાં નવાં સ્વરૂપો ભારતીય પારંપારિક વ્યવસ્થાઓ, માળખાઓ, મૂલ્યો, ધોરણો માટે પડકારરૂપ બન્યા. જ્ઞાતિમાં વર્ગો ઉદ્ભવ્યા. નવાં વર્ગીય સંયોજનો ઉદ્ભવ્યાં. નવા જ પ્રકારનાં સ્વૈચ્છિક સંગઠનો વધુ ને વધુ વ્યાપ્ત બનતા ગયાં. નવા સંઘર્ષો સમાજમાં જોવા મળ્યા. નવી અપેક્ષાઓ, આકાંક્ષાઓ, વિકાસના સ્વપ્ન જોવા મળ્યા. કુટુંબના સ્વરૂપમાં, કાર્યમાં તથા ભૂમિકામાં ધરમૂળથી પરિવર્તન જોવા મળ્યા. લોકશાહી મૂલ્યનો પ્રસાર વધ્યો પણ જ્ઞાતિની પ્રવૃત્તિઓ વધતી ગઈ. વિકાસ અને પરિવર્તનની પ્રક્રિયાએ સમાજના મૂલ્ય, ધોરણો, સંસ્થાઓમાં પરિવર્તન આણ્યાં. સત્તાસ્થાનોમાં પરિવર્તન આવ્યાં, વંશને બદલે ચૂંટણી દ્વારા નેતૃત્વ નક્કી થવા લાગ્યું. જ્ઞાતિના કોટિક્રમને બદલે સમાનતા વ્યવહારમાં આવી. ગરીબ અને પૈસાદાર વચ્ચે ખાઈ મોટી થતી ગઈ. ગરીબી, બેકારી, ગુનાખોરી-હિંસા, ડ્રગ્સનો વ્યાપ વધ્યો, વેશ્યાવૃત્તિ, બાળ અપરાધ જેવી સમસ્યાઓ વિકરાળ બની. ગામડાઓ ખાલી થયાં અને શહેરો સંબંધ વગરના પાડોશીઓના (neighbourhood without relationship) થયા. શહેરોમાં જ્ઞાતિ તથા વર્ગનાં ગઠબંધનો ઉદ્ભવ્યાં, પરંપરામાં આધુનિકીકરણ આવ્યું.

**4) સ્ત્રીઓના સ્થાન અને ભૂમિકામાં પરિવર્તન :** ઓગણીસમી સદીમાં થયેલી સામાજિક સુધારણાની ચળવળો, રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ, બંધારણીય જોગવાઈઓ તથા મહાત્મા ગાંધીજીની અસર સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકા પર પડી છે. રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહર્ષિ કર્વે, મહાત્મા ગાંધીના પ્રયત્નોને લીધે સ્ત્રી અનેકવિધ બંધનોમાંથી મુક્ત થઈ. બંધારણીય ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે અનેકવિધ આયોજનો કરવામાં આવ્યાં, કાયદા ઘડવામાં આવ્યા, સ્ત્રીઓના શિક્ષણ માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી, સ્ત્રીઓને સ્થાનિક નેતૃત્વમાં અનામત આપવામાં આવી. આ બધી જોગવાઈઓ, કાર્યક્રમો તથા સ્વૈચ્છિક સંસ્થાના પ્રયત્નોને લીધે સ્ત્રીના સ્થાનમાં ધરખમ સુધારો થયો. સ્ત્રીની જિંદગી પણ પતિ

ઉપર અવલંબિત હતી, તે પરિસ્થિતિ બદલાઈ. સ્ત્રીનું સ્થાન ચાર દીવાલોમાં હતું, તે બદલાયું. કુટુંબવ્યવસ્થાના મૂલ્યમાં પરિવર્તન આવ્યું. જાહેર જીવન અને કૌટુંબિક જીવન, બન્ને અંગે, કાયદાકીય જોગવાઈઓ થઈ. સ્ત્રી શિક્ષણ પામી અને વ્યવસાય પણ કરવા લાગી. સ્ત્રી જેને સંપત્તિ ઉપર કોઈ અધિકાર નહોતો, તે ધન કમાવવા લાગી. સ્ત્રી વ્યવસાયનાં પ્રથમ ક્ષેત્રો શિક્ષણ અને નર્સિંગ હતાં તેને બદલે પાયલોટ સુધીના બધા જ તેમાં ઉમેરાયા. સ્વતંત્રતા બાદ સ્ત્રીની સ્વતંત્રતા અને સમાનતા સ્થાપિત કરવાની બંધારણીય પ્રતિબદ્ધતાને કારણે સામાજિક જીવનના ક્ષેત્ર માટે કાયદા ઘડવામાં આવ્યા. સ્ત્રીને લગ્ન પછી સહન કરવા પડતા ત્રાસને રોકવા કાયદા ઘડાયા. સ્ત્રીને ભરણપોષણ, વારસાહક્ક, સમાન વેતનનો હક્ક, માતૃત્વના હક્ક જેવા અનેક કાયદાઓને કારણે થોડોક ફાયદો થયો.

સામાજિક, આર્થિક વિકાસની નીતિઓ અને કાર્યક્રમોને કારણે સ્ત્રીની પ્રગતિ થઈ, તેને વિકાસની તકો પ્રાપ્ત થઈ. સ્વતંત્રતા બાદ સ્ત્રી સામાજિક, આર્થિક વિકાસનો અસરકારક રીતે લાભ લઈ શકે એવો પ્રયત્ન કરવામાં આવ્યો. સ્ત્રીના વિકાસ માટે ખાસ વિધેયાત્મક પ્રયત્ન કરવામાં આવ્યા. 1970 સુધી સમગ્ર સમાજનો વિકાસ થશે એટલે સ્ત્રીનો પણ વિકાસ થશે એવું માની, સ્વીકારી એને માટે ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા નહોતા. 1970 પછી ખાસ કરીને 1975 પછી સમગ્ર વિશ્વમાં જાગૃતિ આવી અને ભારતીય આયોજનમાં પણ સ્ત્રીઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘે 1975ના વર્ષને મહિલાવર્ષ તરીકે જાહેર કર્યું અને ત્યાર બાદ 1976 થી 1985 સુધીના દસકાને મહિલા દાયકો જાહેર કર્યો. આ બે બાબતોએ સ્ત્રી અંગેની વાસ્તવિકતાઓ સ્પષ્ટ કરી. સ્ત્રીઓ અંગેના પ્રશ્નોની ચર્ચાઓ થઈ, ઉપાયો રજૂ થયા. સ્ત્રીઓ અંગે ચર્ચાસભાઓ, પરિસંવાદો, સંશોધનોએ સ્ત્રીઓની સમાજમાંની અને વિકાસ પ્રક્રિયામાંની ભૂમિકાનું પુનઃપરીક્ષણ કરવાની ફરજ પડી અને એવા પગલાંની માંગણી ઊઠી કે સ્ત્રીઓની સુષુપ્ત શક્તિઓ ખીલે અને સમાજમાં તે પોતે યથાયોગ, યથાશક્તિ પોતાનો ફાળો આપી શકે. સ્ત્રીઓ માટે અનેકવિધ નવાં ક્ષેત્રો ખૂલ્યાં. બધી જ વિકાસ નીતિઓ, આયોજનોમાં તથા સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સ્ત્રી શિક્ષણ, આરોગ્ય અને તેમના કૌશલ્ય વધારવા પર ખૂબ ભાર મુકાયો. સરકારી તંત્રે તથા સ્વૈચ્છિક સંગઠનોએ સ્ત્રીશિક્ષણ, તાલીમ, આરોગ્ય વગેરે ક્ષેત્રોને વધુ મહત્ત્વ આપ્યું.

આયોજિત વિકાસના લાભ આપોઆપ ગરીબો અને સમાજના નબળા વર્ગોને મળતા નથી અથવા ઓછા પ્રાપ્ત થાય છે. સ્ત્રી સામાજિક રીતે નબળી છે, વંચિત છે. સામાજિક વ્યવસ્થામાં સ્ત્રીનો કાયમી દ્વિતીય દરજ્જો જોવા મળે છે. પુરુષની તુલનામાં સ્ત્રીને તકની પ્રાપ્તિ ઓછી થાય છે. સ્ત્રીઓ એક જૂથ તરીકે, ગેરલાભ પામતા જૂથ તરીકે સ્વીકારાય છે. આવા સ્વીકારને કારણે સ્ત્રીઓ પરત્વે વિશેષ લક્ષ આપવાની જરૂરિયાતનો સ્વીકાર થયો છે. સ્ત્રીઓને તેમના વિકાસ માટે તમામ જરૂરી તક પૂરી પાડવાના પ્રયત્નરૂપે તેમને માટે શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ, આરોગ્યની સેવાઓ, કુટુંબકલ્યાણ અને કુટુંબનિયોજન માટેની સેવાઓ દ્વારા સ્ત્રીઓની શક્તિઓને ખીલવવા, તેમને સહાયરૂપ સેવાઓ દ્વારા મદદ કરવાનો પ્રયત્ન થયો છે. સ્ત્રીને વિકાસનો લાભ મળે તે અંગે વિચાર થવા લાગ્યો. ઈ. સ. 1978માં સૌપ્રથમ ઔદ્યોગિક નીતિમાં સ્ત્રી ઉદ્યોગ સાહસિકોનો સમાવેશ કરવામાં આવ્યો. ઉદ્યોગીકરણ, ઉદ્યોગો, કારખાનાં વગેરે એકમોમાં સૌપ્રથમ સ્ત્રીની નોંધ લેવામાં આવી. સ્ત્રી ઉદ્યોગ કરી શકે, જો મદદ મળે તો, સાનુકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત થાય તો એવું સ્વીકારાયું. અલબત્ત ખૂબ મર્યાદિત ક્ષેત્રો સ્ત્રી અંગે આવો સકારાત્મક વિચાર કરતા હતા.

છતાં જો સમગ્ર રીતે તપાસીએ તો, વિકાસાત્મક પગલાઓની એકસરખી, એકધારી અને ઇચ્છિત અસરો બધા સ્તરની સ્ત્રીઓ ઉપર સમાન રીતે જોવા મળતી નથી. જે રીતે કોઈપણ રાષ્ટ્ર એક જ સમાન સમુદાય હોતો નથી, તેમજ ભારત પણ એક સમાન એકરૂપ સમૂહ કે સમુદાય છે નહીં. ભારત કદાચ સમગ્ર વિશ્વમાં સૌથી સૌથી વધુ વિવિધતાઓ ધરાવતો દેશ છે. જેવા કે પ્રાદેશિક વિવિધતા, વસ્તીવિષયક વિવિધતા, જ્ઞાતિગત વિવિધતા, વર્ગીય વિવિધતા, ધાર્મિક કે જાતિની વિવિધતા વગેરે. સ્ત્રીઓમાં પણ ઉપરોક્ત બધી જ વિવિધતા જોવા મળે છે અને તેથી જ સ્ત્રીઓ અનેકવિધ વિભિન્ન સમાજોમાં વિવિધ પરિસ્થિતિઓમાં જોવા મળે છે. સમાજની સ્ત્રીઓનો મોટો ભાગ ભેદભાવ અને શોષણનો ભોગ બને છે. બંધારણીય મૂલ્યો અને કાયદાકીય પરિસ્થિતિ, કાયદો અને બંધારણ એક હોવા છતાં સ્ત્રીની પરિસ્થિતિ દરેક સમાજમાં ભિન્ન છે. સ્ત્રીની ભૂમિકા સ્ત્રીને વધુ ને વધુ ભેદભાવભરી પરિસ્થિતિમાં ખેંચી જાય છે. સ્ત્રી ગૃહિણી તરીકે, પત્ની તરીકે સૌથી વધુ ભેદભાવ અને શોષણનો ભોગ બને છે. આ શોષણયુક્ત જીવનને કારણે તે બંધિયાર જીવન જીવે છે. બંધારણે અપનાવેલા ધ્યેયોના સામાજિક સ્વીકારની માત્રા સમૂહે સમૂહે ભિન્ન છે. સ્ત્રીને મુખ્યત્વે ગૃહિણી, પત્ની અને માતા તરીકે વ્યાખ્યાબદ્ધ કરતા વલણોની અસર, સ્ત્રીની સાથે જાહેરમાં પણ જોવા મળે છે. વ્યવસાય કરતી સ્ત્રી સતત ભૂમિકાસંઘર્ષમાં જીવે છે. તેને તેના સમાજીકરણને કારણે એવું લાગે છે કે તેની કૌટુંબિક ભૂમિકા ખૂબ મહત્ત્વની છે અને વ્યવસાયમાં પણ

એણે કામ તો કરવું જ પડે છે. આ બન્ને ભૂમિકામાં સ્ત્રી ભૂમિકાસંઘર્ષ વેઠે છે. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીની ભૂમિકામાં અનેક પરિવર્તન જોવા મળે છે.

આમ આયોજનની વિવિધ અસરો જોવા મળે છે. અલબત્ત ભૌતિક પરિસ્થિતિ બદલાતાં, શિક્ષણનો વ્યાપ વધતા અને સ્તર બદલાતા, જીવનધોરણનું સ્તર ઊંચું થતાં ભૌતિક પરિવર્તન સાથે સામાજિક, રાજકીય, આર્થિક અને માનસિક પરિવર્તનો આવે છે.

આયોજનની અસરને કારણે સમાજનો માહોલ બદલાય છે, જાગૃતિ આવે છે અને વિકાસ થાય છે.

## 1.7 વિકાસની દિશા :

ભારતમાં 1950 થી 2002 સુધી નવ પંચવર્ષીય યોજનાઓ અને ત્રણ વાર્ષિક યોજનાઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આયોજનનો મુખ્ય ઉદ્દેશ સર્વાંગી વિકાસનો હતો. આયોજનના ચોક્કસ હેતુ, ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યા હતા. સરકારે આયોજનમાં દેશની ભૌગોલિક, સાંસ્કૃતિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો ઘડ્યા. ગ્રામીણ ક્ષેત્ર, શહેરી ક્ષેત્ર, ગરીબ, મધ્યમ ઉચ્ચ વર્ગ, સ્ત્રી, પુરુષ, બાળકો, મજૂર, શિક્ષક, વ્યાપારી, અમલદાર, રણ, તટપ્રદેશ – બધી જ બાબતોને લક્ષમાં લઈ અનેક કાર્યક્રમો ઘડ્યા. આવા કાર્યક્રમોના અમલને કારણે સમાજમાં વિકાસની એક દિશા ઊભી થઈ.

આયોજનનો સર્વસામાન્ય હેતુ રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કરવાનો હતો. દરેક પંચવર્ષીય યોજનામાં તે અંગેના ચોક્કસ લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવે છે. રાષ્ટ્રીય આવક ક્રમશઃ વધી અને રાષ્ટ્રીય આવકના ફાળાનાં ક્ષેત્રો બદલાયાં. આઝાદી પ્રાપ્ત થઈ તે સમયે રાષ્ટ્રીય આવકમાં માત્ર કૃષિક્ષેત્રનો ફાળો સૌથી વધુ હતો. ધીમે ધીમે વિવિધ આયોજનોને કારણે બિનકૃષિક્ષેત્રોનો વિકાસ થવા લાગ્યો અને તેમની આવક વધવા લાગી. સાંપ્રત સમયમાં કૃષિક્ષેત્ર કરતાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો ખૂબ વધી ગયો છે. બચત અને મૂડીરોકાણનો દર પણ વધ્યો છે. 1950માં 5.7 % હતો, તે વધીને 25.9 % થયો છે.

અનાજના ઉત્પાદનમાં પણ ભારત સંપૂર્ણ સ્વાવલંબન પામી શક્યું છે. આઝાદી પહેલાં ભારત અનાજ આયાત કરતું હતું, આજે ભારત અનાજ નિકાસ કરે છે. આયોજન દ્વારા સિંચાઈની વ્યવસ્થા, સુધારેલું બિયારણ, ખાતર, રાસાયણિક દવાઓ, કૃષિનાં આધુનિક ઓજારોના ઉપયોગથી આ બાબત શક્ય બની. ગણોતધારા જેવા કાયદાથી સમાજનું સામાજિક માળખું બદલાયું. જમાની પ્રથા અને જમીનદારી પ્રથા નાબૂદ થઈ.

ઉદ્યોગીકરણને લીધે ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા ઝડપી બની. જાહેર ક્ષેત્રમાં પાયાના મોટા ઉદ્યોગો સ્થપાયા. લોખંડ, પોલાદ, કોલસો, યંત્રસામગ્રી, ઈજનેરી, રસાયણ, ઉર્જા, સુતરાઉ કાપડ, ખાંડ વગેરે ઉદ્યોગો સ્થપાયા અને વિકાસ પામ્યા.

ઉદ્યોગો સાથે સંકળાયેલી વિભિન્ન સેવાઓનો વિકાસ થયો. વીજળી, પાણી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, સિંચાઈ, તાલીમ, શિક્ષણ તથા આરોગ્ય જેવી સેવાઓ વિકાસ પામી. આઝાદી સમયે જે સેવાઓ ખૂબ થોડા લોકોને પ્રાપ્ત હતી તેને બદલે તે વધુ લોકો સુધી પહોંચી શકી.

બાળમૃત્યુદર ઘટ્યો, પ્રસૂતિ સ્ત્રીઓનો મૃત્યુદર ઘટ્યો, આયુષ્યધારણા વધી. આ બધી જાહેર આરોગ્ય સેવા સૌને ઉપલબ્ધ થઈ તેથી ઉપરોક્ત પરિણામો શક્ય બન્યાં. દરેક ગ્રામમાં જાહેર આરોગ્ય માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. જાહેર આરોગ્ય સેવાઓ અસરકારક હોવાને કારણે જ ઉપરનાં પરિણામો પ્રાપ્ત થઈ શક્યાં.

સામાજિક ક્ષેત્રમાં જ્ઞાતિઓ વચ્ચેના વ્યવહારમાં ભયંકર રૂઢિચુસ્તતાને બદલે, ખૂબ હળવાશ આવી જણાય છે. જાહેર ક્ષેત્રમાં જ્ઞાતિઓ વચ્ચે સંપૂર્ણ સમાનતા છે એવું જણાય છે. ખાનગી ક્ષેત્રમાં લગ્નસંસ્થામાં જ્ઞાતિઓનાં બંધનો થોડાંક તૂટ્યાં છે. આયોજન લોકશાહીનાં મૂલ્યો પ્રસરાવી શક્યું છે. જ્ઞાતિનાં સ્પર્શાસ્પર્શી અંગેનાં, ખાનપાન અંગેના, વ્યવસાય અંગેનાં બંધનો હળવાં થયાં છે. સામાજિક કુરિવાજો માત્ર સામાજિક સુધારણા નહીં પણ કાયદા દ્વારા પણ નિયંત્રિત કરવામાં આવ્યા છે. કાયદાએ સામાજિક ક્ષેત્રમાં પણ પોતાની વગ ફેલાવી છે. લોકોમાં શિક્ષણપ્રસારને કારણે સભાનતા આવી અને જાગૃતિ આવી. આયોજન દ્વારા પછાત સમૂહો અને વંચિતો માટે અનેકવિધ અને અનેક પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમોની અસર આ સમુદાયો ઉપર પણ જોવા મળી છે. આ સમુદાયોમાં જાગૃતિ અને સભાનતા આવી. સંસ્કૃતિકરણની પ્રક્રિયાને વેગ મળ્યો. શહેરમાં મહદ્ અંશે જાહેર ક્ષેત્રમાં લગભગ સંપૂર્ણ સમાનતા જોવા મળે છે.

સ્ત્રીઓ અને બાળકોના આરોગ્ય, શિક્ષણ માટે ખાસ કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ બન્ને માટે ખાસ

નિર્ધારીત લક્ષ્યથી અનેક પ્રકારના કાર્યક્રમો ઘડવામાં આવ્યા. સ્ત્રીઓના પ્રશ્નોને હલ કરવા અનેકવિધ કાયદા, સ્વૈચ્છિક સંગઠનો દ્વારા મદદ, સ્ત્રીજાગૃતિ, સ્ત્રીશિક્ષણ પ્રસારના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા.

આયોજિત વિકાસ દ્વારા પરિવર્તન તો દરેક ક્ષેત્રમાં આવ્યું. સમગ્ર ભારતમાં કોઈપણ સમુદાય આનાથી બિલકુલ અસર ન પામ્યો હોય એવો જોવા મળતો નથી. પંચવર્ષીય યોજનાએ સમગ્ર સમાજ ઉપર ઓછેવત્તે અંશે અસર કરી છે. આ અસરો વિવિધ સમૂહો ઉપર તથા ક્ષેત્રો ઉપર વિભિન્ન જોવા મળી છે. ભારતીય સમાજમાં પરિવર્તન આવ્યું છે પણ દરેક સમૂહની કક્ષા પ્રમાણે, વલણ પ્રમાણે અને સામાજિક સાંસ્કૃતિક કક્ષા પ્રમાણે આયોજનમાંથી અમુક સમૂહોએ વધારે પ્રાપ્ત કર્યું અને અમુક સમૂહોએ ઓછું પ્રાપ્ત કર્યું. આવી વિભિન્ન અસરોને કારણે સમાજમાં અનેક અસરો જોવા મળી. ગરીબ અને પૈસાદાર વચ્ચેની ખાઈ વધી, ગરીબી વધી, બેકારી વધી. કૃષિસુધારણા સંપૂર્ણપણે થઈ નથી તેથી ત્યાં રોજગારીના અવસર વધ્યા નથી. ઉદ્યોગીકરણને કારણે ઉદ્યોગોનો વિકાસ થયો અને તેથી રોજગારીની તકો ત્યાં વધી. મિશ્ર અર્થતંત્રને કારણે ઉદ્યોગપતિઓનો નવો વર્ગ ઉત્પન્ન થયો. મધ્યમવર્ગનો વિકાસ પણ થયો. મજૂરોમાં જાગૃતિ વધી, સંગઠનો વધ્યાં અને મજૂર, માલિક વચ્ચે સંઘર્ષ વધ્યા. આને કારણે ઔદ્યોગિક ક્ષેત્રમાં તંગદિલી વધી. આયોજનમાં ભૌતિક સુવિધાઓ અંગે ચર્ચા કરવામાં આવી પણ માનવસંસાધન અને વલણની ઉપેક્ષા કરવામાં આવી. ઉદ્યોગોના વિકાસને કારણે શહેરીકરણ વધ્યું. શહેરો તરફ સ્થળાંતર થયું અને શહેરો ગરીબ વસ્તી તથા પૈસાદાર વસાહતોમાં વહેંચાયાં. દરેક શહેરમાં લગભગ 50 % વસ્તી ઉપર આકાશ અને નીચે ધરતી એવી પરિસ્થિતિમાં જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારોમાં, શહેરોની તુલનાએ ખૂબ ઓછી સવલતો પ્રાપ્ત થાય છે. આયોજનમાં અનેક પ્રકારની મર્યાદાઓને કારણે નિર્ધારીત લક્ષ્યાંકો પ્રાપ્ત ન થઈ શક્યા. કૃષિસુધારણા અસંતોષકારક છે. વસ્તીવધારો, ગરીબી, બેકારી અને ભાવવધારા જેવી સમસ્યાઓ વિકરાળ બની છે.

લોકશાહીનાં ધ્યેયો સંસ્થીકૃત થઈ શક્યાં નથી. લોકોએ નવાં મૂલ્યો જૂનાં મૂલ્યો સાથે સ્વીકાર્યાં. ભારતમાં પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ છે, પણ હજી લાંબો પંથ બાકી છે.

વિકાસની આવી દિશાને કારણે વિકાસ અને વંચિતતાનો માહોલ ઊભો થયો. સમગ્ર વિકાસની વિવિધ અસરો જોવા મળી. વિકાસની કાર્યાત્મક અને વિકાર્યાત્મક અસરો પણ જોવા મળી. દા.ત., બંધ બંધાય તો એક સમૂહ જે ખેતીની જમીન ધરાવતો હોય તેનો વિકાસ થાય અને જેની જમીન આ બંધ બાંધવા માટે જાય તે જમીનવિહોણા મજૂરો બની જાય. એક જ ઘટનાની અત્યંત સારી અને અત્યંત ખરાબ અસરો જોવા મળે છે. તેમનાં માનસિક વલણો, જ્ઞાનાત્મક માળખાં, સામાજિક વ્યવહાર, રાજકીય સત્તા બધા ઉપર નકારાત્મક અને સકારાત્મક અસર જોવા મળે છે.

આ જ રીતે ઔદ્યોગિક વિકાસે માલિકોને સમૃદ્ધિ, મજૂરોને રોજી, ગ્રાહકોને માલ પ્રાપ્ત થાય છે પણ આને કારણે આજુબાજુ વસતા લોકોને પ્રદૂષણ પ્રાપ્ત થાય છે. એક જ બાબતની વિવિધ અસરો જોવા મળે છે.

હવે બધાના હક્કો જળવાય એવા ઉપાયો શોધવાના પ્રયત્નો થઈ રહ્યા છે. સ્થિર વિકાસની ચર્ચા શરૂ થઈ છે. માનવ અધિકાર જળવાવા જોઈએ. પર્યાવરણ બચાવવું જોઈએ અને ટકાઉ વિકાસ થવો જોઈએ અવી ચર્ચા શરૂ થઈ છે. સૌનો સ્થિર વિકાસ એ ધ્યેય નક્કી થયું છે.

## 1.8 સંદર્ભસૂચિ


- **Preston, P. W. :** New Trends in Development
- **Theory :** Routledge & Kegan Paul, London, 1949.
- **Sinha Pushpa B :** Concise Handbook of Indian Economy, Jawahar Publishers

& Distributors, New Delhi, 1999.

- **Pandey Rajendra :** Sociology of Development, Concepts, Theories ans Issues, Mittal Publications, Delhi, 1985.

## 1.9 'તમારી પ્રગતિ ચકાસો'

૧. વિકાસની વિભાવના સમજાવો.

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

----------------------------------------

૨. આયોજિત વિકાસના ઉદ્દેશો સમજાવો.

૩. ભારતીય આયોજનના અભિગમોની વિસ્તૃત ચર્ચા કરો.

૪. ભારતની પંચવર્ષીય યોજનાના ઉદ્દેશ્ય સમજાવો.

૫. વિકાસ અંગેના બિનસરકારી પ્રયત્નોની ચર્ચા કરો.

૬. ભારતીય આયોજનની સમાજ ઉપર અસર સમજાવો.

૭. ભારતીય આયોજનમાંથી સ્પષ્ટ થતી વિકાસની તરાહ સમજાવો.

# એકમ 2 : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા -- પંચાયતીરાજ

**એકમની રૂપરેખા :**


2.1 પ્રસ્તાવના

2.2 પંચાયતીરાજ, ખ્યાલ, ઉદ્દેશ તથા માળખું

2.3 ગ્રામસભાથી સંસદ

2.4 અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચેનો સંબંધ

2.5 સામાજિક પરિવર્તન

2.6 સંદર્ભસૂચિ

2.7 'તમારી પ્રગતિ ચકાસો'


## 2.1 પ્રસ્તાવના :

જેની લાઠી તેની ભેંસ, છેક ત્યાંથી લોકશાહી સુધીની મજલ એ માનવનો વિકાસની વાત છે.

સુશાસન માટેની વ્યવસ્થા બધા જ સમાજોમાં સતત સંશોધનનો વિષય છે. સુશાસન એ માણસના શાણપણનો વિષય છે. મહાત્મા ગાંધીએ પણ આ બધી જ ચર્ચા કરી છે. પંચાયતીરાજ એ સ્થાનિક સ્વરાજનું એકમ છે સ્વરાજ અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ, લોકોને સંપૂર્ણતઃ પ્રાપ્ત થાય તે માટે લોકશાહી વ્યવસ્થા સતત પ્રયત્નશીલ હોય છે. લોકશાહી રાજ્યના તમામ વર્ગો અને વિસ્તારને, પોતાની અગ્રતા અને અનુકૂળતા પ્રમાણે વિકાસની તક મળે તે મહત્ત્વનું છે. પ્રજાના બધા જ વિભાગના અભિપ્રાય અને ધ્યેય શાસનવ્યવસ્થામાં હોય તો સમતોલ વિકાસ શક્ય બને. સમતોલ વિકાસ ખૂબ મહત્ત્વની બાબત છે કારણ લોકશાહીમાં કોઈ એક જૂથ કે સમુદાય નહીં પણ સમગ્ર સમાજના વિકાસની ચર્ચા છે.

પ્રજાની લોકભાગીદારી પ્રાપ્ત થાય અને લોકો નિર્ણયમાં ભાગીદાર બને તે માટે જ, સત્તાના વિકેન્દ્રીકરણ માટે આ વ્યવસ્થા ઘડવામાં આવી છે. લોકભાગીદારી દ્વારા પ્રજાની નિર્ણય લેવાની શક્તિ વધે તથા આત્મવિશ્વાસ વધે અને લોકશાહીના ખ્યાલ સુદૃઢ બને, તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. પંચાયતી રાજ લોકશાહીના ઘડતરમાં, શાળા તરીકેની ભૂમિકા ભજવે છે. સ્થાનિક સત્તા મંડળ ધીમે ધીમે વિકાસ પામી સૌને વિકાસ તરફ દોરી જાય છે.

ગ્રામસ્વરાજનો ખ્યાલ ભારતમાં નવો નથી. વૈશાલીના ગણરાજ્યના સમયથી, જનતંત્ર પ્રચલિત હતા. ગ્રામપંચ ખૂબ અસરકારક અને કાર્યક્ષમ સંસ્થા હતી. લોકશાહીના જતન માટે, રાજકીય ઇચ્છા, પ્રજાની જાગૃતિ અને તંદુરસ્ત પ્રણાલિકાઓ અને પરંપરાઓની જરૂર છે. કેન્દ્ર અને રાજ્ય સરકારથી ગ્રામ સ્તર સુધી લોકભાગીદારી પ્રજાની સમજ કેળવે તથા વિકાસ કાર્યક્રમમાં સંવાદિતતા, સંગઠિતતા અને સાતત્ય આવે. આ સંવાદિતતા લાવવા માટે પ્રજાના અભિપ્રાય, પ્રજાના નિર્ણયો, પ્રજાની ભાગીદારી તથા પ્રજાનું પ્રત્યક્ષીકરણ સ્પષ્ટ બને. ગ્રામવિકાસમાં, ગામના બધા જ નાગરિકોની ભાગીદારી પ્રાપ્ત કરવી હોય તો, પંચાયતીરાજ એક જ અસરકારક સંસ્થા છે. મહાત્મા ગાંધીના છેવાડાના માણસને આ પ્રક્રિયામાં લાભ અપાવવા આ જરૂરી છે.

**લોકશાસનનો ઇતિહાસ :** સમાજમાં અનેક સ્તરની અને અનેક પ્રકારની શાસન- પ્રણાલીઓ જોવા મળે છે. સ્તરની વાત કરીએ તો સામાજિક સરકારથી કેન્દ્ર સુધીની ગણી શકાય અને પ્રકારની ચર્ચા કરીએ તો રાજાશાહી, સામ્યવાદી, સમાજવાદ, લોકશાહી વગેરે સ્વરાજ અને સુરાજ્ય એ માનવે સ્વ કલ્યાણ અને સર્વ કલ્યાણ માટે સંશોધિત કરેલી સર્વોત્તમ વ્યવસ્થા છે. સમાજ અનેક સદીઓમાં વિવિધ પ્રકારની શાસનપ્રણાલીઓમાંથી પસાર થયો છે અને સામ્પ્રત વિશ્વમાં લોકશાહી વધુ વિસ્તરેલી શાસનપ્રણાલી છે. સમાજના ઉદ્ભવકાળમાં માલિકીના તેમજ તાબેદારીના, સત્તા અને શરણાગતિના ખ્યાલ નહિ હોય, માત્ર જંગલ કે કુદરત આધારિત માનવવ્યવસ્થા હશે ત્યારે બંધારણ, માનવ અધિકાર, શોષણ, યુનિયન હક, સ્વરાજ વગેરે ખ્યાલો નહીં હોય. સ્વશાસન એ માનવચિંતન અને માનવ શાણપણની દેન હોય છે. સ્વશાસન સ્વશિસ્ત સ્વઅનુશાસનને માને છે. માનવ સ્વંયમ વિકાસ પામી પોતે જ સ્વશિસ્ત દ્વારા કાર્ય કરે છે.

ભારત અને વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્વશાસન સાથે સ્થાનિક શાસનવ્યવસ્થા (Local Self Government) અસ્તિત્વ ધરાવે છે. પંચાયત એ સ્થાનિક શાસનપ્રણાલી છે. પંચાયત એ ગ્રામીણ વિસ્તાર માટેની સ્વશાસન પ્રણાલી છે. ભારતમાં ત્રિસહસ્ત્રાબ્દિની શરૂઆતમાં વસ્તી ગ્રામીણ વિસ્તારમા

રહે છે. પ્રાચીન સમાજથી તત્કાલિન સમાજ સુધી ગામડું ભારતના અને વિશ્વના વહીવટીતંત્રનું સૌથી નાનું એકમ ગણાય છે. ભારતીય સંદર્ભમાં ઈ. સ. પૂર્વે ચોથી પાંચમી સદીના સાહિત્ય વેદો, જાતક કથાઓ, મહાભારતના શાંતિપર્વમાં ગ્રામવહીવટ અંગે ચર્ચા કરવામાં આવી છે. ભારતીય શાણપણની આ એક મહામૂલી ભેટ છે.

દસ ગામના જૂથને દસ – ગ્રામિણી, વીસ ગામના જૂથને વીસતીપ, સો ગામના જૂથના વડાને શત ગ્રામિણી તથા એક હજાર ગામના વડાને અધિપાલ નામે ઓળખવામાં આવતા હતા. મનુસ્મૃતિમાં ગ્રામ, પુર અને નગર એમ ત્રણ માનવવસાહતનાં સ્થળોને દર્શાવવામાં આવ્યાં છે. શુક્રનીતિસારમાં કુંભ, પાલી અને ગ્રામ એમ માનવવસાહતોને ઓળખવામાં આવતા હતા.

ગ્રામ, ગામડું એટલે માત્ર ભૌતિક જગત, માત્ર મકાનોના જથ્થો કે જૂથ નહિ, ખેતીની જમીન, તળાવ, નદી, પર્વત, વનરાજી, દુકાનો વગેરે જ નહીં પણ એક આખુંય એક સામાજિક એકમ. આ ગ્રામીણ વિસ્તારમાં વૈવિધ્યસભર, અર્થપૂર્ણ, સુગ્રથિત સામૂહિક જીવન (Coroporate life) વિકસ્યું છે અને એને અનુરૂપ સ્વાયત્ત વ્યવહાર પણ વિકસાવ્યા છે. આને કારણે જ ચાર્લ્સ મેટકાફે તેને નાના પ્રજાસત્તાક (Little Republic) તરીકે ઓળખાવ્યા છે.

સિંધુ પાણીની સંસ્કૃતિની, ગ્રામ્ય સંસ્થાઓની સંપૂર્ણ માહિતી આપણને મળતી નથી, પરંતુ વૈદિક સમયની જે માહિતી ઉપલબ્ધ છે તે મુજબ તે સમયે ગામના વડાને ગ્રામીણ તરીકે ઓળખવામાં આવતો હતો. દરેક ગામને વહીવટ માટે પોતાની સભા કે સમિતિ હતી જે જાહેર ચર્ચા પ્રયોજી ગ્રામીણ પ્રશ્નોના ઉકેલ પ્રાપ્ત કરતી.

(ડૉ. મુખર્જી : પાન 6–7)

ડૉ. ઘોષલ લખે છે કે,

The most remarkable feature of the early vedic polity consisted in the institution of popular assemblies of which two, namely, 'the Sabha' and 'the Samiti' deserve special mention .... The 'Samiti' was the vedic folk assembly par excellence, which atleast in some cases enjoyed the right of electing the king, while the 'Sabha' exercised, probably from the first, some judicial functions. Both the 'Samiti' and the 'Sabha' enjoyed the right of debate – a privilege unknown to the popular assemblies of other ancient peoples."

ઉપરોક્ત ચર્ચા વૈદિક કાળ અંગેની છે, જે સમયે લોકસભા જેવી સંસ્થા હતી જેમાં લોકોને સભાઓ, સમિતિઓમાં ચર્ચા કરવાનો અધિકાર હતો. બધા જ સભાસદોની ચર્ચા ગંભીરતાથી લેવામાં આવતી હતી. ઋગ્વેદની એક ઋચામાં એવી પ્રાર્થના કરવામાં આવી છે કે ''મને વાદવિવાદમાં સર્વોત્તમ બનાવ.'' એમ લાગે છે કે, કેન્દ્રીકૃત રાજ્યના ઉદ્ભવ સાથે ગ્રામરાજ્યનો નાશ થયો હશે.

શ્રી એસ. કે. ડે પોતાના પુસ્તક ''પંચાયતીરાજ''માં રામરાજ્યની પંચાયતો અંગે જણાવે છે કે,

"Rama was the ruler – servant of Ayodhya. Every village had a similar counter part ruler – servant. Mukhiya or Sarpanch he was called. The Sarpanch had the councellors in the panch. The panch used to be elected in an open meeting of the village by consensus. There was near unanimity. The needs of life were within easy and free access to all. Property had little or no meaning. Nay, property was a liability. There was no room for electioneering. The good man got chosen as the elder statesman. The panch constituted the "Parmeshwar". The king, Sarpanch or Mukhiya obeyed the dictates of the people. They were prepared to make the highest sacrifices if the community so demanded." (Dey S. K. p.p. 4 - 5)

એસ. કે. ડે જણાવે છે કે રામ અયોધ્યાના લોકોના શાસકસેવક હતા. તે જ રીતે દરેક ગામને એક શાસકસેવક હતો, જે મુખી કે સરપંચ તરીકે ઓળખાતો. આવા સરપંચ કે મુખીને સલાહકારો હતા. સરપંચ, ગામના લોકો, ચૂંટણી દ્વારા કે સર્વસંમતિથી નીમતા. લગભગ દુશ્મની જોવા મળતી નહોતી. જીવન જરૂરિયાત સૌને સહેલાઈથી અને મફત પ્રાપ્ત થતી હતી. મિલકત જવાબદારી ગણાતી, એને ખાસ અર્થ નહોતો. મહદ્ અંશે ચૂંટણીને અવકાશ નહોતો. સારી વ્યક્તિને પસંદ કરવામાં આવતી હતી. પંચ પરમેશ્વર કહેવાતા અને પંચના અભિપ્રાયને લોકો સ્વીકારતા. લોકો માટે સરપંચ કે મુખી મૂલ્યવાન બલિદાન આપતાં ખચકાતા નહોતા.

ગ્રામશાસનનું આ વર્ણન ઉન્નત, આદર્શ સમાજવ્યવસ્થાનું છે.

પ્રાચીન ભારતમાં દરેક ગામ પ્રજાસત્તાક હતું. ગામનું શાસન પંચાયત દ્વારા ચાલતું (સોમપુરા : પાન 234). પંચાયત એટલે ગામે પસંદ કરેલા માણસો એકત્ર થઈ, ગામનો વહીવટ કરે તેવી વ્યવસ્થા. આ વ્યવસ્થામાં ન્યાયવ્યવસ્થાનો પણ સમાવેશ થાય છે. સ્થાનિક વહીવટ માટે ચોક્કસ નિયમો પ્રવર્તતા હતા. ચૂંટણી માટે, સભ્યપદ માટે, ગ્રામસમિતિઓ માટે ચોક્કસ નિયમો ઘડવામાં આવતા હતા. પ્રાચીન કાળથી ગામનું શાસન મુખ્યત્વે મુખીની દેખરેખ તથા માર્ગદર્શન હેઠળ જ ચાલતું હતું. વૈદિક સાહિત્યમાં મુખીને ગ્રામણી, જાતક કથાઓમાં ભોજક, ઉત્તર ભારતમાં ગ્રામિક, તેલંગણમાં મુનુન્દ, ઉત્તરપ્રદેશમાં મહત્તક કે મહતંક, કર્ણાટકમાં ગોવુન્દ તરીકે ઓળખાતા. નાનાં રાજ્યોમાં મુખી ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવતા અને મહત્ત્વના ગણાતા. રાજ્યના વિસ્તાર સાથે ગામને બદલે પ્રાદેશિક એકમોને મહત્ત્વ પ્રાપ્ત થતું ગયું. પ્રાદેશિક એકમોમાં ક્ષત્રિયો તથા વૈશ્યો મહત્ત્વના સ્થાન ભોગવતા હતા. વૈદિક યુગમાં ગ્રામસભા ખૂબ મહત્ત્વની ગણાતી. ગ્રામીણ વિસ્તારમાં વિવિધ સમિતિઓ પણ રચાતી. ટૂંકમાં, ભારતમાં પંચાયત મહત્ત્વની અને અગત્યની સંસ્થા તરીકે સમાજમાં સ્થાન ધરાવે છે. ગુપ્તયુગમાં પણ ગ્રામપંચાયતોએ મહત્ત્વ જાળવી રાખ્યું હતું. મધ્યભારતમાં ગ્રામપંચાયતો 'પંચમંડળી' અને બિહારમાં 'ગ્રામ–જનપદ' તરીકે ઓળખાતી હતી. સાતમી સદીના રાજસ્થાનના પંચકુળનાં લખાણોમાં તથા કર્ણાટકના ગંગ અભિલેખોમાં તથા ચૌલાવંશ (870 થી 1271)ના સાહિત્યમાં પંચાયતો અંગે માહિતી પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન યુગમાં વ્યાપારીઓએ વર્ચસ્વ પ્રાપ્ત કર્યું. પંદરમી સદી પછી પંચાયતોના પતનની શરૂઆત થઈ. ભારતમાં પરદેશી આક્રમણો થયાં અને પરદેશીઓની સત્તા સ્થિર થઈ. તે સમયે, જ્યારે મુસલમાનો કેન્દ્રમાં પ્રભાવી બન્યા ત્યારે જમીનદારો અને ઉમરાવો સામંત બન્યા અને નાનાં ગામડાઓમાં મુખીઓ ગામના કબજેદાર બની બેઠા. મુસલમાનોનું વહીવટીતંત્ર ગ્રામને મહત્ત્વનું એકમ ગણતું ન હતું. પરંતુ નગર અભિમુખતા ધરાવતું હતું. લશ્કરના અગ્રણીઓ અને જમીનદારો અગ્રવર્ગો બન્યા હતા. મુસલમાનો સ્થાયી બન્યા અને બ્રિટિશરો આવ્યા ત્યારે કેટલાંક ગામોમાં પંચાયતો યથાવત્ હતી અને કેટલાકમાં પરિવર્તન જોવા મળતાં હતાં. ક્યાંક અપવાદરૂપે પંચાયત વ્યવસ્થા મજબૂત પણ બની હતી. બ્રિટિશ શાસન દરમ્યાન સ્થાનિક સ્વરાજની નવી તરાહ ઊભી કરાઈ. ઈ.સ. 1688માં ઇંગ્લેંડના ધોરણે શહેરસુધરાઈ રચવાનો પ્રયત્ન શરૂ થયો પણ ઈ.સ. 1842 થી મ્યુનિસિપલ વહીવટીતંત્ર અમલમાં આવ્યું. ઈ.સ. 1870 થી લોર્ડ મેયોની સરકારે પ્રાંતિક વહીવટની શરૂઆત કરી. વહીવટી વિકેન્દ્રીકરણની દૃષ્ટિએ આ મહત્ત્વનું ગણાય. લોર્ડ રિપને ઈ.સ. 1882માં સ્થાનિક સરકારની સંસ્થાઓના સિદ્ધાંતો નક્કી કરી આપ્યા હતા. ઈ.સ. 1884માં લોકલ બોર્ડનો કાયદો બન્યો. ઈ.સ. 1907માં બ્રિટિશ સરકારે રોયલ કમિશન નીમ્યું. ઈ.સ. 1915માં પંચાયત અંગેનો કાયદો ઘડાયો. ઈ.સ. 1920માં ધ બોમ્બે વિલેજ પંચાયત એક્ટ (The Bombay Village Panchayat Act) પસાર કરવામાં આવ્યો. ઈ.સ. 1935માં સૌપ્રથમ પ્રાંતિક સ્વાયત્તતા આવી. ઈ.સ. 1939 થી ઈ.સ. 1946 સુધી સરકારે પંચાયતોના વિસ્તાર કે વિકાસ માટે કોઈ પગલાં ભર્યા નહિ. ઈ.સ. 1947માં ગ્રામપંચાયત બાબત એક નવો સુધારો લાવવામાં આવ્યો. સત્તાના વિકેન્દ્રીકરણની શરૂઆત લગભગ 100 વર્ષથી અમલમાં હતી. સ્થાનિક સરકાર અંગે પ્રજા ઈ.સ. 1842 થી વાકેફ હતી. ગુલામીમાં પણ, વહીવટી સરળતા માટે સ્થાનિક સત્તામંડળો અસ્તિત્વમાં હતાં. તેથી લોકો આ બાબતે જાગૃત હતા.

ઈ.સ. 1920 થી મહાત્મા ગાંધી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખૂબ સક્રિય બન્યા. સમગ્ર ભારતદર્શન અને ભારત અંગેના ચિંતન બાદ, તેમણે ગ્રામસમાજ અંગે તેમની વિચારસરણી રજૂ કરી. ગાંધીજીને મન દરેક ગામડું નાનું પ્રજાસત્તાક બને. ગાંધીજીએ ગામડાંને ''નાના આદર્શ પ્રજાસત્તાક'' માં ફેરવવાનું આહ્‌વાન આપ્યું. ગાંધીજીના ગ્રામસ્વરાજની ફિલસૂફીનો પાયો અને માધ્યમ ગ્રામપંચાયતો હતી. સ્વાતંત્ર્ય ભારતના ગામડા અંગે ગાંધીજી સ્પષ્ટ હતા. ગાંધીજીના મતે ''સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય, એટલે કે હિંદુસ્તાનનું એકેએક ગામ નાનું રાજ્ય હોય, દરેક અમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ કે દરેક ગામ પોતાની તાકાત ઉપર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો, આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરવાને સમર્થ હોય.'' (ગાંધીજી : ગ્રામસ્વરાજ : 1932 : પા. 72)


પંચાયતીરાજના નાગરિક વિશે ગાંધીજી લખે છે ''તે શુદ્ધ હોવો જોઈએ. તે જાતિભેદ કે વર્ણભેદમાં માનતો ન હોવો જોઈએ. તેને મન મજૂર અને મહાજન એકસરખાં હોવાં જોઈએ. તે સ્વદેશી વ્રત પાળતો હોવો જોઈએ. તે અફીણ, દારૂ કે પરસ્ત્રીને અડે નહિ. તે બહાદુર અને નીડર હોવો જોઈએ. વખત આવ્યે તે પોતે મરશે પણ બીજાને કદી નહીં મારે.'' (ગાંધીજી : ગ્રામસ્વરાજ : 1932 : પાન 74)

મહાત્મા ગાંધી ગ્રામસ્વરાજ એટલે આદર્શ ગામની કલ્પના, તેમના ખ્યાલ દર્શાવે છે. પંચાયતીરાજની

ફરજ વિશે કહે છે કે ''પંચાયતે એવું કામ કરવું જોઈએ કે કોઈને કોર્ટમાં જવું ન પડે. પંચાયતોએ જેમ માનવીઓની દેખરેખ રાખવાની છે, તેમ જાનવરોની પણ સંભાળ રાખવાની છે. આપણી ગાયો આજે પૂરું દૂધ નથી આપતી કારણ કે તેમને પૂરું ખાવાનું મળતું નથી. ગાયનું દૂધ બમણું થાય એવું કરવાનું છે. સાથે સાથે અનાજ બમણું પાકે, તે પણ જોવાનું છે. આ માટે પંચાયતે કુદરતી ખાતર તૈયાર કરવાનું કામ ઉપાડવું પડશે. પંચાયતે લોકોની તંદુરસ્તી માટે પણ વિચાર કરવાનો છે. રસ્તાઓ પર ધૂળ, છાણ કે કચરો કંઈ જ રહેવું ન જોઈએ. આ બધાં કામોમાં ઝાઝો ખર્ચ ના થવો જોઈએ. ગામમાં મનોરંજન અંગેના તેમના વિચારો પ્રગટ કરતા ગાંધીજીએ કહ્યું હતું કે આજે સિનેમા લોકોને બૂરી બાબત શીખવે છે. તે કેળવણીનું મોટું સાધન બને ત્યારે સાચું, પણ અત્યારે તો એ દૂષણો પોષે છે, માટે આપણા ગામડામાં તે નહિ હોય. તેવી જ રીતે દારૂ, ગાંજો જેવી કેફી ચીજો પણ નહિ હોય. ટૂંકમાં પંચાયત એવું નમૂનેદાર ગામ બનાવે કે તેને જોવાને લોકો દોડ્યા આવે.'' (ગાંધીજી : ગ્રામસ્વરાજ : 1932 : પાન 75)

ગાંધીજીના મતે, સત્તાનું વિકેન્દ્રીકરણ એ જ સ્વતંત્રતા હતી. તેમના મતે સૌથી છેવાડાના માણસને એમ લાગે કે આ રાજમાં મારો પણ અવાજ છે. ગાંધીજીના વિચારોમાં સમાનતા સૌથી મહત્ત્વની બાબત છે. ગાંધીજી આ ત્રણે વિચારોમાં દર્શાવે છે કે લોકશાહી રાજ્યના સૌથી છેલ્લા માણસ સુધી પહોંચવી જોઈએ. આ જ રીતે કાર્યરત 100 ગ્રામપંચાયતો એકત્ર થઈ પોતાનો નેતા નીમે અને એ જ વિધાનસભા કે સંસદમાં પ્રજાનું પ્રતિનિધિત્વ કરે.

**લોકપ્રતિનિધિત્વનો ખ્યાલ :**




1) 5 ગામના સરપંચો તથા 5 ગ્રામસભા તાલુકા પંચાયત નક્કી કરે.

2) 10 ગામના સરપંચો તથા 10 ગ્રામસભાઓ જિલ્લા પંચાયત નક્કી કરે.

3) 50 ગામના સરપંચો તથા 50 ગ્રામસભાઓ એકત્ર થઈ વિધાનસભાનો સભ્ય નક્કી કરે.

4) 100 ગામના સરપંચો તથા 100 ગ્રામસભાઓ એકત્ર થઈ સંસદસભ્ય નક્કી કરે.

ગાંધીજી નેતૃત્વનો પાયો પ્રજા હોય તેમ ઇચ્છતા હતા. ગાંધીજીના મત પ્રમાણે ગામડા જ પોતાનો નેતા નક્કી કરે. એમના મતે પ્રજા પોતે, પોતાના પ્રતિનિધિ નક્કી કરે. મહાત્મા ગાંધીના વિચારોનો પડઘો બંધારણમાં વ્યક્ત થયો નહોતો. બંધારણીય ખરડો જ્યારે તૈયાર થયો ત્યારે ગ્રામપંચાયત તેનું મહત્ત્વ, તેની જરૂરિયાત અંગે કોઈ જોગવાઈઓ કરવામાં આવી ન હતી. આ અંગે ખરડાની ચર્ચા સમયે તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. ગાંધીજીએ સ્પષ્ટપણે પોતાનો મત વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ બંધારણના માર્ગદર્શક સિદ્ધાંત (Directive Principles) માં પંચાયત માટે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી હતી :

Article 40 : "The state shall take steps to organise village panchayats and endow them with such powers and authority as may be necessary to enable them to function as units of self government."

બંધારણના ઘડવૈયાએ, રાષ્ટ્રપિતાના સ્પષ્ટ અનુરોધ છતાં, પંચાયત અંગેની જોગવાઈ, માત્ર રાજ્ય માર્ગદર્શક સિદ્ધાંતમાં કરી. આવી જોગવાઈ છતાં, મોટા ભાગનાં રાજ્યોએ પંચાયતી રાજને સ્વીકાર્યું. પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન અને ગુજરાતે પંચાયતીરાજ, સ્થાનિક શાસનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. 1992માં 73માં અને 74મા બંધારણીય સુધારા પછી તે બંધારણનો મહત્ત્વનો ભાગ બન્યું.

## 2.2 પંચાયતીરાજ : ખ્યાલ, ઉદ્દેશ તથા માળખું :

**ખ્યાલ :** મહાત્મા ગાંધીનો સ્વરાજનો ખ્યાલ એવો હતો કે સમાજના છેવાડાના માણસને લાગે કે, આ સત્તામાં મારી ભાગીદારી છે. સ્વરાજ ત્યારે જ કહી શકાય કે રાજ્યમાં રહેતા તમામ પ્રજાજનોને એમ લાગે કે આ રાજ્યમાં મારો અવાજ છે, ભાગીદારી છે.

મહાત્મા ગાંધીને મન સ્થાનિક સ્વરાજ મહત્ત્વનું હતું. લોકશાહી શાસનવ્યવસ્થાના ભાગ તરીકે, આ લોકશાહી વિકેન્દ્રીકરણની વ્યવસ્થા છે. પંચાયતને સત્તા એટલે સ્થાનિક લોકોને સત્તા. સ્થાનિક લોકોને તેમના વિકાસ, વ્યવહાર અને પોતાના સંસાધનો અંગે સંપૂર્ણ સત્તા શ્રી એસ. કે. ડેના મતે ''પંચાયતીરાજ એ પ્રજાની ઉન્નતિ માટેનો રસ્તો છે.'' પંચાયતી રાજ એટલે લોકો પોતે જાગૃત થઈ, સંગઠિત બની, સ્વાવલંબી બની, સરકાર પાસેના અધિકારો પોતે લઈ, પોતાના માટે તેનો ઉપયોગ કરે. શ્રી વિદ્યાસાગર શર્માને મતે પંચાયતીરાજ લોકશાહીનો નવો જ દૃષ્ટિકોણ રજૂ કરે છે. પંચાયતનો સ્પષ્ટ ખ્યાલ એટલે ગામને પ્રજાસત્તાક તરીકે સ્વીકારવું. મહાત્મા ગાંધી સ્વરાજ, સુરાજ અને સ્વાવલંબનના આગ્રહી હતા અને સંપૂર્ણ સ્વતંત્રતામાં માનતા હતા. તેથી તેઓ પંચાયતીરાજના હિમાયતી હતા.

**પંચાયતીરાજ અને સ્વરાજ :** પંચાયતીરાજ દ્વારા સુરાજ્ય, સ્વરાજ્ય સ્થાપવાની સંકલ્પના. સ્વરાજ એટલે સંપૂર્ણ સ્વતંત્રતા. પ્રજા પોતે જ પોતાના વિકાસની તરાહની ઢબ વિચારી, વ્યૂહરચના ઘડી તેને અમલમાં મૂકવાની સત્તા ધરાવે. સ્વરાજ એટલે લોકો દ્વારા, લોકો માટે અને લોકોનું શાસન. પંચાયતીરાજ એટલે જળ, જમીન અને જંગલ ઉપર પોતાનો કાબૂ લોકો પોતે પોતાની પરિસ્થિતિને સમજી, વિચારી પોતાનું શાણપણ વાપરી સ્વવિકાસ માટે કટિબદ્ધ થઈ સૌ સાથે બેસી, આયોજન કરે અને એનો અમલ કરે અને આ બધું ગ્રામીણ સ્તર ઉપર કરે એનો જ અર્થ ગ્રામસ્વરાજ. સ્વરાજ એટલે સંપૂર્ણ સ્વતંત્રતા. પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતે એકત્ર થઈ ગામ માટે, ગામના વિકાસની વ્યૂહરચના ઘડે અને એનો અમલ કરે. અહીં સ્વરાજ, સ્વતંત્રતા અને સમાનતાનાં મૂલ્યો મહત્ત્વનાં જણાય છે. સ્વરાજ એટલે હાઈકમાન્ડ નહીં, નેતા નહીં પણ ગામ આગવી રીતે પોતાની વાસ્તવિકતા, લાક્ષણિકતા, ગુણવત્તા, ભૌગોલિક સમૃદ્ધિ, વાતાવરણ, સામાજિક લક્ષણો, ત્રુટિઓ, કમીઓ અને ગુણને લક્ષમાં લઈ આયોજન કરી શકે. ગામ પોતે જ પોતાનું આયોજન કરી, વ્યૂહરચના ઘડી, અમલ કરી પોતાના ગામનો વિકાસ સાધી શકે. ગામના જ વતનીઓ, આપબળે વિકાસની વ્યૂહરચના કરી અમલ કરી શકે. રાજાશાહી શાસનવ્યવસ્થામાં પંચાયત વંશાનુગત નેતૃત્વ ધરાવતી હતી. સાંપ્રત ભારતમાં તે પ્રજા દ્વારા ચૂંટવામાં આવે છે. તે પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. પ્રજા જે વ્યક્તિમાં વિશ્વાસ મૂકે તેને પોતાનો નેતા નીમે છે. ગ્રામપંચાયતમાં ગ્રામસભા પણ ખૂબ મહત્ત્વનું એકમ હોય છે. ગામના લોકો સાથે બેસી પોતાના પ્રશ્નો અંગે ચર્ચા કરે, પોતાના વિકાસનું આયોજન કરે અને સામૂહિક શાણપણનો ઉપયોગ કરી તેનો અમલ પણ કરે. અહીં આ શાસનવ્યવસ્થામાં ગામની સામાજિક, આર્થિક, ભૌગોલિક પરિસ્થિતિને લક્ષમાં લઈ સ્વનો, ગામનો, સમગ્ર સમાજના વિકાસનો સંકલ્પ છે.

**પંચાયતીરાજનો ઉદ્દેશ્ય :** સ્વરાજ, સુશાસન, સમાનતા અને સ્વતંત્રતા એ શબ્દો ફ્રાંસની રાજ્યક્રાંતિ પછી સર્વત્ર પ્રસરાવા લાગ્યા, મહત્ત્વ પામવા લાગ્યા. સમાનતા અને સ્વતંત્રતાનાં મૂલ્યોએ સમગ્ર શાસનપ્રણાલીમાં ફેરફારો આણ્યા. રાજાશાહી અને સામંતશાહીના ખ્યાલનો ખાત્મો બોલાવી રાષ્ટ્ર અને રાજ્યની વિભાવના આવી અને લોકશાહીનો પ્રસાર થવા લાગ્યો. આ લોકશાહીના પ્રસારે સ્થાનિક સ્વરાજની પણ વાત થઈ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સ્થાપના થઈ, ઉદ્ભવ થયો. સ્થાનિક સ્વરાજના ખ્યાલને લીધે ગામડામાં પણ પ્રજામતને આધારે ચૂંટાયેલી શાસનપ્રણાલી પ્રવર્તે એવી વિભાવના શક્ય બની. આ વિભાવના રાષ્ટ્રે સ્વીકારી અને સ્થાનિક શાસનવ્યવસ્થા ઉદ્ભવી.

પંચાયતીરાજનો મૂળ ઉદ્દેશ સ્થાનિક શાસન લોકો દ્વારા, લોકો માટે, લોકો પોતે આયોજન અને અમલ કરી ભાગીદારી દ્વારા વિકાસ કરવાનો છે.

લોકો જ પોતાના ભાગ્યવિધાતા બને. લોકો જાગૃત બની, સંગઠિત બની કાર્ય કરે એથી જ એનો વિકાસ થઈ શકે.

**પંચાયતીરાજનું માળખું :** ભારતમાં ગ્રામસ્વરાજ માટે ત્રિસ્તરીય માળખું સ્વીકારવામાં આવ્યું છે. સમગ્ર ભારત માટે ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રણ સ્તર સ્વીકારવામાં આવ્યા.

**જિલ્લા પંચાયત**

↓

**તાલુકા પંચાયત**

↓

**ગ્રામ પંચાયત**

કેટલાંક રાજ્યોમાં જ્યાં વસ્તી ઓછી હોય ત્યાં માત્ર ગ્રામ પંચાયતો અને જિલ્લા પંચાયતોની સ્થાપના કરવામાં આવી. ભારતમાં પંચાયતીરાજના અમલ પહેલાં ગામડાઓના ગ્રામીણ કક્ષાએ ઘટક (બ્લોક), તાલુકા પંચાયત કક્ષાએ પંચાયત સમિતિ અને જિલ્લા કક્ષાએ રેવન્યુ ડિસ્ટ્રિક્ટ – એ ત્રણ વહીવટના એકમ તરીકે કાર્ય કરતા હતા. 73મા બંધારણીય સુધારામાં પંચાયતને બંધારણનો એક ભાગ કે જેનો અમલ કરવો રાજ્ય માટે ફરજિયાત હોય તેવી જોગવાઈ કરવામાં આવી. આ બંધારણીય સુધારાએ સમગ્ર ભારત માટે એક જ પ્રકારના માળખાવાળી પંચાયતની રચના કરી. આ પંચાયતમાં સભ્યપદ માટે તથા હોદ્દાઓમાં 33 % ની જોગવાઈ સ્ત્રીઓ માટે કરવામાં આવી. આ સુધારાથી ગ્રામીણ વિસ્તારની શાસનપ્રણાલીમાં આમૂલ પરિવર્તન જોવા મળ્યું.

હવે પંચાયતીરાજના ત્રણ સ્તર તપાસીએ :

**1) ગ્રામપંચાયત :** દરેક ગામ દીઠ એક ગ્રામપંચાયતનો આદર્શ સ્વીકારવામાં આવ્યો છે. જ્યાં ખૂબ નાના ગામ છે ત્યાં ગ્રામસમૂહ બનાવી જૂથપંચાયત રચવામાં આવી. સમગ્ર ભારતમાં પંચાયતોના વિવિધ પ્રકાર જોવા મળ્યા. ગ્રામપંચાયતોની ચૂંટણી બધે જ ગુપ્ત મતદાનથી યોજવામાં આવે છે. અપવાદરૂપે આસામ, જમ્મુ–કાશ્મીર અને ઉત્તરપ્રદેશમાં પહેલા હાથ ઊંચા કરી પંચાયતના સભ્યો ચૂંટવામાં આવતા હતા. હવે સમગ્ર ભારત માટે, એ ચૂંટણીની જોગવાઈ મુજબ, યોજાય છે. ચૂંટણી યોજવા માટે, ગામને વિવિધ વિભાગોમાં વહેંચી દેવામાં આવે છે. દરેક વિભાગ એક પ્રતિનિધિને ચૂંટીને મોકલે છે. પ્રારંભમાં પંચાયતમાં વિવિધ રીતે સભ્યોની નિયુક્તિ હતી કે ચુંટાતા હતા. કેટલાંક રાજ્યોમાં સરપંચ સીધા ગામલોકો ચૂંટતા, ક્યાંક સભ્યો સરપંચ ચૂંટતા અને ક્યાંક સરપંચ સભ્યોને નીમતો.

73મા અને 74 મા બંધારણીય સુધારા મુજબ સરપંચ અને સભ્યોને ગામલોકો ચૂંટે છે. ગ્રામપંચાયત વિવિધ વેરા નાખી આવકના સાધન ઊભા કરી શકે છે. ગ્રામપંચાયતે કેટલાંક કાર્યો ફરજિયાત કરવાનાં હોય છે, જે નીચે મુજબ છે :

1) પીવાના તથા ગૃહવપરાશના પાણીની વ્યવસ્થા
2) જાહેર કૂવા અને તળાવની મરામત અને જાળવણી
3) જાહેર સ્થળે સ્નાન, કપડાં ધોવા, વાસણ ધોવા તથા પશુને પીવાના પાણીની વ્યવસ્થા
4) દીવાબત્તી
5) જાહેર સ્થળોની સફાઈ
6) જાહેર આરોગ્યને લક્ષમાં રાખી ગંદકી દૂર કરવાની વ્યવસ્થા
7) સ્મશાનગૃહ બનાવી તેની જાળવણી
8) દબાણ દૂર કરવા
9) કૃષિવિકાસ
10) ગૃહ અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન
11) સહકારી પ્રવૃત્તિનો વિકાસ
12) ઢોરડબ્બાની વ્યવસ્થા – પશુયાદી
13) પશુપાલન, પશુસંવર્ધન, પશુ દેખભાળ
14) ઉકરડા માટેની વ્યવસ્થા
15) મળમૂત્રમાંથી ખાતર બનાવવાની વ્યવસ્થા
16) લઘુ સિંચાઈયોજના
17) જન્મ, લગ્ન, મૃત્યુની નોંધણી
18) ગ્રામપંચાયતની મિલકત જાળવણી
19) વિવિધ રસી મૂકવાની વ્યવસ્થા

20) આગ સામે રક્ષણ

21) હડકાયા કૂતરાં પકડવાની વ્યવસ્થા

22) શૌચાલય, ગટરના બાંધકામ ઉપર દેખરેખ અને નિયંત્રણ

23) ગામથળ અને જાહેર જગ્યાની દેખરેખ અને વ્યવસ્થા

24) વસ્તીગણતરીના કાર્યમાં મદદ

25) પ્રસૂતિગૃહની વ્યવસ્થા અને જાળવણી

26) સુધારેલા બિયારણની વહેંચણી અને જમીનસુધારણાનો પ્રયત્ન

27) સામાજિક શિક્ષણને પ્રોત્સાહન

28) માંસ-મચ્છી આયોજન તથા દેખરેખ

29) પ્રાચીન મકાનો, ગોચર તથા જંગલની જાળવણી

30) મનોરંજનના સ્થળની દેખરેખ

31) જાહેર બજાર, મેળો, પ્રદર્શનની દેખરેખ તથા નિયંત્રણ

32) ગેરકાયદે અને ગુનાહિત પ્રવૃત્તિઓનું નિયંત્રણ

33) જમીન મહેસૂલ તથા સરકારી લેણાની વસૂલાત

34) જમીનની સહકારી વ્યવસ્થા, ખેતધિરાણ યોજના તથા વિવિધલક્ષી સહકારી સંસ્થાઓની સ્થાપના તથા આયોજન

35) ગૃહરક્ષક દળની રચના

36) સહકારી યોજનાઓના અમલ ઉપર દેખરેખ

આ સિવાય ગ્રામપંચાયત જો કરી શકે તો બીજાં મરજિયાત કાર્યો પણ તેને સોંપવામાં આવ્યાં છે હવે તે જોઈએ.

**ગ્રામપંચાયતનાં કાર્યો (મરજિયાત કાર્યો)**

1. રાષ્ટ્રીય દફતર તૈયાર કરવામાં સહકાર
2. સામાજિક અને નૈતિક કલ્યાણનાં પગલાં
3. રસ્તાઓની બાજુમાં વૃક્ષારોપણ
4. ધર્મશાળા, મહેમાનગૃહ, આરામગૃહ, સ્નાનઘાટ બાંધવા અને સાચવવા.
5. રમતગમતનાં મેદાન, વ્યાયામ શાળા, પુસ્તકાલય, વાંચનાલય, બગીચા બાંધવા તથા નિભાવવા.
6. સફાઈ કામદારો માટે મકાન બાંધવા.
7. ગંદી વસાહતોને સાફ કરાવવી.
8. આપત્તિ સમયે રાહત
9. જાહેર આરોગ્ય અને સલામતી માટે પગલાં ભરવા
10. જાહેર વ્યાપાર, ખેતી, ઉદ્યોગ, પ્રદર્શન મેળા વગેરે ઉપર દેખરેખ.
11. અનાજ ભંડોળની વ્યવસ્થા વગેરે.

ગ્રામ પંચાયતને આ બધાં જ કાર્યો કરવા માટે, આવકનાં સાધનો નક્કી કરી આપવામાં આવ્યાં છે. ગ્રામ પંચાયત મકાનવેરો, દીવાબત્તીવેરો, ધંધા તથા વ્યવસાયવેરો, સફાઈવેરો, પશુ તથા વાહનવેરો તથા પશુ નોંધણીવેરો લઈ શકે. અલબત્ત આ વેરો લેવા માટે તેણે જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરી લેવી પડે. કેટલાંક રાજ્યોમાં સંપૂર્ણ મહેસૂલી આવક પંચાયતોને ફાળવી આપે છે. મોટે ભાગે ગામની આવક નજીવી જોવા મળે છે.

ગ્રામ પંચાયતને વિધાનસભાએ આપેલ સત્તા મુજબ ગ્રામસભા હોવી જોઈએ. ગ્રામ પંચાયતનો મતદાર થવાને લાયક દરેક સભ્ય ગ્રામસભાનો સભ્ય હોય છે. ગ્રામ પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. પંચાયત પોતાના વિસ્તારની સ્થાવર અને જંગમ મિલકત ઉપર સંપૂર્ણ અધિકાર ધરાવે છે, તે તેને વેચી શકે છે, ભાડે આપી શકે છે અને ખરીદી શકે છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના તાબા નીચે રહેશે. ગ્રામ પંચાયત માટે, ગામની વસ્તી પંદર હજારથી ઓછી હોવી જોઈએ. ગ્રામ પંચાયતમાં મતદાર હોય તે બધા જ ઉમેદવારી કરવાને લાયક છે. ગ્રામ પંચાયતના મતદારો સરપંચને સીધા મતદાનથી

ચૂંટી કાઢશે. ચૂંટાયેલા સભ્યો ઉપસરપંચને ચૂંટી કાઢશે. 3000 કે તેથી ઓછી વસ્તી ધરાવનાર ગામમાં 7 સભ્યોની ગ્રામપંચાયત રહેશે. ત્યાર બાદ દર હજારે બે સભ્ય ગ્રામપંચાયતમાં ઉમેરાશે એટલે ગામની વસ્તી 12 હજાર હોય તો ગ્રામપંચાયતના સભ્યોની સંખ્યા 25 થશે. દરેક ગામમાં વસ્તીના ધોરણે અનુસૂચિત જાતિ તથા જનજાતિ સભ્યો માટે બેઠકો નક્કી થશે અને દસમા ભાગની બેઠકો શૈક્ષણિક તથા સામાજિક પછાત વર્ગો માટે ફાળવવી પડશે. તે જ પ્રમાણે બેઠકો તથા હોદ્દાઓમાં 1/3 બેઠકો સ્ત્રીઓ માટે ફાળવવી પડશે. આ બધી જ બેઠકો રાજ્ય ચૂંટણીપંચ જુદા જુદા વોર્ડોમાં વારાફરતી ફાળવશે. (1) એક જ વ્યક્તિ એકીસાથે એકથી વધુ પંચાયતમાં સભ્ય રહી શકશે નહિ. (2) ચૂંટાયેલા સભ્યો દર મહિને એક વાર ફરજિયાત મળશે. (3) ગામના બધા જ કામ કરવા માટે કારોબારી સક્ષમ છે. (4) સરપંચ ગામ માટે સંપૂર્ણ સત્તા ધરાવે છે. (5) ગામ અંગેની સંપૂર્ણ સત્તા સરપંચ ધરાવે છે અને પંચાયતના અધિકારી તથા કર્મચારીઓએ કરેલ કામ ઉપર દેખરેખ રાખવાની સત્તા ધરાવે છે અને નિયંત્રણ ધરાવે છે. (6) ગામના ફંડનો વહીવટ સરપંચ કરી શકે છે તથા તે કાર્ય તથા ફંડના વહીવટ માટે જવાબદાર છે. (7) સરપંચે બધા સદસ્યોને માહિતી પૂરી પાડવી પડે છે. (8) પંચાયતના અધિકારી તથા કર્મચારીને કામ સોંપી શકે છે. (9) ગ્રામ પંચાયત જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરી લઈ ખર્ચ કરી શકે છે. (10) ગ્રામ પંચાયત જિલ્લા કે તાલુકા પંચાયત પાસે નાણાં લઈ કાર્ય કરી શકે છે. (11) ગામ પોતે જ નાણાકીય સંસાધનો ઊભાં કરી શકે છે. (12) પંચાયત દાવા કરી શકે છે, દાવાના જવાબ આપી શકે છે. (13) પંચાયતે વાર્ષિક અંદાજપત્ર બનાવવું પડે છે. (14) પંચાયતે હિસાબોનું ઓડિટ કરાવવું પડે છે. (15) પંચાયતે આવકના 10 % જિલ્લા વિકાસ ફંડમાં આપવા પડે છે. (16) ટૂંકમાં પંચાયત ગામ અંગે વિશાળ સત્તા ધરાવે છે.

ગ્રામ પંચાયતના સભ્યો તથા સરપંચ ગામ અંગેની સત્તા ધરાવે છે પરંતુ ગામ અંગેની બધી જ સત્તા ગ્રામસભા પાસે છે. ગ્રામસભા ગામ અંગે નિર્ણય લેવામાં સૌથી સર્વોત્તમ સત્તા ધરાવે છે.

આ ઉપરાંત **ગ્રામ પંચાયતની વિવિધ સમિતિઓ** : પંચાયત પોતાનાં વિવિધ કાર્યો કરવા તથા ઉદ્દેશ પરિપૂર્ણ કરવા વિવિધ સમિતિઓની રચના કરે છે.

**સામાજિક ન્યાય સમિતિ :** દરેક પંચાયતે ફરજિયાત ન્યાય સમિતિની રચના કરવી જ પડે. આ સમિતિનું મુખ્ય કાર્ય ગામના નબળા વર્ગોના લોકોને સામાજિક ન્યાય અપાવવાનું છે. ગામના અનુસૂચિત જાતિ, જનજાતિના લોકોને મૂળભૂત સવલતો જેવી કે પીવાના પાણી, ગૃહનિર્માણ, દીવાબત્તીની સગવડ, સ્નાનની સગવડ, બાલકલ્યાણ તથા શિક્ષણની સુવિધાઓ પ્રાપ્ત થાય અને તેમને આ બાબતમાં અન્યાય ન થાય તે માટે આ સમિતિ પ્રયત્ન કરશે. આ સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી રહેશે. આ સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ બે મહિના એટલે કે સાઠ દિવસની મુદતમાં તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકશે. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ કેસના બન્ને પક્ષોને રજૂઆતની તક આપ્યા પછી પોતાનો ચુકાદો આપી શકશે.

**કારોબારી સમિતિ** : પંચાયત પોતાની ફરજો નિભાવવા પાંચ સભ્યોની કારોબારી સમિતિની રચના કરશે. આ સમિતિ નીમવી ફરજિયાત નથી પણ જો પંચાયત નીમે તો આ સમિતિની મુદત બે વર્ષ રહેશે. આ સમિતિમાં સ્ત્રી, અનુસૂચિત જાતિ, જનજાતિને પ્રતિનિધિત્વ આપવું ફરજિયાત છે.

ગ્રામપંચાયત હજી સફળ રીતે કાર્ય કરી શકતી નથી કારણ હજી ગામમાં જાગૃતિ આવી નથી. ગામ પાસે આવકનાં અપર્યાપ્ત સાધનો છે. સત્તા અંગે પંચાયતના સભ્યો તથા ગ્રામના મતદારો અસ્પષ્ટ ખ્યાલ ધરાવે છે તથા હજી કામ કરવાની સરકારી તરાહ અનુકૂળ થઈ નથી. પંચાયતના સભ્યો સરકારી યોજનાઓ, સરકારની કામ કરવાની તરાહથી અજાણ છે.

તેમને આપવામાં આવતા કર્મચારીઓ મોટે ભાગે નિસ્બત વગરના તથા બિનઅનુભવી હોય છે. ગામનો નેતા આખા ગામનો નહિ, પરંતુ તે પોતાનો જૂથનો કે જ્ઞાતિનો નેતા બની રહે છે. તેથી ગામ આખાના ઉત્થાન માટે તે કાર્યશીલ રહેતો નથી. સરકારના નેતાઓ પંચાયતને સત્તા આપવામાં ઉદાસીન છે તેથી તેમને માહિતી તથા તાલીમ પૂરી પડાતી નથી.

ગ્રામસ્વરાજ પામવા માટે હજી ખૂબ લાંબી યાત્રા બાકી છે. મહાત્મા ગાંધીના ગ્રામસ્વરાજ માટે આપણે સૌએ વધુ પુખ્તતાથી વિચારી, આયોજન કરી તેનો અમલ કરવો પડશે.

ગ્રામ પંચાયતનાં વિવિધ કાર્યો જોતાં જણાય છે કે જો ગ્રામીણ પંચાયતને ખરેખર Little Republic નાનાં પ્રજાસત્તાક બનાવવા હોય તો થઈ શકે. કાયદાની જોગવાઈ અને અમલ વચ્ચે ખૂબ મોટી ખાઈ જોવા મળે છે. આ અંતર વાસ્તવિકતા છતી કરે છે. ગ્રામ પંચાયતોની આવક ખૂબ ઓછી હોય છે અને બધાં જ કાર્યો જે પંચાયત હસ્તક છે તે વિવિધ ખાતાઓ દ્વારા કરવામાં આવે છે. પંચાયતને આપવામાં આવતું, ફાળવવામાં આવતું ભંડોળ ખૂબ ઓછું હોય છે. અતિ ઓછાં સંસાધનોને કારણે પંચાયત અસરકારક રીતે કામ કરી શકતી નથી. ગામમાં એક કૂવો ખોદાવવા કે રોડ બનાવવા સરપંચે વિવિધ અધિકારીઓ.

તાલુકા, જિલ્લા, પંચાયતના સભ્યો, પ્રમુખો, ધારાસભ્યો તથા સંસદસભ્યો પાસે આંટા મારવા પડે છે, ધક્કા ખાવા પડે છે, તેમાંય પક્ષીય રાજકરણ પણ સરપંચને હંફાવે છે. વિકાસકાર્યો સરપંચને જાણ કર્યા વગર જ ગામમાં ચલાવવામાં આવે છે. વાસ્તવિકતામાં નાણાં ફાળવ્યા વિના આ કાર્યો ગ્રામ પંચાયતને ફાળવવા તે તેની મશ્કરી છે. ક્યારેક લોકફાળાથી ચાલતી યોજનાઓ ગ્રામીણ વિસ્તાર માટે ફાળવાય છે. તેમાં પ્રભુત્વ ધરાવતી જ્ઞાતિઓ તે લાભ પ્રાપ્ત કરે છે. બાકીના બધા નવી યોજના સુધી રાહ જુએ છે.

ગામના તલાટી, શિક્ષક કે ડોક્ટર સરપંચને આધીન નથી તેથી ગ્રામીણ સમાજમાં શિક્ષણનું ધોરણ ખૂબ નિમ્ન છે અને ખાનગી તબીબોની સેવા મળતી નથી. ગ્રામીણ વહીવટને સુધારવો હોય તો ગ્રામીણ પ્રજાને નાણાં પૂરા પાડવા પડશે, તેમના નેતાને તાલીમ આપવી પડશે. કાયદાની જોગવાઈઓમાં પરિવર્તન લાવવું પડશે. ગ્રામીણ પ્રજાને જાગૃત કરવી પડશે. સૌથી મહત્ત્વની વાત ટોચના નેતાઓ, સંસદ તથા વિધાનસભાના સભ્યોએ આ માટે તૈયાર થવું પડશે. ગ્રામીણ પ્રજાને જો ખરેખર લોકશાહીનો સ્વાદ માણવો હશે તો ગામને જગાડી તેના વિકાસની સંપૂર્ણ સત્તા તેમના હાથમાં સોંપવી જ પડશે. જ્યાં સુધી કેન્દ્રીય રીતે વિકાસ કાર્યક્રમોનો અમલ થશે ત્યાં સુધી વહીવટ પારદર્શી થઈ શકે નહિ. ગામને કદી પણ સુવિધાઓ પ્રાપ્ત થઈ શકશે નહિ. ગામને જવાબદાર અધિકારીઓ, સુવિધાઓ પ્રાપ્ત કરાવવી હશે તો તેમને સમર્થ બનાવવા જ પડશે. તેમના હાથમાં સંપૂર્ણ જવાબદારી તથા સત્તા સોંપવી પડશે. ગામના કર્મચારીઓ તથા અધિકારીઓના નિયંત્રણની જવાબદારી ગામને સોંપવી પડશે. ગામનો નેતા સહુનો બને તેવી તાલીમ આપવી પડશે.

**તાલુકા પંચાયત :** ગ્રામ અને જિલ્લા પંચાયત વચ્ચે તાલુકા પંચાયતની જોગવાઈઓ કરવામાં આવી છે. જ્યાં માત્ર 20 લાખની વસ્તી હોય ત્યાં ગ્રામપંચાયત અને જિલ્લા પંચાયતની જ જોગવાઈ કરવામાં આવી છે. તાલુકા પંચાયત ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત વચ્ચેની કડી છે. તાલુકા પંચાયત ગ્રામ પંચાયતો માટે નજીકનું એકમ છે. આ એકમ વિવિધ ગામોનું સંકલન કરે, માર્ગદર્શન પૂરું પાડે અને વિવિધ ગામોને એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. તાલુકા પંચાયત વહીવટ માટે, સરકારના કાર્યક્રમોના અમલ માટે કચેરીઓ ધરાવે છે. તાલુકા પંચાયત અંગેની વિવિધ જોગવાઈઓ નીચે પ્રમાણે જોઈએ :

**તાલુકા પંચાયતની જોગવાઈઓ :** આ પંચાયત જિલ્લા પંચાયતના તાબા નીચે કામ કરશે. તાલુકા માટે તાલુકા પંચાયત 5 વર્ષની મુદતવાળી રહેશે. ગ્રામપંચાયતના ધોરણે જ તેમાં અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. તાલુકા પંચાયતમાં વિધાનસભાના સભ્યો કાયમી આમંત્રિત સભ્યો ગણાશે. તાલુકા પંચાયતના પ્રમુખને માનદ્ વેતન તથા ભથ્થાં ચૂકવવામાં આવે છે. તાલુકા પંચાયત પ્રમુખે પંચાયતના આર્થિક અને કારોબારીના વહીવટ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવા જોઈએ. તાલુકાના વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્નશીલ થવું જોઈએ. દરેક તાલુકા પંચાયતે પોતે પોતાની વાર્ષિક વિકાસ યોજના બનાવવી જોઈએ. તાલુકા પંચાયતે કૃષિસુધારણા, જમીનસુધારણા, સિંચાઈ, પશુપાલન, વીજળી, પાણી, ગ્રામગૃહનિર્માણ, વાહનવ્યવહાર, શિક્ષણ, પ્રૌઢશિક્ષણ, આરોગ્ય, સામાજિક કલ્યાણ અંગે યોજનાઓ ઘડવાની હોય છે. તાલુકા પંચાયતે ગરીબીનિવારણ કાર્યક્રમ, પછાતવર્ગ કલ્યાણ કાર્યક્રમ વગેરે કાર્ય હાથ ધરવાના હોય છે.

તાલુકા પંચાયત પ્રમુખે દર ત્રણ માસે તાલુકા પંચાયતની બેઠક ભરવી ફરજિયાત છે. તાલુકા પંચાયતે કારોબારી સમિતિ તથા સામાજિક ન્યાય સમિતિની રચના કરવી પડશે. તાલુકા પંચાયતની સ્થાવર મિલકત ઉપર તેમનો સંપૂર્ણ અધિકાર હોય છે. તાલુકા પંચાયત પોતે ફંડ એકત્ર કરી શકે છે. તાલુકા પંચાયતે પોતે પોતાનું વાર્ષિક બજેટ બનાવવું પડે છે. તાલુકા પંચાયતને કરવેરામાંથી થતી આવક અને તાલુકા પંચાયતને રાજ્ય સરકારના કરવેરામાંથી હિસ્સો પ્રાપ્ત થાય છે. સાથે સાથે રાજ્ય સરકાર તરફથી તેમને અનુદાન પ્રાપ્ત થાય છે. રાજ્ય સરકારની નિધિમાંથી પણ નાણાં પ્રાપ્ત થઈ શકે છે. તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતના મંત્રી તરીકે ફરજ બજાવશે. તાલુકા વિકાસ અધિકારી તાલુકામાં થતી બધી દેખરેખ રાખશે તથા તેનો રેકોર્ડ રાખશે. તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતના નિયંત્રણમાં રહેશે.

તાલુકા પંચાયત પોતે પોતાની સત્તા મર્યાદામાં રહી કાર્ય કરી શકે છે. તાલુકા પંચાયતનાં કાર્યો નીચે મુજબ છે :

1) જિલ્લા વિકાસ યોજના સાથે સંયોજન કરી જિલ્લા પંચાયત અને સરકારે સોંપેલાં કાર્યોને ધ્યાનમાં રાખી વાર્ષિક વિકાસ યોજના બનાવવી.

2) તાલુકાના બધાં જ ગામોની વાર્ષિક વિકાસ યોજનાને એકત્ર કરી જિલ્લા પંચાયતને મોકલવી.

3) સમયમર્યાદામાં તાલુકા માટે વાર્ષિક બજેટ તૈયાર કરી જિલ્લા પંચાયતને મોકલવું.

4) તાલુકાને જિલ્લા પંચાયત કે સરકાર સોંપે તે કાર્ય કરવા.

5) કુદરતી આફત સમયે રાહતકાર્ય કરવા.

6) કૃષિ અને કૃષિવિસ્તરણ કાર્યોની વ્યવસ્થા કરવી.

7) જમીનસુધારણાનાં કાર્યો કરવા.

8) નાની સિંચાઈ તથા પાણીની વ્યવસ્થા કરવી.

9) પશુપાલન, ડેરીઉદ્યોગ તથા મત્સ્યોદ્યોગની વ્યવસ્થા ગોઠવવી.

10) ખાદી અને ગ્રામોદ્યોગની યોજનાને તાલુકા કક્ષાએ ઉત્તેજન આપવાનો પ્રયાસ કરવો.

11) ગ્રામ ગૃહનિર્માણ, પીવાનું પાણી, સામાજિક વનીકરણ, બળતણ અને ઘાસ અંગે વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરવો.

12) વાહનવ્યવહાર માટે સુવિધાઓ ઊભી કરવી.

13) પરંપરાગત સિવાયનાં નવાં ઉર્જા સાધનો સ્થાપિત કરવાના પ્રયત્ન કરવા.

14) ગરીબીનિવારણના કાર્યક્રમનો અમલ કરવો.

15) શિક્ષણની સુવિધાઓ ઊભી કરવી તથા જાળવવી.

16) તકનિકી તાલીમ તથા વ્યવસાયી શિક્ષણની વ્યવસ્થા યોજવી.

17) પ્રૌઢશિક્ષણ તથા અવૈધાનિક શિક્ષણની વ્યવસ્થા યોજવી.

18) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

19) મેળા તથા તહેવારોની વ્યવસ્થા યોજવી.

20) આરોગ્ય અને કુટુંબકલ્યાણ યોજનાઓનો અમલ કરાવવો.

21) સ્ત્રી અને બાળવિકાસ યોજનાઓને પ્રોત્સાહન આપવું.

22) સામાજિક કલ્યાણ, અપંગ તથા મંદબુદ્ધિની વ્યક્તિઓ માટે કલ્યાણ કાર્યક્રમોનો અમલ કરાવવો.

23) અનુસૂચિત જાતિ, જનજાતિ તથા નબળા વર્ગોના કલ્યાણ માટેની યોજનાઓ અમલમાં મૂકવી.

24) સામૂહિક મિલકતોની જાળવણી કરવી.

25) જાહેર વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યરત રહે તેવું કરવું.

26) ગ્રામ્ય વીજળીકરણને ઉત્તેજન આપવું.

27) સહકારી પ્રવૃત્તિઓને મહત્ત્વ આપવું.

28) તાલુકામાં પુસ્તકાલયો કાર્યરત રહે તેવું કરવું.

**તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓ :**

તાલુકા પંચાયતમાં બે સમિતિઓ આવશ્યક છે :

1) **કારોબારી સમિતિ :** આ સમિતિ પંચાયતનાં કાર્યો કરવા અને ફરજો બજાવવા કાર્યરત થશે. આ સમિતિમાં વધુમાં વધુ નવ સભ્યો હશે. આ સમિતિની મુદત બે વર્ષની છે. આ સમિતિ પેટાસમિતિઓ પણ રચી શકશે.


2) **સામાજિક ન્યાય સમિતિ :** નબળા વર્ગોને ન્યાય મળે તે માટે આ સમિતિ કાર્યો કરશે. આ સમિતિમાં પાંચ સભ્યો હશે. આ સમિતિ ન્યાય આપવાનું કાર્ય કરશે પણ જે આ સમિતિના નિર્ણયથી નારાજ હશે તે સાઠ દિવસમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકશે. સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષને માનદ્ વેતન તથા ભથ્થાં પ્રાપ્ત થઈ શકશે.

તાલુકા પંચાયત તાલુકા માટે બધી જ સત્તા ધરાવે છે અને તે તાલુકા અંગેના નિર્ણય લેવા માટે સક્ષમ છે. તાલુકા પંચાયત પોતાના તાલુકા માટે કાર્ય કરવામાં સક્ષમ છે અને સંપૂર્ણ સત્તા ધરાવે છે.

**જિલ્લા પંચાયત :**

પંચાયતીરાજ સંસ્થામાં જિલ્લા પંચાયત સર્વોચ્ચ એકમ છે.

**રાષ્ટ્રના એકમ**




ભારતીય વહીવટી દષ્ટિએ આ ક્રમાનુસાર જોડાયેલું છે. ગામ વહીવટમાં પોતે પોતાનો વહીવટ કરી શકે છે અને તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર સાથે સંકળાયેલો છે. ગામ પ્રજાસત્તાક બને તેવા પ્રયત્નો પંચાયતીરાજના છે. ગ્રામ પોતે સ્વાયત્ત બને તે ખૂબ જરૂરી છે.

ભારત આમ કેન્દ્રથી ગામ સુધી સંકળાયેલું છે. જિલ્લા એ ગામ કરતાં ખૂબ મોટું એકમ છે. ગામ એ માનવવસાહતનું સૌથી નાનું એકમ છે અને તાલુકો કેટલાંક ગામોનો બનેલો છે. જ્યારે જિલ્લો તાલુકાઓનો અને જિલ્લાઓનું રાજ્ય બને છે અને અનેક રાજ્યોનું રાષ્ટ્ર ભારત બને છે. પંચાયતીરાજ સંસ્થામાં દરેક જિલ્લાને એક જિલ્લા પંચાયત રહેશે. ચાર લાખ કરતાં વધુ વસ્તી ન હોય તેવા જિલ્લામાં જિલ્લા પંચાયતમાં પંદર સભ્યો હોય છે. ત્યાર બાદ દર લાખ વસ્તીએ બે સભ્યોનો ઉમેરો થાય છે. પંચાયતીરાજ સંસ્થામાં જે રીતે નક્કી કરવામાં આવ્યું છેત્તે મુજબ અનામતને ધોરણે વસ્તીના પ્રમાણમાં બેઠકો તથા હોદ્દાઓ અનુસૂચિત જાતિ, જનજાતિ, સામાજિક તથા શૈક્ષણિક પછાત વર્ગોમાં અને સ્ત્રીઓ માટે ફાળવવાના રહેશે. જિલ્લા પંચાયતની અવધિ પાંચ વર્ષની રહેશે. પંચાયતપ્રમુખ પંચાયતની બેઠક બોલાવી શકશે. જિલ્લા પંચાયત પોતાનાં કાર્યો માટે સત્તા વાપરી શકશે. પંચાયત પોતાના દફતર રાખી શકશે. પંચાયત પ્રમુખ જિલ્લાના આર્થિક અને કારોબારી વહીવટ ઉપર દેખરેખ રાખી શકશે. જિલ્લા ફંડમાંથી પૈસા ખર્ચવાનો આદેશ આપી શકે છે. જિલ્લા અધિકારીઓના કામ ઉપર દેખરેખ રાખી શકે છે. જિલ્લા પંચાયતની બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે. પંચાયત બહુમતીથી જિલ્લાના બધા જ પ્રશ્નો અંગે નિર્ણય કરી શકે છે. જિલ્લાના કાર્ય અને વહીવટનો બધો આધાર જિલ્લા પંચાયત ઉપર છે.

**જિલ્લા પંચાયતનાં કાર્યો**

**ક) સ્વાસ્થ્ય અને સફાઈના ક્ષેત્રે :**

1. દવાખાના સ્થાપવા અને ચલાવવા બાબત.
2. પીવાના પાણીના પુરવઠાનો પ્રબંધ કરવા તથા જાળવવા બાબત
3. લોકોના આરોગ્ય અને સુખસગવડ અંગે વ્યવસ્થા કરવી.
4. કુટુંબનિયોજનમાં સહાય કરવી.
5. ઓછી આવકવાળા કુટુંબનાં બાળકો અને માતાઓને દૂધ વહેંચવું.
6. દાયણોને તાલીમ પ્રબંધ
7. ડિપ્થેરીયા, મોટી ઉધરસ, ધનુર્વા અંગે રક્ષણ આપવા બાબત.
8. આયુર્વેદના અને હોમીયોપેથિક દવાખાનાં સ્થાપવાં અને ચલાવવાં.
9. દવાનાં રાહતકેન્દ્રોને સહાય આપવી.
10. નર્સોની તાલીમનો પ્રબંધ કરવો.

**ખ) બાંધકામ ક્ષેત્રે :**

1. રસ્તા બાંધવા અને નિભાવવા બાબત.
2. રસ્તાની બન્ને બાજુ ઝાડ રોપવા.
3. રાજ્ય સરકાર તરફથી જે બાંધકામ સોંપાય તેનો અમલ કરવા બાબત

4. જિલ્લા પંચાયતને સુપ્રત થયેલ મકાનોની સંભાળ, મરામત અને જાળવણી કરવા બાબત.

5. જિલ્લા પંચાયતની પ્રવૃત્તિ માટે જરૂરિયાત મુજબનાં મકાનો બાંધવા અને જાળવવા બાબત.

**ગ) શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે :**

1. પોતાને સોંપાયેલી સમગ્ર શિક્ષણ પ્રવૃત્તિ કરવા બાબત.
2. જિલ્લામાં શિક્ષણનું આયોજન કરવા બાબત.
3. શિક્ષણકાર્યની માવજણી અને મૂલ્યાંકન કરવા બાબત.
4. પ્રાથમિક શિક્ષણ અંગેની સરકારી મદદ તાલુકા પંચાયતને વહેંચી આપવા બાબત.
5. ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા આપવા બાબત
6. અભ્યાસક્રમો અંગે ભલામણ કરવા બાબત
7. પાઠ્યપુસ્તકોની પસંદગી બાબત
8. રાજ્ય સરકાર તરફથી માધ્યમિક શિક્ષણ અંગે જે કાર્યક્રમ સોંપાય છે તેના અમલ બાબત
9. તાલુકા પંચાયત દ્વારા ચલાવાતી પ્રાથમિક શાળાઓનું નિરીક્ષણ અને તેની પરીક્ષા લેવા બાબત.
10. શિક્ષણ અંગે ફંડ સ્વીકારી તેના વહીવટ કરવા બાબત.
11. જિલ્લાની સમગ્ર શૈક્ષણિક પ્રવૃત્તિને મદદ, દોરવણી અને ઉત્તેજન આપવા બાબત.
12. જિલ્લામાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો માટે શિબિરો, પરિષદો અને સંમેલનો યોજવા બાબત.

**ઘ) વહીવટી ક્ષેત્રે :**

1. જરૂરી માલસામાન અને સામગ્રી ભેગી કરવા બાબત.
2. પંચાયતોની પ્રવૃત્તિઓને લગતી આંકડાની અને બીજી હકીકતની પ્રસિદ્ધિ કરવા બાબત.
3. ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતની પ્રવૃત્તિઓ અંગે જરૂરી આંકડા એકત્ર કરી અને અન્ય માહિતીનું સંકલન અને ઉપયોગ કરવા બાબત.
4. જિલ્લામાંની જુદી જુદી પંચાયતોને સુપ્રત થયેલી યોજના અને કાર્યક્રમોનું અવારનવાર અવલોકન અથવા મૂલ્યાંકન કરવા બાબત.
5. જે હેતુપૂર્વક ફંડ ઊભું કરવામાં આવેલ હોય તે હેતુને આગળ ધપાવવા અંગે દાન સ્વીકારવા બાબત.

**ચ) સામૂહિક વિકાસ ક્ષેત્રે :**

1. જિલ્લાના તમામ તાલુકાઓની વિકાસ યોજનાઓનું સંકલન અને સંગઠન કરવા અને આખા જિલ્લાની યોજના તૈયાર કરવા બાબત.
2. જિલ્લાના બે કે તેથી વધુ તાલુકાને સ્પર્શતા પ્રોજેક્ટ્સ , પરિયોજનાઓ અને યોજનાઓ કરવા બાબત.
3. (અ) પંચાયતોની સ્થાપનાને ઉત્તેજન અને તેના વિકાસ બાબત.
   (બ) જિલ્લાની તાલુકા પંચાયતનું નિરીક્ષણ, નિયમન અને નિયંત્રણ કરવા બાબત.
   (ક) રાજ્ય સરકાર કાયદાથી સોંપે તેવાં બધાં કાર્યો બજાવવા બાબત.
4. રાજ્ય સરકાર જે જે વિકાસ કાર્યક્રમો સોંપે તેનો અમલ કરવા બાબત.
5. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતો વચ્ચે કામનું વિભાજન કરવા અને સંકલન કરવા બાબત.

**છ) ખેતીવાડી ક્ષેત્રે :**

1. ડાંગર, ઘઉં, બાજરી, જુવાર, મગફળી અને કપાસ વગેરેની પથદર્શક સઘન યોજનાઓ હાથ ધરવા બાબત.
2. બિયારણ, વહેંચણી કેન્દ્રોનાં મકાનોનાં બાંધકામ અને નિભાવ કરવા બાબત.
3. ખાતરની યોજનાઓનો અમલ કરવા બાબત
4. નાળિયેરીનો વિકાસ કરવા બાબત.

5. છોડવાના રક્ષણ અંગેના જરૂરી સાધનની ખરીદી અને વેચાણ માટે યોગ્ય વ્યવસ્થા કરવા બાબત.
6. જંતુનાશક દવાઓની ખરીદી અને વેચાણ માટે યોગ્ય વ્યવસ્થા કરવા બાબત.
7. આદર્શ કૃષિકેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત
8. સારી જાતનાં બી મંગાવવા અને વહેંચવા બાબત
9. ખેતી ઉત્પાદન અને ખેતીવિકાસની યોજનાઓનો અમલ કરવા બાબત.
10. ખેતીવાડી વિકાસ તથા પશુસંવર્ધનની દૃષ્ટિએ પ્રદર્શનો, હરીફાઈઓ ઇત્યાદિ અન્ય કાર્યક્રમો યોજવા બાબત

**જ) પશુસંવર્ધન ક્ષેત્ર :**

1. પશુસંવર્ધન અંગે પૂરક કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત.
2. માન્ય સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવતા પશુસંવર્ધન કેન્દ્રોને ઉત્તેજન અને સહાય આપવા બાબત.
3. આધાર—ગ્રામ (Key Village) યોજનાનો અમલ કરવા બાબત.
4. ગૌશાળા વિકાસ યોજનાનો અમલ કરવા બાબત.
5. ઓલાદી વાછરડાના ઉછેર માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત
6. ઘાસિયા જમીનનો વિકાસ કરવા બાબત.
7. ઘાસના સંગ્રહની યોજનાને ઉત્તેજન અને સહાય આપવા બાબત
8. મરઘાં—સંવર્ધનની યોજનાઓનો અમલ કરવા બાબત.
9. પશુસંવર્ધનની યોજનાઓનો અમલ કરવા બાબત.
10. પશુ દવાખાનાં તથા ચિકિત્સાલયો સ્થાપવા અને લાવવા બાબત.

**ઝ) ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગોના ક્ષેત્રે :**

1. જિલ્લામાં ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગની શક્યતા તપાસી તેના પુનર્જીવન, સંગઠન અને વિકાસ માટે યોજનાઓ તૈયાર કરી તેનો અમલ કરવા – કરાવવા બાબત.
2. ગ્રામોદ્યોગના અને નાના ઉદ્યોગના ગ્રામ કારીગરોને, તેમના ઉદ્યોગ અંગે વ્યાવસાયિક તાલીમ અને ઉદ્યોગમાં જરૂરી સહાય અને ઉત્તેજન મળી રહે તેવો પ્રબંધ કરવા બાબત.
3. માધ્યમિક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક શાળાઓ સ્થાપવા, ચલાવવા અને વધારવા અને તેને સહાય કરવા બાબત.

**ટ) સમાજકલ્યાણના ક્ષેત્રે :**

1. સમાજસેવા આપતી સંસ્થાઓને એમના કાર્યમાં જરૂરી સહાય અને ઉત્તેજન મળી રહે તેવા પ્રબંધ બાબત.
2. સમાજકલ્યાણની દૃષ્ટિએ જિલ્લા કક્ષાએ આવશ્યક પ્રવૃત્તિઓ ચલાવવા બાબત.
3. રાજ્ય સરકાર તરફથી થતા મેળા અને ઉત્સવો બાદ કરતાં બાકીના મેળા અને ઉત્સવોનો યોગ્ય પ્રબંધ કરવા બાબત.

**ઠ) મદદના ક્ષેત્રે :**

દુષ્કાળ અને અછત, રેલ, આગ અને ધરતીકંપ જેવી કુદરતી આફતોના પ્રસંગે રાહતકેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત.

**ડ) નાની જળસિંચાઈ યોજના ક્ષેત્રે :**

1. તળાવો અને બંધારાથી નહેર દ્વારા સિંચાઈ કરવા બાબત.
2. પાતાળકૂવાની યોજનાનો અમલ કરવા બાબત.
3. સિંચાઈ માટે નવા કૂવાઓનું ખોદાણ અને જૂના કૂવાની મરામત કરવા બાબત.
4. પાણી માટે પંપના સેટ તથા યંત્રો ખરીદી માટે સહાય કરવા બાબત.
5. સુધરેલા કોસનો પ્રચાર અને પ્રબંધ કરવા બાબત.
6. કૂવા માટે ટોટા તથા શારકામ (બોરિંગ)નો યોગ્ય પ્રબંધ કરવા બાબત.

7. સહકારી ધોરણે સિંચાઈની યોજનાઓને ઉત્તેજન અને સહાય આપવા બાબત.

જિલ્લા પંચાયતને વિવિધ કાર્યો સોંપવામાં આવ્યાં છે. આ બધાં જ કાર્યો માટે પૂરતાં નાણાંની જોગવાઈ કરવામાં આવતી નથી. નાણાંની અછતને કારણે બધાં જ કાર્યો શક્ય બનતા નથી. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં વિધાનસભાના સભ્યો તથા સંસદ સભ્યોની હાજરી પણ ક્યારેક સભ્યોની સ્વતંત્રતા ઉપર અસર કરે છે. કેન્દ્રીકૃત અને રાજ્ય અનુદાનથી ચાલતા કાર્યક્રમો પંચાયતીરાજના માળખાને નુકસાન કરે છે અને તેમને સક્ષમ થવા દેતા નથી. જ્યાં સુધી સમગ્ર તંત્ર ટકાઉ નહિ બને ત્યાં સુધી સંપૂર્ણ વિકાસ શક્ય નહિ બને.

અમલદારશાહી, જટીલ કાયદાકીય પ્રક્રિયાઓ, અસંવેદનશીલ માળખાં અને માનવો બન્ને પ્રજાને માટે પ્રશ્નો ઊભા કરે છે. હજી સત્તા પ્રજા પાસે પહોંચી શકી નથી. નેતાઓનું કાયદા અંગેનું ઓછું જ્ઞાન, પ્રજાના પ્રશ્નો ઉકેલવાની ઇચ્છા તથા જાણકારી પંચાયતને સક્ષમ થવા દેતી નથી.

73મા અને 74મા બંધારણીય સુધારાને કારણે 33 % સભ્યો અને હોદ્દાઓમાં સ્ત્રી અનામતે પંચાયતમાં નવી પરિસ્થિતિ સર્જી છે. સ્ત્રી ભાગીદારી વિના, લોકશાહીનો વિકાસ ન થઈ શકે એવું લાગતાં શાસનના પ્રાથમિક કક્ષામાં, પ્રમાણમાં ઓછા વિકસિત માળખામાં સ્ત્રી અનામત ફાળવવામાં આવી. આ સ્ત્રી અનામત ફાળવવાને કારણે સમગ્ર ભારતના ગ્રામીણ વિસ્તારમાં શાસનની નવી તરાહ શરૂ થઈ. સૌથી મહત્ત્વની વાત એ છે કે ભારતની સંસદ અને રાજ્યની વિધાનસભામાં 6 % થી વધુ સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ નથી ત્યાં સમગ્ર ભારતમાં એક પણ હોદ્દો કે બેઠક ખાલી રહી નથી. ભારતનાં બધાં જ રાજ્યોમાં સ્ત્રીઓએ ઉમેદવારી નોંધાવી છે, ચૂંટણીઓ થઈ છે અને સ્ત્રી રાજકીય ક્ષેત્રે પ્રવૃત્ત થઈ છે. પ્રારંભ છે તેથી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

1) મહદ્ અંશે રાજકીય સત્તાના નજીકના લોકો જ ચૂંટણીમાં પ્રવૃત્ત બન્યા હતા.
2) સ્ત્રીઓને આનો બિલકુલ અનુભવ ન હોવાથી વહીવટમાં તકલીફ પડી.
3) સ્ત્રીઓ પુરુષો કરતાં ઓછી શિક્ષિત જણાઈ તેથી તકલીફ પડી.
4) વહીવટી કર્મચારીઓને આ ખાસ પસંદ ન પડ્યું. તેથી સ્ત્રીઓને તકલીફ પડી.
5) મહદ્ અંશે ઘરના સભ્યોએ સ્ત્રીને ઉમેદવારી કરવા દબાણ કર્યું હતું તેથી તેઓ હજી સંપૂર્ણપણે આમાં પલોટાઈ નહિ.
6) સ્ત્રી આર્થિક રીતે પરતંત્ર હોવાને કારણે તેને તકલીફ પડી.
7) સ્ત્રીઓએ પાયાના દબાણ, શિક્ષણ, આરોગ્ય, પાણી, ગંદકી અને ગટરના પ્રશ્નો ઉઠાવ્યા.

72મા અને 73મા બંધારણીય સુધારાથી સ્ત્રીઓને પ્રતિનિધિત્વ મળ્યું અને તેથી ગ્રામીણ શાસનની પ્રથા પરિવર્તન પામી. જ્યાં ઓછો વિકાસ થયો છે ત્યાં સ્ત્રી ગામની પ્રથમ નાગરિક બની. ગામના રૂઢિચુસ્ત તંત્રે ક્યાંક સ્ત્રીને માત્ર નામ ખાતર હોદ્દો ધારણ કરવા દીધો. પ્રમુખપતિએ જ કાર્ય કર્યું. પરંતુ એક જાગૃતિ, એક પરિવર્તન અચૂક જોવા મળ્યું.

પંચાયત, સ્થાનિક સત્તામાળખું ચોક્કસ સફળ બને, જો લોકો જાગૃત થાય, જો સત્તાવાળા લોકો એને પ્રોત્સાહન અને મદદ આપે, જો એના નાણાકીય સ્રોત નક્કી કરી, દરેક ગામને પૈસા મળે એવી વ્યવસ્થા થાય. લોકપ્રતિનિધિઓ પોતાની ભૂમિકાથી જ્ઞાત બને, જાગૃત બને, અભ્યાસુ બને અને વિવિધ નવા આધુનિક ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે. જો આવી ભાવનાને લીધે કામ થાય તો ગામ પ્રજાસત્તાક બને.

## 2.3 અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે સંબંધ :

ગ્રામીણ વહીવટમાં ચૂંટાયેલા નેતા અને સરકારના કર્મચારીઓ તથા અધિકારીઓ બન્ને સામેલ છે. નેતાની સમયમર્યાદા પાંચ વર્ષની હોય છે. કર્મચારી કે અધિકારી સરકારમાં નિવૃત્તિ સુધી હોય છે. નેતા પ્રજાનો પ્રતિનિધિ હોય છે. કર્મચારી અને અધિકારી, સરકારના મોટા ભાગના નિયમો, કામની જોગવાઈઓ, ક્રિયાની પદ્ધતિઓ વ્યવસ્થિત રીતે જાણે છે. આ બન્ને વચ્ચેના સંબંધમાં ક્યારેક હરીફાઈ, સંઘર્ષ, સહકાર કે અનુકૂલન જોવા મળે છે. આ બન્નેના સંબંધો અંગે સ્પષ્ટ આચારસંહિતા ઘડાઈ નથી. સરકારે આ અંગે નિયમો ઘડ્યા નથી. કોણ હુકમ કરી શકે તે અંગે સ્પષ્ટતા નથી. આ અંગે પ્રમુખો અને અધિકારીઓનાં પ્રત્યક્ષીકરણો, અભિપ્રાયો તપાસીએ.

**1) પ્રમુખનાં પ્રત્યક્ષીકરણો :** મોટા ભાગના પંચાયતના વડા એવો અનુભવ કરે છે કે અધિકારીઓ તેમની ઉપેક્ષા કે અવગણના કરે છે. તેમને કાગળ (ટપાલ), પત્રો બતાવતા નથી, તેમની મંજૂરી વિના બદલીઓ કરે છે. વહીવટમાં મારો અવાજ આખરી હોવો જોઈએ.

**2) અધિકારીના પ્રત્યક્ષીકરણ :** અધિકારીઓ માને છે કે પ્રમુખ તો આવે અને જાય. પ્રમુખનું કામ નીતિ ઘડવાનું છે, આયોજન અંગે વિચારવાનું છે, લોકફાળો એકત્ર કરવાનું છે. બધા જ કાર્યક્રમોના અમલ તો વહીવટ દ્વારા જ કરવાનો છે. પ્રમુખોએ આમાં દખલગીરી ન કરવી જોઈએ.

આવા બિલકુલ ભિન્ન પ્રત્યક્ષીકરણને કારણે બન્ને વચ્ચે તંદુરસ્ત સંબંધો નથી અને તેથી કાર્યો, વિકાસકાર્યો યોગ્ય રીતે થતા નથી. ખરેખર તો જો આ બાબતનાં મૂળિયાં તપાસીએ તો જોવા મળે કે ત્યાં સત્તા છે. બન્ને વચ્ચે સત્તાનો ગજગ્રાહ ચાલે છે.

આને બદલે જો સમજદારીથી કામ લે તો વાસ્તવિકતા એ છે કે પ્રમુખ પ્રજાનો પ્રતિનિધિ છે, તે લોકલાગણી તથા માંગણી, અપેક્ષાઓને જાણે છે. તેઓ લોકહિતના કામ કરવા તત્પર હોય છે. તેમનામાં કંઈક કરવાની ધગશ છે, ઉત્સાહ છે, જોમ છે, જોશ છે.

અધિકારીઓ સરકારના નિયુક્ત વહીવટી અધિકારીઓ છે. તેમના હાથ નિયમોથી બંધાયેલા છે અને તેઓએ નિયમાધીન કાર્ય કરવાનું હોય છે. તેઓએ વહીવટી પ્રક્રિયા દ્વારા, જોગવાઈ મુજબ કામ કરવાનું હોય છે.


આ બન્ને વચ્ચે સમજદારી અને સુમેળભર્યા સંબંધો હોય તો પંચાયતનો વહીવટ યોગ્ય રીતે ચાલે.

આ બન્ને અધિકારી અને પદાધિકારીઓ વચ્ચે પ્રશ્નો હોય છે : ઈગો ક્લેશના, બદલીના, મોભાના, વાહન ઉપયોગના તથા વહીવટી આચારના. આ બધા જ પ્રશ્નો હલ થઈ શકે. જો બન્ને દર અઠવાડિયે બેઠક કરી અઠવાડિયાનું આયોજન કરી નિર્ણયો લઈ લે અને વ્યવસ્થિત કાર્ય કરે. આવું શક્ય છે. જ્યાં જ્યાં આ રીતે કામ થાય છે ત્યાં ત્યાં પંચાયત વિકાસશીલ ગણાય છે. જ્યાં આનાથી વિરુદ્ધ પરિસ્થિતિ પ્રવર્તે ત્યાં અધિકારીઓની બદલી માટે દબાણો થાય છે અને અસ્વસ્થ પરિસ્થિતિ પ્રવર્તે. આવી પરિસ્થિતિના ઉકેલ માટે જો નિયમો યોગ્ય બનાવાય તો કદાચ ઓછા સંઘર્ષ થાય અને સુમેળભર્યા સંબંધ પ્રવર્તે તથા લોકોના કાર્ય અસરકારક થાય.

## 2.4 ગ્રામસભાથી સંસદ :

ગ્રામસ્વરાજનો મૂળ ખ્યાલ મહાત્મા ગાંધીનો છે. ગ્રામસભા એ ગ્રામસ્વરાજ માટે, ગ્રામસામર્થ્ય માટે ખૂબ મહત્ત્વની બાબત છે. ગ્રામસભા એટલે ગામના મતદારોની બનેલી સભા.

**ગ્રામસભાથી સંસદ**




ગ્રામસભા એકત્ર થઈ ગામની પંચાયત માટે, ગામના વિકાસ માટે વિચારે, ગામના પ્રશ્નો અંગે વિચારે અને સામૂહિક નિર્ણય લે. એકથી વધુ ગામના સભ્યો એકત્ર થઈ વિચારે કે તેઓનું પ્રતિનિધિત્વ કોણ કરશે અને ત્યાર બાદ ગ્રામસભા તથા ગામે લીધેલ નિર્ણય મુજબ વિધાનસભાનો સભ્ય નક્કી થાય. વિધાનસભાના સભ્યો નક્કી કરે કે, તેઓ મતદાર વ્યક્તિ, પોતાનો મત રજૂ કરી શકે. આ પ્રથા યોગ્ય રીતે અમલમાં આવે તો સાચું જવાબદાર પ્રતિનિધિત્વ ભારત અંગે વિચારે, રાજ્ય અંગે, જિલ્લા અંગે, તાલુકા અંગે અને ગામ અંગે વિચારે, આયોજન કરે અને અમલ કરે. ખરેખર જવાબદાર પ્રતિનિધિત્વ અને લોકભાગીદારીવાળી લોકશાહી માટે આ પ્રકારની પ્રતિનિધિઓની વ્યવસ્થા જ સાચું સ્વરાજ લાવી શકે છે. આ ત્રણે જો એક તાલમાં ચાલે તો વિસંગતતાઓ દૂર થાય. બેજવાબદાર ભ્રષ્ટ નેતા દૂર થાય. ગ્રામસભા એકત્ર થઈ કોઈપણ સૂચિત વ્યક્તિ ઉમેદવાર અંગે ચર્ચા કરે, ત્યારે બધા જ ભેગા થઈ, ભ્રષ્ટ અને નબળા માણસ માટે ચર્ચા કરે, એવું બની શકે નહિ. તેથી દરેક ગામ જાહેરમાં ચર્ચા કરે, એ ચર્ચા તાલુકામાં જાય અને જે ગામોનું પ્રતિનિધિત્વ જે કરવાના હોય તે ગામોની ગ્રામસભા પોતાનો ઉમેદવાર નક્કી કરે, તો પ્રતિનિધિ અને મતદાર બન્ને, વ્યવસ્થિત રીતે પોતાના અંગે વિચારી શકે. જવાબદાર પ્રતિનિધિત્વ નક્કી કરી શકાય. પ્રતિનિધિત્વ અંગે કોઈપણ પ્રકારની ગેરસમજૂતી ન પ્રવર્તે તેથી ચૂંટણીખર્ચ નહીંવત્ થઈ જાય. સમરસ ગામ, જિલ્લો બને એટલે પ્રજા વચ્ચે અકારણ વૈમનસ્ય ન થાય અને સમરસ ગામ ટકી રહે. ગામ આખુંય અપ્રામાણિક રીતે વિચારે નહીં તેથી પ્રામાણિક, સમાજનિષ્ઠ અને જવાબદાર

વ્યક્તિ જ પ્રતિનિધિ બને. વિધાનસભા અને સંસદમાં ગુનેગાર વ્યક્તિ ઉમેદવાર જ ન બને કારણ નિર્ણય સૌનો છે. આ બાબત અશક્ય લાગે છે. કારણ આજના સંજોગો જુદા છે પણ અનેક પ્રશ્નો પછી જો આપણે સૌએ સામૂહિક શાણપણથી આપણું નેતૃત્વ નક્કી કરવું હોય તો આ અશક્ય પરિસ્થિતિ શક્ય બનાવવા મથવું પડશે. કમર કસવી પડશે. આપણે મારો ઉમેદવાર સારો એ નીતિ તજી સારો ઉમેદવાર આપણો એવું નક્કી કરવું પડશે. ગ્રામસભામાં નક્કી થાય તેથી એકસાથે બધા જ ખરાબીને પસંદ કરે એવું બને નહિ તેથી સામૂહિક શાણપણ સાચું ગ્રામસ્વરાજ પ્રસ્થાપિત કરી શકે. આવા પ્રકારના પ્રતિનિધિઓ સમગ્ર ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રના પ્રતિનિધિઓ બને કારણ કે તેમને જે-તે સભામાં મોકલનાર પ્રજાજનો છે. આ પ્રજાજનો તેમને ત્યાં મોકલે છે. તેથી તેઓને તેમને જવાબ આપવો પડે છે અને જવાબદેહી હોવાને કારણે તેઓએ ગામને લગતી બધી જ બાબતોમા રસ લેવો પડે અને સાએ એકત્ર થઈ કામ કરવું પડે. પ્રતિનિધિઓને પારદર્શી વહીવટ કરવો પડે. અને આવો વહીવટ થાય તો જ પ્રજા સ્વરાજ અને સુરાજની કલ્પના સિદ્ધ કરી શકે.

ભારતીય સંસદીય લોકશાહી હજી પુખ્તતાની દોર ઉપર પહોંચી નથી પણ તે ઉપર પહોંચવા માટે તેણે આ રસ્તો અપનાવવો જ પડશે. આ રસ્તો જ પ્રજાને પોતાનું રાજ છે એ અનુભૂતિ કરાવી શકશે. પંચાયતીરાજ પાયાનું રાજ બની શકે પરંતુ એ માટે પ્રજા જાગૃત અને સક્રિય હોવી જોઈએ. જો પ્રજા જાગૃત બને તો જ પ્રજાનું રાજ આવે અને પ્રજા સતત જાગૃત રહેવી જોઈએ.

ગ્રામસભાથી સંસદ એ તાણોવાણા જો યોગ્ય રીતે વણાય તો જ પ્રજાના આધારવાળી લોકોની, લોકો વડે અને લોકો માટેની લોકશાહી અસ્તિત્વમાં આવે. For the people, of the people અને by the people ની સંકલ્પના સાકારિત થયેલી જોવા મળે. પચાયતીરાજની વિભાવના સમગ્ર મતદારોને જાગૃત કરી તેમને તેમની સત્તા સોંપવાનો છે.

લોકશાહી સંસ્થાઓનું ઘડતર માનવવસાહતનું સૌથી નાનું એકમ ગામ અને ગામમાં કુટુંબ. લોકશાહી એટલે સૌનો જેમાં મત હોય તે બહુમતી. આ બહુમતી આધારિત પ્રતિનિધિત્વ રાજકીય પક્ષોને ઘડે છે. રાજકીય પક્ષ સમાજનો જ એક ભાગ છે. જો ગ્રામસભા યોગ્ય રીતે જાગૃત બને, સક્રિય બને અને જાહેરમાં ઉમેદવાર અંગે ચર્ચા- વિચારણા કરે તો કોઈપણ લોકશાહી પુખ્ત અને પારદર્શી બને. જો દરેક ગ્રામસભામાં જાહેર રીતે ઉમેદવાર અંગે, પ્રતિનિધિ અંગે ચર્ચા થાય તો સ્વાભાવિક રીતે લોકશાહી સંપૂર્ણ રીતે ખીલે. ગામનો મતદાર ભેદભાવ વિના એમાં હાજર રહે અને પોતાનો અવાજ એમાં વ્યક્ત કરી શકે. જો પંચાયતીરાજમાં વ્યક્તિ આ રીતે ભાગ લે તો પંચાયત લોકશાહી માટે શિક્ષણસંસ્થા બની શકે. ભારત કૃષિપ્રધાન અને ગ્રામ્યપ્રધાન દેશ છે. તેથી જો એમાં પંચાયતી રાજની સંસ્થા યોગ્ય રીતે કામ કરે તો તે લોકશાહી સંસ્થાઓનું યોગ્ય ઘડતર કરી શકે. લોકશાહી સંસ્થા લોકોને યોગ્ય રીતે જાણકાર બનાવવામાં મદદરૂપ થાય છે. લોકશાહી સંસ્થા પાયામાંથી જ લોકોને લોકપ્રતિનિધિત્વ માટે તૈયાર કરે છે. સમાજના સામાજિક આંતરસંબંધો અને આંતરક્રિયાઓ એ રીતે ગોઠવણી જેમાં લોકપ્રતિનિધિત્વ, લોકશાહી, પ્રજાતંત્ર વગેરેના ખ્યાલ દૃઢ બને અને લોકોનો ફાળો પર્યાપ્ત રીતે પ્રાપ્ત થાય.

**સમાજશાસ્ત્રીય દષ્ટિકોણ :**

અનેક સમાજશાસ્ત્રીઓએ ચર્ચા કરી છે કે સમાજમાં અનેકવિધ જૂથો હોય છે અને આ જૂથો વચ્ચેના સંબંધો સમાજનું સ્વરૂપ ઘડે છે. માનવની સામાજિકતા નક્કી કરે છે. પંચાયતીરાજને કાર્યાત્મકવાદની દૃષ્ટિએ તપાસીએ તો ગામથી રાજ્ય અને રાષ્ટ્ર સુધી અનેક સંસ્થાઓ છે અને એ બધી એકબીજા સાથે સાંકળેલી છે અને પરસ્પરાવલંબિત છે અને તે એકબીજા ઉપર સંપૂર્ણ આધારિત છે. આ સંસ્થાઓમાં આવતું પરિવર્તન સમગ્ર સમાજમાં પરિવર્તન આણે છે. 73મા બંધારણીય સુધારા મુજબ જોવા મળ્યું કે સ્ત્રી અને પુરુષના સંબંધો પ્રતિનિધિત્વના ક્ષેત્રે બદલાયા, સ્ત્રીઓનો ફાળો જાહેર જીવન અને સામાજિક ક્ષેત્રે બદલાયો. પચાયતીરાજે સમાજના જ્ઞાતિ વચ્ચેના સંબંધોની તરાહ બદલી. પંચાયતીરાજને કારણે જ્ઞાતિગત સમાનતા સ્થપાઈ. જ્ઞાતિ વચ્ચે જજમાની પ્રથાને કારણે જે સંબંધો હતા તે બદલાયા. જ્ઞાતિ વચ્ચે હરીફાઈઓ વધી, સાથેસાથે જ્ઞાતિમાં સુગ્રથન પણ વધ્યું. પંચાયતીરાજને લીધે ગ્રામીણ સમાજમાં જાગૃતિ આવી. કાર્યાત્મકવાદની દૃષ્ટિએ એને તપાસીએ તો પંચાયતીરાજના કાયદામાં સ્ત્રી અનામત અંગે કાયદા દ્વારા પરિવર્તન આવ્યું. તેને આધારે સમગ્ર ગ્રામીણ ક્ષેત્રમાં સત્તાસંબંધો બદલાયા. સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન આવ્યું. સંઘર્ષવાદી વિચારધારા મુજબ તપાસીએ તો વિવિધ જૂથો સંગઠિત થયાં અને સત્તા માટે સંઘર્ષ કરી સત્તા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવા લાગ્યા અને વિવિધ જ્ઞાતિજૂથો સત્તા પ્રાપ્ત કરવામાં સફળ થયાં.

## 2.5 સામાજિક પરિવર્તન :

પંચાયતીરાજના અમલથી ગામની પરંપરાગત સત્તામાં પરિવર્તન આવ્યું. ભારતીય ગ્રામીણ પરંપરામાં મુખી એ વંશાનુગત દરજ્જો જોવા મળે છે. આ દરજ્જામાં વ્યક્તિ માત્ર જન્મથી આ દરજ્જો પ્રાપ્ત કરતો હતો તેથી એક જ કુટુંબ, એક જ જ્ઞાતિ અને એક જ ધર્મમાં આ મુખીનો દરજ્જો સ્થિત હતો. આ અર્પિત દરજ્જો હોવાથી લોકશાહીના સમાનતાના લક્ષણનો તે ભંગ કરતો હતો. માત્ર અસમાનતાના પાયા ઉપર જ તે રચાયેલો જોવા મળે છે. માનવને એનાં તમામ ગુણલક્ષણો તથા શક્તિને અવગણી માત્ર જન્મ આધારિત સત્તા. વંશાનુગત સત્તાના સ્વરૂપને લીધે મળે છે. લોકશાહીના મૂલ્યને ધ્યાનમાં લઈએ તો સત્તાનું આ સ્વરૂપ અસ્વીકાર્ય છે. કારણ માત્ર જન્મથી મળતો દરજ્જો સમાનતાના સિદ્ધાંતને અવગણે છે. પંચાયતીરાજના કાયદાથી દરેક વ્યક્તિ જે મતદાર થવાને લાયક છે તે પંચાયતમાં સભ્ય કે હોદ્દેદાર બની શકે છે. કોઈ પણ પ્રકારના જાતિગત, આર્થિક, જ્ઞાતિગત કે અન્ય ભેદભાવ વિના આ પ્રકારની જોગવાઈને કારણે સત્તામાં પરિવર્તન આવ્યું. સત્તા માત્ર એક જ કુટુંબમાં સ્થિત હતી તેને બદલે પરિવર્તિત થવા લાગી. અનામતને કારણે પછાતવર્ગ જે સત્તાથી વંચિત હતો, સાવ નિમ્ન ગણાતો તેને ભાગીદારી પ્રાપ્ત થઈ. સત્તાનો માહોલ બદલાયો. ચૂંટણીને લીધે સત્તાશીલ લોકો, સત્તાવાન લોકો જે પ્રજાથી અલિપ્ત, ઊંચા આસને બિરાજમાન હતા તેમણે લોકોમાં ભળવું પડ્યું. લોકોના મત આધારિત સત્તા હોવાને કારણે લોકોને માન આપવું પડે, લોકોના મત જાણવા પડે, લોકો સાથે ભળવું પડે, લોકોના પ્રશ્ન જાણવા પડે અને લોકોને મદદ કરવી પડે એવી પરિસ્થિતિ સર્જાઈ. માત્ર એક કુટુંબમાં જન્મ લેવાથી સત્તા પ્રાપ્ત થાય તે પરિસ્થિતિ બદલાઈ અને લોકો સત્તાને લાયક ગણે તો સત્તા પ્રાપ્ત થાય એવી પરિસ્થિતિ આવી. આ જોગવાઈને કારણે ગ્રામીણ સત્તામાળખામાં ખૂબ પરિવર્તન આવ્યા. સમાનતા અને સ્વતંત્રતાના લક્ષણને કારણે ગ્રામીણ સમાજ જે શોષિત અને વંચિત હતો તે જાગૃત થવા લાગ્યો. સત્તામાળખામાં પરિવર્તન આવવાને કારણે હક્કોના પ્રશ્નો ઊભા થયા. કલ્યાણ અભિગમને કારણે રાજ્ય મદદ કરવા અનેક આયોજન કરવા લાગ્યું. સત્તામાં વિવિધ જાતિ અને જ્ઞાતિ તથા આર્થિક સ્તરના પ્રતિનિધિત્વને કારણે સત્તા વર્તુળો બદલાયા, ભાષા બદલાઈ, કાર્યક્રમો બદલાયા, જાગૃતિ આવી, પ્રશ્નો ઊભા થયા. નેતૃત્વ પરિવર્તનથી સામાજિક આંતરક્રિયાઓ, આંતરસંબંધો બદલાયા. સમગ્ર ગ્રામીણ જગત યુગોના અંધકાર પછી જાગ્યું. માનવહક્ક, બંધારણીય હક્ક, અન્યાય, સુવિધાઓ, સમાનતાની ચર્ચા શરૂ થઈ. ગ્રામીણ ક્ષેત્રમાં અન્યાય સામે, શોષણ સામે, અસમાનતા સામે અવાજ ઊઠ્યો, સદીઓનું મૌન તૂટ્યું. યુવાનોને સુવિધા પ્રાપ્ત થયા અને શિક્ષિત યુવાનોએ સત્તા પામવા ઝંપલાવ્યું.

વંશાનુગત સત્તાની બાદબાકી ગ્રામીણ સમાજમાં થતા ગ્રામીણ વાતાવરણમાં નવી તાજગી, સ્ફૂર્તિ તથા જાગૃતિ આવી. સદીઓથી પોતાની જાતને માત્ર જ્ઞાતિને કારણે ઊંચ કે નીચ માનતા જ્ઞાનાત્મક માળખામાં આ પરિવર્તનને કારણે ખળભળાટ મચી ગયો. એની ટીકા થઈ, કેટલાકે આવકાર્યા, કેટલાકે એનાં વિપરીત અને સારાં પરિણામોની આગાહીઓ કરી. પણ બંધારણીય જોગવાઈથી આવેલ આ પરિવર્તને વાસ્તવિક પરિવર્તનો આણ્યાં. સત્તાસંબંધો નવા પ્રસ્થાપિત થયા અને સત્તા પ્રાપ્ત કરવા માટેનાં સાધનો બદલાયાં, આધાર બદલાયા ને સત્તા પ્રાપ્ત કરવા માટેની જોગવાઈઓ બદલાઈ. ભારતીય ગ્રામીણ ચિત્ર બદલાયું. સત્તા માટે જન્મ કે જ્ઞાતિનો આધાર બદલાયો અને 73મા બંધારણીય સુધારાથી સ્ત્રીઓને અનામત પ્રાપ્ત થવાથી તેમને જાતિથી થતો ગેરલાભ દૂર થયો અને ખાસ જોગવાઈથી લાભ થયો. 73 અને 74મા બંધારણીય સુધારાથી ગ્રામીણ જાહેર જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. સ્ત્રીઓને તથા પછાત જાતિઓને માત્ર નામ ખાતર પ્રતિનિધિત્વ પ્રાપ્ત થતું હતું તેને બદલે હોદ્દાઓમાં પણ અનામત આવવાને કારણે વાસ્તવિક સત્તા પ્રાપ્ત થઈ, કામ કરવાની તક મળી તથા અવકાશ પ્રાપ્ત થયો. ગ્રામીણ જગતમાં સત્તાપરિવર્તને નવું વાતાવરણ સર્જ્યું.

સામાજિક પરિવર્તન જૈવિક બાબતો દ્વારા, યંત્ર વૈજ્ઞાનિક શોધખોળો દ્વારા ઉત્ક્રાંતિ દ્વારા, પ્રગતિ દ્વારા, અનુકૂલન દ્વારા કાયદા દ્વારા અને સમાજ દ્વારા શક્ય બને છે. સામાજિક પરિવર્તન અવિરત ચાલતી સામાજિક પ્રક્રિયા છે. સામાજિક પરિવર્તન સમાજની બધી જ સંસ્થાઓ, ભૂમિકાઓ, દરજ્જાઓ, ધોરણો ઉપર અસર કરતી પ્રક્રિયા છે. સામાજિક પરિવવર્તન એ વાસ્તવિકતા છે અને એ સતત પ્રક્રિયારૂપે ચાલુ રહે છે. સામાજિક પરિવર્તનને સમાજશાસ્ત્રના દૃષ્ટિકોણથી તપાસીએ તો માનવીઓ પરસ્પર સંબંધો કેટલી વિવિધ અને બદલાતી ઢબે વિકસાવે છે તે સમજવાનો છે. એટલે પંચાયતીરાજના પ્રાદુર્ભાવથી સમાજમાં વ્યક્તિ અને જૂથો વચ્ચેના સંબંધોમાં ક્યા પ્રકારના પરિવર્તન આવ્યા તે સમજવાનું છે. સામાજિક સંબંધોના ગૂંફનને સમજવાનું છે. સમગ્ર દૃષ્ટિએ જોતા સત્તા-પરિવર્તનની રાજકીય પ્રક્રિયાને કારણે માનવોના સામાજિક સંબંધોમાં કેવા પરિવર્તન આવ્યા તે સમજીએ તો સામાજિક પરિવર્તન સમજી શકીએ.

વંશ પ્રમાણે મુખીપણું હતું ત્યારે સત્તાનું કેન્દ્ર કુટુંબ, જ્ઞાતિ અને ધર્મ નક્કી હતા. તેથી સામાજિક સંબંધોમાં સમાનપણું અશક્ય જ હતું. કારણ મુખીપણું એ વંશાનુગત હોવાથી સર્વોપરીપણું અને નિમ્નપણું નક્કી હતું તેથી સામાજિક સંબંધો રૂઢ હતા. એ સામાજિક સંબંધોમાં જડતા હતી, કાયમીપણું હતું તેથી માનવના વર્તનનું તરાહપણું કાયમી હતું. માલિક અને કામદાર જેવા સંબંધ હતા. એકબીજા પરસ્પર થતી વાતચીત માત્રથી મુખી અને બીજા બધાં સમજાઈ શકે એવી ભાષા, શબ્દપ્રયોગો જોઈ શકતા. એમાં સત્તાની વિભાવનામાં પરિવર્તન આવવાથી સત્તાકેન્દ્ર બદલાયા અને સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું. સત્તાપરિવર્તન નક્કી થયું એટલે માનવીઓના સંબંધોમાં પરિવર્તન આવ્યું. માત્ર એક-મુખીયા કુટુંબને બદલે અનેક સંભાવનાઓ વધી. સત્તાપ્રાપ્તિનાં સાધનો વધ્યાં. સત્તાપ્રાપ્તિ માટે લોકસહકાર આવશ્યક બન્યો. અસાધારણ પરિવર્તન જોવા મળ્યું. માનવીના વર્તનમાં પરિવર્તન આવ્યું. સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું. બહુમતી લોકોને આધારે સત્તાપ્રાપ્તિ શક્ય બની. સત્તા ચૂંટણી આધારિત બની તેથી સામાજિક પરિવર્તન આવ્યું. માત્ર ઉંમરને કારણે નેતૃત્વ પ્રાપ્ત કરવાનું શક્ય ના રહ્યું. લાયકાત મહત્ત્વની બની. લોકો નક્કી કરે તે નેતા બને એ વિભાવનાને લીધે સમગ્ર સામાજિક સંબંધોમાં આમૂલ પરિવર્તન આવ્યું. સમગ્ર સત્તા વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું. અને તેથી સામાજિક સંસ્થામાં પરિવર્તન આવ્યું. આ રાજ્યની જોગવાઈને કારણે પ્રજાકીય મૂલ્યમાં પણ પરિવર્તન આવ્યું. આ બંધારણીય જોગવાઈઓએ કારણે માનવસમાજ ઉપર ગહન અસરો કરી.

સામાજિક પરિવર્તનો આવ્યાં. જ્યાં સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત હતી ત્યાં સ્ત્રી હોદ્દેદારો ખૂબ અસરકારક કામ કરી શક્યા. જે ગામો રોડની નજીક હતાં ત્યાં પરિવર્તન જોવા મળ્યું. રોડની દૂરનાં ગામોમાં પરિવર્તન ધીમું આવ્યું. જ્યાં એક જ જ્ઞાતિ પ્રભુત્વશાળી હતી ત્યાં પરિવર્તન જોવા મળ્યું.

સમગ્ર ભારતનું રાજકારણ જોઈએ તો, લોકશાહીનાં પચાસ વર્ષોમાં, જ્ઞાતિ સામાજિક વ્યવહારમાં માત્ર લગ્ન અને રહેઠાણના સ્થળ સિવાય ખાસ મહત્ત્વની રહી નથી. પણ આ જ જ્ઞાતિ રાજકીય પરિપ્રેક્ષ્યમાં ખૂબ મહત્ત્વની બની. સમગ્ર રાજકારણ માત્ર જ્ઞાતિ આધારિત જ જોવા મળે છે.

પંચાયતમાં ગામનો સંપૂર્ણ વિકાસ થાય એવી પરિસ્થિતિ માટે હજી ગામના લોકોમાં જાગૃતિની આવશ્યકતા છે. હજી આખીય નેતાગીરીએ સ્થાનિક સત્તામાળખાને મજબૂત બનાવવા સંપૂર્ણ ઇચ્છાથી કાર્યરત થવું પડશે. પ્રજાનો આ ધ્યેય, ઇરાદો તથા ઉદ્દેશ્ય હોવો જોઈએ કે સ્થાનિક કક્ષાથી ધીમે ધીમે મજબૂત માળખું થવું જોઈએ.

## 2.6 સંદર્ભસૂચિ


- **Mukherjee Amitava :** 'Decentralisation. Panchayats in the Nineties', Vikas Publishing House Pvt. Ltd. 1994.
- **શાહ બી. સી.** : 'ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1981.
- મર્ચંટ આમ્રપાલી : 'મારી ધરતી મારું રાજ', ગુજરાત બિરાદરી, અમદાવાદ, 1999.
- મેથ્યુ જ્યોર્જ : અનુવાદક : મર્ચંટ આમ્રપાલી : 'પંચાયતીરાજ' (કાયદાથી ચળવળ સુધી) પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1996.


## 2.7 'તમારી પ્રગતિ ચકાસો'

૧. ભારતમાં લોકશાસનનો ઇતિહાસ સમજાવો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨. પંચાયતીરાજ સમજાવી તેના ઉદ્દેશ્ય તથા માળખું સમજાવો.

૩. પંચાયતી રાજના કાયદામાં સુધારાથી મહિલાઓ ઉપર થયેલી અસરો સમજાવો.

૪. અધિકારીઓ તથા પદાધિકારીઓ વચ્ચેના સંબંધો અંગે વિસ્તૃત ચર્ચા કરો.

૫. ગ્રામ પંચાયતના કાર્યો સમજાવો.

૬. તાલુકા પંચાયત અંગેની જોગવાઈઓની ચર્ચા કરો.

૭. જિલ્લા પંચાયત અંગે વિસ્તૃત ચર્ચા કરો.

૮. પંચાયતીરાજના નવા કાયદાની જોગવાઈઓની સમાજ ઉપરની અસરો સમજાવો.

૮. શું પંચાયતીરાજની નવી જોગવાઈઓથી ગ્રામીણ સમાજમાં પરિવર્તન આવશે?

# એકમ 3 : લોકભાગીદારી

એકમની રૂપરેખા :


3.1 પ્રસ્તાવના

3.2 લોકભાગીદારીના દૃષ્ટિકોણ

3.3 લોકભાગીદારીના પ્રકાર

3.4 લોકશાહીમાં લોકભાગીદારીનું મહત્ત્વ

3.5 લોકભાગીદારીની સામાજિક રચનાતંત્ર ઉપર અસર

3.6 સંદર્ભસૂચિ

3.7 'તમારી પ્રગતિ ચકાસો'


## 3.1 પ્રસ્તાવના:

પુનઃ જાગરણ સમયમાં ફ્રાંસની રાજ્યક્રાંતિ એ ખૂબ મહત્ત્વની બાબત બની છે. વિશ્વમાં રાજા વિના પ્રજા હોય તે ખ્યાલથી હલચલ મચી ગઈ. તત્કાલિન સંચારસાધનો વિકસિત નહોતા પણ આ પ્રજાના આ કાર્યની જાણ સમગ્ર વિશ્વને થઈ અને તેનો ચેપ ધીમે ધીમે બધાને લાગ્યો. આજે વિશ્વ લોકશાહી પ્રજાતંત્રો તરફ ધીમે ધીમે સંપૂર્ણ રીતે ઢળી રહ્યું છે. શાસન, પ્રશાસન અને પ્રજા આ ત્રણે પાસાં રાજ્ય સુખાકારી માટે મહત્ત્વની છે. વિશ્વમાં રાજ્યપ્રશાસન શૈલીમાં પરિવર્તન આવી લોકશાહી શાસનવ્યવસ્થા પ્રસરતાં સત્તા, આપખુદી જેવાં વલણોને બદલે લોકશાહીનાં મૂલ્યો, સમાનતા, સ્વતંત્રતા, ઉદારમતવાદ મહત્ત્વ પામવા લાગ્યા. સમાજ રાજાશાહી તથા સામંતશાહી પકડમાંથી મુક્ત થયો. શાસન, વિકાસ, પ્રગતિ માત્ર મુઠ્ઠીભર માણસો માટે નહિ પરંતુ સમાજના તમામ વર્ગો, જૂથો અંગે વિચારતી લોકશાહીની પ્રક્રિયા બળવત્તર બની. સત્તાનાં સ્રોત-મૂળ સ્રોત બદલાયાં. વંશને બદલે પ્રજામત આદેશ બન્યો. પ્રજામત દ્વારા પ્રતિનિધિત્વ નક્કી થાય એવા માપદંડો સ્વીકારાયા. પ્રજા સત્તાનો સ્રોત બની. સત્તાના સ્રોત બદલાવાથી સામાજિક પ્રક્રિયાઓ, આંતરક્રિયાઓ તથા આંતરસંબંધો બદલાયા. સમાજ કોઈ એક વ્યક્તિ કે જૂથને આધીન નહીં પણ કાયદા આધીન વ્યવસ્થા ધારણ કરવા લાગ્યો. કોઈનો શબ્દ કાયદો નહીં પરંતુ બંધારણના કાયદા મહત્ત્વના બન્યા. કોઈને પણ વિશેષાધિકાર વિના સર્વને સમાન બનાવતા કાયદા ઘડાયા. કાયદામાં સૌને સમાન અધિકારો અને સત્તા આપવામાં આવી. કદાચ સંપૂર્ણ સમાનતા (absolute equality) સૌને પ્રાપ્ત થઈ નથી પણ સૌને સમાનતા મળે તેવી જોગવાઈ કરવામાં આવી છે. કાયદાની જોગવાઈ સાથે તેના અમલ તથા ભંગ માટે સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે. લોકશાહીના ખ્યાલ દ્વારા સત્તાના ખ્યાલ અને માળખામાં આમુલ પરિવર્તન આવ્યું છે અને પ્રજા રાજા બની ગઈ છે. આવી જોગવાઈઓ છતાં પ્રજા પાંચ વર્ષ માટે ક્યારેક લાચારી અનુભવે છે. સમાજનાં સત્તામાળખાં, તેની જોગવાઈઓ, આંતરસંબંધો, વિવિધ સામાજિક વ્યવસ્થાઓ, સામાજિક સંરચનાઓ, પ્રતીકો, ભાષામાં પરિવર્તન આવ્યું છે. કોઈ એક વંશ કે કોઈની ઇચ્છા નહીં પરંતુ સૌની ઇચ્છા, સૌનો મત, સૌનો વિચાર મહત્ત્વનો મનાયો છે. દરેક લોકશાહીમાં તે વિવિધ પરિમાણલક્ષી અને વિવિધ કક્ષા પ્રમાણે જોવા મળે છે. છતાંય લોકશાહી સમાજના મૂળ ઉદ્દેશ સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વ છે. આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવા બધા જ દેશોમાં નિષ્ઠાપૂર્વક વિવિધ પ્રકારનાં આયોજનો દ્વારા સતત, સાતત્યપૂર્ણ પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રયાસોથી જેમ જેમ સમાજ જાગૃત થાય, સભાન બને તથા સક્રિય બને તેમ તેમ સફળતા પ્રાપ્ત થતી જાય છે. લોકશાહીમાં તમામ સત્તા પ્રજામાં નિહિત થયેલી છે. કાયદા દ્વારા જોગવાઈ કરવામાં આવી છે લોકશાહીના મૂળ ઉદ્દેશ સમાનતા તેને પ્રસરાવવા, વ્યાવહારિક રીતે અમલમાં મૂકવા અનેક આયોજનો થાય છે અને તેમાં અનેક પરિબળોનો સમાવેશ થાય છે.

બંધારણીય જોગવાઈ

↓

કાયદો

↓

નીતિ

↓

આયોજન વ્યૂહરચના

↓

**કાર્યક્રમ**

↓

**અમલ**

↓

**અમલદારશાહી**

**પ્રજા**

**સમાનતા પ્રસરાવવા માટે પ્રજાનાં અનેકવિધ જૂથો જે વિવિધ** કક્ષાએ છે, તેમ[illegible] **સમજી, તેમને મદદ પૂરી પાડવી પડે. તેને માટે આનુષાંગિક** કાયદા ઘડવા પડે, [illegible] કાર્યક્રમો ઘડવા પડે અને આ કાર્યક્રમોના અમલ માટે અમલદારતંત્ર દ્વારા તે સફળતાપૂર્વક અમલની વ્યવસ્થા તૈયાર કરવી પડે. ભારત જેવા વિવિધતાસભર દેશમાં આવા કાર્યક્રમોનો અમલ મુશ્કેલ બને છે. સમાનતા લાવવા માટેના કાર્યક્રમો અનેક પ્રકારના હોય છે અને તેના અમલ માટે પ્રજાની સંપૂર્ણ ભાગીદારી અનિવાર્ય અને આવશ્યક બને છે. કાર્યક્રમની સફળતા કાર્યક્રમના ભાગીદારોના વલણ, જ્ઞાનાત્મક માળખાં, પ્રત્યક્ષીકરણ, ભાગીદારોના વર્તન, ભાગીદારોની નીતિમત્તા, નિષ્ઠા, સંવેદનશીલતા, કૌશલ્ય અને તેમની તજ્જ્ઞતા ઉપર આધારિત હોય છે.

લોકશાહીમાં સમાનતાના અભિગમ દ્વારા કાર્યની શરૂઆતમાં નબળાં જૂથોના ઉત્થાનમાં કલ્યાણ અભિગમ જોવા મળ્યો.

**Top** | **આપનાર**

↓

**Receiver** | **લેનાર**

બધા જ કલ્યાણ અભિગમ ધરાવનાર લોકોએ માન્યું કે આપણે આપણી પસંદગીથી, જેને શ્રેય માનીએ તે આપીએ તો સૌનું કલ્યાણ થશે. આ અભિગમમાં લેનાર નિષ્ક્રિય હોય છે. આપનારની ઇચ્છાથી, આપનારની મરજીથી આપવાનું નક્કી થાય છે તેથી આપનારની ઇચ્છા, પસંદગી, અનુકૂળતા, પ્રત્યક્ષીકરણ, સંવેદનશીલતા પ્રમાણે શું આપવાનું ? કોને આપવાનું ? ક્યારે આપવાનું ? એ બધું નક્કી થાય છે. આ અભિગમમાં આપનાર ઊંચો અને લેનાર નીચો, ગુરુતાગ્રંથી તથા લઘુતાગ્રંથીથી પીડાય છે. લેનારની ભાગીદારી હોતી નથી. માત્ર તે લેનાર, સ્વીકારનાર હોય છે. આ અભિગમને કારણે કાર્યક્રમોના ધાર્યા પરિણામ આવી શક્યા નહીં.

ત્યાર બાદ સમાનતાના અભિગમનો પ્રાદુર્ભાવ થયો. આ અભિગમમાં વિકાસ માટે બધી જ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવાની શરૂઆત થઈ પણ લોકોની વિવિધ કક્ષા, વિકાસના વિવિધ સ્તરને કારણે સમાજનાં અમુક જૂથો આ પ્રક્રિયામાંથી વિકાસ માટેના લાભ પ્રાપ્ત કરી શક્યા અને કેટલાંક જૂથોને કંઈ જ પ્રાપ્ત થઈ શક્યું નહીં. મોટા ભાગના અભ્યાસોમાં આવાં તારણો પ્રાપ્ત થયાં. વિકાસ સાધવા માટે, સૌનો વિકાસ સધાવવા માટે આ અભિગમ સક્ષમ નીવડ્યો નહીં. હમણા અમલમાં છે તે સમર્થતાનો અભિગમ વિકાસની પ્રક્રિયામાં કંઈક નવી તરાહ તૈયાર કરે છે એમ લાગે છે. આ અભિગમમાં ઉપર દર્શાવેલ અભિગમને બદલે જેનો વિકાસ સાધવાનો છે તેને જ સક્ષમ બનાવવાની, ભાગીદાર બનાવવાની વાત છે. વિકાસના ખ્યાલ, ધ્યેય, કાર્યક્રમની પસંદગી, આયોજન, સાધનો, પદ્ધતિ બધું જ જેના વિકાસની આ પ્રક્રિયા છે તે નક્કી કરે. આ પ્રક્રિયામાં પૂર્ણ ચર્ચા દ્વારા, ક્યારેક સમાજ વૈજ્ઞાનિક અને અમલદારોની મદદ દ્વારા સંવાદ રચવાનો પ્રયાસ કરવામાં આવે છે. એટલે કે વ્યક્તિ દ્વારા જ, એને જ સક્ષમ બનાવી તેનો વિકાસ સાધવાનો પ્રયત્ન છે. આ અભિગમ બાંગ્લાદેશમાં પ્રોફેસર મોહમ્મદ યુનુસે અમલમાં મૂકી ગજબનાક સફળતા અપાવી.

આ પ્રક્રિયામાં આશ્રય નથી, આધાર છે. ભારતમાં પ્રથમ એ માન્યતા સાથે વિકાસનો પ્રારંભ થયો હતો કે વિકાસના ફળ સૌને જરૂરિયાત મુજબ પ્રાપ્ત થશે જ. સૌ સમાન છે અને વિકાસના ફળ સૌને સમાન રીતે પ્રાપ્ત થશે જ. દા.ત., ગ્રામીણ વિકાસ માટે એવી માન્યતાઓ સાથે કાર્ય શરૂ થયું કે બધા જ ગામ સરખાં છે. એટલે ભારતના 5011 બ્લોક પાડ્યા અને બધાં ગામો માટે એકસરખા કામ યોજાયા. બીજો ખ્યાલ હતો કે ગામમાં બધા જ સરખા છે એટલે કે જો ગામમાં વિકાસ થશે તો સૌને સમાન રીતે ફાયદો થશે. આ અભિગમમાં સમગ્ર ગ્રામસમાજની વિભાવના એક સમરૂપ એકમ તરીકે કરવામાં આવી હતી,

જેમાં લોકો સમાન હિત ધરાવતા હોય. એવું માનવામાં આવ્યું હતું કે આખું ગામડું એક વિકાસનીતિથી વિકાસ પામશે. પરંતુ જે પરિસ્થિતિ સર્જાઈ તેમાં એવો ખ્યાલ આવ્યો કે વિકાસથી મદદ માત્ર ગ્રામીણ સમાજના ઉપલા સ્તર સુધી પહોંચી. ગ્રામીણ સમાજના ગરીબ માણસો સુધી વિકાસ કાર્યક્રમનાં ફળ પહોંચી શક્યાં નહિ. ગ્રામીણ સમાજનો અભ્યાસ કરતાં એ જોવા મળ્યું કે પરિવર્તનની પ્રક્રિયા તફાવતને ધારદાર બનાવે છે.

વિકાસના બીજા સાધન તરીકે સામાજિક માળખાં બદલવાના પ્રયત્ન કરવામાં આવ્યા. જમીનની માલિકી બદલાઈ. ખેડે તેની જમીન અને સહકારી પ્રવૃત્તિ, જમીનમાલિકી બદલાઈ તેથી જે નબળામાં નબળો સ્તર હતો તેને ખૂબ મદદ પ્રાપ્ત થઈ. તેમના જીવન બદલાયા. સહકારી પ્રવૃત્તિએ અમૂલ જેવા એકમને સંપૂર્ણ સફળતા અપાવી.

છેલ્લા અભિગમ પ્રમાણે જેના વિકાસ માટેનો કાર્યક્રમ હોય તેની સંપૂર્ણ ભાગીદારી વિના વિકાસ કાર્યક્રમો સફળ થતા નથી. લોકભાગીદારીનો અભિગમ નવો છે પણ અનુભવે એવું સમજાયું છે કે વિવિધ સ્તરોમાં વહેંચાયેલા ગ્રામીણ સમાજ કે નબળા સમાજો માટે એમની પોતાની સંપૂર્ણ ભાગીદારી કદાચ સમગ્ર ચિત્ર પલટી શકશે.

લોકભાગીદારીનો એક અર્થ લોકશાહી રાજયવ્યવસ્થામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ભાગીદારી તેવો થાય છે. અહીં જેને માટે વિકાસ કાર્યક્રમ છે તેની સીધી ભાગીદારી લોકઘડતર અને લોકશિક્ષણની પ્રક્રિયા છે. અહીં ચર્ચા છે, સંવાદ છે. આ રીતે તૈયાર થયેલા લોકો પોતાના વિકાસના નિર્ણયોનો અમલ પોતે કરે એટલા તૈયાર થાય છે. આવી જાતની ભાગીદારી માટે લોકોને વિવિધ હિતજૂથો કે કાર્યક્રમ જૂથોમાં સંગઠિત કરવા પડે.

લોકભાગીદારી એટલે સમસ્યાની સમજણ અંગે ભાગીદારી, મૂળભૂત પાયાનું જ્ઞાન, લોકજાગૃતિ અને સૌના વિકાસ અંગેની તૈયારી. આવી ભાગીદારીમાં શિક્ષણ અને સંગઠન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયામાં સમાજ અંગેની સામાજિક, રાજકીય અને આર્થિક વિરોધોની અનુભૂતિ અને વાસ્તવિકતા સમજી વિરોધી તત્ત્વોને દૂર કરવા માટે પગલાં લેવાનું શિક્ષણ આપે તે જ સંચેતના. વિકાસ પ્રક્રિયા માટે માહિતી અને તેનું વિશ્લેષણ જરૂરી છે.

## 3.2 લોકભાગીદારીના દૃષ્ટિકોણ :

લોક ભાગીદારી એટલે લોકો જે સ્વપ્રયત્નથી કરે છે લોકો સ્વઈચ્છાથી કાર્યરત રહે છે. ફ્રાંસની રાજયક્રાંતિ પછી લોકશાહી પ્રસરી અને વિશ્વમાં ઉદારમતવાદી મૂલ્યો પણ પ્રસર્યા. બીજા વિશ્વયુદ્ધ પછી અમુક રાષ્ટ્રોની સમૃદ્ધિ વધી. ત્રીજા વિશ્વના દેશો સ્વતંત્ર થયા અને વિકસિત રાજયોની હરોળમાં આવવા માટે ઉદ્યોગીકરણ અને આધુનિકીકરણ અપનાવી પ્રયત્નો શરૂ કર્યા. ભારત પણ તેમાંનું જ એક રાજય બન્યું. ઔદ્યોગિક ક્રાંતિ પછી વિકાસનો સિદ્ધાંત વધુ અર્થસભર બન્યો. પારંપારિક સમાજને આધુનિક સમાજમાં બદલવા, માનવસમૃદ્ધિ અને સુખાકારી વધારવા માટે, તથા માનવ ક્ષમતાઓના વિકાસ માટે સમર્થતા, વિકાસ અંગેનો સિદ્ધાંત મહત્ત્વનો બન્યો. આ સિદ્ધાંત મુજબ સમગ્ર સમાજ વિકાસ પામશે. વિકાસની નીતિ ઘડતી વખતે એવું માનવામાં આવ્યું કે સમગ્ર સમાજ એક સમરૂપ એકમ છે, જેમાં બધા જ સમાન હિત ધરાવતાં હોય. અંગ્રેજ અમલ દરમ્યાન જ ઉદ્યોગીકરણની અસરને કારણે સમાજમાં પરિવર્તનની શરૂઆત થઈ જ ગઈ હતી. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી આ પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બની. નીતિના ઘડવૈયાઓએ સમગ્ર સમાજના વિકાસ માટે એક જ નીતિ ઘડી અને એવું માન્યું કે માત્ર એક જ વિકાસનીતિથી વિકાસ થશે. વિકાસના ફળ જોતાં જણાયું કે માત્ર સમાજના ઉપલા જ સ્તરને વિકાસનાં ફળ પહોંચ્યાં છે. છેલ્લા, છેવાડાના લોકોને આયોજિત કે બિનઆયોજિત વિકાસ કાર્યક્રમોનો લાભ મળ્યો નહિ. લોક ભાગીદારી માટે આ બાબત આવશ્યક છે.

આ બાબતનું વિશ્લેષણ કરતાં જોવા મળ્યું કે વિકાસના કાર્યક્રમોએ સમાજ ઉપર વિવિધ અસરો કરી. કારણ સમાજ, સામાજિક અને આર્થિક હિતોના સંદર્ભમાં જુદા જુદા સ્તરોમાં વહેંચાઈ ગયેલો છે. સમગ્ર સમાજને એક સમરૂપ એકમ તરીકે જોવું તે ભૂલ છે. સમગ્ર સમાજ ઐહિક હિતોની દૃષ્ટિએ વહેંચાયેલો છે. જે કંઈક અછત ધરાવતાં વિકાસ નિવિષ્ટો સમાજમાં નાખવામાં આવે તે સમાજના ઉપલા સ્તરના લોકો જ અંકે કરી લે. પરિણામે સ્તરરચનાના પાયામાં રહેલા લોકોમાં સાપેક્ષ તથા નિરપેક્ષ વંચિતતા આવે છે, તફાવતો ધારદાર બને છે, સમાજમાં તંગદિલી તથા તાણ પ્રવર્તે છે.

પ્રારંભમાં અસમતોલ વિકાસનો ખ્યાલ ખૂબ ઓછા લોકોને અને અધૂરો આવ્યો. આ સમયે એવું માનવામાં આવ્યું કે વિકાસની પ્રક્રિયામાં કેટલાંક જૂથો ખાસ વિકાસ પામી શક્યાં નથી. કેટલાંક પાછળ રહી ગયાં

છે. આવી ચર્ચાઓ થતાં ખાસ પછાત વિસ્તારો અને પછાત જૂથો માટે કાર્યક્રમો ઘડવામાં આવ્યા. વિશ્લેષણમાં જોવા મળ્યું કે દરેક વિસ્તાર અને સમાજનાં દરેક અગ્ર જૂથોએ વિકાસની પ્રક્રિયામાંથી બીજાની સરખામણીએ કંઈક પ્રાપ્ત કર્યું છે. અસમતોલ વિકાસનાં મુખ્ય કારણોમાં ક્યારેક લાભાર્થી પસંદગીની ભૂલ, અમલદારોની નિષ્ક્રિયતા તથા લોકભાગીદારીનો અભાવ જોવા મળ્યા. અતિપછાત, પછાત લોકો માટે ખાસ કાર્યક્રમો થવા છતાં અસમતોલ વિકાસ રોકી શકાયો નથી. ગરીબો, અતિપછાત લોકોના હિતનું રક્ષણ થઈ શક્યું નથી. વિકાસના કાર્યક્રમોને કારણે ગરીબ અને પૈસાદાર વચ્ચેની ખાઈ ઘણી મોટી થતી ગઈ છે. જ્યાં સુધી સામાજિક અને આર્થિક સમાનતાનો પાયો પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી વાસ્તવિક કાનૂની સમાનતા પણ પ્રાપ્ત થતી નથી. ગરીબી અને અન્યાયમાંથી છૂટવાનો કોઈ રસ્તો નથી. કારણ કે, ગરીબી ટકાવી રાખનાર પરિબળોને સામાજિક, આર્થિક સંસ્થાઓને પ્રવર્તમાન, કાનૂની વ્યવસ્થાનું રક્ષણ પ્રાપ્ત થાય છે. સામાજિક વર્ચસ્વ ધરાવતા લોકો સામે કાનૂની વ્યવસ્થાનું રક્ષણ પ્રાપ્ત થાય છે. સામાજિક વર્ચસ્વ ધરાવતા લોકો સામે કાનૂની અદાલતોમાં અને સરકારી કચેરીઓમાં તથા જાહેર અધિકારતંત્રોમાં ગરીબોની સ્થિતિ બેહાલ બની જાય છે. સરકારી અધિકારીઓ સત્તાનો ઉપયોગ કરી ગરીબોને બેહાલ કરે છે. સ્થાપિત હિતો સરકારી અધિકારીઓ પાસે કામ કરાવી લે છે. ગરીબો આ પ્રકારે પોતાનું કામ કરાવી શકતા નથી. ગરીબોનું શોષણ અને દમન ચાલુ રહે છે. ગરીબોને થતા અન્યાય ચાલુ રહે છે. ગરીબોને પોલીસ અને અન્ય સરકારી અધિકારીઓ દ્વારા ખૂબ જ માનભંગ કરવામાં આવે છે તથા દબાવવામાં આવે છે. ગરીબોને સતત મૂંગા રહી, લાચાર બની, અન્યાય સહન કરવો પડે છે. સમાજના આર્થિક સત્તા ધરાવતા લોકો ગરીબો સામે કાયદાનો ઉપયોગ કરે છે. ગરીબો માત્ર ગરીબ હોવાને લીધે અનેક પ્રકારની લાચારી ભોગવે છે. ગરીબો પોતે પોતાનું ભવિષ્ય ઘડી શકતા નથી. બંધારણીય ખાતરી છતાં બિનસમતાલક્ષી માળખામાં ગરીબ પોતાને છેવાડે ઊભેલો જુએ છે.

સરકારે ગરીબીનિવારણ માટે અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા પણ હજી આપણે ગરીબીથી મુક્ત થઈ શક્યા નથી. આપણે વિકાસ માટે, ગ્રામીણ વિકાસ માટે વિવિધ અભિગમો અપનાવ્યા છે તેની ચર્ચા કરીએ :

**1) સામાજિક માળખું બદલવું :** દરેક સમાજ માટે માળખું મહત્ત્વનું છે. સામાજિક માળખું ખૂબ મહત્ત્વની બાબત છે. ગ્રામીણ સમાજમાં પરિવર્તન લાવવા માટે માળખામાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. માળખું બદલવું એટલે વ્યાપક રીતે સંપત્તિ સંબંધોમાં પરિવર્તન લાવવું. ગ્રામીણ પરિસ્થિતિમાં જમીનના સંબંધોમાં પરિવર્તન લાવવાથી જ માળખા બદલી શકાય. રાજ્યે તમામ પ્રકારની જમીનદારી પ્રથા નાબૂદ કરી ખેડે તેની જમીનનો કાયદો ઘડી ખેડૂતને જમીનના તમામ અધિકારો આપવામાં આવ્યા. ગ્રામીણ સમાજનો છેક નીચલો સ્તર અચાનક ઉપલા સ્તરમાં પ્રવેશ પામ્યો. જમીન સાથે સંલગ્ન બધાં જ સ્તરો નષ્ટ થયાં.

અલબત્ત એ જ કાયદો આજે પણ ફરી અમલમાં મૂકવાની જરૂર છે કારણ પ્રથમ વખતે જે ખેતમજૂરોને જમીન પ્રાપ્ત થઈ હતી, તેઓ આજે જમીન ખેડતા નથી. માળખું બદલવાનો બીજો અર્થ ખાનગી જમીનમાલિકી નાબૂદી એવો થઈ શકે. ચૂંટાયેલી રાષ્ટ્રીય સરકાર જમીનનું રાષ્ટ્રીયકરણ કે સહકારીકરણ કરી શકે. આ પ્રકારના પરિવર્તનથી જ ગ્રામીણ સમાજમાંથી જમીનમાલિકો અને મજૂરો એ બે વર્ગો નાબૂદ થઈ શકે.

માળખું બદલવાનો એક સફળ પ્રયોગ આણંદ અમૂલમાંથી લઈ શકાય. લગભગ પંચાવન વર્ષ પહેલાં આણંદ વિસ્તારના ખાનગી વ્યાપારીઓ પશુપાલકો પાસેથી દૂધ ખરીદી મુંબઈ ડેરીને મોકલતા હતા. સ્વ. ત્રિભુવનદાસ પટેલે ખેડૂતોને જાગૃત કરી સહકારી મંડળી બનાવી અમૂલની સ્થાપના કરી. પશુપાલકોને સંગઠિત કરી દૂધ સીધું ગ્રાહકોને પહોંચાડ્યું, દૂધના વ્યાપારમાં પડેલો વચલો વર્ગ નાબૂદ કર્યો.

**2) સમાજસુધારણા દષ્ટિકોણ :** દરેક સમાજ સતત સુધારણા ઇચ્છે છે અને એ દષ્ટિકોણથી જ વિકાસ સધાય છે. વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે સમાજ કે વ્યક્તિ પોતે ઇચ્છે છે.આ અભિગમમાં ''સામાજિક અને આર્થિક સંબંધોમાં રાજકીય માળખાની મર્યાદામાં પરિવર્તન કરવામાં આવે છે. આ અભિગમમાં મુખ્ય મહત્ત્વ લોકોનાં મૂલ્યો, ધોરણો, વલણ અને વર્તન બદલવા તરફ ધ્યાન આપવામાં આવે છે. સામાજિક સુધારા માટે 'હૃદયપરિવર્તન'ની પદ્ધતિ અથવા તો લોકોને માનવતાવાદી ધોરણે અપીલ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવે છે. સુધારાવાદી સંસ્થાઓ બે પ્રકારની જોવા મળે છે : (1) બિનરાજકીય (2) રાજકીય. બિનરાજકીય સંસ્થા પોતાને રાજકારણથી પર ગણે છે અને કોઈપણ રાજકીય પક્ષોના કાર્યક્રમોમાં ભાગ લેતી નથી. તેઓ કોઈ રાજકીય વિચારસરણી પણ ધરાવતા નથી. જ્યારે કેટલાક સંપૂર્ણ રાજકીય હોય છે, જેઓ રાજકીય પક્ષોના પેટા સંસ્થા તરીકે જ કામ કરતાં હોય છે. ભારતીય તખ્તા ઉપર ગાંધીજીના આગમન બાદ ભારતનાં ગામડાઓને તૈયાર કરવા માટે સામાજિક

સુધારણાનો અભિગમ અપનાવવામાં આવ્યો. મહાત્મા ગાંધીજીએ તેમના રચનાત્મક કાર્યકરોને જણાવ્યું કે ગામડે જઈને આશ્રમો સ્થાપો અને ભારત માટે કાર્યરત થાવ. આ હાકલને માન આપી, ગાંધીના ઘણા કાર્યકરો ગામડે જઈને કાર્ય કરે છે. આ સંસ્થાઓએ પોતાના કામની એક નવી તરાહ ઊભી કરી છે. ગુજરાત અને મહારાષ્ટ્રના કાંઠા વિસ્તારોમાં ખૂબ વ્યવસ્થિત રીતે ચાલતું સ્વાધ્યાય આંદોલન એ બહુ સુધારાવાદી આંદોલન છે.

માળખાકીય પરિવર્તનમાં રચના બદલવાની વાત છે જ્યારે સામાજિક સુધારણામાં હૃદયપરિવર્તનની વાત છે.

**3) ટેક્નિકલ સંચાલકીય અભિગમ :** આ અભિગમ પ્રમાણે ગરીબી અને ગ્રામીણ વિકાસ નાબૂદીના કાર્યક્રમો અસરકારક રીતે અમલમાં મુકાઈ તેના ધ્યેય પરિપૂર્ણ કરી શકે તે છે. આ અભિગમના સમર્થકો માને છે તે ગ્રામીણ વિકાસના કાર્યક્રમો આધુનિક સંચાલકીય પ્રયુક્તિઓના પ્રયોજનથી તથા આધુનિક ટેક્નોલોજીથી વધુ અસરકારક અને કાર્યદક્ષતાથી ચલાવી શકાય. આ અભિગમ ધ્યેયલક્ષી લોકોનો છે. એવા લોકો કે જેઓને નિશ્ચિત કાર્યક્રમોથી નિશ્ચિત પરિણામો લાવવાનો રસ હોય. મહદ્ અંશે તેઓ વ્યાવસાયિક હોય છે. તેઓ વ્યાપક સમાજ બદલવાની વાત કરતા નથી. તેઓ નવી ટેક્નોલોજી દ્વારા ગરીબોની ગરીબી દૂર કરવાની વાત કરે છે.

ઘણીબધી સ્વૈચ્છિક સંસ્થાઓ ટેક્નો – મેનેજરિયલ અભિગમ સાથે કાર્ય કરે છે.

આ બધા જ અભિગમોમાં ગામ બહારની સંસ્થા પરિવર્તન માટે કાર્ય કરે છે. એટલે કે જેઓને બીજા માટે કંઈક કરવાની ઇચ્છા છે તેઓ પોતાના વલણ, સ્વપ્ન, પૂર્વગ્રહો, પ્રત્યક્ષીકરણોને અનુરૂપ વિવિધ કાર્યક્રમો દ્વારા ધ્યેયપ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. આ બધા જ અભિગમોમાં લાભાર્થીને વિશ્વાસમાં લીધા વિના, માત્ર બહારથી આ કાર્યક્રમો તેમની ઉપર થોપવામાં આવે છે. વિકાસ થવા માટે ખરેખર દરેક વ્યક્તિની વિશિષ્ટતાને ધ્યાનમાં રાખી, તેની સંપૂર્ણ ભાગીદારીની જરૂર છે. સાંપ્રત સમયમાં ભાગીદારીનો અભિગમ સૌ દ્વારા સ્વીકારવામાં આવ્યો છે.

**4) ભાગીદારીનો અભિગમ :** ઉપરના બધા જ અભિગમોમાં બે અસમાન લોકો વચ્ચે સંબંધ છે. એક આપનાર અને એક લેનાર છે. ક્યારેક ઉદ્ધારક શોષક પણ બને છે. સ્વૈચ્છિક સંસ્થાઓ ક્યારેક વચેટિયા બની જાય છે તો ક્યારેક તે શોષણ પણ કરે છે. કાર્યક્રમ આપનાર અને કાર્યક્રમમાં ભાગ લેનાર કદી સમાન હોતા નથી. બે અસમાન લોકો વચ્ચે સમાન કક્ષાના સંબંધ હોતા નથી. ક્યારેક વિવિધ કાર્યક્રમોમાં લોકોને ઘસડાવવું પડે છે.

જ્યાં સુધી સમાન ભાગીદારી પ્રાપ્ત નહીં થાય, ત્યાં સુધી વિકાસ થવાની શક્યતા હોય છે. ભાગીદારી એટલે રાજકીય લોકશાહી, કે જેમાં પ્રજાના વિવિધ વિભાગના પ્રતિનિધિઓ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લે છે. પ્રજાના પ્રતિનિધિઓએ લીધેલા નિર્ણયોને અમલદારશાહી દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

સાંપ્રત સમયમાં લોકભાગીદારી એટલે આવી ભાગીદારી નીચેથી ઉદ્ભવે છે. ઔપચારિક રીતે નિર્ણય લેવાની ભાગીદારી દેખાતી નથી. આવી ભાગીદારીમાં શિક્ષણ અને સંગઠન ઘડતરની પ્રક્રિયા ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. આ પ્રકારની ભાગીદારીનો મુખ્ય ધ્યેય લોકોને સ્વાયત્ત બનાવવાનો છે. મૂળ સવાલ પોતાના વિકાસ અંગે પોતે નિર્ણય લેવાનો છે. વ્યક્તિ પોતે બધા જ નિર્ણય લેવામાં પોતે જ નિર્ણય લે તો તે પોતે એના અમલમાં સંપૂર્ણ ભાગીદારી નોંધાવે. વિકાસની પ્રક્રિયામાં લાભાર્થીની સંપૂર્ણ ભાગીદારી પ્રાપ્ત થાય તો વિકાસ ઝડપી બને.

ભાગીદારી એટલે વ્યક્તિને કોઈ આદેશ કે સૂચન ન આપે પણ વ્યક્તિ પોતે પોતાની સૂઝબૂઝથી, પોતાની સામાજિક – આર્થિક પરિસ્થિતિને અનુરૂપ કાર્ય કરે, નિર્ણય લે અને વિકાસની વ્યૂહરચના પણ પોતે તૈયાર કરી, પોતે જ અમલ કરે. પોતે પોતાના અનુભવમાંથી પાઠ લઈ વધુ વિકાસ માટે પ્રયત્ન કરે. વિકાસ માટે અત્યાર સુધીના અભિગમોમાં લાભાર્થીની સંપૂર્ણ ભાગીદારીવાળો આ અભિગમ વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવશે એવું જણાય છે.

## 3.3 લોકભાગીદારીના પ્રકાર :

લોકશાહીમાં લોકભાગીદારી આવશ્યક છે અને લોકભાગીદારી દ્વારા જ તેનો વિકાસ શક્ય છે. લોકો વડે, લોકો માટે અને લોકો દ્વારા જે રાજ્યવ્યવસ્થા ચાલે તે લોકશાહી. આ લોકશાહીમાં સૌનો વિકાસ એ જ ઉદ્દેશ છે અને આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે સાંપ્રત સમયમાં લોકોની ક્ષમતા વધારવા લોકભાગીદારીનો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે.

લોકભાગીદારીમાં બે મહત્ત્વના પ્રકાર જોઈ શકાય :

(1) ઔપચારિક ભાગીદારી (2) અનૌપચારિક ભાગીદારી

**1) ઔપચારિક ભાગીદારી :** લોકશાહીમાં ઔપચારિક ભાગીદારી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. લોકશાહીમાં પ્રજાનું પ્રતિનિધિત્વ ચૂંટણી દ્વારા થાય છે. લોકશાહીમાં શાસનપ્રણાલીમાં ભાગીદારી નોંધાવવા માટે વ્યક્તિએ પ્રજા પાસેથી ચૂંટણીમાં મત જનાદેશ પ્રાપ્ત કરવો જોઈએ. આ જનાદેશ પ્રાપ્ત થાય તો તે વ્યક્તિ રાજ્ય કે ભારત માટે થનારા કાર્યક્રમોમાં ભાગીદારી નોંધાવી શકે.

ઔપચારિક ભાગીદારીનો મુખ્ય પાયાનો પ્રશ્ન એ છે કે જે વ્યક્તિ આ પ્રક્રિયામાંથી પસાર થઈ નેતા બને છે ત્યારે એનાં પ્રત્યક્ષીકરણો બદલાઈ જાય છે. વ્યક્તિના પોતાના ખ્યાલો, શબ્દો, ભાષા બદલાઈ જાય છે. વ્યક્તિની ભૂમિકા બદલાઈ જાય છે તેથી વ્યક્તિ બધા જ ગામને બદલે માત્ર પોતાના ગામની વાત કરે છે. બધા જ કાર્યક્રમો પોતાના ગામ તરફ ખેંચી લઈ જવાની વાત કરે છે. નેતા ચૂંટાયા પછી તે ગામનો ગરીબ રહેતો નથી માત્ર નેતા બની જાય છે. તે ગામનો સામાન્ય નાગરિકને બદલે બીજા નેતાઓ બોલે છે તે ભાષા બોલવા લાગે છે. બીજા નેતાઓ જેવો બની જાય છે અને તેથી પોતાના ગામને બદલે બીજી વાતોની ચર્ચા કરે છે.

સમગ્ર પ્રક્રિયા ઉપરથી જણાય છે કે જ્યાં સુધી અમલદારશાહી ગરીબ તરફી ના થાય ત્યાં સુધી ગરીબોની ગરીબી દૂર થઈ શકશે નહિ. સાંપ્રત સમયમાં પ્રતીકાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. અમલદારશાહી બધા જ કાર્યક્રમો પ્રતીકાત્મક રીતે યોજે છે અને ગ્રામીણ ગરીબ કે લાભાર્થીને બદલે કાર્યક્રમ, પ્રચાર, વાતો મહત્ત્વની બને છે.

બધાં જ નબળા જૂથો માટેના કાર્યક્રમોમાં અનુભવે એક વાત સ્પષ્ટ બની છે કે લાભાર્થીની ભાગીદારી એ જ ભાગીદારી છે.

**2) અનૌપચારિક ભાગીદારી :** સામાજિક વિકાસના ક્ષેત્રમાં લોકભાગીદારી અનૌપચારિક ક્ષેત્રમાં પણ જોવા મળે છે. અનૌપચારિક ક્ષેત્રની ભૂમિકા ઔપચારિક ક્ષેત્ર કરતાં જુદી હોય છે. અનૌપચારિક ક્ષેત્રમાં લોકોની અનૌપચારિક ભાગીદારી દ્વારા જ કાર્ય શક્ય બને છે. અનૌપચારિક ક્ષેત્રની તુલના કૌટુંબિક ક્ષેત્ર સાથે કરી શકાય કારણ અહીં ધ્યેય, માત્ર ધ્યેય મહત્ત્વના હોય છે. આ ક્ષેત્રમાં કામ કરવાની પદ્ધતિ સરળ હોય છે અને જેને માટે કાર્યક્રમ હોય, તેને જે રીતે ફાવે તે રીતે. તેમની સાથે રહીને તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિ સમજી, તેમના વલણ, અભિપ્રાય સમજી કાર્ય કરે ઔપચારિક ક્ષેત્રમાં મહિલા મંડળ, બાળમંડળ, યુવકમંડળ, વાલીમંડળ, સ્વમદદ, બચતજૂથો, સ્વૈચ્છિક સંસ્થાઓ, વગેરેનો સમાવેશ થાય છે. અનૌપચારિક સંસ્થાઓમા જેને માટે કાર્યો કરવામા આવે છે તેઓ નિર્ણયમા ભાગીદાર બને છે. સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો દરેક તબક્કે લાભાર્થીઓને સાથે રાખીને કાર્ય કરે છે અને તેથી જ તેઓને તેમના કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય છે. અહીં ધ્યેય માત્ર જીવનમાં સુખાકારી માટે જે તે જૂથ માટે સ્વૈચ્છિક સંસ્થા કાર્યરત રહે છે.

આ સિવાય દૂધ સહકારી મંડળી, પાણી સહકારી મંડળી તથા વિવિધ ઉત્પાદન સહકારી મંડળીઓ. આવી સહકારી મંડળીઓ સૌને સમાન ગણે છે અને સહકારથી કાર્યરત બને છે. આવી મંડળીઓમાં લોકભાગીદારી સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે. આ જ રીતે ટ્રેડ યુનિયન, વીવર્સ યુનિયન, વર્કર્સ યુનિયન પોતાનાં હિતોના રક્ષણ માટે તથા પોતાના નફા માટે એકત્ર થઈ કાર્ય કરે છે.

આ પ્રકારની સંસ્થાઓમાં, મંડળોમાં લોકભાગીદારી સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે. અહીં આ સંસ્થામાં જોડાતા લોકોને આ કાર્ય પોતાનું લાગે છે. આ કાર્ય માટે તેઓ સમય, શક્તિનો ભોગ આપે છે. અહીં કામ કરતા તેમને આપણાપણાની ભાવના અનુભવે છે અને તેથી જ અહીં લોકોને પોતાના કાર્યક્રમ લાગે છે અને એ કાર્યક્રમો અંગે નિર્ણય લેવાથી કાર્ય સુધી બધા જ તબક્કાઓમાં લોકો પોતાના કાર્યક્રમ ગણી કાર્યરત રહે છે. ઔપચારિક સંસ્થાઓ કરતા અહીં લોકભાગીદારી સંપૂર્ણપણે જોવા મળે છે. આ પ્રકારની સંસ્થામાં લોકોનાં પ્રત્યક્ષીકરણો, વલણો, અભિપ્રાય, વૈચારિક માળખું લગભગ સમાન જણાય છે. દરેકને આ કાર્યક્રમ પોતાનો લાગે છે અને દૃઢતાથી સૌ કાર્યક્રમમાં ભાગ લે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે લોકભાગીદારીને કારણે કાર્યક્રમો મહદ્ અંશે સફળ થાય છે.

ઔપચારિક અને અનૌપચારિક ભાગીદારીમાં ભિન્નતા જોવા મળે છે. કારણ બન્નેમાં સંદર્ભ જુદા છે. બન્ને પ્રકારમાં વર્તન જુદા છે. કારણ અનૌપચારિક ભાગીદારીમાં વ્યક્તિ કામને પોતાનું કામ સમજે છે. ભાગીદારી હોવાથી એ નિર્ણયમાં, એ કામમાં વ્યક્તિ તન, મન અને ધનથી જોડાય છે. એ કાર્ય એનું પોતાનું છે એવું એને લાગે છે. ભારતમાં આયોજિત વિકાસ ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શક્યા નહિ કારણ લોકો દ્વારા એ કાર્યક્રમો, લોકોના પોતાના છે એવો પ્રતિભાવ પ્રાપ્ત થઈ શક્યો નહિ. જે પરિણામો પ્રાપ્ત થયાં તે પણ અધૂરાં પ્રાપ્ત થયાં. ભારતમાં લોકશાહી સ્થપાઈ પણ લોકશાહી સંસ્થાઓની સ્થાપના થઈ

શકી નહિ. જયાં સુધી બીજી લોકશાહી સંસ્થાઓ સ્થપાય નહિ અને વિકસે નહિ ત્યાં સુધી લોકશાહી સમાજ વિકસે નહિ. લોકશાહીનાં મૂલ્યો સમાનતા, સ્વતંત્રતા તથા ઉદારમતવાદ બધી જ સંસ્થાઓ પ્રસરે તો જ રાષ્ટ્ર કે રાજયના છેલ્લા માણસ સુધી લોકશાહી વિકસે. લોકશાહીમાં દરેકને તક પ્રાપ્ત થાય. કોઈ કોઈની તક કાપે નહિ. લોકો દરેક પરિસ્થિતિમાં પોતાનો સંપૂર્ણ ફાળો આપે, મુશ્કેલીઓમાં એકત્ર થઈ, વાદવિવાદ, સંવાદથી ઉપાયો તથા વિકલ્પોની શોધ કરે. લોકો પોતે, પોતાની મેળે જ કાર્યરત થાય.

## 3.4 લોકશાહીમાં લોકભાગીદારીનું મહત્ત્વ :

લોકશાહી એટલે સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વ. લોકશાહીમાં રાજ્ય પોતે સમાનતામૂલક પરિસ્થિતિ યોજવાનો પ્રયાસ કરે છે. લોકશાહીમાં ભાગીદારી એ મહત્ત્વની બાબત છે કારણ પ્રજાની સામેલગીરી સમાનતામૂલક સમાજ લાવવા માટે આવશ્યક છે. લોકશાહી રાજયવ્યવસ્થા અનેકવિધ નીતિઓ, કાર્યક્રમો દ્વારા સમાનતા લાવવાનો પ્રયાસ કરે છે. ભારતીય સંદર્ભમાં તથા ત્રીજા વિશ્વના સંદર્ભમાં ચર્ચા કરીએ તો સમાનતા લાવવા માટે માળખાં બદલવા, કલ્યાણ કાર્યક્રમ યોજવા, સામાજિક સુધારણા અભિગમથી કાર્ય કરવું, ટેક્નિકલ સંચાલકીય અભિગમ દ્વારા અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ બધા જ અભિગમો, દૃષ્ટિકોણો સમાનતા સ્થાપવામાં નિષ્ફળ ગયા. અનેક વિદ્વાનોએ કરેલ સંશોધનો ઉપરથી એવું જાણવા મળ્યું કે "જેને માટે આ કાર્યક્રમો યોજાય, તે નિર્ણય લેવાની પ્રક્રિયામાં, તેના અમલની પ્રક્રિયામાં સમાન ભાગીદારી પ્રાપ્ત ન કરે ત્યાં સુધી કાર્યક્રમ સફળ ન થઈ શકે." આ મંતવ્યોને લીધે એવું પ્રતિપાદિત થયું કે લોકભાગીદારી વિના શોષિતો કદી સમાનતા પ્રાપ્ત કરી શકશે નહિ. ધીમે ધીમે લોકો પોતે ભાગીદારી કેળવે અને વિકાસ અંગેના નિર્ણયો ખુદ લે તેવા સ્વાયત્ત બને તો જ વિકાસ શક્ય બને. એટલે લોકભાગીદારી દ્વારા જ લોકશાહી સમાનતા સ્થાપી શકે. લોકભાગીદારી દ્વારા લોકો પોતે પોતાના વિકાસ માટે કમર કસે છે અને ક્ષમતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. વ્યક્તિ પોતે જ પોતાના વિકાસ કાર્યક્રમમાં જોડાય તો પોતે પરિસ્થિતિ અંગે સંપૂર્ણ વિચાર કરી, પોતાની શક્તિઓ, ક્ષમતાઓ તથા નબળાઈને લક્ષમાં લઈ કાર્ય કરી શકે અને તેને લીધે વિકાસ કાર્યક્રમમાં વધુ સફળતા પ્રાપ્ત થઈ શકે. લોકશાહીનો ધ્યેય સમાનતા છે ત્યારે આ અભિગમ શોષિતો, વંચિતો તથા કચડાયેલા માટે યોગ્ય છે, સક્ષમ છે એવું લાગે છે. સ્વૈચ્છિક સંસ્થાઓના અનુભવ ઉપરથી આ અભિગમ મહત્ત્વનો છે એવું જણાય છે. પેડાગોજી ઓફ ધ ઓપ્રેસ્ડમાં પાઉલો ફાયર જણાવે છે કે સંવાદ દ્વારા જાગૃતિ અને સંગઠન આવશે. આ પ્રક્રિયા લાંબી છે પણ શોષિતની જાગૃતિ જ શોષણને હટાવી શકશે. તાલીમની ક્રિયામાં ક્યારેક શોષિત, શોષકોની જમાતમાં જોડાશે, પણ ધીમે ધીમે શોષિતો જગતના શોષણનો પર્દાફાશ કરશે અને પછી તેને બદલવા પ્રતિબદ્ધ બનશે. ધીમે ધીમે શોષણની પદ્ધતિ બદલાઈ જશે. આ પ્રક્રિયા સ્વતંત્રતા આપવાની પ્રક્રિયા બની જશે.

## 3.5 લોકભાગીદારીની સામાજિક રચનાતંત્ર ઉપર અસરો :

ભારતીય બંધારણ સૌને સમાન તરીકે સ્વીકારે છે. આ સંજોગોમાં ખૂબ મહત્ત્વની બાબત છે કે લોકશાહી અગત્યની છે. સમાનતા મૂલક સમાજની સ્થાપનાને ધ્યેય બનાવ્યું છે તેથી સામાજિક રચનાતંત્ર ઉપર વિવિધ ગહન અસરો જોઈ શકાય છે. સમાનતા અને સ્વતંત્રતા તથા ભાગીદારીના ખ્યાલે સમાજમાં ધરમૂળથી પરિવર્તન આણ્યા છે. સામાજિક સંસ્થાઓ, મૂલ્યો, ધોરણો, વિચારસરણી, જ્ઞાનાત્મક માળખાઓ, સામાજિક સંબંધો, આંતરક્રિયાઓ, પ્રક્રિયાઓમાં પરિવર્તન આવ્યું છે. વિકાસના વિવિધ ખ્યાલોએ સામાજિક માળખાઓ અને રચનાતંત્રો ઉપર પણ અસર કરી છે.

વિકાસની પ્રક્રિયામાં કલ્યાણ અભિગમમાં આપનાર અને લેનારની છે તેથી ત્યાં સમાનતા શક્ય નથી. કોઈપણ આપનાર સંસ્થા માત્ર આપે છે, એટલે કે એકમાર્ગી વ્યવસ્થા છે, લેનારનો મત નથી, અવાજ નથી, વિચાર નથી, ખ્યાલ નથી, સ્વપ્ન નથી ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં તે કાર્યક્રમ પોતાનો લાગે છે. આ કાર્યક્રમ પોતાનો લાગવાથી તે પોતે સક્રિય બને છે અને તેની વિવિધ મહત્ત્વની અસરો નીચે મુજબ જોવા મળે છે :

**1) રચનાતંત્ર બદલવાનું ધ્યેય બને છે :** વિકાસના બધા જ અભિગમો તેના ઉદ્ભવ કલ્યાણ અભિગમથી ટેક્નો – મેનેજરિયલ અભિગમ સુધી રચનાતંત્રને જાળવી ટકાવી રાખવાનું મુખ્ય ધ્યેય છે. સૌ રચનાતંત્રને રાખવાનો પ્રયત્ન કરે છે. મોટા ભાગના અભિગમોમાં રચનાતંત્ર બદલવાની વાત હોતી નથી. રચનાતંત્ર ટકાવી રાખી નાના કે મોટા ફેરફારો દ્વારા પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. લોકભાગીદારીના અભિગમની વિશિષ્ટતા એ છે કે લોકભાગીદારી આવવાથી વિવિધ મતમતાંતરો, વાદવિવાદ, બહુલતા આવે છે અને તેથી ચર્ચા વિચારણા, કાર્યકારણની ચર્ચા થાય છે અને રચનાતંત્ર બદલવાની વિચારણા શરૂ

થાય છે. રચનાતંત્રને લીધે અસમાનતા ટકી રહે છે એવું જણાતાં રચનાતંત્ર બદલવાની વાત થાય છે. ટૂંકમાં, જોઈએ તો રચનાતંત્રને ટકાવી રાખવાનું ધ્યેય રહેતું નથી તેને બદલવાનું ધ્યેય નક્કી થાય છે.

**2) વ્યવસ્થાનો વિરોધ :** સમાજમાં સતત વ્યવસ્થાને જાળવવાનો પ્રયાસ થાય છે. પ્રથમના સંજોગોમાં વ્યવસ્થાનો વિરોધ કરનાર ખોટા, ખરાબ, મૂલ્યહીન ગણાતા હતા. લોકભાગીદારીને કારણે વ્યવસ્થાનો વિરોધ કરવો એ મૂલ્ય ગણાય છે. વ્યવસ્થાથી જુદા પડવું, અલગ મત આપવો, સંઘર્ષ કરવો એ મૂલ્ય બને છે. વ્યવસ્થાનો વિરોધ કરનાર નકારાત્મક છે, કંઈક ખરાબ કરવા માગે છે, સમાજમાં તોડફોડ કરવા માગે છે એવી વાતો, ચર્ચા, ધીમે ધીમે વ્યવસ્થાના વિરોધ તરફ વળતી જાય છે. વ્યવસ્થાને કારણે જ સમાનતા આવતી નથી એવાં તારણો પ્રાપ્ત થાય અને તેથી વ્યવસ્થાને બદલવાની વાત ચર્ચાય. વ્યવસ્થા બદલવાની ચર્ચા થાય એટલે વિરોધ, અલગ મત અને સંઘર્ષના મૂલ્ય મહત્ત્વના બને.

**3) ધ્યેય છેક છેવાડા માણસ સુધી પહોંચવાનો બને :** પારંપારિક સમાજમાં માત્ર ઉપલા સ્તરની ચર્ચા હોય, ઉપલા વર્ગની જરૂરિયાતોને પહોંચી વળવાનું હોય, માત્ર ઉપલો વર્ગ જ મહત્ત્વનો હોય. રચનાતંત્ર કે સામૂહિક બાબતોમાં માત્ર સમાજના ઉપલા સ્તરનો જ અવાજ હોય. સ્વતંત્રતા અને સમાનતાના અભિગમથી સંપૂર્ણ ચિત્ર બદલાયું. છેક છેવાડાના માણસ સુધી પહોંચવાની વાત થઈ. જેમને કંઈ જ પ્રાપ્ત થયું નથી તેમના સુધી પહોંચવાની વાત થઈ. રચનાતંત્રે સૌને અને ખાસ કરીને નબળા વર્ગ સુધી, છેવાડાના માણસ સુધી પહોંચવાની વાત થઈ. લોકભાગીદારીના અભિગમને કારણે તમામ વર્ગો અંગે ચર્ચા શરૂ થઈ. રચનાતંત્ર માટે છેક નીચેનો સ્તર મહત્ત્વનો બન્યો. રચનાતંત્રને ઉપલાં સ્તર કરતાં નિમ્ન સ્તર સુધી પહોંચવા માટે નવી પદ્ધતિઓ, નવાં માધ્યમો શોધવા પડ્યાં છે. નિમ્ન સ્તરના લોકોનાં વલણો, જ્ઞાનાત્મક માળખાં સમજવા પડ્યા છે; તેમની જરૂરિયાતો, તેમના પૂર્વગ્રહ, તેમની પરિસ્થિતિ, તેમની સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ સમજવી પડે છે અને તેને અનુરૂપ વ્યવસ્થા કરવી પડે છે. રચનાતંત્રની અગ્રીમતા બદલાઈ ચૂકી છે, અને તેથી તેમનામાં માળખાકીય પરિવર્તન પણ લાવવા પડ્યા છે.

**4) માળખામાં પરિવર્તન :** ભૂતકાળમાં સામાજિક માળખાઓ ખૂબ રૂઢિચુસ્ત હતા અને જડ હતા. માળખાઓમાં પરિવર્તનની વાત નહોતી, સ્થિતિસ્થાપકતા નહોતી પણ હવે માળખાઓમાં અનુકૂલનની પ્રક્રિયાઓ શરૂ થઈ છે. ધ્યેયમાં પરિવર્તન આવ્યું છે તેથી વ્યવસ્થાઓ સામે પ્રશ્નો ઊભા થાય છે, માળખાઓમાં પરિવર્તન આવવા શરૂ થયા છે. માળખાઓની જડતા ઓછી થતી ચાલી છે. ઉપલા સ્તરને બદલે સમાજનાં બધાં જ સ્તરો, ખાસ કરીને નિમ્ન સ્તર સુધી પહોંચવાની વાત છે તેથી માળખાઓમાં પરિવર્તનની શરૂઆત જોવા મળે છે, સ્વતંત્રતા અને સમાનતા આવવાને કારણે હવે માળખાઓમાં પરિવર્તન જરૂરી બને છે. જે માળખાઓ માત્ર ઉપલા સ્તરની જરૂરિયાતોને પહોંચી વળતા હતાં તે ધીમે ધીમે બદલાઈ રહ્યા છે. તે સમયે તેમનાં મૂલ્યો તથા ધોરણો જુદાં હતાં. પહેલા તે ચોક્કસ સ્તરના લોકો માટે, જૂથો માટે કાર્યરત હતા. હવે આ માળખાઓએ સમાજના બધાં જ સ્તરોની જરૂરિયાતો પૂર્ણ કરવાની છે અને તેથી તે, વધુ અનુકૂલન કરતાં થયાં છે. તેમને વિકસવાની, સ્થિતિસ્થાપક થવાની ફરજ પડી છે. આ પારંપારિક માળખાઓના સ્વરૂપ, કાર્ય તથા પદ્ધતિઓમાં પરિવર્તન આવ્યાં છે.

**5) બહુલક્ષિતા આવી :** લોકભાગીદારીને કારણે સમાજમાં વિવિધતા એટલે કે બહુલક્ષિતા જોવા મળી. બધા જ કાર્યક્રમો, માળખાઓ, પદ્ધતિઓમાં લોકોના બધા જ સ્તરના લોકોની ભાગીદારીને કારણે રૂઢિગત, પારંપરિક બાબતોને બદલે વિવિધતા જોવા મળે. સમાજનાં બધાં જ જૂથોની વાતો એમાં આવે એટલે બધાં જ જૂથોનાં મૂલ્ય, ધોરણો, સાંસ્કૃતિક ભાત, સામાજિક રીતરિવાજ, રૂઢિ વગેરે જોવા મળે.

ટૂંકમાં, લોકભાગીદારીને કારણે સમાજની માળખાકીય બાબતોમાં, ધ્યેયોમાં, પદ્ધતિઓમાં પરિવર્તન આવે છે.

## 3.6 સંદર્ભસૂચિ


- **Mehta P. C. :** Voluntary Organisations and Tribal Development, Shiva Publishers Distributors, Udaipur, 1994.
- **Mukherjee Neela :** Learning to Share, Concept Publishing Company, New Delhi, 1997.
- **જોષી વિદ્યુત :** સંગઠિત બનો, ભાગીદારી મેળવો, ઇસાર, અમદાવાદ, 1997.
- **જોષી વિદ્યુત :** જાગો દુર્બલ અશક્ત, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1992.
- **મર્ચંટ આમ્રપાલી :** મારી ધરતી મારું રાજ, ગુજરાત બિરાદરી 1999.

1. **Sinha Pushpa B. :** Concise Handbook of Indian Economy. Jawahar Publishers & Distributors. New Delhi. 1999.

2. **Pandey Rajendra :** 'Sociology of Development Concepts, Theories & issues'. Mittal Publications, Delhi, 1985.

3. **Mukherjee Amitava :** 'Decentrilisation, Panchayats in the nineties', Vikas Publishing House PVT. Ltd.. 1994.

4. **Mehta P. C. :** 'Voluntary Organisation & Tribal Development', Shiva Publishers Distributors. Udaipur. 1994

5. **Mukherjee Neela K. :** 'Learning to Share', Concept Publishing Company, New Delhi, 1997.

6. **Jha & Pujari :** 'Indian Women Today'. Kanishka Publishers, Distributors, Delhi, 1996.

7. **Andermahr Sonya :** 'A Glossary of Feminist Theory. Copublished in United Status of America. Oxford University Press, New York. 2000.

8. **Kothari Jaya Pillai :** 'Women Empowerment'. Gyan Publishing House, New Delhi, 1995.

9. **Bowels & Klein :** 'Theories of Women's Studies', Routledge & Kegan Paul, New York, 1983.

10. **Kabeer Naila :** 'Reversed Realities' Kali for Women. Delhi 1995.

11: **Goetz Anne Marie :** 'Women Development Workers'. Sage Publication, Delhi, 2001.

12. **Ahuja Ram :** 'Rights of Women'. Rawat Publications, Jaipur 1992.

13. **Joshi Vidyut :** 'Organising Unorganised Labour' Gandhi Labour Institute, Ahmedabad, 1990.

## સંદર્ભ પુસ્તકો

1. જોષી વિદ્યુત : 'જાગો દુર્બલ અશક્ત', અમદાવાદ, 1992.
2. ગિરી વી. વી. : અનુવાદક સોમણ રામચંદ્ર : 'ભારતીય ઉદ્યોગમાં કામદાર સમસ્યાઓ' ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, 1968.
3. શુક્લ રોહીત : 'શ્રમનું અર્થશાસ્ત્ર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ 1993.
4. શાહ બી. સી. : 'ભારતમાં પંચાયતીરાજ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ 1981.
5. મર્ચંટ આમ્રપાલી : 'મારી ધરતી મારું રાજ', ગુજરાત બિરાદારી, અમદાવાદ 1999.
6. મેથ્યુ જ્યોર્જ, **અનુવાદક મર્ચંટ આમ્રપાલી** : 'પંચાયતીરાજ', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, 1996.
7. ચાવડા ગીતા : 'એક નવું આકાશ' અક્ષરભારતી પ્રકાશન, ભૂજ, 2001.
8. ચાવડા ગીતા : ''નારીસૃષ્ટિ બંધન અને મુક્તિ'', અક્ષરભારતી પ્રકાશન, ભૂજ, 2001.
9. જોષી વિદ્યુત : 'સંગઠિત બનો, ભાગીદારી મેળવો', ઈસાર, અમદાવાદ 1997.
10. जयस्वाल राजेन्द्र : 'विकासात्मक समाजशास्त्र', लखनौ, १९७३.
11. भसीन कमला – 'नारीवाद यह आखिर क्या' १९८६.

## 3.7 'તમારી પ્રગતિ ચકાસો'

૧. લોકશાહીમાં લોકભાગીદારીનો ખ્યાલ સમજાવો.

૨. લોકભાગીદારીના વિવિધ અભિગમ સમજાવો.

લોકભાગીદારીના વિવિધ અભિગમ સમજાવો.

3. લોકભાગીદારીના વિવિધ પ્રકારો સમજાવો.

૮. લોકશાહીમાં લોકભાગીદારીનું મહત્ત્વ સમજાવો.